चोथी श्रेणी

पुस्तक ३२

તા. ૮મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૮, ૧૯૩૭ શાકે
થી
તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૦, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક ૩૨)

## અ નુ ક્ર મ ણિ કા

ચોથી શ્રેણી

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૮મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૧૮, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | 11 | 75 |
| અતારાંકિત પ્રશ્નો | 76 | 84 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | 82 | 84 |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૬ | 85 | 88 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | 89 | 110 |
| **તા. ૯મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૧૯, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 111 | 122 |
| અતારાંકિત પ્રશ્નો | 123 | 184 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | 185 | 188 |
| રમત-ગમતમંત્રીશ્રી (રાજ્યકક્ષા)નું નિવેદન (નિયમ-૪૪) | 189 | 190 |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | 190 | 190 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | 191 | 216 |
| **તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૦, ૧૯૩૭ શાકે (પ્રથમ બેઠક)** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 217 | 255 |
| **તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૦, ૧૯૩૭ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | 256 | 267 |
| અતારાંકિત પ્રશ્નો | 268 | 343 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | 344 | 357 |
| ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૩ | 358 | 367 |
| ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૫. | 368 | 374 |

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૮, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
સભાપતિશ્રી ડો.નીમાબેન ભા.આચાર્ય અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ સહાય

* ૨૨૫૬૬ શ્રી રમણલાલ પાટકર (ઉંમરગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૫૯ | ૧૩૫ | ૬ |
| ૨ | પારડી | ૨૫ | ૨૨ | ૩ |
| ૩ | વાપી | ૧૮ | ૧૮ | ૦ |
| ૪ | ધરમપુર | ૩૬ | ૨૫ | ૪ |
| ૫ | ઉંમરગામ | ૧૪ | ૧૦ | ૦ |
| ૬ | કપરાડા | ૩૧ | ૨૯ | ૦ |
| | કુલ | ૨૮૩ | ૨૩૯ | ૧૩ |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આજે રાષ્ટ્રીય મહિલા દિન છે અને આજે આ ગૃહનું સંચાલન પણ મહિલા બહેનો દ્વારા જ થઇ રહ્યું છે એટલા માટે હું ગુજરાતના માનનીય મુખ્યમંત્રી, અમારા આ સાથી ગૃહના માનનીય સભ્યશ્રીઓ, બહેનો અને સમગ્ર મહિલા પરિવાર અને માતૃવંદનાના બહેનોને વંદન કરી અને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે, રાષ્ટ્રીય સહાય યોજના કયારે અમલમાં આવી ? અને તેની પાત્રતા કેવા ઉમેદવારોને આપણે આપી શકીએ છીએ ? મારો બીજો પ્રશ્ન એ છે કે, જવાબમાં જણાવ્યું છે કે ૨૮૩ અરજીઓ આવી હતી તે પૈકી ૨૩૯ અરજીઓ મંજૂર થઇ તો ૧૩ નામંજૂર થવાના કારણો શું છે ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું તે પ્રમાણે સંકટમોચન યોજનાનો ૧૫–૮–૧૯૯૫થી રાજયમાં અમલ કરવામાં આવ્યો. આ યોજનાના લાભાર્થી બી.પી. એલ. લાભાર્થી ૦ થી ૧૬માં આવતા હોય એ ફરજિયાત છે. કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતનું અવસાન થાય તો અથવા અકસ્માતે અવસાન થાય તો પણ આ યોજનાનો લાભ આપવામાં આવે છે આની ઉંમરની મર્યાદા ૧૮ વર્ષથી ૬૦ વર્ષની છે. તેમણે બીજો પ્રશ્ન પૂછયો છે તેમાં નામંજૂરીના કારણો શા છે ? તો આમાં ૧૩ અરજીઓ નામંજૂર થઇ છે મેં કહ્યું તે પ્રમાણે બી.પી.એલ.ના લાભાર્થી ના હોય એવા ૨ લોકો, ઉંમરની મર્યાદા જે ૧૮ થી ૬૦ વર્ષથી વધુની ઉંમર હોય તો એવા ૩ લાભાર્થી છે, એક કુટુંબમાંથી એક જ વ્યકિત અરજી કરી શકે છે બીજી વ્યકિત અરજી કરવાની સંખ્યા ૧ છે, તેની સાથેના પૂરતા આધાર પૂરાવા જોઇએ આ આધાર પૂરાવા નહીં હોવાના કારણે ૨ અરજી છે, આ અરજીની સમય–મર્યાદા બે વર્ષની છે તેમાં પાંચ લાભાર્થીઓએ સમય–મર્યાદામાં અરજી કરેલ નહીં હોવાના કારણે કુલ મેં આગળ કહ્યું તે પ્રમાણે ૧૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ બહેનોને મારા તરફથી શુભેચ્છા અને અભિનંદન. રાષ્ટ્રીય કુટુંબ યોજનામાં કયારે કયારે સહાયની રકમમાં વધારો કરવામાં આવ્યો ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૧૫–૮–૧૯૯૫ના દિવસે જયારે આ યોજના અમલમાં મૂકી ત્યારે કુદરતી મૃત્યુ થાય તો તે વખતે પાંચ હજાર રૂપિયાની સહાય આપવામાં આવતી હતી અને અકસ્માતથી કોઇનું મૃત્યુ થાય તો એવા કિસ્સામાં દસ હજાર રૂપિયાની હતી. ૨૭–૧–૨૦૦૧થી કુદરતી મૃત્યુ હોય તો પણ અથવા અકસ્માતે મૃત્યુ થયુ હોય તો પણ કમાનારા મુખ્ય વ્યકિતને દસ હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા. ૧૮–૧૦–૨૦૧૨થી આ દસ હજારની જે સહાય હતી તેમાં વધારો કરીને આજે વીસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશ જયારે રાષ્ટ્રીય મહિલા દિન ઉજવી રહ્યું છે ત્યારે આપને, માનનીય મુખ્યમંત્રીશ્રીને અને તમામ ગૃહના સભ્યોને મારી શુભેચ્છા પાઠવું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનામાં અરજી કરવાની સમય–મર્યાદા નક્કી કરવામાં આવેલ છે કે કેમ ?

શ્રી રમણલાલ ઈ. વોરા : મેં કહ્યું એ પ્રમાણે કુટુંબના કમાનાર મુખ્ય વ્યકિત હોય એનું અકસ્માતે અવસાન થાય અથવા તો કુદરતી રીતે અવસાન થાય તો અવસાનની તારીખથી બે વર્ષની મર્યાદામાં અરજી કરવાની હોય છે. બે વર્ષની મર્યાદામાં જેણે અરજી કરી હોય એજ લાભાર્થીને સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી ઈશ્વરભાઇ ઢે.પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સંકટમોચન યોજના નીચે વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ આપવામાં આવી અને એમાંથી કેટલાને લાભ આપવામાં આવ્યો?

શ્રી રમણલાલ ઈ. વોરા : વલસાડ જિલ્લાના છ તાલુકાઓની ૨૩૯ અરજીઓ મળી હતી એ અરજીઓ પાછળ ૨૪ લાખ ૪૦ હજાર રૂપિયાની સહાય અત્યાર સુધીમાં ચૂકવવામાં આવી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ

* ૨૨૪૫૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે?

જવાબ

(૧) બંને જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ છે.

| સાબરકાંઠા જિલ્લો | | | અરવલ્લી જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૦૨ | ૧ | મોડાસા | ૦૧ |
| ૨ | પ્રાંતિજ | ૦૧ | ૨ | માલપુર | ૦૧ |
| ૩ | ઈડર | ૦૧ | ૩ | બાયડ | ૦૧ |
| ૪ | તલોદ | ૦૧ | ૪ | ધનસુરા | ૦૧ |
| ૫ | વડાલી | ૦૧ | ૫ | મેઘરજ | ૦૧ |
| ૬ | ખેડબ્રહ્મા | ૦૦ | ૬ | ભીલોડા | ૦૦ |
| ૭ | વિજયનગર | ૦૦ | | | |
| ૮ | પોશીના | ૦૦ | | | |

(૨)

| જિલ્લો | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| સાબરકાંઠા | ૦૩ | ૦૩ |
| અરવલ્લી | ૦૩ | ૦૨ |

(૩) વહેલી તકે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગૃહના ચેર પર્સન તરીકે આપ, માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય મંત્રીશ્રી તથા ગૃહના તમામ મહિલા સભ્યશ્રીઓ, રાષ્ટ્રના પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વ. શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી, દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટીલને એક કોંગ્રેસના ધારાસભ્યશ્રી તરીકે તમામ મહિલાઓને અભિનંદન પાઠવું છું.

મારો પ્રશ્ન એ છે કે રાજયની ૭૦ ટકા બક્ષપંચની વસતિ માટેનો આ પ્રશ્ન છે. અહીંયા મને જવાબ મળ્યો છે એમાં ૫૦ ટકા જેટલી જગ્યાઓ સમાજ કલયાણ નિરીક્ષકની ખાલી છે ત્યારે મારે એ જાણવું છે કે આ જગ્યાઓ કયારથી ખાલી છે અને એ જગ્યા ઉપર હાલ કયા કયા વિભાગના અધિકારીઓને ચાર્જ આપવામાં આવેલ છે. ચાર્જવાળી જગ્યા ઉપર કયા દિવસે એ લોકો આવે છે અને આ જગ્યાઓ રેગ્યુલર કયારે ભરવામાં આવશે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : જે જગ્યાઓ મંજૂર કરેલ છે એમાંથી કેટલીક જગ્યાઓ ભરાયેલી છે જે પત્રકમાં આપેલ છે. બીજો પ્રશ્ન છે કે જગ્યાઓ કયારથી ખાલી છે. તો જિલ્લા કક્ષાની વાત કરું તો હિંમતનગરમાં ૮–૬–૧૪ થી બદલી થતાં જગ્યા ખાલી છે. એવી રીતે તાલુકા કક્ષાની જગ્યાઓ જોઇએ તો ૮–૬–૨૦૧૪ના રોજ બદલીથી જગ્યા ખાલી પડેલ છે જેનો ચાર્જ ઇડરને સોંપવામાં આવેલ છે. એવી રીતે વડાલીની જગ્યા ૩–૭–૭ થી નવી જગ્યા મંજૂર થયેલ છે અને એ ભરવાની બાકી છે. એટલે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી આદર્શ નિવાસી શાળા હિંમતનગરને ચાર્જ સોંપવામાં આવેલ છે. એ જ રીતે અરવલ્લી જિલ્લામાં મોડાસાની ૮–૬–૧૪ થી બદલી થતાં જગ્યા ખાલી પડેલ છે. એ સમાજ કલયાણ નિરક્ષક વિકસતી જાતિ મેઘરજને ચાર્જ સોંપવામાં આવેલ છે. બાયડ ની ૧–૨–૧૫ થી બઢતી મળતાં જગ્યા ખાલી પડેલ છે. એ સમાજ કલ્યાણ નિરીક્ષક વિકસતી જાતિ ધનસુરાને ચાર્જ સોંપવામાં આવેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : જગ્યાઓ ચાર્જ ઉપર ચાલે છે એટલે કયા દિવસે જે તે અધિકારી ચાર્જવાળી જગ્યા ઉપર હાજર રહે છે એ ખબર હોતી નથી એટલે લોકો કામસર દૂર દૂરથી આવતા હોઇ એમને ન મળતાં ધક્કા ખાવા પડે છે તો આ દિવસે હાજર રહેશે એવી કોઇ ચોક્કસ સમય મર્યાદા નક્કી કરેલ છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : જે જગ્યાઓ ખાલી છે એનો ચાર્જ સોંપવામાં આવેલ છે. એ લોકો નિયમિત રીતે અનુકૂળતાએ કામનું ભારણ જોઇને જતાં હોય છે અને કોઇ જાતની મુસીબત આવી નથી.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રીનું કહેવું છે કે ગરીબ લાભાર્થીઓને ધક્કા ખાવા ન પડે એટલા માટે આ દિવસે હાજર રહેશે એવું અગાઉથી જાહેરાત થઇ જાય એવું કરજો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : હા, જી.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજના દિવસે આપને, રાજયના પરમ આદરણીય મુખ્યમંત્રીશ્રી એવા આનંદીબેન પટેલ સાહેબ અને અમારા મંત્રીશ્રી વસુબેન તેમજ મારા તમામ સાથી મહિલા સભ્યશ્રીઓ અને રાજયની તમામ મહિલાઓને આજના દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે કોઇ કાર્યવાહી કરેલ છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ જગ્યાઓ સત્વરે ભરાય તેના માટે કાર્યવાહી કરવામાં આવે છે. ભરતી કેલેન્ડરના આયોજન મુજબ ૨૦૧૪માં ૮૬ જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આના મારફત ૬૪ ઉમેદવારોની પસંદગી યાદી મળતા તે પૈકી પ્રમાણપત્રોની ખરાઇ માટે ઉપસ્થિત રહેલા ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા. ૬૪માંથી માત્ર ૫૮ ઉમેદવારો તા. ૧૦-૧૨-૨૦૧૪થી નિમણૂંકો આપી અને તેમાં ૫૮ ઉમેદવારોને હુકમો આપ્યા તેમાંથી માત્ર ૪૮ ઉમેદવારો હાજર થયા હતા. એટલે ૧૦ ઉમેદવારોની ઘટ પડી. વર્ષ ૨૦૧૫માં ૮ તથા વર્ષ ૨૦૧૪ની ખાલી રહેલી ૩૮ જગ્યાઓ અને બે જગ્યાઓ ઉપરથી રાજીનામા આપ્યા. આમ તમામ કુલ બીજી ૪૮ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સરકાર મારફત તા. ૨-૫-૨૦૧૫થી માગણા પત્રક મોકલી આપવામાં આવ્યું છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ૪૮ જગ્યાઓ ભરાઇ છે. બીજી ૪૮ જગ્યાઓ ટૂંક સમયમાં ભરાવાની છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આ વર્ષમાં ૬૬,૦૦૦ નવી ભરતી કરવાનો નિર્ણય લીધો છે તેની અંદર આ વિભાગની બીજી ૧૬ જગ્યાઓ ભરાવાની છે. આમ આ જગ્યાઓ ટૂંક સમયમાં ભરાય એટલે ખાલી જગ્યાઓ પર નિમણૂંક આપવામાં આવશે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો મહિલા સશક્તિકરણની દિશામાં સમગ્ર દેશ અને દુનિયામાં જેમણે આગવું નામ રોશન કર્યું છે એવા ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય આનંદીબેન પટેલ સાહેબ, આપશ્રીને અને સમગ્ર દેશ-દુનિયા અને મારા વિસ્તારની તમામ મહિલાઓને આજના દિવસે શુભેચ્છા.

હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સમાજકલ્યાણ નિરીક્ષકની મંજૂર કરાયેલ જગ્યાઓ કેટલી? તેમાં ભરાયેલ જગ્યાઓ કેટલી અને ખાલી જગ્યાઓ કેટલી? મારો બીજો પ્રશ્ન એ છે કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સમાજકલ્યાણ નિરીક્ષકની કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાની એક મંજૂર થયેલી અને એક જગ્યા અત્યારે ખાલી છે. તાલુકા કક્ષાની પાંચ જગ્યાઓ મંજૂર થયેલી, તે પૈકી ત્રણ જગ્યાઓ ભરાયેલી છે. બે જગ્યા ખાલી છે. આમ કુલ મંજૂર થયેલી છ જગ્યાઓ પૈકી ચાર જગ્યાઓ ભરાયેલી છે અને ત્રણ ખાલી છે. એવી જ રીતે અરવલ્લી જિલ્લામાં પણ જિલ્લા કક્ષાની જગ્યા મંજૂર થયેલી નથી. તાલુકા કક્ષાની પાંચ જગ્યાઓ મંજૂર થયેલી છે. તે પૈકી ત્રણ જગ્યાઓ ભરાયેલી છે અને બે જગ્યાઓ ખાલી છે. સાબરકાંઠામાં હિંમતનગરમાં બે જગ્યા તા. ૮૯-૬-૨૦૧૪થી કર્મચારીઓની બદલી થતાં ખાલી પડેલી છે. વડાલીમાં એક જગ્યા તા. ૩-૨-૨૦૧૪થી ભરતી કેલેન્ડરમાં નવી મંજૂર થયેલ છે તે જગ્યા ખાલી છે. આમ કુલ ત્રણ જગ્યાઓ સાબરકાંઠા જિલ્લામાં ખાલી છે. એવી જ રીતે અરવલ્લી જિલ્લામાં મોડાસામાં એક જગ્યા, ૮-૬-૨૦૧૪થી કર્મચારીઓની બદલી થતાં ખાલી પડેલી છે. બાયડની એક જગ્યા તા. ૧-૨-૨૦૧૪થી કર્મચારીને બઢતી મળતા ખાલી પડેલી છે. આમ કુલ બે જગ્યાઓ ખાલી છે.

માળીયા અને માંગરોળ તાલુકામાં કાર્યરત આદર્શ નિવાસી શાળાઓ

* ૨૨૭૦૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માળીયા અને માંગરોળ તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે એકપણ સરકારી કુમાર કે કન્યા આદર્શ નિવાસી શાળા નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે સરકાર આદર્શ નિવાસી શાળા બનાવવા માંગે છે, અને | (૨) વિચારણા હેઠળ નથી. |
| (૩) જો હા, તો કયાં સુધીમાં કઈ જગ્યાએ આદર્શ નિવાસી શાળા બનાવવામાં આવશે? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રોએ જે બહેનોને અભિનંદન આપ્યા તેમાં હું મારો સૂર પૂરાવું છું.

હું જાણવા માગું છું કે માળિયા અને માંગરોળ તાલુકામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા બાળકો છે? આ બાળકો માટે સરકારી કુમાર છાત્રાલય કે આદર્શ નિવાસી શાળા શરૂ કરવા માટે શું નિયમો છે? જુનાગઢ જિલ્લામાં કેટલા કુમાર છાત્રાલય બનાવવામાં આવેલ છે? અને આ અરજીઓ મળ્યેથી કુમાર છાત્રાલય કે કન્યા છાત્રાલય બનાવવામાં આવશે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ મારા જવાબમાં દર્શાવ્યું છે. અત્યારે કન્યા અને કુમાર આદર્શ નિવાસી શાળાનો પ્રશ્ન છે. જૂનાગઢ ખાતે ૨ કન્યા અને એક કુમાર આદર્શ નિવાસી શાળા ચાલુ છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી અને રાજ્યની તમામ મહિલાઓને આજના મહિલા દિન નિમિત્તે શુભેચ્છા પાઠવું છું. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણવાર વર્ષ ૨૦૧૫-૧૬માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે અને આદર્શ નિવાસી શાળાઓમાં વિચરતી જાતિના કુમાર અને કન્યાઓનું છેલ્લા ૩ વર્ષનું પરિણામ શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ નિવાસી શાળાઓની અંદર વિચરતી જાતિના ધોરણ ૯માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૪૧ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિના ૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ૪૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. ધોરણ ૧૦માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૩૭ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિના ૪ વિદ્યાર્થીઓ અને અનુસૂચિત જનજાતિના ૧ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ૪૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. ધોરણ ૧૧માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૧૮ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિના ૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ધોરણ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. ધોરણ ૧૨માં કોઇ પ્રવેશ આપવામાં આવેલ નથી. આમ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કુલ ૯૬ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિના કુલ ૧૦ વિદ્યાર્થીઓ અને ૧ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ છે. એવી જ રીતે આદર્શ નિવાસી કન્યા છાત્રાલયની અંદર ધોરણ ૯માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૩૮ વિદ્યાર્થીનીઓ, આર્થિક રીતે પછાતવર્ગની ૨ વિદ્યાર્થીનીઓ, અનુસૂચિત જાતિની ૮ વિદ્યાર્થીનીઓ અને અનુસૂચિત જનજાતિની ૧ વિદ્યાર્થીનીએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ધોરણ -૯ માં ૪૯ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. એવી જ રીતે આદર્શ નિવાસી કન્યા છાત્રાલયની અંદર ધોરણ ૧૦ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૧ વિદ્યાર્થીનીઓ, આર્થિક રીતે પછાતવર્ગની ૧વિદ્યાર્થીની, અનુસૂચિત જાતિની ૪ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ધોરણ -૧૦ માં ૨૬ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. એવી જ રીતે આદર્શ નિવાસી કન્યા છાત્રાલયની અંદર ધોરણ ૧૧ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૧૪ વિદ્યાર્થીનીઓ, અનુસૂચિત જાતિની ૨ વિદ્યાર્થીનીએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ધોરણ -૧૧ માં ૧૬ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. એવી જ રીતે આદર્શ નિવાસી કન્યા છાત્રાલયની અંદર ધોરણ ૧૨ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૧૩ વિદ્યાર્થીનીઓ, અનુસૂચિત જાતિની ૨ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ધોરણ -૧૨માં ૧૫ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. આદર્શ નિવાસી કન્યા છાત્રાલયની અંદર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૮૬ વિદ્યાર્થીનીઓ, આર્થિક રીતે પછાતવર્ગની ૩ વિદ્યાર્થીનીઓ, અનુસૂચિત જાતિની ૧૬ વિદ્યાર્થીનીઓ અને અનુસૂચિત જનજાતિની ૧ વિદ્યાર્થીનીએ પ્રવેશ મેળવેલ છે. એમ કુલ ૧૦૬ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે. ૨૦૧૩માં કન્યા અને કુમાર છાત્રાલયનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ૨૦૧૪માં કન્યા અને કુમાર છાત્રાલયનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ૨૦૧૫માં કન્યા અને કુમાર છાત્રાલયનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. એટલું જ નહીં પરંતુ છેલ્લા ૧૦ વર્ષનું પરિણામ પણ ૧૦૦ ટકા આવ્યું છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાની અંદર આદર્શ નિવાસી શાળાઓ કુમાર અને કન્યાની કેટલી આવેલ છે અને આદર્શ નિવાસી શાળાઓની મંજૂરી ક્યા વર્ષમાં મળેલ છે? મહિલા દિન નિમિત્તે બધી મહિલાઓને શુભ કામનાઓ આપું છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાની અંદર બે કુમાર આદર્શ નિવાસી શાળા અને એક કન્યા આદર્શ નિવાસી શાળા આવેલી છે. કુમાર આદર્શ નિવાસી શાળાને તા.૨૧-૮-૧૯૮૬થી મંજૂરી આપવામાં આવી છે અને તા.૨૩-૧૨-૧૯૮૭થી એ શરૂ કરવામાં આવી છે. કન્યા આદર્શ નિવાસી શાળાને તા.૨૪-૨-૧૯૯૩થી મંજૂરી આપવામાં આવી છે અને તા.૩-૮-૧૯૯૩થી એ કાર્યાન્વિત કરવામાં આવી છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજના મહિલા દિન નિમિત્તે અત્રે ઉપસ્થિત તમામ બહેનોને મારા અભિનંદન. જુનાગઢ જિલ્લાના નવ તાલુકાઓમાંથી આ બે જ તાલુકાઓ એવા છે કે, જ્યાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતિ બહુ મોટી છે. છેલ્લા વીસ વર્ષથી આ સરકારને વિચાર એવો નહીં આવ્યો હોય કે, આ સ્થળ ઉપર આપણે આદર્શ નિવાસી શાળા ખોલીએ ? તો ક્યારે આમાં આપ વિચાર કરશો અને ક્યારે તે વિચાર પાકશે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સદસ્યશ્રીએ સારું ધ્યાન દોર્યું છે. એ તો વીસ વર્ષથી કહે છે પણ સડસઠ વર્ષોથી અત્યાર સુધી નહીં થવાનું કારણ શું ? તમે જ્યારે વીસ વર્ષનો હિસાબ માગો છો ત્યારે સડસઠ વર્ષોનો હિસાબ તો આપો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની નીતિ એ રહી છે કે, જ્યાં જ્યાં અનુસૂચિત જાતિની વસતિ વધારે છે ત્યાં અનુસૂચિત જાતિનું છાત્રાલય થવું જઇએ, બક્ષીપંચની જ્યાં વસતિ વધારે છે ત્યાં પણ થવું જોઇએ અને ક્રમાનુસાર જે જે તાલુકાઓમાં આ છાત્રાલય નથી ત્યાં દર વર્ષે અમે આપવાનો પ્રયાસ કરીએ છીએ. પહેલી પ્રાયોરિટી જ્યાં નથી ત્યાં પહેલાં આપવું જોઇએ અને એ પ્રમાણે જે તાલુકાઓમાં, સમગ્ર જુનાગઢ જિલ્લાની વાત ન કરો, સમગ્ર રાજ્યમાં જે તાલુકાઓમાં આ વસતિનું પ્રમાણ વધારે હોય અને ન હોય એને ક્રમાનુસાર આપવાની આ રાજ્ય સરકારની નીતિ છે.

છોટા ઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સહાય

* ૨૧૦૯૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી,

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવાઈ, અને

(૪) કેટલી અરજીઓ નામંજુર થઈ ?

(૧) (૨), (૩) અને (૪) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ, મંજૂર અરજીઓ તથા ચૂકવેલ સહાયની નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાય રૂ. | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૭૬ | ૩૪ | ૪૪૦૦૦૦ | ૪૨ |
| ૨ | જેતપુર-પાવી | ૪૯ | ૩૦ | ૬૦૦૦૦૦ | ૦૮ |
| ૩ | બોડેલી | ૧૨૩ | ૭૬ | ૩૪૦૦૦૦ | ૪૭ |
| ૪ | નસવાડી | ૩૧ | ૦૬ | ૧૨૦૦૦૦ | ૧૨ |
| ૫ | સંખેડા | ૧૮૯ | ૧૩૯ | ૭૮૦૦૦૦ | ૪૩ |
| ૬ | કવાંટ | ૧૬૩ | ૪૯ | ૭૬૦૦૦૦ | ૧૧૦ |
| | કુલ | ૬૩૧ | ૩૩૪ | ૩૦૪૦૦૦૦ | ૨૬૨ |

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે સૌ બહેનોને શુભેચ્છાઓ પાઠવું છું. મારા છોટા-ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ક્યા ક્યા પ્રકારની સહાય આપવામાં આવે છે અને સહાય આપવાના શું ધોરણો છે અને કુલ છ સો એકત્રીસ અરજીઓ મળી હતી તેમાં પચાસ ટકા જ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને પચાસ ટકા અરજીઓ નામંજૂર કરી છે. તો નામંજૂર કરેલી અરજીઓ ને વિચારણામાં લેવામાં આવશે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નના જવાબમાં મેં કહ્યું એ પ્રમાણે, ૧૯૯૫થી આ યોજના શરૂ થઇ, આ યોજના હેઠળ કુટુંબમાં કમાનારા મુખ્ય વ્યક્તિનું અકસ્માતે અવસાન થાય અથવા કુદરતી મૃત્યુ થાય તો પહેલાં સાત હજાર, દસ હજાર અને અત્યારે હાલના ધોરણે વીસ હજારનું ધોરણ છે.

એમણે કહ્યું એ પ્રમાણે આ પાત્રતાના ધોરણો પ્રમાણે બસો બાસઠ જેટલી અરજીઓ નામંજૂર થઇ છે. આ બસો બાસઠ પૈકી ૦ થી ૧૬ના લાભાર્થીઓને જ આ યોજનાનો લાભ મળે છે. એમાં બી.પી.એલ.ની યાદીમાં જેનો સમાવેશ નથી થયો એવી ૭૮ છે, મૃત્યુ પામનાર વ્યક્તિની ઉમર અઢાર થી સાઠ વર્ષની હોવી જોઇએ એની સંખ્યા સત્તરની છે, કુટુંબમાં એક જ વ્યક્તિને સહાય મળે છે બીજી વ્યક્તિ અરજી કરે તો તેને નથી મળતી એવી એક છે, અરજી સાથે જરૂરી પુરાવાઓ રજૂ કરેલા ના હોવાથી ૭૯ નામંજૂર કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જરૂરી પૂરતા પુરાવાઓની જ્યારે અમે વાત કરતા હોઇએ છીએ ત્યારે અમારા અધિકારીઓ દ્વારા માત્ર અરજી નામંજૂર કરવી નહીં, એને એક- બે- ત્રણ વખત એના પૂરતા પુરાવા આવે અને એ અરજી મંજૂર થાય એ પ્રકારના અમારા પ્રયાસો હોય છે અને એના નોર્મસ છે કે, બે વર્ષની અંદર, આ સમય મર્યાદામાં તમારે અરજી કરવી પડે, સિત્યાસી લોકો એવા છે કે, જેણે સમય મર્યાદામાં આ અરજી કરી નથી, કુલ બસો બાસઠ અરજીઓ નામંજૂર થયેલી છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન છે એટલે તમામ મારી મોટી બહેનો, નાની બહેનોને મારી શુભકામના પાઠવું છું. મારા છોટા-ઉદેપુર જિલ્લાનો જ્યારે પ્રશ્ન છે ત્યારે છોટા-ઉદેપુર જિલ્લામાં કુલ છસો એકત્રીસ અરજીઓ આવી એમાં ત્રણસો ચોત્રીસ મંજૂર થઇ અને બસો બાસઠ નામંજૂર કરવામાં આવી ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે એટલું જાણવું છે કે, જેતપુર-પાવીમાં ઓગણપચાસ અરજીઓ મળી અને એમાં ત્રીસ્ અરજીઓ મંજૂર કરી એને છ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા, જ્યારે છોટા-ઉદેપુર જિલ્લામાં જ્યાં ચોત્રીસ અરજીઓ મંજૂર કરવામાં આવી એના ચુંમાળીસ હજાર મંજૂર કરવામાં આવ્યા તો આ બન્ને રકમમાં ભેદભાવ કેવા પ્રકારનો છે? અને હું માનું છું ત્યાં સુધી આમાં જે નામંજૂર કરી છે એમાં ૩૫ અરજીનો અહીં સમાવેશ કરવામાં આવ્યો નથી. ૩૫ અરજીનો મેળ બેસતો નથી. નસવાડીમાં ૩૧ અરજી મળી, ૬ અરજી મંજૂર કરી અને ૧૨ અરજી નામંજૂર કરી. ૧૮ અરજી મળી છે તો બીજી ૧૧ અરજી કયાં ગઇ એવી રીતે અલગ અલગ તાલુકાઓની અરજી જે આંકડામાં નથી આવી એની કાંઇ ફેર તપાસ કરીને મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જિલ્લાની વાત કરું તો કુલ ૩૩૪ અરજી મળી તે પૈકી ૨૬૨ અરજી નામંજૂર કરવામાં આવી અને જે આંકડો મળતો નથી એવી ૩૫ અરજી અમારી પાસે પડતર હતી. જે પ્રશ્ન પૂછ્યો છે તા. ૩૧-૫-૨૦૧૫ સુધીનો છે તો ૩૧-૫-૧૫ સુધીની વાત કરીએ તો જે ૩૫ અરજી પડતર હતી તે પૈકી ૨૬ અરજી મંજૂર કરી, ૯ અરજી નામંજૂર કરવામાં આવી એટલે આજની તારીખે એક પણ અરજી પડતર નથી. દરેક જિલ્લામાં એક સરખી આવકમર્યાદા છે એટલા માટે ૨૦૦૦૦ આપવાના હોય ત્યારે જેટલી અરજી મંજૂર થાય એ પ્રમાણે ૨૦૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો ઉદ્દેશ એ છે કે મહિલાઓ હોમમેકર્સથી ઉપર ઉઠીને નેશનમેકર્સ બને અને આજે ૮મી માર્ચ નેશનલ વુમન્સ ડે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીને અને મારી ધારાસભ્ય તમામ બહેનોને અને સમગ્ર નારી જગતને હું શુભેચ્છા પાઠવું છું. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાષ્ટ્રીય કુટુંબ સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ સમય મર્યાદા બે વર્ષની છે ત્યારે બે વર્ષમાં અરજી કરવાની હોય છે. જે તે તાલુકાના મામલતદારને આ અરજી કરવાની હોય છે. એ અરજી પ્રાંત કચેરી ખાતે જન સેવા કેન્દ્ર પરથી એની અરજી મંજૂર કરવામાં આવે છે.

શ્રી સતિશભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે એટલે બધી મહિલાઓને શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના એટલે કે સંકટ મોચન યોજના હેઠળ અરજી નામંજૂર થઇ જાય તો કઇ ઓફિસમાં અપીલ કરવા માટે જવું પડે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજી મંજૂર ન થાય, પુરાવાના અભાવે અથવા અન્ય કોઇ બાબત હોય ત્યારે વિભાગ થકી એ અરજી કેવી રીતે મંજૂર થાય એનો પોઝીટીવ અભિગમ રાખીને અમે કરવા માગીએ છીએ અને છતાંય કોઇ અધિકારીને લાગે કે આ ઠીક નથી તો અરજી મામલતદાર કક્ષાએ જયારે મંજૂર થતી હોય છે ત્યારે પ્રાંત અધિકારી પાસે પોતે અપીલમાં જઇ શકે છે અને અપીલનો જે ચૂકાદો આવે તેને માન્ય રાખવાનો હોય છે.

કેન્દ્ર સરકાર પાસે પાણી પુરવઠા યોજનાઓ માટેની દરખાસ્ત

* ૨૩૦૧૩ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજ્યની પાણી પુરવઠા યોજનાઓ અને તેના કામો અંતર્ગત રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની દરખાસ્ત કે માંગણી કેન્દ્ર સરકાર પાસે કરી હતી, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ રૂ. ૫૩૨.૪૦ કરોડ<br>વર્ષ ૨૦૧૫–૧૬ રૂ. ૫૩૨.૦૦ કરોડ |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ રૂ. ૪૦૫.૫૮ કરોડ<br>વર્ષ ૨૦૧૫–૧૬ રૂ. ૧૬૯.૦૧ કરોડ<br>ગ્રાન્ટનો છેલ્લો હપ્તો છુટો કરવાનો બાકી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી પુરતુ ફંડ ન અપાતું હોય તો રાજ્ય સરકારે પુરતુ ફંડ મેળવવા ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી? | (૩) રાજ્ય સરકાર દ્વારા બજેટમાં પુરતા ફંડની જોગવાઈ કરેલ છે. |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે તમામ મહિલાઓને મારી શુભેચ્છા પાઠવું છું અને ગુજરાતની મહિલાઓની ચિંતા કરતો મારો પ્રશ્ન છે કે ગુજરાતને દેશનું મોડલ સ્ટેટ ગણાવતા હાલના વડાપ્રધાન માનનીય મોદીજી આજે એન.ડી.એ. સરકાર ચલાવે છે ત્યારે મારા પ્રશ્નમાં જણાવ્યું છે કે ૨૦૧૪–૧૫માં અને ૨૦૧૫–૧૬માં ગુજરાત સરકાર તરફથી કેન્દ્ર સરકાર પાસે પાણી પુરવઠાની સહાય માટે કેટલા રૂપિયાની દરખાસ્ત કરવામાં આવી? ૨૦૧૪–૧૫ના વર્ષમાં ૫૩૨ કરોડની સામે ૪૦૫.૫૮કરોડ અને ૨૦૧૫–૧૬માં ૫૩૨ કરોડની સામે ૧૬૯ કરોડ, ૨૦૧૪–૧૫માં ૧૨૬ કરોડ ઓછા અને ૨૦૧૫–૧૬માં લગભગ ૩૬૩ કરોડ આજે માર્ચ મહિનો પૂરો થવા આવ્યો અને એમાંય ૩૬૩ કરોડ આટલી બધી માતબર રકમ કેન્દ્ર સરકાર ભા.જ.પ.ની હોય અને ગુજરાત સ્ટેટ મોડલ હોવાની વાતો કરતા હોઇએ તો આ રકમ આજે પણ નથી મળી. એવા આજના કેબિનેટ મંત્રી અને હાલના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ૪–૨–૨૦૧૬ ના રોજ કેન્દ્રની મોદી સરકાર ગુજરાતને પૂરતું ફંડ આપતી નથી એવી પ્રેસનોટ આપી, તો ગુજરાત સરકાર ભાજપની છે, એન.ડી.એ. ભાજપની છે તો વહેલી તકે આ ફંડ લાવી અને વરસાદ ઓછો હોવાના કારણે જે પીવાના પાણીના પ્રશ્નો બહેનો, ભાઇઓના આજે છે, હું આખા રાજ્યની વાત નથી કરતો, પરંતુ પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લાની અંદર પાણીના સ્તર ઊંડા ગયા છે. માનવની સંખ્યા પ્રમાણે હેન્ડપંપોની સંખ્યા છે, પણ આ હેન્ડપંપ હોવા છતા પાણી મળતું નથી, તો આ ગ્રાન્ટ, સહાય વહેલી તકે લાવી અને આજે રાષ્ટ્રીય મહિલા દિન ઉજવી રહ્યા છીએ તો આ બહેનોનું દુઃખ દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : આવું કોઇ સ્ટેટમેન્ટ નથી આવ્યું. આ કોઇ મીસલીડિંગ છે એટલે હાઉસને ખુલાસો ધ્યાનમાં રહે એટલા માટે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કાયમી માટે મોડલ રાજ્ય હતું અને કાયમી માટે મોડલ રાજ્ય આ વિકાસની દ્રષ્ટિએ રહેવાનું છે. છેલ્લાં બે વર્ષમાં સભ્યશ્રીએ માગણી કરી હતી કે કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ આપવામાં આવી? ૨૦૧૫–૧૬ માં છેલ્લો હપ્તો ચુકવવાનો બાકી છે. ૧૩માં નાણા પંચની ભલામણો મુજબ વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાતને ૪૪,૧૦૭ કરોડ રૂપિયા મળવાપાત્ર થયેલ હતા. હવે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના સ્વાવલંબનમાં વધારો થાય તે માટે ૧૪માં નાણા પંચની ભલામણ અમલમાં મૂકતા કેન્દ્રીય કરવેરાની આવકમાં ૩૨ ટકા હિસ્સેદારી હતી, તે વધારીને ૪૨ ટકા કરવામાં આવી છે, એટલે એ કામ કરવાં માટે સક્ષમ થાય. આ નવી ફાળવણી મુજબ ૨૦૧૫–૧૬ થી ૨૦૧૯–૨૦ આ ૫ વર્ષના સમય દરમ્યાન ગુજરાતને ૧,૨૧,૭૬૨ કરોડ રૂપિયા મળવાપાત્ર છે. અગાઉનાં ૫ વર્ષ કરતાં આ ૫ વર્ષમાં ૭૭,૬૫૫ કરોડનો વધારો થયો છે. જે ચાલુ ૨૦૧૪–૧૫ માં પણ ૫,૯૨૯ કરોડનો વધારો છે, એટલે ૨ વર્ષમાં આંકડામાં પ્રત્યક્ષ રીતે ઘટાડો દેખાતો હોય, પણ પરોક્ષ રીતે વર્ષ ૨૦૧૫–૧૬ માં ૫,૯૨૯ અને આવનારાં ૫ વર્ષમાં ૭૭,૬૫૫ કરોડનો વધાર થયો છે. નવી ૧૪મી નાણાં પંચની ભલામણ અનુસંધાને ચાલુ વર્ષે ૯૩૨ કરોડ રૂપિયા કે જે કેન્દ્ર સરકાર ડાયરેકટ ગ્રામ પંચાયતોને ફાળવવાની છે. અને ૨૦૧૬–૧૭ માં ૧૪૬૦ કરોડ જે અત્યાર સુધી ફાળવતા નહોતા, તે ડાયરેકટ ગ્રામ પંચાયતોને આપવાના છે. મહત્વના મુદાઓ એમાં પીવાના પાણીને પ્રાથમિકતા આપી આ ૧૫ મુદાના કાર્યક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે અને ચાલુ વર્ષે પણ બજેટની અંદર ૪૦૦ કરોડનો પાણી પુરવઠામાં વધારો કરી પીવાના પાણીના પ્રશ્ન અંગે રાજય સરકારની પ્રાથમિકતા રહી છે જેમાં: હેન્ડ પંપનાં કામ હોય, બોરવેલનાં કામ હોય કે નવી જૂથ યોજના હોય કે છેવાડાના આંતરિક વિસ્તારો હોય, પાણી પહોંચાડવા માટે આ સરકારે પ્રાથમિકતા આપી છે.

ભૂતકાળમાં જે પ્રશ્નો થતા તે આવનારા દિવસોમાં ન થાય તે માટે ચિંતા કરી અને વધુમાં વધુ ફંડ પાણી પુરવઠાને કેન્દ્રમાંથી ફળવાય તે માટેની નીતિ રહી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન નિમિત્તે હું તમામ મારી બહેનોને દિલથી શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપે બહુ વિગતે ફિગર કહ્યા. આપણે ૫૩૨ કરોડની દરખાસ્ત કરતા હોઇએ અને આપના જવાબમાં સ્પષ્ટ દેખાય છે કે ૧૨૭ કરોડ રૂપિયા ઓછા આપ્યા છે. બીજું, એમાં ૫૩૨ કરોડ રૂપિયાની દરખાસ્ત કરીને ૧૬૯ કરોડ રૂપિયા મળ્યા છે, તે સ્પષ્ટપણે દેખાઇ આવે છે કે આપણને કેન્દ્ર સરકાર અન્યાય કરી રહી છે, તો આપણો છેલ્લો હપ્તો કેટલા રૂપિયાનો સરકારમાંથી આવવાનો છે અને આપણે જે દરખાસ્ત કરીએ છીએ તે પૂરેપૂરી નહિ મળવાનાં કારણ શાં છે? શું ગુજરાતના મહિલા મુખ્યમંત્રી છે માટે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પહેલા જ જવાબમાં કહ્યું છે કે પૈસા કેન્દ્ર સરકારમાંથી ઓછા આવ્યા નથી. છેલ્લો હપ્તો ૭૧ કરોડ આસપાસનો બાકી છે પણ ડાયરેકટ ગ્રામ પંચાયતને કેન્દ્ર સરકારે આપવાની વાત કરી છે. ૧૪મા નાણા પંચના હિસાબે છેલ્લા પાંચ વર્ષના હિસાબે ૭૭૬૫૫ કરોડનો વધારો છેલ્લા પાંચ વર્ષની સાપેક્ષમાં વધારે આવવાના છે અને તે ગ્રામ પંચાયતોને ફાળવવાના છે. તેમાં જે ૧૫ મુદા લીધા છે તેમાં પીવાના પાણીને પ્રાથમિકતા આપી આવનાર દિવસોમાં આવી સમસ્યા ઉભી ન થાય તે માટે ૫૩૨ કરોડની માગણી સામે વધારે પૈસા ગુજરાત રાજયમાં આવવાના છે.

શ્રી કિરીટસિંહ જિ. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી તથા આ ગૃહની તમામ મહિલાઓને મહિલા દિવસ નિમિત્તે હું મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું. યત્ર નારી પુજયંતે તત્ર ભ્રમણતે દેવતા. જહાં નારીકી પુજા હોતી હૈ વહાં ઇશ્વર સદા નિવાસ કરતે હૈ. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને વિકાસના કામ હાથ ધરવા માટે વિશેષ પ્રાધાન્ય શું આપવામાં આવેલ છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ૧૪મા નાણા પંચની ભલામણ મુજબ પંચાયતી રાજના મજબૂતીકરણ માટે ૨૦૧૫ થી ૨૦૨૦ના પાંચ વર્ષના સમયગાળામાં રાજયની ગ્રામ પંચાયતોને ૭૭૨૧ કરોડની બેઝીક ગ્રાન્ટ અને ૮૬૩ કરોડની પર્ફોર્મન્સ ગ્રાન્ટ સીધી કેન્દ્ર સરકાર પાસેથી મળવાપાત્ર છે. ૨૦૧૫-૧૬ માટે આ રકમ ૯૩૨ કરોડ અને ૨૦૧૬-૧૭ માટે ૧૪૬૦ કરોડ મળવાપાત્ર થાય છે. આ રકમ ગ્રામ પંચાયતો કેન્દ્ સરકાર દ્વારા નિયુક્ત કરેલા ૧૫ હેતુઓ માટે વાપરી શકશે. આ ૧૫ હેતુઓમાં પીવાના પાણી અને પાણી પુરવઠાના કામને અગ્રતા આપવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે નારી શક્તિને મારા વંદન. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૨૦૧૪-૧૫માં ૧૨૬.૮૨ કરોડ રૂપિયા બાકી છે. આજે ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭નું બજેટ રજૂ થયું છે. ૨૦૧૫-૧૬ માં ૩૬૨.૯૯ કરોડ રૂપિયા એટલે કે ૪૮૯.૮૧ કરોડની રકમ છેલ્લા બે વર્ષની બાકી છે. આ માર્ચ એન્ડીંગ જયારે પૂરું થાય છે ત્યારે ૧૨૬.૮૨ કરોડનો ગયા વર્ષનો એટલે કે ૨૦૧૪-૧૫નો હપ્તો હતો તે હજુ સુધી કેમ ચૂકવવામાં નથી આવ્યો તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે અને સરકારે વિચારણા કરી કે ભૂતકાળમાં ટીવીમાં એડ આવતી હતી કે કેન્દ્ર સરકારનો થપ્પડ મારીને અન્યાય તો તે જાહેરાત ફરીથી ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની વાત કરી તેનો જવાબ મેં અગાઉ આપી દીધો છે. આમાં કેન્દ્ર સરકારનો કયાંય અન્યાય થયો નથી. ગુજરાત રાજય એક મૉડલ રાજય તરીકે જ છે એટલે પાણી પુરવઠા વિભાગમાં જેટલા પૈસા બાકી છે તેના કરતાં આ ૧૪મા નાણા પંચના હિસાબે વધારે નાણાં મળવાના છે.

વડોદરા જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૨૫૯૫ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૮૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૧૮૬. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૩૧૮૬. |

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા દિન નિમિત્તે સમગ્ર રાજય અને સમગ્ર દેશની મહિલાઓને હું શુભેચ્છા આપું છું અને સાથોસાથ આજે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ જે વિદ્યાર્થી ભાઇ -બહેનો આપી રહ્યા છે તેઓને આ ગૃહના તમામ સભ્યો વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું કે આવનારા દિવસો તેમની કારકીર્દિ માટે સારું પરિણામ આપે. મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે પણ હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સાવલી અને ડેસર મારા તાલુકા છે તેની અંદર વિકસતિ જાતિની આ યોજના એટલે કે સાયકલ આપવાની યોજના હેઠળ ૨૦૧૫-૧૬માં કેટલી અરજીઓ આવી અને તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સાવલી તાલુકામાં ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૮૦૩ કન્યાઓની અરજીઓ આવી હતી તે ૮૦૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તેની અંદર ૨૨ લાખ ૦૪ હજાર ૧૫૪ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો જગત જનનીને, મારી માતાને અને આ ગૃહના નેતા અને પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આપના માધ્યમથી આપ મહિલા સ્પીકર થઇને એક પુરુષને પ્રશ્ન પૂછવાનો આપે જે આદેશ કર્યો છે એ બદલ પણ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ ગૃહના તમામ બહેન મહિલા સભ્યોને પણ ખૂબ ખૂબ મારી શુભેચ્છા, આ ગરવી ગુજરાતની તમામ બહેનોને પણ ખૂબ ખૂબ મહિલા દિનની શુભેચ્છા.

માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજનાની જે આ વાત છે એમાં વિકસતી જાતિની આ વાત છે ત્યારે આ જે સાઇકલો ૩૦૦૦ આપવામાં આવી એમાં કુલ કેટલો ખર્ચ થયો, અને એક સાઇકલનો ખર્ચ કેટલો થયો છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સરસ્વતી સાધના યોજના હેઠળ જે કન્યાઓને સાઇકલો આપી છે એ ૩૧૮૬ સાઇકલો આપવામાં આવી છે એ સાઇકલો પાછળ ૮૭,૪૫,૨૫૧ રૂપિયાનો ખર્ચ થયો છે, ૨૭૪૪ રૂપિયા અને ૯૦ પૈસા જેવો એક સાઇકલ પાછળ ખર્ચ થયો છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી હું આપણા મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલ અને માનનીય મંત્રીશ્રી વસુબેન ત્રિવેદી તથા આ સન્માનનીય ગૃહની બધી બહેનોને ઇન્ટરનેશનલ વુમન ડે નિમીતે શુભેચ્છા પાછવું છું. હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિ કન્યા માટે મંજૂર કરેલી અરજી અને સાઇકલ પેટે કેટલો ખર્ચ થયેલ છે, અને કયા ધોરણમાં સાઇકલ આપવામાં આવે છે, અને એની અંદર મર્યાદા કેટલી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૮૦૩ કન્યાઓને સાઇકલો આપવામાં આવી અને એની પાછળ ૨૨,૦૪,૧૫૪ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. બીજો પ્રશ્ન હતો એમાં કહેવાનું કે, ૨૦૧૩ સુધી ધોરણ ૮માં અભ્યાસ કરતી કન્યાઓને ગ્રામ્ય વિસ્તારમાં અઢી કિલોમીટર અને શહેરી વિસ્તારમાં ત્રણ કિલો મીટરની અંતર મર્યાદા ધ્યાનમાં રાખીને આ સાઇકલ આપવામાં આવતી હતી. પરંતુ ૨૦૧૩-૧૪ના વર્ષથી માનનીય મુખ્ય મંત્રીશ્રીની લાગણીના કારણે આપણા રાજયની દીકરીઓ ભણવામાં વધુ આગળ આવે એટલા માટે આ અંતર મર્યાદાનો બાધ બિલકૂલ કાઢી નાંખવામાં આવ્યો છે અને કોઇ પણ અંતર મર્યાદા વગર આપણી કન્યાઓને સાઇકલ આપવામાં આવે છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ સરસ્વતી સાધના યોજનામાં વિકસતી જાતિની કન્યાઓને સાઇકલ આપવામાં આવે છે એમાં જે સાઇકલો આપવામાં આવે છે એમાં એ કન્યાઓ બી.પી.એલ.ની યાદીમાં આવતી હોય એમને જ આપવામાં આવે છે કે એમને કોઇ આવકનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે કે કેમ? બીજું હું એ પૂછવા માગુ છું કે, આ જે ગરીબ કન્યાઓને જે સાઇકલ આપવામાં આપવામાં આવે છે એ એક જ ભગવા કલરની સાઇકલ આપવામાં આવે છે તો એનાથી શું થાય છે કે, ગરીબ કન્યા જ્યારે આ સાઇકલ સ્કૂલમાં લઇ જાય છે ત્યારે લોકોને બધાને આ કલરથી ખબર પડી જાય છે કે, આ ગરીબ કન્યાને મફતમાં સાઇકલ મળી છે, તો એનાથી કન્યાઓ શરમાય છે તો આ કલર છે એને ચેન્જ કરીને બીજો કોઇ રેગ્યુલર કલર કે બ્લેક કલરમાં આપવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ કન્યાઓને સાઇકલ આપવા માટે આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭૦૦૦ રૂપિયા છે અને શહેરી વિસ્તાર માટે ૬૮૦૦૦ રૂપિયા વાર્ષિક આવક મર્યાદાને ધ્યાનમાં રાખીને આ સાઇકલો આપવામાં આવે છે. બીજું માનનીય સભ્યશ્રીએ કેસરી કલરની વાત કરી તો દર વર્ષે, દર બજેટમાં આ સાઇકલોનું વિતરણ આવે છે ત્યારે આ કેસરી કલરથી આ મારા મિત્રો કેમ ભડકે છે એ મને કાંઇ સમજાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, કાળો કલર તે હંમેશા આપણે કોઇ પણ કામની અંદર કાળા કલરને અપશુકનિયાળ ગણતાં હોઇએ છીએ. આ કેસરી કલરથી બધા જ લોકો વાકેફ છે અને આ શુકનિયાળ કલર હોવાના કારણે રાજય સરકાર પણ કેસરી કલર પસંદ કરે છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આ અંગેની ઘણી ચર્ચા આપણે કરી ચૂકયા છીએ. સામાન્ય રીતે આ જે બાળકો છે તે અભ્યાસની સાથે સાથે ઘરેલું ચીજ-વસ્તુ લેવા માટે કયાંક જતાં હોય છે અને રાત્રીના સમયે કાળો કલર હોય તે ઠીક નહીં આ ચર્ચા દિલ્હી ખાતેની મિટિંગમાં ઓલરેડી થઇ ચૂકી છે અને તેના કારણે રાત્રે પણ દેખાય એટલા માટે આ રાજય સરકારે ઓરેંજ કલર કર્યો છે તેનું રિફલેકશન થાય અને બાળકો કોઇ અકસ્માતનો ભોગ ના બને આની પાછળનો મૂળ આશય આ રહેલો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની વાત જો બરાબર એ જ કારણો હોય તો માત્ર ગરીબ કલ્યાણ મેળામાં સાયકલ મળી છે તેને જ અકસ્માત ના થાય પણ કોઇને અકસ્માત ના થાય તેની આપણે ચિંતા કરવી પડે. એટલે એવા જે કોઇ કલરો હોય કે જેનાથી આપને લાગતું હોય કે અકસ્માતો વધે છે તો એ કલરો કરીએ કારણ કે માનનીય સભ્યશ્રીની ચિંતા વાજબી એટલા માટે છે કે આપણે ત્યાં કહેવાય છે કે જમણો આપે અને તેની ડાબાને ખબર ના પડવી જોઇએ. આપણાં રાજયની દીકરી ગરીબ છે અને ગરીબ તરીકે તેને સાયકલ મળી છે તેવું ના લાગે એટલા માટે બધાને સમાન કલર આપની ચિંતા હોય અને તે વાજબી હોય તો આ દિશામાં સરકાર કંઇ કરવા માગે છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો ગુજરાતની જનતાએ ૧૯૯૦થી અત્યાર સુધીમાં વાત સ્વીકારેલી છે. આ કલરની વાત સ્વીકારી છે, ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્વીકાર્યુ છે એટલે આને રાજકીય રીતે નહીં લેતાં એમની મૂળ લાગણી એવી છે કે, આના કારણે તેમને લઘુતાગ્રંથિથી ના પીડાય અને આ આશય એ વખતે જયારે કહ્યું ત્યારે નેશનલ એડવાઇઝરી બોર્ડ, દિલ્હી ખાતે જયારે મિટિંગ મળી ત્યારે જે તે વખતે હું આ વિભાગનો હવાલો સંભાળતો હતો અને એ મિટિંગમાં જે ચર્ચા થઇ, તેમાં જે

નિર્ણય થયો તેના કારણે સાંજે પણ આ અકસ્માત ના થાય અને આ સાયકલ દેખાય આમાં સીધો સાદો સવાલ છે. આની પાછળનું કોઇ બીજુ લોજીક નથી અને એટલા માટે આ સાયકલ આપી છે અને અન્ય જગ્યાએ પણ ઠીક લાગે આપે જેમ કહ્યું તે પ્રમાણે ત્યાં જયાં સમય અને સંજોગો પ્રમાણે જરૂરિયાત ઉભી થશે તો એની અંદર પણ ફેરફાર કરવાનું જરૂર રાજય સરકાર વિચાર કરશે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ સાયકલની ખરીદીમાં મોટા ભ્રષ્ટાચાર અને હલકી કવોલીટીની સાયકલ બાબતની અનેક ફરિયાદો આપણે સૌ જાણીએ છીએ. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલુ જ જાણવું છે કે આ વડોદરા જિલ્લામાં ૩૧૮૬ સાયકલ જે આપવામાં આવી તે કઇ કંપનીની, કઇ એજન્સી મારફતે અને કયારે ખરીદવામાં આવી અને આજે કોઇ પણ વસ્તુ આપણે બજારમાંથી ખરીદીએ તો એનો ગેરંટી ને વોરંટી પિરીયડ હોય છે તો આ સાયકલનો વોરંટી પિરીયડ કંપની આપે છે કે કેમ ? કારણ કે જે સાયકલ આપવામાં આવે છે તેના ૨-૪-૬ મહિનામાં જ બધા સ્પેર પાર્ટસ છૂટ્ટા પડી જાય છે ત્યારે આપણે વોરંટી પિરીયડનું કાર્ડ જો આ સાયકલની સાથે આપીએ જેથી કરીને જે બાળાઓ છે તેને જયારે રિપેરીંગ કરાવવાનું હોય તો એ કંપની દ્વારા મફત કરી આપે એવી કોઇ જોગવાઇ છે કે કેમ ? અને ના હોય તો કરવા માગો છો કે કેમ ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સાયકલ રાજય સરકારની ગ્રીમકો નામની સંસ્થા મારફતે ખરીદવામાં આવે છે. જે સાયકલો ખરીદવામાં આવી છે તે દક્ષિણ ગુજરાતમાં એસ.કે.બાઇક નામની કંપનીમાંથી ખરીદવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વિશાલ કંપનીમાંથી, વિશાલ કંપનીની સાયકલ આપવામાં આવી છે અને સૌરાષ્ટ્રમાં હીરો ઇકો ટેકમાંથી સાયકલો આપી છે.

ભચાઉ ખાતે કોર્ટ બિલ્ડીંગમાં વધારાના માળની કામગીરી

* ૨૨૫૬૮ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભચાઉ ખાતેના હયાત કોર્ટ બિલ્ડીંગના વધારાના માળના કામ માટે તા. ૨૦-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૨,૪૪,૦૪,૮૪૦/– |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) આ કામ પ્રગતિ હેઠળ છે. |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે આપશ્રી અને ગૃહના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા સૌ મહિલા સભ્યશ્રીઓને મારા કચ્છ વતિ અભિનંદન પાઠવું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાનો ખૂબ જ આભાર માનું છું. મારા મત વિસ્તાર ભચાઉ ખાતે કોર્ટ બિલ્ડિંગ માટે ૨,૪૪,૦૪,૮૪૦ રૂપિયાની માતબર રકમ ફાળવી છે. તો આ રકમ ફાળવવાની શું જરૂર પડી અને એનાથી લોકોને શું ફાયદો થવાનો છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : ભચાઉ ખાતે સિવિલ જજની બે કોર્ટ હતી અને ત્યાં ગ્રાઉન્ડ ફલોર એક જ માળ હતો એના કારણે ગ્રાઉડ ફલોર ઉપર બંને જજશ્રીઓ સાથે બેસીને કોર્ટનું કામ કરતા હતા. એમાં કોઇપણ જાતની બાકીની સુવિધાઓ ઉપલબ્ધ નહિ હોવાને કારણે લિટિજન્સ અને બાકીની બધી વ્યાપક સમસ્યાઓ થતી હતી. દેશના તમામ નાગરિકોને સમાન ન્યાય મળી રહે એ કોન્સ્ટિટયુશન મેન્ડેઇટ છે અને જો ઇન્ફ્રાસ્ટ્રાકચર પૂરું ન હોય અને સાંકડ-મોકળ સ્થિતિમાં કામ કરવું પડે તો આખી ન્યાયિક પ્રક્રિયાને વિલંબ થાય તેવા સંજોગોમાં આ રાજય સરકારે જયાં આવશ્યકતા છે કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રકચરની એ પરિપૂર્ણ કરવા માટે માનનીય ધારાસભ્યશ્રીની પણ રજૂઆત હતી અને એ રજૂઆતને ધ્યાને લઇને ભચાઉ જેવા નાના તાલુકાની અંદર એક માળ વધારવા માટે બે કરોડ ૪૪ લાખની મંજૂરી રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે. બીજી વાત થઇ કે આનું વિસ્તરણ કરવાથી શું ફાયદા થશે. આ ગ્રાઉન્ડ ફલોર ઉપર એક માળ વધારે લેવાથી અને એની અંદર સ્ટાફ રૂમ, રેકર્ડરૂમ, મુદ્દામાલ રૂમ, લાઇબ્રેરી, સ્ટેનોગ્રાફર રૂમ, વહીવટી રૂમ નાઝર બ્રાન્ચ, બેલીફ રૂમ, સ્ટોર રૂમ કોમપ્યુટર રૂમ આ બધી જ વ્યવસ્થાઓ ઉભી થઇ શકશે. ઉપરાંત જયારે સિનિયર સિટિઝન્સ આવે અને મહિલાઓ ખાસ કરીને પોતાના નાના બાળકોની સાથે ન્યાય લેવા માટે આવે ત્યારે આ પ્રમાણેની સુવિધા હોય તો એને પણ ઉપયોગી થઇ શકે અને કેસો ઝડપથી ચલાવવા માટે એક સારા પ્રકારનું વાતાવરણ હોય તો એક ન્યાયતંત્રની ગરિમા જળવાય અને વકીલો, ન્યાયધીશ અને લિટિજન્સ આ બધાને માટે સારી ભૂમિકા ઉભી થાય એના માટે આ કોર્ટ બિલ્ડિંગથી અનેક ફાયદાઓ છે.

શ્રી પંકજ અ. મહેતા : પ્રથમ તો હું આજે મહિલા દિન નિમિત્તે માતૃહૃદયી શ્રીમતી આનંદીબહેન પટેલ આપ, અને ગુજરાતની સૌ મહિલાઓને હ્રદયપૂર્વકની શુભકામના પાઠવું છું. અને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભચાઉ ખાતે કોર્ટ બિલ્ડિંગ મંજૂર કરવામાં આવ્યું એનું કયારે ટેન્ડર બહાર પાડયું કોને કામ આપેલ છે અને કયારે કામ પૂર્ણ થશે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ ભચાઉ ખાતે કોર્ટના વિસ્તરણ ગ્રાઉન્ડ પ્લસ એક માળ વધારવાનો છે. ભચાઉ એવું સેન્ટર છે કે ૨૦૦૧માં ભૂકંપ આવ્યો હતો એના એપી સેન્ટરની લાઇનમાં ઝોન-૫ માં આવેલ છે. આની અંદર તા. ૨૫-૫-

૨૦૧૫ના રોજ એનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ એમાં પાંચ કંપનીઓએ ભાગ લીધો હતો અને એમાં એક મુળજીભાઇ કન્સ્ટ્રકશન એન્ડ કંપની ભૂજની છે એ એલ-વન બિડર તરીકે હતી એણે ૨૦.૩૪ ટકા નીચુ ટેન્ડર ભરેલ હતું તેઓએ ૧ કરોડ ૬૦ લાખ ૯૪ હજાર ૫૪૦થી ટેન્ડર ભરેલ હતું એને પસંદ કરવામાં આવેલ હતા. અત્યારે કામ ફાઇનલ તબક્કે છે કલરના તબક્કે છે. એવી અપેક્ષા અને ગણતરી છે કે મે, ૨૦૧૬માં કામ પૂર્ણ થયે નવી કોર્ટની કાર્યવાહી શરુ કરી શકીશું.

સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી

* ૨૨૬૫૧ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં રોજગાર કચેરી ખાતે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૬૦૮૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૬૮૦. |

શ્રી કિરીટસિંહ રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧-૨-૧૫ની સ્થિતિએ નોંધાયેલા બેરોજગારોની સંખ્યા કેટલી, તેમને કઇ રીતે રોજગારી પૂરી પાડવામાં આવશે? મારા મત વિસ્તાર લીંબડી, ચૂડા અને સાયલા તાલુકામાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે જિલ્લાઓમાં બેરોજગારોની નોંધણી થતી હોય છે તે લોકોને કેમ કરીને રોજગારી ઝડપથી પૂરી પાડી શકીએ તેના માટે અમે અમારા રોજગાર વિભાગ મારફત ઔદ્યોગિક ભરતી મેળાઓ કરીએ છીએ અને આ રોજગાર કચેરીના વિસ્તારમાં આવતા ઔદ્યોગિક એકમોની ખાલી જગ્યાઓની વિગતો મેળવીએ છીએ અને આવા નોકરીદાતાઓની અનુકૂળ તારીખ અને સ્થળ નક્કી કરીને ઉમેદવારોને કોલ લેટર મોકલીને આ ભરતી મેળામાં હાજર રહેવા માટે એસ.ટી.ની કૂપનો પણ સાથે આપીએ છીએ. ત્યાર બાદ ભરતી મેળાના સ્થાને એક નાના પાયાનું ફંકશન કરીએ અને તેમાં નોકરીદાતાઓને અને રોજગારવાંચ્છુઓને ભેગા કરીને તેમને અનુકૂળ રોજગારી મળી શકે તેના માટેના પ્રયાસો કરવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૫માં આવા ભરતી મેળાઓ માટે રોજગારવાંચ્છુઓને ૨,૬૧૨ જેટલી એસ.ટી.ની કૂપનો પણ સ્થળ ઉપર આવવા માટે આપવામાં આવી હતી.

બીજું, રોજગારી મળી રહે તેના માટે વ્યાવસાયિક માર્ગદર્શન પણ રોજગાર વિભાગ મારફત આપવામાં આવે છે. આવા રોજગારવાંચ્છુઓને રોજગારી પૂરી પાડવા જરુરી વ્યાવસાયિક તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવા માટે રોજગાર કચેરીમાં કરિયર કન્સલ્ટન્ટની નિમણૂંક પણ કરવામાં આવી છે. સ્વરોજગાર શિબિરો યોજીને પણ તેમને રોજગારી મળી રહે તેના માટે માર્ગદર્શન આપવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવી ૨૯ જેટલી સ્વરોજગાર શિબિરો યોજી અને ૧,૩૦૩ ઉમેદવારોને રોજગારી આપવાનું પણ કામ થયું છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે લીંબડી તાલુકામાં કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, તેની નોંધણી કરવામાં આવી? લીંબડી તાલુકામાં ૧,૮૭૨ નોંધણી થઇ, તેમાંથી ૧૨૩ લોકોને રોજગારી આપવામાં આવી. ચુડા તાલુકાની અંદર ૮૦૬નો નોંધણી થઇ, તેમાં રોજગાર મેળાઓના માધ્યમથી ૮૮ લોકોને રોજગારી આપવામાં આવી. સાયલા તાલુકામાં ૫૬૨ જેટલી નોંધણી થઇ, તેમાંથી ૧૫૦ લોકોને રોજગારી આપવામાં આવી છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલા બેરોજગાર પૈકી પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા કેટલી છે અને એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા પુરુષ અને કેટલા સ્ત્રી બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલા બેરોજગાર પૈકી પુરુષ બેરોજગારો ૧૨,૩૧૧ અને સ્ત્રી બેરોજગારો ૩,૭૭૮ આમ કુલ ૧૬,૦૮૯ લોકોની નોંધણી કરવામાં આવી. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે તેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૨,૧૨૭ પુરુષ બેરોજગારોને રોજગારી આપવામાં આવી અને ૫૫૩ સ્ત્રી બેરોજગારોને રોજગારી આપીને ૨,૬૮૦ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિને બધી જ માતાઓને વંદન. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શું રાજયની રોજગાર વિનિમય કચેરીઓની વિશ્વસનિયતા ઘટતી જાય છે? રોજગાર વિનિમય કચેરીમાં યુવાનો પોતાની બેરોજગારી નોંધાવતા નથી અને સરકારી જાહેરાત થાય તો ૧૦ લાખ-૧૫ લાખ યુવાનો નોકરી માટે એપ્લાય કરતા હોય છે. રોજગાર વિનિમય કચેરીમાં આંકડા ઘટતા જાય છે અને બહાર..

સભાપતિશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : બહાર બેરોજગાર વધતા જાય છે. ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૨૬૮૦ બેરોજગારોને રોજગારી આપવામાં આવી તે પૈકી કેટલા લોકોને સરકારી નોકરી આપવામાં આવી? મારો બીજો પ્રશ્ન છે કે આ ૨૬૮૦ જણાને જે રોજગારી આપવામાં આવી તેમને સરેરાશ કેટલા દિવસ રોજગાર પ્રાપ્ત થયો? કારણ કે માત્ર કોલ લેટર રોજગાર વિનિમય કચેરી આપે એટલે એને રોજગાર આપ્યો એવું સરકાર માની રહી છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૬૮૦ લોકોને રોજગારી આપવામાં આવી તેમાં રાજય સરકાર મારફત ૧૫૪ લોકોને રોજગારી આપવામાં આવી. કેન્દ્ર સરકાર મારફત ૧૩ લોકોને રોજગારી આપવામાં આવી.

સભાપતિશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

સુરત જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી

* ૨૨૬૫૨ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૯૭૯૪. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૨૦૯૮. |

પલસાણા ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકનું બાંધકામ

* ૨૨૫૭૩ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના પલસાણા ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના બાંધકામ માટે તા. ૨૦-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૨,૧૩,૭૮,૨૦૦/- |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) આ કામ તા. ૨૯-૦૧-૨૦૧૬થી શરૂ થયેલ છે. |

અમદાવાદ જિલ્લામાં ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહાય

* ૨૨૫૭૭ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધૂકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૨૨ |
| (૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી ? | (૨) રૂ. ૩૨૦.૦૦ લાખ |

આણંદ જિલ્લામાં કાર્યરત આઈ. ટી.આઈ.

* ૨૨૭૪૨ શ્રી રોહીત પટેલ (આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) આણંદ જિલ્લામાં નીચે દર્શાવેલ ૦૯ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે.<br>(૧) આંકલાવ (૨) આણંદ (મહીલા)(૩) વાસદ (૪) ઉમરેઠ (૫) ખંભાત (૬) તારાપુર (૭) પેટલાદ (૮) બોરસદ (૯) સોજીત્રા |
| (૨) તે પૈકી કેટલા અને કયા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયિક કોર્ષ ચલાવવામાં આવે છે ? | (૨) આ સંસ્થાઓમાં નીચે દર્શાવેલ ૧૩ વ્યવસાયિક કોર્ષ ચલાવવામાં આવે છે.<br>(૧) ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (૨) ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) (૩) ઈલેકટ્રીશીયન (૪) એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) (૫) સુઈંગ ટેકનોલોજી (૬) કોમ્પ્યુટર ઓપરેટર કમ- પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (૭) ફીટર (૮) ફેશન ડીઝાઈન ટેકનોલોજી (૯) મિકેનિક ડીઝલ (૧૦) મિકેનિક મેન્ટેનન્સ કેમિકલ પ્લાન્ટ (૧૧) વાયરમેન (૧૨) વેલ્ડર |

(૧૩) બેઝીક કોસ્મેટોલોજી

અમરેલી જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૨૫૮૯ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતિ જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩૩ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) ૫૩૩ |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૫૩૩ |

જુનાગઢ જિલ્લામાં નંબર પ્લેટોમાં કલરની હલકી ગુણવત્તા

* ૨૩૮૭૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈસ્યુ થયેલી એમ્બોસ નંબર વાળી નંબર પ્લેટોનો કાળો કલર ઉડી જઈ સફેદ થઈ જાય છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, આ હકીકતથી વાકેફ છે. પરંતુ કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા તો ઉકત સ્થિતિએ આ કામના કોન્ટ્રાકટર સામે શાં પગલાં લેવાયા છે, અને | (૨) આવા કિસ્સામાં એજન્સીને વિનામુલ્યે હાઈ સિકયુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ બદલી આપવા સૂચના આપેલ છે. કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ આ સમસ્યાના ઉકેલ માટે કોને જવાબદારી સોંપવામાં આવેલ છે? | (૩) FTA એચ.એસ.આર.પી. સોલ્યુશન પ્રા.લિ. કંપનીને જવાબદારી સોંપવામાં આવેલ છે. |

અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૨૨૫૯૨ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૩૦,૯૫૪ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૧,૩૦,૯૫૪ વિદ્યાર્થીઓને રૂ. ૩,૯૨,૮૬,૨૦૦/– ની ગણવેશ સહાય ચૂકવવામાં આવેલ છે. |

મોરબી જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૨૬૧૧ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ માનવ ગરીમા યોજના હેઠળ મોરબી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં વિકસતિ જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૦૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૮૭ |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૨૮૭ |

જુનાગઢ જિલ્લામાં અનુસુચિત જાતિના સરકારી છાત્રાલયો

* ૨૨૫૮૭ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૪ |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૪૩૫ |
| (૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨– | (૩) ૪૦૧ |

૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને

(૪) ઉકત છાત્રાલયમાં મુખ્યત્વે શી સગવડતાઓ આપવામાં આવે છે?

(૪) સરકારી છાત્રાલયમાં રહેવાની જમવાની તથા રમત–ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

વિસાવદર શહેરમાં ભુગર્ભ ગટરની કામગીરી

* ૨૩૮૯૧ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાનાં વિસાવદર શહેરમાં ભુગર્ભ ગટરની કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ઉકત કામગીરી કયા તબક્કે છે અને કયાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થતી હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી, અને મળેલ ફરીયાદો અન્વયે ઉકત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાનાં વિસાવદર શહેરમાં ભુગર્ભ ગટરની કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૨.૧૪ કરોડ રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રૂ. ૧૨.૧૪ કરોડનું ખર્ચ કરવામાં આવેલ છે. આ કામગીરી ૮૪.૭૯ ટકા પુર્ણ થયેલ છે હાલ આ કામ પ્રગતિમાં છે. તથા મે–૨૦૧૬ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઉકત કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થતી હોય તે અંગેની ૦૪ ફરીયાદ મળેલ છે. તેમજ ફરીયાદનાં નિવારણ માટે સંબંધિત પેટા કચેરી, વિભાગીય કચેરી અને કન્સલટન્ટ પી.એમ.સી. દ્વારા રજુઆત કરનારશ્રીઓની હાજરીમાં કામની ચકાસણી કરાવેલ, જેમાં કામગીરી સ્પેશીફીકેશન મુજબ થયેલ જણાયેલ છે.

રાજ્યમાં બાળ સુરક્ષા નીતિ

* ૨૨૦૬૮ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં બાળ સુરક્ષા નીતિ અને રાજ્યની કાર્ય યોજના કયારે ઘડવામાં આવી, અને તેની મુખ્ય વિગતો શી છે?

જવાબ

રાજ્યમાં બાળ સુરક્ષા માટે ભારત સરકાર પુરસ્કૃત સંકલિત બાળ સુરક્ષા યોજનાનો વર્ષ ૨૦૧૦ માં સ્વીકાર કરી તે અંતર્ગત ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીની વર્ષ ૨૦૧૧માં રચના કરી, જિલ્લા બાળ સુરક્ષા એકમો મારફતે બાળ સુરક્ષા સંબંધિત કાયદાઓ/નિયમો/યોજનાઓની અમલવારી કરવામાં આવે છે.

અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં સહાય

* ૨૩૨૯૯ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | તા.૧–૨–૧૪ થી તા.૩૧–૧–૧૫ | તા.૧–૨–૧૫ થી તા.૩૧–૧–૧૬ | કુલ |
| ૧ | અમદાવાદ (સીટી) | ૧૩૨૪ | ૨૦૭૮ | ૩૪૦૨ |
| ૨ | દશક્રોઈ | ૩૬ | ૬૪ | ૧૦૦ |
| ૩ | વિરમગામ | ૧૦૧ | ૧૪૮ | ૨૪૯ |
| ૪ | ધોળકા | ૭૨ | ૧૫૬ | ૨૨૮ |
| ૫ | ધંધુકા | ૧૪૦ | ૨૦૩ | ૩૪૩ |
| ૬ | સાણંદ | ૩૨ | ૩૫ | ૬૭ |
| ૭ | બાવળા | ૩૦ | ૩૯ | ૬૯ |
| ૮ | બરવાળા | ૨૫ | ૦૮ | ૩૩ |
| ૯ | માંડલ | ૧૫ | ૩૯ | ૫૪ |
| ૧૦ | દેત્રોજ | ૨૬ | ૨૬ | ૫૨ |
| ૧૧ | રાણપુર | ૪૬ | ૧૪ | ૬૦ |
| ૧૨ | ધોલેરા | ૦૦ | ૧૬ | ૧૬ |
| | કુલ | ૧૮૪૭ | ૨૮૨૬ | ૪૬૭૩ |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી રકમની સહાય ચૂકવાઈ, અને | (૨) ૪૪૯૪ અરજીઓ મંજૂર રૂ. ૩૭૫.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી |
| (૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

નર્મદા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૨૬૪૮ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૪ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૩૩૦૧ |

અમદાવાદ જિલ્લામાં આઈ.કે.વી. કે. યોજના માટે કેન્દ્રો

* ૨૨૬૪૦ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્ડસ્ટ્રીયલ કૌશલ્ય વર્ધન યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલા કેન્દ્રો શરૂ કરાયેલ છે, અને | (૧) ૧૭ |
| (૨) આ યોજના હેઠળ કેટલી બેઠકો ફાળવવામાં આવેલ છે ? | (૨) ૨૦૧૦ |

અરવલ્લી જિલ્લામાં નવીન હેન્ડપંપનું આયોજન

* ૨૨૬૨૬ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં કયા તાલુકાઓમાં કુલ કેટલા નવીન હેન્ડપંપ બનાવવાનું આયોજન છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ થશે ? | (૧) અને (૨)<br>નીચે મુજબ |

| તાલુકો | આયોજન | શારેલ | બાકી |
|---|---|---|---|
| ભિલોડા | ૯૭ | ૬૩ | ૩૪ |
| મેઘરજ | ૯૦ | ૪૭ | ૪૩ |
| મોડાસા | ૧૮ | ૧૩ | ૦૫ |
| ધનસુરા | ૦૭ | ૦૩ | ૦૪ |
| બાયડ | ૪૮ | ૪૩ | ૦૫ |
| માલપુર | ૫૦ | ૪૪ | ૦૬ |
| કુલ | ૩૧૦ | ૨૧૩ | ૯૭ |

બાકી રહેતા ૯૭ હેન્ડપંપના કામો માર્ચ-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિની કન્યાની આદર્શ નિવાસી શાળાઓ

* ૨૨૫૮૨ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કન્યાની કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, અને | (૧) ૦૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ આદર્શ નિવાસી શાળામાં મુખ્યત્વે શું સગવડતા આપવામાં આવે છે? | (૨) આદર્શ નિવાસી શાળામાં કન્યાઓને અભ્યાસ, રહેવાની જમવાની, બે જોડી ગણવેશ, બુટમોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મુલ્યે આપવામાં આવે છે. |

પંચમહાલ જિલ્લામાં એપ્રેન્ટિસશીપ એકમો

* ૨૨૬૫૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસશીપ એકમો કાર્યરત છે, અને | (૧) સામેલ *પત્રક મુજબ કુલ ૧૭૬ એકમો |
| (૨) તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે ? | (૨) ૬૧ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાજકોટ આર.ટી.ઓ. માં ઈન્ચાર્જ આર.ટી.ઓ. વિરૂધ્ધ ફરિયાદો

* ૨૨૭૨૧ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાં વ્યાપક ગેરરીતિઓ થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) ના |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્ચાર્જ આર.ટી.ઓ. વિરૂધ્ધ કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૨) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૩) મળેલ ફરિયાદો અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અમરેલી જિલ્લામાં સ્થાનિક બેરોજગારોને રોજગારી

* ૨૩૯૪૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવામાં આવી, | (૧) અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં છેલ્લા બે વર્ષમાં સ્થાનિક લોકોને આપવામાં આવેલ રોજગારી |

| સમયગાળો | રોજગારી |
|---|---|
| જુન-૨૦૧૪ની સ્થિતિ | ૧૮૯૯ |
| ડિસેમ્બર-૨૦૧૪ની સ્થિતિ | ૧૯૪૬ |
| જુન-૨૦૧૫ની સ્થિતિ | ૧૮૦૦ |
| ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિ | ૧૮૬૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગાર આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

(૨)
-જુન-૨૦૧૪ની સ્થિતિએ-૦૧ (એક)
અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ
યુનિટ-નર્મદા સીમેન્ટ જાફરાબાદ વર્કસ
મુ. બાબરકોટ, તા. જાફરાબાદ, જિ. અમરેલી
-ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ-૦૧ (એક)
અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ
યુનિટ-ગુજરાત સીમેન્ટ વર્કસ,
પો. કોવાયા તા. રાજુલા, જિ. અમરેલી

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારી નિતીનું ઉલ્લંઘન કરનારા કયા એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

(૩) સરકારી નિતીનું ઉલ્લંઘન કરતા અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ યુનિટ-નર્મદા સીમેન્ટ જાફરાબાદ વર્કસને તા. ૦૨-૦૮-૨૦૧૪ના રોજ જ્યારે, અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ યુનિટ ગુજરાત સીમેન્ટ વર્કસને તા. ૦૩-૨-૨૦૧૬ના રોજ જિલ્લા તંત્ર દ્વારા આ વિભાગના તા. ૩૧-૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈઓ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા માટે સૂચના આપેલ છે. તેમજ અનુક્રમે પ્રથમ એકમને તા. ૨૫-૯-૨૦૧૪ના રોજ અને બીજા એકમને તા. ૧૮-૨-૨૦૧૬ના રોજ સ્થાનિક કચેરીએ બોલાવીને બેઠક કરી આ વિભાગના તા. ૩૧-૩-૯૫ના ઠરાવની સમજુતિ આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે.

## હજીરા કાંઠા વિસ્તારના ગામોને પીવાનું પાણી

* ૨૩૭૭૬ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના હજીરા કાંઠા વિસ્તારના ગામોને દૈનિક કેટલું પીવાનું પાણી આપવામાં આવે છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લાના હજીરા કાંઠા વિસ્તારમાં આવેલ ૧૦ ગામોને દૈનિક ૨૩ લાખ લીટર પીવાનું પાણી આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં જરૂરિયાત મુજબ પૂરતું પીવાનું પાણી મળે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૨) હાલ જુથ સુધારણા યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. જે વહેલામાં વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

## જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો

* ૨૨૫૮૮ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૨ |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૧૫૦ |
| (૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૧૫૦ |
| (૪) છાત્રાલયમાં મુખ્યત્વે શી સગવડતાઓ આપવામાં આવે છે? | (૪) સરકારી છાત્રાલયમાં રહેવાની જમવાની તથા રમત-ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

ઝગડીયા ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૫૬૦ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ઝગડીયા ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા. ૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) `.૩,૭૩,૩૩,૪૦૦/- |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

કચ્છ જિલ્લામાં મરણોત્તર સહાય

* ૨૨૬૧૪ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૨. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૮,૧૦,૦૦૦/–. |

ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૨૮૯૯ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં થઈ, અને

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં થયેલ નોંધણી | |
|---|---|---|
| | (તા. ૧–૨–૨૦૧૪ થી ૩૧–૧–૨૦૧૫) | (તા. ૧–૨–૨૦૧૫ થી ૩૧–૧–૨૦૧૬) |
| ગાંધીનગર | ૫૬૦૨ | ૭૭૯૬ |
| કલોલ | ૩૯૫૪ | ૩૬૯૦ |
| માણસા | ૨૭૪૭ | ૨૬૯૧ |
| દહેગામ | ૨૫૫૩ | ૨૩૧૯ |
| કુલ | ૧૪૮૫૬ | ૧૬૪૯૬ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાને રોજગારી આપાઈ?

(૨)

| તાલુકાનું નામ | તે અન્વયે છેલ્લા બે વર્ષમાં અપાયેલ રોજગારી | |
|---|---|---|
| | (તા. ૧–૨–૨૦૧૪ થી ૩૧–૧–૨૦૧૫) | (તા. ૧–૨–૨૦૧૫ થી ૩૧–૧–૨૦૧૬) |
| ગાંધીનગર | ૧૯૮૫ | ૨૩૩૫ |
| કલોલ | ૨૮૪ | ૩૮૮ |
| માણસા | ૭૬ | ૨૭૧ |
| દહેગામ | ૧૨૧ | ૧૩૭ |
| કુલ | ૨૪૬૬ | ૩૧૩૧ |

રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની મળેલ બેઠક

* ૨૧૧૭૬ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૩ થી તા. ૩૧–૦૩–૨૦૧૫ સુધીમાં રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ–૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનિટરીંગ સમિતિની એકપણ બેઠક મળેલ ન હતી તે | (૧) ના |

હકીકત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સમયગાળા દરમ્યાન રાજ્યકક્ષાની તકેદારી અને મોનિટરીંગ સમિતિની એક પણ બેઠક ન મળવાના કારણો શા છે? — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### આણંદમાં ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસનું બાંધકામ

* ૨૨૫૬૭ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદમાં ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસના બાંધકામની તા. ૨૦-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂપિયા ૨,૯૩,૮૬,૦૦૦/- |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) આ કામ પ્રગતિમાં છે. |

### મોરબી જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૨૫૭૯ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૨૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૪૨૬. |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી? | (૩) ૪૨૬. |

### વડોદરા જિલ્લામાં હેન્ડપંપોને મંજૂરી

* ૨૨૬૩૦ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં કેટલા હેન્ડપંપ મંજુર કરવાનું આયોજન છે, | (૧) (૨) અને (૩) ૧૨૦ હેન્ડપંપના કામો મંજુર કરેલ છે જે તમામ કામો પૂર્ણ થયેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલાના કામો પૂર્ણ થયેલ છે, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા હેન્ડપંપના કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે? | |

### ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના

* ૨૨૫૬૩ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૫૫૧. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૪૫. |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૩) કુલ ૫૪૫ લાભાર્થીઓને રૂ.૬,૯૮,૫૦૦/-(અંકે રૂપિયા છ લાખ અઠ્ઠાણું હજાર પાંચસો પુરા) શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી. |

### જામનગર જિલ્લા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે કવાટર્સનું બાંધકામ

* ૨૨૫૭૦ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લા ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાટર્સના બાંધકામ માટે તા. ૨૦-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૧,૨૫,૭૫,૩૦૦/- |

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

(૩) સુધારેલ વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ છે.

આણંદ જિલ્લામાં આવેલ છાત્રાલયો

* ૨૩૩૯૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા છાત્રાલયો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયોમાં છેલ્લા બે વર્ષમાં વસતિના ધોરણે વિદ્યાર્થીઓની સંખ્યા વધતા નવા છાત્રાલયો બનાવવા, અને હયાત છાત્રાલયોમાં વધારે વિદ્યાર્થીઓ રહી શકે તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

જવાબ

(૧)

| તાલુકો | છાત્રાલયની સંખ્યા |
|---|---|
| આણંદ | ૮ |
| ઉમરેઠ | ૩ |
| બોરસદ | ૬ |
| આંકલાવ | ૫ |
| પેટલાદ | ૨ |
| સોજીત્રા | ૦ |
| ખંભાત | ૬ |
| તારાપુર | ૧ |
| કુલ | ૩૧ |

(૨) આ અંગે નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અને સંખ્યા વધારાની બજેટમાં કરેલી જોગવાઈ મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં વૃદ્ધોને સહાય

* ૨૩૧૫૧ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે તાલુકાદીઠ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને અરજીઓ નામંજુર કરવાનાં મુખ્ય કારણો શું છે, અને

જવાબ

(૧) અને (૨)તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે તાલુકાદીઠ મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩૫ | ૯૪ | ૨૯ |
| ૨ | વડગામ | ૮૩ | ૫૩ | ૨૦ |
| ૩ | ડીસા | ૩૬ | ૩૦ | ૬ |
| ૪ | કાંકરેજ | ૪૭ | ૩૫ | ૧૨ |
| ૫ | દાંતા | ૮૪ | ૬૯ | ૧૫ |
| ૬ | અમીરગઢ | ૩૧ | ૨૭ | ૪ |
| ૭ | ધાનેરા | ૨૫ | ૧૫ | ૬ |
| ૮ | દાંતીવાડા | ૧૩ | ૯ | ૪ |
| ૯ | દિયોદર | ૧૮ | ૧૦ | ૮ |
| ૧૦ | લાખણી | ૯ | ૭ | ૧ |
| ૧૧ | ભાભર | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સૂઈગામ | ૪ | ૪ | ૦ |
| ૧૩ | થરાદ | ૧૬ | ૧૪ | ૨ |
| ૧૪ | વાવ | ૨૩ | ૨૦ | ૩ |
| | કુલ | ૫૨૪ | ૩૮૭ | ૧૧૦ |

અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. ઉંમર ઓછી હોવાથી
૪. સ્થળે રહેતા ન હોવાથી
૫. જમીન હોવાથી
૬. અવસાન થવાથી
૭. અરજીઓ અધુરી વિગતોવાળી હોવાથી

| | |
|---|---|
| | ૮. બે વખત અરજી કરેલ હોવાથી<br>૯. અપંગ અરજદાર અને ઉંમર ઓછી હોવાથી<br>૧૦. અરજીઓ સહાય મંજૂર થયેલ હોવા છતાં બીજીવાર અરજી રજૂ થયેલ હોવાથી. |
| (૩) કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે? | (૩) ૨૭. |

### રાજ્યમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે નવા છાત્રાલયો

* ૨૧૨૨૭ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સને ૨૦૧૪–૧૫માં મંજૂર થયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેના ૨૫ અનુદાનીત છાત્રાલયો પૈકી ઉકત સ્થિતિએ કેટલા છાત્રાલયોના કામો પૂર્ણ થયા અને કેટલાના કામો શરૂ થયા નથી, અને | (૧) અનુદાનીત છાત્રાલયો બનાવવામાં આવતાં નથી. પરંતુ સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે માળખાકીય સુવિધાઓ હોય જ છે તેથી કામો પૂર્ણ કરવાનો કે શરૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉકત સ્થિતિ સુધીમાં તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ તે અન્વયે થયો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નંબર પ્લેટોમાં કલરની હલકી ગુણવત્તા

* ૨૩૮૮૪ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈસ્યુ થયેલી એમ્બોસ નંબર વાળી નંબર પ્લેટોના કલર ઉડી જઈને સફેદ થઈ જાય છે તે હકીકત થી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, આ હકીકતથી વાકેફ છે. પરંતુ કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા તો ઉકત સ્થિતિએ આ કામના કોન્ટ્રાકટર સામે ઉકત સ્થિતિએ શા પગલા લેવાયા છે, અને | (૨) આવા કિસ્સામાં એજન્સીને વિનામુલ્યે હાઈ સિકયુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ બદલી આપવા સૂચના આપેલ છે. કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સમસ્યાના ઉકેલ માટે કોને જવાબદારી સોંપવામાં આવેલ છે? | (૩) FTA એચ.એસ.આર.પી. સોલ્યુશન પ્રા.લિ. કંપનીને જવાબદારી સોંપવામાં આવેલ છે. |

### ભાવનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૨૫૯૬ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતીની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦૦૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૯૯૪ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૭૯૯૪ |

ઉમરાળા ખાતે નવીન સિવિલ કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૫૭૧ ડૉ. ટી.ડી. માણીયા (બોટાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ઉમરાળા ખાતે નવીન સિવિલ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૨૦–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો 'હા' તો કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૨,૪૭,૬૮,૧૦૦/– |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રિન્સીપાલ જજશ્રી દ્વારા મોડેલ કોર્ટનાં પ્લાન મુજબ બાંધકામ કરવા માટેની બાબત વિચારણા હેઠળ છે. |

પંચમહાલ જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

* ૨૨૫૮૬ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસુચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચલાવવામાં આવેલ છે. | (૧) ૧૧ (અગિયાર) |
| (૨) વર્ષ ૨૦૧૫–૧૬માં કેટલા વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૨) ૪૦૧ |
| (૩) છાત્રાલયમાં મુખ્યત્વે શી સગવડતાઓ આપવામાં આવે છે ? | (૩) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં મુખ્યત્વે રહેવા, જમવાની ન્હાવા, ધોવાની તેમજ આરોગ્ય માટે દવાઓની તથા વિદ્યાર્થીઓનો માનસિક બૌધ્ધિકવિકાસ થાય તે માટે અભ્યાસ બહારના પુસ્તકો, વર્તમાનપત્રો અને શારિરીક વિકાસ થાય તે માટે રમતગમતના સાધનો, જેવી આનુષાંગિક સેવાઓ પુરી પાડવામાં આવે છે. |

ધ્રોલ તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજનાના મજબુતીકરણની કામગીરી

* ૨૧૩૬૨ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) તા.૧૭–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્નક્રમાંક ૧૮૪૧૮ (અગ્રતા– ૧૧૫)ના અનુસંધાને : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના કાતડા, ડાંગર, ખાખરા, ધરમપુર, ઈટાળા, રાજપર અને સુધાધુના ગામોમાં પીવાનું પાણી મેળવવામાં પડતી મુશ્કેલીના કાયમી નિવારણ માટે આજી–૩ અને ઉંડ–૧ જૂથ યોજનાના મજબૂતીકરણની કામગીરીના ટેન્ડરો બહાર પાડી મંજુર કરવાની કામગીરી તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ બાકી હતી, તા. ૩૧ જાન્યુઆરી–૨૦૧૬ ની સ્થિતિએ કયા તબક્કે છે. | (૧) ઉંડ–૧ જૂથ પાણી પુરવઠા યોજના તથા આજી–૩ જૂથ પાણી પુરવઠા યોજનાના કામોના વર્ક ઓર્ડર તા. ૨૨–૦૧–૨૦૧૬ ના રોજ આપેલ છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) યોજનાકીય કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ જવાબદારી કોને સોંપાઈ છે? | (૩) આ જવાબદારી ગુજરાત પાણી પૂરવઠા બોર્ડને સોંપવામાં આવેલ છે. |

સુરત જિલ્લા ખાતે નવીન ફેમીલી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ.

* ૨૨૫૭૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લા ખાતે નવીન ફેમીલી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૨૦–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો 'હા' તો કેટલી રકમ મંજુરી આપવામાં આવી છે, અને

(૨) રૂપિયા ૯,૪૬,૭૪,૦૦૦/-

(૩) આ કામ ઉકત સ્થિતિએ કયા તબક્કે છે?

(૩) કોર્ટની જરૂરિયાત મુજબના નકશા સ્થપતિશ્રી દ્વારા તૈયાર કરાયા બાદ નામ. હાઈકોર્ટમાં મંજૂરી હેઠળ છે.

રાજ્યમાં અનુસૂચિત જાતિની હોસ્ટેલોમાં પાયાની સગવડો

* ૨૩૩૨૫ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૦૧-૦૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુપ્રિમ કોર્ટ દ્વારા રાજ્યમાં આવેલ અનુસૂચિત જાતિની હોસ્ટેલોમાં પાયાની તમામ જરૂરીયાતો પૂરી પાડવા તથા જરૂર મુજબ નવી હોસ્ટેલો બનાવવા કોઈ આદેશ આપવામાં આવેલ છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો આ અંગે ઉકત સ્થિતિએ શું કાર્યવાહી થયેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કાર્યરત હેન્ડપંપ

* ૨૨૬૨૯ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત કેટલા હેન્ડપંપો કાર્યરત છે.

(૧) ૩૮૩૯ હેન્ડપંપો.

(૨) ૨૦૧૫-૧૬ના વર્ષમાં માંડવી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત કુલ કેટલા હેન્ડપંપ રીપેરીંગ કરવામાં આવેલ છે, અને

(૨) ૧૬૪૧ હેન્ડપંપો.

(૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ માંડવી તાલુકા ખાતે હેન્ડપંપ રીપેરીંગ માટે કેટલી રીપેરીંગ ટીમ કાર્યરત છે?

(૩) ૨ ટીમ.

નવસારી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૨૫૯૦ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે?

૦૧ (એક).

મોરબી જિલ્લાની આર.ટી.ઓ. માં ખાલી જગ્યાઓ

* ૨૩૩૭૭ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યા ભરેલ છે અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સહા. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૨ | ૦૧ | - | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૨ | ૦૧ | ૦૧ | - |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૪ | હેડકલાર્ક | ૩ | ૦૧ | ૦૧ | - |
| ૫ | સીનીયર | ૩ | ૦૨ | ૦૧ | ૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કલાર્ક | | | | |
| ૬ | જુનીયર કલાર્ક/કલાર્ક કમ–ટાઈપીસ્ટ | ૩ | ૦૪ | ૦૨ | ૦૨ |
| ૭ | હિસાબનીશ | ૩ | ૦૧ | – | ૦૧ |
| ૮ | આંકડા મદદનીશ | ૩ | ૦૧ | – | ૦૧ |
| | કુલ | | ૧૪ | ૦૭ | ૦૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૨) કાર્યવાહી ચાલુ છે.

મોડાસા ખાતે નવીન જિલ્લા અદાલતના મકાનનું બાંધકામ

* ૨૨૫૫૭ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નવીન જિલ્લા અદાલતના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ કોઈ મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂપિયા ૪૦,૭૫,૦૦,૦૦૦/–

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

પાટણ જિલ્લામાં ગ્રાન્ટ–ઈન–એઈડ કુમાર છાત્રાલયો

* ૨૨૫૮૫ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાં કુમાર છાત્રાલયો કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કુમાર છાત્રાલયોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) ૨૧

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કુમાર છાત્રાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૦૩ |
| ૨ | ચાણસ્મા | ૦૩ |
| ૩ | હારીજ | ૦૧ |
| ૪ | રાધનપુર | ૦૯ |
| ૫ | સાંતલપુર | ૦૨ |
| ૬ | સિદ્ધપુર | ૦૧ |
| ૭ | સમી | ૦૨ |
| ૮ | શંખેશ્વર | – |
| ૯ | વાગડોદ | – |
| ૧૦ | અગર | – |

| | કુલ | ૨૧ |
|---|---|---|

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં દાખલ કરેલ કુમારોની સંખ્યા કેટલી છે ?

(૩) ૭૪૯.

ઉના શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી

* ૨૩૭૬૫ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગીર સોમનાથ જિલ્લાનાં ઉના શહેરની ભુગર્ભ ગટર યોજનાનું ટેન્ડર રકમ રૂ. ૪૪.૮૦ કરોડનું કામ એજન્સી લાર્સન એન્ડ ટુર્બો લી.ઈ.સી.સ. ડીવીઝન ચેન્નાઈ મારફતે કરવામાં આવેલ તે કામ નકશા અંદાજો મુજબ સ્થળ પર કામ ન થયેલ હોય પ્રીવેન્ટીવ વીજીલન્સ સેલ અને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનના અહેવાલમાં જણાયેલ કામગીરીની વિસંગતતા અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરવાની સુચના તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આપવામાં આવી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યારે કોને કાર્યવાહી કરવા સુચના આપેલ છે, અને

(૩) તે અન્વયે ક્યારે શી તપાસ કરવામાં આવી અને શા પગલાં લેવામાં આવ્યા?

જવાબ

(૧) હા, જી.

(૨) પ્રીવેન્ટીવ વીજીલન્સ સેલ ગાંધીનગર દ્વારા તા. ૭-૫-૧૫ અને તા. ૮-૫-૧૫ના રોજની સ્થળ મુલાકાતથી અપાયેલા અહેવાલથી કા.ઈ. શ્રી જુનાગઢ લગત ક્ષેત્રિય કચેરીને તેમજ કામ કરતી એજન્સી લાર્સન એન્ડ ટુર્બો લી.ઈ.સી.સી. ડીવીઝન ચેન્નાઈને તેમજ ટાટા કન્સલટન્સી (થર્ડ પાર્ટી ઈન્સપેક્શન એજન્સી) ને નકશા તથા અંદાજો મુજબ સ્થળ પર કામ કરવાની તકેદારી રાખવા સુચના આપવામાં આવેલ છે અને તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) આ અન્વયે સમયાંતરે ક્ષેત્રીય કચેરી તથા ટાટા કન્સલટન્સી (થર્ડ પાર્ટી ઈન્સપેકશન એજન્સી) દ્વારા કામની સતત મુલાકાત લઈ સુચના આપવામાં આવેલ છે અને નકશા અંદાજો મુજબ સ્થળ પર કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

પાટણ જિલ્લાને ધરોઈડેમની પાઈપલાઈનથી પીવાનું પાણી

* ૨૧૧૬૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ધરોઈ ડેમનું પાણી પાઈપલાઈનની સાઈઝ ઓછી હોવાને કારણે જિલ્લાને પૂરતું મળતું નથી, તે વાત સાચી છે,

(૨) જો હા, તો આ પાઈપલાઈન બદલવાનું કોઈ આયોજન છે, અને

(૩) જો હા તો કેટલા ખર્ચે ક્યાં સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) ના,જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરેન્દ્રનગર જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૨૨૬૨૩ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, અને કેટલી નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૮૪ | ૪૩ | ૧૫ |
| ૨ | લખતર | ૧૩ | ૫ | ૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૨૦ | ૧૬ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ચુડા | ૨૦ | ૯ | ૧૦ |
| ૫ | લીંબડી | ૨૧ | ૧૨ | ૩ |
| ૬ | સાયલા | ૧૧ | ૪ | ૪ |
| ૭ | ચોટીલા | ૯ | ૫ | ૪ |
| ૮ | મુળી | ૨૩ | ૯ | ૨ |
| ૯ | થાન | ૬ | ૩ | ૧ |
| ૧૦ | પાટડી | ૩૮ | ૨૫ | ૧૦ |
| | કુલ | ૨૪૫ | ૧૩૧ | ૫૨ |

અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય

* ૨૨૬૦૬ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મળી, અને | (૧) મળેલ અરજીઓ<br>સંસ્થા – ૭<br>યુગલ – ૧૫૬ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) મંજુર અરજીઓ<br>સંસ્થા – ૭<br>યુગલ – ૧૫૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ચૂકવેલ સહાય<br>સંસ્થા રૂ. ૨.૧૦ લાખ<br>યુગલ રૂ. ૧૩.૨૦ લાખ<br>કુલ રૂ. ૧૫.૩૦ લાખ |

મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૨૨૫૭૬ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી, | (૧) ૧૬૯૪૦ |
| (૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજી મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૬૯૪૦ |
| (૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૫૦,૮૨,૦૦૦/– |

ભાવનગર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૨૬૦૩ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧,૨૮૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૨૮૫ |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૬,૨૮,૭૫૦/–(અંકે રૂપિયા સોળ લાખ અઠ્ઠાવીસ હજાર સાતસો પચાસ પુરા) ની સહાય ચૂકવવામાં આવી. |

છોટાઉદેપુર જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૨૬૧૯ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન | (૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ |

યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૧૪૮ | ૧૦૨૨ | ૯૮ |
| ૨ | સંખેડા | ૧૧૪ | ૧૦૨ | ૧૦ |
| ૩ | જેતપુર પાવી | ૪૮૮ | ૪૪૭ | ૪૧ |
| ૪ | બોડેલી | ૬૪૭ | ૫૧૮ | ૧૨૯ |
| ૫ | નસવાડી | ૮૮૬ | ૫૫૬ | ૩૩૦ |
| ૬ | કવાંટ | ૧૩૦૧ | ૮૨૭ | ૪૩૮ |
| | કુલ | ૪૫૮૪ | ૩૪૭૨ | ૧૦૪૬ |

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૧૧૫૬ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોની વર્ષવાર નોંધણી થઈ, અને

(૧)

| જિલ્લો | છેલ્લા બે વર્ષમાં થયેલ નોંધણી | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| | તા.૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | તા.૧–૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ |
| છોટાઉદેપુર | ૩૯૦૨ | ૭૦૪૭ |
| વડોદરા | ૩૮૨૭૩ | ૪૧૯૧૧ |

(૨) ઉકત બેરોજગારો પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલાને સરકારી નોકરી આપવામાં આવી ?

(૨) ઉકત સ્થિતિએ વર્ષઃ ૨૦૧૪ અને વર્ષઃ ૨૦૧૫ માં નોંધાયેલા બેરોજગારો પૈકી સરકારી નોકરી આપેલ નથી.

સુરત જિલ્લામાં પાલક માતાપિતા યોજના હેઠળ સહાય

* ૨૨૫૯૭ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લા ખાતે પાલક માતા પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, — (૧) ૨૮

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૨૮

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂ.૧,૨૨,૦૦૦/–

વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના

* ૨૨૫૯૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, — (૧) ૨૭

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૨૬

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? — (૩) કુલ રૂ.૭૩,૨૦૦/– (અંકે રૂપિયા તોંતેર હજાર બસો પુરા) ની સહાય.

વડોદરા તાલુકામાં કન્યાઓ માટે આદર્શ નિવાસી શાળાઓ

* ૨૨૬૧૩ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓ માટેની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે ? — ૦૧

સાબરકાંઠા જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૨૫૮૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, અને | (૧) ૮૪૨ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને કેટલી સાયકલ આપવામાં આવી ? | (૨) ૮૪૨ મંજૂર કરવામાં આવી. ૮૪૨ સાયકલ આપવામાં આવી. |

અરવલ્લી જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે ગ્રાન્ટ

* ૨૩૩૮૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ક્યા યાત્રાધામના વિકાસ માટેની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના શામળાજી મંદિરના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી ? | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૫/– કરોડ શામળાજી મંદિર માટે ફાળવેલ છે. |

રાજકોટ જિલ્લામાં માનવ ગરિમા યોજના

* ૨૨૬૧૦ શ્રી જ્યરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ માનવ ગરિમા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૭૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૮૨૦ |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૮૨૦ |

ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૨૨૫૯૧ શ્રી શિવાભાઈ ગોહીલ (તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨,૬૧,૨૫૦ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૨,૬૧.૨૫૦ વિદ્યાર્થીઓને ૩.૭,૮૩,૭૫,૦૦૦/– ની સહાય ચૂકવવામાં આવેલ છે. |

### વાપી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૫૭૪ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂપિયા ૧૧, ૨૮,૫૧,૦૦૦/– ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(૩) આ કામ પ્રગતિમાં છે.

### ભરૂચ જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૨૬૨૧ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, અને

(૩) કેટલી નામંજૂર કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

(૨) અને (૩) :

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૮૩૩ | ૧૬૦૨ | ૨૩૧ |
| ૨ | વાગરા | ૨૫૫ | ૧૭૭ | ૫૯ |
| ૩ | અંકલેશ્વર | ૪૮૦ | ૪૬૫ | ૧૫ |
| ૪ | હાંસોટ | ૯૨ | ૭૪ | ૩ |
| ૫ | જંબુસર | ૧૩૪૧ | ૫૧૩ | ૮૨૮ |
| ૬ | આમોદ | ૧૪૪૭ | ૬૩૩ | ૮૧૪ |
| ૭ | ઝઘડીયા | ૧૩૪૬ | ૧૨૫૬ | ૪૭ |
| ૮ | વાલીયા | ૧૦૬૮ | ૧૦૪૧ | ૨૭ |
| ૯ | નેત્રંગ | ૮૧૦ | ૫૮૦ | ૧૧૦ |
| | કુલ | ૮૬૭૨ | ૬૩૪૧ | ૨૧૩૪ |

### કપરાડા અને ભિલાડ ચેકપોસ્ટની આવક

* ૨૨૩૬૬ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા અને ભિલાડ ચેક પોસ્ટની આવક છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી થઈ, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા અને ભિલાડ ચેક પોસ્ટની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આવક નીચે મુજબ છે.

| વર્ષ | ભિલાડ ચેકપોસ્ટની આવક રૂપિયા | કપરાડા ચેકપોસ્ટની આવક રૂપિયા |
|---|---|---|
| ૨૦૧૪ | ૫૭,૮૩,૫૭,૮૧૫ | ૨,૯૧,૧૨,૩૦૦ |
| ૨૦૧૫ | ૬૫,૩૮,૦૪,૪૪૮ | ૩,૨૦,૪૧,૨૦૭ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર ઓવરલોડ ગાડીના કેટલા કેસો થયા તેમજ તે અન્વયે દંડની કેટલી આવક થઈ ?

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષવાર બંને ચેકપોસ્ટની ઓવરલોડ કેસ અને દંડની આવક નીચે મુજબ છે.

| વર્ષ | ભિલાડ ચેકપોસ્ટ | | કપરાડા ચેકપોસ્ટ | |
|---|---|---|---|---|
| | કરેલ કેસો | વસૂલ કરેલ દંડની રકમ રૂ. | કરેલ કેસો | વસૂલ કરેલ દંડની રકમ રૂ. |
| ૨૦૧૪ | ૧૦૮૯૫ | ૧,૮૯,૭૫,૨૦૦ | ૧૧૬ | ૩,૫૧,૭૦૦ |
| ૨૦૧૫ | ૪૦૨૮ | ૧,૦૮,૪૯,૬૦૦ | ૧૧૮ | ૨,૨૮,૮૫૦ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૨૬૧૭ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અરજી મળી, | (૧) ૨૦૩૮૯ |
| (૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓને અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૩૮૯ |
| (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬૧,૧૪,૭૫૦/- |

## રાજ્યમાં શ્રમિકોના કલ્યાણ માટે સેસમાં જમા રકમ

* ૨૩૯૧૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ અન્વયે બાંધકામ શ્રમ યોગીઓના કલ્યાણ માટેની સેસની કેટલી રકમ જમા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટના હિસાબો મુજબ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ એકટ ૧૯૯૬ હેઠળ બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ માટે સેસની કુલ રકમ રૂ.૧૨૩૬.૫૮/- કરોડ જમા છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામના શ્રમયોગીઓ માટે કેટલી રકમ વાપરવામાં આવી, આ સેસની રકમ સરકારના ક્યા હેડમાં જમાં થાય છે, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ શ્રમયોગીઓ માટે રૂ.૧૨.૫૮ કરોડની રકમ વાપરવામાં આવી. આ સેસની રકમ ગુજરાત સરકારના નીચેના સદરે જમા થાય છે. મુખ્ય સદર-૦૨૩૦ શ્રમ અને રોજગાર, ગૌણ સદર-૧૦૬ ફીસ અન્ડર કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) રૂલ્સ, પેટા સદર (૦૪) ઈનકમ ફ્રોમ સેસ લેવીડ અન્ડર ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ એકટ-૧૯૯૬. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા બાંધકામ શ્રમયોગીઓ આ અંગેના બાંધકામ બોર્ડમાં નોંધાયેલા છે ? | (૩) ઉકત સ્થિતિએ બાંધકામ બોર્ડમાં ૨,૨૭,૨૯૧ બાંધકામ શ્રમયોગીઓ નોંધાયેલા છે. |

## ડીસા તાલુકામાં વૃદ્ધોને પેન્શન

* ૨૧૧૫૧ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસા તાલુકામાં વૃદ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૧) ૩૬ |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી સહાય આપવામાં આવી, અને | (૨) તે અન્વયે વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય આપવામાં આવી. |

| વર્ષ | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય રૂ. |
|---|---|---|
| ૨૦૧૪ | ૮ | ૧૭૬૦૦/- |
| ૨૦૧૫ | ૨૨ | ૪૩૬૦૦/- |
| કુલ | ૩૦ | ૬૧૨૦૦/- |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) કોઈ અરજી પડતર નથી. |

## ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ક્ષારયુકત પાણી

* ૨૩૩૧૧ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના કેટલા અને ક્યા ગામોમાં પીવાના પાણીમાં ક્ષારનું ખુબજ ઊચું પ્રમાણ છે, તેવો | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના તમામ ગામોને નર્મદા કેનાલ આધારીત જી-૩ જૂથ પાણી પુરવઠા યોજનાની કનેકટીવીટી |

સરકારી લેબૉરેટરીનો રીપોર્ટ મળેલ છે,

(૨) ઉકત સ્થિતિએ આ ગામોને સાબરમતી નદીમાં ફ્રેન્ચવેલ બનાવી પાઇપલાઈન મારફતે પીવા માટે પાણી મળી રહે, તેવું કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલા સમયમાં ઉકત ગામોને ઉકત રીતે પાણી પૂરવઠો મળે તેવું આયોજન છે ?

આપવામાં આવેલ છે. નર્મદાના આ પીવાના પાણીમાં ક્ષારનું ઊંચું પ્રમાણ જણાયેલ નથી.

(૨) અને (૩) : નર્મદા કેનાલ આધારીત જી–૩ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા માણસા તાલુકાના ગામોને પીવા લાયક પુરતું પાણી આપવામાં આવે છે. જેથી સાબરમતી નદીમાં ફ્રેન્ચવેલ બનાવી પાઈપલાઈન નાખવાનું કોઈ આયોજન કરેલ નથી.

ભાવનગર જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના

* ૨૨૫૭૮ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૧ |
| (૩) કેટલી લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૫.૦૦ લાખ. |

ખેડા જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૨૬૧૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી, | (૧) ૧૦૦૨૩ |
| (૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૦૨૩ |
| (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૦,૦૬,૯૦૦/– |

અમદાવાદ જિલ્લામાં આઈ.ટી.આઈ. નું પીપીપી મોડ હેઠળ અપગ્રેડેશન

* ૨૨૬૩૯ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ હેઠળ અપગ્રેડ કરવામાં આવી રહી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેમાં કઈ કઈ સંસ્થાઓનો સમાવેશ થાય છે? | (૨) ધંધુકા, થલતેજ (મહીલા), સાણંદ, વિરમગામ, મણીનગર, મણીનગર (મહીલા) બાવળા, દેત્રોજ, માંડલ, ધોળકા. |

દાહોદ જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય

* ૨૨૬૦૦ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૮૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૩ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૨,૯૯,૩૦૦/– (અંકે રૂપિયા બે લાખ નવાણું હજાર ત્રણસો પુરા) ની સહાય ચૂકવવામાં આવી. |

બનાસકાંઠા અને સાબરકાંઠાની ચેકપોસ્ટ ઉપર ગેરરીતિના બનાવો

* ૨૩૩૬૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની કઈ ચેકપોસ્ટ ઉપર ક્યા પ્રકારની ગેરરીતિના છેલ્લા બે વર્ષમાં કેટલા બનાવો નોંધાયા અને આ | તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠાની ચેકપોસ્ટ ઉપર નીચે મુજબના બનાવો નોંધાયા છે. |

બનાવો અન્વયે સરકારે શું પગલાં ભર્યા ?

| જિલ્લો | ચેકપોસ્ટ | બનાવો | બનાવની વિગત |
|---|---|---|---|
| બનાસકાંઠા | અમીરગઢ | ૧ | એ.સી.બી. |
| સાબરકાંઠા | શામળાજી | ૧ | એ.સી.બી. |
| | કુલ | ૨ | |

ઉપરોકત બનાવો પૈકી –

– એ.સી.બી.ના અમીરગઢ ચેકપોસ્ટ પરના બનાવમાં બે સહાયક મોટર વાહન નિરીક્ષકોની કરાર આધારીત સેવાનો અંત લાવવામાં આવેલ છે.

– એ.સી.બી.ના શામળાજી ચેકપોસ્ટ પરના બનાવમાં એક સહાયક મોટર વાહન નિરીક્ષકની સેવા સમાપ્ત કરવી કે કેમ તે અંગેની કાર્યવાહી ચાલુ છે.

ડીસા તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ

* ૨૨૬૩૩ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણીસમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ?

જવાબ

(૧) ૩૨ યોજનાઓ.

(૨) રૂ. ૬૪૦.૯૯ લાખ.

ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૨૨૬૦૫ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી તથા કેટલી અરજીઓ નામંજુર કરી, અને

(૩) અરજીઓ નામંજુર થવાના મુખ્ય કારણો શું છે?

જવાબ

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૦૧ | ૮૬ | ૧૧ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૫૫ | ૨૨ | ૨૪ |
| ૩ | ઘોઘા | ૪૧ | ૩૧ | ૬ |
| ૪ | પાલીતાણા | ૪૦ | ૧૭ | ૧૩ |
| ૫ | ઉમરાળા | ૧૪ | ૧૦ | ૨ |
| ૬ | ગારીયાધાર | ૨૪ | ૧૨ | ૧૦ |
| ૭ | મહુવા | ૧૪૭ | ૮૭ | ૩૮ |
| ૮ | તળાજા | ૭૦ | ૩૩ | ૨૬ |
| ૯ | શિહોર | ૫૮ | ૩૯ | ૪ |
| ૧૦ | વલ્લભીપુર | ૧૬ | ૧૦ | ૩ |
| ૧૧ | જેસર | ૨૩ | ૧૮ | ૫ |
| | કુલ | ૫૮૯ | ૩૬૫ | ૧૪૨ |

(૩)

૧. નિયત આવક કરતા વધુ આવક હોવાથી.
૨. પુખ્તવયનો પુત્ર હોવાથી.
૩. ઉંમર ઓછી હોવાથી.
૪. સ્થળે રહેતા ન હોવાથી.
૫. પુરાવા રજુ કરેલ ન હોવાથી.

ભરૂચ જિલ્લામાં ટેકનીકલ અભ્યાસીઓને સાધન સહાય

* ૨૨૬૧૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની સાધન સહાય યોજના હેઠળની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૧૦૫. |
| (૨) તે અન્વયે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૯૯,૦૦૦. |

આણંદ અને વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ યુનિટવાર ફાળવેલ બેઠકો

* ૨૩૭૪૬ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ કયા એકમોમાં છેલ્લા બે વર્ષમાં કેટલી બેઠકો ફાળવેલ છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ ફાળવેલ બેઠકોની યાદી *પત્રક–૧ મુજબ સામેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી બેઠકો ભરવામાં આવી, અને | (૨) આણંદ જિલ્લામાં ૨૧ બેઠકો અને વડોદરા જિલ્લામાં ૧૮૪ બેઠકો. |
| (૩) ઉકત સ્થિતિએ ફાળવેલ બેઠકો સામે ઓછી બેઠકો ભરવામાં આવી છે કે કેમ, જો હા તો તેના કારણો શા છે, ઓછી બેઠકો ભરનાર એકમો સામે શાં પગલાં લીધા ? | (૩) આણંદ જિલ્લામાં પુરેપુરી બેઠકો ભરવામાં આવેલ છે. જ્યારે વડોદરા જિલ્લામાં ઓછી બેઠકો ભરાયેલ છે. તે માટે એકમોના ઉત્પાદન કાર્ય બંધ, કાર્યભારણ અનિયમિત, યોગ્યતા પ્રમાણેના ઉમેદવારો ન મળવા તેમજ ભરતીની કાર્યવાહી સમગ્ર વર્ષ દરમ્યાન ચાલુ રહેતી હોઈ હાલમાં ઓછી બેઠકો ભરાયેલ છે.<br>એપ્રેન્ટીસ એકટ–૨૦૧૪ અનુસાર એકમોને ટ્રેડ પસંદગીની સત્તા આપવામાં આવેલ છે આ ઉપરાંત એકમો ઓપ્શનલ ટ્રેડ માટે પણ ભરતી કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે સદર બાબતની એકમોને પુરતી સમજ આપી મહત્તમ બેઠકો ભરવા અંગેની કાર્યવાહી થઈ રહેલ હોવાથી ઓછી બેઠકો ભરનાર એકમો સામે હાલમાં કોઈ પગલા લેવામાં આવેલ નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાજ્યના જૈનોનો લઘુમતિ વર્ગમાં સમાવેશ

* ૨૧૧૫૪ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારે જૈનોને લઘુમતીનો દરજ્જો આપવાની જાહેરાત કર્યા છતા રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિ સુધી રાજ્યના જૈનોને લઘુમતીનો દરજ્જો આપવાની જાહેરાત કરેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને કેટલા સમયમાં જૈનોને લઘુમતીનો દરજ્જો આપવામાં આવશે ? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કાર્યરત હેન્ડપંપ

* ૨૨૬૨૮ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા હેન્ડપંપો કાર્યરત છે,

(૨) ૨૦૧૫–૧૬ના વર્ષમાં માંડવી તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કુલ કેટલા હેન્ડપંપ રીપેરીંગ કરવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ માંડવી તાલુકા ખાતે હેન્ડપંપ રીપેરીંગ માટે કેટલી રીપેરીંગ ટીમ કાર્યરત છે?

જવાબ

(૧) ૩૮૩૯ હેન્ડપંપો.

(૨) ૧૬૪૧ હેન્ડપંપો.

(૩) ૨ ટીમ.

નર્મદા જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૨૨૬૦૪ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી તથા કેટલી અરજીઓ નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૬૨ | ૩૨ | ૦૦ |
| ૨ | ગરૂડેશ્વર | ૫૨ | ૨૨ | ૦૦ |
| ૩ | તિલકવાડા | ૫૬ | ૩૯ | ૧૩ |
| ૪ | દેડીયાપાડા | ૨૪ | ૧૩ | ૦૦ |
| ૫ | સાગબારા | ૧૩૧ | ૩૧ | ૯૦ |
| | કુલ | ૩૨૫ | ૧૩૭ | ૧૦૩ |

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યાત્રાધામોનો વિકાસ

* ૨૧૧૯૯ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્યા યાત્રાધામના વિકાસના કેટલા કામ માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યાત્રાધામના વિકાસના કામ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

(રૂપિયા કરોડમાં)

| યાત્રાધામનું નામ | કામનું નામ | ફાળવેલ રકમ | |
|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| દ્વારકા ભડકેશ્વર મંદિર | સનસેટ પોઈન્ટ, પ્રવેશ દ્વાર, પાર્કીંગ, કમ્પાઉન્ડ વોલ, પીકનીક સ્પોટ, ફૂડ કીઓસ્ક, સીટીંગ બેંચીસ, ટોઈલેટ, પીવાના પાણીની સુવિધા, લેન્ડ સ્કેપીંગ જેવા કામો. | ૫.૫૦ | ૫.૦૦ |
| દ્વારકા | ‘સુદામા સેતુ’ નું બાંધકામ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ના ૫૦–૫૦ ટકાના આર્થિક સહયોગથી. | ૩.૮૫ | ૦૦ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલી રકમ વપરાઈ તથા રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શા છે ?

(૨) (૧) ભડકેશ્વર મંદિર ખાતેની કામગીરી માટે રૂ.૫.૨૮ કરોડનો ખર્ચ થયેલ છે. આ કામગીરી ચાલુ અને પ્રગતિમાં હોવાથી હાલ રૂ.૫.૨૨ કરોડની રકમ વણ વપરાયેલ રહેલ છે.

(૨) ‘સુદામા સેતુ’ નું બાંધકામ અંદાજે રૂ.૭.૭૦ કરોડના ખર્ચે આ કામગીરી પૂર્ણ થયેલ છે. આ કામગીરી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ના ૫૦–૫૦ ટકાના આર્થિક સહયોગથી,

અમલીકરણ એજન્સી રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. મારફત હાથ ધરવામાં આવી હતી. સરકારશ્રીના ૫૦ ટકા હિસ્સા પેટે રૂ.૨.૦૦ કરોડ તા.૧૫-૧૦-૨૦૧૫ થી ચૂકવી આપેલ છે. આ કામના આખરી હિસાબ રજૂ કરવાની કામગીરી પ્રગતિમાં હોઈ બાકીની રકમની ચૂકવણી અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે.

તાપી જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૨૫૯૩ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૯. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૦૯. |

મહીસાગર જિલ્લામાં કાર્યરત જૂથ યોજના

* ૨૧૧૫૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કઈ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કુલ કેટલી અને કઈ કાર્યરત છે ?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કાર્યરત જૂથ યોજનાઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | જૂથ પાણી પુરવઠા યોજનાઓની વિગત | |
|---|---|---|---|
| | | સંખ્યા | કાર્યરત યોજનાનું નામ |
| ૧ | લુણાવાડા | ૪ | (૧) ચારણગામ (ન) |
| | | | (૨) હિન્દોલીયા |
| | | | (૩) થાણાસાવલી |
| | | | (૪) પાનમ કોઠા |
| ૨ | ખાનપુર | ૧ | (૧) કારંટા |
| ૩ | સંતરામપુર | ૫ | (૧) કડાણા ભાગ-૧<br>(૨) કડાણા ભાગ-૨<br>(૩) ભાણાસિમલ ભાગ-૧<br>(૪) ભાણાસિમલ ભાગ-૨<br>(૫) માછણનાળા |
| ૪ | કડાણા | | |
| ૫ | બાલાસિનોર | ૨ | (૧) નમનાર |
| | | | (૨) વનોડા |
| ૬ | વીરપુર | ૧ | (૧) ખેરોલી |
| | કુલ | ૧૩ | |

વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

* ૨૨૬૫૦ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૭૯ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૭૫૭૧ |

મહીસાગર જિલ્લાના તાલુકાઓ માટે કોર્ટની વ્યવસ્થા

* ૨૨૩૮૬ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના કેટલા તાલુકાઓમાં કોર્ટ કાર્યરત નથી, | (૧) હાલમાં મહીસાગર જિલ્લો ન્યાયિક જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવેલ નથી. વધુમાં મહેસૂલી મહીસાગર જિલ્લામાં લુણાવાડા, કડાણા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર અને વિરપુર |

તાલુકાઓનો સમાવેશ થાય છે, જે પૈકી લુણાવાડા, કડાણા, ખાનપુર અને સંતરામપુર તાલુકાઓની ન્યાયિક હકુમત પંચમહાલ જિલ્લામાં સ્થાપિત થયેલ છે. જ્યારે બાલાસિનોર અને વિરપુર તાલુકાની ન્યાયિક હકુમત ખેડા જિલ્લામાં સ્થાપિત થયેલ છે. મહેસૂલી જિલ્લો મહીસાગરના ફકત વિરપુર તાલુકામાં કોર્ટ કાર્યરત થયેલ નથી.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ તાલુકાઓમાં કોર્ટ કાર્યરત ન કરવાના શા કારણો છે, અને

(૨) ઉકત સ્થિતિએ વડી અદાલત તરફથી વિરપુર તાલુકાની કોર્ટ કાર્યરત કરવા માટે અધિસૂચના મળેલ નથી, તેથી કોર્ટ કાર્યરત થયેલ નથી.

(૩) ઉકત સ્થિતિએ ઉકત બાકી તાલુકાઓને કોર્ટની વ્યવસ્થા ક્યાં સુધીમાં આપવાનું આયોજન છે ?

(૩) વડી અદાલત તરફથી કોર્ટ કાર્યરતની અધિસૂચનાનો મુસદ્દો મળ્યેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે.

## અરવલ્લી જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ.

* ૨૨૭૪૩ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને

(૨) તે પૈકી તેમાં કેટલા અને ક્યા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે ?

જવાબ

(૧) અરવલ્લી જિલ્લામાં નીચે દર્શાવેલ ૦૭ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) બાયડ (૨) ભિલોડા (૩) માલપુર (૪) મેઘરજ (૫) મોડાસા (૬) મોડાસા (મહિલા) (૭) વડાગામ

(૨) આ સંસ્થાઓમાં આ સાથેના સામેલ પત્રકમાં દર્શાવેલ ૨૫ વ્યવસાયો ચલાવવામાં આવે છે.

પ ત્ર ક

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |
| ૨ | ઈલેકટ્રીશીયન |
| ૩ | ઈલેકટ્રોનિકસ મિકેનિક |
| ૪ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |
| ૫ | કારપેન્ટર |
| ૬ | કોમ્પ્યુટર ઓપરેટર–કમ–પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૭ | ટર્નર |
| ૮ | ડ્રાફટસમેન સિવિલ |
| ૯ | ડ્રેસમેકીંગ |
| ૧૦ | પ્લમ્બર |
| ૧૧ | પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર |
| ૧૨ | ફીટર |
| ૧૩ | મશીનિષ્ટ |
| ૧૪ | મિકેનીક મોટર વ્હિકલ |
| ૧૫ | રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનિક |
| ૧૬ | વાયરમેન |
| ૧૭ | વેલ્ડર |
| ૧૮ | સર્વેયર |
| ૧૯ | સીઓઈ એડવાન્સ સર્વિસીંગ એન્ડ ઓવરહોલ્ટીંગ ઓફ ઓટોમોબાઈલ (ડીઝલ) |
| ૨૦ | સીઓઈ એડવાન્સ સર્વિસીંગ એન્ડ ઓવરહોલ્ટીંગ ઓટોમોબાઈલ (પેટ્રોલ) |
| ૨૧ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર |
| ૨૨ | બેઝીક કોસ્મેટોલોજી |
| ૨૩ | સુઈંગ ટેકનોલોજી |
| ૨૪ | ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ |
| ૨૫ | મિકેનિક ડીઝલ એન્જિન |

રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિની કન્યા માટે આદર્શ નિવાસી શાળા

* ૨૨૫૮૪ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ-ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કન્યાની કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, અને | (૧) ૦૧ |
| (૨) ઉકત સ્થિતિએ આદર્શ નિવાસી શાળામાં મુખ્યત્વે શી સગવડો આપવામાં આવે છે ? | (૨) આદર્શ નિવાસી શાળામાં કન્યાઓને અભ્યાસ, રહેવા જમવાની, બે જોડી ગણવેશ, બુટ-મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. |

અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૨૬૪૯ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૭૬ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૧૫૪૬૦ |

સુરત જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

* ૨૨૬૪૪ શ્રી જનકભાઈ કાછડિયા (કારંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, | (૧) સુરત જિલ્લામાં નીચે દર્શાવેલ ૧૩ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) ઉમરપાડા (૨) ઓલપાડ (૩) કરચેલીયા (૪) કામરેજ (૫) ઝંખવાવ (૬) ડીંડોલી (નવાગામ) (૭) પલસાણા (૮) બારડોલી (૯) માંડવી (૧૦) સચિન (મહિલા) (૧૧) સુરત (૧૨) સુરત (મહિલા) (૧૩) હજીરા. |
| (૨) તે પૈકી રાષ્ટ્રીય કક્ષાના કેટલા વ્યવસાયો ચલાવવામાં આવે છે, અને | (૨) ૩૩ |
| (૩) તે કઈ જગ્યાઓએ ચલાવવામાં આવે છે ? | (૩) આ વ્યવસાયો ખંડ-૧ માં દર્શાવેલ સ્થળોએ ચલાવવામાં આવે છે. |

મહેસાણા જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સહાય

* ૨૨૪૮૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં સામાજિક, ન્યાય અને અધિકારીતા વિભાગ કે તેના તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) વર્ષવાર, તાલુકાવાર અને યોજનાવાર માહિતી અંગેના પત્રક-૧ અને પત્રક-૨ આ સાથે સામેલ છે. |

પત્રક – ૧

મહેસાણા જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સહાય

સમયગાળો ૧–૨–૨૦૧૪ થી ૩૧–૧–૨૦૧૫

(રકમ રૂપિયા લાખમાં)

| યોજનાનું નામ | કુંવરબાઈનું મામેરું | આંબડેકર આવાસ યોજના | અંત્યેષ્ઠી સહાય | આંતર જ્ઞાતિય લગ્ન | સરસ્વતી સાધના (કન્યા સાયકલ સહાય) | સફાઈ કામદાર આંબેડકર આવાસ યોજના | માનવ ગરીમા | પંડીત દિનદયાળ આવાસ યોજના | વિકલાંગ સાધન સહાય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકા | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ |
| સતલાસણા | ૦.૪૦ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૦૦ | ૧.૩૮ | ૦.૧૫ | ૦.૯૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| ખેરાલુ | ૧.૩૦ | ૦.૭૮ | ૦.૧૪ | ૦.૫૦ | ૫.૩૯ | ૦.૦૦ | ૧.૨૦ | ૦.૨૪ | ૦.૫૩ |
| વડનગર | ૦.૪૦ | ૦.૧૮ | ૦.૧૨ | ૦.૫૦ | ૧.૬૧ | ૦.૦૦ | ૧.૧૭ | ૧.૦૫ | ૦.૦૦ |
| મહેસાણા | ૨.૩૦ | ૦.૦૦ | ૦.૪૬ | ૦.૦૦ | ૮.૭૫ | ૦.૦૦ | ૪.૯૫ | ૦.૭૧ | ૧.૨૬ |
| ઉંઝા | ૧.૯૦ | ૦.૨૪ | ૦.૨૦ | ૦.૫૦ | ૪.૨૮ | ૦.૦૦ | ૧.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| કડી | ૪.૨૦ | ૦.૭૨ | ૦.૨૮ | ૦.૦૦ | ૮.૬૧ | ૦.૨૧ | ૨.૯૧ | ૦.૧૮ | ૧.૦૮ |
| બેચરાજી | ૦.૨૦ | ૦.૩૦ | ૦.૦૫ | ૦.૦૦ | ૨.૭૦ | ૦.૨૧ | ૦.૯૬ | ૦.૦૦ | ૦.૦૦ |
| વિસનગર | ૨.૫૦ | ૦.૪૫ | ૦.૨૩ | ૦.૦૦ | ૧૧.૫૨ | ૦.૦૯ | ૧.૮૬ | ૦.૩૯ | ૦.૦૦ |
| વિજાપુર | ૦.૯૦ | ૦.૬૯ | ૦.૨૫ | ૦.૦૦ | ૩.૩૪ | ૦.૦૦ | ૧.૬૨ | ૦.૦૦ | ૧.૩૮ |

પત્રક – ૨

મહેસાણા જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સહાય

સમયગાળો ૧–૨–૨૦૧૫ થી ૩૧–૧–૨૦૧૬

(રકમ રૂપિયા લાખમાં)

| યોજનાનું નામ | કુંવરબાઈનું મામેરું | આંબેડકર આવાસ યોજના | અંત્યેષ્ઠી સહાય | આંતર જ્ઞાતિય લગ્ન | સરસ્વતી સાધના (કન્યા સાયકલ સહાય) | સફાઈ કામદાર આંબેડકર આવાસ યોજના | માનવ ગરીમા | સાત ફેરા સમૂહ લગ્ન | પંડીત દિનદયાળ આવાસ યોજના | વિકલાંગ સાધન સહાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકા | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ | રકમ |
| સતલાસણા | ૦.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૫૦ | ૧.૮૦ | ૦.૦૦ | ૧.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ખેરાલુ | ૧.૩૦ | ૦.૭૮ | ૦.૪૦ | ૦.૫૦ | ૭.૨૪ | ૦.૮૪ | ૪.૩૦ | ૦.૦૦ | ૦.૩૯ | ૦.૪૫ |
| વડનગર | ૦.૯૦ | ૦.૫૦ | ૦.૧૫ | ૦.૫૦ | ૧.૨૩ | ૦.૦૦ | ૩.૫૦ | ૦.૦૦ | ૦.૨૩ | ૦.૦૦ |
| મહેસાણા | ૨.૬૦ | ૦.૬૩ | ૦.૫૫ | ૧.૦૦ | ૪.૮૩ | ૦.૦૦ | ૮.૨૦ | ૨.૭૮ | ૨.૨૦ | ૦.૦૦ |
| ઉંઝા | ૧.૮૦ | ૩.૦૩ | ૦.૨૫ | ૦.૦૦ | ૧૫.૭૪ | ૦.૦૦ | ૪.૫૦ | ૦.૬૨ | ૦.૦૦ | ૧.૪૭ |
| કડી | ૧.૬૦ | ૦.૯૩ | ૦.૨૫ | ૦.૦૦ | ૩.૬૬ | ૦.૦૦ | ૫.૪૫ | ૦.૦૦ | ૨.૫૨ | ૦.૦૦ |
| બેચરાજી | ૦. ૬૦ | ૦.૯૩ | ૦.૦૫ | ૦.૦૦ | ૧.૪૪ | ૦.૪૨ | ૧.૭૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| જોટાણા | ૦.૨૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૭૧ | ૦.૦૦ | ૧.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૮૨ |
| વિસનગર | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૨૫ | ૦.૦૦ | ૨.૮૫ | ૦.૦૦ | ૩.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| વિજાપુર | ૦.૧૦ | ૦.૮૪ | ૦.૩૦ | ૦.૦૦ | ૨.૭૩ | ૦.૦૦ | ૪.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૨ |

## વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

* ૨૨૬૪૬ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે, અને

(૩) તે કઈ જગ્યાઓએ ચલાવવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નીચે દર્શાવેલ ૧૩ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે.

(૧) કરજણ (૨) ગોરવા (૩) ગોરવા (મહિલા) (૪) ડભોઈ (૫) તરસાલી (૬) દશરથ (૭) દેસ (૮) પાદરા (૯) વડોદરા (ડિસેબલ) (૧૦) વડોદરા–ગોત્રી (૧૧) વાઘોડિયા (૧૨) સાવલી અને ૧૩ (શિનોર).

(૨) ૩૪

(૩) ખંડ (૧) માં દર્શાવેલ ૧૩ સ્થળોએ ચલાવવામાં આવે છે.

## વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીઓને ટ્યુશન સહાય

* ૨૧૯૫૪ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન સહાય માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજી મળી, | (૧) ૩૦. |
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર થઈ, અને કેટલી નામંજૂર થઈ ? | (૨) ૨૬ મંજૂર, ૪ ના મંજૂર. |

## અમરેલી જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૨૬૨૦ શ્રી વલ્લભભાઈ વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૩૩૫ | ૨૭૪ | ૫૫ |
| ૨ | વડીયા | ૧૫૯ | ૧૪૦ | ૧૮ |
| ૩ | લાઠી | ૩૪૫ | ૩૩૦ | ૧૫ |
| ૪ | બાબરા | ૧૭૨ | ૧૧૫ | ૫૭ |
| ૫ | ધારી | ૭૦૧ | ૬૬૩ | ૩૧ |
| ૬ | બગસરા | ૧૭૪ | ૧૩૯ | ૩૪ |
| ૭ | ખાંભા | ૧૮૫ | ૧૪૩ | ૩૬ |
| ૮ | સાવરકુંડલા | ૫૩૪ | ૩૪૯ | ૧૭૯ |
| ૯ | લીલીયા | ૧૪૩ | ૧૧૮ | ૧૬ |
| ૧૦ | રાજુલા | ૪૬૨ | ૨૮૭ | ૧૧૪ |
| ૧૧ | જાફરાબાદ | ૪૮૪ | ૩૯૧ | ૪૫ |
| | કુલ | ૩૬૯૪ | ૨૯૪૯ | ૬૦૦ |

## મહેસાણા જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૨૬૨૨ શ્રી ઋષીકેશ પટેલ (વિસનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, કેટલી અરજીઓ નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ યોજના હેઠળ સહાય તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | કડી | ૭૩ | ૧૭ | ૩૩ |
| ૨ | ખેરાલુ | ૧૩૪ | ૭૦ | ૩૮ |
| ૩ | મહેસાણા | ૩૮૦ | ૨૬૬ | ૧૧૪ |
| ૪ | બેચરાજી | ૬૫ | ૬૫ | ૦ |
| ૫ | ઉંઝા | ૩૪ | ૨૦ | ૧૪ |
| ૬ | જોટાણા | ૧૫૬ | ૮૭ | ૪૬ |
| ૭ | સતલાસણા | ૧૨૯ | ૧૧૮ | ૧૧ |
| ૮ | વિસનગર | ૨૧૧ | ૨૦૮ | ૩ |
| ૯ | વડનગર | ૬૩ | ૫૯ | ૪ |
| ૧૦ | વિજાપુર | ૨૭૧ | ૨૨૩ | ૪૮ |
| | કુલઃ– | ૧૫૧૬ | ૧૧૩૩ | ૩૧૧ |

વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકામાં નવીન જૂથ યોજના

* ૨૨૬૩૧ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના ગામો માટે વર્ષ ૨૦૧૫–૧૬માં નવીન જુથ યોજનાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. વાઘોડીયા તાલુકાના ગામો માટેની નર્મદા કેનાલ આધારીત વાઘોડિયા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતિમાં છે. |
| (૨) જો હા, તો કેટલા ગામ/પરાંનો સમાવેશ થયેલ છે? | (૨) તેમાં ૯૩ ગામનો સમાવેશ કરવામાં આવેલ છે. |

અમદાવાદ જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય

* ૨૨૫૬૨ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૮૩૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૬૪. |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી? | (૩) કુલ રૂ. ૨૮,૪૩,૦૦૦/– (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ તેતાલીસ હજાર પુરા)ની સહાય ચૂકવવામાં આવી. |

દાહોદ જિલ્લામાં પછાતવર્ગ માટે સરકારી છાત્રાલયો

* ૨૨૫૯૪ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા સરકારી છાત્રાલયો આવેલા છે, અને | (૧) ૦૧ (એક) |
| (૨) આ છાત્રાલયો પૈકી કેટલા છાત્રાલય સરકારી મકાનમાં કાર્યરત છે? | (૨) ૦૧ (એક) |

દાહોદ જિલ્લાની ચેકપોસ્ટો પર કોન્ટ્રાકટરો દ્વારા ગેરરીતિ

* ૨૨૩૬૯ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કઈ ચેકપોસ્ટો ઉપર ઓવરલોડ ટ્રકો તેમજ વાહન ચાલકો પાસેથી નિયમાનુસાર દંડ વસુલ કરવા માટે કઈ ખાનગી એજન્સીઓને કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. | (૧) કોઈ ખાનગી એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ ચેકપોસ્ટ ઉપર છેલ્લા એક વર્ષમાં કેટલી વખત ચકાસણી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) તે અન્વયે કઈ ગેરરીતિઓ જણાઈ અને તે અંગે જવાબદારો સામે સરકારે શા પગલા લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

અમદાવાદ જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

* ૨૨૬૪૭ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, | (૧) અમદાવાદ જિલ્લામાં નીચે દર્શાવેલ ૧૫ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) કુબેરનગર (૨) મણિનગર (૩)ગોતા–રાણીપ (૪) થલતેજ (મહિલા) (૫) દેત્રોજ–રામપુરા (૬) ધંધૂકા (૭) ધોલેરા (૮) ધોળકા (૯) બાવળા (૧૦) મહિનગર–વસ્ત્રાલ (મહિલા) (૧૧) માંડલ (૧૨) વિરમગામ (૧૩) સરખેજ (૧૪) સરસપુર (૧૫) સાણંદ |
| (૨) તે પૈકી રાષ્ટ્રીય કક્ષાના કેટલા વ્યવસાયો | (૨) ૩૭ |

ચલાવવામાં આવે છે, અને

(૩) તે કઈ જગ્યાઓએ ચલાવવામાં આવે છે?

(૩) આ વ્યવસાયો ખંડ-૧માં દર્શાવેલ સ્થળોએ ચલાવવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં નંબર પ્લેટોમાં કલરની હલકી ગુણવતા

* ૨૩૮૭૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હાઈ સીક્યુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાવવામાં આવે છે તેના અક્ષરો (ટાઈપ) કાળામાંથી સફેદ થઈ નંબર પ્લેટ આખી સફેદ થઈ જાય છે તે ફરિયાદ થી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ હલકી ગુણવતાની નંબર પ્લેટ બનાવનાર કંપની સામે શા પગલા તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લેવાયા છે,

(૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આ ક્ષતિવાળી નંબર પ્લેટોને કયાં સુધીમાં દુરસ્ત કરવામાં આવનાર છે, અને

(૪) આ જવાબદારી કોને સોંપવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, આ હકિકતથી વાકેફ છે. પરંતુ કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) આવા કિસ્સામાં એજન્સીને વિનામૂલ્યે હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ બદલી આપવા સૂચના આપેલ છે. કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ક્ષતિવાળી નંબર પ્લેટોના વાહન માલિક આર.ટી.ઓ. કચેરીનો સંપર્ક કરે એટલે વિના મુલ્યે બદલી આપવા જિલ્લામાં જાહેરાત કરવામાં આવેલ છે.

(૪) FTA એચ.એસ.આર.પી. સોલ્યુશન પ્રા.લિ. કંપનીને જવાબદારી સોંપવામાં આવેલ છે.

ભાવનગર અને સાબરકાંઠા જિલ્લામાં છાત્રાલયો

* ૨૩૪૩૦ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર અને સાબરકાંઠા જિલ્લામાં બક્ષીપંચના સરકારી/અનુદાનીત છાત્રાલયોની સંખ્યા કેટલી અને તેમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

જવાબ

છાત્રાલયોની સંખ્યા -૮૧ અને

વિદ્યાર્થીઓની સંખ્યા -૪૧૯૩

વડોદરા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ સહાય

* ૨૨૫૬૫ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર પૂર્વ | ૫૯ | ૩૧ | ૨૮ |
| ૨ | વડોદરા શહેર પશ્ચિમ | ૨ | ૧ | ૦ |
| ૩ | વડોદરા શહેર ઉત્તર | ૫ | ૨ | ૩ |
| ૪ | વડોદરા શહેર દક્ષિણ | ૧૦ | ૮ | ૨ |
| ૫ | વડોદરા ગ્રામ્ય | ૧ | ૦ | ૦ |
| ૬ | પાદરા | ૨૬ | ૧૧ | ૯ |
| ૭ | કરજણ | ૮૫ | ૭૫ | ૪ |
| ૮ | સાવલી | ૭૨ | ૬૫ | ૭ |
| ૯ | ડેસર | ૪૪ | ૧૮ | ૨૬ |
| ૧૦ | ડભોઈ | ૧૭૩ | ૧૨૧ | ૩૯ |
| ૧૧ | શિનોર | ૧ | ૦ | ૦ |
| ૧૨ | વાઘોડીયા | ૫૮ | ૪૭ | ૧૧ |
| | કુલ | ૫૩૬ | ૩૭૯ | ૧૨૯ |

સુરત જિલ્લામાં એપ્રેન્ટીસશીપ એકમો

* ૨૨૬૪૧ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા અને કયા કયા એપ્રેન્ટીસશીપ એકમો કાર્યરત છે, અને | (૧) સામેલ *પત્રક મુજબ કુલ–૧૨૫૬ એકમો. |
| (૨) તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે? | (૨) ૧૦૪ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સહાય

* ૨૨૫૬૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૧૯૯ | ૧૨૬ | ૬ |
| ૨ | કાલોલ | ૩૦૮ | ૨૬૫ | ૧૧ |
| ૩ | મોરવા | ૩૫ | ૧૧ | ૯ |
| ૪ | શહેરા | ૧૫૬ | ૧૧૧ | ૪૫ |
| ૫ | હાલોલ | ૧૭૨ | ૭૬ | ૯૪ |
| ૬ | ઘોઘંબા | ૧૧૬ | ૬૭ | ૩૪ |
| ૭ | જાંબુઘોડા | ૦૨ | ૦૨ | ૦૦ |
| | કુલ | ૯૮૮ | ૬૫૮ | ૧૯૯ |

અમદાવાદ જિલ્લામાં એપ્રેન્ટીસશીપ એકમો

* ૨૨૬૪૨ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલા અને ક્યા એપ્રેન્ટીસશીપ એકમો કાર્યરત છે, અને | (૧) સામેલ *પત્રક મુજબ કુલ–૨૩૧૩ એકમો. |
| (૨) તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે ? | (૨) ૧૦૩ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

બનાસકાંઠા જિલ્લામાં આવાસ સહાય

* ૨૩૭૪૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આવાસ આપવામાં આવ્યા, અને | (૧) ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત આવાસ આપવામાં આવતા નથી. |
| (૨) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ અરજીઓના બાકી લાભાર્થીઓને કેટલા સમયમાં આવાસ આપવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ખેડા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૧૨૫૫ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) કુલ રૂ.૫,૭૯૭ અરજીઓ આવી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) કુલ ૫,૬૮૨ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂ.૬૮,૮૧,૦૦૦/– (કુલ રૂપિયા અડસઠ લાખ એક્યાંશી હજાર પુરા) ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી. |
| (૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) ઉકત સ્થિતિએ કોઈ રકમ ચૂકવવાની બાકી રહેતી નથી. |

## ગાંધીનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૨૫૮૧ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૨૭ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૨૫ |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૪૨૫ |

## રાજકોટ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી

* ૨૨૬૫૩ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૦૭૩૪ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૮૧૯૯ |

## ઉમરપાડા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૫૬૧ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ઉમરપાડા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૪,૧૮,૫૯,૬૦૦/– ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવી છે. |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) તા.૨૯–૧–૨૦૧૬ થી કામ શરૂ કરેલ છે. |

## વડોદરા જિલ્લાના ડેસર ખાતે સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ

* ૨૨૫૫૮ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ડેસર ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જે.એમ.એફ.સી. ની કોર્ટની સ્થાપનાની મંજૂરી રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૨૦–૧–૨૦૧૬ ની સ્થિતિએ આપેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારથી કાર્યરત થયેલ છે, અને | (૨) તા.૧–૧૦–૨૦૧૫ થી. |
| (૩) તેનાથી શા ફાયદા થનાર છે ? | (૩) વડોદરા જિલ્લાના ડેસર ખાતે કોર્ટ કાર્યરત થવાથી ડેસર તાલુકાની પ્રજાને ઘરઆંગણે સસ્તો અને ઝડપી ન્યાય |

મળી રહેશે અને પ્રજાનો સમય અને ખર્ચનો વ્યય થતો અટકશે.

અમદાવાદ જિલ્લામાં સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો

* ૨૨૬૪૫ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલા અને ક્યા ક્યા સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે, | (૧) અમદાવાદ જિલ્લામાં આ સાથેના *પત્રક–૧ મુજબના ૩૭ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે. |
| (૨) તે પૈકી રાષ્ટ્રીય કક્ષાના કેટલા વ્યવસાયો ચલાવવામાં આવે છે, અને | (૨) ૧૪ |
| (૩) તે કઈ જગ્યાઓએ ચલાવવામાં આવે છે ? | (૩) તે વ્યવસાયો આ સાથેના *પત્રક–૨ મુજબના કેન્દ્રો ખાતે ચલાવવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

કચ્છ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૨૬૦૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૮૬૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૪૮ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૯,૬૭,૫૦૦/– (અંકે રૂપિયા નવ લાખ સડસઠ હજાર પાંચસો પુરા) ની રકમ ચૂકવવામાં આવી. |

ઉમરગામ ખાતે ન્યાયિક સ્ટાફ માટે કવાર્ટર્સનું બાંધકામ

* ૨૨૫૬૯ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના ક્વાટર્સના બાંધકામ માટે તા.૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૪,૯૦,૮૬,૯૦૦/– |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં છે. |

પ્રાંતિજ તાલુકા કોર્ટના નવિન બિલ્ડીંગ બનાવવાની કાર્યવાહી

* ૨૨૪૫૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પ્રાંતિજ તાલુકાની કોર્ટના નવિન બિલ્ડીંગ બનાવવા માટે કાર્યવાહી ક્યા તબક્કે છે અને તે માટે કેટલી રકમ ક્યારે ફાળવી, અને | (૧) પ્રાંતિજ તાલુકાની નવીન કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટેના નકશા/અંદાજોને વહીવટી મંજૂરી આપવા માટેની દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. આ માટે હજુ સુધી કોઈ રકમ ફાળવવામાં આવી નથી. |
| (૨) આ કામ ક્યારે શરુ થશે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) વહીવટી મંજૂરી અપાયા બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટેન્ડર ઈસ્યુ થયેથી, ત્વરિત શરૂ કરી સમય–મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. |

જૂનાગઢ જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૨૭૦૮ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલ શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને યોજનાવાર | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ |

કેટલી સહાય આપવામાં આવે છે, અને

આવાસ યોજના અમલમાં છે. જેમાં લાભાર્થીદીઠ રૂ.૧,૬૦,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવે છે.

(૩) ઉકત યોજનાઓ અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસો બનાવવામાં કે મંજૂર કરવામાં આવ્યા ?

(૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આવાસો બનાવવાની કે મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી.

છોટા ઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના હેઠળ સહાય

* ૨૧૦૯૩ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત મંજૂર કરેલ અરજીઓ પૈકી લાભાર્થીઓને કેટલા સમયથી કેટલી પેન્શનની રકમ ચૂકવવાની બાકી છે ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૧૨ | ૮ | ૪ | ૦ |
| ૨ | નસવાડી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કવાંટ | ૬ | ૧ | ૫ | ૦ |
| ૪ | જેતપુર પાવી | ૨ | ૦ | ૨ | ૦ |
| ૫ | સંખેડા | ૧૧ | ૦ | ૧૧ | ૦ |
| ૬ | બોડેલી | ૫ | ૨ | ૩ | ૦ |
| | કુલ | ૩૬ | ૧૧ | ૨૫ | ૦ |

(૩) કોઈ ચૂકવવાની બાકી નથી.

સુરત જિલ્લામાં આઈ.ટી.આઈ. નું પીપીપી મોડ હેઠળ અપગ્રેડેશન

* ૨૨૬૩૮ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ હેઠળ અપગ્રેડ કરવામાં આવી રહી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેમાં કઈ કઈ સંસ્થાઓનો તેમાં સમાવેશ થાય છે ?

જવાબ

(૧) હા.

(૨) બારડોલી, કરચેલીયા, ઓલપાડ, પલસાણા, ઝંખવાવ, માંડવી (સુરત), ઉમરપાડા, સુરત (મહિલા), સચીન (મહીલા)

કચ્છ જિલ્લામાં આંતરજ્ઞાતિય áBÞ સહાય

* ૨૨૬૧૫ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય áBÞ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૯

(૨) ૬

(૩) રૂ.૩,૦૦,૦૦૦/-

બરવાળા ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૭૬૯ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બરવાળા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૭,૭૧,૨૩.૦૦૦/– |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) આ કામ પ્રગતિમાં છે. |

બગસરા ખાતે ન્યાયિક સ્ટાફ માટે મકાનનું બાંધકામ

* ૨૨૭૬૦ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના બગસરા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂપિયા ૧,૯૬,૧૯,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

જૂનાગઢ જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૩૮૭૩ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના તથા નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ વર્ષવાર કેટલી અરજીઓ મળી, | (૧) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ નીચે મુજબ તાલુકાવાર અરજીઓ મળેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | | નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ |
| ૧ | જૂનાગઢ | ૬૯૬ | ૨૮૩ | ૬૪ | ૧૪૫ |
| ૨ | વંથલી | ૫૩ | ૬૦ | ૫૬ | ૫૧ |
| ૩ | માણાવદર | ૩૧૦ | ૭૬ | ૨૨૨ | ૨૫ |
| ૪ | મેંદરડા | ૧૪ | ૧૫ | ૬ | ૩૯ |
| ૫ | માળીયા | ૪૮૦ | ૧૬૦ | ૪૮ | ૫૪ |
| ૬ | વિસાવદર | ૧૯૮ | ૭૭ | ૨૩ | ૨૯ |
| ૭ | ભેંસાણ | ૭૦ | ૫૫ | ૧૭ | ૩૯ |
| ૮ | કેશોદ | ૫૬૪ | ૮૨૨ | ૨૦૨ | ૩૭ |
| ૯ | માંગરોળ | ૫૩૫ | ૨૧૦ | ૪૩ | ૫૦ |
| | કુલ | ૨૯૨૦ | ૧૭૫૮ | ૬૮૧ | ૪૬૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવેલ છે,

(૨)

| તે પૈકી નીચે મુજબ તાલુકાવાર અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | | નિરાધાર વૃધ્ધ સહાય યોજના | |
| | | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ |
| ૧ | જૂનાગઢ | ૫૦૫ | ૧૯૦ | ૩૯ | ૫૬ |
| ૨ | વંથલી | ૪૦ | ૫૧ | ૩૧ | ૩૩ |
| ૩ | માણાવદર | ૬૫ | ૫૬ | ૧૮ | ૧૮ |
| ૪ | મેંદરડા | ૧૨ | ૪ | ૪ | ૧૬ |
| ૫ | માળીયા | ૩૪૦ | ૧૨૫ | ૧૧ | ૩૭ |
| ૬ | વિસાવદર | ૯૬ | ૫૫ | ૧૨ | ૧૫ |
| ૭ | ભેંસાણ | ૫૮ | ૪૦ | ૯ | ૧૪ |
| ૮ | કેશોદ | ૨૨૨ | ૨૪૮ | ૩૭ | ૩૦ |
| ૯ | માંગરોળ | ૩૨૪ | ૧૦૫ | ૨૧ | ૨૯ |
| | કુલ | ૧૬૬૨ | ૮૭૪ | ૧૮૨ | ૨૪૮ |

(૩) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર નામંજૂર કરવામાં આવી છે અને તેના શા કારણો છે, અને

(૩)

| મળેલ અરજીઓ પૈકી વર્ષવાર નામંજૂર થયેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | | નિરાધાર વૃધ્ધ સહાય યોજના | |
| | | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ |
| ૧ | જૂનાગઢ | ૧૯૧ | ૯૩ | ૨૫ | ૮૯ |
| ૨ | વંથલી | ૧૩ | ૯ | ૨૫ | ૧૮ |
| ૩ | માણાવદર | ૨૪૫ | ૨૦ | ૨૦૪ | ૭ |
| ૪ | મેંદરડા | ૨ | ૧૧ | ૨ | ૨૩ |
| ૫ | માળીયા | ૧૪૦ | ૩૫ | ૩૭ | ૧૭ |
| ૬ | વિસાવદર | ૧૦૨ | ૨૨ | ૧૧ | ૧૪ |
| ૭ | ભેંસાણ | ૧૨ | ૧૫ | ૮ | ૨૫ |
| ૮ | કેશોદ | ૩૪૨ | ૫૭૪ | ૧૬૫ | ૭ |
| ૯ | માંગરોળ | ૨૧૧ | ૧૦૫ | ૨૨ | ૨૧ |
| | કુલ | ૧૨૫૮ | ૮૮૪ | ૪૯૯ | ૨૨૧ |

નામંજૂરીના કારણો નીચે મુજબ છે.

૧. નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી.

૨. બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતાં ન હોવાથી.

૩. ઉંમર ઓછી હોવાથી.

૪. સ્થળે રહેતા ન હોવાથી.

૫. અવસાન થવાથી.

૬. બી.પી.એલ. યાદીમાં નામ ન હોવાથી.

૭. ખેતીની જમીન હોવાથી.

૮. ડુપ્લીકેટ અરજી હોવાથી.

૯. નિયત આવક કરતાં વધુ હોવાથી.

૧૦. પુખ્ત વયનો પુત્ર હોવાથી.

૧૧. અપંગતાનું પ્રમાણ ઓછું હોવાથી.

| | |
|---|---|
| (૪) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ? | (૪) કોઈ અરજી પડતર ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વડીયા ખાતે ન્યાયિક સ્ટાફના આવાસોનું બાંધકામ

* ૨૨૭૬૩ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના વડીયા ખાતે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૨૦-૧-૨૦૧૬ની સ્થિતિએ ન્યાયિક સ્ટાફના રહેણાંકના આવાસોના બાંધકામ માટે મંજૂરી આપી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂપિયા ૧,૯૬,૧૯,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

ગીર સોમનાથ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૨૭૩૭ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર-સોમનાથ જિલ્લા રોજગાર કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૧૦૮૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૯૮૫ |

વિસાવદર ખાતે નવી એડીશનલ સેશન્સ કોર્ટ

* ૨૩૮૯૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર ખાતે નવી એડીશનલ સેશન્સ કોર્ટની કામગીરી કયા તબ્બકે છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર ખાતે નવી એડીશનલ સેશન્સ કોર્ટની કામગીરી નામદાર ગુજરાત હાઈકોર્ટની વિચારાધીન છે. |
| (૨) ઉક્ત એડીશનલ સેશન્સ કોર્ટ કયાં સુધીમાં ચાલુ કરવામાં આવશે? | (૨) ઉક્ત એડીશનલ સેશન્સ કોર્ટ ચાલુ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારશ્રીમાં દરખાસ્ત મળ્યેથી ચાલુ કરવામાં આવશે. |

અમદાવાદ જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૩૩૦૦ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને તેમાં કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે, જેમાં લાભાર્થી દીઠ રૂા. ૧,૬૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં કેટલા આવાસો બનાવવામાં આવ્યા કે મંજુર કરવામાં આવ્યા? | (૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવામાં આવે છે. આવાસો બનાવવાની કે મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી. તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સને ૨૦૧૪-૧૫માં બે લાભાર્થીઓને રૂા. ૩.૨૦/- |

લાખ જ્યારે સને ૨૦૧૫-૧૬માં ૧૩ લાભાર્થીઓને રૂા. ૨૦.૮૦/- લાખ આર્થિક સહાય પેટે ચુકવેલ છે.

અરવલ્લી જિલ્લા ખાતે ઔદ્યોગિક ભરતીમેળો

* ૨૨૭૫૩ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૬ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૩૫૪ |

અમદાવાદ જિલ્લામાં બોનસ ચૂકવણી અંગે ફરિયાદો

* ૨૨૬૫૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં બોનસ ચુકવણી ધારા હેઠળ તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ના સમયગાળા દરમ્યાન કેટલી ફરિયાદો મળી, | (૧) અમદાવાદ જિલ્લામાં બોનસ ચુકવણી ધારા હેઠળ તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ના સમયગાળા દરમ્યાન ૧૫ ફરિયાદો મળી, |
| (૨) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આ ૧૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) આ ધારા હેઠળ કેટલી સંસ્થાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા? | (૩) આ ધારા હેઠળ ઉક્ત સમય દરમિયાન મળેલ ૧૫ ફરિયાદો પૈકીની ૮ (આઠ) સંસ્થાઓ સામે ૮ (આઠ) કોર્ટ કેસ કરેલ છે. |

બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળો

* ૨૨૭૪૯ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૪૦ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૨૫૩૭ |

પાવાગઢ તીર્થસ્થાનનો વિકાસ

* ૨૨૭૩૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાવાગઢ તીર્થસ્થાનના વિકાસ અર્થે રાજ્ય સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાવાગઢ તીર્થસ્થાનના વિકાસ અર્થે નીચે મુજબની કામગીરી હાથ ધરવા આયોજન કરેલ છે.<br>➢ માંચીથી દુધિયા તળાવ સુધીના પાથ વેનું નવિનીકરણ વિસ્તૃતિકરણ<br>➢ ટોટલ લંબાઈ ૨૮૦૦ મીટર<br>➢ ટોટલ સ્ટેપ્સ ૨૨૫૦ નંગ<br>➢ હાલની પહોળાઈ ૩ મીટર<br>➢ પ્રપોઝડ પહોળાઈ ૬ મીટર<br>➢ યાત્રી સુરક્ષા હેતુસર પાથ વેની બંને સાઈડ આકર્ષક ગાર્ડ વોલ |

- પગથીયા વિસ્તૃતિકરણ
- બે ઓવર બ્રીજ ખાતે વાઈન્ડનીંગ અને કન્સ્ટ્રકશન
- ટેમ્પલ પરિસર વિસ્તૃતિકરણ
- પબ્લીક યુટીલીટીસ– ટોયલેટ બ્લોકસ, પીવાના પાણીની સુવિધા, કીઓસ્ક, દુકાનો
- યાત્રી સુવિધા–લોકર રૂમ, યાત્રી સુવિધા કેન્દ્ર, સર્વિસ પોઈન્ટસ
- એપ્રોચ રોડ ખાતે શેડીંગ એલીમેન્ટ અને બેઠક વ્યવસ્થા
- રોશની
- અન્ડર ગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકી, સેમી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ
- સાઈનેજીસ તેમજ અન્ય સુવિધાઓ
- થીમ બેઈઝ લાઈટ પોલ
- દુધિયા તળાવ વિકાસ
- પાથ વે સાઈડ– છાસીયું તળાવ
- ચાંપાનેર થી માંચી સુધી ફોરલેન રોડ.

સદરહુ પ્રોજેકટ માટે રૂપિયા ૭૯.૪૭ કરોડના પ્રોજેકટ માટે મંજુરી આપવામાં આવી છે. અને રૂપિયા ૪૫/– કરોડની ગ્રાંટ ફાળવવામાં આવી છે. આ માટે રૂપિયા ૪૬.૭૧ કરોડના કામો માટેનું ઈ–ટેન્ડર તા. ૨૬–૦૨–૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રવાસન નિગમ લિ. હેઠળના તોરણ યુનિટના રીનોવેશનની કામગીરી પૂર્ણ કરી છે અને તે માટે રૂપિયા ૨.૭૩ કરોડનો ખર્ચ કરેલ છે.

રાજકોટ આર.ટી.ઓ. દ્વારા હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ

* ૨૨૭૨૨ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા હાઈસીક્યોરીટી નંબર પ્લેટ નબળી ગુણવતાવાળી ફીટ કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ અંગેની જવાબદાર એજન્સી અને કોન્ટ્રાક્ટરો સામે ઉક્ત સ્થિતિએ સરકાર શા પગલા ભરવા માંગે છે? | (૨) તેમ છતાંય જો કોઈ ફરિયાદ મળે તો તેવા કિસ્સામાં અરજદારને વિના મુલ્યે હાઈસિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ બદલી આપવાની સુચના આપવામાં આવેલ છે. |

અમરેલી જિલ્લામાં ઉનાળા દરમ્યાન પાણીની વ્યવસ્થા

* ૨૩૯૪૨ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) તા. ૩૧–જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા નથી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬ના ઊનાળામાં તાલુકાવાર પૂરતુ પીવાનું પાણી નિયમીત મળતુ રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ કયા પ્રકારનું આયોજન કરેલ છે? | (૨) હાલ જિલ્લાના ગામો મહિ પાઈપલાઈન યોજના તેમજ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. વર્ષ–૨૦૧૬ના ઊનાળામાં જરૂર જણાયે જિલ્લા સ્તરની અછત સમિતિ દ્વારા મંજુર થયા મુજબની કામગીરી કરી પાણી પુરૂ પાડવાનું આયોજન છે. |

### રાજ્યના કૌશલ્યવર્ધન કેન્દ્રોના કર્મચારીઓનું મહેનતાણું

* ૨૩૭૭૭ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કૌશલ્યવર્ધન કેન્દ્રો ચલાવવા માટે તેમાં કામગીરી કરતા કર્મચારીઓની પસંદગી માટે કઈ એજન્સીને નિમણુંક અપાઈ હતી, | (૧) પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ, મુંબઈને તા. ૨૨–૧–૨૦૧૬ થી નિમણુંક આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ એજન્સીને બ્લેક લીસ્ટ કરતા આ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં કામ કરતા કર્મચારીઓને ઉક્ત સ્થિતિ સુધી મહેનતાણું ચુકવાયેલ નથી તે હકીકત સાચી છે, અને તે અન્વયે સરકારે શા પગલા લીધા, અને | (૨) ઉક્ત સ્થિતિએ આ એજન્સીને બ્લેક લીસ્ટ કરાયેલ નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા સમયમાં ઉક્ત બાબતે પગલા લઈ કર્મચારીઓને મહેનતાણુ ચુકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૨૭૫૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૪૮૮૭ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૫૪૨ |

### ભરૂચ જિલ્લામાં માનવ ગરિમા યોજના

* ૨૨૬૦૯ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, અને | (૧) ૪૧૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૧૧ |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૪૧૧ |

### દહેગામ તાલુકામાં પાતાળકુવાનું બાંધકામ.

* ૨૨૯૦૦ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દહેગામ તાલુકામાં પાતાળ કુવાના બાંધકામના કેટલા કામોને મંજુરી આપવામાં આવી, અને | (૧) ૨૨ કામોને |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તે કાર્યવાહી કયા તબક્કે છે? | (૨) ૨૨ કામો પૈકી ૧૬ કામો પૂર્ણ કરેલ છે. બાકી રહેતા ૬ કામો માટે જે તે ગ્રામ પંચાયત દ્વારા ૧૦ ટકા લોકફાળો ભરાયેથી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

### તારાપુર તાલુકામાં પેયજળ યોજનાઓ

* ૨૨૬૩૨ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે આણંદ જિલ્લાના તારાપુર તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૦૮ યોજનાઓ |
| (૨) મંજુર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત | (૨) રૂા. ૧૫૫.૫૧ લાખ |

કેટલી છે ?

કલોલ ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગના વધારાના માળનું બાંધકામ

* ૨૨૭૫૯ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે હયાત કોર્ટના બિલ્ડીંગમાં વધારાના માળના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૨૦–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કોઈ મંજુરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂપિયા ૩,૦૦,૦૦,૦૦૦/– |
| (૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

પાલનપુર ખાતેની દીવાની અદાલતોમાં ખાલી જગ્યાઓ

* ૨૩૧૫૨ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેની દીવાની અદાલતોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે. | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેની દીવાની અદાલતોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ આ સાથે સામેલ પત્રક–૧ મુજબ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ પત્રક–૧ માં દર્શાવેલ સમયથી ખાલી છે. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતેના ભરતી સેલ દ્વારા જુદાજુદા સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રીયાથી કરવામાં આવે છે.<br>તાબાની કોર્ટમાં જુદા જુદા સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી માટેની ખાલી જગ્યાઓ મુજબ સેન્ટ્રલની રીક્રુટમેન્ટ પ્રક્રિયાથી ભરતી સેલ હાથ ધરવામાં આવે છે.<br>ભરતી સેલ ખાલી જગ્યાઓ ભરવા માટે શકય તેટલા ઝડપી પગલા લઈ રહી છે. |

પત્રક-૧

| અનુ. નં. | જગ્યાનું નામ | સંવર્ગવાર મંજૂર જગ્યાઓ | સંવર્ગવાર ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ પ્રાઈવેટ સેક્રેટરી | ૦૧ | ૦૧ | ઘણા સમયથી |
| ૨ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૦ | ૦૦ | – |
| ૩ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૫ | ૦૦ | – |
| ૪ | રજિસ્ટ્રાર, જિલ્લા અદાલત | ૦૧ | ૦૦ | – |
| ૫ | વધારાના રજીસ્ટ્રાર (જિલ્લા અદાલત) અને રજીસ્ટ્રાર (વધારાની જિલ્લા અદાલત) | ૦૦ | ૦૦ | – |
| ૬ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧૫ | ૦૭ | ઘણા સમયથી |
| ૭ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૩ | ૦૦ | – |
| ૮ | સેક્રેટરી ટુ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ | ૦૧ | ૦૦ | – |
| ૯ | હેડ કલાર્ક/નાઝીર/સુપ્રિન્ટેન્ડન્ટ (નાયબ રજીસ્ટ્રાર/રેકર્ડ કીપર) | ૦૯ | ૦૩ | છ મહિનાથી |
| ૧૦ | સીનીયર કલાર્ક/પી.આર.ઓ. /શિરિસ્તેદાર/ સબ એકાઉન્ટન્ટ/લાયબ્રેરીયન કમ રીસર્ચ આસીસ્ટન્ટ | ૨૬ | ૦૦ | – |
| ૧૧ | જુનીયર કલાર્ક/લાયબ્રેરીયન/ઝેરોક્ષ ઓપરેટર/કેશિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ / ટાઈપીસ્ટ | ૮૫ | ૦૨ | નવ મહિનાથી |
| ૧૨ | બેલીફ | ૧૭ | ૦૦ | – |
| ૧૩ | ડ્રાઈવર | ૦૫ | ૦૦ | – |
| ૧૪ | હવાલદાર | ૦૨ | ૦૦ | – |
| ૧૫ | બુક બાઈન્ડર | ૦૨ | ૦૦ | – |
| ૧૬ | નાઈક | ૦૪ | ૦૦ | – |
| ૧૭ | પટાવાળા/વોચમેન/લીફ્ટમેન/જેલ વોર્ડર/સ્વીપર/ વોટર સર્વર | ૪૩ | ૦૧ | નવ મહિનાથી |
| | કુલ | ૨૧૯ | ૧૪ | – |

## ડાકોર યાત્રાધામનો વિકાસ

* ૨૩૨૮૦ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાકોર યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમ વર્ષવાર ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમમાંથી કેવા પ્રકારના વિકાસના કામો કરવામાં આવ્યા ?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાકોર યાત્રાધામના વિકાસ માટે કોઈ રકમ ફાળવેલ નથી. પરંતુ સને ૨૦૧૨–૧૩ માં ડાકોર ફેઝ–૧ અને ૨ માટે અનુક્રમે રૂપિયા ૧૮.૫૧ કરોડ અને રૂપિયા ૧૩.૯૨ કરોડ ફાળવેલ હતા. તેમાંથી નીચે પ્રકારના વિકાસના કામો કરવામાં આવ્યા.

૧. પાર્કીંગ, ૨. શોપીંગ ૩. બીલ્ડીંગ, ૪. ટોયલેટ બ્લોક, ૫. લેન્ડ સ્કેપીંગ, ૬. ગાર્ડન, ૭. કમ્પાઉન્ડ વોલ, ૮. મુંડન સ્થળ, ૯. વોકવે ૧૦. પરગોલા.

૧૧. ગોમતી ઘાટના વિકાસની કામગીરી

## દ્વારકાધીશ મંદિરની આવકમાંથી પૂજારીઓને ચૂકવણી

* ૨૩૮૮૫ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા)તા.૨૪–૩–૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાકિત પ્રશ્નક્રમાંક ૧૯૩૪૪ (અગ્રતા–૧૬૧) ના અનુસંધાને : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા સંચાલિત દ્વારકાધીશ મંદિરની આવકનો મોટો હિસ્સો પૂજારીઓને તેના પગાર અને તેના હિસ્સા માટે ચુકવવામાં આવે છે તે બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ વિચારણા કયારે પૂર્ણ કરવામાં આવી

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) આ બાબત રાજ્ય સરકારની વિચારણા

અને શા નિર્ણયો કરવામાં આવ્યા, અને | હેઠળ છે.

(૩) જો કોઈ વિચારણા ન થઈ હોય તો તેના શા કારણો છે અને તેને માટે કોણ જવાબદાર છે?

હાઈકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીના નવીન મકાનનું બાંધકામ

* ૨૨૭૭૦ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર (પશ્ચિમ)) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે ગુજરાત હાઈકોર્ટના કેમ્પસમાં સરકારી વકીલની કચેરીના નવીન મકાનના બાંધકામ માટે તા.૨૦–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા. ૦૩–૦૧–૨૦૧૫ ના રોજ રૂ. ૨૯,૦૦,૮૦,૦૦૦/– ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ કયા તબકકે છે? | (૩) પ્રગતિમાં છે. |

બોટાદ જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૨૬૦૭ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, અને | (૧) ૫૮૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૫૧૪ |
| (૩) કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ? | (૩) ૫૧૪ |

જામનગર જિલ્લામાં સમરસ છાત્રાલયના બાંધકામની કામગીરી

* ૨૧૩૬૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)તા. ૨–૩–૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૭૯૩ (અગ્રતા ૧૦૭) ના અનુસંધાને : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રૂ. ૨૬૪૦ લાખના ખર્ચે સમરસ છાત્રાલયના બાંધકામની કામગીરી પ્રગતિમાં હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) ના |
| (૩) જો ના, તો આ કામગીરી કયાં સુધીમા પૂર્ણ કરવામાં આવશે? | (૩) સપ્ટેમ્બર–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. |

સુરત જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૨૫૯૯ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨,૦૮૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૦૮૪ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ. ૨૨,૯૦,૫૦૦/– (કુલ રૂપિયા બાવીસ લાખ નેવું હજાર પાંચસો પુરા) ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી. |

### અબડાસા અને લખપત તાલુકામાં નવી પાઈપલાઈનની કામગીરી

* ૨૩૩૨૭ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં પીવાના પાણીની પાઈપલાઈન અપગ્રેડ/નવી નાખવાની યોજના ક્યારે પુર્ણ કરવાનું આયોજન છે, અને | (૧) આ કામગીરી અન્વયે પ્રગતિ હેઠળના કામો અને બાકીના ટેન્ડર પ્રક્રિયા હેઠળના કામો વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ યોજના પુર્ણ ન થાય ત્યાં સુધી પીવાના પાણીથી વંચિત ગામોને ટેન્કરથી જરૂરી પાણી આપવાનું ઉક્ત સ્થિતિએ શું આયોજન છે? | (૨) અબડાસા તાલુકામાં ૪ ગામ અને લખપત તાલુકાના ૧૨ ગામને હાલમાં ટેન્કરથી પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે.<br>અને જરૂર પડયેથી વધુ ગામોને ટેન્કરથી પીવાનું પાણી પુરૂં પાડવાનું આયોજન છે. |

### હાઈકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીના નવીન મકાનનું બાંધકામ

* ૨૨૭૭૬ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે ગુજરાત હાઈકોર્ટના કેમ્પસમાં સરકારી વકીલની કચેરીના નવીન મકાનના બાંધકામ માટે તા.૨૦–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૨૯,૦૦,૮૦,૦૦૦/– |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબકકે છે? | (૩) પ્રગતિમાં છે. |

### નવસારી જિલ્લામાં ઔધોગિક ભરતીમેળો

* ૨૨૭૫૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔધોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૬ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૩૬૦૪ |

### રાજકોટ અને મોરબી જિલ્લામાં પાણી પુરવઠાની યોજનાઓ

* ૨૩૩૭૯ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં કેટલી જુથ પાણી પુરવઠા યોજના કરવાનું સરકારનું આયોજન હતું, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ તેમજ મોરબી જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજના અન્વયે નીચેની વિગતે આયોજન છે.<br>રાજકોટ જીલ્લાની કાર્યરત ૨૦ જુથ યોજનાઓ પૈકી ૧૨ યોજનાઓમાં સુધારણાના કામો કરવાનું આયોજન થયેલ છે. જે પૈકી ૦૨ યોજનાના કામો પૂર્ણ થયા છે ૦૮ યોજનાના કામો પ્રગતિમાં છે અને ૦૨ યોજનાના કામો ટેન્ડર સ્ટેજે છે.<br>મોરબી જીલ્લાની કાર્યરત ૫ જુથ યોજનાઓ પૈકી ૩ જુથ પાણી પુરવઠા યોજનાઓમાં સુધારણાના કામો કરવાનું આયોજન થયેલ છે જે પૈકી ૦૧ યોજનાના કામો પુર્ણ થયા છે, ૦૨ યોજનાના કામો પ્રગતીમાં છે.<br>રાજકોટ જીલ્લામાં નર્મદાની કનેકટીવીટીથી બાકી રહેતા ગામો અને શહેરો માટે બલ્ક પાઈપ લાઇન તથા ત્રણ પંપીગ સ્ટેશનની ક્ષમતામાં વધારો કરવાના કામોનો નર્મદાનાં ''ડી'' નેટવર્ક હેઠળ આયોજન |

કરવામાં આવેલ છે જે અંતર્ગત બલ્ક પાઈપલાઈનના કામો માટે હાલ ટેન્ડર માંગેલ છે. જ્યારે પંપીગ સ્ટેશનના ટેન્ડર માંગવામાં આવનાર છે.

આ કામો વહેલામાં વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન છે.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ થઈ તથા કેટલી અને કઈ યોજના બાકી છે અને આ બાકી યોજનાઓ કયારે પૂર્ણ થશે?

અમદાવાદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૨૬૧૨ શ્રી રજનીકાન્ત પટેલ (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે, અને | (૧) ૦૧ (એક) |
| (૨) તે પૈકી કેટલી આદર્શ નિવાસી શાળાઓ સરકારી મકાનમાં કાર્યરત છે? | (૨) ૦૧ (એક) |

પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળો

* ૨૨૭૫૦ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૧ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૮૮૫ |

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સરકારી કાર્યક્રમોમાં એસ. ટી. બસો

* ૨૩૭૬૬ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત કેટલા કાર્યક્રમો માટે કેટલી એસ.ટી.બસો માંગણીઓ કરી મેળવવામાં આવી,

જવાબ

(૧)

| જિલ્લાનું નામ | વર્ષવાર માહિતી | કાર્યક્રમની સંખ્યા | માંગણી થયેલ એસ.ટી. બસની સંખ્યા |
|---|---|---|---|
| ગીરસોમનાથ | તા.૩૧–૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ સુધી | ૩ | ૨૨૫ |
| | તા.૧–૧–૧૫ થી તા.૩૧–૧૨–૧૫ સુધી | ૧ | ૫૦ |
| | તા.૧–૧–૧૬ થી તા.૩૧–૧–૧૬ સુધી | ૩ | ૪૩૦ |
| જુનાગઢ | તા.૩૧–૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ સુધી | ૮ | ૩૩૬ |
| | તા.૧–૧–૧૫ થી તા.૩૧–૧૨–૧૫ સુધી | ૧૦ | ૬૫૪ |
| | તા.૧–૧–૧૬ થી તા.૩૧–૧–૧૬ સુધી | નીલ | નીલ |

(૨) તે અન્વયે વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમ ભાડા પેટે એસ.ટી.નિગમને ચૂકવવામાં આવી, અને

(૨)

| જિલ્લાનું નામ | વર્ષવાર માહિતી | જિલ્લાવાર ચુકવાયેલ રકમ (રૂા.) |
|---|---|---|
| ગીરસોમનાથ | તા.૩૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | ૨૧,૭૩,૫૧૧ |
| | તા.૧-૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ સુધી | નીલ |
| | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧-૧૬ સુધી | નીલ |
| જુનાગઢ | તા.૩૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | ૨૫,૮૮,૧૩૯ |
| | તા.૧-૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ સુધી | ૨૩,૧૪,૮૦૧ |
| | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧-૧૬ સુધી | વાહનોની માગણી થયેલ ન હતી. |

(૩) તે અન્વયે કેટલું ભાડુ ઉકત સ્થિતિએ ચુકવવાનું બાકી છે અને તે કયાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૩)

| જિલ્લાનું નામ | વર્ષવાર માહિતી | જિલ્લાવાર ભાડુ ચુકવવાનું બાકી (રૂા.) |
|---|---|---|
| ગીરસોમનાથ | તા.૩૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | નીલ |
| | તા.૧-૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ સુધી | ૫,૯૪,૭૦૫ |
| | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧-૧૬ સુધી | ૬,૭૦,૭,૦૮૫ |
| જુનાગઢ | તા.૩૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | ૧૦,૧૯,૯૪૯ |
| | તા.૧-૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ સુધી | ૫૪,૯૫,૦૦૬ |
| | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧-૧૬ સુધી | વાહનોની માગણી થયેલ ન હતી. |
| સરકારશ્રીના કાર્યક્રમમાં ફાળવેલ વાહનોની બાકી રકમ વસુલવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | | |

## પાટણ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન | | | નિરાધાર વૃદ્ધ સહાય યોજના | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ચૂકવેલ રકમ રૂપિયા | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ચૂકવેલ રકમ રૂપિયા |
| ૧ | પાલનપુર | ૭૪૯ | ૬૩૦ | ૧૫૧૨૦૦૦ | ૭૩ | ૫૬ | ૧૩૪૪૦૦ |
| ૨ | વડગામ | ૪૮૫ | ૩૦૮ | ૭૩૯૨૦૦ | ૪૪ | ૨૭ | ૬૪૮૦૦ |
| ૩ | ડીસા | ૧૨૬૭ | ૧૧૦૦ | ૨૮૩૬૪૦૦ | ૧૫ | ૧૦ | ૨૪૦૦૦ |
| ૪ | કાંકરેજ | ૧૧૫૧ | ૧૦૧૨ | ૬૨૧૩૨૦૦ | ૩૩ | ૨૪ | ૫૮૦૦૦ |
| ૫ | દાંતા | ૬૪૪ | ૬૪૧ | ૩૦૭૬૮૦૦ | ૩૩ | ૨૬ | ૨૧૮૪૦૦ |
| ૬ | અમીરગઢ | ૫૩ | ૩૪ | ૧૬૩૨૦૦ | ૧૭ | ૧૬ | ૧૩૪૪૦૦ |
| ૭ | ધાનેરા | ૪૧૨ | ૩૦૩ | ૨૫૪૫૨૦૦ | ૯ | ૫ | ૪૨૦૦૦ |
| ૮ | દાંતીવાડા | ૭૨૯ | ૫૬૦ | ૪૨૫૦૪૦૦ | ૧૧ | ૮ | ૬૭૨૦૦ |
| ૯ | દિયોદર | ૨૫૯ | ૨૩૭ | ૯૦૦૦૦૦ | ૭ | ૪ | ૨૦૮૦૦ |
| ૧૦ | લાખણી | ૬૪ | ૫૨ | ૩૧૨૦૦૦ | ૬ | ૫ | ૧૯૪૦૦ |
| ૧૧ | ભાભર | ૪૮૯ | ૪૧૨ | ૨૯૬૬૪૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સૂઈગામ | ૭૦ | ૭૦ | ૩૦૮૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | થરાદ | ૫૭૩ | ૫૪૪ | ૫૭૯૨૮૦૦ | ૨૦ | ૧૨ | ૫૪૦૦૦ |
| ૧૪ | વાવ | ૩૮૪ | ૩૧૫ | ૧૯૫૬૪૦૦ | ૧૬ | ૧૩ | ૭૬૮૦૦ |
| | કુલ | ૭૩૨૯ | ૬૨૧૮ | ૩૩૫૭૨૦૦૦ | ૨૮૪ | ૨૦૬ | ૯૧૪૨૦૦ |

| | |
|---|---|
| (૩) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને તે ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ? | (૩) ઉકત સ્થિતિએ તાલુકાવાર કોઈ અરજી પડતર નથી. |

બનાસકાંઠા જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ

* ૨૨૪૪૧ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ કેટલું છે, | (૧) તાલુકાવાર નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૨ |
| ૨ | કાંકરેજ | ૦૧ |
| ૩ | ડીસા | ૦૧ |
| ૪ | દિયોદર | ૦૧ |
| ૫ | થરાદ | ૦૧ |
| ૬ | અમીરગઢ | ૦૧ |
| ૭ | વડગામ | ૦૧ |
| ૮ | દાંતીવાડા | ૦૧ |
| ૯ | ધાનેરા | ૦૧ |
| ૧૦ | ભાભર | ૦૧ |
| ૧૧ | દાંતા | ૦૦ |
| ૧૨ | વાવ | ૦૦ |
| ૧૩ | સૂઈગામ | ૦૦ |
| ૧૪ | લાખણી | ૦૦ |
| તે પૈકી ૦૫ જગ્યાઓ ભરેલી છે અને ૦૬ જગ્યાઓ ખાલી છે. | | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) અને (૩) : વહેલી તકે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે? | |

હાઇકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીના નવીન મકાનનું બાંધકામ

* ૨૨૭૪૪ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે ગુજરાત હાઇકોર્ટના કેમ્પસમાં સરકારી વકીલની કચેરીના નવીન મકાનના બાંધકામ માટે તા. ૨૦-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા. ૦૩-૦૧-૨૦૧૫ના રોજ રૂ. ૨૯,૦૦,૮૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) પ્રગતિમાં છે. |

સભાપતિશ્રી : આજે મહિલા દિવસ નિમિત્તે મને અહિયાં સ્પીકર તરીકે મૂકી તે બદલ હું માનનીય અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા સાહેબનો, રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો, વિરોધપક્ષના સૌ સાથી મિત્રો અને વિરોધપક્ષના નેતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. અનોખી રીતથી મહિલા દિન ઉજવવાનું નક્કી થયું છે. એમાં હું કહીશ કે છેક છેવાડાની મહિલાઓ આમાંથી પ્રેરણા લેશે. સ્ત્રીસશક્તિકરણનો રાજ્યનો નિર્ધાર છે એના પ્રતિકરૂપે આજે અભિવ્યક્તિ થઇ છે એના માટે અભિનંદન આપું છું અને આભાર પણ માનું છું. હવે માનનીય મુખ્યમંત્રી શ્રીમતીઆનંદીબેન પટેલ પોતાનું નિવેદન આપશે.

## મહિલા દિન નિમિત્તે શુભેચ્છા સંદેશ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે. પૂરું વિશ્વ મહિલા દિન તરીકે આજનો દિવસ મનાવી રહ્યું છે. હું માનું છું કે બહેનો માટે માત્ર એક દિવસ એની ચિંતા કરીએ, એક દિવસ એની ઉજવણી થાય એ પૂરતું નથી. આપણે તો સદાય ૩૬૫ દિવસ બહેનોની ચિંતા કરવાવાળા છીએ. ધારાસભ્ય હોઇએ, એમ.પી. હોઇએ કે ક્યાંકને ક્યાંક સારી પોસ્ટ ઉપર હોઇએ ત્યારે આપણા સૌની જવાબદારી છે કે બહેનો, માતાઓ અને દીકરીઓનું શિક્ષણ થાય, એમનું રક્ષણ થાય, એમના આરોગ્યના પ્રશ્નો ઉકેલાય, એમની આર્થિક સ્થિતિ મજબૂત થાય એના માટેના પ્રયાસો કરીએ. કોઇપણ સંજોગોમાં કોઇપણ પ્રકારનો બહેનો ઉપર અત્યાચાર ન થાય એના માટેની જે વ્યવસ્થાઓ ગોઠવવાની હોય એ આપણે સૌ સાથે મળીને ગોઠવીએ. એ દિવસે બહેનોને એવું ફીલ થાય કે અમે કોઇપણ સ્થાન ઉપર સર્વિસ કરીશું કે ફરજ બજાવતા હોઇશું ત્યારે કોઇપણ પ્રકારની મુશ્કેલીનો અનુભવ નહીં થાય અને ખરાબ પ્રસંગ નહીં બને એ પ્રકારની વ્યવસ્થાઓ છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને આપણે સૌ કરી રહ્યા છીએ. હું દોઢેક વર્ષ પહેલાં જ્યારે કરાઇમાં બહેનોને સંબોધન કરવા માટે ગઇ હતી ત્યારે મેં જાહેરાત કરી હતી કે, ગુજરાતમાં ૩૩ ટકા અનામત તો મળેલી છે. પરંતુ ગૃહ વિભાગની અંદર કોન્સ્ટેબલ, પી.આઇ. કે પી.એસ.આઇ. એની અંદર અનામત નથી એટલે મેં એ વખતે જાહેરાત કરી હતી કે ૩૩ ટકા અનામત બહેનોને આપવી જોઇએ. મને ઘણા બધા પૂછતા હતા કે બહેનો એપ્લીકેશન કરશે? આજે સવારે નવ વાગ્યે હું કરાઇમાં ગઇ હતી. ગૃહ વિભાગમાં બહેનોની છેલ્લા છ માસ દરમિયાન ભરતી થઇ. એ મેં કરાઇમાં જઇને જોયું. પી.આઇ., પી.એસ.આઇ. અને કોન્સ્ટેબલ બહેનો ત્યાં ઉપસ્થિત હતી. બહેનો ત્યાં બોલતી હતી એમનો મેં પરિચય કર્યો ત્યારે મને લાગ્યું કે ત્યાં એકપણ સમાજ બાકી ન હતો કે એ સમાજની બહેન કોન્સ્ટેબલ ન બની હોય અથવા તો પી.આઇ. કે પી.એસ.આઇ. ન હોય. મને લાગે છે કે, આ પ્રકારની વ્યવસ્થાઓ જ્યારે આખા ગુજરાતની અંદર વિકસીત થશે ત્યારે મારી બહેનને કોઇપણ પ્રકારની તકલીફ નહીં પડે. અમે ત્રણ દિવસ દિલ્હી જઇ આવ્યા. એની અંદર અમારા તેજશ્રીબેન પણ ઉપસ્થિત હતા. બીજા બહેનો આવ્યા હોત તો મને આનંદ થયો હોત. એમાં જે વિષય આવ્યા એ વિષયો ખૂબ સારા હતા. ઓલ પાર્ટીની બહેનો ત્યાં ઉપસ્થિત હતી અને બહેનોએ પોતપોતાના પ્રવચનો આપ્યા. એમના સમયમાં એમને શું શું તકલીફ પડી છે એના વિવરણ એમણે કર્યા છે અને લોકસભાની અંદર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બોલ્યા હતા અને એમણે આમાં વિષય મૂક્યો હતો કે આઠમી માર્ચ વિશ્વ મહિલા દિન તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે લોકસભા અને રાજ્યસભાની અંદર આ દિવસ માત્રને માત્ર મહિલાઓ માટે હોય, મહિલાઓ જ પોતાના પ્રવચન કરે અને એટલે મેં વિચાર કર્યો અને આ વિચાર મેં ગણપતભાઇ અને મંત્રીમંડળ સમક્ષ મૂક્યો. આઠમી માર્ચના દિવસે અધ્યક્ષ તરીકે કોઇ બહેન હોય અને વક્તા તરીકે બહેનો હોય અને આજનો દિવસ એ માતાઓનો છે અને આપ સૌનો આભાર માનીશ કે આપ સૌએ એને સંમતિ આપી છે. એટલે હું આપ સૌનો પણ આભાર વ્યક્ત કરું છું અને જ્યાં પણ બહેનો હોય વિશ્વમાં કોઇપણ સ્થાન ઉપર બહેનો કામ કરતી હોય એ બધા જ બહેનો સશક્ત બન્યા છે. એ બધા બહેનો સશક્ત છે. હવે એમનું સશક્તિકરણ કરવાની આવશ્યકતા નથી. પણ મારી અપેક્ષા એ છે કે એ બહેનો સશક્ત બની ચૂકી છે ત્યારે આપણી ફરજ એ બને છે કે, ભારતને સશક્ત બનાવે. તમારી શક્તિઓથી ભારતને હવે સશક્ત બનાવવાનું છે અને ભારતમાં રહેલી નારીઓ હોય, ભાઇઓ હોય, બહેનો હોય, બાળકો હોય એના તરફ હવે આપણું ધ્યાન જવું જોઇએ. એટલે ઘરમાંથી બહાર નીકળીને ઘર સંભાળતા–સંભાળતા બહાર નીકળીને જ્યાં પણ આવા સમાજો હોય જ્યાં પણ આવી બહેનો હોય ત્યાં સુધી આપણે પહોંચીએ અને એમને આપણે મદદરૂપ થઇએ એ જન–પ્રતિનિધિ તરીકે આપણું કર્તવ્ય બને છે. હું ફરીથી બધી જ બહેનોને શુભેચ્છાઓ પાઠવું છું.

આજે દસમા અને બારમા ધોરણની પરીક્ષાઓ ચાલુ થઇ છે. સમગ્ર વ્યવસ્થાનું શિક્ષણ વિભાગે સુંદર રીતે આયોજન કર્યું છે અને બધા જ વિદ્યાર્થી ભાઇ–બહેનો શાંતિથી પેપર લખે અને કોઇ પણ પ્રકારની મુશ્કેલીઓ એમને ન પડે એના માટે આપણે બધા સજાગ છીએ અને બધી જ વ્યવસ્થાઓ, સ્કુલો સુધી સરકારે કરી દીધેલી છે એટલે કોઇ પણ પ્રકારની શંકા–કુશંકાઓ મનમાં ન રાખે અને શાંતિથી બધાની પરીક્ષાઓ પૂરી થાય એ પ્રકારનું વ્યવસ્થા તંત્ર ગોઠવાયું છે. આપણે બધા પણ એના ઉપર કાળજી રાખીશું, જ્યાં પણ પરીક્ષાઓ આપણા વિસ્તારોની અંદર ચાલતી હોય ત્યાં પણ થોડીક પૂછપરછ કરીશું તો વિદ્યાર્થીઓને સારું રહેશે અને આવા તમામ લાખ્ખો વિદ્યાર્થીઓને આપણા સૌના વતીથી, મારા વતીથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું, ધન્યવાદ.

પ્રો વસુબેન નરેન્દ્રભાઇ ત્રિવેદી ( મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે રાજ્યની, દેશની, વિશ્વની સૌ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી એને હું મારું અનુમોદન પણ આપું છું. ગૃહના સૌ સભ્યોએ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન બહેનોને શુભેચ્છાઓ આપી છે એમનો હું આભાર પણ માનું છું.

આજનું જે દ્રશ્ય છે, કદાચ આ ગૃહની પહેલી, પ્રથમવારની ઘટના હશે. અધ્યક્ષ પણ મહિલા, સચિવ પણ મહિલા, સાર્જન્ટ પણ મહિલા અને અમારા પક્ષે બોલવામાં પણ વધુ માં વધુ મહિલાઓ. હું આ વ્યવસ્થા માટે પણ

માનનીય મુખ્યમંત્રીશ્રી અને સૌ સહયોગીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી આનંદીબેન પટેલ એમણે મુખ્યમંત્રી તરીકે રાજ્યની ધુરા સંભાળી. ગતિશીલ ગુજરાત, ગરીબોના બેલી, મહિલા સશક્તિકરણના હિમાયતી, દેશ ભક્તિ માટે સ્વાભિમાની સમાજના નિર્માણ માટેના શ્રીમતી આનંદીબેન પટેલના પ્રયાસો સૌ માટે માર્ગદર્શક, પથદર્શક બની રહ્યા છે, તેનું અમને ગૌરવ છે. જન પ્રતિનિધિ મહિલાઓ દ્વારા સશકત ભારતના નિર્માણ માટે સૌ સંકલ્પબદ્ધ થાય એના માટે પણ હું સૌને મારી લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાશક્તિ ત્યાગ અને સેવાની મૂર્તિ છે. જીવન દરમિયાન યથા સમયે આ ગુણોની અભિવ્યક્તિ એમણે કરી છે. પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહિલાના ગુણોએ મહત્વનો ફાળો આપ્યો છે. આજે મહિલા માનવજીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે, આર્થિક ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર, રાજકીય ક્ષેત્ર, શૈક્ષણિક ક્ષેત્ર, ધાર્મિક ક્ષેત્રે મહિલાઓ સશક્ત બની છે. ગુજરાત આ દિશાની અંદર દેશનું મૉડેલ બન્યું છે એમ કહીશ તો કશું ખોટું નથી. વહીવટી ક્ષેત્રે સુરક્ષા કે સંરક્ષણ ક્ષેત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે, આરોગ્યના ક્ષેત્રે પણ મહિલાઓએ નોંધપાત્ર જવાબદારીઓ નિભાવી છે. મહિલા ત્યાગ અને સેવાની મૂર્તિ છે અને સંસ્કારો પણ એ જ છે. સંવેદનશીલતા અને સહાનુભૂતિના ગુણ મહિલાના કર્મમાં અભિવ્યક્ત થઇ રહ્યા છે. મહિલા દ્વારા નિ:સ્વાર્થ ભાવે થતી સેવાનું કોઇ મૂલ્ય નથી, અમૂલ્ય સેવા છે. આ પ્રકારની અતુલ્ય સેવા વેદ કાળથી સ્ત્રીઓ કરતી આવી છે. માતૃ રૂપે માન–સન્માન પામી રહે છે. મહિલાઓના આંચલમાં આવનારી પેઢીનું નિર્માણ થતું હોય છે અને સમાજને કઇ દિશામાં લઇ જવો છે એના માટે મહિલા પ્રયત્ન કરતી હોય છે. ભારતને શક્તિશાળી, સમૃદ્ધ અને વૈભવશાળી બનાવવા માટે પુન:નિર્માણના કાર્યમાં સૌ બહેનો લાગી છે, ત્યારે એક જ લાગણી વ્યક્ત કરું છું કે, સમાજના સૌ લોકો, બહેનો માટે સન્માનની ભાવનાથી જોવાનો પ્રયત્ન કરે. સન્માનથી નારી તું નારાયણી સ્વરૂપે જ જોવાની દ્રષ્ટિ કેળવે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓને ગમતું શોપીંગ કરાવી દેવાથી, થોકબંધ સોનાથી મઢી દેવાથી, પસંદ હોય એવી સજાવટ ઘરમાં કરી દેવાથી, સ્ત્રી–પુરુષમાં સમાનતા આવતી નથી. સમાનતાનો સાચો અર્થ સન્માન છે. સ્ત્રી ડિઝર્વ કરે છે તેવું સન્માન એના અસ્તિત્વનો સ્વીકાર, તેની લાગણી સમજવાની ક્ષમતા સૌ ભાઇઓ કરે એવી પણ લાગણી વ્યક્ત કરું છું. એક વાત બહેનો માટે કહેવા માગું છું, ભારતીય નારી માટે કહેવા માગુ છું. The willingness to listen, patience to understand, stand to support, heart to care, just to be there, that is the beauty of the Bharatiya Nari." માનનીય અધ્યક્ષશ્રી, આ વાતનું સૌ સન્માન કરે એવી લાગણી સાથે વિશ્વની સૌ બહેનોને ફરીથી એક વખત શુભેચ્છા આપીને મારી વાત પૂરી કરું છું.

ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮મી માર્ચ, વિશ્વ મહિલા દિન નિમિત્તે હું ગુજરાતની, દેશની અને વિશ્વની તમામ મહિલાઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આજે ગૃહમાં બેઠેલી તમામ મહિલા ધારાસભ્યોને હું અભિનંદન એટલા માટે આપું છું કે તેઓ સ્ત્રી અનામતની સીટમાંથી નથી જીત્યા પરંતુ સામાન્ય સીટ પરથી જીત્યા છે એટલે ખાસ અભિનંદનને હકકદાર છે. મને કહેતા ગર્વ થાય છે કે હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે જે પાર્ટીએ જયારે જર્મની, ઇંગ્લેન્ડ કે અમેરિકાએ મહિલા વડાપ્રધાન નહોતા આપ્યા ત્યારે આ દેશના પહેલા વડાપ્રધાન સ્વ. ઇન્દીરા ગાંધી એટલે કે લોખંડી મહિલાને વડાપ્રધાન બનાવ્યા હતા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે આજે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહિલા અધ્યક્ષા માનનીય સોનિયા ગાંધી છે. પહેલા મહિલા રાષ્ટ્રપતિ જેણે આપ્યા પ્રતિભા પાટીલ એ પાર્ટીની હું ધારાસભ્ય છું. પહેલા મહિલા લોકસભાના સ્પીકર મીરાકુમાર જેમણે આપ્યા એ પાર્ટીની હું ધારાસભ્ય છું. મહિલા રાજયપાલ ગુજરાતને ડો. કમલા બેનીવાલ આપ્યા એ પાર્ટીની હું ધારાસભ્ય છું. બે દિવસ પહેલા લોકસભાના ચાલુ સ્પીકર સુમિત્રા મહાજનજીએ ખૂબ સુંદર રાષ્ટ્રીય મહિલા જન પ્રતિનિધિ સંમેલન બોલાવ્યું હતું એના માટે આપણે એમનો આભાર માનીએ છીએ અને એમાં ખૂબ સારી વાતોની ચર્ચા થયેલી. આપણા ગુજરાતના પહેલા મહિલા મુખ્યમંત્રી આનંદીબેને ખૂબ સારી વાતો ત્યાં પોતાના અનુભવથી પોતે મહિલાઓની સમસ્યા કેવી રીતે જાણી અને એનું નિવારણ કેવી રીતે કર્યું એની ખૂબ છણાવટપૂર્વક ત્યાં ખૂબ સારી વાતો કરી હતી અને એમાં ખાસ એ વાતની નોંધ કરેલી કે મહિલાને સશક્તિકરણની જરૂર કરતા મહિલા પોતે એટલી સશકત છે, પોતે ઉર્જાનો સ્ત્રોત છે કે પોતે રાજયનું નિર્માણ કરી શકે છે અને સારા દેશનું નિર્માણ કરી શકે છે એટલે ઉપરોકત સર્વે મહિલાઓને હું દિલથી સલામી અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આદરણીય મહિલા મુખ્યમંત્રી જયારે પહેલા મહિલા મુખ્યમંત્રી છે ત્યારે ખૂબ આદરપૂર્વક હું આજે મહિલા દિને બહેનોની થોડીક સમસ્યાઓનું વર્ણન કરું, કારણ કે તો જ બહેનો સમજી શકશે. આદરણીય નીમાબેન સ્પીકર થયા છે પરંતુ ફકત ૮મી માર્ચ પુરતા જ કર્યા છે. એના કરતા જો એમને કાયમી સ્પીકર બનાવવામાં આવે તો અમને આનંદ થાય અને ડેપ્યુટી સ્પીકર અમારા કોંગ્રેસ પક્ષમાંથી કોઇને બનાવો તો વધારે આનંદ થાય. ૧૯૦૮માં ડેન્માર્કમાં મહિલાઓએ અને ૧૯૦૯માં ન્યૂયોર્કમાં મહિલાઓએ પોતાના હકકો માટે આંદોલન કર્યું અને ત્યારથી આ મહિલા દિનની ઉજવણી થઇ. ત્યારથી અત્યાર સુધી મહિલાઓ પોતાના હકકો માટે લડયા કરે છે. મહિલા દિન ૮મી માર્ચ પૂરતો જ ન હોવો જોઇએ. ૨૧ મી સદીમાં પુરુષ સમોવડી સ્ત્રીની જયારે વાત કરતા હોઇએ ત્યારે એક જ દિવસ મહિલાઓનું સન્માન

થાય એવું નહીં પરંતુ આખું વર્ષ અને કાયમી વર્ષોના વર્ષ થાય એવું હું ઇચ્છી રહી છું. ઝાંસીની રાણી, કિરણ બેદી, નિરજા ભમોત, કલ્પના ચાવલા, ઇન્દ્રા નૂયી વગેરે નારી રત્નોને હું ખૂબ ખૂબ સલામી આપું છું. જયાં સુધી આપણી વિચારધારામાં ફેરફાર નહીં થાય, આપણા સમાજની માનસિકતા નહીં બદલાય ત્યાં સુધી આપણે ગમે તેટલા બેટી બચાવો કે બેટી પઢાવોના સુત્રોના નામ આપશું અને કાર્યક્રમો કરશું એ સાર્થક નહીં થાય. દેશમાં હજાર પુરુષોએ ૯૪૩ સ્ત્રીઓ છે અને ગુજરાતમાં ફકત ૯૧૯ આપણે ત્યાં આંગણવાડીની લાખો બહેનો કામ કરે છે. આશા વર્કર લાખો બહેનો, મધ્યાહ્ન ભોજન બનાવતી લાખો બહેનો, શહેરોમાં લીંક વર્કરો જે શિક્ષણનું પાયાનું કામ કરે છે તેમને લઘુત્તમ વેતન ધારા મુજબ પુરતું વેતન મળતું નથી અને નજીવા વેતન માટે પણ મહિનાઓ સુધી એમને રાહ જોવી પડે છે ત્યારે ખૂબ દુઃખ થાય છે. સ્વચ્છતાની વાતો કરો, બહુ સારી વાત છે. સ્વચ્છતા અભિયાનના નામે ફોટા પડાવો, કંઇ વાંધો નથી પરંતુ જે મહિલા સફાઇ કામદારો છે એ લોકોની સ્થિતિ અત્યારે ખૂબ જ દયાજનક છે. તેમની હું માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે ખૂબ અપેક્ષાઓ રાખું છું. બજેટમાં ‘મિશન બલમ્ સુખમ્’ યોજના ખૂબ સારી યોજના છે, છતા ય ૪૫ ટકા બાળકો અને ૫૫ ટકા મહિલાઓ કુપોષણથી પીડાય છે એના માટે મહિલા મુખ્યમંત્રીશ્રી પાસે અપેક્ષાઓ રાખું છું. મહિલા સુરક્ષાઓની ચિંતા થાય એવું બની શકે છે. ઘણીવાર એવું પણ બને છે કે મહેસાણાની નાગલપુર કૉલેજની બહાર એસીડ એટેક થયો હોય તે ખૂબ ગંભીર ઘટના બની. ખૂબ દૂઃખ થાય છે. ગાંધી અને સરદારની ભૂમિમાં આવી શરમજનક ઘટનાઓ બને. નારી સંરક્ષણ ગૃહમાં જે કચડાયેલી અને દયનીય પરિસ્થિતિમાં સ્ત્રીઓ રહેતી હોય તે લોકોની હાઇકોર્ટે પણ ગંભીર નોંધ લીધી હોય ત્યારે મહિલા મુખ્યમંત્રી પાસે અપેક્ષાઓ રાખું છું. પાટીદાર મહિલાઓની અનામતની માગણી હોય..

સભાપતિશ્રી : મને લાગે છે કે અભિનંદન પૂરુતું જ રાખીએ અને મહિલા દિવસે સારી સારી વાતો કરો. હજુ આપણી પાસે ઘણા દિવસો ચર્ચા કરવાના છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ઘરનું બજેટ ખોરવાઇ ન જાય એટલા માટે મોંઘવારીમાં ગૃહિણીઓ માટે મહિલા મુખ્યમંત્રીશ્રી પાસે અપેક્ષાઓ રાખું છું. મહિલા સુરક્ષાની મીટિંગ પાંચ વર્ષમાં બે જ વાર મળી છે. ત્યારે ૩૦ પોલીસ સ્ટેશનોમાં ૧૨૩૬ મહિલા પોલીસ ઇન્સ્પેક્ટરોની જગ્યા ખાલી છે ત્યારે હું અપેક્ષા રાખું છું. વિધવા સહાયની ૨૫૧૪૬ અરજીઓ નામંજૂર થઇ છે તેના ઉપર અપેક્ષા રાખું છું.

સભાપતિશ્રી : પ્રશ્ન રજૂ ન કરો. ખાલી અભિનંદન પૂરતું રાખો. આ અભિનંદન, શુભેચ્છા આપવા પૂરતો જ વિષય હતો. એટલે લિમિટેડ રાખો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આ બધી ગુજરાતની મહિલાઓની અપેક્ષાઓ માનનીય મુખ્યમંત્રીશ્રી ઇચ્છાઓ પૂરી કરે તેવી અપેક્ષા રાખું છું અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### આશ્રમશાળાનાં બાળકોનાં પુસ્તકો પસ્તીમાં વેચવા અંગે

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આદિજાતિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

તાજેતરમાં ખેડબ્રહ્મા તાલુકાની આશ્રમશાળાનાં ગરીબ બાળકોને વિનામૂલ્યે આપવાનાં થતાં પુસ્તકો વિદ્યાર્થીઓને નહિ આપતા તેને પસ્તીમાં વેચી દીધા છે. સરકારનાં ખર્ચે છપાયેલાં આ પુસ્તકો ગરીબ વિદ્યાર્થીઓને ન પૂરાં પાડતાં બારોબાર બહાર વેચી દેનાર જવાબદારો સામે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં

શ્રી મંગુભાઇ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : તા. ૨૬-૨-૨૦૧૬ અને તા. ૨૭-૨-૨૦૧૬ ના ટીવી અને વર્તમાનપત્રમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ખેડબ્રહ્મા દ્વારા સરકારી પાઠ્યપુસ્તકો પસ્તીમાં વેચી દેવાયાનાં સમાચારો પ્રસિદ્ધ થતા રાજ્ય સરકારે તાત્કાલિક એક ઉચ્ચ અધિકારીની ટીમ ઘટના સ્થળે મોકલી તપાસ કરાવેલ છે અને જિલ્લા કક્ષાએથી ત્રણ ટીમો બનાવી તમામ આશ્રમશાળાની તપાસ કરેલ છે. તપાસમાં માલુમ પડેલ છે કે ચાલુ શૈક્ષણિક વર્ષનાં અભ્યાસ કરી રહેલાં ૭૩૨૬ બાળકોને મળવાપાત્ર પાઠ્યપુસ્તકોનું દરેક બાળકને વિતરણ કરવામાં આવ્યું છે. આ બાબતની આશ્રમશાળા વાર સ્થળ ચકાસણી કરીને ખરાઇ કરાવવામાં આવેલ છે, આથી આશ્રમશાળાનાં ગરીબ બાળકોને વિનતામૂલ્યે આપવાનાં થતાં પુસ્તકો વિદ્યાર્થીઓને નહિ આપતાં તેને પસ્તીમાં વેચી દેવામાં આવ્યા હોય તેવું બનવા પામ્યું નથી.

ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ખેડબ્રહ્મા દ્વારા પાઠ્યપુસ્તક મંડળથી મળતાં પુસ્તકોનું જિલ્લાની દરેક આશ્રમશાળાઓને વિતરણ થાય છે. પસ્તીનાં પકડાયેલાં ટ્રકમાંથી જે પુસ્તકો મળી આવ્યાં છે, તે વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૧૪-૧૫ સુધીનાં ૧૨,૪૧૭ જૂનાં પુસ્તકો હતાં. જેની પોલીસ સ્ટેશન, શાહીબાગ, અમદાવાદ ખાતે યાદી તૈયાર કરી ખાતરી કરવામાં આવેલ છે. આ પુસ્તકો આશ્રમશાળાના કર્મચારી દ્વારા પસ્તી તરીકે વેચી દીધેલ હોવાની ઘટના છે.

આ બાબતની જાણ થતા રાજ્ય સરકારે તપાસ કરાવી કડક કાર્યવાહી હાથ ધરી છે. ઉત્તર બુનિયાદી

આશ્રમશાળા, ખેડબ્રહ્મા જ્યાંથી જૂના પુસ્તકો પસ્તીમાં વેચી દેવાયાં છે, તેના જવાબદાર આચાર્યશ્રી સામે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ ગુના નં.ફર્સ્ટ/૨૫/૨૦૧૬ થી દાખલ કરેલ છે. પોલીસ આગળની ફોજદારી કાર્યવાહી કરી રહી છે. આશ્રમશાળા અધિકારી, ખેડબ્રહ્મા દ્વારા સંસ્થા સંચાલિત ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળા સંસ્થાને અને આચાર્યશ્રીને નોટિસ આપેલ છે. આશ્રમશાળાની સંચાલક સંસ્થા ''સેવા નિકેતન'' ટ્રસ્ટના પ્રમુખ/મંત્રીશ્રીને રાજ્ય કક્ષાએથી કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો મેળવવાની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં, આદિજાતિ વિકાસ અધિકારી(આશ્રમશાળા) ખેડબ્રહ્માને આ ઘટના બાબતે નોટિસ પાઠવી ખુલાસો કરવા જણાવવામાં આવેલ છે.

આમ, મળેલ અહેવાલ પ્રમાણે ચાલુ શૈક્ષણિક વર્ષે અભ્યાસ કરી રહેલાં બાળકોને પાઠયપુસ્તકથી વંચિત રાખી પુસ્તકો પસ્તીમાં વેચી દેવાની ઘટના બની નથી. જે જૂના પુસ્તકો પસ્તીમાં વેચી દેવામાં આવેલ છે તે કૃત્ય માટે જવાબદારો સામે પોલીસ કાર્યવાહી સહિતનાં ખાતાકીય પગલાઓ રાજ્ય સરકારે તાત્કાલિક લીધેલ છે.

જવાબદાર આચાર્ય સામે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરી છે. પોલીસ આગળ ફોજદારી કાર્યવાહી કરી રહી છે. આશ્રમશાળા અધિકારી ખેડબ્રહ્મા દ્વારા સંસ્થા સંચાલિત ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળા, સંસ્થાને નોટિસ આપી છે. સંસ્થાએ પણ આચાર્યશ્રીને નોટિસ આપી છે. આશ્રમશાળાની સંચાલિત સંસ્થા 'સેવા નિકેતન' ટ્રસ્ટના પ્રમુખ અને મંત્રીને રાજ્ય કક્ષાએથી કારણદર્શક નોટિસ આપવામાં આવી છે અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. વધુમાં આદિજાતિ વિકાસ અધિકારી આશ્રમશાળાને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં શિક્ષણનું વેપારીકરણ થઇ રહ્યું છે તે આપણે બધા જાણીએ છીએ, પણ ગરીબ બાળકોને આપવામાં આવતાં પુસ્તકો પણ બારોબાર પસ્તીમાં વેચાય તે ગૃહ માટે દુઃખદ બાબત છે. ગત્ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ૫જ લાખનાં પુસ્તકો બારોબાર વેચાયાની ફરિયાદ થયેલી એનો જવાબ વિધાનસભા ગૃહમાં મળેલો. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તેમણે જવાબ આપ્યો છે કે આ પુસ્તકો ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫ નાં વર્ષનાં હતાં, તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫ નાં પુસ્તકો પસ્તીમાં વેચાયા, તો તે બાળકોને જે તે વર્ષે અભ્યાસ કરવા માટે પુસ્તકો આપવામાં આવેલાં કે કેમ? જો આ પુસ્તકો તેમને અભ્યાસ કરવા માટે આપવામાં આવેલાં તો આ પુસ્તકો આશ્રમશાળામાં જમા કેમ પડી રહ્યા? અને ત્રીજો સવાલ જો પસ્તીમાં વેચાયેલાં પુસ્તકો ચાલુ વર્ષનાં અભ્યાસક્રમનાં હતાં કે કેમ? હતાં તો નવાં પુસ્તકો કેમ આપવામાં આવ્યા તે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ટ્રકમાંથી પુસ્તકો પકડાયા છે તે ૮૯૮૯ પુસ્તકો છે. તેમાં વર્ષ ૨૦૧૨-૧૩ના ૨૮૧૬ પુસ્તકો, ૨૦૧૩-૧૪ના ૪૮૭૫ પુસ્તકો તથા વર્ષ ૨૦૧૪-૧૫ના ૧૨૯૮ પુસ્તકો તેમજ ૩૪૨૮ જેટલા પુસ્તકો રદ્દી ફાટી ગયેલા પુસ્તકો પકડાયા હતા. જે ૨૦૧૪ પહેલાંના જુના પુસ્તકો હતા. આમ કુલ ૧૨૪૧૭ જેટલા પુસ્તકો પસ્તીમાંથી વેચાયેલા પકડાયા છે. બાળકોને જે પુસ્તકો વિતરણ કરવાના હતા તે બધા જ પુસ્તકો વિતરણ થયેલા છે. આ જુના પુસ્તકો છે. જુના પુસ્તકો જયારે ઇન્ડેન્ટ ભરવામાં આવે ત્યારે જેટલા બાળકો હોય તેટલું ઇન્ડેન્ટ આપવામાં આવે છે અને બાળકને પુસ્તકો મળી ગયા પછી વિતરણ કરવાના જે પુસ્તકો બાકી રહ્યા હોય તેમાં એવો નિયમ છે કે ફરીવાર જયારે બીજા વર્ષ માટેનું ઇન્ડેન્ટ ભરાય ત્યારે એટલા પુસ્તકોની બાદબાકી કરીને તે પુસ્તકો આપવાના હોય છે અને તે પુસ્તકો પસ્તીમાં ગયા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે છેલ્લા બે-ત્રણ વર્ષથી કોર્સ બદલાયા નથી અને આ આશ્રમશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ફીકસ હોય છે. ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫માં જયારે આ વિદ્યાર્થીઓ ફીકસ હોય તેમ છતાં આટલા મોટા પ્રમાણમાં પુસ્તકો કઇ દ્રષ્ટિએ આપવામાં આવ્યા? મારો બીજો પ્રશ્ન એ છે કે જે રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ જે પુસ્તકો આપવામાં આવ્યા હતા તે પુસ્તકો જુના કોર્સ પ્રમાણેના હતા. તો પછી નવા સત્રમાં આ પુસ્તકોનો ઉપયોગ કેમ કરવામાં ન આવ્યો અને પસ્તીમાં કેમ વેંચી દેવામાં આવ્યા?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું તેમ જે જે વર્ગના જેટલા વિદ્યાર્થીઓ હોય છે તે પ્રમાણે પાઠય પુસ્તક મંડળમાંથી ઇન્ડેન્ટ પ્રમાણેના પુસ્તકો મળતા હોય છે. વિદ્યાર્થીની સંખ્યા હોય તે પ્રમાણે વિતરણ કરવામાં આવે છે. આ વિતરણ કર્યા પછી બાકીના જે પુસ્તકો છે તે ત્યાં જ રાખવામાં આવે છે. જયારે બીજા વર્ષનું ઇન્ડેન્ટ આપો તે વખતે આટલા ઓછા પુસ્તકો આપવાના થતા હોય છે. આ ૨૦૧૨-૧૩ થી માંડીને ૨૦૧૪-૧૫ સુધીના જુના પુસ્તકો હતા. ૨૦૧૫-૧૬નું એકપણ પુસ્તક તેમાં હતું નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સિમ્પલ હતો. જયારે કોઇ કોર્સ બદલાયો નથી અને ઇન્ડેન્ટ ભરીને આગળના વર્ષમાં તે પુસ્તકો આપવામાં આવે છે. ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી આ જુના પુસ્તકોનો ઉપયોગ આ ચાલુ સત્રમાં કરી શકાયો હોત. ૨૦૧૨ની અંદર ૨૮૧૬ પુસ્તકો માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં બતાવ્યા છે. આ

પુસ્તકો ખોટી રીતે વેડફાયા અને તેનો ઉપયોગ ૨૦૧૩ અને ૨૦૧૪માં કેમ ન થયો અને છેવટે ૨૦૧૫માં પણ કેમ ન થયો? આ પુસ્તકો પસ્તીમાં વેચી દેવામાં આવ્યા છે. આ તંત્રની ગેરરીતિ ચોખ્ખી દેખાઇ આવે છે તો આવા અધિકારીઓ સામે કડક રીતે પગલાં લેવામાં આવે અને આ પુસ્તકો કેમ વાપરવામાં ન્હોતા આવ્યા તેટલું જ જાણવું છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું  તે પ્રમાણે જે તે પુસ્તકો બચત પડયા હોય તે રાખવામાં આવે છે. માન્ય સંખ્યા હોય છે તેટલા પુસ્તકોનું જ વિતરણ થતું હોય છે. બાકી જે વધેલા પુસ્તકો હોય તે ત્યાં જ રહેવાના અને કોર્સ  બદલાય તો પાઠય પુસ્તક મંડળમાંથી નવા છપાઇને આવે છે. તે રીતે વિતરણ થયું છે. વિતરણ કરવામાં એકપણ વિદ્યાર્થી બાકી રહ્યો નથી. અમે ૬૫ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓ છે તે બધી જગ્યાએ ત્રણ ટીમ બનાવી એક એક સ્કૂલમાં ચકાસણી કરાવી છે.

શ્રી અશ્વિન  કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મારા મત વિસ્તારનો પ્રશ્ન છે. ઉત્તર બુનિયાદી સ્કૂલની અંદર ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના પુસ્તકની વાત છે. માનનીય મંત્રીશ્રીએ જાહેરમાં માફી માગવી જોઇએ  કે ટ્રાયબલ વિસ્તારની અંદર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની અંદર બે બે વર્ષ સુધી પુસ્તકો નથી આપી શકયા. મારો પ્રશ્ન એ છે કે ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ની અંદર ઉત્તર બુનિયાદીના વિદ્યાર્થીઓ પુસ્તકો માટે રાહ જોતા રહ્યા. બૂક સ્ટોર છે એ બૂક સ્ટોરો ઉપર પૂસ્તકો ન લાવ્યા તો આખા બે વર્ષ આદિવાસી વિસ્તારમં બૂનિયાદી બાળકોનો અભ્યાસ બગડ્યો તો એના માટે સરકાર જવાબદાર છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં મેં આગળ પણ કહ્યું છે તેમ એક પણ વિદ્યાર્થી ૨૦૧૨-૧૩થી અત્યાર સુધીમાં પૂસ્તક વગર રહ્યો નથી. અને મારે એ પણ કહેવું છે કે, બાળકોને સારી રીતે નિભાવ થાય, સારું શિક્ષણ મળે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય એની પણ રાજય સરકાર ચિંતા કરે છે. અત્યાર સુધી જે બાળકોને નિભાવ માટે ૧૦૦૦ રૂપિયા મળતા હતા એ માનનીય આનંદીબેનના સાનિધ્યમાં એક બાળક દીઠ ૧૫૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. આમ, નિભાવ ખર્ચમાં એક બાળક દીઠ ૫૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

જાહેર અગત્યની બાબત પર માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

ઇ-ગવર્નન્સ અને સ્વાગત ઓન લાઇન કાર્યક્રમને અસરકારક બનાવવા બાબત

શ્રી રમણલાલ  વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા  મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર અગત્યની બાબત પર વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ હું નિવેદન કરું છું.

રાજય સરકાર દ્વારા ગુડ ગવર્નન્સ અને ઇ-ગવર્નન્સના અનેક પગલાંઓ લેવામાં આવેલ છે. નાગરિકોના પ્રશ્નોનું નિરાકણ કરી સરકારી સેવાઓનો લાભ સુનિશ્ચિત કરતો રાજય સરકારનો સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ અમલમાં છે. રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરના કાર્યક્રમમાં તા. ૧-૩-૨૦૧૬ની સ્થિતિએ કુલ મળેલ ૩,૯૩,૯૧૨ અરજીઓ પૈકી ૩,૬૭,૦૬૯ જેટલી અરજી/ફરિયાદોનો નિકાલ કરી ૯૩.૧૯ ટકાની સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. નાગરિકોને નિયત કરેલ સેવાઓ ત્વરિત પ્રાપ્ત થાય તે માટે એપ્રિલ ૨૦૧૧માં તાલુકા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ જનસેવા કેન્દ્ર/એટીવીટી કેન્દ્રો પણ ઉભા કરવામાં આવેલ છે. જેમાં લોકસંપર્ક દ્વારા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે છે. તા. ૧-૩-૨૦૧૬ની સ્થિતિએ બધા જ તાલુકાઓમાં કુલ મળી ૨,૩૫,૯૭,૬૧૦ અરજીઓ મળેલ હતી, જે પૈકી ૨,૩૪,૮૩,૭૯૬ અરજીઓનો નિકાલ કરી રાજય સરકારે ૯૯.૫ ટકાની સિદ્ધિ હાંસલ કરેલ છે.

માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબેન પટેલે સત્તાનું સુકાન સંભાળ્યા બાદ રાજયના વિકાસને નવો રાહ મળેલ છે. રાજયના નાગરિકોની ફરિયાદો/રજૂઆતોનું નિરાકરણ સ્થાનિક કક્ષાએ જ થાય તે માટે રાજયના દરેક જિલ્લામાં દર માસે વારાફરતી દરેક તાલુકામાં લોકસંવાદ સેતુનો કાર્યક્રમ ૧-૮-૨૦૧૪થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત નાગરિકોના ૮૭.૫ ટકા જેટલા પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવેલ છે. રાજયના છેવાડાના નાગરિકો સુધી સરકારી સેવાઓ ઝડપથી મળે તે માટે સરકાર પ્રતિબધ્ધ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા અમલમાં મૂકાયેલ ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસના પ્રથમ તબક્કામાં ૧૩૮ ટકા સિદ્ધિ અને ગતિશીલ ગુજરાત દ્વિતિય તબક્કામાં ૧૨૬ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે, અને ગતિશીલ ગુજરાતનો ત્રીજો તબક્કો પૂરો થતાં તેમાં પણ ૧૦૦ ટકા ઉપરાંતની સિદ્ધિ પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ છે. જે પુરવાર કરે છે કે રાજય નાગરિકોને ઝડપથી સેવાઓ ઉપલબ્ધ કરવાના રાહ ઉપર અગ્રેસર છે.

આ જ અભિગમ અન્વયે નાગરિકોને વહીવટી તંત્ર દ્વારા સેવાઓ અસરકારક રીતે અને સમયસર પ્રાપ્ત થાય અને નાગરિકો હકથી સેવા મેળવી શકે તેવા હેતુસર ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ ૨૦૧૩ પસાર કરવામાં આવેલ છે. આ અધિનિયમની જોગવાઇનો અમલ કરવામાં સરળતા રહે તે માટેના નિયમો પણ તા.૨૬-૨-૨૦૧૪ના રોજ અસાધારણ રાજયપત્રમાં પ્રકાશિત કરાયેલ છે. હવે ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમની કલમ-૩ની જોગવાઇ અનુસાર નાગરિકોને તા.૧-૪-૨૦૧૬થી સેવાઓ ઉક્ત કાયદા હેઠળ પ્રાપ્ત થાય તેવો રાજય સરકારે નિર્ણય કરેલ છે.

આમ થતાં રાજય સરકારના કુલ ૧૮ વિભાગોની ૨૭૫ સેવાઓ નાગરિકોને અધિકારની રૂએ પ્રાપ્ત થશે. તબક્કાવાર વધુ સેવાઓનો સમાવેશ પણ કરવામાં આવશે. આ સેવાઓમાં નાગરિકલક્ષી, વિદ્યાર્થીલક્ષી, આરોગ્યલક્ષી, મહેસૂલ, પંચાયતને લગતી સેવાઓ તથા નબળા વર્ગોના સામાજિક આર્થિક ઉત્થાન સંબંધી સેવાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

દરેક વિભાગ કલમ–૪ હેઠળ સેવાની યાદી આવરી લેતુ જાહેરનામું પ્રકાશિત કરશે. વિભાગ હસ્તકની સંબંધિત કચેરીઓ પોતાને ત્યાં નિર્દિષ્ટ અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી અને અપીલ અધિકારી, દરેક સેવા માટે જાહેર કરશે. કલમ–૧૧ હેઠળ રાજય અપીલ સત્તામંડળની રચના કરવામાં આવશે જેમાં નાગરિક બીજી અપીલ કરી શકશે.

આમ, આ અધિનિયમનો તા.૧–૪–૨૦૧૬થી અમલ કરી રાજય સરકારે નાગરિકોના હિત અને હક્કોનું રક્ષણ કરી વહીવટીતંત્રને વધુ લોકાભિમુખ બનાવવાના નેમને આગળ ધપાવતાં એક સ્તુત્ય પગલું ભરેલ છે.

સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૮

## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૬

સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વતી ) : માનનીય અધ્યક્ષશ્રી, * રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ૧૮,સન ૨૦૧૬ના ગુજરાત પૂરક વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરુ છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ૧૮–સન ૨૦૧૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા કરવા અંગે

સભાપતિશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ–૩ સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૫–૧૫ સુધીનો છે. આજથી વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલાં એટલે કે સાંજના ૪–૧૫ કલાકે પૂરક વિનિયોગ વિધેયક પરની સમગ્ર ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની થાય. પરંતુ આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન–૨૦૧૬–૨૦૧૭ના વર્ષના અંદાજપત્રની ચર્ચાના ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી કલમ– ૨૩૯ હેઠળ મને મળેલી સત્તાની રૂએ નિયમ ૨૩૮–(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે બપોરના ૨–૦૦ વાગ્યા સુધીનો સમય ઠરાવુ છું. પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે જે ત્રણ સભ્યશ્રીઓ મુદ્દા આપ્યા છે તે દરેક સભ્યશ્રીને ચર્ચા માટે પાંચ મિનિટનો સમય ઠરાવુ છું. તદ્અનુસાર આ મુદ્દાઓની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એમાં ખાસ કરીને પૂરક માગણીઓમાં અતિભારે વરસાદથી મૃત્યુ પામેલા તેમજ અસરગ્રસ્ત પરિવારોને જરૂરી આર્થિક સહાય પૂરી પાડવા માટેની છે પરંતુ એમા તંત્ર સાવ નિષ્ફળ ગયું છે.

ખાસ કરીને જુલાઇ મહિનામાં ગુજરાતના ખાસ કરીને બનાસકાંઠા, પાટણ, કચ્છ અને અમરેલી જિલ્લામાં અતિભારે વરસાદ થયો એના લીધે ખૂબ જ નુકસાન થયું હતું. સરકાર એના માટે સ્પેશ્યલ જોગવાઇ કરતી હોય છે. ખાસ કરીને અમારી પાર્ટીના ધારાસભ્યશ્રીઓ અને ભૂતકાળમાં પણ મેં સૂચન કરેલું કે સરકારશ્રીનો ૫૦ ટકાનો નિયમ છે, ૫૦ ટકા નુકસાન થાય તો જ એને સહાય મળે એનાથી ઓછું નુકસાન થાય તો ન મળે પણ સરકારશ્રીએ ૩૩ ટકાની અમારી માંગ સ્વીકારી એ બદલ અભિનંદન આપું છું. ખાસ કરીને એ કહેવું છે કે સરકાર બજેટમાં જોગવાઇ કરતી હોય અને પૂર તથા વાવાઝોડાની સ્પેશ્યલ જોગવાઇ થતી હોય છે આ વખતે ૧૩૩૧ કરોડની જોગવાઇ અને ૧૨૩૧ કરોડ રૂપિયાની પૂરક માગણી સરકાર લઇને આવી છે ત્યારે ૨૫૬૨ કરોડ રૂપિયા વાપરવાના છે. મને એ વાતનું દુઃખ છે કે જયારે પાટણ અને બનાસકાંઠામાં અમારા પાર્ટીના પ્રમુખ ભરતસિંહ સોલંકીની આગેવાની નીચેની

---

* વિધેયક સન ૨૦૧૬ની ૨જી માર્ચના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે..

એક ટીમ  તમામ ધારાસભ્યશ્રીઓ,  જુદા જુદા વિસ્તારની ટીમ બનાવીને  ફર્યા  હતા  ત્યારે  મને યાદ છે કે છેક સાંતલપુરનું છેવાડાનું ગામ છે, વાવ થરાદ વગેરે વિસ્તારમાં જોઇતાભાઇ, ગોવાભાઇ વગેરે  જાતે ગયા હતા. માનનીય નીતિનભાઇ,  માત્ર  પોલિટિકલી નહિ રીયાલીટીની વાત કરું  તો છેવાડેથી કદાચ  તાલુકામાં  જઇએ પણ સાતલપુરથી ૫૦ કિલોમીટર દૂર જાવ તો ત્યાં શું પરિસ્થિતિ  છે રોડ તૂટી ગયા પછી લોકોની શું સ્થિતિ થતી હોય છે અને વાવાઝોડામાં સૌથી વધારે નુકસાન ઢોરોનું થયું,  લાખો ઢોરો તણાઇ ગયા  એનું પંચનામું વગેરે કરવા  માટે  અમારે  પાટણ જિલ્લામાં પ્રતિક ઉપવાસ ઉપર   બેસીને કલેકટરશ્રીને બે વખત મળીને કહેવું પડ્યું કે જલદીમાં જલદી પંચનામું થાય અને લોકોને તાત્કાલિક સહાય મળે એના માટે વ્યવસ્થા  કરે.  મારે દુઃખ સાથે કહેવું પડે કે જેટલા લોકોના ઢોર તણાઇ ગયા,   એમાં માત્ર ગમતા  લોકોના પંચનામા થયા અને એવા લોકોને જ સહાય પ્રાપ્ત થઇ છે. આજે જે લોકોને  સાચુ નુકસાન થયું છે એમને સહાય મળી નથી.  ૨૪૨  માણસોના મૃત્યુ થયા અને ૧ લાખ  ૫ હજાર  ઢોરો મૃત્યુ પામ્યા   છે.  એથી પણ વધારે જમીનનું  નુકસાન થયું છે.  એ જમીન ઉપર  ખૂબ વરસાદ પડવાથી પાંચ–છ ફૂટ ખાડા પડી જાય  ત્યારે એ  જમીન સમતોલ કેવી રીતે થાય  એના માટે સરકારે  સહાય આપવી જોઇએ  એ  સહાય આજ દિન સુધી આપવામાં આવેલ નથી. ૨૪૨  કરોડ રૂપિયા  અસરગ્રસ્તોને ચૂકવવાના હતા,  પશુ સહાય માટેની રકમ  હતી એમાં  હજી  ૫૦ ટકા વાપરેલ નથી. જે મૃત્યુ પામેલ છે એવા લોકોની ઘરવખરી માટેની સહાય,  નાના સિમાંત ખેડૂતોની ઘરવખરી  સાફ થઇ ગઇ છે એના ૧૩૪ કરોડ રૂપિયા મંજૂર  કરેલ છે  એની પણ  આજ દિન સુધી  સહાય ચૂકવાયેલ નથી.  એથી આગળ વધીને જે નાના ખેડૂતો છે એના માટેના  ૬૩૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે એ પણ  આપવામાં આવેલ નથી.    અમારે ધ્યાન દોરવું છે કે અમારા કોંગ્રેસના ૩૨ ધારાસભ્યોએ  ચીફ સેક્રેટરીને  મળીને રજૂઆત કરી હતી કે આ કોઇ પાર્ટીનો પ્રશ્ન નથી પણ  પ્રજાનો પ્રશ્ન છે  તેથી આપણે સૌ  સાથે મળીને કામ  કરીએ.  તેમાં લોકોને આપત્તિ પડી હોય એવા લોકોને આપણે સહયોગ આપી શકીએ  એવી સિસ્ટમ થાય. ત્યારે આજે એવી સિસ્ટમ થતી નથી અને તેમને વહેલી તકે સહાય ચુકવાતી નથી એવી સ્થિતિ થઇ છે. માટે મેં સરકારશ્રીનું ધ્યાન દોરવા માટે સ્પષ્ટપણે કહ્યું છે કે તમે બનાસકાંઠામાં આજે પણ જાવ. ભૂતકાળમાં અમારા જોઇતાભાઇ બૂમ પાડતા હોય છે કે અમારી સ્થિતિ આ છે. આજે પણ પાટણમાં જાવ, અમરેલીમાં જાવ તો આવું જયાં જયાં નુકસાન થયું છે ત્યારે હું સરકારશ્રીને વિનંતી કરું છું કે જયારે પૂરક માગણીમાં ૧૨૦૦ કરોડથી ઉપરનું બજેટ લઇને આવ્યા હોય ત્યારે સરકારે તાત્કાલિક જેટલા લોકોને સહાય બાકી છે, જેને સરકારે કહી દીધું છે કે આટલા પૈસા અમારે ચૂકવવા છે તો તેના પૈસા તાત્કાલિક ચૂકવાઇ જાય. એવી કેટલીય અરજીઓ પડી છે કે જેને અન્યાય થયો હોય. જે એમ કહેતાં હોય કે મારું ઢોર મરી ગયું છે, મારું આમ છે, તેમ છે. એવા લોકોની રજૂઆત પણ તાત્કાલિક ધ્યાનમાં લેવાય અને એવા લોકોને માટે તાત્કાલિક ફરી સરવે કરીને એ લોકોને પૈસા પ્રાપ્ત થાય એવી સરકારને વિનંતી કરું છું. આ જે ધારાધોરણો છે. અત્યારના સમયમાં એવું છે કે એક ગાયની કિંમત એ ૧૫,૦૦૦ રૂપિયા હોય, એક ગાયની કિંમત ૩૫,૦૦૦ રૂપિયા હોય અને એક ગાયની કિંમત ૭૦,૦૦૦ રૂપિયા પણ હોય. એ જ રીતે ભેંસો અને બીજાં પશુઓમાં પણ એ જ સ્થિતિ હોય છે. આપણાં જે ધારાધોરણો છે તેમાં ફીક્સ છે કે અમે આટલા જ પૈસા આપીશું. ખરેખર સરકારે આ બાબતે પણ ચિંતન કરવું જોઇએ. તેમાં નક્કી કરવું જોઇએ કે આ જે ધારાધોરણો છે એ પણ ઝડપથી બદલીને જે લોકોને આટલું મોટું નુકસાન થયું હોય એ લોકોને આપવા માટે હું સરકારને વિનંતી કરું છું અને કહું છું કે આ બધું ભૂલીને છેક છેવાડાના પાટણ અને બનાસકાંઠા. પાકિસ્તાનને જોડતો રણ વિસ્તારમાં આવેલો વિસ્તાર છે. માટે સરકાર એની ઝડપથી ચિંતા કરે એવી વિનંતી.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયકમાં મારા સૂચનો કરવા ઉભો થયો છું. શ્રી બલવંતભાઇએ વાત કરી એમ બનાસકાંઠામાં ધોવાણ વધારે થયું હતું. પૂરનું  પણ પાણી વધારે હતું. મેં જાતે સ્થળ પર જોયેલી વાત અહીં કહું છું. જે જમીનનું ધોવાણ છે એમાં વધુમાં વધુ બે હેકટરમાં  આપવામાં આવે છે એ બરાબર છે પરંતુ સ્થળ પર જે ખેડૂતનું ચાર હેકટર જમીનનું ધોવાણ થયું છે. નદીનું વહેણ કંઇ બધે જતું નથી. બધે ખાડા પડતા નથી. પરંતુ જે વહેણ ચાલુ છે એ ખેડૂતના ખેતરમાં ૧૦ ફૂટ ખાડો થયો, એટલે કે નદી જેવું વહેણ આખું થઇ ગયું છે તો સ્થળ પર જઇએ તો ખેતર દેખાતું જ નથી. ત્યાં નદી જ દેખાય છે. જે માણસને એના બે હેકટર રિપેર કરવામાં બે થી ત્રણ લાખ રૂપિયા જોઇએ તેને પણ આપણે ૨૫ હજાર રૂપિયા આપીએ છીએ. બાજુમાં ખાલી પાણી ફર્યું છે તેને પણ આપણે ૨૫ હજાર રૂપિયા આપીએ છીએ. એટલે ખરેખર જરૂરિયાત છે કે જે મોટું નુકસાન થયું છે તેની સ્થળ તપાસ કરીને આપવામાં આવે તો એ ખેડૂતને ખરેખર રાહત મળશે. જયાં વહેણ સીધું જ ચાલ્યું છે એમાં વચ્ચે ચાર–પાંચ ખેડૂત કે ચાર–પાંચ ગામ કપાઇ ગયા કે તારા ફોર્મ નથી મળ્યા, ખોવાઇ ગયા છે. એમ કરીને તેને કશું મળ્યું જ નથી. તેના ખેતરમાં શું ઉપરથી પાણી જતું રહ્યું? ઘણી જગ્યાએ આખું ગામ જ અંદર રહી ગયું. ચારેબાજુના ગામ આવી ગયા અને વચ્ચે ગામ રહી ગયું. કેમ રહી ગયું? તો કહે કે તારું અછતમાં નથી. તમે નકશો જૂઓ તો ખબર પડે કે આખી નદીનું વહેણ ચાલ્યું છે ત્યાં પાણીએ વચ્ચે ગામ છોડી દીધું કે શું? એ પણ ખરેખર જોવાની જરૂર છે. બનાસકાંઠામાં જે મોટા વહેણની અંદર ઘણા ખેડૂતોના બોર ફેઇલ થઇ ગયા છે. પાણીના ધોવાણથી બોરને સાઇડમાંથી ખાલી કરીને આખો બોર ફેઇલ થઇ ગયો છે, એ

જી.આર.માં જ નથી. અધિકારી પાસે જઇએ કે આ ખેડૂતનો ૧૦–૧૫ લાખનો બોર ફેઇલ થઇ ગયો છે તો કહે કે એ અમારા જી.આર.માં નથી. ઘણી વખત જઇએ ત્યાં ખેતર સાફ થઇ ગયું છે. તો કહે કે ૨૫ હજાર જ મળશે. આમાં ખરેખર અસમાનતા છે. ખેડૂત પોતે કહે છે કે સરકારના આ કેવા નિર્ણયો છે, જેનું સાફ થઇ ગયું છે તેનું કોઇ પૂછતું નથી. જે પશુઓની વાત આવી તો પશુ કેટલાય મરી ગયા, હું જાતે સાક્ષી છું. તમારા અધિકારીઓની સામે કહેવડાવું. ચાર–પાંચ દિવસ તો ગામોમાં જઇ શકાય એવી હાલત નહોતી. જયાં મૃત પશુ છે ત્યાં રોગચાળો ફાટશે. તમે જે.સી.બી. લાવીને તેને દફનાવી દો. બધા ખેડૂતોએ જયાં જયાં બે પશુ મરી ગયા, પાંચ પશુ મરી ગયા એમને દફનાવી દીધા. આપણો પરિપત્ર કેવો આવ્યો, ડોક્ટરે પોસ્ટમોર્ટમ કર્યું હોય તો જ વળતર મળે. માનનીય અધ્યક્ષશ્રી, એ દિવસે તો ડોક્ટર શું, માણસને જીવવાની પડી હતી. કોઇ ડોક્ટર જઇ શકે તેમ નહોતા. કોઇ ગયા છે ખરા? એ પોસ્ટમોર્ટમ કરાવવા રહે તો રોગચાળાથી ગામ પણ મરી જાય. એ હાલત હતી તેમ છતાં બધા જિલ્લાના ધારાસભ્યશ્રીઓએ ભેગા થઇને નક્કી કર્યું કે, કે ગ્રામસભા ભરો. ગામમાં પૂછો કે કોના મરી ગયા છે? અને તમને વિશ્વાસ ન આવે તો કાયદાથી નહીં પણ દેશી ભાષામાં સોગંદ ખવડાવો કે તારા મર્યા છે? એમ કરીને સરવે કરીને લિસ્ટ મૂક્યું છે. એકપણ પશુનો પૈસો મળ્યો નથી. એકપણ ખેડૂતને મળ્યો નથી. એ બધા એમનેએમ ટાંપીને બેઠા છે કે ઢોર મરી ગયાનું વળતર આવે છે. આપણે વળતર માટે કહીએ છીએ કે આટલા કરોડ ચૂકવ્યા. પેલો એમ કહે છે કે મારો બોર ફેઇલ થઇ ગયો, મારા ઢોર મરી ગયા અને જમીન પણ ધોવાઇ ગઇ. મને તો રૂપિયો પણ મળ્યો નથી. શેના આટલા કરોડ ચૂકવ્યા? એટલે તમારા પૈસા ચૂકવેલા લેખે લગાડવા હોય તો સાચી વાત એ છે કે તમે એક કમિટિ બનાવો, માનનીય મંત્રીશ્રીઓની બનાવો. એમને ટાઇમ ન હોય તો ધારાસભ્યની બનાવો. ધારાસભ્યની કમિટી જુએ કે આવી વિસંગતતા થઇ છે કે કેમ? જે ખરેખર સાચો અસરગ્રસ્ત ખેડૂત રહી ગયો છે, પૂરો પાયમાલ થઇ ગયો છે, એની તપાસ કરે. આજેપણ એ ખાડા પડ્યા છે એ પૂરી શક્યો નથી. એ પરિસ્થિતિને લઇને એ ચૂકવી શકાય એવું પણ સરકાર કરશે તો ખેડૂતના આશીર્વાદ મળશે. બાકી અત્યારે આંકડા આવશે. બધું પૂરું થાય એટલે બસો કરોડ, ત્રણસો કરોડ રૂપિયા ચૂકવ્યા. પેલો તો ત્યાંને ત્યાં જ છે. એને વીસ હજાર પણ મળ્યા નથી. એટલે સાચી હકીકત લઇને ખરેખર ઘણી જગ્યાએ ફોર્મ આપ્યા. એ વખતે ઘણા અધિકારીએ એમ કહ્યું કે એક જ મળશે. પાકના મળશે, જમીન ધોવાણના નહીં મળે. એટલે ખેડૂતે એક જ ફોર્મ આપ્યું . હવે કહે કે તારું ફોર્મ જ આવ્યું નથી. એનો પાક ધોવાઇ ગયો છે એનું વળતર આપો છો તો એની સાથે જમીન પણ ધોવાઇ છે. જમીન ધોવાણના પૈસા આપો છો તો પછી પાક ધોવાણના કેમ આપતા નથી? જમીન ધોવાણ થઇ છે. તમે કહો છો. પાક ધોવાણ નથી થયું તો શું થયું છે? એટલે ઘણી બધી ક્ષતિઓ આની અંદર છે. બધા ખેડૂતોને તકલીફ છે. ફોર્મ આપતી વખતે કોઇ રસીદ આપતું નથી. કેટલાય ગામમાં ૧૦૦ ટકા અમે ફોર્મ આપ્યા છે. પણ તમારા અધિકારી છે એ કહે છે કે મારી પાસે ફોર્મ નથી. હવે એની સાબિતી કઇ રીતે કરવી? એક ગામ માટે એની તાલુકા લેવલની ઓફિસમાં ગયા. જે જૂના ઓગસ્ટ મહિનાના ફોર્મ ભરેલો થપ્પો પડ્યો હતો એમાં એમણે જાતે કાઢીને ફોર્મ આપ્યા. તો પણ એ કહે કે તમે લેઇટ આપ્યા છે. ઉતારા પણ એ તારીખના છે. એટલે મારે ન કહેવું જોઇએ પણ ઘણા ફોર્મ એવા છે કે છેલ્લી તારીખ સુધી એ લઇને પૈસા ચૂકવવામાં આવ્યા છે. હવે એની પાછળનો આશય ક્યો છે? એની સરકાર તપાસ કરે. સરકારે ખેડૂતને મદદ કરવી હોય તો ધારાસભ્યની કમિટી બનાવો, તમને લાગે એ ધારાસભ્યોની કમિટી બનાવો. એમાં બે અધિકારીઓ લો અને ખાલી ૨૫ ટકા સરવે કરો. અમે દરેક ધારાસભ્યો તમને માહિતી આપીશું કે આટલા આટલા ગામોમાં ખાલી ૧૦, ૨૦ ટકા તપાસ કરો તો પણ તમને ખ્યાલ આવશે કે ખેડૂતની કઇ હાલત છે અને આપણે ક્યાં ચૂકવીએ છીએ? આવી ઘણી બધી ક્ષતિઓ મારા જિલ્લાની અંદર રહી ગઇ છે અને મારી સૌને વિનંતી છે કે આમાં કમિટી બનાવીને તપાસ થવી જોઇએ. કારણ કે પૂરું વળતર જે મળવાપાત્ર છે એને મળ્યું નથી અને જ્યાં નદી જેવા વહોળા પડી ગયા છે, બોર ફેઇલ થયા છે એને પૂરું વળતર મળવું જોઇએ. સ્થળ તપાસીને, પંચનામું કરીને જાતે મંત્રીશ્રી કે એમના આઇએએસ અધિકારી અને ધારાસભ્યોની કમિટી બનાવીને જુએ અને એમને લાગે કે ખરેખર આ ખેડૂત આખી જમીન વેચે તો પણ એનું પૂરું નહીં થાય એ પરિસ્થિત છે એટલે કમિટી બનાવી સરવે કરાવવા માટે મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વતી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક માગણીઓ ઉપર માનનીય બલવંતસિંહજી અને ગોવાભાઇએ પોતાના સૂચનો રજૂ કર્યા છે. માનનીય બલવંતસિંહજીએ રાજ્ય સરકારે જે સહાયના ધોરણોમાં ૫૦ ટકાના બદલે ૩૩ ટકા કર્યા એ બદલ આભાર માન્યો એ બદલ હું સરકાર વતી એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી હોનારત આવે, પૂર આવે, ધરતીકંપ થાય એટલે કોઇપણ પ્રકારની વ્યવસ્થામાં અડચણ થાય. આવા બનાવો બને ત્યારે રાજ્ય સરકારના નક્કી થયેલા ધોરણો પ્રમાણે અનેક પ્રકારની સહાય રાજ્ય સરકાર ચૂકવતી હોય છે. આ વખતે બનાસકાંઠા, પાટણ અને અમરેલી જિલ્લામાં અણધાર્યો ભારે વરસાદ થયો. રાજસ્થાનમાં પણ ભારે વરસાદ પડ્યો. એના કારણે બનાસકાંઠામાં આવેલ નદીમાં ભારે પૂર આવ્યું. એના કારણે નદીઓ ઓવર ફ્લો થઇ, ડેમ ઓવર ફ્લો થયા અને કદી કલ્પના પણ ન કરી હોય એવી તારાજી થઇ. એમની વાત સાચી છે અને

આ સરકારની વાત પણ સાચી છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તાત્કાલિક બધા જ પગલા લેવાની શરૂઆત એજ દિવસે અમે કરી. અમરેલીમાં જ્યારે પૂર આવ્યું, જઇ શકાય એવી સ્થિતિ ન હતી. એ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી, અમારા પાણી પુરવઠા મંત્રી અને અત્યારના અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી વિજયભાઇ રૂપાણી અને અન્ય મંત્રીશ્રીઓ સાથે અમરેલીની મુલાકાત લીધી. બનાસકાંઠામાં પ્રથમ દિવસે જ પૂર વખતે જઇ શકાય એવી સ્થિતિ નહતી, તો મોટરકાર દ્વારા ગાંધીનગરથી પાલનપુર સુધી પહોંચ્યા અને ત્યાં મિટિંગ કરી અધિકારીઓની. એ મિટિંગમાં હું પણ ઉપસ્થિત હતો અને તાત્કાલિક બધા જ પગલાં લેવાયા, અસરગ્રસ્ત વ્યક્તિઓને તમામ સહાય વહેલી તકે અપાય અને કોઇ પૂરમાં ફસાઇ ગયા હોય તો એમનો જીવ ન જાય, એમને સલામત રીતે બહાર કાઢ્યા એ બધું જ આયોજન કર્યું. મારે આજે આભાર માનવો છે ભારત સરકારનો પણ કે માનનીય વડાપ્રધાનશ્રીએ પણ મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરી. માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજીએ પણ તાત્કાલિક આપણને હવાઇ દળની હેલિકોપ્ટરની વગેરે સેવાઓ પુરી પાડીને આપણે ત્યાં મોકલી આપ્યા. અને પહેલું જે સરકારનું પ્રાયોરીટી કામ હતું કે ફસાયેલાને બચાવવા. તો સેંકડો લોકોને એકફોર્સ દ્વારા, નાવડીઓ દ્વારા, આપણી એસ.આર.પી. દ્વારા, આપણી ટીમો દ્વારા બચાવવાનું કામ કર્યું. બધા પક્ષોના કાર્યકરોએ પણ કામ કર્યુ, બધા ધારાસભ્યોએ પણ સમય આપ્યો, ધાર્મિક સંસ્થાઓએ પણ ખૂબ મોટું કામ કર્યું અને બધાને ભોજન મળે એના એજ દિવસે એવી પણ આપણે વ્યવસ્થા કરી. જેમની ઘરવખરી તણાઇ ગઇ, ડૂબી ગઇ, પલળી ગઇ એને આપણે મદદ કરી અને બધા ને બધા જ પ્રકારની સહાય આપણે આપી. ત્યારે સ્વાભાવિક છે કે, દર વર્ષે આપણે બજેટમાં નિયમિત જોગવાઇ કરતા હોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પણ અમરેલી અને બનાસકાંઠામાં જે પૂર આવ્યું એમાં આ વખતે અમારી ભારતીય જનતા પક્ષની શ્રીમતી આનંદીબેન પટેલની સરકારે બે અગત્યના જે નિર્ણયો કર્યા, એ આવનાર સમય માટે ગુજરાતને ખૂબ ઉપયોગી થશે. એક તો ભારત સરકારે પોતે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ અને ભારત સરકારે જે સુધારા કર્યા, અહીંયા ટીકા કરે છે, મારે રાજકીય રીતે નથી કહેવું, ભૂતકાળમાં એવું હતું કે, જે ખેડૂતોને નુકસાન થાય એ પચાસ ટકા કરતાં આવકમાં નુકસાન થયું હોય, પાકને નુકસાન થયું હોય, જમીનને નુકસાન થયું હોય, ઓગણપચાસ ટકા થયું હોય તો કોઇ મદદ ના મળે, પચાસ ટકા ઉપર એકાવન ટકા થાય તો જ ખેડૂતોને મદદ મળે એવી જુની યુ.પી.એ. સરકાર હોય કે અગાઉની કોઇ પણ સરકાર એવી ભારત સરકારની આ વ્યવસ્થા હતી, એના નિયમો હતા અને એ પ્રમાણે ભારત સરકાર આપણને બજેટ અને ગ્રાન્ટ ફાળવતી હતી પણ મારે માનનીય નરેન્દ્રભાઇનો અને કેન્દ્ર સરકારનો પણ આ તબક્કે આભાર માનવો જોઇએ કે, સમગ્ર ભારતમાં આ સહાયના ધોરણોમાં ભારત સરકારે સુધારો કર્યો. રકમમાં પણ વધારો કર્યો એટલે મોટી રકમનની જોગવાઇ આપણે વધારી જે ભારત સરકારના બજેટમાંથી આપણે નાગરિકોને, આપત્તિગ્રસ્ત, અસરગ્રસ્તોને, ખેડૂતોને, પશુપાલકોને બધાને આપણે આપી શક્યા.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, આપણે કેમ વધારાની માગણી કરવી પડી છે ? તો આપણે જે વ્યવસ્થા કરતા હતા એ પચાસ ટકાના ધોરણ પ્રમાણે કરતા હતા. બીજું, પહેલા નિયમ એવો હતો અને અત્યારે પણ ભારત સરકારનો આખા દેશમાં તો નિયમ જ એવો છે કે, પશુઓ માટે જે સહાય મળે એ ફક્ત ત્રણ પશુઓ માટે મળે. કોઇના દસ પશુઓ ખેંચાઇ ગયા હોય તો ના મળે, પાંચ પશુઓ ખેંચાઇ ગયા હોય તો ના મળે, ત્રણની જ મળે. માનનીય મુખ્યમંત્રીએ એ વખતે માનનીય ગોવાભાઇએ કહ્યું એટલે હું કહું છું કે, મારી અધ્યક્ષતામાં અમારા મંત્રીશ્રીઓની એક કેબીનેટ સબ કમિટિ બનાવી એમાં દરેક વિભાગના સિનિયર સચિવો સહિતના, નાણા વિભાગ સહિતના અધિકારીઓ રાખ્યા અને અમે જે સુધારાઓ સુચવ્યા, પહેલું પૂર અમરેલીમાં આવ્યું હતું તો અમરેલીથી આપણે આ સુધારાઓ શરૂ કર્યા કે, ત્રણના બદલે ચાર પશુ સુધી સહાય આપવી, ત્રીસ હજાર હતી એની વધારાની રકમ કરવી, ઘરવખરીની સહાય વધારવી, કેશ–ડોલ્સની સહાય વધારવી, કેશ–ડોલ્સમાં પણ સળંગ દસ દિવસનું એક સાથે આપી દેવું. આ બધા પ્રમાણમાં આપણે સુધારાઓ કર્યા. જમીન ધોવાણમાં કેટલાક પ્રકાર એવા કે જેમાં ભૂતકાળમાં કોઇ સહાય મળતી નહતી, એ પ્રકાર આપણે ઉમેર્યા અને એમાં સહાયમાં આપણે વધારો કર્યો એટલે મોટા પ્રમાણમાં આપણે બધો કામ કર્યું છે. અમારા મંત્રીશ્રી શંકરભાઇ ત્યાંના પ્રતિનિધિ છે, પહેલા જ દિવસથી ત્યાં હતા. કચ્છમાંથી પણ આપ બધા કચ્છના ધારાસભ્યશ્રીઓ અને સમાજ સેવાના સંગઠકોએ સહાય કરી. સમગ્ર ગુજરાતમાંથી સહાય થઇ, સરકારે પણ કરી, ભારત સરકારે પણ મોટી સહાય કરી આ બધું કર્યા છતાં પણ આ રકમમાં આજે વધારાની માગણી એટલા માટે કરવી પડે છે કે ભૂતકાળમાં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી એણે જે સુધારા અસરગ્રસ્તો માટે, ખેડૂતો માટે, પશુપાલકો માટે નહોતા કર્યા, આ પહેલું પૂર નહોતું ગુજરાત માટે. ગુજરાતમાં ભૂતકાળમાં અનેક પૂર આવી ચૂકયા છે પણ એ વખતની કેન્દ્ર સરકારે ૫૦ ટકા નુકસાન હોય તો જ સહાય કરીશું એવું જડ વલણ રાખ્યું હતું એના કારણે આપણે ગુજરાતના ખેડૂતોને, અસરગ્રસ્તોને કે પશુપાલકોને સહાય નહોતા આપી શકતા પણ ખરેખર બલવંતભાઇએ આભાર માન્યો, ગોવાભાઇએ પણ માનવો જોઇએ. હજારો પશુઓને ભેંસો હોય, ગાયો હોય, બકરા હોય, ઘેટા હોય, ઉંટ હોય દરેકના સહાયના ધોરણ સુધાર્યા ખેડૂતો માટે પણ સહાયનું ધોરણ સુધાર્યું. બીજું, બે હેકટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતને પહેલા સહાય નહોતી મળતી, ભારત સરકાર અત્યારે પણ નથી

આપતી પણ આપણે ખેડૂતોની સ્થિતિ ઘ્યાનમાં રાખી બે હેકટરથી પણ વધુ જે ખેડૂતો જમીન ઘરાવતા હોય એમને નુકસાન થયું હોય તો ગુજરાત સરકારના બજેટમાંથી વધારાની ગ્રાન્ટ ફાળવીને સહાય કરવી એમ બધું જ કર્યું એના કારણે આ વધારાનું બજેટ અમારે માગવું પડયું છે અને બીજી જે બાબત છે અહિંયા વિષય નથી મુકાયો પણ બધી જ બાબતો ઘરવખરી સહાય એકલા ખેડૂતો નહીં, એકલા મકાન માલિકો નહીં , બજારમાં લારી લઇને ઉભો રહેતો નાનો ફેરીયો હોય એની લારીને પણ જો નુકસાન થયું હોય, એની લારી પણ જો પૂરમાં તણાઇ ગઇ હોય, એનો ઘંઘો પણ ૧૦-૧૫ દિવસ પૂરના કારણે બંઘ રહ્યો હોય તો ખેતમજૂર હોય એવા તમામને ચાની લારીવાળાથી માંડીને શાકભાજી વાળા ફેરિયાથી માંડીને તમામને આપણે સહાય આપી છે એટલે મારી ગૃહને અને સભ્યશ્રીઓને વિનંતી છે કે આ પ્રજા માટે કર્યું છે, ગરીબો માટે કર્યું છે, ખેડૂતો માટે, પશુપાલકો માટે આપણે કર્યું છે તો તમે એને મંજૂર કરો એવી મારી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને મંજૂર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સભાપતિશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનું બજેટ ૨૦૧૬-૧૭ નાણામંત્રી સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

ઘણા મિત્રો કહે છે કે કોંગ્રેસના વખતમાં આમ હતું. ૨૦ વર્ષ પહેલાં આમ હતું. પરંતુ હંમેશા રૂપિયાની કિંમત જોવાની હોય અને વિકાસ દર જોવાનો હોય. એ જમાનો વસ્તુ વિનિમયનો હતો. એક વાટકી ઘઉં કે બાજરી લઇને જઇએ ત્યારે એક જામફળ મળે. તે દિવસો મેં પણ જોયેલા છે. કોઇ પિતા હોય મકાન બનાવે, પછી બાળક યુવાન થાય અને એનું રિપેરિંગ કરી, રંગરોગાન કરે તો તે એને મકાન બનાવ્યું ન કહેવાય. વિકાસ દર જોઇએ તો ૧૯૮૦ થી ૨૦૦૦ ની સાલ સુધીમાં કોંગ્રેસના વખતમાં ૧૪.૩૫ ટકા વિકાસ દર હતો. ૨૦૦૧ થી ૨૦૧૨ નો વિકાસ દર ૯.૫ ટકા અને ૨૦૧૨ થી ૨૦૧૬ નો વિકાસ દર ૭.૭ ટકા હતો. લોકોની કુલ આવક એટલે કે જી.ડી.પી. ૨૦૧૧ થી ૨૦૧૫ ની સાલમાં સરેરાશ ૮.૩૮ ટકાનો વધારો. માથાદીઠ આવકમાં ૭.૪ ટકાનો વધારો એટલે કે લોકોની આવક કરતા સરકારની આવકમાં વધારો વધારે થયેલ છે. એટલે સરકારની કરની આવક ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીમાં ૧૪.૫૧ ટકા અને બિનકર આવક ૧૫.૨૦ ટકા એટલે કે સરકારશ્રીની આવક લોકોની આવક કરતા વધારે વધે છે. એટલે સરકાર લોકો ઉપર કરવેરા વધુ નાખે છે. ૬ કરોડ જનતાને આ કરવેરાનો બોજ સહન કરવો પડે છે. માનનીય નાણામંત્રી કહે છે કે બજેટ પૂરાંતવાળું છે તે અર્ધસત્ય છે, કારણ કે મહેસૂલી હિસાબમાં જે આવક છે તે સિવાય પણ મૂડી ખાતામાં અને જાહેર હિસાબ ખાતામાં ખોટ છે, એટલે કે ૧૮૯ કરોડની પૂરાંતવાળું બજેટ છે તેવું કહ્યું. પરંતુ મૂડી ખાતે ૬,૯૬૬ કરોડની ખોટ છે. જાહેર હિસાબમાં સરકારી કર્મચારીઓના પી.એફ.ની રકમ પણ કપાય છે. એ સરકારની જવાબદારી છે કે દેવુ? એટલે કે બજેટ પૂરાંતવાળું હોવાનો ભ્રમ માત્ર છે. સરકારની કરવેરાની આવકમાં જબરજસ્ત વધારો અંદાજવામાં આવ્યો છે. મારે તો એવું કહેવું છે કે હવા ઉપર પણ કર ન લો તો સારું. શ્વાસ લેવા દો તો સારું. ૨૦૧૫-૧૬ ની કરવેરાની આવક સુધારેલા અંદાજ પ્રમાણે ૬૩,૩૦૭ કરોડની થવાની. જ્યારે ૨૦૧૬-૧૭ માં ૭૧,૩૭૦ કરોડ થવાનો અંદાજ છે. ૮૦૭૩ કરોડની વધારાની કરની આવક જે સરકારને થવાની છે, તે કરવેરાનું ભારણ જ કહેવાય. સમાધાન યોજના લાવવામાં આવી. કરવેરાની વસૂલાત માટે સમાધાન યોજના એ ૧૭,૭૫૪ કરોડના વેરાની વસૂલવાની બાકી છે. ૧૬૧૦ કરોડ તો એવાં છે કે જે છેલ્લાં ૧૦ વર્ષથી બાકી છે. જેમણે કરચોરી કરી છે એમને દંડમાં ૭૫ ટકાની રાહત આપવાની સરકારે જાહેરાત કરી. બોલો, આ વાત વાજબી કહેવાય? પ્રમાણિકતા એ આ સરકારમાં ગુનો કહેવાય! શિક્ષણની વાત કરું તો ગયા વર્ષે શિક્ષણમાં બજેટમાં ૧૭ ટકાનો વધારો હતો, છતાય શિક્ષણની આ પરિસ્થિતિ? તો આ વખતે તો માત્ર ૨.૫૯ ટકાનો વધારો છે, તો શિક્ષણમાં સુધારો કેવી રીતે થવાનો છે? કોઠારી કમિશન દ્વારા ૧૯૬૦ માં કહેવાયું જી.ડી.પી.ના ૬ ટકા ખર્ચ શિક્ષણ પાછળ કરવો જોઇએ એના બદલે આપણે ત્યાં જી.ડી.પી.ના ૧.૯૮ ટકા જ ખર્ચ શિક્ષણ પાછળ થાય છે. અને એમાંય પાછી ૧૬ કૅાલેજો ખોલવાની વાત કરી. ફક્ત ૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી, એટલે એક કૅાલેજ માટે ૨.૫ લાખ, એટલે ૨.૫ લાખમાંથી ૨.૫ ઓરડા પણ ન બને. ગયા વર્ષે ૧૩ કૅાલેજો ખોલી, તો તમે એની પરિસ્થિતિનો અભ્યાસ કરો તો કેટલાય કૅાલેજમાં આચાર્ય નથી,અઘ્યાપકો નથી, ઓરડા નથી, મકાનો નથી, કલાર્ક નથી, પટ્ટાવાળા નથી. ઘણી કૅાલેજો તો

ફક્ત કાગળ ઉપર જ છે. આરોગ્યની વાત કરું તો ૨૦૧૫-૧૬નો સુધારેલો અંદાજ ૭,૪૦૭ કરોડનો જ્યારે ૨૦૧૬-૧૭ માં ૮,૧૪૭ કરોડનો ખર્ચનો અંદાજ છે, એટલે કે આટલા ખર્ચમાં ફક્ત ૯.૯૯ ટકાના વધારામાં હું નથી માનતી કે મહિલાઓનું ૫૫ ટકા કુપોષણ અને ૪૫ ટકા બાળકોના કુપોષણનું નિરાકરણ થાય. માનનીય અધ્યક્ષશ્રી, દેવાની વાત કરું તો મહેસૂલી આવક વધુ વધે છે છતાંય દેવું કેમ વધે છે? સરકારનું વધતું જતું દેવું તે ખરેખર આશ્ચર્યજનક અને આઘાતજનક છે. કેન્દ્ર સરકાર અનુદાન આપે છે અને રાજય સરકારના વેરા એટલે કે નાણાપંચના કેન્દ્રના ૨૦૧૧ થી ૨૦૧૭ દરમ્યાન ૧૯.૬૨ ટકાનો વધારો, કેન્દ્ર સરકારની અન્ય યોજનાના અનુદાનનો ૨૨.૮૮ ટકાનો વધારો, રાજયની કરની આવકમાં ૧૪.૫૧ ટકાનો વધારો અને સરકારની બિનકરની આવક ૨૦૧૧ થી ૨૦૧૭ દરમ્યાનમાં ૧૫.૨૦ ટકાનો વધારો થયો છે છતાંય દેવું ૧૦.૨૦ ટકા વધ્યું છે આ ગણિત હજુ સુધી કોઇની સમજમાં આવતું નથી. માથાદીઠ દેવું ૩૩૮૩૦ રૂપિયા છે. ૨૦૧૫-૧૬માં ૦૧ લાખ ૮૨ હજાર ૯૮ કરોડનું દેવું હતું તે ૨૦૧૬-૧૭માં ૦૨ લાખ ૦૨ હજાર ૯૭૮ કરોડ થશે. જો ૨૦૧૩ની મહાત્મા મંદિર ખાતે યોજાયેલી એગ્રી સમિટની વાત કરું તો ત્યારે ૧૦ કરોડનો ખર્ચ કર્યો હતો તો તેમાં રીઝલ્ટ શું મળ્યું? પાંચ વર્ષમાં ૮૭ ખેડૂતોએ પાક નિષ્ફળ જવાથી આત્મહત્યા કરી. ચોપડે નોંધ્યા સિવાયના તો ઘણા હશે. ખેડૂતો જે વસ્તુઓ વાપરે છે તેના ઉપર વેટ કેમ લેવામાં આવે છે? ટ્રેક્ટર ઉપર પાંચ ટકા વેટ, ખેતીના ઓજારો ઉપર વેટ, રાસાયણિક ખાતર પર વેટ આમ ખેડૂતો પાસેથી આશરે ૧૦૦ કરોડ રૂપિયાની રકમ વસુલી તે ખૂબ શરમજનક કહેવાય. ખેડૂતો તો મહેનત કરી પરસેવો પાડીને ઇશ્વર પર ભરોસો રાખીને ખેતી કર્યા જ કરે છે. ધન્ય છે તે ખેડૂતોને. ૨૦૧૦-૧૧માં ૧૦ હજાર ૭૧ મે.ટન ધાન્ય અને કઠોળનું ઉત્પાદન થયેલું. તે પછી ૨૦૧૧-૧૨માં ૪૭૩૫ મે.ટન અને ૨૦૧૨-૧૩માં તે ઘટીને ૧૧૮૬ મે.ટન ઉત્પાદન થયું છે. તેમાં સરકારનો શું રોલ? સરકાર ખેડૂતોને કઇ રીતે મદદ કરવા માગે છે. મારે કહેવું છે કે પશુ દવાખાનાની સ્થિતિ જુઓ તો તેમાં મંજૂર મહેકમ ૧૨૫૨ નું છે. તેમાં ૪૯૦ જગ્યાઓ જ ભરાયેલી છે. તો પશુઓના રોગોનું નિદાન કેવી રીતે થતું હશે અને પશુઓની દવાઓ કેવી રીતે થતી હશે. પશુ મેળા કરીને ૧૦ હજાર એક મેળાદીઠ ખર્ચ કરવામાં આવે છે તેથી રાજયની તિજોરી ઉપર ખર્ચનો બોજ વધે છે. તેમાં તેનું આઉટકમ શું, રીઝલ્ટ શું? રાજયમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના નવેમ્બર ૨૦૧૩માં કરી હતી તેમ છતાં ડિસેમ્બર ૨૦૧૪ સુધી એકપણ મિટીંગ બોલાવવામાં નથી આવી. કપાસના પોષણક્ષમ ભાવની વાત કરું તો ૧૧૦ રૂપિયા સબસિડી આપીએ છીએ.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮મી માર્ચ મહિલામ વિશ્વ દિન નિમિત્તે ગુજરાતની અને દેશની તમામ મહિલાઓને આ તકે હું શુભેચ્છા પાઠવું છું અને સાથે સાથે આજથી શરૂ થતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર તમામ પરીક્ષાર્થી ભાઇ બહેનોને હું શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. દેશમાં મહિલાઓનો ૫૦ ટકા હિસ્સો રહેલો છે. અત્યાર સુધી મહિલાઓ માટે વાતો ઘણી કરવામાં આવી હતી પણ અમલ ઘણો જ મોડો શરૂ કરવામાં આવ્યો. રાજયમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને મહિલાઓને બધા જ ક્ષેત્રમાં પ્રાધાન્ય આપવાનું શરૂ કરવામાં આવ્યું . મહિલાઓને પોતાના અધિકાર મળે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. વર્ષો સુધી રાજયમાં મહિલાઓ ઉપર અત્યાચાર અને શોષણ ચાલુ રહ્યું. તત્કાલિન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાનના કુશળ વહીવટમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓનો વિકાસ કેન્દ્રસ્થાને રહ્યો છે. રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને રાજયની વણથંભી વિકાસયાત્રાના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં મહિલાઓએ ખૂબ જ ઓછા સમયમાં ખૂબ જ પ્રગતિ કરી છે. મહિલાઓ માટેની ખૂબ જ યોજનાઓ અમલમાં મૂકીને મહિલાઓને પુરુષ સમોવડી બનાવવાના તમામ પ્રયત્નો કર્યા છે. ગુજરાતમાં લાખોની સંખ્યામાં મહિલાઓ સખી મંડળમાં જોડાઇ છે અને સખી મંડળોના માધ્યમથી સ્વમાનભેર આજે જીવતી થઇ છે. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની પ્રેરણાથી સર્વાઇકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર માટે મહિલાઓનું સ્ક્રિનીંગ કરવામાં આવે છે અને આવા ગંભીર રોગમાં મહિલાઓને વિશેષ મદદરૂપ થવા માટે આવકની કોઇપણ મર્યાદા વગર સરકારની સ્પેશ્યાલીટી અને સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર આપવાનું આયોજન છે.
જે આજના વિશ્વ મહિલા દિન નિમિત્તે યાદ કરવું ઘટે.

માનનીય અધ્યક્ષશ્રી, માનસિક રોગથી પિડાતી મહિલાઓ માટે સૌરાષ્ટ્ર વિસ્તારમાં એક નવી સંસ્થા ઉભી કરવાનું સરકારશ્રીનું આયોજન છે. અમારા ભાવનગર જિલ્લાની વાત કરું તો અમારા ભાવનગર જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં અમારા જિલ્લાના રાજયસભાના સાંસદ પ્રદેશના મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના ભાજપના પ્રભારી ડો.મનસુખભાઇ માંડવિયાની ગ્રાન્ટમાંથી ૯૦ લાખના ખર્ચે કેન્સરના નિદાન માટેની વાનનું લોકાર્પણ આરોગ્ય વિભાગના રાજયના મંત્રી શંકરભાઇ ચૌધરીના હસ્તે ખૂલ્લું મુકવામાં આવ્યું હતું. આ વાન દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાં ગ્રામ્ય સ્તરે ઘર ઘર સુધી જઇને લોકોના મોઢાના કેન્સર, ગળાના કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઇકલ કેન્સર વગેરેનું નિદાન કરવામાં આવશે. હું આ તકે ડો. મનસુખભાઇ માંડવિયા દ્વારા માનવ સેવાના ભગીરથ કાર્યને બિરદાવું છું અને આ વાન

સરકાર દ્વારા ચલાવવામાં આવવાની છે. ડોકટરો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે, મહિલાઓ ઘણી વાર શરમને કારણે દવાખાને જતી નથી અને ઘણી વાર એવું બને છે કે, એ મહિલાઓ બીજા કે ત્રીજા સ્ટેજે કેન્સરના રોગથી પિડાય છે અને સમયસર સારવાર ન મળવાના કારણે ઘણી વાર મૃત્યુ પણ પામે છે. જ્યારે આ વાન દ્વારા ગામડે ગામડે જઇને બહેનોના રોગનું નિદાન થવાનું છે ત્યારે સૌ પ્રથમ સ્ટેજે આ વાન દ્વારા સારવાર મળી જાય અને એને ખ્યાલ આવી જાય કે મને કેન્સર છે એટલે શરૂઆતથી જ સારવાર મળે તો આવી બહેનોને બચાવી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે પાલક માતા પિતા યોજનામાં નાની ઉમરમાં પોતાના માતા પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોની સાર સંભાળ રાખીને ઉછેરતા પાલક માતા પિતાને દર મહિને રૂપિયા ૧૦૦૦ને બદલે હવે સરકારે ૩૦૦૦ રૂપિયા આપવાનું આયોજન કરેલ છે, જેથી સારી રીતે આવા બાળકોની દેખભાળ થઇ શકે તે માટે સરકારશ્રીને હું અભિનંદન પાઠવું છું. વિશેષમાં આવા નિરાધાર બાળકોને એક જ જગ્યાએ સાર સંભાળ, સુરક્ષા, શિક્ષણ મળે એ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ પત્રને મારું અનુમોદન આપું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮મી માર્ચ, રાષ્ટ્રીય દિન નિમિતે માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ માનનીય મંત્રીશ્રી તેઓ હાજર નથી દુઃખ થાય છે મહિલા દિન નીમિતે. રાજયની તમામ મારી વહાલી બહેનો અને આ ગૃહની તમામ મારી સાથી ધારાસભ્યશ્રી બહેનોને તમામને મહિલા દિન નીમિતે હું મારા અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮મી માર્ચે દુઃખ સાથે આ અંદાજ પત્ર વાચવું પડે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે ૮મી માર્ચે એક પણ સિનિયર મંત્રીશ્રી હાજર નથી અને નાણા મંત્રીશ્રી પણ હાજર નથી એટલે અમને બહેનોને સાંભળવા માટે તૈયાર નથી એટલે દુઃખ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ગતિશીલ ગુજરાતની વાતો કરે છે અને સાથે સાથે સૌનો સાથ, સૌનો વિકાસ.

સભાપતિશ્રી : આજે તો મહિલા દિન છે તો સુખની વાતો કરો, દુઃખની વાતો કરો જ નહીં.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર મેક ઇન ઇન્ડીયા, સ્ટાર્ટ અપ ઇન્ડીયા, સ્માર્ટ સીટી, અમૃત ગતિશીલ ગુજરાત, યુવાનો તથા કૌશલ્ય વર્ધન અને રોજગારી ક્ષેત્રે વધુ મૂડી રોકાણની તકો, મા યોજના અને મા વાત્સલ્ય યોજના, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, વાયબ્રન્ટ ગુજરાત આજે આ સરકાર સારા અને મીઠાં શબ્દોની માયાજાળ રચીને ગતિશીલ ગુજરાત હોવાનો જે દાવો કરે છે એ પોકળ જણાય છે. વિકાસલક્ષી કામો પાછળ ૫૦ ટકા કરતા પણ વધારે રકમોનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં ગુજરાતમાં વિકાસને નામે ગરીબી અને ભ્રષ્ટાચાર જોવા મળે છે. રાજય સરકાર પેન્શનરોને પેન્શન આપવા માટે કરોડો રૂપિયાની જોગવાઇ કરે છે પરંતુ તેમ છતાં નિવૃત્ત કર્મચારીઓને પેન્શન માટે કેટલાં બધા ધક્કા ખાવા પડે છે. રાજયમાં વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે દર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીની સંખ્યા ૯૧૯ જેટલી છે. જે રાષ્ટ્રીય સ્તરે ૯૪૩ની છે જયારે ૦ થી ૬ વર્ષના બાળકોનો દર ૧૦૦૦ છોકરાએ છોકરીઓની સંખ્યા ૮૯૦ છે. જે રાષ્ટ્રીય સ્તરે ૯૧૯ છે.સ્ત્રીઓની ઓછી સંખ્યાને કારણે મહિલાઓ ઉપર હિંસા અને અત્યાચારનો ભોગ બનવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ઉત્સવો પાછળ રચીપચી રહીને સરકારની તિજોરી ખાલી કરે છે. આજે એક છોકરું જન્મે ત્યારે ૩૬ કે ૩૭ હજારનું દેવું લઇને જન્મે છે. પ્રજા ઉપર કરોડો રૂપિયાનો કર નાખી રહી છે. ખેલ મહાકુંભમાં દર વર્ષે ૫૦ કરોડ, કચ્છમાં રણોત્સવમાં ૧૮૦ કરોડ, વન મહોત્સવ ૨૦૦ કરોડ, પતંગ મહોત્સવ ૧૦ કરોડ, નવરાત્રી મહોત્સવ ૧૦ કરોડ, ખુશ્બુ ગુજરાતકી જાહેરાત માટે ૧૦૦ કરોડ

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : કૃષિ મહોત્સવ માટે ૫૦ કરોડ, ગુણોત્સવ માટે ૫૦ કરોડ, કન્યા કેળવણી મહોત્સવ માટે ૧૧૦ કરોડ આમ આ મહોત્સવો અને જાહેરાતો માટે સરકાર અંદાજે એક હજાર કરોડનું આંધણ કરે છે તેના કરતાં ગરીબો માટે કંઇ યોજના કરવા માગતા હોય તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની આ સરકાર માત્ર જાહેરાતો કરીને જશ લે છે. ગુજરાતનાં આઠ હજાર ગામોમાં પાણી આજે આ બહેનોનો દિવસ છે ત્યારે આજે આ સરકાર પીવાના પાણી માટે આપણી બહેનોને તરસ્યા ના રહેવા દઇએ એવી વિનંતી. પાણી માટે કાળો કારોબાર ચાલી રહ્યો છે. મોટા મોટા ઉદ્યોગપતિઓ અને •(×××) ભાગીદારીમાં પાણીનો કારોબાર આ સરકારમાં ફુલ્યો ફાલ્યો છે ત્યારે..

સભાપતિશ્રી : *(×××)શબ્દ હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે છેલ્લાં ૧૪ વર્ષમાં કેટલું પાણી સિંચાઇ માટે અને કેટલો જથ્થો પીવાના પાણી માટે જાહેર કર્યો છે. નર્મદા યોજનાના ઉદ્યોગપતિઓને પાણી આપવાનું હતું જ નહીં છતાં

---

• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તેમને પાણી આપવામાં આવે છે તો ગરીબ પ્રજા કયાં જશે ? આ સરકારના ગેરકાયદેસર કારોબાર ચલાવવાનો આ એક દાખલો છે. સરકાર નર્મદાની જેમ કલ્પસરનું પાણી ગુજરાતની જનતાને ફકત કાગળ પર જ રાખેલ છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના મહિલા દિને સ્નેહ અને શકિતનો ધોધ જેમાં ભરેલો છે એવી મહિલાઓના આજના વિશ્વ મહિલા દિને આજે આ ગૃહની અંદર ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રી વાત્સલ્યમૂર્તિ એવા આનંદીબહેન અને અધ્યક્ષસ્થાને જયારે સુચારુરૂપે આપ સંચાલન કરી રહ્યા છો ત્યારે આપ પણ આજે અધ્યક્ષસ્થાને બિરાજો છો. આજે સચિવ તરીકે બહેનશ્રી રીટાબહેન મહેતા અને ઉપસચિવ તરીકે ઉર્મિલાબહેન ચૌધરી અને આપના સાર્જન્ટ પણ મહિલા છે અને આ ગૃહમાં પંદર પંદર દૈદિપ્યમાન મહિલાઓ જયારે આજે અહીંયા ઉપસ્થિત છે ત્યારે આ ગૃહને હું મારા વંદન કરી અને મહિલા દિનની શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા આજે મહિલા દિનની ઉજવણી બાબતે એક સુચારુરૂપ સંચાલન થાય અને બધીજ મહિલાઓ પોતાની એક સારી, આગવી પ્રતિભા ઉભી કરે તેના માટેનો આજનો દિવસ નક્કી કરેલો. પરંતુ મારા સાથી સભ્ય મહિલાએ જયારે અહીંયા રાજકીય વાત કરી તેમાં રાજકીય ઉલ્લેખો કર્યા અને આ સુચારુરૂપ ચાલતા ગૃહને •(×××) વાકયો જયારે તેમણે કહ્યાં ત્યારે મને એ બાબતનું બહુ દુઃખ છે. મારે બહેનને યાદ કરાવવું છે કે બહેન તમારા સમયમાં સહાનીકાંડ કોના સમયમાં થયો હતો ?

સભાપતિશ્રી : *(×××)શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : શાહાનીકાંડ અને તંદૂરકાંડ કોંગ્રેસના સમયમાં થયો હતો અને એમના જ આગેવાનો દ્વારા થયો હતો. ગુજરાત આજે દેશનુ એવું રાજય છે કે આખા દેશની અંદર સૌથી સુરક્ષિત રાજય મહિલાઓ માટે હોય તો એ માત્ર અને માત્ર એક ગુજરાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને પણ એવુ થયું કે આ તેજશ્રીબહેન જે છે તેમને જો વિરોધપક્ષના નેતા બનાવ્યા હોય તો મહિલા દિનના દિવસે હું એવી અપીલ કરું છું કોંગ્રેસના લોકોને કે તેમને વિપક્ષના નેતા બનાવીને મહિલાનું ગૌરવ વધારે. અગાઉના સમયમાં એવો મોકો હતો કે શ્રીમતી ઉર્મીલાબહેન પટેલને મુખ્યમંત્રીશ્રી બનાવી શકાય એમ હતા પરંતુ કોંગ્રેસના લોકોએ મહિલાને મુખ્યમંત્રી બનવા નહોતા દીધા અને અમારા આનંદીબહેન પહેલા મહિલા મુખ્યમંત્રી બન્યાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. કોંગ્રેસના સમયમાં અગાઉ જે થયું હોય તે પણ આ ગુજરાતની અંદર મહિલાઓને આગેવાન બનાવવાની એમનામાં તાકાત નથી અને કરી શકતા નથી.

એમણે ઘણી વાત કરી એક રૂપિયા, પૈસાની વાત કરી, પણ મને યાદ છે કે એમના જ વડાપ્રધાને એવું કહ્યું હતું કે એક રૂપિયો મોકલું છું ત્યારે ૧૫ પૈસા પહોંચે છે. અમારા વડાપ્રધાન એક રૂપિયા મોકલે ને સોએ સો પૈસા પહોંચે છે એમના રાજમાં રૂપિયો નાનો થઇ ગયો હતો અમારા વખતે રૂપિયો મોટો થઇ ગયો છે. મધર ઈન્ડિયા આજે ચાલે છે ત્યારે મધર ઈન્ડિયાના ગીતની વાત કરી લઉ. દુઃખ ભરે દિન બિતે રે ભૈયા અબ સુખ આયો રે. આ ગીત મધર ઈન્ડિયાનું છે અને મધર ઈન્ડિયા તરીકે આજે આ વાત કરું છું. ગતિશીલ ગુજરાતની ગુજરાતણ આજે ગૌરવવંતી છે અને ગૌરવશાળી છે કારણ કે એમની પાસે એમના એક મુખ્યમંત્રી સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી કે જેઓ એમના માટે ખૂબ વિચારે છે. અત્યાર સુધીમાં દેશની અનેક રાજધાનીઓમાં રાજયોમાં મહિલા મુખ્યમંત્રીઓ થયા પરંતુ કોઇ મહિલા મુખ્યમંત્રી તરીકે જેન્ડર બજેટ આપેલ નથી. માત્ર ગુજરાતના મહિલા મુખ્યમંત્રી આનદીબહેન બે વર્ષથી સતત જેન્ડર બજેટ આપે છે અને એમાં ૫૦ હજાર ૮૮૫ કરોડની યોજનાઓ અને તેમાં ૧૩૬ યોજનાઓ એવી છે કે જે માત્રને માત્ર મહિલાઓ માટે છે એમાં કોઇ પુરુષોનો હિસ્સો નહિ. બાકીની બધી યોજનાઓમાં મહિલાઓનો હિસ્સો ખરો પરંતુ મહિલાઓની જે યોજનાઓ છે એમાં બીજા કોઇનો હિસ્સો નહિ.

આજ સુધી ગુજરાત ડેવલપમેન્ટ માટે પ્રખ્યાત હતું પરંતુ મારે ગૌરવ સાથે કહેવું છે કે આવતા દિવસોમાં ગુજરાત વુમન, લેડ ડેવલપમેન્ટ માટે મહિલા નેતૃત્વમાં વિકાસ માટે થઇને પ્રખ્યાત બનવા જઇ રહ્યું છે. હમણાં જ પરમ દિવસે અમે બધા સાથે હતા વડાપ્રધાનશ્રીએ વાત કરી હતી ત્યારે મારે એક મહિલા ગૌરવની વાત કરી તે ગૃહમાં કરવી છે. એમણે એવું કહ્યું કે પુરુષોને મળતા અવસરોની અંદર એમને મળેલી સફળતાઓનો જો રેશિયો કાઢવામાં આવે, પુરુષો અને સ્ત્રીઓનો તો પુરુષોને મળેલા અવસર અને એની સામે સફળતા કરતાં મહિલાઓને મળતા અવસરની સામે એની સફળતાનો રેશિયો કયાંય ઉંચો છે એટલે મહિલા દિને આપણા વડાપ્રધાનશ્રી કે જેઓ અહીં આગળ મુખ્યમંત્રી હતા ત્યારે ઘણી બધી યોજનાઓ મૂકીને ગયા છે અને તેઓએ આ રાજયની અંદર મહિલા સશકિતકરણની શરૂઆત કરી છે. પુરુષો અત્યારે મહિલા સશકિતકરણની વાત કરે છે પરંતુ આજે દેશની અંદર સુમિત્રા મહાજન જેવા સ્પીકર છે એમણે કહ્યું કે મહિલાઓ સશકત છે આ મહિલાઓ દ્વારા રાષ્ટ્રને સશકત કરવાની વાત કરી અને રાષ્ટ્રને એક નવી દિશા ચીંધી છે.

---

•• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મહિલા સશકિતકરણની વાતની સાથે સાથે મારે ગુજરાતની બહેનો સામે વાત મૂકવી છે કારણ કે જયારે સુરજ ઉગેલો હોય પરતુ આંખો બંધ કરીને રાખીએ તો આપણને વિકાસ ન દેખાય એટલે મારે આ વાત કરવી છે કે ગુજરાતમાં પહેલી વખત મહિલા પખવાડીયું, મહિલા સશકિતકરણ પખવાડીયું ઉજવાય, એની અંદર ૧ ઓગષ્ટથી ૧૪ ઓગષ્ટ વચ્ચે વિવિધ કક્ષાની તમામ મહિલાઓએ ઉદ્યોગ સાહસિકથી માંડીને બધી મહિલાઓના ઉત્થાન માટે એની અંદર આવશ્યકતા ઉભી થાય અને એના માટેનો વિચાર કરવામાં આવે. ગુજરાતની અંદર પડકારો જીલવા માટે હિંમતભેર સામનો કરવા માટે મહિલાઓને ટ્રેનિંગ આપવામાં આવે, એમને જૂડો, કરાટે અને રાયફલ શુટીંગની તાલીમ આપીને મહિલાઓને સશકત કરવમાનું કામ આ ગુજરાત સરકાર કરી રહી છે.

૧૮૧, અભયમ, આપણે બધા જાણીએ છીએ પરંતુ એની મોબાઇલ ઉપર એપ લોન્ચ કરવામાં આવી. એના ઉપર એપ ડાઉન લોડ કરી દો અને માત્ર ૧૮૧ પ્રેસ કરો એટલે એ મહિલાને કંઇ કહેવાની જરૂર નથી. જી.પી.આર.એસ. કનેકશન દ્વારા એ મહિલા જયાં પણ હશે એને ૧૮૧ અભયમની માહિતી અથવા તો સહાય પહોંચી જશે.

શિક્ષણના સશકિતકરણની વાત કરું તો વિદ્યાલક્ષી બોન્ડ સરસ્વતી સાધના બોન્ડ, એસ.ટી.ના પાસ એ બધું તો ચાલુ છે અને જૂનું પણ થઇ ગયું પરતુ આ મહિલા મુખ્યમંત્રીએ આઇ.એ.એસ. આઇ.પી.એસ. કે આઇ.એફ.એસ. એટલે કે સિવિલ સર્વિસમાં જે મહિલા જોડાવા તેયાર હોય એને ૯૦ હજાર રૂપિયા સુધીની સહાય આપવાનું નક્કી કરેલ છે. બી.પી.એલ. કાર્ડ ધારક કોઇ દીકરી હોય અને એને મેડીકલમાં એડિમશન લેવું હોય તો મેડીકલમાં એડમિશનમાં એક પણ પૈસાની ફી ભરવાની જરૂર નથી. બી.પી.એલ. કાર્ડ ધારક મહિલાને મેડીકલમાં સંપૂર્ણપણે ફ્રી એડમિશન મળશે અને શિક્ષણ મળશે.

આપણે આજે મહિલા સશકિતકરણની વાત કરીએ તો સાથે સાથે મારે કહેવું છે કે વિશ્વની અંદર મહિલા સશકિતકરણની અથવા તો જયારે માર્કેટીંગની અથવા તો મેનેજરની વાત નીકળે ત્યારે મેનેજર તરીકે અથવા તો સારી રીતે સુચારુ સંચાલન કરી શકે એવી કોઇ પણ વ્યકિતની શોધ કરી હોય તો અમે એવું નક્કી કર્યું કે ભારતીય મહિલાઓ સારામાં સારા મેનેજર બની શકે છે. જયારે કોઇ મહિલાને પોતાના ઘર ખર્ચમાં પતિ પૈસા આપે તેમાંથી પણ બચત કરી અને પતિને જયારે મુશ્કેલી આવે ત્યારે તેને પહોંચાડતી હોય છે. સુંદર નાણાકીય આયોજન કરતી હોય છે ત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નાણાકીય સંસ્થાઓમાં મહિલાઓએ ખૂબ સારુ પ્રદાન કર્યું છે. મારે આજે ગૃહને એ બાબતની જાણ કરવી છે કે આઇ.સી.આઇ.સી.આઇ.ના ચંદ્રા કોચર હોય, એસ.બી.આઇ.ના અરૂંધતી ભટ્ટાચાર્ય હોય, એકસીસ બેંકના શીખા શર્મા હોય, બેંક ઓફ ઇન્ડિયાના વિજયાલક્ષ્મી ઐયર હોય, એચ.ડી.એફ.સી. બેંકના રેણુ સુદ કર્નાડ હોય, એચ.એસ.બી.સી. બેંકના નૈના લાલ કિડવાઇ હોય, એલ.આઇ.સી. હાઉસીંગના સુનિતા શર્મા હોય, ભારતીય મહિલા બેંકના અનંથા સુબ્રમણયમ્ હોય, ગુજરાતના પૂર્વ નાણાં સચિવ અપર્ણા મેડમ હોય કે ગુજરાતના ચીફ સેક્રેટરી મંજુલા સુબ્રમણ્યમ્ હોય આ બધાએ પોતાના વહીવટ દરમ્યાન સુચારુ શાસન કરીને દેશમાં નારીશકિતનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નાણાકીય સંસ્થાઓ ઉપરાંત આજે દેશની અંદર પેપ્સી કોલાના ઇન્દ્રા નૂયી, બાલાજી ટેલિફિલ્મના એકતા કપૂર, બાઇકોન બિનિતા બાલી, કાઇનેટિક એન્જિનિયર સુજાતા મોટવાણી, જે.કે. લક્ષ્મી વિનિતા સિંઘાનીયા, એપોલો હોસ્પિટલ પૃથ્થા રેડ્ડી, મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના અધ્યક્ષા પણ મહિલા છે, ગુજરાતના છે, ડો. જયશ્રી મહેતા.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક મહિલા તરીકે બહુ આનંદ છે. મહિલા આજે બધા જ શિખરો સર કરી રહી છે. કે.સી. થોમસ નામની એક મહિલા છે એને ૨૦૧૫માં એવોર્ડ આપવામાં આવ્યો. તેને મિસાઇલ વુમન ઓફ ઇન્ડિયાનો એવોર્ડ આપવામાં આવ્યો. કારણ કે અગ્નિ–૫ મિસાઇલનું સફળ પરિક્ષણ કરવા માટે એ શ્રેષ્ઠ સાયન્ટીસ્ટ સાબિત થયા છે. અત્યારે જે નરેન્દ્ર મોદીની સરકાર છે એમણે એક મિસાઇલ વુમનને એવોર્ડ આપીને તેનું સન્માન કર્યું છે. એવી જ રીતે ગીરા વર્મા નામની એક લેડી છે. જેણે આ મિસાઇલને રડારથી છોડવા માટેનું કામ કર્યું એ રડાર વુમનને પણ ૨૦૧૫માં એવોર્ડ પ્રાપ્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે યાદ કરાવવું છે કે ૧૫મી ઓગસ્ટ–૨૦૧૫. અમેરિકા એટલે આખા વિશ્વનું સમૃદ્ધ રાષ્ટ્ર ગણાય, તેના પ્રેસિડન્ટ ઓબામાને વડાપ્રધાનશ્રીએ આમંત્રણ આપેલું અને તેમની હાજરીમાં ધ્વજવંદનનો કાર્યક્રમ હતો. મારે યાદ કરાવવું છે કે આ ધ્વજવંદનના કાર્યક્રમની અંદર ૧૫૩ વુમને ભાગ લીધેલો અને અનેક વુમન પ્લાટુને માર્ચપાસ્ટ કરેલ. કદાચ રાષ્ટ્રમાં પહેલી વખત આટલી મોટી સંખ્યામાં ધ્વજવંદનના સમયે મહિલાઓને આગેવાની આપવામાં આવી હોય તો એ નરેન્દ્રભાઇના વડાપ્રધાનપદ હેઠળ આપવામાં આવેલી. અમેરિકાના પ્રમુખ જયારે ભારતના પ્રવાસે આવેલા ત્યારે એમના રક્ષક પદકનું નેતૃત્વ એટલે કે એમની રક્ષા કરવાની ટીમનું નેતૃત્વ ગુજરાતની મહિલા કુમારી શેખાવતે કરેલું. આ મારે માટે એક મહિલા તરીકેના ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી એવું કહેવામાં આવતું હતું કે Daughter is tension પરંતુ હવે એવો જમાનો છે કે daughter is tension નહીં but, daughter is like ten sons. દસ દીકરાઓ બરાબર એક દીકરી સાબિત થઇ શકે એવું નેતૃત્વ આજે દેશમાં અને ગુજરાતમાં પૂરું પાડ્યું છે.

મારા પૂર્વ વક્તાઓએ ભલે રાજકીય વાત કરેલી હોય પરંતુ મારે રાજકારણથી પર ઉઠીને મહિલાઓ માટેની જે વાત છે એ આજે ગૃહમાં કહેવી છે. ભારતીય મહિલાઓએ સ્વાતંત્રતાની લડાઇ વખતે પણ પુરુષોના ખભેખભા મિલાવીને સ્વતંત્રતા અપાવવામાં પણ મહિલાઓ ક્યાંય પાછી પડી નથી. કયાંય ઉણી નથી ઉતરી. સ્વતંત્રતા અપાવવામાં એમનો પણ હિસ્સો રહ્યો છે. સ્વતંત્રતા અપાવ્યા પછીની જે કંઇ બાબતો હતી તેમાં જયારે પણ કોઇ મુશ્કેલી આવી તો તે પડકારોને પોતાના સેન્ડલની એડીની નીચે દબાવીને મહિલાઓ આગળ વધી છે અને પોતે સુચારુરૂપે શાસન કરી બતાવ્યું છે. દેશના સર્વપ્રથમ મંત્રી જો કોઇ બન્યા હોય તો એ હતા વિજયાલક્ષ્મી પંડિત. દેશના સૌથી પહેલાં વડાપ્રધાન બન્યા હોય તો એ હતા ઇન્દિરાબેન ગાંધી. સ્વતંત્ર દેશના સૌથી પહેલાં કોઇ રાજયપાલ બન્યા હોય તો એ હતા સરોજિની નાયડુ અને સ્વતંત્ર રાજયના મુખ્યમંત્રી ૧૯૬૩માં યુ.પી.માં સુચેતા કૃપલાણી બનેલા. આ બધી જ મહિલાઓએ પોતાના શાસનમાં કામ કરેલું છે. આઝાદી પછીના ૬૦ વર્ષના શાસનમાં જુદા જુદા રાજયોમાં ૯ જેટલી મહિલાઓએ રાજયનું સુશાસન કરેલું અને તે સમય દરમ્યાનના અનેક સારા કામો આજે લોકો યાદ કરે છે. તેમાં સુચેતા કૃપલાની હોય, સુષ્મા સ્વરાજ હોય, ઉમા ભારતી હોય, માયાવતીજી હોય, શીલા દિક્ષિત હોય, મમતા બેનર્જી હોય, વસુંધરા રાજેજી હોય કે આપણાં માતૃસ્વરૂપા આનંદીબેન પટેલ હોય. આ બધાએ ખૂબ સારું કામ કર્યું છે. મારે આ પણ કહેવું છે કે દેશની અંદર અનેક પાર્ટીઓ એવી છે કે જે પાર્ટીનું સુકાન મહિલાઓ સંભાળી રહી છે. તેમાં કોંગ્રેસ પાર્ટી હોય.

સભાપતિશ્રી : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫)

સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

શ્રીમતી વિભાવરીબેન દવે(ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતી હતી ભારતીય મહિલાઓની. આજે વિશ્વ મહિલા દિન છે. આજે માત્ર ભારતીય મહિલાઓની વાત કરીશ તો કદાચ હું સ્વાર્થી ગણાઉં. એટલા માટે મારે આજે એશિયાની મહિલાઓની વાત કરવી છે. જે જે રાષ્ટ્રોની અંદર એશિયામાં જ્યાં પણ લોકશાહી રહી છે ત્યાં હંમેશાં મહિલાઓ પોતે પોતાના બલબૂતા ઉપર આગળ આવી શકી છે. એ ભારતમાં હોય તો એમનું નેતૃત્ત્વ ઇન્દિરા ગાંધીએ કર્યું. પાકિસ્તાનમાં બેનઝીર ભુટ્ટોના વખતમાં ખૂબ સારી રીતે શાસન ચાલ્યું. આજે બધા લોકો એને યાદ કરે છે. બાંગ્લાદેશની અંદર શેખ હસિના અને ખાલીદા ઝીયા. એ બહેનોમાં એક વખત રાષ્ટ્ર પ્રમુખ હોય અને એક વખત વિપક્ષના નેતા હોય આ રીતે બાંગલાદેશની અંદર પણ મહિલાઓનું શાસન રહ્યું છે. બ્રિટન કે જ્યાં મહિલાઓએ પોતે મતનો અધિકાર મેળવવા માટે આંદોલન કરવા પડ્યા હતા. એ દેશની અંદર પણ માર્ગારેટ થેચર જેવી મહિલાએ ખૂબ સરસ શાસન કર્યું. એ પ્રતિભાશાળી મહિલાનું શાસન આજે વિશ્વની અંદર વખણાઇ રહ્યું છે. બર્મા એટલે કે મ્યાનમારની અંદર સાન સૂ કી કે જેમણે ૨૦-૨૦ વર્ષ સુધી જેલવાસ ભોગવ્યો અને આ જેલવાસમાંથી બહાર નીકળીને પણ એમણે પોતે પોતાના દેશની અંદર સારું નેતૃત્ત્વ પૂરું પાડ્યું. બીજા કોઇ દેશો એટલે કે રશિયા કે ચીન એમાં ક્યાંય લોકશાહી નહોતી એટલે ત્યાં કોઇ મહિલાઓ આગળ આવી શકી નથી. મેં વિશ્વની અને ભારતની મહિલાઓની વાત કરી. પરંતુ હવે હું જો ભારતીય સંસ્કૃતિ તરફ આ ગૃહને લઇ જાઉં તો ભારતીય સંસ્કૃતિમાં દેવો અને દેવીઓ છે. બીજા કોઇ રાષ્ટ્રની અંદર મહિલા ભગવાન નથી. મહિલાઓ ભારતીય સંસ્કૃતિની અંદર ઋષિઓમાં પણ મહિલાઓએ ઋષિ મૂનિઓ તરીકે ખૂબ નામના મેળવી છે. એ ગાર્ગી દેવી હોય કે ભારતી દેવી હોય. અનેક મહિલાઓ વિદૂષીઓ બની અને એમના વિદૂષીપણાની અંદર સંસ્કૃતિનું ખૂબ પાલન પોષણ થયું. મારે એ યાદ કરાવવું છે કે, આપણા જે ભગવાનો છે એની અંદર સ્ત્રી ભગવાનો છે અને પુરુષ ભગવાનો છે. મારે ગૃહને એ બાબત ધ્યાન ઉપર મૂકવી છે કે, આપણે જોઇએ તો સ્ત્રી ભગવાન ઉપર સૌથી વધારે વિશ્વાસ મૂકયો છે. આપણે ભગવાનોની અંદર જોઇએ અને એમના વાહનની ચર્ચા કરીએ તો શંકર ભગવાનનું વાહન પોઠિયો છે, કૃષ્ણ ભગવાનનું વાહન ગાય છે, ગણપતિનું વાહન ઉંદર છે, દત્રાત્રેયનું વાહન કૂતરો છે. જ્યારે સ્ત્રી ભગવાનની સામે જોઇએ તો. મા દૂર્ગાનું વાહન સિંહ છે, મા અંબાનું વાહન વાઘ છે, મા ખોડિયારનું વાહન મગર છે. એટલે કે હિંસક પ્રાણીઓને પણ વશમાં લઇને સવારી કરી શકે એટલી તાકાત મહિલાઓની અંદર છે. એ આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી સ્ત્રી સશક્ત હતી, છે અને રહેવાની છે અને ભારતીય મહિલાઓ આવતા દિવસોમાં વિશ્વ ઉપર રાજ કરશે.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આઠમી માર્ચ મહિલા દિન છે. વિશ્વની દરેક મહિલાઓને અને આ ગૃહની તમામ મહિલાઓને મહિલા દિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે મહિલા દિન હોય, જે મહિલાઓએ પોતાની આગવી ઓળખ સમાજમાં, દેશમાં અને દુનિયામાં ઉભી કરી હોય. જેના નામથી આપણને ગર્વ મહેસૂસ થતો હોય એવી મહિલાઓ પર હું થોડીક વાત

કરવા માગું છું. યુરોપ જેવા કેટલાક વિકસીત દેશોમાં પણ મહિલાઓને મત આપવાનો અધિકાર નહોતો. ત્યારે બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે ભારતના બંધારણમાં મહિલાઓને મત આપવાનો અધિકાર આપ્યો. ત્યારે આજે હું મહિલા તરીકે એમને કોટિ કોટિ વંદન કરું છું. જેના કારણે આજે મહિલાઓ આ ગૃહમાં બેઠી છે. અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં આજ દિન સુધી મહિલા વડાપ્રધાન બન્યા નથી. ત્યારે સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધી આપણા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન થઇ ગયા. જેમણે ભારત અને પાકિસ્તાનની લડાઇ વખતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો. જેના કારણે તેમને લોખંડી મહિલા તરીકેનું બિરૂદ મળ્યું. આજે મહિલા તરીકે આપણને ગૌરવ થાય છે. મને ખૂબ ગૌરવ થાય છે કે જે પાર્ટીમાંથી ચૂંટાઇને આવું છું એ પાર્ટીના અધ્યક્ષ પણ મહિલા છે. શ્રીમતી સોનિયા ગાંધી કે જેમણે ફૂડ સિક્યોરીટી બિલ એમની તબિયત નાતંદુરસ્ત હોવા છતાં લોકસભામાં કાયદો પાસ કરાવવા બેસી રહ્યા અને ગરીબ લોકોના ઘર ઘર સુધી અન્ન પહોંચે એવી લાગણી ધરાવતા શ્રીમતી સોનિયા ગાંધીને લાખ લાખ અભિનંદન. ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને પણ હું મહિલા દિનની શુભેચ્છા પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો હું રજૂ કરું છું. સર્વાંગી વિકાસ, ગતિશીલ ગુજરાત, મીઠા શબ્દોની માયાજાળ બતાવનારું દિશાવિહિન બજેટ, વિકાસની મોટી મોટી વાતો પણ ગુજરાતની હકીકત કાંઇક ઓર. આ સરકારે ઉત્સવો પાછળ એક હજાર કરોડનું એંધાણ કર્યું. પતંગ ઉત્સવમાં દસ કરોડ, નવરાત્રી ઉત્વસમાં દસ કરોડ, ખૂશ્બુ ગુજરાતની જાહેરાતમાં સો કરોડ . આ ઉત્સવો પાછળ એક હજાર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. આ ખર્ચા ઉત્સવો પાછળ કર્યા તેના કરતાં ૩૭,૫૪૬ ફેકટરીઓ જે બંધ પડી છે એટલે કે, એકત્રીસ ટકા ફેકટરીઓ ચાલુ કરાવવામાં વાપર્યા હોત તો પાંત્રીસ લાખ બેરોજગારો આજે નોકરીઓ શોધી રહ્યા છે તે પરિસ્થિતિનું નિર્માણ ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, જે ફેકટરીઓ બંધ છે એના આંકડાઓ હું રજૂ કરું છું. અમદાવાદની અંદર ૯,૧૫૮માંથી ૪,૧૩૦ ફેકટરીઓ બંધ, બરોડામાં ૪,૨૬૩માંથી ૨,૧૪૨ ફેકટરીઓ બંધ, સુરતમાં ૭,૭૭૭માંથી ૨,૭૭૨ ફેકટરીઓ બંધ, રાજકોટમાં ૪,૮૯૦ ફેકટરીઓમાંથી ૨,૪૧૪ ફેકટરીઓ બંધ. તો નવા નવા ઉદ્યોગોને ફેકટરીઓની બજેટમાં જોગવાઇ કરી પણ જે આ ફેકટરીઓ બંધ છે એના ઉપર સરકાર કોઇ કાર્ય કરવા માંગે છે કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત કરીએ તો, ગત બજેટમાં વર્ષ ૨૦૧૫–૧૬ કરતાં ૨૦૧૬–૧૭માં ખેડૂતોને આપવામાં આવતી વીજ સબસિડીમાં ચાર સો સાઠ કરોડનો ઘટાડો. સરકારશ્રી દ્વારા ઉદ્યોગપતિઓને કરોડોનો ટેક્સ માફી કરવામાં આવે અને ખેડૂતો ઉપર બોજ નાખવામાં આવે, જેનાથી સરકારની ખેડૂત વિરોધી નીતિ સ્પષ્ટ સાબિત થાય છે. રાજ્ય સરકાર દર વર્ષે નર્મદા યોજનામાં નવ હજાર કરોડ વાર્ષિક યોજનાની જોગવાઇ કરે છે. આ પૈકી ત્રણ હજાર કરોડ માત્ર વ્યાજની ચૂકવણીમાં અને પચીસ ટકા રકમ કેનાલોના કામમાં વાપરવમાં આવે છે. સરેરાશ ચાળીસ ટકા બજેટ વાપરવામાં આવતું નથી. અડતાળીસ ટકા વિસ્તારને સિંચાઇનું પાણી પણ મળતું નથી. ખેડૂતોની આત્મહત્યાઓ ઉપર જો ધ્યાન દોરીએ તો વર્ષ ૨૦૧૩–૧૪માં છ સો ખેડૂતોએ આત્મહત્યા કરી અને ૨૦૧૪માં સાતસોથી વધારે ખેડૂતોએ આત્મહત્યા કરી. સરકાર માત્ર જાહેરાતો કરીને જશ લે છે. ગુજરાતમાં આઠ હજાર ગામો પીવાના પાણી માટે પણ તરસે છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આજે આપણે બધા બહેનો ઉપર ખૂબ ઉદાર છીએ એટલે બહેનો બોલે એ અમે આવકારીએ છીએ પણ આંકડાની સાથે ચેડાં ન થાય. ખોટા આંકડા રેકર્ડ ઉપર પ્રદર્શીત ન રહે એટલા માટે માનનીય કામિનીબહેને ખેડૂતોની આત્મહત્યાની વાત કરી છે તે આંકડા ખોટા છે બહેન.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : ઘણા ખેડૂતોએ, સરેરાશ ઘણા ખેડૂતોએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, એમ કરો ચાલો. આજે આટલું છોડીએ છીએ.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : પણ કરી છે ને ? કરી છે તો ખરી ને ? અઢાર હજાર આદિવાસી ખેડૂતોને વીજ કનેકશન હજુ મળ્યા નથી. આ બજેટ ગુજરાતને રાહત આપનારું બજેટ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં સરકારી કોલેજ બનાવવા માટે આગામી બે વર્ષમાં એકત્રીસ કોલેજના નિર્માણ માટે ફક્ત બે કરોડની જોગવાઇ કરવામાં આવી. બે કરોડમાં એક કોલેજનું કેમ્પસ પણ ના બને. એકત્રીસ કોલેજ બે કરોડમાં કઇ રીતે બનશે ? તો આ સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે, વિકાસ ઝીરો અને યોજના માત્ર કાગળ ઉપર. જો યુનિવર્સિટીની વાત કરીએ તો આ સરકાર દર વર્ષે જુદી જુદી યુનિવર્સિટીઓ બનાવી રહી છે. જે રીતે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, કૃષિ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી આવા અલગ અલગ નામે યુનિવર્સિટીઓ ઉભી કરી અને નાગપુરના માણસો એનું સંચાલન કરે છે. સાચા અર્થમાં આ યુનિવર્સિટીઓનું સંચાલન નોન પોલિટીકલ વ્યક્તિ અને ગુણવત્તા ધરાવતી વ્યકિતઓ દ્વારા સંચાલન થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની સરકાર વખતે ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, વીર નર્મદ યુનિવર્સિટી, શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી આવી સાચી યુનિવર્સિટીઓ કોંગ્રેસના શાસન દરમિયાન ઉભી થઇ હતી.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૦૧૦માં મદદનીશ વન સંરક્ષક તરીકે વર્ગ–૨માં અને પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. જે અન્વયે પરીક્ષા યોજાયેલી એમાં ઉપરોક્ત બંને વર્ગની કુલ એક સો સડસઠ જગ્યાઓ પૈકી પુરુષો માટે સોળ જગ્યાઓ તથા મહિલાઓ માટે એકાવન જગ્યાઓ અનામત હતી, જેનું પ્રથમ પરિણામ તા. ૨૫–૯–૨૦૧૪ના રોજ જાહેર થયેલું જેમાં પચાસ મહિલા ઉમેદવારોની જગ્યાઓ પૈકી ત્રીસ મહિલા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલસાહેબના નેતૃત્વમાં નાણામંત્રી માનનીય સૌરભભાઇ પટેલસાહેબ જે સર્વમાન્ય બજેટ ૨૦૧૬–૧૭ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપી તે સંદર્ભે મારા વિચારો રજૂ કરું છું. આજ કાલ આસપાસ વસંતી માહોલ જામ્યો છે. પ્રકૃતિ પોતાની પ્રસન્નતા વસંત થકી અભિવ્યકત કરે છે. ગુજરાતમાં વાસંતી માહોલ જામ્યો છે. વિકાસના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે વસંત આણી છે. તેની સાથે સાથે સ્ત્રી સશકિતકરણ માટેનું વાતાવરણ પણ સર્જયું છે. વસંતના આ જ વાતાવરણમાં હોળી, ધુળેટીના પર્વ સાથે સાથે આવે છે વિશ્વ મહિલા દિનનો અવસર. ગુજરાતે તેની ઔપચારિક ઉજવણી કરી સંતોષ નથી માણ્યો પરંતુ વિશેષ કદમ ઉઠાવી નારી શકિતની સાચા અર્થમાં સ્તુતિ કરી છે. અમુક લોકોનું માનવું છે કે આ એક દિવસ નારીને સમર્પણ હોય છે પણ મારે તો કહેવું છે કે ગુજરાતની સન્નારીઓ તમે તો નસીબદાર છે કે આપણા માતૃતુલ્ય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દરેક દિવસ મહિલા દિવસ તરીકે ઉજવાય તેવું વાતાવરણ ઉભું કર્યું છે. આ અવસર પર હું ચાર લાઇનની કવિતા કહેવા માગું છું.

નારી દિવસ બસ એક દિવસ, કયોં નારી કે નામ મનાતા હૈ,
હર દિન, હર પલ નારી ઉત્તમ, માનો યહ નયા જમાના હૈ,
ઔર યહી ગુજરાતને જતાયા હૈ

માનનીય અદયક્ષશ્રી, જેવું ઋતુઓમાં વસંતનું સ્થાન છે તેવી જ રીતે જીવનમાં યૌવનનું પણ સ્થાન છે. યૌવન ઉત્સાહ અને ઉમંગનો ખજાનો છે. આજે દેશ અને ગુજરાત બંને યુવા ઉર્જાથી ભરપુર છે. નવા ભાવિના નિર્માણમાં આ યુવા ધન આધારશીલા બન્યું છે ત્યારે યુવાનીમાં શિક્ષણ, કૌશલ્ય નિર્માણ અને સર્વાંગી વિકાસ માટે વિવિધ સ્તરે અને વિવિધ રીતે ગુજરાતે સુદ્રઢ આયોજન કરેલું છે. આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સ્ટાર્ટ અપ ઇન્ડીયા અને સ્ટેન્ડ અપ ઇન્ડીયા કાર્યક્રમ અને તેને સંલગ્ન પોલીસી જાહેર કરી. એમના મનમાં બસ એક જ વિચાર હતો કે મારા દેશના યુવાનો જેમાં સ્કીલ છે એ બિઝનેસ પણ કરી શકે. બસ આ જ વિચારોની લહેર આખા દેશમાં પ્રસરવા માંડી છે. આ સ્ટાર્ટ અપ ઇન્ડીયા મુવમેન્ટ એ જમીની કક્ષાના ઉદ્યમો તથા યુવા ઉદ્યમીઓને પ્રોત્સાહન આપવા કટિબદ્ધ છે. સ્ટાર્ટ અપ ઇન્ડીયા પ્રોગ્રામ આપણા દેશમાંથી લાઇસન્સ રાજનો ખાત્મો બોલાવી દેશે કેમ કે દરેક પ્રકારના વ્યવસાય શરૂ કરવા માટે લાઇસન્સ અન્ડર વન રૂટ એક છત નીચે મળી રહેશે. આપણા ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્ટાર્ટ અપ ઇન્ડીયા અને સ્ટેન્ડ અપ ઇન્ડીયા કાર્યક્રમ અને તેને સંલગ્ન પોલીસી જાહેર કરી તેનો ઉત્કૃષ્ટ પ્રતિભાવ પણ ગુજરાતે આપવાનું શરૂ કરી દીધું છે. આપણા ગતિશીલ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગુજરાતના યુવાનોમાં કૌશલ્ય વધે, નવી શોધ, સંશોધન થાય, અગ્રેસર બને અને સમાર્થ્યવાન બની ઉભરી આવે તથા સમાજ ઉપયોગી સેવાઓમાં પણ જોડાવા પ્રેરાય તેવા અભિગમ સાથે યુવા ઇનોવેશન વિલેજ સ્ટાર્ટ અપ ગુજરાત, સ્ટેન્ડ અપ ગુજરાત કાર્યક્રમ શરૂ કર્યો છે. યુવા વિકાસ વર્ષના અનુસંધાને ગુજરાતના યુવા ધનને તેમના ઇનોવેટીવ વિચારોને પ્રોત્સાહન આપી તેમને વ્યવસાયિક ધોરણે તમામ રીતે મદદરૂપ થવાના આશયથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫માં સ્ટાર્ટ અપ પોલીસી જાહેર કરી. સ્ટાર્ટ અપ પ્રોજેકટ અને એમ.એસ.એમ.ઇ. મિનિસ્ટ્રી ઓફ માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝીસ પ્રોજેકટને પ્રોત્સાહિત કરવા રૂ. ૫૦ કરોડ અને સ્ટાર્ટ અપ પોલીસીના અસરકારક અમલીકરણ માટે રૂ. ૨૨ કરોડનું આયોજન કરેલું છે. રાજયના વિદ્યાર્થીઓમાં સાયન્સ અને ટેકનોલોજીમાં સંશોધન કરવું ઇનોવેટીવનેસ અને ક્રિએટીવીટીને પ્રદર્શિત થતા સામાજિક અને સ્થાનિક સમસ્યાઓના નિરાકરણ માટે વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે ગુજકોસ્ટ દ્વારા બાળ વિજ્ઞાનનું આયોજન કરવામાં આવે છે. જિલ્લાના ૧૮૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાંના પ્રથમ ૨૬ વિદ્યાર્થીઓ, ૭ શિક્ષકો અને બે કોઓર્ડીનેટરને રાષ્ટ્રીય સ્તરના બાળ વિજ્ઞાન કાર્યક્રમમાં તા. ૨૭ થી ૩૧ ડિસેમ્બર સુધી ચંદીગઢમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ એન્જિનિયરીંગના સ્ટુડન્ટ સ્વાવલંબી અને કોઇના ઉપર નિર્ભર ન રહે જો નોકરી ન મળે તો ગુજરાત સરકાર પાંચ વર્ષના સમય માટે બેંકમાંથી લોન આપશે. આ લોનથી વિદ્યાર્થીઓ પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરશે. આ હેતુથી સરકાર મુદ્રા યોજના હેઠળ મેળવેલ ૧૦ લાખ રૂપિયા સુધીની બૅન્ક લોન ઉપર ૩ વર્ષ સુધી દર વર્ષે ૫ ટકા મર્યાદામાં વ્યાજ સહાય પૂરી પાડશે. ગુજરાતના યુવાનો નોકરીવાંચ્છું નહિ, નોકરીદાતા બનશે. આ ‘સ્ટાર્ટ અપ પૅાલિસી’ ઉદ્યોગ સાહસિકો માટે વરદાનરૂપ સાબિત થશે. રાજ્ય સરકાર ‘Ease of doing business ’ના

દરેક પાસા ઉપર ધ્યાન આપી રહી છે. મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે વર્લ્ડ બૅન્ક અને ભારત સરકાર દ્વારા કરેલી રેન્કિંગમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવેલ છે. એટલું જ નહિ ગુજરાતનું ઇન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટ ક્ષેત્રે સિદ્ધિને નવાજતા ઇન્ડિયા ટૂડે દ્વારા 'Best State for Investment Award' આપવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જિન તરીકે પ્રખ્યાત છે. Business is celebration in Gujarat, living a life is carnival, creating something big is passion of Gujarat, it is a habit to win over, is Gujarat. Business આપણા લોહીમાં છે. અહીં શાંતિ અને સલામતી હોવાથી અન્ય પ્રાંત કે દેશોનો ગુજરાત પ્રત્યે વિશ્વાસ અને શ્રદ્ધા દ્રઢ બની છે. વ્યવસાયમાં સરળતા રહે અને એક અલગ વાતાવરણ મળી રહે તે માટે ત્યારના અને હમણાના દેશના વડાપ્રધાનનું સ્વપ્ન ધોલેરા સર પ્રોજેક્ટ એ આકાર લઇ રહ્યુ છે. ધોલેરા એક ઐતિહાસિક સ્થળ છે. આખા દેશ અને દુનિયાનો મોટામાં મોટો પ્રોજેક્ટ વ્યવસાય માટે બની રહ્યો છે. It will be a mega location for economic activities; it will be live-in and do business. It will be a new Gujarat. ૮૭૯ સ્કવેર મીટરનો એરિયા. એમાંથી ૫૦૦ સ્ક્વેર મીટર ડેવલપમેન્ટ એરિયા તરીકે આવશે અને ૩૬૦ અર્બનેબલ એરિયા તરીકે આવશે. ધોલેરામાં વર્લ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ, મેટ્રો ટ્રેઇન લિંક અમદાવાદ સુધી હશે. એમાં હોસ્પિટલ, નૉલેજ સિટી, મોલ્સ, માર્કેટ વગેરે બધી સુવિધા હશે. ડી.એમ.આઇ.સી. એટલે કે દિલ્હી મુંબઇ ઇન્ડસ્ટ્રિયલ કોરીડોર માં સ્થપાનારા 'ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન' (એસ.આઇ.આર.) માં થનારા મોટા પાયાના મૂડીરોકાણ, આંતરમાળખાકીય સુવિધા તેમજ સંલગ્ન વિકાસને ધ્યાનમાં લઇ ગુજરાત સરકારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ વિકસાવવાનું નક્કી કરેલ છે. ગુજરાત પોતાના લાંબા દરિયા કિનારાના કારણે સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બની ગયું છે. દેશના મહત્વના બંદરો રાજ્યમાં આવેલા છે. બંદરોની સાથે ગુજરાત હવે નવા ક્ષેત્રોમાં પગરણ માંડી રહ્યું છે. છેલ્લાં કેટલાક વર્ષોથી અમદાવાદના એરપોર્ટ પર પ્રવાસીઓનો ઘસારો વધી રહ્યો છે. બીજી બાજું આવનારા સમયમાં ધોલેરા નજીક સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન આકાર લઇ રહ્યું છે. જેમાં ઘણા બધા ઉદ્યોગોનો પ્રારંભ થશે. તે સમયે અમદાવાદના એરપોર્ટની ક્ષમતા વધારવી પડશે. તેને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ધોલેરા નજીક ઇન્ટરનેશનલ એરપોર્ટ બનાવવાનું આયોજન કર્યુ છે. ધોલેરાનું સ્થાન નેશનલ હાઇ–વે ની નજીક છે. તો મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર નજીક છે. આ ઉપરાંત સંભવિત Delhi-Mumbai Freight Corridor પણ ધોલેરા નજીકથી પસાર થવાનો છે, ત્યારે સૂચિત ધોલેરા એરપોર્ટનું મહત્વ વધી જશે. વિકાસ એ સમગ્ર પ્રક્રિયામાં મહત્વની ભૂમિકા ભજવતું ક્ષેત્ર છે. ઉદ્યોગો નાના, મધ્યમ અને વિશાળ કદના વિવિધ ઉદ્યોગોની શ્રેણી સમાજ જીવન અને દેશના સમગ્ર અર્થતંત્ર માટે આધારશીલા સમાન હોય છે. દેશની માત્ર ૫ ટકા વસતિ અને દેશના માત્ર ૬ ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવતું ગુજરાત દેશના કુલ ઉત્પાદનમાં ૧૪ ટકા જેટલો મોટો હિસ્સો આપી શકે છે તે બાબત પણ ગુજરાતની ઉદ્યોગ ક્ષેત્રે શ્રેષ્ઠતાની સાબિતી છે. પ્રતિ બે વર્ષે યોજાતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટ અને તેની અભૂતપૂર્વ સફળતાએ તો ગુજરાતને માત્ર દેશ જ નહિ વિશ્વના ફલક ઉપર અગ્રીમ હરોળમાં મૂકી દીધું છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૬–૧૭ નું આયોજન બજેટ તા.૨૩–૨–૨૦૧૬ ના રોજ ૮૫,૫૫૭.૭૮ કરોડનું આ ગૃહમાં રજૂ કર્યુ તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદરણીય સભ્યશ્રીઓને મેં શાંતિથી સાંભળ્યા છે. અનેકના વિચારો એવા છે કે આ બજેટ ૮૫૫૫૭.૭૮ કરોડનું જે રજૂ થયું છે તેમાં આજસુધી આટલી રકમના બજેટ અગાઉની સરકારોએ કોઇએ રજૂ કર્યા નથી. મારો અનુભવ છે કે, અગાઉની સરકારોમાં જે બજેટ રજૂ થતા હતા તે પછી ભલે નાના રજૂ થતા હતા પણ વર્ષના અંતે તેનો પૂરેપૂરો ખર્ચ કરવામાં આવતો હતો. આજે જે બજેટ રજૂ થાય છે તેમાં માની લો કે ૨૦૧૬–૧૭નું ૮૫૫૫૭.૭૮ કરોડનું બજેટ અને ૨૦૧૫–૧૬નું ૭૮૨૯૫.૧૧ કરોડનું બજેટ રજૂ થયેલ. તેમાં ૬૨ કરોડ, ૬૨ લાખ અને ૬૭ હજાર રૂપિયા એટલે કે ૭.૯૦ ટકાનો વધારો આ બજેટમાં થયો છે. આ વધારો તમે કર્યા જ કરો અને ગુજરાતના વિકાસ માટે એમ કહેવાય કે અમે આટલા રૂપિયાનો વધારો કર્યો છે હવે ગુજરાત ફાલં ફુલા અને ત્રુંબમ્ ત્રુંબા બની જશે એવી લાગણી બધાની થાય છે. આમાં પરિસ્થિતિ એવી છે કે ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં ૭૧ હજાર ૫૦૦ કરોડની સામે જે રકમ ખર્ચાવવી જોઇએ તે રકમ ૧૧૭૯૪.૫૬ કરોડની રકમ ઓછી ખર્ચાઇ છે. કૃષિ સેવાઓ માટે ૧૦૪૭ કરોડ ખેડૂતોના વિકાસ માટે જે રકમ વાપરવાની હતી તે નહીં વપરાઇ. ગ્રામીણ વિકાસ માટે ૧૧૭૬.૮૯ કરોડ, સિંચાઇ અને પૂર નિયંત્રણ માટે ૩૦૪૨ કરોડ, સામાજિક સેવાઓ માટે ૮૦૪૭ કરોડ આ રકમો ઓછી ખર્ચાઇ છે. સ્વાભાવિક રીતે હું મારા જિલ્લાની વાત કરું, હું બીજા બધાની વાત નહીં કરું, સમગ્ર જિલ્લાની વાત નહીં કરું પણ મારા જિલ્લાની વાત કરું તો મેં એક પત્ર કલેકટરશ્રી અને પ્રાયોજના અધિકારીને તથા ગુજરાતના જે તે વિભાગના અધિકારીશ્રીને લખ્યો હતો. ૨૦૦૯–૧૦ના વર્ષથી ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૩૧ જેટલા સદરોમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ સાથેના પત્ર મુજબ વણવપરાયેલી બચત છે. આ રકમ પી.એલ.એ. ડીડીઓ વડોદરામાં જમા પડી છે. ચાલુ વિધાનસભાના તારીખ ૪–૭–૨૦૧૪ના પ્રશ્ન નં.૮૪, ૧૨–૭–૨૦૧૪ના પ્રશ્ન નં.૧૨૮ આ સાથે સામેલ રાખીને મોકલું છું. આ બચત ગ્રાન્ટ પી.એલ.એ. છોટાઉદેપુરમાં જમા થવા મારી માગણી છે. આ તા.૪–૭–૨૦૧૪ની પ્રશ્નોત્તરીના પ્રશ્ન નં.૮૪ માં ૧૧૪

કરોડ ૧૭ લાખ ૪૬ હજાર ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ની બજેટમાં રકમ ફાળવી હતી. તેમાં આ વર્ષોનો ખર્ચ થયો ૭૬ કરોડ ૩૨ લાખ ૪૭ હજાર. આમ આમાં ૩૭ કરોડ ૮૪ લાખ ૯૯ હજાર બચત રહી. આટલી રકમ બચત રહેવા છતાં અને બીજો તારીખ ૪–૭–૨૦૧૪નો ૧૨૮ નંબરનો પ્રશ્ન છે તેમાં પણ વડોદરામાંથી છોટાઉદેપુર જિલ્લો જુદો પડયો. તેમાં ૧૪ કરોડ ૫૩ લાખ ૨૪ હજારની બચત રહી. તે બચતની રકમ આજ સુધી વપરાઇ નથી. આ રકમના પૈસા લગભગ ૭૬ કરોડ ૩૨ લાખ માટે સંકલન સમિતિમાં પ્રશ્ન પૂછયો કે છોટાઉદેપુર જિલ્લાના વિકાસના કામો માટે જે રકમ નથી વપરાઇ તે પી.એલ.એ. ડીડીઓ વડોદરા પાસે કેટલી રકમ છે? તો તેમાં ૧૭૦ કરોડ રૂપિયા પી.એલ.એ. ડીડીઓ પાસે આ રકમ હતી. ત્રણ વર્ષ પૂરા થવાના કારણે આ બધી રકમ લેપ્સ ગઇ. આ જે રકમ છે તે બધી લેપ્સ ગઇ અને સરપ્લસ થઇને એ રકમ બીજા વિભાગોમાં જતી રહી. આદિવાસી વિસ્તારમાં જે પૈસા વપરાવા જોઇએ એ પૈસા વપરાતા નથી એનું મને દુઃખ છે. એજ રીતે ન્યુ ગુજરાત પેટર્ન હમણા ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૫,૨૬,૬૫,૦૦૦ અને ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિ ૨,૯૮,૦૩,૦૦૦, અને ૮,૨૪,૬૮,૦૦૦ સિંચાઇની આ ગ્રાન્ટ ફાળવી હતી એ ૨૦૧૪માં ૨,૯૧,૫૧,૦૦૦ અને ૨૦૧૫ની સ્થિતિએ ૨૦,૬૨,૦૦,૦૦૦ એટલે ૩,૧૨,૧૩,૦૦૦ નો જ ખર્ચ થયો અને બીજી બચત ૫,૧૨,૫૫,૦૦૦ આજ સુધી વપરાયા વગર પડી રહી. એટલે ગુજરાત પેટર્નના પણ બે વર્ષના જે પૈસા છે ૨૦૧૪–૧૫ના ૧૨૬૫ કામો માટેના એ ૩૯,૪૭,૪૭,૦૦૦ રૂપિયા અને ૨૦૧૫–૧૬ના ૧૧૩૫ માટેના ૨૭,૯૪,૧૬,૦૦૦ રૂપિયા એમ ટોટલ ૨૪૦૦ કામો માટે ૬૭,૪૧,૬૪,૦૦૦ની જે ગ્રાન્ટ ફાળવી હતી તે પૈકી ૧૧૦૨, ૫૪૨ એટલે કે ૧૬૪૪ કામો માટે ૩૪,૨૪,૩૫,૦૦૦ની ગ્રાન્ટ ફાળવી હતી અને ૭૫૬ કામોના ૩૩,૧૭,૩૯,૦૦૦ની ગ્રાન્ટના રૂપિયા આજ સુધી વપરાયા વગર પડી રહ્યા છે. એટલે એવી એક બચતની એટલી જ રકમ નથી પણ ૨૦૧૫–૧૬ની બોર્ડર વિલેજની પાણીની ટાંકીઓ માટેની જે ગ્રાન્ટ હતી એ ૧૭૮ જેટલી પાણીની ટાંકીઓ માટેની હતી અને હેન્ડપંપો બનાવવાના હતા ૧૬૭ એ મીની પાણીની ટાંકીઓ માટેની છેલ્લા બે વર્ષથી આ ગ્રાન્ટ મંજૂર થયેલી છે છતાં પણ એનું ટેન્ડર ખોલવાની પ્રક્રિયા ૨૫–૨–૨૦૧૬ના રોજ હમણા પૂરી થઇ અને કામો પૂર્ણ કરવાનું આયોજન ૩૧–૫–૨૦૧૬ના રોજનું બતાવે છે એટલે એરિયાના જે કામો છે એ કામો હેન્ડપંપો હોય કે મીની પાણીની ટાંકીઓ હોય એ ટ્રાયબલ વિસ્તારમાં બોર્ડર એરિયાના ગામોમાં આ કામો આજ સુધી પૂરાં થયા નથી એટલે મારી સરકારશ્રીને વિનંતી છે કે, ગમે તેટલી વાતો કરો પરંતુ ટ્રાયબલ વિસ્તારના ૪૦૧ જેટલા ઉંડાણના ગામો માટેની જે રકમ ફળવાય છે તે રકમ ટ્રાયબલ વિસ્તારના લોકોને રસ્તા માટેની હોય, સિંચાઇ માટેની હોય કે કોઇ પણ કામની હોય તે વપરાવી જોઇએ. છોટા ઉદેપુર, કવાટ, નસવાડી, હાફેશ્વર વિસ્તારની નર્મદા યોજનાની પાણી પુરવઠા યોજના ૨૦૦૯માં મંજૂર કરી હતી ૧૭૦ કરોડના ખર્ચે એ પણ હજુ પૂર્ણ થયેલ નથી.

શ્રીમતી ઝંખના હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન નિમિત્તે ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન પાઠવું છું. આજે મહિલા દિન છે, સમાજમાં મહિલાઓની ભૂમિકા ખૂબ જ મહત્વની છે જેથી મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધે, કુરિવાજો અને રૂઢિઓમાંથી મહિલાઓ બહાર નીકળે એવી શુભેચ્છા સાથે મહિલા દિન નિમિત્તે હું સૌનો આભાર માનું છું. પ્રથમ ગુરૂ તે માતા, સ્ત્રીને જનની કહેવામાં આવી છે. અહીં સ્ત્રીને સ્વર્ગથી પણ ઉપરનો દરજ્જો આપવામાં આવે છે ઘર તો મહિલાથી જ બને છે અને જયારે મહિલા ન હોય તો તમે વિચારી શકો છો કે આ ઘરની દશા શું હોઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં આદિ અનાદિ કાળથી મહિલાઓને માન સન્માનથી જોવામાં આવે છે. સમાજમાં એક આદર્શ પાત્ર તરીકે ગણના કરવામાં આવે છે. ભારતના શાસ્ત્રો અને ઇતિહાસમાં વિરાંગનાઓ આપણે જોઇ છે. આજકાલ આપણે પેપરોમાં પણ વાંચી રહ્યાં છીએ કે સ્ત્રીઓને અમુક મંદિરોમાં અંદર પ્રવેશવા દેતા નથી કે અંદર પ્રવેશવાની પરવાનગી આપતા નથી. હું એમ કહેવા માગુ છું કે તો આ કયાંથી આવ્યું ? તમે આ નિયમ કયાંથી બનાવ્યો ? માતાઓને તમે આવી રીતે કેમ કરી શકો ? તમે કયાંથી આવ્યા છો તે વિચારતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલમાં એક ઘરની બહાર એક વાછરડી બાંધી હતી તેને ખાવા માટે જંગલનો રાજા આવ્યો અને તેને જોઇને એક ચૌદ વર્ષની દીકરીએ તેને લાકડીથી મારી ભગાવ્યો અને વાછરડીની રક્ષા કરી. તમે વિચારી શકો છો કે ચૌદ વર્ષની દીકરીમાં જો આ હિંમત હોઇ શકે તો આ દેશની નારીમાં શું હિંમત હોઇ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માતા જે રીતે હિંમતવાન હોઇ શકે તે જ રીતે તેમનામાં મમતા પણ ભરેલી હોય છે. આજે આપણાં દેશમાં મહિલાઓને કેન્સર, ડાયાબીટીસ જેવા ઘણાં રોગો થાય છે જેના માટે માનનીય આનંદીબહેને જેન્ડર બજેટ બહાર પાડયુ છે તેમાં તેને જ લઇને ઘણાં ઇલાજો મહિલાઓ વિના મૂલ્યે કરાવી શકે છે.

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તે ઉપરાંત બાળકોમાં જે હોઠ કપાઇ ગયેલાં હોય, પ્લાસ્ટીક સર્જરી કરાવીને તેમને બરાબર કરાવવાની યોજનાઓ આ બજેટમાં ઘડાઇ છે. તે ઉપરાંત જે બાળકો ચાલતા ના હોય તેમના ઓપરેશન કરાવીને તેમને ચાલતા, દોડતાં કર્યા છે આવુ આયોજનવાળુ જેન્ડર બજેટ બહાર પાડવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વતનમાં, સમાજમાં સ્ત્રીઓ અનેક ક્ષેત્રમાં આગળ આવી છે. દેશમાં મોટી મોટી બેન્કો મહિલાઓ ચલાવે છે. તે ઉપરાંત કંપનીઓમાં સી.ઇ.ઓ.તરીકે પણ મહિલાઓ છે. રાજકારણમાં પણ મહિલાઓ છે અને રમત–ગમતના ક્ષેત્રમાં પણ મહિલાઓ છે. દેશની સુરક્ષામાં પણ મહિલાઓ જ આગળ છે. માટે આપણે મહિલાઓને આદર આપી, સ્ત્રીઓ તરફ સન્માન રાખીએ અને તેમને આદર આપવો જોઇએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે અને ખાસ કરીને મારી બધી બહેનોને હું સાંભળી રહ્યો હતો. બધી જ બહેનોએ સરસ પ્રવચન કર્યુ છે તે બદલ હું પહેલાં તેમને દિલથી અભિનંદન આપું છું. બધી બહેનોએ બધાના વખાણ કર્યા હું એક લીટીમાં એમ કહું તો આજે ખરેખર આદરણીય અમારા પક્ષના પ્રમુખ સોનિયા ગાંધી એમ કહેવાય કે સરપંચ માટે પણ લોકો લડે જેને વડાપ્રધાનની ખુરશી મળતી હતી એવા ત્યાગમૂર્તિ સોનિયા ગાંધીને આપણે આ પ્રસંગે યાદ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને નીતિનભાઇ સાહેબ, ૧૯૮૦થી ૨૦૦૦ની સાલના ૨૦ વર્ષના આંકડા જોશો તો આપણે જી.એસ.ડી.પી.ની વાર્ષિક જે આવક હતી તે સાડા નવ ટકા હતી અને તે વખતની માથાદીઠ આવક ૧૪.૩૫ હતી. એટલે અમારા કોંગ્રેસના રાજયમાં ૨૦ વર્ષમાં માથાદીઠ આવક ૩૪.૩૫ હતી. અત્યારે માથાદીઠ આવક માત્ર ૭.૩૪ થઇ ગઇ છે. કર ઉઘરાવવામાં આવે છે એના આંકડા જોઇએ તો સન ૨૦૦૦ થી માંડીને ૨૦૧૫ સુધીમાં જોઇએ તો ૧૫.૨૦ બિન કર અને ૧૪.૫૧ કર ઉઘરાવવામાં આવે છે. એકબાજુ માણસની આવક વધવી જોઇએ એના બદલે ઘટી છે જયારે કરો દિવસે દિવસે વધી રહ્યા છે. ગુજરાતનું બજેટ જોઇએ તો એમાં મોટી મોટી જાહેરાતો કરવામાં આવી છે, કાગળ ઉપર સુંદર સજાવટ કરવામાં આવી છે. જો એ જાહેર હિતનું બજેટ હોત તો આનંદ થાત. આ તો ફકત જાહેરાતવાળુ બજેટ રહેલું છે. ખાસ કરીને મારે કહેવું છે કે છેલ્લા ૧૧ વર્ષમાં ૨૦૦૫–૦૬થી માંડીને ૨૦૧૫–૧૬ માં ઘરગથ્થું ઉત્પાદન ૨૦ ટકા હતું એનાથી જો આગળ ગયું હોત તો એ ગતિશીલ ગુજરાત કહેવાત. પરંતુ આજે એ માત્ર દસ ટકાએ આવી ગયું છે ત્યારે એ મંદ ગતિનું ગુજરાત ગણાય છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં ઘટાડો, કારખાનામાં ઉત્પાદન અને સેવાકીય પ્રવૃત્તિમાં ઘટાડો થયો છે. દેશના રાજયો આગળ વધી રહ્યા છે બીજા રાજયોમાં જે ખર્ચ કરવામાં આવે છે આપણે માથાદીઠ ૧૫૩૬ રૂપિયા ખર્ચીએ છીએ, પંજાબ ૨૩૪૫ રૂપિયા, હરિયાણા ૨૧૪૬, કેરલ ૨૬૬૯ રૂપિયા ખર્ચે છે. બીજા રાજયો ગામડાંને પ્રાધાન્ય આપે છે જયારે ગુજરાત ગામડાંને પ્રાધાન્ય આપતું નથી એ આના ઉપરથી સાબિત થાય છે.

આજે ૨૦૦૪–૦૫માં આપણી મહેસૂલી આવક ૨૦,૨૬૫ કરોડ હતી જે આજે ૧,૧૬,૩૬૫ કરોડ થઇ ગઇ છે. એટલે કે ૪૭૪ ટકા આવકમાં વધારો થયો છે એટલે કે દેશમાં સૌથી વધારે કર નાખવામાં આવેલ છે. છતાંય આપણે બજેટ જોઇએ તો બજેટમાં દર વખતે એમ કહે કે આ પૂરાંતવાળુ બજેટ છે. બજેટ ત્રણ પ્રકારનું છે એક મહેસૂલ આવક, મૂડી અને એકંદરે ખાધ, આપણી દર વર્ષની ખાધ જોશે તો એનો અંત પૂરાંતવાળો કહેવાય પરંતુ ૨૦૧૪–૧૫માં ૩૧૨૦ કરોડની ખાધ રહી. સરકારે એ બતાવવું જોઇએ. આ વર્ષે ૨૦૧૬–૧૭માં ૩૭૦૦ કરોડ કરતાં વધારે ખાધ રહેશે તેવો મારો અંદાજ છે. કેગના રિપોર્ટે એમ કહ્યું છે કે દર વર્ષે આ ખાધ વધતી જાય છે. એટલે એની જો નોંધ લેવામાં નહિ આવે તો આ સરકારની પાંચ સાત વર્ષે ખરાબ પરિસ્થિતિ થશે એવી ચેતવણી પણ આપેલ છે. આ સરકારના એક આદરણીય સિનિયર આગેવાન એમ કહેતા હતા કે દેવું તો કોને મળે. હું બે દિવસ પહેલા એમનું પ્રવચન સાંભળતો હતો. તમે વિકાસના કામો માટે નર્મદા યોજના માટે પૈસા લો તો આનંદ થાય, આપણે દર વર્ષે જેટલા પૈસા લઇએ છીએ એમાંથી ૭૦ ટકા પૈસા વ્યાજ ચૂકવવા માટે લઇએ છીએ. આજે આપણે ૧૭૪૬૬ કરોડ રૂપિયા વ્યાજ ચૂકવીએ છીએ. આપણે ૨૨ હજાર કે ૨૫ હજાર કરોડની લોન લઇએ પણ અંતે એ પૈસા વ્યાજ પાછળ ચૂકવાય છે. ગુજરાતની સ્થિતિ એ છે કે ગુજરાતમાં બાળક જન્મે એ ૩૮,૦૦૦ રૂપિયાના દેવા સાથે જન્મે તેવું છે. માટે ગુજરાતમાં જન્મતા પણ વિચાર કરે એવું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસલક્ષી યોજનાઓ. આપણે ઇચ્છીએ કે ગુજરાત દિન–પ્રતિદિન વિકાસ કરે. વિકાસની યોજનાઓમાં પૈસા વપરાય. વિકાસની યોજનાઓમાં પણ ૨.૮૨નો ઘટાડો કરવામાં આવ્યો છે. બિન વિકાસલક્ષી ખર્ચમાં ૧.૫૬નો વધારો થયો છે એ સરકારની કયા પ્રકારની આવડત છે તે તેના ઉપરથી નિશ્ચિત થતું હોય છે. ખાસ કરીને જે સેવાઓ આપવાની વાત કરીએ છીએ અને ગુજરાત નં.૧ કહીએ છીએ. તમે સામાજીક સેવાઓનું જે બજેટ ફળવાય છે તે આપણા કુલ બજેટના ૪૩ ટકા ફળવાય છે. બીજાં રાજયોમાં જૂઓ તો બિહાર ૫૨ ટકા, દિલ્હી ૫૨ ટકા, મધ્યપ્રદેશ ૫૧ ટકા, છત્તીસગઢ ૫૫ ટકા, મેઘાલય ૫૪ ટકા આ સામાજીક સેવાઓમાં આપણાં કરતા અનેકગણું બજેટ વાપરીને સાચી દૃષ્ટિએ લોકોની સેવા કરે છે. આજે વાંચે ગુજરાત, ભણે ગુજરાતની મોટી મોટી જાહેરાત થાય, પણ કોઠારી કમિશન છે તેણે સ્પષ્ટપણે કહ્યું હતું કે શિક્ષણમાં છ ટકા પૈસા વાપરો. આ વખતે માત્ર ૨.૫૯. એટલે જેટલા પૈસા શિક્ષણમાં વપરાવા જોઇએ એ પૈસા વપરાતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત કેવું? તો જયાં જૂઓ ત્યાં ચાર્જ પર ચાલતું. તલાટી લઇએ તો ત્રણ-ત્રણ તલાટીના ચાર્જ. નાયબ મામલતદાર, તો તેની પાસે ચાર્જ હોય. મામલતદાર પાસે પણ ચાર્જ હોય. શિક્ષણ લઇએ તો વાસ્તવિકતા એ છે કે શિક્ષણમાં એક પરિપત્ર થયો. એ પરિપત્ર વાંચ્યો. મને નવાઇ લાગી. સરસ નામ આપેલું. પ્રવાસી શિક્ષક. એ પરિપત્ર વાંચતો હતો. તો એ પ્રવાસી શિક્ષકને પગાર કેટલો હશે? ૮૦ રૂપિયા. ૧૨મું ધોરણ ભણાવે. જયાં ખૂટતા હશે તેવા સંજોગોમાં જઇને ભણાવશે. માટે એમ થાય કે ગુજરાત અધોગતિની સ્થિતિમાં પહોંચવા જઇ રહ્યું છે. ગુજરાતનો સાચો વિકાસ કરવો હશે તો માત્ર જાહેરાતો નહીં, ઉત્સવો નહીં, સાચા ખેડૂતોની હિમાયતમાં કરવો પડશે. આજે ગુજરાતમાં ઘણા બધા ઠેકાણે પૈસા ઘટાડ્યા છે. ગ્રામ વિકાસ ખર્ચમાં ૯૪૮ કરોડ રૂપિયા ઘટાડ્યા. આજે ખેડૂતોની મોટી અને મધ્યમ સિંચાઇમાં ૮૪ કરોડ રૂપિયા ઘટાડ્યા.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી(નરોડા) : Respected Speaker Madam, at the outset I would like to congratulate the first woman Chief Minister of Gatisheel Gujarat, Smt. Anandiben Patel, You, the Speaker Madam, Hon'ble Minister Dr. Vasuben Trivedi, all my women M.L.A. colleagues and whole womanhood of the universe. I would like to convey my best wishes to the students of 10th and 12th standards of Gujarat.

It gives me immense pleasure, on this International Women's Day, to use word 'Madam' with Speaker, and for this I shall like to thank our Speaker Shri Ganpatbhai Vasava, Chief Minister Smt. Anandiben Patel, and Dandakshri Shri Pankajbhai Desai, for keeping this special session for women and thus respecting women and womanhood.

Women who constitute about 48% of total population are the focus of several developmental initiatives in many sectors such as health, education, nutrition, safety, skill development and livelihood. Various policies and programmes are specially designed for women. In order to ensure desired results from these programmes and policies, the State Government decided to publish for the first time Gender Budget in the year 2014-15. This practice has been continued in the years 2015-16 and 2016-17.

Respected Speaker, Madam, for empowering women of Gujarat, the State is leaving no stone unturned. This has resulted in empowerment in many sectors. It has been rightly said that "if you educate a man, you educate a person; but, if you educate a woman, you educate a generation." Under the leadership of Hon'ble Education Minister, Shri Bhupendrasinh Chudasama, female literacy rate in Gujarat has been increased from 57.80% in 2001 to 69.68% in the year 2011 due to State efforts and programmes, such as Dream Scheme of our beloved Prime Minister Shri Narendrabhai Modi's Kanya Kelavni Rathyatra, Vidhyalaxmi Bond, Kanya Kelavni Nidhi etc. to promote Girl Child Education.

Respected Speaker, Madam, More and more women are now taking up various professions and for that they need to relocate from their home town. Government provides boarding and lodging facility to them at subsidized rate, in working women hostels.

Respected Speaker, Madam, State Government established State Commission for Women in the year 2005 under the Chairmanship of Smt. Lilaben Ankolia. The goal of the commission is to protect women's constitutional as well as legal rights. The objective of the commission is economic, social and educational development of women.
Government also runs "Nari Adalat" which helps in providing speedy justice to women at her door-step.

Respected Speaker, Madam, Government is committed to provide good facilities to poorest of poor especially women. To achieve this, facilities of Government shelter homes "Naari Sanrakshan Gruh" at Ahmedabad, Vadodara, Surat, Rajkot and Sabarkantha would be upgraded. This would include library, sports kits, children's area and better living facilities. The objective is to create safe and friendly atmosphere for women inmates.

Respected Speaker, Madam, I have witnessed marriage of mentally retarded and handicap daughters by our beloved Chief Minister Smt. Anandiben Patel, Minister Dr. Vasuben Trivedi, I.A.S. Anuradha Mall; and congratulate them for the same.

Respected Speaker, Madam, Gujarat Government is committed to bring significant decrease in mother and child mortality rates in our State. With this purpose, an important decision has been taken to establish the first specialty hospital for mother and child at Ahmedabad with a provision of Rs.5 crores. For this, I would like to congratulate Hon'ble Health Ministers Shri Nitinbhai Patel and Shri Shankarbhai Chaudhary.

With a strong determination to make Gujarat free from malnutrition, Hon'ble Chief Minister Smt. Anandiben Patel, when started her leadership as Chief Minister, started a new trend of Honouring dignitaries by fruits, pulses and nuts in place of flowers and bouquet, ફૂલ નહીં પણ ફલ, and these were passed on to Aanganwadi Children through Aanganwadi workers.

Respected Speaker, Madam, To encourage sportsmanship in women, Hon'ble Sports Minister Shri Nanubhai Vanani has taken many initiatives, such as, special plan has been made to have women trainer and coach to train women players.

Respected Speaker, Madam, Hon'ble Industry Minister Shri Saurabhbhai Patel has also obliged women by setting up special women industrial park at Sanand with special concession. Similar parks will also be set up at Halol and Junaid in Bharuch. To help women, become economically self-sufficient, 25 female Government ITIs are there, where women candidates undergo training. I have also visited women ITI in Vatva and witnessed the facilities.

Respected Speaker, Madam, Women, especially in public life, face so many challenges day-to-day; but women have power with her commitment, honesty, transparency, strong conviction, intuition and hard work to convert these challenges into opportunity. In every success story, there always was, always is and always will be, a woman. God has built "MA" and women helps to build "Bharat Mata" i.e., Nation.

Thank you very much for giving me opportunity to speak on the budget today.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે સભાગૃહમાં ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે ગરવી ગુજરાત, કહેવાય છે ગતિશીલ ગુજરાત અને કહેવાય છે ગરીબોની સરકાર. પણ આજે હું મારા જિલ્લાની અને મારા વિસ્તારની જ્યારે વાત કરું ત્યારે હમણાં તાજેતરમાં ચોમાસામાં જે વરસાદ થયો તે ખરેખર ઘોડાપૂર વરસાદ કહેવાય તો એ ઉત્તર ગુજરાતના અમિરગઢ અને સાબરકાંઠા જિલ્લામાં થયો ત્યારે આજે મારે દુ:ખ સાથે કહેવું પડે કે, આજે સાત-સાત મહિના થયા છતાં પશુઓના પૈસાના ચૂકવણા પણ થયા નથી. આજે ગુજરાતનો દાતા એવો ખેડૂત પુત્ર, ઉત્તર ગુજરાતની જે જમીનો ધોવાણી ત્યાં સરવે પણ થયો નથી. આજે એ વિસ્તારની અંદર જે ચૂકવણું થયું હોય ત્યાં દસ થી પંદર ટકા ચૂકવણું થયું હોય બાકી ચૂકવણું ના પણ થયું. એ લોકોએ આપણા વિભાગ મારફતે અને આપની સરકાર મારફતે સરવે કરાવ્યું અને સરવે પણ કરીને આપના વિભાગમાં અત્યારે સરકારી ઓફિસોમાં પડ્યું હોય ત્યારે અમે જ્યારે પણ વિસ્તારના લોકો ત્યાં રજૂઆતો કરતા ત્યારે એમ કહેવામાં આવે કે, અહીંયાથી આપણે સરવે કરીને ગુજરાત સરકારમાં મોકલ્યું છે. ગુજરાત સરકારને વાત કરીએ તો કહે કે, ભાઇ ચૂકવણું પતી ગયું છે. આજે મોટેભાગે ખેડૂતો અને ગરીબોની વાતો કરતા હોઇએ ત્યારે ખેડૂતો અને ગરીબોને આ સરકાર અન્યાય કરે છે એમ કહીએ તો પણ ખોટું નથી.

આજે ઉત્તર ગુજરાતની અંદર મારે સિનિયર મંત્રીશ્રીઓને અત્યારે જણાવતાં આનંદ પણ થાય અને દુ:ખ સાથે સૂચન પણ કરું અને વિનંતી પણ કરું ત્યારે આજે લગભગ એકાદ અઠવાડિયા પહેલાં આદિજાતિ મંત્રીશ્રીને જ વાત કરતો હોઉ ત્યારે અને મંત્રીશ્રીને જણાવતા મને આનંદ થાય અને એક બાજુ દુ:ખ થાય કે, આજે અગિયાર સાયન્સની આદર્શ નિવાસી શાળામાંથી ૧૭૦-૧૭૦ છોકરીઓને એકાદ અઠવાડિયા પહેલાં અને આજની તારીખમાં પરીક્ષાઓ ચાલુ થઇ હોય ત્યારે અભ્યાસ માટે વલખા કરતી અહીંયા છેક કલેકટર કચેરી સુધી અને ગાંધીનગર સુધી જો ધરણાં અને માગણીઓ માટે આવવું પડે તો શું આ આ ગતિશીલ ગુજરાત કહેવાય?

એ જ રીતે સરકાર ગરીબ કલ્યાણ મેળાઓ ઉજવતી હોય ત્યારે ગયા બજેટની અંદર મંત્રીશ્રી રમણભાઇ કહેતા હતા, અમે કોંગ્રેસના ધારાસભ્યોને પણ આમંત્રણ આપતા હોઇએ. પણ નહીં, અહીંયાથી આમંત્રણ અપાય અને ત્યાં સરકારી બાબુઓને કહેવામાં આવે કે, કોંગ્રેસના ધારાસભ્યોને અંદર આવવા ના દેતા અને અમારે વિરોધ કરવો પડે. શું અમે આ સરકારી પોગ્રામના હક્કદાર નથી કે ત્યાં અમારે જવાનો અધિકાર નથી ? મારે આજે દુ:ખ સાથે કહેવું છે કે, આજે ઉત્તર ગુજરાતના અને આદિવાસીઓને જે વનબંધુ કલ્યાણની અંદર જે જમીનો આપવામાં આવી હોય એમાં પણ એક મશ્કરી સમાન ગણાય કે, જે લોકો પાંચ વિઘા જે જમીન ખેડતા હોય એને બદલામાં સો–સો અથવા તો બસો ફૂટ બાય બસો ફૂટના પ્લોટો અપાય અને ગરીબ કલ્યાણ મેળામાં જે સનદો આપી હોય એક વર્ષ પહેલા એ સનદો તાલુકા પંચાયત મારફતે પાછી મંગાવવામાં આવે અને કહે લાભાર્થીઓને સનદો આપીએ છીએ આ મશ્કરીજનક ગણાય. એ જ રીતે હું નીતિનભાઇ પટેલસાહેબને થોડી વિનંતી કરું કે ભારે વરસાદના લીધે ઉત્તર ગુજરાતની અંદર રસ્તા ખરાબ થઇ ગયા છે. બે મહિના પહેલા નાણામંત્રીશ્રી સાથે જે મિટિંગ થઇ હતી એ વખતે મારા વિસ્તારની અંદર મેં ૧૬૫ જેટલા રસ્તાઓનું લીસ્ટ આપ્યું એના પછી એવું કહેવામાં આવ્યું કે પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ અમે આપીએ છીએ પણ આપ હજુ પણ સર્વે કરાવો કે ગામડાંમાં જવા માટે રસ્તા પણ નથી. મારી તો વિનંતી એ છે કે નોન પ્લાન અને પ્લાન રસ્તાઓ અત્યારે આપો છો એના બદલામાં કાચા રસ્તા અને નવેસરથી રસ્તા આપો તો ગામ સુધી જતા લોકોને અગવડ ન પડે એટલું કહીને વિરમું છું. જય ભારત.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં સૂર પુરાવું છું. સાથેસાથે આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે નારી જગતની તમામ મહિલાઓને આપના માધ્યમથી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આજે વિશ્વમાં નારીઓએ અંતરીક્ષ સુધી પ્રગતિ કરી છે અને સર્વ ક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે. સ્ત્રી ખુદ એક શકિતસ્વરૂપા છે. આજે સ્ત્રીઓએ પોતપોતાના ક્ષેત્રોમાં ખૂબ પ્રગતિ કરી છે. આપણે એ ભૂમિના સંતાનો છીએ વિશ્વના કોઇપણ દેશમાં પોતાના દેશને માતા નહીં કહેતા હોય પરંતુ વિશ્વમાં આપણો ભારત દેશ એવો છે કે જેને ભારત માતા કહીને બોલાવવામાં આવે છે. કુદરતે પણ સ્ત્રીઓને શકિત અને સામર્થ્ય આપવામાં કોઇ ભેદભાવ રાખ્યો નથી. સ્ત્રીમાં ઇશ્વરે ખૂબ શકિત આપેલી છે ત્યારે હું કહીશ " કૌન કહે તુઝે અબલા નારી, આકાશ સે ઉંચી ઉડાન હૈ તેરી " આજે ગૃહમાં ચર્ચા થતી હતી કે હું કેવા પક્ષમાંથી આવું છું, કયા પક્ષની ધારાસભ્ય છું ત્યારે મને કહેવાનું મન થાય છે કે હું એ પક્ષની ધારાસભ્ય છું કે જેના મુખ્યમંત્રી પ્રથમ વખત મુખ્યમંત્રી બને ત્યારે જેમ મુખ્યમંત્રી પ્રવેશ કરે ગૃહમાં ત્યારે એ ગૃહપ્રવેશ એક દલિત કન્યાના હાથે કળશનું સ્થાપન કરાવે એ મુખ્યમંત્રીના પક્ષની હું ધારાસભ્ય છું. સાથેસાથે કહીશ હમણા દિલ્હીમાં બે દિવસ સુધી પાંચ માર્ચ અને છ માર્ચ વુમન એમ્પાવર્મેન્ટનો કાર્યક્રમ હતો. ત્યારે સમગ્ર ભારતની એમ.પી. એમ.એલ.એ. મહિલાઓ ત્યાં આવી હતી અને પોતાના રાજયમાં જે કામગીરી થાય છે મહિલાઓ માટેની કે અન્ય કોઇ કામગીરી વિશે ટૂંકમાં પ્રવચન ૩–૩ મિનિટ કરવાનું હતું ત્યારે ઘણી સારી સારી યોજનાઓ વિશે ખૂબ વાતો થઇ. ઘણું બધું શીખવાનું મળ્યું પરંતુ એક પણ વ્યકિતના પ્રવચનમાં એવું જાણવા ન મળ્યું કે એના મુખ્યમંત્રી પોતાને જે ભેટ સોગાદો મળી હોય એ ભેટ સોગાદોની જાહેરમાં નિલામી કરી અને કન્યા કેળવણી નીધિમાં આપતા હોય એ પક્ષની હું ધારાસભ્ય છું. સાથેસાથે એ પણ કહીશ કે અમારા મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન પટેલ જે મુખ્યમંત્રી બન્યા, લોકો એમને મોંઘી મોંઘી ગીફ્ટ આપતા હતા ત્યારે તેમણે કહ્યું કે મને મોંઘી મોંઘી ગીફ્ટ નહીં પરંતુ ફળ આપો, પૌષ્ટિક આહાર આપો અને એ પૌષ્ટિક આહાર, એ ફળ જે આંગણવાડીમાં ભણતા નાના નાના ભૂલકાઓ છે એમના પોષણની ચિંતા કરી અને એ બાળકોને આંગણવાડી સુધી પહોંચાડવામાં આવે એ પક્ષની હું ધારાસભ્ય છું અને એનું મને ગૌરવ છે. આપણા શકિતસ્વરૂપા મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જેઓએ સતત ત્રીજી વખત બજેટ બહાર પાડયું અને જેન્ડર બજેટમાં ૧૩૬ મહિલાલક્ષી યોજનાઓ ફકત બહેનો માટે જ છે. એમાં હું ટૂંકમાં ૨–૪ વાત કરું. પોલીસની ભરતીમાં ૩૩ ટકા અનામત હોય, મહિલા સુરક્ષાની તાલીમ હોય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૩૩ ટકાથી ૫૦ ટકા બહેનોને અનામત આપવાની વાત હોય તો તે ફકત ને ફકત ગુજરાત રાજ્યમાં છે. વર્ષ ૨૦૧૬–૧૭ માં મહિલા અને બાળ વિકાસ માટે ૨,૬૧૫.૮૧ કરોડની ફાળવણી કરવામાં આવી. આ વખતના બજેટમાં સરદાર સરોવરમાં ૯,૦૫૦ કરોડની જે ફાળવણી કરવામાં આવી, તેમાં મારે ખાસ સૌરાષ્ટ્રને લાગુ પડે તે 'સૌની' યોજનાની વાત કરવી છે. સૌની યોજનામાં ૫,૯૦૦ કરોડના ખર્ચે અત્યારે કામ ચાલુ છે. વધારાના આવનારા દિવસો માટે થઇને ૨,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જે થકી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ફ્લડ વોટરથી ભરાવાના છે. જેમણે ગુજરાત રાજય ઉપર અને દેશમાં સૌથી વધારે શાસન કર્યુ,ત્યારે હું ખાસ ટકોર કરીશ કે ગુજરાતની પ્રજા અને ખાસ કરીને સૌરાષ્ટ્રની પ્રજા પાણી માટે વલખાં મારતી હતી આજે વિશ્વ મહિલા દિન છે, ત્યારે મહિલા માટે કહીશ કે જે બહેનો પીવાના પાણીની ખૂબ ચિંતા કરતી હતી અને માથે બેડા લઇને પાણી ભરવા જતી હતી એના માટેની નક્કર કામગીરી જેમણે ૫૦ વર્ષનું શાસન કર્યુ હતું તેમણે નહોતી કરી, એ કામગીરી અમારા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી અને આનંદીબહેનના નેતૃત્વમાં આજે નર્મદાના નીર ગામડે ગામડે પહોંચ્યા છે. જે બદલ હું માનનીય આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને આનંદીબેન

પટેલનો અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. ગુજરાતની આન, બાન અને શાન એટલે આપણી નર્મદા સરદાર સરોવર યોજના. જેના વિષે મેં વાત કરી કે જે કામગીરી થકી આજે ગુજરાતમાં ખેડૂતોને પણ ખૂબ ફાયદો થવાનો છે. જયારે આ ગૃહમાં ચર્ચા થતી હોય ત્યારે વારંવાર એવું કહેવામાં આવતું હોય છે કે આ સરકાર ઉદ્યોગપતિઓની છે. આ સરકાર ઉદ્યોગોને જમીન ફાળવી દે છે. આવી અનેક ટિકા–ટિપ્પણીઓ આ ગૃહમાં થતી હોય ત્યારે હું ખાસ કહીશ કે આપણું વિધાનસભાનું ગૃહ ચાલુ થવાનું હતું એના બે દિવસ પહેલાં આપણા માનનીય મુખ્યમંત્રી રાજકોટ આવ્યા હતા. રાજકોટ આવ્યા તે દિવસે પોલિયો દિન હતો. એમણે સવારથી લઇને સાંજ સુધી સેવાના જ કાર્યો કર્યા. અમારી આ પાર્ટી એ કોઇ વિદેશ નીતિથી નથી ચાલતી, પરંતુ સત્તાના માધ્યમથી સેવાનાં કામ કરતી અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા ત્યારે તેમણે સવારમાં પહેલાં વાલ્મિકી સમાજની દીકરીઓના સમૂહલગ્નમાં હાજરી આપી. ત્યારપછી જેમણે ઘરના ઘરનું સ્વપ્ન બતાવ્યું હતું, તે સ્વપ્ન બતાવવા વાળા કયાં ખોવાઇ ગયા એ ખબર નથી પડતી, પરંતુ ઘરના ઘરનું સ્વપ્ન ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે સાબિત કર્યુ છે અને ત્યારે ૮૦૦ થી ઉપરના લોકોને ઘરના ઘરની ચાવી એના હાથોહાથ આપવામાં આવી. અમારા રાજકોટમાં જે રાજકોટની ખૂબ જ નજીકની જગ્યા હોય. ખૂબ કિંમતી જગ્યા હોય, કરોડોના ભાવની જગ્યા હોય ત્યારે ગરીબ લોકો હોય જેને શહેરમાં વસવું હોય, જે આદિજાતિ વિચરતા લોકો હોય એમના માટે ઘર બનાવવું સ્વપ્ન હોય, આવા લોકોનું સ્વપ્નું પૂરું કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ત્યારે ગૌરવ સાથે કહીશ કે જે રાજકોટ શહેરની નજીકની જગ્યા હતી તે જગ્યા પસંદ કરી અને ૧૦૦થી ઉપરના લોકોને ખૂબ જ કિંમતી જગ્યા હતી, ત્યાં આગળ પ્લોટ ફાળવવામાં આવ્યા અને સાથે સાથે ૭૦,૦૦૦ રૂપિયાની મકાન સહાય અને દરેક ઘરમાં શૌચાલય બને તેના માટે ઉપરથી ૧૨,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી. આમ ભાજપની સરકાર દ્વારા અનેકવિધ સેવાના કાર્યો થઇ રહ્યા છે. મારા મત વિસ્તારની વાત કરું. ખૂબ જ અગત્યનો રસ્તો કહી શકાય એવો રાજકોટ–ભાવનગર હાઇ–વે છે. આપણા મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન પટેલ માર્ગ મકાન મંત્રી હતા, ત્યારે રોડ માટે થઇને તેમણે ટુ લેનને ફોર લેન કરવા માટે ૮૦ કરોડની ફાળવણી કરીને ખાતમુહૂર્ત કરી ગયા હતા અને બીજા તબક્કામાં ૧૨૦ કરોડની ફાળવણી કરી અને તે રસ્તાનું કામ અત્યારે ચાલુ છે. તેવી જ રીતે રીંગ રોડ જુદા જુદા નગરોમાં મંજૂર કરવામાં આવ્યા છે તેવો જ રીંગરોડ રાજકોટમાં પણ મંજૂર કરવામાં આવ્યો તેના માટે હું માનનીય મંત્રીશ્રી નીતિનભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું. એવી જ રીતે મારા મત વિસ્તારમાં રાજકોટથી કાલાવડ સુધીનો ખૂબ જ અગત્યનો રોડ છે અને મેટોડા જીઆઇડીસી સુધી ૨૬ કરોડના ખર્ચે રસ્તો મંજૂર થયો તે સીકસ લેન બનવાનો છે. આમ અનેક વિકાસના કામ મારા મત વિસ્તારમાં થયા છે ત્યારે આ કોઇ એક વિસ્તાર પૂરતું નહીં પરંતુ સમગ્ર ગુજરાતનો વિકાસ થાય અને છેવાડાના અંતિમ પગથિયે બેઠેલો માણસ એ જ ભારતીય જનતા પાર્ટીનું પ્રથમ લક્ષ્ય છે તે સિદ્ધાંત સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે ત્યારે વારંવાર આપણે ટીકાટિપ્પણીઓમાં ન પડતા જે વિકાસ થઇ રહ્યો છે તે વિકાસ માટે અને જયારે ગુજરાત ભારતનું રોલ મોડલ બન્યું છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ સન્માનનીય સભાગૃહ સમક્ષ જે અંદાપત્ર લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીના અંદાજપત્રમાં ગુજરાતના વિકાસને વેગ મળે, સાર્વત્રિક વિકાસ એટલે કે ઇન્કલુઝીવ ગ્રોથ થાય, વિકાસના ફળ સમાજના છેવાડામાં છેવાડાના માણસ સુધી પહોંચે અને તે વિકાસ થકી સાચ અર્થમાં ગુજરાત જેના માટે આપણે કહીએ છીએ કે સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા. તે ભારતનું ગ્રોથ એન્જિન એટલે કે વિકાસને ગતિશીલ બનાવતું એક ચાલકબળ ગુજરાત બની રહે તેવી અનેક જોગવાઇઓ, અનેક યોજનાઓ માનનીય નાણામંત્રીશ્રી આ અંદાજપત્રમાં લઇને આવ્યા છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પંચમહાલ જિલ્લામાં એક આદિવાસી વિસ્તારમાંથી ૧૩–૯–૧૯૮૩ મારો જન્મ છે એટલે કે યુવા ધારાસભ્ય તરીકે, ટ્રાયબલ વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ભારતીય જનતા પાર્ટીમાંથી મને પ્રતિનિધિત્વ આપ્યું છે તેના માટે મને ગૌરવ છે અને આનંદ થાય છે કે આદિજાતિ વિકાસ માટે દરેક વિભાગમાં સારામાં સારા કામો થઇ રહ્યા છે ત્યારે આ બજેટમાં ૧૭૮૯.૪૩ કરોડની જોગવાઇ આદિજાતિ માટે કરવામાં આવી છે. એક આદિજાતિ વિસ્તારમાંથી આવવાની સાથે અને ખેડૂતપુત્રી હોવાના નાતે આજે પાણીના પ્રશ્નો અને સમસ્યાઓ આપણી સમક્ષ આવી રહી છે ત્યારે આ બજેટમાં મારા વિસ્તારના ખેડૂતોની પાણીની સમસ્યા દૂર થાય અને ખેડૂતોના ખેતર સુધી પાણી મળી રહે તેના માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા ખૂબ સારી કામગીરી કરવામાં આવી છે. આ બજેટમાં ખેડૂતોને ઉદ્વહન સિંચાઇનો લાભ મળે તેના માટે ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દેશનો વિકાસ રાજયના વિકાસ થકી થાય છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે જે મહિલાઓ ચૂંટાઇ આવી છે, જે મહિલાઓ પોતાના વિસ્તારમાં જનપ્રતિનિધિ તરીકે, એક ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવે છે ત્યારે સાચ અર્થમાં એ પાર્ટી હોય કે બીજી પાર્ટી હોય તેમાં રહીને રાજય સરકારની નવી નવી યોજનાઓ છે તે યોજનાઓ આપણા

વિસ્તારમાં મનથી, દિલથી નાનામાં નાના માણસ સુધી કેવી રીતે પહોંચે તેની સતત ચિંતા કરીએ તે જ આપણો જનપ્રતિનિધિનો મહત્વનો રોલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નદીની વાત કરું તો નદી જીવનદાયીની છે, સ્ત્રી પણ જીવનદાયીની છે. નદી કિનારે જીવન વસે છે તેવી જ રીતે સ્ત્રીના ખોળામાં જીવન પલે છે. તેવી જ રીતે માનનીય મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે પણ ગુજરાતના દરેક બાળકો ચાહે આદિવાસી વિસ્તારના હોય કે બક્ષીપંચ સમાજના હોય ખૂણે ખૂણે જે બાળકો આવેલા છે તેની સતતને સતત ચિંતા કરી છે, એમના પોષણની ચિંતા કરે છે, એમના શિક્ષણની ચિંતા કરે છે ત્યારે ગુજરાતને કુપોષણથી મુક્ત કરવા દ્ઢ સંકલ્પ સાથે માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબેન પટેલે લગભગ ૪૩ લાખ બાળકોની તબીબી તપાસ કરાવીને અતિ કુપોષિત બાળકોને અલગ તારવીને તેઓને વિશેષ ઉપચારત્મક પોષણ યુક્ત આહાર પૂરો પાડવાનું એક નવતર અભિયાન ઉપાડ્યું છે. આવા બાળકોને આહારની સાથે સતત તબીબી દેખરેખનો લાભ પણ આપવામાં આવે છે અને આ અભિયાન માટે માનનીય ચંદ્રિકાબેનને કહેવું છે કે, કુપોષણ માટે જોગવાઇ ૨૫ કરોડની કરી છે. અમે બંને ટ્રાયબલ વિસ્તારમાંથી આવીએ છીએ અને કુપોષણ માટે ચંદ્રિકાબેન સતત ચિંતા કરતા હોય છે પણ મારે એમને એટલું જ કહેવું છે કે, આપણું પોષણ બંનેનું સરખું છે તો હવે આપણા વિસ્તારમાં બાળકોનું પૂરતું પોષણ થાય એ માટે રાજય સરકાર જે યોજનાઓ લઇને આવી છે એ એના ઘર સુધી પહોંચે એની ચિંતા કરીએ બસ એટલું જ આપણે કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાષ્ટ્રીય મહિલા દિન નિમિતે મારે કહેવું છે. મને કહેવા દો, "હમ મહિલાએ અપને આંચલ મેં પિઢિયા કા નિર્માણ કરકે સમાજ કો સોંપ દેંતે હૈ, હમ ક્યા માંગેગે હમ તો દેને વાલે હૈ" માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, રાજયમાં માતા અને બાળ મૃત્યુ દરમાં આજે નોંધપાત્ર સુધારો લાવી શક્યા છીએ એ આપણી ગુજરાત સરકારની સતત મહેનત અને પરિશ્રમનું પરિણામ છે. અમદાવાદ ખાતે માતા અને બાળકો માટે ગુજરાતમાં પ્રથમ સ્પેશિયાલિસ્ટ મધર અને ચાઇલ્ડ હોસ્પિટલ શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લઇને આગામી વર્ષ માટે ૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ પહેલી વખત એવો બનાવ બન્યો હશે કે એક માતૃતુલ્ય ગતિશીલ ગુજરાતના પ્રણેતા આપણા મુખ્ય મંત્રીશ્રી આનંદીબેન પટેલે માતાની અને બાળકોની ચિંતા કરીને આપણને હોસ્પિટલ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પૂરવઠા વિશે પણ મારે વાત કરવી છે, પીવાના પાણીના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે રાજય સરકાર જ્યારે કટિબધ્ધ છે અને પાણી પૂરવઠા ક્ષેત્રે રૂપિયા ૩ કરોડનું આયોજન આ વખતે કરવામાં આવ્યું છે ત્યારે વનબંધુ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાના કાયમી નિરાકરણના ભાગરૂપે જૂથ પાણી પૂરવઠા યોજનાઓ, મીની વોટર વર્કસ, હેડપંપો વગેરે માટે કુલ રૂપિયા ૭૩૦.૩૩ કરોડની જોગવાઈ કરી છે. મારે આપના દ્વારા કહેવું છે કે, પાણી પૂરવઠા વિભાગ દ્વારા, મને કહેતા આનંદ થાય છે કે, નવી નવી ધારાસભ્ય તરીકે હું જ્યારે ચૂંટાઇને આવી ત્યારે આપણા માજી મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડા પ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ પાસે આશીર્વાદ લેવા ગઇ હતી ત્યારે મેં મારા વિસ્તારની સમસ્યાની રજૂઆત કરી હતી, પાણીની સમસ્યાની રજૂઆત પણ કરી હતી ત્યારે આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મને કહ્યું કે, બહેન તમારો ટ્રાયબલ વિસ્તાર છે ત્યારે તમને જૂથ યોજના આપવામાં આવશે. મને કહેતા આનંદ થાય છે કે, કહેતાની સાથે ૧૩૬ કરોડની હરણા પાણી પૂરવઠા જૂથ યોજના આપી દીધી અને આજે સૂચારું રૂપે, સુવ્યવસ્થિત રીતે સર્વે થઇને મારા મત વિસ્તારના ૫૨ ગામમાં એનું સર્વે થઇ ગયું છે, ટેન્ડર બહાર પડી ગયું છે અને ટૂંક સમયમાં એ પાણી પૂરવઠા યોજના ચાલુ થઇ જશે એવી મને આશા છે. આમ, જે ગુજરાત રાજય સરકારની નેમ છે કે સારામાં સારી પ્રગતિ કરીને કામ કરવું છે ત્યારે આ કામ પણ મારા વિસ્તારમાં ચાલુ થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ગઇ કાલે જ અન્ન અને નાગરિક પૂરવઠા નિગમ દ્વારા ખેડૂતોના અનાજનો સંગ્રહ થાય એના માટે જે ગોડાઉન બનાવવાનું છે એ માટે ૨ કરોડ ૪૫ લાખ રૂપિયાના ગોડાઉનનું કાલે મેં જાતે ખાત મુહૂર્ત કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે, આદિજાતિ વિસ્તારના એક નાના એવા ખૂણામાંથી હું આવુ છું તો રાજય સરકારની જે અઢળક યોજનાઓ છે તે યોજનાઓ સાચા અર્થમાં અમારા નાનામાં નાના છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે. પછી તે સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય કે યુવા પેઢીને આપણે કહી શકાય કે મુખ્યમંત્રી આનંદીબહેને કહ્યું છે કે યુવાનો આગળ આવે, તેના માટેનું કૌશલ્યવર્ધન થાય તેના માટે અમારા વિસ્તારમાં ૭ કરોડની આઇ.ટી.આઇ.મંજૂર કરી છે અને ટૂંક સમયમાં શરૂ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના દૂરદર્શી નેતૃત્વમાં ગુજરાત સરકાર મહિલાઓને સશકત બનાવવા અને તેમને મુખ્ય ધારામાં લાવવા માટે સતત મહેનત કરતા રહ્યાં છે ત્યારે મારે કહેવુ છે કે મહિલાઓ સાચા અર્થમાં તેમની પ્રકૃત્તિ, તેમની ભાવના, તેમની મહેનતના આધારે રાષ્ટ્રના નિર્માણમાં પોતાની ભાગીદારી આપી રહી છે ત્યારે મારો પંચમહાલ જિલ્લો ખેતીપ્રધાન જિલ્લો છે. મહિલા પશુપાલકો અને મહિલાઓની ખૂબ ચિંતા કરી છે ત્યારે મહિલા સંચાલિત દૂધ સહકારી સમિતિઓ માટે બલ્ક મિલ્ક કૂલર, મિલ્કિંગ મશીન, ચાપ કટર રાજય સરકાર મહિલાઓની આર્થિક સદ્ધરતા થાય એના માટે ૨૦૧૬-૧૭ના બજેટમાં વ્યકિતગત લાભાર્થીઓને લાભ મળે તેના માટે

૧૧.૭૮ કરોડની જોગવાઇ કરી છે. દૂધ ઘરના નિર્માણ માટે મારે ચંદ્રિકાબહેનને એ પણ કહેવું છે, બહેનને ખબર હશે (અંતરાય) દૂધ ઘરના નિર્માણ માટે રાજય સરકારે મહિલા દૂધ સહકારી સમિતિઓમાં ૩૦૦ ચો.વાર જમીન અને તે પણ એક રૂપિયાના ટોકન ઉપર આપી છે એટલે આપણે દરેક વિસ્તારની મહિલાઓને અપાવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક પંકિત કહેવા માગુ છું કે, " ફક્ર કરતા રહા વો સમાજ, જો હરદમ ફર્ક કરતા રહા, બેટી ચાંદ પર પહુંચ ગઇ ઔર બેટા ચાંદ કો તકતા રહા. " બેટી બચાવો, બેટી પઢાવો, સ્વચ્છ ગુજરાત, ભણે ગુજરાત, વાંચે ગુજરાત, બેટી પઢાવો, બેટી બઢાવો જેવા જન અભિયાન ગુજરાત રાજય સરકારે સાચા અર્થમાં સાર્થક કર્યુ છે ત્યારે મારે કહેવું છે કે, બાળકોના અભ્યાસ માટે ચાહે આંગણવાડીના બાળકો હોય, ચાહે પ્રાથમિક સ્કૂલના બાળકો હોય ત્યારે પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકો અને ધાત્રી માતાના પોષણના સ્તરમાં સુધારણા કરવા માટે ઉમદા ધ્યેય સાથે સરકારે દૂધ સંજીવની યોજનાનો વ્યાપ વધાર્યો છે. આ સન્માનનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, આગામી વર્ષ રાજયના તમામ ૭૧ આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં આ યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે અને અઠવાડિયામાં પાંચ દિવસ બાળકોને દૂધ આપવામાં આવશે. દૂધ સંજીવની યોજના માટે કુલ ૩૧૧.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ કહ્યું એવી રીતે એક યુવા ધારાસભ્ય તરીકે મારે કહેવું છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે યુવાનોની ચિંતા કરી છે એ રીતે ગુજરાતના યુવાનો માટે પૂજનીય શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક જે સદાકાળ પ્રેરણામૂર્તિ રહ્યા છે આ વર્ષ તેમની ૧૨૫મી જન્મ જયંતીનું વર્ષ છે. ગુજરાતની યુવા શકિતને નવી દિશા પ્રાપ્ત થાય અને ભાવિ પેઢીના વિકાસ માટે વિશાળ ફલક મળી રહે તે હેતુથી માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન ઇન્દુચાચાની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૬-૧૭ને યુવા વિકાસ વર્ષ તરીકે જાહેર કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. યુવા વિકાસ વર્ષના અનુસંધાને ગુજરાતના યુવા ધનને તેમના ઇનોવેટિવ વિચારોને પ્રોત્સાહન તેમને વ્યવસાયિક ધોરણે રજૂ કરવામાં તમામ રીતે મદદરૂપ થવાના આશયથી અમારી સરકારે વર્ષ ૨૦૧૫માં સ્ટાર્ટ-અપ પોલિસી જાહેર કરેલી અને રાજયના યુવાનોને ઇનોવેટિવ વિચારોને સાકાર કરવા ગુજરાત સ્ટાર્ટ-અપ મિશનની રચના કરવામાં આવી છે. વધુ કહેતા આઇ ક્રિએટ સંસ્થામાં કોપર્સ ફંડ ઉભું કરવા માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

મારે એ પણ કહેવું છે કે આર. એન્ડ બી. ખાતા દ્વારા અમારે નીતિનભાઇ પટેલ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનવો છે કે મારા મત વિસ્તારમાં આજે ૬૦ વર્ષથી જે રસ્તાઓ થયા નહોતા એ આજે ૬૦ વર્ષ પછી થયા છે. મારા આ રસ્તાઓ જોવા માટે માનનીય ચંદ્રિકાબહેનને આમંત્રણ આપવું છે કે તમે અમારા આદિવાસી વિસ્તારમાં આવો જૂઓ કે ગુજરાત સરકારે કેટલો વિકાસ કર્યો છે અને એને સાચા અર્થમાં પોતાના વિસ્તારમાં લઇ જવા માટે એમને પ્રેરણા આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગતિશીલ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં અમારા નાણામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે ગુજરાતના વિકાસને વધુ વેગવંતો કરવા માટે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે અને ગુજરાતના છ, સવા છ કરોડ જે નાગરિકો કહીએ એ બધાને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે એ માટે જે બજેટ રજૂ કર્યું છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

આજે વિશ્વ મહિલા દિન છે એટલે બધી બહેનોને અભિનંદન આપું છું. આપશ્રીને પણ અભિનંદન આપું છું અને અમારા બહેનો ધારાસભ્યશ્રીઓ અને બે બહેનો અત્યારે ઉપસ્થિત છે. તેજશ્રીબહેન કોઇ અગત્યના કામ માટે બહાર ગયા લાગે છે એમને પણ અભિનંદન આપું છું. અમારું બજેટ ગયા વર્ષનું અને આ વર્ષનું જોઇએ તો એ મહિલાલક્ષી બજેટ છે. મહિલાલક્ષી બજેટનો અર્થ શું થાય એ આપણે બધા જાણીએ છીએ. સમાજમાં ૫૦ ટકા બહેનો જયારે કામ કરતી હોય ઘર ચલાવવાનું, બાળકોને ભણાવવાનું, પરિવારની સારસંભાર રાખવાની, સામાજિક રીત રીવાજો પ્રમાણે પરિવારને આગળ વધારવાનો આ બધું જ જયારે બહેનો કરતી હોય ત્યારે બહેનોની શકિત સામર્થ એનો અનુભવ એનો લાભ ફકત એમના પરિવાર પૂરતો મર્યાદિત ન રહે પણ બહેનોની કેપેસિટી પ્રમાણે એમના અનુભવ પ્રમાણે એમના ઉત્સાહ પ્રમાણે એમને વધુ ક્ષેત્રમાં કામ કરવાની તક મળે એ તક આપવા માટે આપણે બધા કૃતનિશ્ચયી છીએ. આપણે જોઇએ છીએ કે યુરોપ, અમેરીકાની અંદર વેસ્ટર્ન કન્ટ્રીમાં લશ્કરથી માંડીને તમામ ક્ષેત્રમાં બહેનો હોય તો આપણી બહેનો કામ કરી શકે છે, નથી કરતી એવું નહિ. આજે પશુપાલન હોય, ખેતી હોય બધું જ કામ લગભગ મોટે ભાગે મહિલાઓ કરે છે. ઘાસ વાઢવાનું હોય, જાર વાઢવાની હોય, ભેંસોને દાણ નાખવાનું હોય, ભેંસો દોહવાની હોય, ડેરીમાં દૂધ ભરવા જવાનું હોય, ડેરીમાંથી પગાર લેવાનો હોય આ બધું જ કામ બહેનો ગ્રામ્ય વિસ્તારમાં મોટા પ્રમાણમાં કરે છે. ત્યારે આ બહેનો આપણે ત્યાં સંપત્તિ સર્જનમાં પરિવારના જીવન નિર્વાહમાં ઉપયોગી છે પણ એ બહેનોને જો વધુ સારી રીતે પ્રોત્સાહિત કરવામાં આવે એમના માટે સાધનો, સગવડો, સુવિધાઓ વધારવામાં આવે, એમના માટે શિક્ષણ વધારવામાં આવે, માર્ગદર્શન વધારવામાં આવે તો આ બહેનો ઘર

પૂરતું, ગામ પૂરતું, કુટુંબ પૂરતું કામ કરે છે એમની અનેકગણી કેપેસિટીને વિકસાવી શકીએ એ આપણો બધાનો અનુભવ છે અને આપણા બધાની લાગણી પણ છે કારણ કે સમાજનો એક ભાગ ઓછું કામ કરે, ઓછો સમાજ ઉપયોગી થાય તો બીજા ભાગ ઉપર બોજો વધારે આવે છે. ત્યારે બોજાની સપ્રમાણ વહેંચણી થાય, હક્ક પણ સપ્રમાણ મળે એ માટે આપણી સરકારો તરફથી ખૂબ ખૂબ આયોજન કરવામાં આવેલ છે. મને કહેતા આનંદ થાય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આ વિશ્વ મહિલા દિને વાત કરી. આ કંઇ પહેલી વખત નથી આવ્યો, વર્ષોથી આવે છે, પણ તેને જે પ્રોત્સાહન આપવું જોઇએ, તેને જે રીતે મહત્વ આપવું જોઇએ એ અહીં બધાએ કહ્યું કે અમારા ફલાણા આગળ હતા. ફલાણા બહેને આ કર્યું. મને કહેતા દુઃખ થાય છે કે કોઇ ફલાણા બહેનોએ આ વિશ્વ મહિલા દિનને ધ્યાનમાં રાખીને ભારતની લોકસભામાં ધારાસભ્ય સહિતના બધા બહેનોને એકત્ર કરીને તેમને પ્રોત્સાહન, માર્ગદર્શન અને પ્રેરણા આપી હોય તો એ ફક્ત માનનીય નરેન્દ્રભાઇ મોદીની ભારત સરકાર છે કે જેમણે આ પહેલ કરી અને આપણાં લોકસભાના સ્પીકરશ્રીને પણ આપણે અભિનંદન આપીએ છીએ. મહિલા આગળ આવે એટલે આપોઆપ શિક્ષણ સહિત બધું આગળ આવે છે. અહીં બેઠેલાં આપણાં બધાનો અને નાગરિકોનો અનુભવ છે કે પુરુષો તો ઘરની બહાર વધારે રહે, નોકરી, ધંધો, ખેતી આ બધા કામમાં એમનો સમય જાય, પણ ઘરમાં બાળકને સવારે તૈયાર કરવાથી માંડીને તેને શાળાએ મોકલવાનું, તેને સંસ્કાર આપવાના, તેને ધાર્મિક રીતરિવાજો શીખવાડવાના, તેને લેસન કરાવવાનું, તેને યુનિફોર્મ પ્રમાણે સરસ રીતે તૈયાર કરીને શાળામાં મોકલવાનું આ બધું કામ બહેનો કરે છે. બહેનો જો વધુ સારી રીતે કેળવાયેલી હોય, તો હું માનું છું કે બાળકોને, આપણી ભાવિ પેઢીને માતાઓ જ સારી રીતે તૈયાર કરે છે. એ આપણે સારી રીતે જાણીએ છીએ અને તેનો લાભ પણ આપણે લઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં બજેટમાં ત્રણ પ્રકારના પ્રવચન હોય છે. જેમાં માનનીય સભ્યશ્રીઓ પોતપોતાના મત વિસ્તારની લાગણીઓ વ્યક્ત કરે. સ્વાભાવિક રીતે હું હોઉં તો હું પણ એમ જ કરું કે મારા વિસ્તારમાં આ જરૂર છે, આ જરૂર છે. ટીકા–ટિપ્પણ અલગ વિષય છે. વાસ્તવિકતા–હકીકત અલગ વિષય છે. માનનીય બલવંતસિંહજી વેપારી છે, ઉદ્યોગપતિ છે, ખૂબ ઉત્સાહી અને દીર્ઘદષ્ટિથી તેમનું પ્રવચન તૈયાર કરીને રજૂ કર્યું. તેમાં તેમણે કેટલીક સરકારની બાબતો અંગે કહ્યું છે. અગાઉ તેજશ્રીબેન પણ થોડી વાત કરીને ગયા અને બીજાં કોંગ્રેસના માનનીય સભ્યશ્રીઓએ પણ પોતાના સૂચનો અને ટીકાઓ મૂકી છે. તેજશ્રીબેને એમ કહ્યું કે આ સરકારે ભારણ વધાર્યું. વેરા વધાર્યા. ગુજરાતની પ્રજા ઉપર બોજો વધાર્યા કર્યો છે. અમારા વખતે તો આવું નહોતું, તેવું નહોતું. હું ભૂતકાળમાં જવા માગતો નથી. હું પણ નાણામંત્રી રહી ચૂક્યો છું. અમારી ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી લગભગ કોઇ પણ ચીજ વસ્તુ ઉપર એકેય બજેટમાં કોઇ મોટો બોજો પ્રજા ઉપર આવે, ખાસ કરીને ગરીબો ઉપર આવે, ખેડૂતો ઉપર આવે, ગ્રામજનો ઉપર આવે, વેપારીઓ ઉપર આવે, મધ્યમવર્ગ ઉપર આવે એવું એક પણ બજેટ, ૧૯૯૫થી ગણો. વચમાં દોઢ વર્ષનો બ્રેક આવી ગયો. એ ભૂલી જઇએ. એ પછી જે ભારતીય જનતા પક્ષની સરકારો રહી. માનનીય વજુભાઇવાળા નાણામંત્રી રહ્યા. હું આવ્યો. માનનીય સૌરભભાઇ આવ્યા. કોઇ બજેટમાં અમે સામાન્ય જનતા ઉપર કોઇ પણ પ્રકારનો ટેક્સ આજ સુધીમાં નાખ્યો નથી. એ આપ સૌએ સ્પષ્ટ રીતે સમજી લેવાની જરૂર છે. ઉપરથી અમે રાહતો ઉપર રાહતો દરેક બજેટમાં આપી છે. કોંગ્રેસના મિત્રો કહે છે સાચી વાત, અમે સરકાર ચલાવતા હતા. ૧૯૬૦માં ગુજરાત મહારાષ્ટ્રથી છૂટું પડ્યું ત્યારથી માંડીને લગભગ ૧૯૯૫ સુધી થોડો સમય બાબુભાઇ જશભાઇની જનતા મોરચાની સરકાર બાદ કરો ત્યાં સુધી કોંગ્રેસની સરકાર ચાલી. થોડો સમય સ્વ. ચીમનભાઇ સાથે ૧૯૯૦–૯૧માં અમે પણ ભાગીદાર રહ્યા. પછી પાછી કોંગ્રેસ જોડાઇ. આ બધા સમય દરમ્યાન ગુજરાતની વસતિ ચાર કરોડની આસપાસ હતી. બલવંતસિંહભાઇએ કહ્યું, હું ગમ્મતમાં કહું છું કે અહીં નવા માણસો ઉપર, બાળકો ઉપર દેવું એટલું બધું છે કે કોઇ ગુજરાતમાં જન્મ લેવાનો પણ વિચાર કરતા નથી. તમારા વખતે ચાર કરોડની વસતિ હતી. અમારા વખતે સવા છ કરોડ વસતિ થઇ. અત્યારે ગુજરાતમાં જન્મ લેવાનું બધા ઇચ્છે છે કે આ ગુજરાતમાં જ જન્મ લઇએ. ગુજરાતમાં જન્મ લેવાનું ઇચ્છે છે એટલું જ નહીં, (અંતરાય) તમે સાંભળો બધું જ કહીશ. તમને શીખવા મળશે. તમારી ટીકા–ટીપ્પણી નહીં કરું. વસતિ વધી. તમે ચાર કરોડ લોકોની સુવિધા કરતા હતા. શાળાઓના રૂમો, શિક્ષકો, દવાખાના, કર્મચારીઓ બધા જ થઇને અમે ૬.૨૫ કરોડની વ્યવસ્થા કરીએ છીએ. નાણાકીય શિસ્ત બાબતમાં બહુ વધારે સમય નહીં લઉં. પણ મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે હું ૧૯૯૦થી ધારાસભ્ય છું. અમારા સિનિયર મંત્રીશ્રીઓ છે એ કોંગ્રેસની સરકારો હતી ત્યારે ધારાસભ્યશ્રીઓ હતા. કોંગ્રેસની ૧૯૯૦થી ૧૯૯૭ સુધી સરકારો રહી. એમાં એકેય વર્ષ એવું નહોતું જતું કે કોંગ્રેસની સરકારોએ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસે ઓવર ડ્રાફ્ટ ન લીધો હોય! સરકારના કર્મચારીઓના પગાર કરવાના પૈસા ન હોય, કોન્ટ્રાક્ટરોને પેમેન્ટ કરવાના પૈસા ન હોય એટલે છેવટે ઓવર ડ્રાફ્ટ લેવો પડતો હતો. ગતિશીલતા કેવી હોય? વહીવટ કેવો હોય, ગુડ ગવર્નન્સ કોને કહેવાય? એ અમને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ શિખવાડ્યું અને આજે એ આખા દેશને શિખવાડી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની ગુજરાતમાં સરકારો આવી ત્યારથી માંડીને આજ સુધી એકપણ વખત ઓવર ડ્રાફ્ટ લેવો પડ્યો નથી. એક વખત લેવો પડ્યો હતો એનું પણ એક કારણ હતું. કચ્છમાં ભૂકંપ આવ્યો અને લાખો કરોડો રૂપિયાનો બોજો પડ્યો ત્યારે ઓવર ડ્રાફ્ટ

લીધો હતો. એ પછી આજની તારીખ એટલે કે ૨૦૧૬ સુધી વિકાસ, વિકાસ અને વિકાસ એ સિવાય કોઇ વાત કરતા નથી. શ્રી નટવરસિંહ, રિઝર્વ બેંકમાંથી ઓવર ડ્રાફ્ટ લેવો પડ્યો નથી, તમારી બધી સરકારો આવી ત્યારે કેમ લેવો પડ્યો હતો? આ બધુ રેકર્ડ ઉપર છે. એટલે એને ડિનાઇ કરવાની શક્યતા નથી. હવે એનું કારણ કહું! હમણાં ચર્ચા થઇ. અગાઉની સરકારોમાં ખૂબ કરપ્શન થતું હતું, કેન્દ્રની કચેરીઓમાં કરપ્શન થતું હતું. ભ્રષ્ટાચારના આંકડા તો કેવા! ભલભલા ગણિતશાસ્ત્રીઓ હોય, ગણિતના પ્રોફેસર હોય, શિક્ષક હોય, બેંકના મેનેજર હોય એને પણ ગણતરીમાં તકલીફ પડે! ભૂતકાળમાં રૂપિયા એક લાખ છોત્તેર હજાર કરોડનો ગોટાળો તો ફક્ત એક જ આઇટમમાં, બીજી આઇટમોને ભેગા કરી સરવાળો કરો, શ્રી બલવંતસિંહ! પહેલાં સરકારી તિજોરીઓમાં મોટા મોટા બાકોરાં હતાં, નીચેની ચારેબાજુ ખુલ્લી હતી અને એના ઉપર ચારે બાજુથી પંજો પડે. જે પંજા વડે પ્રજાની પરસેવાની કમાણી ઘર ભેગી થતી હતી. અમારી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી એમણે આ તિજોરીને ચારેબાજુથી સીલ કરી દીધું. હવે એકપણ પૈસો સરકારી તિજોરીમાંથી આઘોપાછો કરવાની કોઇની તાકાત નથી. એ પૈસા બચ્યા એ વિકાસ માટે વાપર્યા છે, એ પૈસા પ્રગતિ માટે વાપર્યા છે. અહીંયાં બધાને સંક્ષિપ્ત પત્રક આપ્યું છે એ જોવા વિનંતી છે. અહીં એમ કહેવામાં આવ્યું કે વેરા વધાર્યા છો. પરંતુ અમે વેરા વધાર્યા નથી. પણ સરકારી તિજોરીમાંથી ચોરી ન થાય, ગેરરીતિ ન થાય એ અમે અટકાવી છે. એટલે સરકારની આવક અનેકગણી વધારે કરી શક્યા છીએ. અત્યારે સરકારની કુલ આવક છે એમાં ૩૩.૬૩ ટકા તો વેટના વેરામાંથી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સવારે પ્રશ્નોત્તરીકાળમાં ચર્ચા થઇ. અમારા માનનીય નાણામંત્રીશ્રીએ ખુલાસો કર્યો કે ભૂતકાળની કોંગ્રેસની સરકારના વડાપ્રધાન શ્રી મનમોહનસિંહની સરકારે નાણાપંચની રચના કરી હતી. એ નાણાપંચની ભલામણોનો અમલ કરવાની તમારી કેન્દ્રની સરકાર હિંમત નહોતી કરી શકતી. માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર કેન્દ્રમાં આવી અને તેમણે નાણાપંચની ભલામણોનો અમલ કર્યો અને શેનાથી કર્યો? સત્તાનું વિકેન્દ્રકરણ કર્યું. ભારત સરકાર રાજ્ય સરકારને પૈસા આપે. તમે બધા ભૂતકાળમાં આક્ષેપ કરતા હતા હવે વધારે કરશો કે, અમારી જિલ્લા પંચાયત, અમારી તાલુકા પંચાયત એને ગુજરાત સરકાર પૈસા નથી આપતી, ગ્રાન્ટ નથી આપતી, ફાળો નથી આપતી. આ ભૂતકાળમાં ઘણું બનતું હતું. ભારત સરકારના નાણા પંચે ભાઇ રામસિંહભાઇ, મોહનસિંહભાઇ, એવી ભલામણ કરી કે, સીધા પંચાયતોને પૈસા આપો, વચમાં રાજ્ય સરકારો નહીં. કોઇ પણ આખા રાજ્યની અંદર એટલે હવે જે ગ્રાન્ટો ભારત સરકારની બલવંતસિંહજી જે આવશે એ ગ્રામ પંચાયતને મળવાપાત્ર હશે એ સીધો જ એક પંચાયતના ખાતામાં જશે, તાલુકા પંચાયતને મળવાપાત્ર છે એની સીધી ગ્રાન્ટ તાલુકા પંચાયતને જશે, જિલ્લા પંચાયતને મળવાપાત્ર છે એ સીધું જ જિલ્લા પંચાયતમાં થશે. ઇવન નગરપાલિકાઓ એને પણ મળશે. પહેલાં શું હતું કે, આ બધી રકમ ગુજરાત સરકારની તિજોરીમાં જમા થતી હતી અને ગુજરાત સરકાર મારફતે એ આપણે સંસ્થાઓને, પંચાયતોને એને આપતા હતા. એટલે પહેલાં શું લાગે કે, ભારત સરકારે કેટલા રૂપિયા ગુજરાતને આપ્યા, એ આંકડો તમે અત્યારે સરખામણી કરો તો એ જુદો પડે. એટલા માટે જુદો પડે કે, હવે ભારત સરકાર જિલ્લા, તાલુકા અને પંચાયતો બધાને સીધું પેમેન્ટ કરવા લાગી એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ થયું એનો લાભ મળવાનો છે. પણ એનો લાભ લેવા માટે સક્ષમ લોકશાહી જોઇએ, જાગૃત હોદ્દેદારો જોઇએ અને ભ્રષ્ટાચાર મુક્ત વાતાવરણ ઉભું કરવું પડે તો આપણે ભારત સરકારની જે નવી યોજના. બીજું, રાજ્યોને જે મળતો ફાળો હતો એમાં પણ સવારે આપણે કહ્યું છે કે, ૩૪ ટકામાંથી વધારો કરી સીધો ૪૩–૪૪ ટકા થયો. તો આપણને પણ ગ્રાન્ટ વધારે મળે તો આ બધી પદ્ધતિ બદલાઇ છે. તો હવે તમે જો એમ કહો કે, અમને ગ્રાન્ટ ઓછી મળી, ભારત સરકારે ઓછી આપી તો એ યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, આવક તો બધાને હોય, સારા કામમાં પૈસા વપરાય, શિક્ષણ માટે વપરાય, રોજગારી– ધંધા વિકાસ માટે વપરાય તો પરિવાર આગળ આવે. કોઇ ખેડૂત હોય અને થોડા પૈસા બચે, બે વિઘા જમીન લે તો એની ખેતી વધવાની છે. કોઇ પશુપાલક હોય અને બે ભેંસો વધારે લાવશે તો એનું દૂધ ઉત્પાદન વધવાનું છે પણ જો પૈસા આડા રસ્તે કે ખોટી રીતે વપરાઇ જાય તો એ ઠેર નો ઠેર રહેવાનો છે પણ સારી રીતે પૈસા વપરાય એ જોવાનું કામ જેમ નાગરિકનું છે એમ સરકારનું પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આપણે ત્યાં આવક આવે છે કુલ એ પત્રક આપણને બધાને મળ્યું જ છે, રૂપિયો ક્યાંથી આવશે એ પણ બતાવ્યું છે, રૂપિયો ક્યાં જશે એ પણ બતાવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે, અમારી સરકારે ૬૭.૬૦ ટકા રકમ ફક્ત ને ફક્ત વિકાસલક્ષી કામો માટે આ જ બજેટમાં ફાળવી છે. બીજું, પણ એક જોવા જેવું છે કે, ખેડૂત આપણે બધા કહીએ છીએ, કાયદાઓ સુધારીએ ખેડૂતને સિંચાઇ માટે, પાણી માટે વ્યવસ્થાઓ કરીએ, વીજળી આપીએ, બધું કરીએ પણ એના માટે બજેટની ફાળવણી કરવી પડે. ભારત સરકારે પણ આ વખતે જે બજેટ રજૂ કર્યું, આપણે જોયું છે, અમને હંમેશા વિરોધ પક્ષ તરફથી એમ કહેવામાં આવે છે કે, ભારતીય જનતા પક્ષ એટલે ઉદ્યોગપતિઓનો પક્ષ, ઉદ્યોગપતિઓને ફાયદો થાય એવું કામ કરે. કેન્દ્રમાં પહેલી વાર અમારી ભારતીય જનતા પક્ષના શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે ગ્રામલક્ષી, ખેડૂતલક્ષી, રોજગારલક્ષી, ગરીબલક્ષી, મહિલાલક્ષી બજેટ આપ્યું અને એનો

લાભ આવનારા વર્ષોમાં દેશને મળશે.

આપણે ત્યાં પણ ૨૧.૬૩ ટકા બજેટ ખેતીવાડીને આપ્યું છે. અહીંયા કોઇએ બહુ એની ચર્ચા નથી કરી પણ આપણા બધા સભ્યોના ધ્યાન ઉપર મૂકવા માગું કે, ખેડૂતોને લોન જોઇએ, બીજા રાજ્યોમાં આપણા અનુભવ ઉપર આવે છે કે, ખેડૂતોએ બેન્કમાંથી લોન લીધી હોય, વ્યાજ આવે, લોનના હપતા આવે, આવક ના હોય, દુષ્કાળ પડ્યો હોય, પાક નિષ્ફળ ગયો હોય, ખેડૂત દેવાદાર થઇ જાય, ખેડૂત આપઘાત કરે એવું બની શકે છે, બીજા રાજ્યોમાં બને છે. માનનીય અધ્યક્ષશ્રી, ટીકા કરવાથી નહીં થાય, એના ઉપાયો કરવા પડશે. મને આનંદ છે કે, અમારા મુખ્યમંત્રીશ્રીએ જ્યારે બજેટની ચર્ચા ચાલતી હતી, કેબીનેટમાં ચર્ચા થઇ પ્રાયમરી, બહેને અમને સુચન કર્યું, સૌરભભાઇને સુચન કર્યું કે, આપણા ખેડૂતોને ગુજરાતમાં, આપના બધાના ધ્યાન ઉપર મૂકું કે, દર વર્ષે ૨૨ થી ૨૪,૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતની કો–ઓપરેટિવ બેન્કો અને ગુજરાતની રાષ્ટ્રીય બેન્કો ખેડૂતોને ધિરાણ આપે છે. ખેડૂતોને ધિરાણ આપે છે. કોઇ સબસિડી ન અપાય તો ખેડૂતોને ૮ થી ૯ ટકા વ્યાજ ભરવું પડે છે. મારી ભૂલ હોય તો સુધારજો. (અંતરાય) મારી વાત સાંભળો, મારો સમય ન બગાડશો. ભારત સરકારે કંઇ નથી કર્યું. એટલે અમે સુધારો કર્યો ગુજરાતના ખેડૂતોને જે બેંકો, સહકારી બેંકોમાંથી ધિરાણ લેશે એનું બેંકોને ખેડૂત તરફથી ફકત એક ટકો વ્યાજ આપવાનું છે. બાકીનું બધું વ્યાજ, એની સબસિડી અમારી ભારતીય જનતા પક્ષની ગુજરાત સરકાર ખેડૂતો વતી એ જે તે બેંકને આપશે. એની રકમ કોઇ નાનીસૂની નથી થવાની. બલ્કકુલર આપ્યા, મંડળીઓ માટે જમીન આપી એ તો નાનીનાની વસ્તુઓ છે. લાખો લોકોને આનો ફાયદો થવાનો છે. ગુજરાતમાં લગભગ ૩૫ થી ૩૬ લાખ ખેડૂત ખાતેદારો છે. એ ખાતેદારોમાંથી જે લોકો લોન લે છે એ લોન લેવાની મર્યાદા હવે વધવાની છે. શાના માટે? સવારે મેં એક પ્રશ્નોત્તરીમાં અને હમણા પણ કહ્યું કે ભૂતકાળમાં ખેડૂતોને જે સહાય અપાતી હતી, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારોમાંથી એની સહાય મર્યાદિત હતી. ખેડૂતોની જે પાક વીમા યોજના હતી કોંગ્રેસ સરકાર વખતની એ પાક વીમા યોજનામાં અહીંયા સૌરાષ્ટ્રના ધારાસભ્ય બેઠા નથી આજે રાઘવજીભાઇ નથી, ભરતભાઇ નથી, હર્ષદભાઇ નથી, જવાહરભાઇ છે. જવાહરભાઇ, તમે એમને કહી દેજો. પૂંજાભાઇ પણ અભ્યાસુ છે. ઘણા છે પણ અમારા ભાઇઓને અત્યારે જુદી રીતે હોય એટલે યાદ કરવા પડેને? પહેલા કોંગ્રેસ વખતે જે પાક વીમા યોજના હતી એમાં મગફળી હોય, કપાસ હોય એના ઉપર મોટું પ્રીમિયમ હતું એટલે સ્વાભાવિક છે કે પ્રીમિયમ વધારે હોય એ બચાવવા માટે ખેડૂતો પાક વીમો લેતા નહોતા. પહેલા બીજી પણ જોગવાઇ હતી કે વરસાદ વખતે પૂર આવે તો જ ખેડૂતોને સહાય મળે. બાકી કોઇ વાવાઝોડુ આવે, પૂર આવે, કરા પડે, બીજી રીતે નુકસાન થાય એ વખતની કેન્દ્રની કોંગ્રેસ સરકાર કોઇ સહાય કે કોઇ વીમો આપતી નહોતી. મારે ફરીથી ગુજરાતના નાગરિકો વતી અને ગુજરાતના ખેડૂતો વતી માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાનશ્રીનો આભાર માનવો છે કે કોંગ્રેસની વર્ષો જૂની પાક વીમા યોજનાની પોલીસી બદલી નાખી અને ફકત એક ટકો અથવા બે ટકા પ્રીમિયમની અંદર તમામ પાકોનો ખેડૂતોનો વીમો લેવાનો અને એકલા વરસાદનો નહીં, નાના નાના એકમ કરી દીધા. આપણને ખબર છે કે કરા પડે તો એક જ વિસ્તારમાં કદાચ પડે. બનાસકાંઠામાં પૂર આવ્યું તો બનાસકાંઠાના અમુક તાલુકાઓમાં જ આવ્યું. પાલનપુર બાજુ કદાચ ઓછું આવ્યું હોય. અમરેલી પડે તો બીજા તાલુકામાં કદાચ ઓછું થયું હોય. પહેલા ભારત સરકારની એવી જોગવાઇ હતી કે વ્યાપક વિસ્તારમાં નુકસાન હોય, વ્યાપક વિસ્તારમાં દુષ્કાળ પડયો હોય તો જ પાક વીમો મળે. અમારી સરકારે કેન્દ્રની અને આપણી ગુજરાતની ભારતીય જનતા પક્ષની અમારી આનંદીબેનની સરકારે, અમે જે પાક વીમા યોજના લાવ્યા એમાં મર્યાદિત વિસ્તારમાં એક ગામના ૨૫ ખેતરમાં પણ કરા પડે અને એ ખેડૂતને નુકસાન થાય તો એને પણ પાક વીમાનું વળતર આ ભારતીય જનતા પક્ષની સરકાર ખેડૂતોને આપવાની છે. આનું નામ વિકાસ કહેવાય, આનું નામ આયોજન કહેવાય. બાકી તમે આપતા હતા પણ કેવું? બહુ જ ભૂખ્યો હોય એને ટૂકડો નાખે. વર્ષો સુધી, દાયકાઓ સુધી કોંગ્રેસ પક્ષે *(×××)કોઇને આખી થાળી ભોજન કદી કરાવ્યું જ નથી એટલે અમે તો જે આપીએ છીએ એ ફુલ ડીશ આપીએ છીએ. તમારી જેમ ટુકડા નથી નાખ્યા એટલે આ કૃષિલક્ષી બજેટ અમારી સરકારે આપ્યું છે. નટવરસિંહ તમે જ કહોને, એક ટકો વ્યાજ લેવાનું, ખેડૂતનું બાકી અમે ભરીએ એમાં તમને વાંધો છે? વાંધો હોય તો કહી દો. વાંધો હોય તો ઉભા થઇને કહી દો. વાંધો છે કે નહીં? હા કે ના કહો. બીજું, અમે કૃષિમાં પણ ખેડૂતો માટે વીજળીના કનેકશન..

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. *(×××) એ રેકર્ડ ઉપર રહે તે બરાબર નથી.

સભાપતિશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થોડું થોડું ચખાડતા હતા. પણ આખું નહોતા આપતા. બીજું, આપણે બધા ગુજરાતના ધારાસભ્યોએ ગંભીરતાથી વિચારવાની જરૂર છે. આપણે બધા કહીએ છીએ. બહેને પણ કહ્યું પાણીના લેવલ નીચા જાય છે. ૧૦૦ ટકા વાત સાચી છે. કુદરત વરસાદ મર્યાદિત આપે. વસતિ વધતી જાય તેમ પાણીની જરૂરિયાત

* આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વધતી જાય. ખેતી માટે, ઘરવપરાશ માટે, ઉદ્યોગ માટે કે અન્ય ઉપયોગો માટે સ્કૂલો, કૉલેજો, હોસ્પિટલોમાં ચારે બાજુ પાણીનો વપરાશ વધતો જાય છે. ભગવાન એવો કોઇ વાલ લઇને ઉપર નથી બેઠા કે ગુજરાતની જ કરોડની વસતિ હતી તો આટલો વાલ ખોલું અને હવે સવા છ કરોડની વસતિ થઇ તો આટલો વાલ ખોલું. કુદરતી જે વરસાદ પડતો હોય. ગુજરાતની ૨૫, ૩૯ ઇંચની એવરેજ છે એટલો વરસાદ ભગવાન આપે છે. પાણીને બચાવવું પડશે. પાણીના તળ નીચે જતા જાય છે. બલવંતસિંહ આગલા દિવસે બોલ્યા હતા કે અમારે ફ્લોરાઇડવાળું પાણી પીવું પડે છે. વાત સાચી છે. હું ૧૯૯૦ માં જયારે પહેલીવાર કૉંગ્રેસની સરકાર હતી ત્યારે ધારાસભ્ય તરીકે આવ્યો. અમારા જૂના પ્રવચન છે. કાઢીને જોઇ લો. ફ્લોરાઇડવાળું પાણી આખું ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત ફકત દક્ષિણ ગુજરાત સિવાય બધા પીતા હતા. પગના હાડકા ગળી જાય તેવું ખારું પાણી અને ફ્લોરાઇડવાળું પાણી પીવું પડતું હતું. અમે એટલી ટીકા ન કરી. અમારી સરકાર આવી અને અમે તરત જ નર્મદા આધારિત સરફેસ પાણી પુરવઠા પાઇપલાઇન આધારિત યોજનાઓ અમલમાં મૂકી અને ચાલુ કરી. આજે સવા છ કરોડ ગુજરાતીઓમાંથી ચાર કરોડ જેટલા ગુજરાતીઓને નર્મદાનું શુદ્ધ ફિલ્ટર કરેલું પીવાનું પાણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારોમાં આપવાની યોજના કરી છે. એકવાર હું એક પાઇપલાઇન જોવા ગયેલો. મારી સાથે અધિકારીઓ હતા. હું પાઇપલાઇનમાં ગયો. મને કહે કે સાહેબ હવે હાથ ઊંચો કરો ને. મેં તો હાથ ઊંચો કર્યો તો પાઇપ એટલી મોટી કે મારો હાથ પણ ન અડ્યો. એકલા રાઘવજીભાઇનો કદાચ અડે. બાકી કોઇનો ના અડે. એટલે મારું કહેવાનું એ કે આવી તોતિંગ પાઇપલાઇનો અમે નાખી. આ દીર્ઘદ્રષ્ટિ નરેન્દ્રભાઇ મોદીની, ભારતીય જનતા પાર્ટીની સરકારે બતાવી. આજે ગામડે ગામડે અમદાવાદ શહેર હોય, વડોદરા હોય, રાજકોટ હોય, જામનગર હોય બધે જ નર્મદાનું પાણી પહોંચાડ્યું. એનો કરોડો, અબજોનો ખર્ચો થયો. આ બધા કામ આપણી સરકારે કર્યાં હોય, ત્યારે મારો મૂળ મુદ્દો છે પાણીના ચાર્ટ લેવલ નીચા જાય છે. એને આપણે ટકાવવા પડશે. ઉપર લાવવા પડશે. અમે સુજલામ્ સુફલામ્ યોજના કરી. અહીંયા ઉત્તર ગુજરાતના જે ધારાસભ્યો જેમને લાગુ પડતું હોય તે કહે કે (અંતરાય) તમે ઉંચાણવાળા વિસ્તારમાં છો. ટોપોગ્રાફી પ્રમાણે થાય. જ્યાં લેવલ મેઇન્ટેન થતું હતું. ગ્રેવિટીથી પાણી જતું હતું ત્યાં બધી જગ્યાએ ૩૫૦ કિ.મી. લાંબી, કડાણાથી શરૂ કરી બનાસકાંઠા સુધીની, રણ સુધીની આપણે સુજલામ સુફલામ યોજના કરી અને જ્યાં જ્યાં આ યોજના નીકળી ત્યાં પાણીના તળ ઊંચા આવ્યા. ખેડૂતોને સિંચાઇ મળી અને જે જમીન વાવેતર વગરની રહેતી હતી તેમાં સિંચાઇ વધારી શક્યા છીએ. ડ્રીપ ઇરિગેશન એવો મુદ્દો છે. ખેડૂતોને ખબર છે કે ખેતરમાં ખુલ્લા ક્યારામાં પાણી છોડી દે, રાત્રે ઉભરાઇ જાય, ક્યારો ફાટી જાય, રાત્રે ખેડૂત જાય, ન જાય તો નાળિયામાં પાણી આવી જતું હતું. બસ બંધ કરી દેવી પડતી હતી. આ આપણે બધાએ જોયેલું છે. કોઇ પક્ષાપક્ષીની વાત આમાં નથી. પાણીને બચાવવું પડશે. ખેતીને વધારવી પડશે. ખેતીને વધુ ઉપયોગી બનાવવી પડશે. તો ડ્રીપ ઇરિગેશન યોજના અમારી સરકારે ચાલુ કરી. પહેલા નહોતી. આ ડ્રીપ ઇરિગેશનમાં આદિવાસી વિસ્તારના ભાઇઓ, ગરીબ ખેડૂતોને ૭૫ ટકા ઉપરની સબસિડી અને ઓછામાં ઓછી ૫૦ ટકા પ્રમાણેની સબસિડી આપણે આપીએ છીએ. આજે ગુજરાતનો બીજો કે ત્રીજો નંબર ડ્રીપ ઈરીગેશનમાં આખા ભારતની અંદર છે. તેના કારણો સાબરકાંઠા જિલ્લો, બનાસકાંઠા જિલ્લો વગેરેમાં પાણીની સુવિધાઓ રીચાર્જના કારણે વધી છે. હું જવાબ નથી આપતો. હું તો મારું પ્રવચન કરું છું. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ જવાબ આપે ત્યારે પ્રશ્નોત્તરી થશે. હું તો મારા વિચારો જ વ્યક્ત કરું છું. અમે ડ્રીપ ઈરીગેશનનું કામ જે વધાર્યું છે તે આપ સૌ જાણો છો. ખેતીમાં મજૂરો મળતા નથી. ખેતીને ઉપજાઉ બનાવવી હોય તો તેની કોસ્ટ ઘટાડવી પડે. એટલે ઓઇલ એન્જિન, ડીઝલ એન્જિન, ટ્રેક્ટર, હાર્વેસ્ટર, થ્રેશર, રોટાવેટર આ બધું જ કૃષિ મહોત્સવની અંદર ખેડૂતોને મોટા પ્રમાણમાં આપીએ છીએ. સર્વાંગી વિકાસ કોને કહેવાય તો ગામડાંના ગરીબ માણસથી માંડીને મોટા માણસ સુધી બધાને રાષ્ટ્ર માટે, રાજય માટે વિકાસનું કામ કરે તેવી વ્યવસ્થા આપવા માટેનું કામ કરીએ તેને સર્વાંગી વિકાસ કહેવાય. અમે ગરીબ કલ્યાણ મેળા કર્યા. કાંતીભાઇએ રમણભાઇને યાદ કરીને કહ્યું, મને તો આનંદ થયો. અમે આપને આમંત્રણ આપીએ છીએ. અત્યારથી જ આવનારા દરેક સરકારી કાર્યક્રમમાં આમંત્રણ. મારી વાત સાંભળો પણ પછી તમે ત્યાં આવી ગરીબલક્ષી, ખેડૂતલક્ષી, મહિલાલક્ષી, વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમમાં વિક્ષેપ પાડો તે તમારા માટે યોગ્ય નથી. તમે ધારાસભ્ય હોવ એટલે તમારા ખિસ્સા તો અમારે તપાસાય નહીં પછી ત્યાં આવી ખિસ્સામાંથી કાળા વાવટા કાઢી મંચ ઉપર આવા ગરીબલક્ષી, ખેડૂતલક્ષી કાર્યક્રમમાં વિક્ષેપ કરો. તમે નકકી કરો. અમે જે પ્રોટોકોલ છે તે પ્રમાણે કરીશું. તમે સન્માનનીય ધરાસભ્ય છો એટલે ચોકકસ આવો, વેલકમ. તમારે મર્યાદામાં જુઓ આમાં બલવંતસિંહ ટીકા નથી કરતો. તેજશ્રીબેન વિશે મારે નથી કહેવું. આપે કહ્યું માટે કહું. આજે મહિલા દિવસમાં બધા જ બહેનો, સ્પીકર સાહેબ, મુખ્યમંત્રીશ્રી આ બાજુની બહેનો અને સામી બાજુની બહેનો. આ બંને બહેનો અને અમારા સભ્યશ્રીઓ બહેનો કેટલું સુંદર પ્રજાલક્ષી પ્રોત્સાહન મળે તેવું સરસ બોલ્યા. તેજશ્રીબેને પાછળથી આખો ટોન બદલી નાખ્યો એટલે આવું નહીં કરવું જોઇએ. આપણે બેસતા વર્ષે કોઇકને શુભેચ્છા પાઠવવા ગયા હોઇએ અને ત્યાં જઇ એમ કહીએ કે મારા પચાસ હજાર બાકી છે આપી દે તેવું ન થાય. કોઇના ઘેર લગ્નમાં ગયા હોઇએ તો ચાંદલો કરવો પડે. તેની પાસેથી ઉછીના લેવાના હોય તો પછી મંગાય. ચાંદલાના કવર ત્યાં પડયા હોય એટલે એમ ના કહેવાય કે આ ચાંદલાના કવર મારા, મારે પચ્ચીસ હજાર લેવાના

છે. તમે આવું કરો છો તેવું નહીં કરતા. અહીં જે ચર્ચાઓ થઇ , મેં કહ્યું તે પ્રમાણે તમે ચાર કરોડ લોકો માટે કામ કરતા હતા. અમે સવા છ કરોડ લોકો માટે કામ કરીએ છીએ. શિક્ષણ તમારા કરતાં વધાર્યુ કે નહીં, આરોગ્ય તમારા કરતાં વધાર્યુ કે નહીં. તમે અમને કયારે કહી શકો કે તમારા વખતમાં ચાલતી દસ સ્કૂલો અમે બંધ કરી દીધી હોય, તમારા વખતે સિવિલ હોસ્પિટલ ચાલતી હતી અને અમે બંધ કરી દીધી હોય, તમે ૫૦૦ એકસ–રે મશીન લાવ્યા અને અમે વેચી મારી પગાર કર્યો હોય તો તમે અમને કહી શકો. તમારા વખતમાં જે હતું તેના કરતાં અમે હજારગણું વધારે કર્યુ છે. ખેડૂતોની આવક આજથી બાર વર્ષ પહેલાં નવ–દસ હજાર કરોડ રૂપિયા હતી. આ તો રેકર્ડ ઉપર છે. આજે સવાલાખ કરોડ છે. એવું નથી ગોવાભાઇ. તમારું માર્કેટ યાર્ડ કેવું ધમધોકાર ચાલતું હતું. ૬૦ લાખની ગાડી ચેરમેન તરીકે લાવ્યા હતા. નાની ન્હોતા લાવ્યા. કેટલા લાખની હતી? તે જમાનામાં મોંઘામાં મોંઘી ગાડી. ડીસા માર્કેટ યાર્ડના ચેરમેન તરીકે માનનીય ગોવાભાઇ લાવ્યા હતા. તે વખતે અમારા મંત્રીઓની ગાડી એવી નહોતી ત્યારે તેવી ગાડી માર્કેટ યાર્ડમાંથી ફેરવતા હતા. કેટલી આવક હશે ત્યારે ફેરવતા હશે તે વિચારો તમે? આપણે કોઇકના ઉપર આંગળી કરીએ તે પહેલાં આપણે શું કરતા હતા અને આપણે કેટલા ખેડૂતલક્ષી, પ્રજાલક્ષી છીએ તે જોવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને એટલું કહો કે, અમે મા યોજના દાખલ કરી, મા વાત્સલ્ય યોજના દાખલ કરી, ૨ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને કિડની, કેન્સર જેવી સારવાર વિનામૂલ્યે મળે એમાં અમે કાંઇ ખોટું કર્યું હોય તો કહો! ના, એમાં કોઇ વહીવટી સુધારણાની જરૂર હોય, આપે બધાએ કહ્યું કે કાર્ડ વધારવાની વ્યવસ્થા કરો તો અમે કરીશું. બાકી તમારા વખતમાં કેન્સર નહોતું થતુંને અમારા વખતમાં થવા માંડ્યું? તમને ખબર જ ન હતી, ડાયગ્નોસીસ જ નહોતું થતું, આ કુપોષણની વાત કરે છે, કુપોષણમાં કોઇ વ્યવસ્થા જ ન હતી કે આ બાળક દૂબળો છે કે સબળો છે, બાળકને વિટામિન મળે છે કે નહીં? ખાલી એ જમાનામાં એમ કહે કે, ભગવાને આપ્યું હતું અને ભગવાને લઇ લીધું બાકી કશું નહીં. આ બજેટ પર જ હું વાત કરું છું, મા વાત્સલ્ય યોજના બજેટ છે, મા કાર્ડ યોજના બજેટ છે, ડ્રીપ ઇરિગેશન બજેટ છે, આમાં બજેટ બહાર કશું બોલ્યો જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત કરી લઉં એમાં બધો જ સારાંશ આવી જશે. અમારી સરકાર તો કેન્દ્રમાં માનનીય નરેન્દ્રભાઇ આવ્યા પછી બની એ પહેલા ૧૦ વરસ સળંગ માનનીય મનમોહનસિંહજીની યુ.પી.એ.ની સરકાર કેન્દ્રમાં હતી. મારે એટલું જ કહેવું છે આપ સૌને કે એ પાછલા ૧૦ વરસમાં આખા દેશની બધી રાજય સરકારોને જુદા જુદા વિકાસના પ્રજા ઉપયોગી, ખેડૂત, ગરીબ, વિદ્યાર્થી, રોજગારી, ગરીબોના મકાન એ બધું જે કર્યું હોય એ પેરામીટર જોઇને એના એવોર્ડ ભારત સરકાર એ વખતે આપતી હતી અને અત્યારે પણ આપે છે. મને આનંદ છે કે, અમારી સરકાર વિરોધ પક્ષની હતી, કેન્દ્રમાં કોંગ્રેસ પક્ષની સરકાર હતી છતાં દેશમાં પાછલા ૧૦ વરસમાં વધુમાં વધુ સારા કામ કરવાના ૫૦ ટકા કરતા વધુ એવોર્ડ માનનીય મનમોહનસિંહજીની સરકારે ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને આપ્યા છે એટલે તમારા પ્રમાણ પત્રની અમારે જરૂર નથી, અમને તો ભારત સરકારે પ્રમાણ પત્ર આપ્યું છે. બીજું છેલ્લું કહું ગરીબલક્ષી વાત, ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ વડા પ્રધાન તરીકે માનનીય સ્વ.ઇન્દિરા ગાંધી હતા ત્યારે તેમણે ગરીબલક્ષી ૨૦ મુદ્દાઓ નક્કી કર્યા હતા એની અમલવારી ઉપર દેશમાં જે રાજય સરકાર સારામાં સારું કામ કરે એને નંબર દર વરસે આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ભલે અમારા ઉપર ગમે તે આક્ષેપ થતાં અમારી આ ગરીબલક્ષી, વંચિતલક્ષી, ગામડાંલક્ષી સરકારે ૨૦ મુદ્દા કાર્યક્રમમાં છેલ્લા ૧૫ વરસથી દેશમાં પહેલો અને બીજો નંબર સતત જાળવી રાખ્યો છે. ૯૮ ટકા સિદ્ધિ સાથે અમે આગળ છીએ ત્યારે તમારે કંઇ કહેવાની જરૂર નથી, ગુજરાતની પ્રજાને અમારા ઉપર વિશ્વાસ છે, અમને ગુજરાતની પ્રજા ઉપર વિશ્વાસ છે અને સૌનો સાથ સૌનો વિકાસ પ્રમાણે અમે આગળ વધીએ છીએ અને એમાં તમને પણ જોડાવા વિનંતી છે.

સભાપતિશ્રી : મહિલા દિન નિમિત્તે ગૃહમાં જે આયોજન કરવામાં આવ્યું તે બદલ બંને પક્ષના દંડકશ્રીઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેને જે રીતે રાજયમાં આખો સંદેશો જાય એ રીતે આ ગૃહમાં મહિલાઓનું માન સન્માન વધારવાનું જે આયોજન કર્યું એ માટે માનનીય આનંદીબેનને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું, આભાર પણ માનું છું અને સાથે સાથે વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહભાઇનો પણ ખૂબ આભાર માનું છું. આ ગૃહમાં આજે સ્ત્રી શકિતના દર્શન શબ્દો દ્બારા સભ્યશ્રીઓ દ્બારા કરાવવામાં આવ્યા છે અને અન્ય સભ્યશ્રીઓએ જે રીતે મહિલાઓ પ્રત્યેના માન સન્માનની ગરિમા આ ગૃહમાં બતાવી છે અને ગૃહની ગરિમાની ખૂશ્બુ સમસ્ત રાજયની મહિલાઓ સુધી આજે પહોંચશે એનું મને ગૌરવ છે. ગૃહનું કામકાજ આજે પૂરું થાય છે, ગૃહની બેઠક આવતી કાલે બપોરના ૧૨ કલાકે ફરીથી મળશે.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૯મી માર્ચ, ૨૦૧૬ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૯મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૯, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

સુજલામ સુફલામ યોજના અંતર્ગત પાટણ-ડીંડરોલ ઉદ્વહન યોજનાની પાઈપ લાઈનનું કામ

* ૨૩૨૬૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુજલામ-સુફલામ યોજના અંતર્ગત પાટણ-ડીંડરોલ ઉદ્વહન યોજનાનું કેટલા કી.મી. પાઈપ લાઈનનું કામ બાકી છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આ કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૧) અને (૨)<br>આ કામગીરી પૂર્ણ થયેલ છે, જેની પાછળ રૂા. ૧૦૩.૭૦ કરોડનો ખર્ચ થયેલ છે. |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, એમણે મારા પ્રશ્નના જવાબમાં પાઈપ લાઈનનું કામ પૂર્ણ થઇ ગયેલ છે એમ બતાવ્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, તા.૩૧-૮-૨૦૦૬ના રોજ મેં એક પત્ર લખ્યો હતો અને ૬૦ તળાવો ભરાવા માટેની આ સરકાર તરફથી સ્કીમ હતી, અને તા. ૧૫-૧૨-૨૦૦૬ના રોજ માનનીય મંત્રીશ્રીએ નિગમને આની સૂચના પણ આપેલી, આખી યોજના માત્રને માત્ર ૮૪ કરોડ રૂપિયાની હતી. એની જગ્યાએ ૨૬ તળાવો ભરાવાના છે અને ૨૬ તળાવોની, માર્ચ-૨૦૧૫ની અંદર સરકારે ખાતરી આપી હતી કે, અમે પૂરી કરી દેવાના છીએ છતાં આજદિન સુધી પૂરી નથી કરી અને આમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે તો સરકાર આ તપાસ કરવા માગે છે કે કેમ? બીજું મારે કહેવું છે કે, ભૂતકાળમાં પણ સુજલામ-સુફલામમાં ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયેલો...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, અત્યારે એ વાત નહીં કરો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તો એ ૫૦૦ કરોડ રૂપિયા ભ્રષ્ટાચારનો અહેવાલ સરકાર મૂકવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ-સુફલામ યોજનાના લાભો અત્યારે ઉત્તર ગુજરાતની જનતા ખૂબ સારી રીતે લઈ રહી છે. માનનીય સભ્યશ્રીનો વિસ્તાર કાકોશી, એ કાકોશી એટલે એકદમ સૂકો વિસ્તાર, અન્ડર ગ્રાઉન્ડ ખારું પાણી અને એ વિસ્તારમાં વિકાસની કોઈ શકયતાઓ ન હતી, સિવાય કે આવી પાઈપલાઈન દ્વારા પાણી મળે અને આ કાકોશી વિસ્તાર માટે આ સ્પેશિયલ પાટણ-ડીંડરોલ પાઈપલાઈન નાખવામાં આવેલી છે. માનનીય સભ્યશ્રીએ તળાવોની સંખ્યાની વાત કરી. અત્યારે નવેમ્બર, ૨૦૧૫માં પાઈપલાઈનનું કામ પૂરું થઈ ગયું છે. ઝીરોથી એક કિલોમીટરની મર્યાદામાં જે તળાવો હતાં એવાં ૨૭ તળાવો ભરવામાં આવેલાં છે અને એક કિલોમીટરથી બે કિલોમીટરની લંબાઈમાં જે બાકીનાં તળાવો છે એ ૨૨ છે એનું ટૂંક સમયમાં આયોજન છે. એટલે આ યોજના આમ તો પૂરી થઈ ગઈ છે પણ એક કિલોમીટરથી બે કિલોમીટરના જે તળાવો ભરવાનાં છે એનું જોડવાનું કામ છે. માનનીય સભ્યશ્રીએ જે ભ્રષ્ટાચારની વાત કરી તો ભ્રષ્ટાચારની અમારી સમક્ષ કોઈ ફરિયાદ આવેલી નથી. (અંતરાય) હું પાટણ-ડીંડરોલ લાઈનની વાત કરું છું એમાં ભ્રષ્ટાચારની કોઈ ફરિયાદ આવેલી નથી એટલે તપાસ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, પાટણ- ડીંડરોલ પાઈપલાઈન સાથે પાટણ તાલુકાના કેટલાં ગામોનાં કેટલાં તળાવો, સરસ્વતી તાલુકાના કેટલાં ગામોનાં કેટલાં તળાવો અને સિધ્ધપુર તાલુકાના કેટલા ગામોનાં કેટલાં તળાવો જોડાયેલાં છે?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ તાલુકાના બે ગામના ૭ તળાવો, સરસ્વતી તાલુકાના બે ગામના ૬ તળાવો અને સિધ્ધપુર તાલુકાના સાત ગામના ૧૪ તળાવો જોડાયેલાં છે. (અંતરાય) આમ, ૧૧ ગામોના ૨૭ તળાવો જોડાયેલાં છે.

અધ્યક્ષશ્રી : આ પ્રકારનું પ્રદર્શન ના કરો, મૂકી દો,પ્લીઝ. માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ, પ્લીઝ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૬૦ તળાવો ભરવા માટેની આ સ્કીમ હતી અને આ ર૬ તળાવોમાંથી મારા મત વિસ્તારના તો માત્ર ૬ તળાવો આવે છે. માનનીય નીતિનભાઇ સાહેબે ઉદ્‌ઘાટન કરેલું છે, મને ખ્યાલ છે આખી સ્કીમ બદલી દીધી ત્યારે મારો પ્રશ્ન છે આ ભ્રષ્ટાચાર માટેનો. અને સરકાર ૬૦ તળાવો ભરવા માગે છે કે કેમ? સુજલામ-સુફલામનું મેં પૂછ્યું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને જે પ્રશ્ન પૂછ્યો છે એનો આ જવાબ છે.

(આ તબક્કે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ પ્લેકાર્ડ લઇને પોતાની જગ્યા પર ઉભા થઇને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા)

અધ્યક્ષશ્રી : આ પ્રકારનું કોઇપણ પ્રદર્શન કરી શકાતું નથી. તેથી તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર બેસી જાય. આપ સૌને મારી નમ્ર વિનંતી છે. આ પ્રશ્નોત્તરી કાળ એ સૌ સભ્યશ્રીઓ માટે અગત્યનો છે, તેથી આપ સૌ જગ્યા ઉપર બેસી જાવ. (અંતરાય) આપ સૌ નિયમોથી વાકેફ છો, આ ગૃહમાં સભ્યશ્રીઓ કોઇપણ જાતનું પ્રદર્શન કરી શકતા નથી. માનનીય બલવંતસિંહ, આપને વિનંતી છે કે સૌ સભ્યશ્રીઓને જગ્યા ઉપર બેસાડો. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ભ્રષ્ટાચારની કોઇપણ ફરિયાદ મળી નથી એવો જવાબ આપ્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે માનનીય બલવંતસિંહભાઇ અને વિરોધપક્ષના નેતાશ્રીને કહેવું છે કે આપે પ્રશ્ન શું પૂછ્યો છે કે પાટણ-ડીંડરોલ ઉદ્વહન સિંચાઇ યોજનામાં કોઇ ભ્રષ્ટાચારનો આક્ષેપ થયો છે કે કેમ, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે કોઇ આક્ષેપ થયો નથી. તમે અહીંયા જૂની વાતો લઇને આવો જેના વિશે આ ગૃહમાં ચર્ચા થઇ ગઇ છે અને એ વાત કલીયર થઇ ગઇ છે. એટલે આ રીતે આક્ષેપો કરવા એ કોઇ રીતે યોગ્ય નથી. માનનીય શંકરસિંહભાઇ, આપ પહેલા તમારો પ્રશ્ન જૂઓ પછી વાત કરો. આ તો તમે પહેલેથી ગોઠવણ કરીને જ આવ્યા છો એની અમને ખબર છે. તમે તૈયારી કરીને જ આવ્યા છો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ સુજલામ સુફલામનો પ્રશ્ન છે. સુજલામ સુફલામમાં સી.એ.જી.નું ૫૦૦ કરોડના કરપ્શનનું એલીગેશન છે. ગઢવી કમિશન મળ્યું, મંજુલા સુબ્રમણ્યમ કમિશન અને એમ.બી.શાહ કમિશન મળ્યું. અમે આપની પાસે અપેક્ષા રાખીએ છીએ કે ૧૪ જેટલા ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા એનો અહેવાલ એમ.બી.શાહ કમિશન પાસે છે. આઠ આઠ સત્ર મળી ગયા ગૃહને જાણવું છે કે આ બધું કેટલે આવ્યું, આ રિપોર્ટ સરકાર મૂકવા માગે છે કે નહિ, અને જો ન મૂકવા માગતી હોય તો અમારે પ્રશ્ન કલાકમાં ભાગ લેવાનો કોઇ અર્થ નથી અમે અમારી રીતે વોકઆઉટ કરીને ફરી પાછા એક વાગ્યે ભાગ લેશું. જો સરકાર આશ્વાસન આપતી હોય કે આ રિપોર્ટ મૂકીશું, આઠ સત્ર થઇ ગયા એક પણ રિપોર્ટ મૂકયો નથી. કલીન ચીટ આપી કેબીનેટે ઠરાવ કર્યો, ચૂંટણીની જાહેરાત થવાની હતી એ દિવસે સાંજે કોડ ઓફ કન્ડકટ ન લાગે માટે એ વખતના સી.એમ.ને કલીનચીટ આપી તો ગુજરાતની પબ્લિક જાણવા માગે છે. એમ.બી. શાહ કમિશન અને બાકીના રિપોર્ટનું શું થયું, આનો જવાબ મળશે તો સારી વાત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા તો સંસદીય પ્રણાલીના અતિ જાણકાર છે. આ પ્રશ્નોત્તરીનો સમય છે. પ્રશ્નમાંથી ઉદ્ભવતી વસ્તુ તમે પૂછો. (અંતરાય) એ નથી, શૈલેષભાઇ. આમાં આ વિષય નથી. કેવી રીતે છે? પાટણ-ડીંડરોલને અને આને શું લેવા દેવા? શાહ કમિશનને અને આને શું લેવા દેવા? સાહેબ, આ પ્રશ્ન આમાંથી ઉદ્ભવતો નથી. એમને જરૂર લાગે તો અન્ય વૈકલ્પિક વ્યવસ્થાથી વિધાનસભાના નિયમો પ્રમાણે તમારે જે પ્રશ્ન ઉભો કરવો હોય એ આપ કરી શકો છો, પણ આ એક કલાકનો સમય પ્રશ્નોત્તરી માટે છે. એ સમય ન બગાડવો જોઇએ અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વાત કરી છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી: હવે આમાં ચર્ચા ન કરીએ. માનનીય શંકરસિંહજી, આપને પણ મેં સાંભળ્યા, નીતિનભાઇને પણ સાંભળ્યા. આ પ્રશ્નોત્તરીનો સમય છે. સભ્યશ્રીઓ માટે ખૂબ મહત્વનો છે. આ પ્રશ્ન માત્ર એક જ ઉદ્વવહન યોજના પૂરતો છે અને એમાં આપે ભ્રષ્ટાચારની વાત કરી. મંત્રીશ્રીએ એમ કહ્યું કે કોઇ ફરિયાદ અમને મળી નથી. કામ પૂરું થઇ ગયું છે. પછી એ વિષય આમાંથી ઉદ્ભવતો નથી પ્લીઝ. એ કમિશનો અને પંચોની વાતનો વિષય આમાંથી ઉદ્ભવતો નથી. એટલે આપણે આગળ વધીએ છીએ. આમાં આપ જીદ ન કરો પ્લીઝ. (અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૨ માનનીય જોષીયારાજી. (અંતરાય) જોષીયારાજી, આપ પૂછવું હોય તો પૂછી શકો છો. (સૂત્રોચ્ચાર) (માનનીય સભ્યશ્રીએ સભાગૃહમાં પોતાનો પ્રશ્ન રજૂ ન કર્યો. )

(આ તબક્કે વિરોધપક્ષના હાજર રહેલા તમામ માનનીય સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાગૃહ છોડી ગયા.)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૩. માનનીય મેઘજીભાઇ.

જામનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાંટ

* ૨૨૭૮૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, તથા તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર મહાનગરપાલિકાને કુલ ૧૨૬૭૮ શૌચાલયો માટે કુલ–રૂ. ૧૫૨૨.૬૦ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૦૬૪૯ | ૮૫૧.૯૨ |
| ૨૦૧૫ | ૨૦૨૯ | ૬૭૦.૬૮ |
| કુલઃ– | ૧૨૬૭૮ | ૧૫૨૨.૬૦ |

(૨) તે પેટે રૂ. ૧૨૦૫.૫૦ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે. તથા તે પરત્વે કુલ ૧૨૬૭૮ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ કરેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૭૭૫.૨૧ |
| ૨૦૧૫ | ૪૩૦.૨૯ |
| કુલઃ– | ૧૨૦૫.૫૦ |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી હું જાણવા માગું છું કે રાજ્યના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ સાહેબે જ્યારે આખા રાજયમાં શૌચાલય બને તેના માટે અભિયાન છેડ્યું છે ત્યારે મારે આ પ્રશ્નમાં વિશેષ પૂછવું છે કે વ્યક્તિગત શૌચાલય યોજનાનો હેતુ શો છે અને તેનું અમલીકરણ કઇ રીતે થાય છે? તેમજ વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધી જગ્યાએથી ગંદકી દૂર કરવી એ અમારું કામ છે અને ગંદકી દૂર થાય તેમાં પ્રજાનો સહયોગ અમે હંમેશા લઇએ છીએ. આપણે બધા જાણીએ છીએ કે સ્વચ્છતા અને તંદુરસ્તી બન્ને એક સિક્કાની બે બાજુ જેવા વિષય છે. ગંદકીના કારણે જીવજંતુ, મચ્છરો, માખી વગેરે ઉદ્ભવે તેના કારણે અનેક પ્રકારના રોગચાળા મોટા પ્રમાણમાં થતાં હોય છે અને પછી તેની પાછળ સરકારને, લોકોને લાખો રૂપિયાનો ખર્ચ, દવાઓ વગેરે કરવું પડતું હોય છે. અના બદલે જો આપણે સ્વચ્છતા માટે વધુ આગ્રહ કરીને વધુ સ્વચ્છતા રાખીએ તો રોગચાળો થવાનો સંભવ અનેકગણો ઘટી જાય છે. એટલા માટે જ આપણાં વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ પણ મહાત્મા ગાંધીજીને જે સૌથી વધુ પ્રિય વિષય હતો એ સ્વચ્છતાને સાંકળી લઇને સમગ્ર દેશમાં 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'ની શરૂઆત કરી છે. એટલે આખા દેશમાં જયારે સામાજીક અગ્રણીઓ, ધાર્મિક અગ્રણીઓ, ક્રિકેટરો, ફિલ્મી એક્ટરો, સમાજસેવકો, કાર્યકરો, વિદ્યાર્થીઓ, એન.સી.સી. આ બધાએ સ્વચ્છતા માટેનું કામ જયારે ઉપાડ્યું હોય ત્યારે રાજય સરકારની પણ વિશેષ જવાબદારી છે કે આ કામને વધુ પ્રોત્સાહન આપીએ. ગંદકી થવામાં શૌચાલય ન હોવા એ પણ એક મોટું કારણ છે. આપણને ખરેખર દુઃખ થાય કે આઝાદીના આટલા દાયકાઓ પછી પણ ગામડાંમાં અને શહેરોમાં લાખો પરિવારો એવા છે કે જેમને ત્યાં શૌચાલયની વ્યવસ્થા નથી. એટલે ગામડાંમાં આપણી બેન–દીકરીઓને અંધારામાં સંતાતા સંતાતા કોઇક થોરિયાની વાડ હોય તેની પાછળ અથવા શહેરોમાં રેલવે લાઇનોની પાછળ આવી જગ્યાએ કુદરતી હાજતે જવું પડે છે. આ એક શરમજનક બાબતને ટાળવા માટે અને સ્વચ્છતાને વેગ આપવા માટે ગુજરાત સરકારે વર્ષો પહેલાથી ઘરે ઘરે શૌચાલય બનાવવા માટેનું કામ મોટા પ્રમાણમાં ઉપાડ્યું હતું. આપણી જામનગર મહાનગરપાલિકા હોય, બીજી નગરપાલિકા હોય, પંચાયત વિસ્તાર હોય બધી જગ્યાએ શૌચાલય બનાવવા માટેનું કામ આપણી સરકાર દ્વારા મોટા પ્રમાણમાં ઉપાડવામાં આવ્યું છે અને એના કારણે ફક્ત પ્રચાર, પ્રસાર નહીં પણ નક્કર કામગીરી કરવામાં આવે છે. અહીંયાં કેટલાક લોકો ટીકા કરે છે કે ફોટા પડાવવા માટે કામ કરે છે. નાણા વિભાગ અને અમારા વિભાગ દ્વારા નાણાકીય પીઠબળ આપી મોટા પ્રમાણમાં ગ્રાન્ટો આપી ગરીબ અને મધ્યમવર્ગના લોકોને શૌચાલય બનાવવાની સુવિધા આપીએ છીએ. જામનગર મહાનગરપાલિકામાં ગરીબ હોય, મધ્યમવર્ગના હોય, ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતા લોકો

પાસે અત્યાર સુધી વ્યક્તિગત શૌચાલયની સુવિધા નહોતી. એવા દરેક લોકોને રૂ.૧૨,૦૦૦/–ની આર્થિક મદદ આપીને એ પરિવારો શૌચાલય બનાવે એ માટેની સગવડ કરી છે. વ્યક્તિગત શૌચાલય બનાવવાનો મોટાભાગનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે એ રીતની ઝૂંબેશ ઉપાડી છે. દરેકને ગુજરાત સરકાર તરફથી રૂ.૮,૦૦૦/– અને ભારત સરકાર તરફથી રૂ.૪,૦૦૦/– એમ જે વ્યક્તિ પોતાના ઘેર પોતાની માલિકીનું શૌચાલય બનાવે એના માટે કુલ રૂ.૧૨,૦૦૦/–ની ગ્રાન્ટ આપવામાં આવે છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં અત્યાર સુધીમાં કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા અને તે પૈકી કેટલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારો તરફથી વર્ષોથી આ કામ કરવામાં આવે છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી શહેરી વિકાસ યોજનામાં સ્વચ્છતાની ઝૂંબેશ આપણે ઉપાડી છે. એને આગળ વધારતા વધારતા અત્યારના મુખ્યમંત્રીશ્રીએ વધારાની ગ્રાન્ટો આપી છે અને શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગમાં અમારી સરકારે આ કામગીરી હાથ ઉપર લીધી છે. ગુજરાતના તમામ શહેરી વિસ્તારોમાં દરેક નાગરિકોના પોતાના ઘરે શૌચાલય બને એ માટે ગ્રાન્ટ આપીએ છીએ મદદ કરીએ છીએ અને આ કામગીરી આગળ વધારીએ છીએ. શહેરી વિસ્તારોમાં અત્યાર સુધીમાં સરકારે સરવે કર્યો અને જેમની માગણી આવી એવા ૪,૬૮,૧૧૭ શૌચાલયો બનાવવાનું કામ મંજૂર કરેલ એ પૈકી ૪,૪૯,૪૭૧ શૌચાલયોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ૧૮,૬૭૬ શૌચાલયો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. એટલે કે, મંજૂર થયેલ કામમાંથી ૯૬ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં રૂ.૫૩૪.૮૯ કરોડની ગ્રાન્ટ વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને મદદ તરીકે ગ્રાન્ટ તરીકે ફાળવ્યા છે. માનનીય ચીમનભાઇએ બીજો પ્રશ્ન પૂછ્યો એ પણ અગત્યનો છે. આપણે કામ ઉપાડ્યું છે પણ એ કામનો લક્ષ્યાંક પૂરો થાય છે કે કેમ એ જોવાનું એટલે કે ફોલોઅપ કરવાનું કામ અમે સતત કરીએ છીએ. અત્યાર સુધી ગુજરાતની નગરપાલિકાઓમાં ૯૪,૫૯૦ શૌચાલયો બનાવવા માટેની કામગીરી પૂર્ણ કરી છે. એટલે કે નાગરિકોએ ઘેર વપરાશ ચાલુ કરી દીધો છે. મને જણાવતા આનંદ થાય છે કે આઠ મહાનગરપાલિકાઓમાંથી છેલ્લામાં છેલ્લા રીપોર્ટ પ્રમાણે છ મહાનગરપાલિકાઓમાં જે સરવે થયો અને શૌચાલયવિહીન ઘર હતા એ તમામને મંજૂરી આપી દીધી છે. છ મહાનગરપાલિકાઓમાં ૧૦૦ ટકા શૌચાલયો બનાવવાનું કામ પૂર્ણ થઇ ચૂક્યું છે. ગાંધીનગર અને જુનાગઢ સિવાય અન્ય મહાનગરપાલિકાઓ છે એમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર એમાં કામો પૂર્ણ થયા છે. ગાંધીનગર અને જુનાગઢમાં કામો પ્રગતિ હેઠળ છે અને વહેલામાં વહેલી તકે આઠ–આઠ મહાનગરપાલિકાઓ અને રાજ્યની નગરપાલિકાઓમાં બધી જગ્યાએ ૧૦૦ ટકા શૌચાલયોના કામો પૂર્ણ થાય એ રાજ્ય સરકારનું લક્ષ છે અને એ લક્ષ અમે નાગરિકોના સહકારથી અને મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના સહયોગથી વહેલી તકે પૂરું કરીશું.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજનાના લાભાર્થી

* ૨૨૮૨૬ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૮૦ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૮૫ અરજીઓ એમ કુલ ૧૬૫ અરજીઓ મળી, |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧—૧૨–૨૦૧૪ સુધીમાં ૫૨ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૪૫ અરજીઓ એમ કુલ ૯૭ અરજીઓ મંજૂર કરવામાં આવી, |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીની રૂ. ૫૧.૫૦ |

લાખ અને
તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીની
રૂ. ૪૫.૦૦ લાખ એમ કુલ રૂ. ૯૬.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવી.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માન વિમા યોજના હેઠળ જે અરજીઓ મળી છે તે પૈકી તા. ૧-૧-૨૦૧૪થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં તાલુકાવાર મળેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ અને જે પડતર છે તેના કારણો શું છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ દરમિયાન તાલુકાવાર જોઇએ તો લીંબડી તાલુકામાં મૃત્યુની ૧૬ અરજીઓ અને અપંગતાની ૨ અરજીઓ મળી હતી એમાંથી ૧૧ મંજૂર થઇ છે, ૧૧ લાખ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું છે. પૂર્તતા માટે ૪ અરજીઓ અને અપંગતાની પૂર્તતા માટે ૨ અરજીઓ બાકી છે, ૧ અરજી નામંજૂર થઇ છે. લખતર તાલુકામાં મૃત્યુની ૭ અરજીઓ મળી છે, અપંગતાની કોઇ અરજી મળી નથી, ૫ અરજીઓ મંજૂર થઇ છે, ૫ લાખ રૂપિયા ચૂકવેલ છે. એક અરજી પૂર્તતા માટે બાકી છે અને ૧ અરજી નામંજૂર થઇ છે. વઢવાણ તાલુકામાં ૧૨ અરજીઓ મૃત્યુની મળી છે એમાંથી ૭ મંજૂર થઇ છે, ૭ લાખ પેમેન્ટ થયું છે, ૨ અરજીઓ બાકી પડતર છે અને ૩ અરજીઓ નામંજૂર થઇ છે. એવી જ રીતે ચુડા તાલુકામાં ૫ અરજી મૃત્યુની મળી છે, ૪ અરજી મંજૂર થઇ છે, ૪ લાખ ચૂકવણું થયું છે અને ૧ અરજી નામંજૂર થઇ છે. સાયલા તાલુકામાં ૭ અરજીઓ મૃત્યુની મળી છે એમાંથી ૬ અરજીઓ મંજૂર થઇ અને ૬ લાખ ચૂકવાયા છે અને ૧ અરજી નામંજૂર થઇ છે. ચોટીલામાં ૫ અરજી મૃત્યુની મળી છે, ૧ અરજી અપંગતાની મળી છે. ૪ અરજીઓ મંજૂર થઇ એના ૪ લાખ ચૂકવણું થયું છે, ૧ અરજી નામંજૂર થઇ છે, અપંગતાની ૧ અરજી નામંજૂર થઇ છે. થાનમાં કોઇપણ અરજી મળી નથી. મુળી તાલુકામાં ૭ અરજી મળી છે અને ૬ અરજી મંજૂર થઇ છે અને ૬ લાખનું પેમેન્ટ થયું છે, ૧ અરજી નામંજૂર થઇ છે. પાટડીમાં ૧૧ અરજી મળી છે, ૫ મૃત્યુની અરજી મંજૂર થઇ છે અને ૫ લાખનું ચૂકવણું થયું છે, ૨ અરજી પડતર છે અને ૪ અરજી નામંજૂર થઇ છે. ધ્રાંગધ્રામાં કુલ ૬ અરજી મળી છે, ૧ અપંગતાની મળી છે, કુલ ૩ અરજી મંજૂર થઇ છે અને ૧ અપંગતાની મંજૂર થઇ છે. ૩ લાખ મૃત્યુ સહાયના અને ૫૦ હજાર અપંગતાના મળ્યા છે. અપંગતાની ૩ અરજી બાકી પડતર છે. આમ, કુલ ૭૬ અરજીઓ મૃત્યુની મળી અને ૪ અપંગતાની મળી એમાંથી ૫૧ અરજીઓ મૃત્યુની મંજૂર થઇ અને ૧ અપંગતાની બાકી છે. તેવી જ રીતે તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં તાલુકાવાર જવાબ આપું તો લીંબડી તાલુકામાં કુલ ૧૫ અરજીઓ મળી એમાંથી ૯ મંજૂર થઇ અને ૯ લાખ ચૂકવ્યા છે. ૪ અરજી પૂર્તતા માટે બાકી છે. ૨ અરજી નામંજૂર થઇ છે. લખતર તાલુકામાં ૬ અરજી મળી એમાંથી ૪ મંજૂર થઇ છે અને ૪ લાખ ચૂકવણું થયું છે અને ૨ અરજી પૂર્તતા માટે બાકી છે. વઢવાણ તાલુકામાં ૧૯માંથી ૧૪ મંજૂર થઇ છે અને ૧૪ લાખનું ચૂકવણું થયું છે, ૨ અરજી પૂર્તતા માટે બાકી છે, ૩ અરજી નામંજૂર કરવામાં આવી છે. ચુડા તાલુકામાં ૧૦ અરજી મળી અને ૧ અપંગતાની મળી છે એમાંથી ૩ અરજી મંજૂર થઇ છે અને ૩ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું છે અને ૩ અરજી પૂર્તતા માટે બાકી છે, ૪ અરજી નામંજૂર કરવામાં આવી છે. સાયલા તાલુકામાં કુલ ૭ અરજીઓ મળી છે અને તેમાંથી ૩ અરજી મંજૂર થઇ છે, ૩ લાખનું ચૂકવણું થયું છે, ૧ની પૂર્તતા બાકી છે, ૩ અરજી નામંજૂર થઇ છે. ચોટીલા તાલુકામાં ૪ અરજી મળી છે, ૧ મંજૂર થઇ છે, ૧ લાખનું ચૂકવણું થયું છે, પૂર્તતા માટે ૩ અરજી બાકી છે. થાનમાં ૧ અરજી મળી છે અને ૧ અરજી નામંજૂર થઇ છે. મૂળી તાલુકામાં ૮ અરજી મળી છે અને તેમાંથી ૩ અરજી મંજૂર થઇ છે, ૩ લાખનું ચૂકવણું થયું છે, ૩ની પૂર્તતા બાકી છે અને ૨ અરજી નામંજૂર થઇ છે. પાટડી તાલુકામાં કુલ ૧૦ અરજી મળી છે ૫ મંજૂર થઇ છે, ૫ લાખનું ચૂકવણું થયું છે, ૩ પૂર્તતા બાકી છે અને ૨ અરજી નામંજૂર થઇ છે. ધ્રાંગધ્રામાં કુલ ૪ અરજી મળી છે, ૩ મંજૂર થઇ છે, ૩ લાખનું ચૂકવણું થયું છે, ૧ પૂર્તતામાં બાકી છે, આમ તાલુકાવાઇઝ ચૂકવણું કર્યું છે.

શ્રી કિરીટસિંહ જિ. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લાની ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનામાં નામંજૂર થયેલ અરજીઓ કેટલી અને પડતર રહેલી અરજીઓ કેટલી, અને તેના કારણો શું?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ નામંજૂર અરજીની વાત કરી છે કે, કુદરતી મૃત્યું થયેલ હોવાથી ૧ અરજી નામંજૂર થઇ છે અને (અંતરાય) આત્મહત્યા કરેલ હોવાથી નામંજૂર કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જશાભાઇ ટોટલ કહો કે, આટલી નામંજૂર થઇ છે.

શ્રી જશાભાઇ ભા. બારડ : કુલ ૧૪ અરજી નામંજૂર થઇ છે. ૧૭ અરજી પડતર છે જેની ચકાસણી ચાલુ છે અને એમનો બીજો પ્રશ્ન એ છે કે, એમાં પડતર અરજીઓના કારણો બતાવ્યાં છે અને ૧૪ અરજીના કારણો વિગતવાર આપું. આપ કહો તો આપું.

અઘ્યક્ષશ્રી : ના, ના, વિગતવાર ચાલશે. પ્રશ્ન ક્રમાંક: ૫, પ્રશ્ન ક્રમાંક-૬, પ્રશ્ન ક્રમાંક-૭, પ્રશ્ન ક્રમાંક-૮ માનનીય પરબતભાઇ.

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજનાનાં લાભાર્થી

* ૨૨૮૪૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૧૦૮ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૧૫ અરજીઓ એમ કુલ ૨૨૩ અરજીઓ મળી, |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૭૬ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૪૪ અરજીઓ એમ કુલ ૧૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી<br>તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીની રૂ. ૭૪.૫૦ લાખ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીની<br>રૂ. ૪૩.૫૦ લાખ એમ કુલ રૂ. ૧૧૮.૦૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનામાં પ્રિમિયમ ભરવામાં આવે છે એ કોના દ્વારા ચૂકવવામાં આવે છે અને કેટલું ચૂકવવામાં આવે છે? સાહેબ, સાથે સાથે મારે એ પણ જાણવું છે કે, આ વીમા યોજના બની છે એના અમલીકરણનું માળખું શું છે અને તેનો અમલ કોના દ્વારા કરવામાં આવે છે? સાથે સાથે એક બીજું પણ પૂછી લઉં કે, આમાં અમારી કુલ બે વર્ષની ૨૨૩ અરજી છે એમાંથી ૧૨૦ મંજૂર થઇ છે. ૧૦૩ નામંજૂર થઇ છે. વર્ષ વર્ષ, દોઢ દોઢ વર્ષ સુધી આ અરજીઓ મંજૂર થતી નથી તો આની સમય મર્યાદા નક્કી કરવી જોઇએ. આના માટે ચેકલિસ્ટ હોય એ એક જ વખતમાં બધી ક્વેરી નીકળી જાય. દર બે મહિને એક ક્વેરી કરવી અને પૂર્તતા માટે પાછું મૂકે અને જો દોઢ દોઢ વર્ષ સુધી ચૂકવણું થાય નહિ તો આમાં મંત્રીશ્રી સમય મર્યાદા નક્કી કરીને એકજ વખતમાં બધી ક્વેરી પૂરી કરે અને આ સાથે બધી વિગતો તાલુકાવાર આપે એવી વિનંતી છે.

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના ૧૦૦% રાજ્ય સરકારની યોજના છે. અને ૧૦૦ એ ૧૦૦% રાજ્ય સરકાર તેનું પ્રિમિયમ ૩૦ કરોડ ૫૦ લાખ રૂપિયા ભરે છે અને એમાં સમયાંતરે એક જ જે મુખ્ય ખેડૂત હતા. જે વીમાથી સુરક્ષિત હતા. એના બદલે એના પ્રથમ સંતાન દીકરો-દીકરી હોય એનો પણ સમાવેશ કર્યો છે અને ૨૦૧૬-૧૭ એટલે આવતા વર્ષથી એની પત્નીનો પણ સમાવેશ કર્યો છે. એટલે આ વીમા યોજનામાં કુટુંબની ૩ વ્યકિતનો સમાવેશ કરવામાં આવ્યો છે અને ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનામાં જે કાગળો રજૂ કરવાના આવે છે એ ૯૦ દિવસની અંદર જિલ્લા ખેતી અધિકારીને રજૂ કરવાનો સમય છે. ૩૦ દિવસની અંદર એ અરજી જે ખેડૂતની હોય. એ વીમા નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે અલગથી આખી વ્યવસ્થા છે, ત્યાં મોકલવાની હોય છે. તેમાં તમામ દસ્તાવેજો અને સરકારશ્રીના ઠરાવની જે જોગવાઇ છે એ પ્રમાણેની ચકાસણી વીમા નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે અને મંજૂર-નામંજૂર વીમા નિયામક દ્વારા કરવામાં આવે છે. આનુ નિયમન, ખેતી નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની જે વાત છે કે, ઘણા સમયથી અમુક અરજીઓ પેન્ડિંગ રહે છે. એના માટે મારે આપને વાત કરવી છે કે, એમાં જે કારણો, ક્રાઇટેરિયા નક્કી કર્યા છે એ ક્રાઇટેરિયા ખેડૂત તરફથી જો ન મળે અને એના વારસદારો તરફથી ન મળવાના કારણે પેન્ડિંગ રહે છે. એ ક્રાઇટેરિયામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં મૃતક

ખેડૂત, ખાતેદાર હોવો જરૂરી છે, કુદરતી મૃત્યુ, આત્મહત્યા ન હોવી જોઇએ, અરજી સમય મર્યાદામાં એટલે કે, નેવું દિવસમાં કરવી જોઇએ, પી.એમ. રિપોર્ટ, એફ.એસ.એલ. રિપોર્ટ રજૂ કરેલ ન હોય, પોલીસ તપાસ અંગેના સાધનિક કાગળો રજૂ ન કર્યા હોય અને પોતે વાહન ચલાવતો હોય અને એનું ડ્રાઇવીંગ લાઇસન્સ પોતાની પાસે ન હોય, અપંગતા જે છે એ પચાસ ટકા હોવી જોઇએ, મૃતક ખાતેદાર પ્રથમ એનું સંતાન દીકરો–દીકરી હોવી જોઇએ અને આ વર્ષથી ૨૦૧૬–૧૭માં એની પત્નીનો પણ સમાવેશ જ્યારે કર્યો છે ત્યારે જે વિસંગતતા અને આ સભ્યશ્રીની જે લાગણી છે એ વીમા નિયામકની કચેરીમાં અમે સુચના આપી અને વહેલામાં વહેલું ત્રણ મહિનાના ગાળાની અંદર કોઇ પણ સંજોગોમાં ખેડૂતને ન્યાય મળે એ માટેની કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવશે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું છે કે, બનાસકાંઠામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ નામંજૂર થયેલ અને પડતર અરજીઓના કારણો શું છે ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ નામંજૂર થઇ છે એ તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં એક જ અરજી નામંજૂર થઇ છે અને કોલેજ કેટેગરીમાં પણ વીમાનો સમાવેશ થતો હોઇ, એને કોલેજ કેટેગરીમાં એને વીમો મળી ગયો હોઇ એટલે અરજી નામંજૂર થઇ છે. અને તા. ૧– ૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં જે પાંચ અરજીઓ નામંજૂર થઇ છે એ કુદરતી મૃત્યુ થવાના કારણે, રેગ્યુલર મૃત્યુ થયું હોઇ એના હિસાબે, ત્રણ અરજી ખાતેદાર ખેડૂત ન હોવાથી, જ્યારે અકસ્માતમાં મૃતક જે છે એ લાઇસન્સ પોતે ધરાવતા ન હોવાના કારણે અને પડતર જે અરજીઓ છે, બે અરજીઓ સારવાર અંગેના કાગળો, ડિસ્ચાર્જ સમરી, પી.એમ. રિપોર્ટ, ચાર્જશીટ, વિસેરા રિપોર્ટ રજૂ ન કરવાના કારણે બે અરજીઓ પડતર પડી છે. ડ્રાઇવીંગ લાઇસન્સ રજૂ ન કરવાના કારણે બે અરજીઓ પેન્ડીંગ પડી છે. અઢાર અરજીઓ એફ.આઇ.આર., એસ.ડી.એમ.નો રિપોર્ટ, પોલીસ તપાસનો અહેવાલ, પોલીસ પંચનામું, ઇન્વેસ્ટીગેશન રિપોર્ટ, પી.એમ. રિપોર્ટ, વિસેરા રિપોર્ટ, ૭X૧૨, ૮–અ, ગામ નમુના નંબર–૬ અને સો રૂપિયાનું સોગંદનામું, વિદ્યુત બોર્ડનું પ્રમાણપત્ર વગેરે રજૂ ન કરેલ હોવાથી અઢાર અરજીઓ પડતર પડી છે. વારસદારોની ઊંમર સાથેના પેઢીનામાની નોટરાઇઝ ગામ નમુના નંબર–૬માં નોંધ કરાવી હક્કપત્રક રજૂ કરેલ ન હોવાથી, અસલ પેઢીનામું, જન્મ દાખલા રજૂ કરેલ ન હોવાથી આઠ અરજીઓ પડતર પડી છે. મૃતકના પત્ની હયાત હોય તેમના સાસુને સહાય મળે તે બાબતનું સંમતિપત્ર રજૂ ન કરેલ હોઇ એક અરજી એ રીતે પડતર છે. કુલ એકત્રીસ અરજીઓ અને ૨૦૧૫માં કુલ ત્રણ અરજીઓ ડ્રાઇવીંગ લાઇસન્સના હિસાબે પડતર છે અને પિસ્તાળીસ અરજીઓ એફ.આઇ.આર., એસ.ડી.એમ.નો રિપોર્ટ, પોલીસ પંચનામું, ૭X૧૨, ૮–અ અને સોગંદનામાના હિસાબે પિસ્તાળીસ અરજીઓ પડતર છે અને અઢાર અરજીઓ વારસદારોની ઊંમર સાથેના પેઢીનામાના નોટરાઇઝ સોગંદનામું, છ નંબરની નોંધ, હક્કપત્રક રજૂ કરેલ ન હોવાથી અસલ પેઢીનામું, જન્મ દાખલ કરેલ ન હોવાથી કુલ અઢાર અરજીઓ પેન્ડીંગ પડી છે એમ ૬૬ અને ૩૧ અરજીઓ પડતર પડી છે.

## મહેસાણા જિલ્લામાં કોલ્ડસ્ટોરેજના લાભાર્થી

* ૨૨૮૨૦ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં કોલ્ડસ્ટોરેજ બનાવવા માટે મહેસાણા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | એક લાભાર્થી<br>`. ૧,૩૬,૪૯,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ છત્રીસ લાખ ઓગણપચાસ હજાર પુરા) |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળનો પ્રશ્ન ખેડૂત અકસ્માત વીમા યોજનાનો હતો. સવારે જ મને માહિતી મળી કે પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત જે યોજના આખા દેશમાં પ્રધાન મંત્રીશ્રીએ મૂકી છે મારા મત વિસ્તારના મેઘલીયાસણા ગામમાં અકસ્માતમાં મૃત્યુ થતાં ઠાકોર સમાજનો એક યુવાન મૃત્યુ પામ્યો એના ખાતામાં એક અઠવાડિયાની અંદર ચાર લાખ રૂપિયા જમા થઇ ગયા છે. પ્રશ્ન–૯માં મારે પૂરક માહિતી જોઇએ છે. ૨૦૧૫–૧૬માં આવેલ અરજીઓ કયારે કરવામાં આવી? કયારે એને મંજૂરી આપવામાં આવી અને પ્રોજેકટ ખર્ચ કેટલો છે?, બધા કોલ્ડ સ્ટોરેજોની કુલ સ્ટોરેજ કેપેસીટી કેટલી છે? સહાય કયારે ચૂકવવામાં આવી? સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે. હજી કેટલી અરજીઓ બાકી છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતમાં અરજી કર્યાની તા.૧૫–૧–૧૫, ડિસ્ટ્રીકટ મોનીટરીંગ સમિતિની ભલામણ છે એ ૨૭ તારીખે ડીસ્ટ્રીકટની મિટિંગ મળી એમાં મંજૂર થઇ. રાજયકક્ષાની એકઝીકયુટીવ સમિતિ તા. ૨૪–૨ના રોજ મળી અને એમ્પાવર મોનીટરીંગ સમિતિમાં ભારત સરકારમાં પણ તા.૧૬–૩–૨૦૧૫ના રોજ મંજૂર કરવામાં આવી છે. અને સભ્યશ્રીએ જે વાત કરી છે કે કોલ્ડ સ્ટોરેજ મધુવન એગ્રી સ્ટોરેજ પ્રાઇવેટ

બ્લોક નંબર- ૯૯માં બાલીસણા સીમમાં, જિલ્લો-મહેસાણામાં કોલ્ડ પ્રોજેક્ટ હતો એ ૮૩૩.૫ર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ હતો અને ૪૯૯૬ ટનની ક્ષમતાવાળો આ પ્રોજેક્ટ હતો અને કેન્દ્રની જે સબસિડી છે એ પ્રથમ હપ્તો ૧૩૬૪૯૦૦૦/- તા. ૨૧-૧૧-૨૦૧૫ ના રોજ ચૂકવી દીધો અને આ પ્રશ્ન જે તમે પૂછ્યો છે એના પછી બીજો હપ્તો પણ ભારત સરકારે ૧૫૫૨૪૦૦૦/- તા. ૧૯-૨-૨૦૧૬ના રોજ ચૂકવી આપ્યો છે. રાજય સરકારે તા. ૨૬-૨-૨૦૧૬ના રોજ જે ૧૫ ટકા સહાય આપવાની થાય છે એ રકમ માટે પણ તિજોરીમાં બિલ રજૂ કર્યું છે અને ૧૧૭.૫૩ લાખની રકમ મંજૂર કરી છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કોલ્ડ સ્ટોરેજ બનાવે છે પણ એની સહાય જે તબકકે મળવી જોઇએ એ તબકકે મળતી હોતી નથી અને એના કારણે ઘણી વખત આર્થિક સંકડામણમાં આવતા હોય છે તો એના ધોરણો કયા છે? બીજું, લીંબુ અને ડુંગળીના કોલ્ડ સ્ટોરેજો હજુ થયા નથી તો એ સંશોધન કરીને કરવા માગો છો કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે નારાયણભાઇને કહેવું છે કે હમણા જ આખી વાત મેં કરી કે ૨૦ દિવસની અંદર અરજી કરે છે. ૨૦ દિવસે મંજૂર થાય છે. જિલ્લા લેવલની સમિતિમાં ૧૮ દિવસે મંજૂર થાય છે અને સ્ટેટ લેવલની કમિટીમાં ૧૬ દિવસે મંજૂર થાય છે. ભારત સરકારમાં ૨૨ દિવસમાં મંજૂર થાય છે. આટલી બધી ઝડપ થાય છે અને સો ટકા ૪૦૯,૦૦,૦૦૦/- રૂપિયાની જે સહાય છે એ એક વર્ષમાં પ્રોજેક્ટ પૂરો થાય છે અને બે મહિનાની અંદર તમામ સહાય મળી જાય છે એટલે પ્રશ્ન નથી. કયાંય પણ મુશ્કેલી હશે તો આપણે સાથે મળી અને સિનિયર ધારાસભ્ય છે તો આપણે જરૂરથી ઉકેલ કરીશું.

રાજ્યનાં બેરોજગાર યુવકો માટે રોજગારલક્ષી પ્રકાશનો બાબત

* ૨૨૮૨૮ શ્રીમતી મનિષા વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી-પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના બેરોજગાર યુવકોને રોજગારલક્ષી માહિતી આપતા પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવે છે, અને | (૨) ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ પ્રકાશનો ઇન્ટરનેટના માધ્યમથી જોવા ઇચ્છતા હોય તો કેવી રીતે જોઇ શકાય? | (૩) આ પ્રકાશન નીચેની ત્રણ વેબસાઇટ પરથી જોઇ શકાય છે.<br>(૧) www.gujaratinformation.net<br>(૨) www.facebook.com/ gujaratinformation. official<br>(૩) www.gswan.gov.in (home page) |

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી યુવાનોને તેમની ભાવિ કારકિર્દી માટે દિશાસૂચન કરી શકે અને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થઇ શકે તેવી કોઇ બાબત ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકમાં હોય છે કે કેમ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ ગુજરાત રોજગાર સાપ્તાહિકના માધ્યમથી ગુજરાતના યુવાનો જે પોતાના ભણતરનો અભ્યાસક્રમ પૂર્ણ કરે અને પછી ગુજરાત સરકારની અને કેન્દ્ર સરકારની જાહેર સાહસોની અનેકવિધ જાહેરાતો છે, તેનાથી વાકેફ થાય તેને માટે આ ગુજરાત રોજગાર સાપ્તાહિક સ્વરૂપે નિયમિત સ્વરૂપે રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બન્ને પાસ કર્યા પછી દરેક વિદ્યાર્થીઓના મનની અંદર અનેક પ્રશ્નો હોય છે. કઇ ફેકલ્ટીમાં જવુ, કઇ બ્રાન્ચમાં જવુ, કયો અભ્યાસક્રમ લેવો? તેના માધ્યમથી ભવિષ્યમાં કેટલો સમય ભણવું પડે અને તેના માધ્યમથી રોજગારીની કેવી શક્યતાઓ રહે છે. આ બધી જ વસ્તુઓને ધ્યાનમાં રાખીને રોજગાર સાપ્તાહિક પ્રસિદ્ધ કરવામાં આવે છે. એ રોજગાર સાપ્તાહિકના માધ્યમથી કારકિર્દી વિશેષાંક ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે પ્રમાણેનો વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતના ઇતિહાસમાં ક્યારેય પણ ન થઇ હોય તેવી યુવા સ્વાવલંબનના માધ્યમથી ગુજરાતના યુવાનોને રોજગારી માટેની, ભણતર માટેની વિશિષ્ટ તક સાંપડવાની છે. આ બધી જ વસ્તુઓનો બહોળો પ્રચાર થાય તે ગુજરાત રોજગાર સાપ્તાહિકના માધ્યમથી પ્રયત્નો કરવામાં આવે છે. ધોરણ-૧૦, ૧૨ ના વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે આનો ઉપયોગ કરવામાં આવે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રોજગાર સાપ્તાહિકના હાલના કેટલા ગ્રાહકો છે? અને ગ્રાહકો સિવાય અન્ય કોઇને વિતરણ કરવામાં આવે છે કે કેમ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ રાજ્ય સરકાર ઇચ્છે છે કે રોજગારી રાજ્યભરમાં જ્યાં ઉપલબ્ધ થવાની હોય ત્યાંથી યુવાનો વાકેફ થાય. મારા પ્રશ્નના જવાબમાં આપ્યું છે તે પ્રમાણે જુદી જુદી ૩ વેબસાઇટો ઉપર મુકવામાં આવે છે. એ ઉપરાંત અત્યારે રાજ્યની અંદર ૨૬,૮૦૦ જેટલા ગ્રાહકો છે. આજની ૨૯–૨ ની સ્થિતિએ જોઇએ તો ૨૯,૩૧૯ જેટલા ગ્રાહકો છે. સમગ્ર રાજ્યભરની અંદર સર્વ શિક્ષા અંતર્ગત તમામ શાળા, કૉલેજો, આદર્શ નિવાસી શાળાઓ, આઇ.ટી.આઇ., સરકારી ગ્રંથાલય, માન્ય મહિલા સંસ્થાઓ, સર્વ ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ગુજરાતી સમાજો તથા જાહેર પદાધિકારીઓને નિઃશૂલ્ક આપવામાં આવે છે. રાજ્યમાં ૯૦,૦૦૦ જેટલા સ્થાનો ઉપર આ સાપ્તાહિક એમને રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગુજરાત રોજગાર સાપ્તાહિક વાર્ષિક કુલ કેટલી સંખ્યામાં છાપવામાં આવે છે. તેનો ખર્ચ કેટલો આવે છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : જેમ મેં અગાઉના પ્રશ્નનો જવાબ આપ્યો તેમ ૨૯,૩૧૯ ગ્રાહકો છે. ગ્રાહકો સિવાય પણ આવા જે ૯૦,૦૦૦ જેટલા જાહેર સ્થાનો ઉપર કૉપીઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. એમનો બીજો પ્રશ્ન છાપકામ અને વિતરણ બંનેની કિંમત ગણીએ તો છાપકામનો ખર્ચ ૫ રૂપિયા અને વિતરણનો ખર્ચ ૧–૫૧ પૈસા થાય છે. આમ બંનેનો સરવાળો કરીએ તો ૬–૫૧ પૈસાનો ખર્ચ થાય છે. માત્ર ગ્રાહકો પાસેથી આપણે ૩૦ રૂપિયા લવાજમ લઇએ છીએ. આ રાજ્યના યુવાનોના યુવા કલ્યાણ પ્રવૃત્તિના ભાગ સ્વરૂપે વાર્ષિક કુલ ખર્ચ ૩૩૮ રૂપિયા પડે છે. યુવાનોને આ માહિતી સસ્તામાં ઉપલબ્ધ થાય તે માટે એમની પાસેથી ૩૦ રૂપિયાનું લવાજમ લેવામાં આવે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સૌ પ્રથમ તો રાજ્યના બેરોજગાર યુવાનો માટે ગુજરાત રોજગાર સમાચાર માનનીય મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે તેને હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીએ અગાઉ જે જવાબ આપેલ છે તેમાં મારો જવાબ આવી જાય છે.

સુરત જિલ્લામાં કોલ્ડસ્ટૉરેજના લાભાર્થી

* ૨૨૮૧૬ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં કોલ્ડસ્ટૉરેજ બનાવવા માટે સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | એક પણ નહીં. |

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કોલ્ડ સ્ટૉરેજની સહાય કોને મળવાપાત્ર છે અને કોલ્ડ સ્ટૉરેજ બનાવવા હોય તો તેની અરજી કરવાની પદ્ધતિ કઇ રીતની છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટૉરેજ પ્રોજેકટ સહાય ક્રેડીટ લીન્કર પ્રોજેકટની મંજૂરી મળે પછી જ તેની કાર્યવાહી અને કામગીરીની શરૂઆત કરવામાં આવે છે. આ કોલ્ડ સ્ટૉરેજ પ્રોજેકટનું સિવિલ વર્ક પૂર્ણ થાય તથા મશીનરી ઇન્સ્ટોલ થયા બાદ હોર્ટીકલ્ચર મિશન હેઠળ પ્રથમ હપ્તા તરીકે કુલ મળવાપાત્ર સહાયના ૫૦ ટકા રકમ બેન્કમાં રીઝર્વ ફંડ ખાતામાં આરટીજીએસથી જમા કરવામાં આવે છે. કોલ્ડ સ્ટૉરેજ કાર્યરત સ્થિતિમાં આવે ત્યારે મંજૂર થયેલ સહાયની બાકી રહેતી ૫૦ ટકા સહાયની રકમ બીજા અને અંતિમ હપ્તા તરીકે ચુકવવામાં આવે છે. રાજ્ય સરકાર તરફથી ૨૦૧૨–૧૩ના વર્ષથી ૧૫ ટકાની વધારાની સહાય આપવામાં આવે છે. આ હોર્ટીકલ્ચર મિશનની સહાયની રકમ ચુકવ્યા બાદ આ બંને સબસિડી જમા થઇ ગયા પછી બાકીની ૧૫ ટકાની રકમ રાજ્ય સરકાર ચુકવી આપે છે.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દક્ષિણ ગુજરાતમાં વિશાળ ફલક ઉપર કેળાં અને શાકભાજીની ખેતી થાય છે ત્યારે સ્વાભાવિક રીતે કોલ્ડ સ્ટૉરેજની ખૂબ મોટી માંગ રહેતી હોય છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કોલ્ડ સ્ટૉરેજની અરજી કરવા માટેની કાર્યપદ્ધતિ શું છે અને આ કોલ્ડ સ્ટૉરેજમાં કયા કયા પાકોનો સંગ્રહ કરી શકાય છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટૉરેજમાં જે સંગ્રહ કરવાની વાત છે તથા બાગાયતી ખાતા મારફતે નવા કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા માટે કેન્દ્ર સરકારની નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે. રાજ્યમાં બાગાયતી પાકોને વધારે પ્રોત્સાહન મળે તે હેતુસર ૨૦૧૨–૧૩થી ૧૫ ટકાની વધારાની સહાય પણ આપવામાં આવે છે. આમ નેશનલ હોર્ટીકલ્ચર મિશનના નોર્મ્સ પ્રમાણે જે પાંચ હજાર ટન સુધી ચેમ્બરો બનાવવામાં આવે તેની સાઇઝ પ્રમાણે ૧ ટનદીઠ

આઠ હજાર રૂપિયા એટલે ૨૫૦ ટનથી નીચેની ચેમ્બર બને તો આઠ હજાર રૂપિયા અને તેનાથી નીચે બને તો ૧૦ હજાર રૂપિયા એક ટનના હિસાબે ૩૫ ટકા પ્રમાણે સબસિડી મળે છે. પહાડી વિસ્તાર છે તેમાં આ યોજના કરવામાં આવે તો ૩૫ ને બદલે ૫૦ ટકા , આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે અને વધારાનો ખર્ચ થાય તો આઠ કે દસ હજારના બદલે વીસ હજાર એક મેટ્રીકટન સુધી હાય પૂરી પાડવાની હોય છે. આ રાજય સરકાર અને ભારત સરકારની સંયુકત સબસિડીની યોજના છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા માટે શું સહાય આપવામાં આવે છે, અને રાજય સરકાર તરફથી કોઇ વિશિષ્ટ સહાય પૂરી પાડવામાં આવે છે કે કેમ? અને કોલ્ડ ચેઇન માટે રાજય સરકાર તરફથી અન્ય શું પ્રોત્સાહન આપવામાં આવે છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી તરફથી કોલ્ડ ચેઇન માટે જે વાત કરી તે ટ્રાયબલ તાલુકામાં બટાટાનો કોલ્ડ સ્ટૉરેજ ૫ હજાર મે.ટન સુધી જો કરવામાં આવે તો રાજય સરકાર અને ભારત સરકાર સહાય પૂરી પાડે છે અને તે ઉપરાંત ૫ હજાર મે.ટન ઉપર અને ૨૦ હજાર મે.ટન સુધી કોલ્ડ સ્ટૉરેજ કરવો હોય તો રાજય સરકાર ૨૪૦૦ રૂપિયા એક મેટ્રીક ટન લેખે અલગથી સહાય ચૂકવે છે. ડૂંગળી અને લીલા શાકભાજી માટે જે નારણભાઇએ વાત કરી હતી એ પ્રમાણે કોલ્ડ સ્ટૉરેજ એ.પી.એમ.સી. જો કરે તો એને ૭.૫૦ ટકા વધારાની સહાય રાજય સરકાર આપે છે. એટલે કુલ સંગ્રહ કોલ્ડ સ્ટૉરેજ માટે વ્યક્તિગત ૧૦ મે. ટન સુધી બનાવે તો પણ ખેડૂતને સબસિડી ૨૪૦૦ લેખે મળે છે. ૧૦૦ મે.ટનનો કોલ્ડ સ્ટૉરેજ બનાવે કે ૫૦૦ મે.ટનનો કોલ્ડ સ્ટૉરેજ બનાવે તો પણ ૨૪૦૦ રૂપિયા રાજય સરકાર તરફથી સબસિડી ચૂકવવામાં આવે છે અને વિદ્યુત શૂલ્કમાં ૨૫ ટકા એ ૨ લાખ રૂપિયાની મર્યાદા સુધી ૫ વરસ સુધી વધારાની સહાય રાજય સરકાર આપે છે.

ઉમરગામ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૨૭૯૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લાની ઉમરગામ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, તથા તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ નગરપાલિકાને કુલ ૨૩૪૬ શૌચાલયો માટે રૂ. ૨૮૧.૫૨ લાખની ગ્રાન્ટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૨૧૮૦ | ૧૭૪.૪૦ |
| ૨૦૧૫ | ૧૬૬ | ૧૦૭.૧૨ |
| કુલ | ૨૩૪૬ | ૨૮૧.૫૨ |

(૨) તે પેટે રૂ. ૨૨૧.૦૭ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે તથા તે પરત્વે કુલ ૨૩૪૬ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ થયેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૧૩૬.૩૮ |
| ૨૦૧૫ | ૮૪.૬૯ |
| કુલ | ૨૨૧.૦૭ |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાની ઉમરગામ નગરપાલિકા છે એ ગુજરાત રાજયની ૧૫૯ નગરપાલિકા છે એમાં છેલ્લી નગરપાલિકા છે. આ નગરપાલિકાની અંદર ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે કેટલા કુટુંબો શૌચાલય વગરના હતા, અને કેટલાને સુવિધા પૂરી પાડવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન છે કે, જે વસતિ ગણતરીમાં ન આવતા હોય એવા કુટુંબો શોધી કાઢવા માટે કોઇ પ્રયત્ન કરેલો છે કે કેમ? અને જો પ્રયત્ન કર્યો હોય તો એમને માટે શૌચાલયની સુવિધા ક્યારે હાથ ધરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય રમણભાઇને અને એમના નગરપાલિકાના હોદ્દેદારોને અભિનંદન આપું કે, ઉમરગામ નગરપાલિકાએ ૧૦૦ ટકા શૌચાલય બનાવવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ૨૦૧૧માં રાજય સરકારે જે સર્વે કર્યો આખા રાજયની અંદર બધી નગરપાલિકામાં કર્યો હતો એ પ્રમાણે ઉમરગામ નગરપાલિકામાં એ વખતે ૨૨૮૮ પરિવારોના ઘરોમાં વ્યક્તિગત શૌચાલય ન હતા એ વ્યક્તિગત શૌચાલય પૂરાં કરવા માટે રાજય સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવી, સબસિડી આપવામાં આવી અને એનો લાભ લઇ તમામ પરિવારોએ ૧૦૦ ટકા શૌચાલયની કામગીરી પૂર્ણ કરી છે. અને બીજું ગુજરાતમાં આર્થિક વિકાસના કારણે, સમૃદ્ધિના કારણે, ધંધા રોજગારની વિપુલ તકોના કારણે બિન ગુજરાતીઓ પણ મોટા પ્રમાણમાં ગુજરાતમાં આવે છે. સૌરાષ્ટ્ર હોય, સુરત હોય, અમદાવાદ હોય, વડોદરા હોય એમ જુદા જુદા વિસ્તારોમાં વસે છે. સ્વાભાવિક છે કે ગરીબ માણસો આવ્યા હોય, શરૂઆતમાં મજૂરી કરીને આગળ વધવા આવ્યા હોય, એ કદાચ કોઇ જગ્યાએ દબાણ કરે, કોઇ ઝૂંપડપટ્ટીમાં જાય, કોઇ

જગ્યાએ એવી વ્યવસ્થા ન હોય કે જ્યાં શૌચાલયની વ્યવસ્થા ન હોય એવા લોકોને પણ આપણે ૧૦૦ ટકા કામ પૂરું કર્યા પછી પણ જે પરિવારો નવા આવે એને પણ જો વ્યવસ્થા ન હોય તો વ્યવસ્થા આપવાનું કામ આપણે સતત ચાલુ રાખીએ છીએ. એ પ્રમાણે ઉમરગામમાં પણ ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ૨૨૮૮ શૌચાલયો પૂરાં કર્યા પછી ૨૮ પરિવાર જે એવા મળ્યાં કે જેને પણ શૌચાલયની વ્યવસ્થા ન હતી તો એવા પરિવારોને પણ આપણે શૌચાલયની વ્યવસ્થાનો લાભ રાજય સરકારની ગ્રાન્ટ આપીને આપણે કર્યો છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લાની અન્ય નગરપાલિકાઓમાં વ્યક્તિગત શૌચાલયની કામગીરી કેટલી થઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વલસાડ નગરપાલિકા જે જિલ્લાકક્ષાનું શહેર છે તેમાં ૫૫૨૦ શૌચાલય બનાવવાના થતા હતા. ૫૫૨૦ની કામગીરી સો ટકા પૂર્ણ થઇ છે. વાપી જે આપણો ગુજરાતનો એક મોટો ઔદ્યોગિક વિસ્તાર છે ત્યાં આગળ ૮૦૪૬ શૌચાલય બનાવવાના થતા હતા તે સો ટકા પૂર્ણ થયા છે. પારડીમાં ૧૮૮૧ શૌચાલય બનાવવાના હતા તેની સો ટકા કામગીરી પૂર્ણ થઇ છે અને ધરમપુર જે સો ટકા આદિવાસી, આદિજાતિ વિસ્તાર છે ત્યાં આગળ ૧૪૮૩ શૌચાલય બનાવવાના હતા તેની પણ સો ટકા કામગીરી પૂર્ણ થઇ છે. આમ ઉમરગામ સાથે મેળવીએ તો વલસાડ જિલ્લાની પાંચ નગરપાલિકામાં શૌચાલય બનાવવાની સો ટકા કામગીરી પૂર્ણ થઇ છે તે બદલ અમારા નગરપાલિકાના સૌ હોદેદારોને અને ધારાસભ્યોને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં હું એક ઉમેરો કરી દઉં આપની જાણકારી માટે કે ગુજરાતની કુલ નગરપાલિકાઓ છે તેમાંથી ૮૨ નગરપાલિકાઓએ સો ટકા શૌચાલયની કામગીરી પૂર્ણ કરી છે.

## જૂનાગઢ જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૨૮૦૮ શ્રી અરવિંદભાઇ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે? | (૨) વર્ષ ૨૦૧૪માં ૧૦૩૭<br>વર્ષ ૨૦૧૫માં ૧૧૬૬. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષની અંદર પોલીસ કર્મચારીઓના આરોગ્યની ચકાસણીની અંદર કયા કયા રોગ માલૂમ પડયા છે અને આ ચકાસણી તેમના પરિવારોની અંદર પણ થાય છે કે કેમ ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં શાંતિ અને સલામતી, કાયદો વ્યવસ્થા બની રહે તેના માટે પોલીસ સતત કામ કરતી હોય છે. કયારેક વિશેષ સંજોગોમાં ૨૪ કલાક પણ તેમની ડ્યુટી હોય છે, સ્ટ્રેસ પણ સાથે સાથે રહેતો હોય છે. આવા સંજોગોમાં તેમને કોઇ પણ પ્રકારની નાની મોટી તકલીફો કે રોગ હોય તો તેની આરોગ્યની ચકાસણી થાય તેના માટે ૧–૧૦–૨૦૦૪થી આ રાજય સરકારે વિશેષ વ્યવસ્થા કરી છે અને એટલા માટે તમામ આપણા કર્મચારીઓનું અને તેમના કુટુંબીજનોની આરોગ્યની તપાસણી થાય છે. ૨૦૧૪માં પોલીસ અધિકારીઓમાં ૧૦૩૭ જેટલા કર્મચારીઓની તપાસણી થઇ અને ૨૦૧૫માં ૧૧૬૬ કર્મચારીઓની તપાસણી થઇ અને તેમના કુટુંબીજનોમાં ૨૦૧૪માં ૨૮૨૩ જેટલા કુટુંબીજનોની અને ૨૦૧૫માં ૬૨૪ જેટલા કુટુંબીજનોની તપાસણી થઇ. માનનીય સભ્યશ્રીએ પૂછયુ કે કયા કયા પ્રકારના રોગ તેમને થતાં હોય છે. તમામ પ્રકારના રોગોની ચકાસણી કરવામાં આવે છે તેમાંથી ખાસ જે ધ્યાનમાં આવ્યા છે તેમાં કેન્સર, ટી.બી.ડાયાબીટીસ, કિડની અને યુરિનને લગતા રોગો, બી.પી.,હૃદય રોગ આ પ્રકારના રોગો તે આ તપાસણી દરમિયાન ધ્યાનમાં આવ્યા છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ અધિકારીઓની અંદર બી.પી. અને હૃદય રોગના કેટલા દર્દીઓ માલૂમ પડેલ છે ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અયક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ બી.પી.ના ૧૧૪ અને ડાયાબીટીસના ૫૮ જેટલા દર્દીઓ તેમાં ધ્યાનમાં આવ્યા છે. આમ તો ડાયાબીટીસ અને બી.પી.તે હવે એવરેજ બધાને થાય એ પ્રકારનો રોગ છે ત્યારે તેમાં રાજયના આપણા આરોગ્ય વિભાગે પણ તમામ લોકો તેની ફ્રી ચકાસણી કરાવી શકે અને તેનો ઉપચાર કરાવી શકે તેવી વ્યવસ્થા સરકારે કરી છે ત્યારે આ પ્રકારના કોઇ રોગ હોય તો તેની ચકાસણી કરાવી શકે છે.

લાઠી નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાંટ

* ૨૨૭૯૦ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જીલ્લાની લાઠી નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, તથા તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાઠી નગરપાલિકાને કુલ ૧૨૬૩ શૌચાલયો માટે કુલ– રૂા. ૧૫૪.૨૮ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૨૬૩ | ૧૦૧.૦૪ |
| ૨૦૧૫ | ૦ | ૫૩.૨૪ |
| કુલ | ૧૨૬૩ | ૧૫૪.૨૮ |

(૨) તે પેટે રૂ. ૧૨૦.૨૩ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે તથા તે પરત્વે કુલ ૧૨૬૩ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ થયેલ છે.

| વર્ષ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૫૨.૭૯ |
| ૨૦૧૫ | ૬૭.૪૪ |
| કુલ | ૧૨૦.૨૩ |

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે મંજૂર કરેલ વ્યકિતગત શૌચાલયોમાં ૧૨૬૩ છે અને તેમાં મંજૂર કરેલ રકમ જે છે તે...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

અરવલ્લી જિલ્લામાં માછીમારીના કોન્ટ્રાકટ બાબત

* ૨૪૨૬૬ ડૉ. અનિલ જોષિયારા (ભિલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં આવેલ જળાશયોમાં માછીમારીનું કામ આપવા છેલ્લે કયારે જાહેરાત આપવામાં આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ આવી હતી, અને તે પૈકી કેટલી અરજીઓ મંજુર રાખી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માછીમારીના કોન્ટ્રાકટથી સરકારને કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જળાશયમાં માચ્છીમારીનું કામ આપવા છેલ્લે તારીખ ૩–૯–૨૦૧૫ના રોજ જાહેરાત આપવામાં આવી.

(૨) કુલ ૩(ત્રણ) અરજીઓ આવી હતી, અને તે પૈકી ૧ (એક) અરજી મંજુર રાખી.

(૩) રૂ. ૨૩,૭૯,૦૭૦/–

બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૩૭૨૮ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખૂન,લૂંટ, ધાડ, ચોરી, અપહરણ અને બળાત્કારના કુલ કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા ગુન્હા ઉકેલાયા?

**જવાબ**

(૧) નીચે જણાવ્યા પ્રમાણે ગુન્હા નોંધાયા છે.

| ખૂન | લૂંટ | ધાડ | ચોરી | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૯૮ | ૧૩૧ | ૩૦ | ૮૧૦ | ૨૦૫ | ૧૧૦ |

(૨) તે પૈકી નીચે જણાવ્યા પ્રમાણે ગુન્હા ઉકેલાયા છે.

| ખૂન | લૂંટ | ધાડ | ચોરી | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૯૦ | ૧૧૩ | ૨૯ | ૨૬૦ | ૧૯૮ | ૧૧૦ |

જામનગર શહેર/જિલ્લામાં પોલીસનું મહેકમ

* ૨૧૬૫૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર શહેર/ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત શહેર અને જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક મુજબ

(૪) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ : ૧૨૬ ઉમેદવારોની જામનગર જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ. / પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે.

પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૧૦ | ૭ | ૩ | ૧ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૫૧ | ૩૯ | ૧૨ | ૮ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૫ | ૩ | ૨ | ૨ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૩૫ | ૧૩૫ | ૦ | ૦ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૩૯ | ૨૬ | ૧૩ | ૮ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૯ | ૯ | ૦ | ૦ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૬૮ | ૧૪૦ | ૨૮ | ૧૩ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૮૯ | ૮૪ | ૫ | ૦ |
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૩૩ | ૫ | ૨૮ | ૨૮ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૧૮ | ૩૧૭ | ૨૦૧ | ૧૮૩ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૨૦ | ૩૦૨ | ૧૧૮ | ૮૮ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૮૭ | ૭ | ૮૦ | ૭૮ |
| ૧૩. | આઉટ સોર્સ (ડ્રાયવર) | ૧૦ | ૦ | ૧૦ | ૦ |

જામનગર જિલ્લામાં ગૌચર સુધારણાનાં કામો

* ૨૧૮૫૭ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં ગૌચર સુધારણાનાં કયા કામો તાલુકાવાર કેટલા ગામોમાં હાથ ધરવામાં આવ્યા, | (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૪ના વર્ષમાં કોઈ ગામમાં ગૌચર સુધારણાનું કામ હાથ ધરવામાં આવેલ નથી, અને<br>૨૦૧૫ના વર્ષમાં તાલુકો જોડીયાના બાદનપર (આમરણ) અને જીવાપર ગામમાં તથા તાલુકા જામજોધપુરના માંડાસણ, વસંતપુર અને ઉદેપુર ગામોમાં ગૌચર સુધારણાના કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો અધુરા છે અને કેટલા પૂર્ણ થયા? | (૨) ગૌચર સુધારણાના હાથ ધરવામાં આવેલા કામો પ્રગતિ હેઠળ છે, સંપુર્ણ રીતે કામો પુર્ણ થયેલ નથી. |

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજનાનાં લાભાર્થી

* ૨૨૮૪૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૧૦૮ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૧૫ અરજીઓ એમ કુલ ૨૨૩ અરજીઓ મળી, |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૭૬ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૪૪ અરજીઓ એમ કુલ ૧૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી<br>તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીની રૂ. ૭૪.૫૦ લાખ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીની<br>રૂ. ૪૩.૫૦ લાખ એમ કુલ રૂ. ૧૧૮.૦૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

ખેડા જિલ્લાનાં વાઘરોલી ગામના તળાવો નર્મદા કેનાલના પાણીથી ભરવા બાબત

* ૨૩૨૯૧ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના વાઘરોલી ગામની નર્મદા કેનાલમાંથી આ ગામનાં તળાવો ભરવાની કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) મોજણી સંશોધનના તબક્કે |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરી તળાવો ભરવામાં આવશે? | (૨) જુન-૨૦૧૭ સુધીમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

સૌની યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના બાકી જળાશયો ભરવા બાબત

* ૨૩૮૮૭ શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ક્યા જળાશયો સૌની યોજના હેઠળ ભરવાના બાકી છે, | (૧) મહાદેવીયા, સિંહણ, ઘી, ગઢકી, સાની, વેરાડી-૧, વેરાડી-૨, વર્તુ-૨, કાબરકા, વર્તુ-૧, સોનમતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જળાશયો ન ભરી શકવાના શા કારણો છે, અને | (૨) આ ૧૧ જળાશયોનો સમાવેશ સૌની યોજનાના બીજા તબક્કા હેઠળના કામોમાં કરવામાં આવેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે? | (૩) સૌની યોજનાના બીજા તબક્કા હેઠળના કામો મંજુર થયા બાદ આ કામો પૂર્ણ કરીને આ જળાશયો ભરી શકાશે. આ જવાબદારી રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ, રાજકોટ હેઠળના કાર્યપાલક ઇજનેર, ઉન્ડ જળસિંચન વિભાગ, જામનગરને સોંપવામાં આવેલ છે. |

સાણંદ અને બાવળા તાલુકામાં દબાણ દૂર કરવા બાબત

* ૨૧૬૯૦ શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં છેલ્લાં એક વર્ષમાં સરકારી પડતર જમીન પર કેટલા દબાણો દૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા દબાણો દૂર કરવાના બાકી છે?

જવાબ

(૧)

| તાલુકો | દૂર કરવામાં આવેલ દબાણની સંખ્યા |
|---|---|
| સાણંદ | ૪૯ |
| બાવળા | ૬૫ |

(૨)

| તાલુકો | દૂર કરવામાં બાકી દબાણની સંખ્યા |
|---|---|
| સાણંદ | ૧૩ |
| બાવળા | ૧૪૬ |

બનાસકાંઠા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૪૦૯૩ શ્રી ધારશીભાઇ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં દેશી, ઇંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલો પકડવામાં આવી,

જવાબ

(૧)

| વર્ષ | દેશી દારૂનો જથ્થો (લિટરમાં) | ઇંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) | બીયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૪૧૪૫ | ૩૦૭૬૭૬ | ૩૩૬૯૯ |
| ૨૦૧૫ | ૧૪૮૫૬ | ૩૧૦૪૪૩ | ૬૬૮૯૪ |

(૨) ઉક્ત પકડવામાં આવેલ દારૂની કુલ કેટલી કિંમત છે,

(૨) રૂા. ૧૧,૩૦,૨૩,૧૫૭/-

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી દેશી, ઇંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલોનો નાશ કરવામાં આવ્યો, અને

(૩)

| વર્ષ | દેશી દારૂનો જથ્થો (લિટરમાં) | ઇંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) | બીયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૪૧૪૫ | ૨૫૦૧૨૧ | ૩૧૭૯૨ |
| ૨૦૧૫ | ૧૪૮૫૬ | ૧૫૫૧૮૯ | ૩૪૭૫૪ |

(૪) ઉકત નાશ કરવામાં આવેલ જથ્થાની કિંમત કેટલી છે?

(૪) રૂા. ૬,૦૧,૨૭,૫૪૦/-

જૂનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

* ૨૧૭૨૪ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતામાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | (૧) અને (૨) *પત્રક મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે? | (૩) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલઃ ૧૪૯ ઉમેદવારોની જૂનાગઢ જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઇ. /પી.એસ.આઇ. ની ભરતી પ્રક્રીયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સરદાર સરોવર યોજના માટે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ

* ૨૪૧૧૮ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટની દરખાસ્ત કે માંગણી કરવામાં આવી, | (૧) સરદાર સરોવર યોજના માટે વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમિયાન અનુક્રમે રૂ.૧૦૦૬.૨૮ કરોડ અને રૂ. ૧૪૭૧.૭૩૭ કરોડની દરખાસ્ત કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, | (૨) કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમિયાન અનુક્રમે રૂ.૬૦૭.૫૭૨ કરોડ અને રૂ. ૧૦૩૩.૯૩૮ કરોડની ફાળવણી કરી. |
| (૩) તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને | (૩) ઉપર મુજબ ફાળવેલ ગ્રાન્ટ તથા રાજ્ય સરકારના ફાળા સહિતની રકમનો ખર્ચ કરવામાં આવેલ હોઇ કોઇપણ રકમ વણવપરાયેલ રહી નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટની પૂરી રકમ ન વપરાવાના કારણો શું છે? | (૪) લાગુ પડતું નથી. |

જૂનાગઢ જિલ્લામાં મહેસુલી તલાટીનું મહેકમ

* ૨૧૬૪૮ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મહેસૂલી તલાટીનું મંજુર મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલી તલાટીનું મંજૂર થયેલ તાલુકાવાર મહેકમ

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૧૨ |
| ૨ | જૂનાગઢ (શહેર) | ૪ |
| ૩ | વંથલી | ૭ |
| ૪ | માણાવદર | ૮ |
| ૫ | વિસાવદર | ૧૦ |
| ૬ | ભેસાણ | ૫ |
| ૭ | કેશોદ | ૧૦ |
| ૮ | માંગરોળ | ૮ |
| ૯ | મેંદરડા | ૫ |
| ૧૦ | માળીયા હાટીના | ૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલી તલાટીની તાલુકાવાર ભરાયેલ અને ખાલી જગ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૮ | ૪ |
| ૨ | જૂનાગઢ (શહેર) | ૧ | ૩ |
| ૩ | વંથલી | ૭ | ૦ |
| ૪ | માણાવદર | ૬ | ૨ |
| ૫ | વિસાવદર | ૬ | ૪ |
| ૬ | ભેસાણ | ૩ | ૨ |
| ૭ | કેશોદ | ૫ | ૫ |
| ૮ | માંગરોળ | ૫ | ૩ |
| ૯ | મેંદરડા | ૨ | ૩ |
| ૧૦ | માળીયા હાટીના | ૫ | ૨ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલી તલાટીની તાલુકાવાર ૧ વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૪ |
| ૨ | જૂનાગઢ (શહેર) | ૩ |
| ૩ | વંથલી | ૦ |
| ૪ | માણાવદર | ૨ |
| ૫ | વિસાવદર | ૪ |
| ૬ | ભેસાણ | ૨ |
| ૭ | કેશોદ | ૫ |
| ૮ | માંગરોળ | ૩ |
| ૯ | મેંદરડા | ૨ |
| ૧૦ | માળીયા હાટીના | ૨ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ખાલી જગ્યા ભરવા માટેનું માંગણાપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને આપવામાં આવેલ છે.

### રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન સામે કેન્દ્ર સરકાર સમક્ષ સહાયની માંગણી

* ૨૧૭૦૮ શ્રી ગ્યાસુદીન શેખ (દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુલાઈ–૨૦૧૫માં રાજ્યના કેટલા અને કયા જિલ્લાઓમાં અતિવૃષ્ટી થતા થયેલ નુકશાની સામે સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની સહાયની માંગણી કે દરખાસ્ત ક્યારે કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો અને ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કેન્દ્ર સરકારે ક્યારે રાજ્યને ફાળવી?

જવાબ

(૧) રાજ્યમાં જુન અને જુલાઈ ૨૦૧૫માં અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે રૂ. ૪૪૭૩.૪૭ કરોડની માંગણીની દરખાસ્ત સપ્ટેમ્બર–૨૦૧૫માં કરવામાં આવી.

(૨) વર્ષ ૨૦૧૫–૧૬માં કુદરતી આપત્તિ માટે SDRF માંથી અત્યાર સુધી રૂ. ૮૭૧ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આપઘાતના કિસ્સા

* ૨૪૩૧૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આપઘાતનાં કેટલા બનાવ બન્યા, અને

(૨) આ બનાવો બનતા અટકાવવા માટે રાજ્ય સરકારે મુખ્યત્વે શાં પગલાંઓ લીધાં?

જવાબ

(૧)

| જિલ્લાનું નામ | ૨૦૧૪ | ૨૦૧૫ |
|---|---|---|
| અરવલ્લી | ૯૩ | ૮૧ |
| સાબરકાંઠા | ૧૨૩ | ૧૫૪ |

(૨) આપઘાતના બનાવો વધુ બનતા હોય તેવી જગ્યાઓ જેવી કે રેલ્વે ફાટક, કેનાલની આજુબાજુ તેમજ અવાવરૂ કુવાની જગ્યાએ લોકો આપઘાત કરવાનું ટાળે તેવા લખાણવાળા સાઈન બોર્ડ મુકવામાં આવે છે. તેમજ જિલ્લા હેલ્પલાઈન ટેલીફોન નંબર–૧૦૯૧ શરૂ કરી ‘‘જીંદગી’’ આપના પરિવારનો શું વાંક? તે મજબના સાઈન બોર્ડ બનાવી મુકવામાં આવેલ છે. જિલ્લામાં મહિલા હેલ્પ સેન્ટરો ખોલવામાં આવેલ છે. ૧૦૦ નંબર, પી.સી.આર. વાન અને મહિલા હેલ્પ લાઈનથી મળતા કોલ

| | |
|---|---|
| | પરત્વે તથા મહિલા અત્યાચાર સંબંધી કનડગતના બનાવોમાં ત્વરિતપણે પગલાં લેવામાં આવે છે. જિલ્લામાં અવાર–નવાર મહિલા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. તેમજ મહિલા કાર્યકરો અને સેવાભાવી સંસ્થાઓની મદદથી લોકજાગૃતિ માટે પગલાં લેવામાં આવે છે. |

અમદાવાદ જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૨૮૪૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૩૬ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૨૦૭૨૭ |

માંડવી કીમ રોડ પરની કેનાલ ઉપર પાકો રોડ બનાવવા બાબત

* ૨૨૯૯૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના તડકેશ્વર ગામ પાસે નાના નગામા ગામ તરફ જતા રસ્તા પર માંડવી કીમ રોડ પર આવેલ કેનાલ પર ડામર રોડ બનાવવા માટે તા. ૦૧–૦૬–૨૦૧૩ થી તા.૩૧–૦૧–૨૦૧૬ દરમિયાન કેટલી માંગણી/ફરિયાદ સરકારને મળી છે, અને | (૧) તા. ૦૧–૦૬–૨૦૧૩ થી તા. ૩૧–૦૧–૨૦૧૬ દરમ્યિાન કેનાલના રોડને ડામર રોડ બનાવવા માટે ૨ (બે) માંગણીઓ સરકારશ્રીને મળેલ છે. |
| (૨) આ રોડની કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે. | (૨) નહેરનો સર્વિસ રોડ સિંચાઈ વિભાગના વાહનોને વપરાશ યોગ્ય હોઈ ડામર રોડની કામગીરી હાથ ધરવામાં આવેલ નથી. |

અમરેલી શહેરમાં ભૂગર્ભ ગટર યોજના

* ૨૧૬૮૫ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી શહેરમાં ભુગર્ભ ગટરનું કામ ક્યારે અને કેટલી રકમના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી શહેરની ભુગર્ભ ગટર માટે બે વર્ષ અગાઉ રૂ. ૪૭.૬૫ કરોડની યોજના મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામ અંગે અનિયમિતતા તેમજ ઓછી ગુણવત્તા સંબંધિત કુલ કેટલી ફરીયાદો સરકારને મળેલ છે? | (૨) ૨ (બે) |

ભરૂચ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૨૨૭૮૨ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૨૩૯૨ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ |

વલસાડ જિલ્લામાં ખેડુત અકસ્માત વિમા યોજનાના લાભાર્થી

* ૨૨૮૨૫ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ | (૧) વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ |

છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી,

છેલ્લા બે વર્ષમાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૪૮ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫થી ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૫૪ અરજીઓ એમ કુલ ૧૦૨ અરજીઓ મળી.

(૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) વલસાડ જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૨૬ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫થી ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૯ અરજીઓ એમ કુલ ૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) વલસાડ જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં રૂ. ૨૬.૦૦ લાખ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ સુધીની રૂ. ૧૯.૦૦ લાખ એમ કુલ રૂ. ૪૫.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

ઉપલેટા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૨૭૯૪ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) રાજકોટ જીલ્લાની ઉપલેટા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજુર કરવામાં આવેલ છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપલેટા નગરપાલિકાને કુલ ૮૫૬ શૌચાલયો માટે કુલ-રૂ. ૧૦૨.૭૨ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૮૫૬ | ૧૦૨.૭૨ |
| ૨૦૧૫ | ૦ | ૦ |
| કુલ | ૮૫૬ | ૧૦૨.૭૨ |

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, તથા તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે?

(૨) તે પેટે રૂ. ૮૦.૮૩ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે તથા તે પરત્વે કુલ ૭૮૨ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ કરેલ થયેલ છે.

| વર્ષ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૮૦.૮૩ |
| ૨૦૧૫ | ૦.૦૦ |
| કુલ | ૮૦.૮૩ |

છોટાઉદેપુર જિલ્લામાં પપૈયાનાં પાકનાં લાભાર્થી

* ૨૨૮૫૫ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨) કુલ રૂ. ૫૨,૪૦,૮૧૩/- (અંકે રૂપિયા બાવન લાખ ચાલીસ હજાર આઠસોતેર પુરા)

કેન્દ્ર /રાજ્ય સરકારની તપાસ સંસ્થાઓ પાસેથી એફ. એસ. એલ. દ્વારા ફી

* ૨૨૮૧૨ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોની તપાસ સંસ્થાઓ પાસેથી તપાસ માટે એફ.એસ.એલ. દ્વારા કોઈ ફી લેવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો કઈ તપાસ સંસ્થાઓ પાસેથી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થવા પામેલ છે?

(૨) નીચે જણાવ્યા મુજબ આવક થવા પામેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | અન્ય રાજ્યોની તપાસ સંસ્થાઓ પાસેથી | રૂ. ૮૭,૯૭,૭૮૦- |
| (૨) | કેન્દ્રીય સરકારની તપાસ સંસ્થાઓ પાસેથી | રૂ. ૪૭,૬૨,૫૦૦- |
| (૩) | રાજ્ય સરકારની પોલીસ સિવાયની તપાસ સંસ્થાઓ પાસેથી | રૂ.૩૨,૦૧,૯૧૦- |
| | કુલ | રૂ.૧,૬૭,૬૨,૧૯૦- |

ઓલપાડ તાલુકાના મંદરોઈ ગ્રામ પંચાયત દ્વારા ગેરકાયદેસર દબાણ બાબતે

* ૨૨૪૧૦ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મંદરોઈ ગામની ગ્રામ પંચાયતે ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગાના તળાવો બનાવાયા છે તેને દૂર કરવા તા.૦૧-૦૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કલેકટર-સુરત તથા રાજ્ય સરકારને કેટલી ફરિયાદો કે રજૂઆતો મળી, અને

(૨) ઉકત બાબતે સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) તા.૦૧-૦૨-૨૦૧૬ ની સ્થિતિએ છ માસમાં આવી કોઈ ફરિયાદ મળી નથી, પરંતુ તા. ૦૯-૦૨-૨૦૧૫ ના રોજ ફરિયાદ મળી હતી.

(૨) મોજે. મંદરોઈ ખાતે કુલ ચાર અરજદારોને નિયમોનુસાર જમીનની ફાળવણી થઈ છે. પરંતુ મળેલ અરજીને ધ્યાને લઈ દબાણોની ચકાસણી માટે નાયબ કલેકટરશ્રી, ઓલપાડના અધ્યક્ષ સ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ છે.

સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજના

* ૨૨૭૮૯ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજુર કરેલ છે.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સુરત જિલ્લની (૧) તરસાડી (૨) બારડોલી (૩) કનકપુર-કનસાડ અને (૪) માંડવી નગરપાલિકાઓની ભુગર્ભ ગટર યોજનાઓને બે વર્ષ અગાઉ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) હાલની સ્થિતિએ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

(૧) તરસાડી – સ્યુઅર કલેકટીંગ સીસ્ટમના કામ પ્રગતિ હેઠળ છે. ભૌતિક પ્રગતિ ૫૫ ટકા, STP નું કામ ટેન્ડર તબક્કે

(૨) બારડોલી- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમના કામ પૂર્ણ STP નું કામ ટેન્ડર તબક્કે

(૩) કનકપુર- કનસાડ સ્યુઅર કલેકટીંગ સીસ્ટમના કામ પ્રગતિ હેઠળ છે. ભૌતિક પ્રગતિ ૮૦ ટકા, STP નું કામ ટેન્ડર તબક્કે

(૪) માંડવી – સ્યુઅર કલેકટીંગ સીસ્ટમ અને STP ના કામ પ્રગતિ હેઠળ છે. ભૌતિક પ્રગતિ ૮૫ ટકા.

પ્રગતિ હેઠળ છે?

મોરબી જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૨૭૮૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) મોરબી જિલ્લાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| મોરબી | ૧૦૬૦ |
| ટંકારા | ૪૯૨ |
| માળીયા (મી) | ૫૦૭ |
| હળવદ | ૯૦૪ |
| વાંકાનેર | ૯૦૮ |
| કુલ | ૩૮૭૧ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી,

(૨)

| તાલુકો | પાડેલ નોંધો |
|---|---|
| મોરબી | ૧૦૬૦ |
| ટંકારા | ૪૯૨ |
| માળીયા (મી) | ૫૦૭ |
| હળવદ | ૯૦૪ |
| વાંકાનેર | ૯૦૮ |
| કુલ | ૩૮૭૧ |

(૩) કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો ના મંજુર કરવામાં આવી, અને

(૩)

| તાલુકો | મંજુર કરેલ નોંધો | નામંજુર કરેલ નોંધો |
|---|---|---|
| મોરબી | ૯૯૪ | ૪૨ |
| ટંકારા | ૪૫૫ | ૨૮ |
| માળીયા (મી) | ૪૨૭ | ૫૭ |
| હળવદ | ૮૬૩ | ૧૪ |
| વાંકાનેર | ૮૬૩ | ૩૪ |
| કુલ | ૩૬૦૨ | ૧૭૫ |

(૪) નોંધો નામંજુર કરવાના મુખ્ય કારણો શા છે?

(૪) જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ ન હોવાથી

મહિલાઓ માટે વિશેષ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક

* ૨૨૮૩૨ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગકારોને જીઆઈડીસી દ્વારા ડેવલોપ કરેલ પ્લોટ અને શેડ યોજના હેઠળ મહિલાઓ માટે કોઈ વિશેષ ઈન્ડસ્ટ્રીયલ પાર્કને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કયા સ્થળે ?

(૨) સાણંદ-૨ (બોળ) ઔદ્યોગિક વસાહત ખાતે

પોલીસ તાલીમ અકાદમી, કરાઈ ખાતે પોલીસ અધિકારીઓને તાલીમ

* ૨૨૭૯૬ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતેની પોલીસ તાલીમ અકાદમીમાં પોલીસ અધિકારીઓને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને

(૧) ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ગાંધીનગર ખાતે પોલીસ અધિકારીશ્રીઓને મુખ્યત્વે નીચે મુજબની તાલીમ આપવામાં આવે છે.

| | |
|---|---|
| | (૧) ના.પો.અધિ. થી પો.સ.ઈ. તથા લોકરક્ષકોને બેઝીક તાલીમ<br>(૨) રીફ્રેશરની તાલીમ (ફેર અભ્યાસની તાલીમ)<br>(૩) જુદા જુદા વિષયો ઉપર સેમિનાર તથા વર્કશોપ મારફતે આપવામાં આવતી તાલીમ.<br>(૪) બુનિયાદી કમાન્ડો તાલીમ<br>(૫) ફેર અભ્યાસ કમાન્ડો તાલીમ<br>(૬) બોમ્બ ડીસ્પોઝલ એન્ડ ડીટેકશન સ્કોર્ડ (બી.ડી.ડી.એસ.) તાલીમ<br>(૭) જુદા જુદા વિષયો ઉપર કેપ્સુલ કોર્ષ મુજબની તાલીમ<br>(૮) સાયબર ક્રાઈમને લગતી તાલીમ<br>(૯) કોમ્પ્યુટરની પાયાની તાલીમ<br>(૧૦) સુરક્ષા સેતુના વિષયોને લગતી તાલીમ |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારીઓને કયા પ્રકારની તાલીમ આપવામાં આવી ? | (૨) કુલ-૫૮૨૭ અધિકારીઓ/કર્મચારીઓને બેઝિક તાલીમ/રીફ્રેશર તાલીમ/સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. |

રાજકોટ જિલ્લામાં કઠોળનાં બિયારણનું વિતરણ

* ૨૨૮૫૧ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નેશનલ ફૂડ સિકયુરીટી મિશન અંતર્ગત કઠોળનું કેટલુ બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૧૫.૮૦ કિવન્ટલ |
| (૨) કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૪૦,૩૯,૫૦૦ |

ગાંધીનગર જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૨૭૯૯ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૪ માં ૪૧૦૦ વર્ષ ૨૦૧૫ માં ૭૨૦૦ એમ કુલ ૧૧૩૦૦ મહિલાઓને સ્વ.–રક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

આણંદ જિલ્લામાં કોલ્ડસ્ટોરેજના લાભાર્થી

* ૨૨૮૧૫ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ માં કોલ્ડસ્ટોરેજ બનાવવા માટે આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | એક લાભાર્થી<br>રૂ. ૫૦,૦૮,૫૦૦–/ (અંકે રૂપિયા પચાસ લાખ આઠ હજાર પાંચસો પુરા) |

કચ્છ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય

* ૨૨૮૨૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઈ એકમોને વ્યાજ સહાય માટેની કેટલી અરજીઓ મળી હતી, | (૧) ૮૩ |
| (૨) તે પૈકી કેટલા એકમોની વ્યાજ સહાય મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૪ |
| (૩) આ સમય ગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૫૩ એકમોને રૂ. ૨૫.૧૭ કરોડની વ્યાજસહાય ચૂકવવામાં આવી. |

તાપી જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૨૮૦૦ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૪ માં ૭૮૧ વર્ષ ૨૦૧૫ માં ૯૫૦ એમ કુલ ૧૭૩૧ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે. |

ગાંધીનગર જિલ્લામાં પશુદવાખાના/મહેકમ

* ૨૩૩૦૯ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાનાં તાલુકાવાર કેટલા પશુ સારવાર કેન્દ્રો તથા પશુ દવાખાનાઓ આવેલા છે,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | પશુ દવાખાનાઓની સંખ્યા | પશુ સારવાર કેન્દ્રોની સંખ્યા (એટલે કે પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો) |
|---|---|---|
| ગાંધીનગર | ૫ | ૪ |
| દહેગામ | ૬ | ૪ |
| માણસા | ૬ | ૩ |

| | | |
|---|---|---|
| કલોલ | ૬ | ૨ |
| કુલ | ૨૩ | ૧૩ |

(૨) ઉક્ત પશુદવાખાના કે સબ સેન્ટરોમાં ઉક્ત સ્થિતિએ મંજુર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ તથા કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક મુજબ.

| મંજુર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ તથા કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગત | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | પશુદવાખાના ઉપરના પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ | | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર ઉપરના પશુધન નિરીક્ષકની જગ્યાઓ | | | ડ્રેસર | | | એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસરપટાવાળા | | |
| | મંજુર | ભરાયેલ | ખાલી | મંજુર | ભરાયેલ | ખાલી | મંજુર | ભરાયેલ | ખાલી | મંજુર | ભરાયેલ | ખાલી |
| ગાંધીનગર | ૫ | ૫ | ૦ | ૪ | ૪ | ૦ | ૩ | ૨ | ૧ | ૮ | ૮ | ૦ |
| દહેગામ | ૬ | ૫ | ૧ | ૪ | ૪ | ૦ | ૧ | ૧ | ૦ | ૭ | ૭ | ૦ |
| માણસા | ૬ | ૫ | ૧ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| કલોલ | ૬ | ૪ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૪ | ૧ |
| કુલ | ૨૩ | ૧૯ | ૪ | ૧૩ | ૧૨ | ૧ | ૭ | ૫ | ૨ | ૨૪ | ૨૩ | ૧ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપેલ છે. જે પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપી શકાશે.

પશુધન નિરિક્ષક, વર્ગ-૩ની ખાલી જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે.

ડ્રેસર, એટેંડંટ/એટેંડંટ કમ ડ્રેસર અને પટાવાળા વર્ગ-૪ની સેવાઓ જિલ્લા પંચાયત મારફતે આઉટસોર્સથી લેવામાં આવે છે.

સૌની યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના બાકી જળાશયો ભરવા બાબત

* ૨૩૮૭૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાનાં કયા જળાશયો સૌની યોજના હેઠળ ભરવાના બાકી છે,

(૧) ગળથ, ઉબેણ, ઉબેણ પીક અપ વિયર, ચાપરડા (P.W.), ઓઝત-૨, ઓઝત- વિયર (શા), આણંદપુર, ધ્રાફડ, આંબાજાળ, મધુવંતી ભાખરવડ, વ્રજમી, મેઘલ-ટીઆર.

(૨) ઉક્ત સ્થિતિએ આ જળાશયો ન ભરી શકવાના શા કારણો છે, અને

(૨) આ ૧૩ જળાશયોનો સમાવેશ સૌની યોજનાના બીજા તબક્કા હેઠળના કામોમાં કરવામાં આવેલ છે.

(૩) આ તમામ જળાશયો ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે ?

(૩) સૌની યોજનાના બીજા તબક્કા હેઠળના કામો મંજુર થયા બાદ આ કામો પૂર્ણ કરીને આ જળાશયો ભરી શકાશે. આ જવાબદારી રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ હેઠળના કાર્યપાલક ઈજનેર, જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, જામનગરને સોંપવામાં આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી વલસાડ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૨૮૧૦ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

બનાસકાંઠા જિલ્લામાં નર્મદા કેનાલ તુટવાથી ખેડૂતોને નુકશાન સામે વળતર

* ૨૧૬૯૨ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જીલ્લામાં નર્મદા કેનાલમાં કેટલી વખત ભંગાણ થયુ કે ગાબડાઓ પડ્યા, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જીલ્લામાં નર્મદા કેનાલને થયેલ નુકશાનની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | નુકશાનના બનાવ |
|---|---|
| ૨૦૧૪ | ૨૨ |
| ૨૦૧૫ | ૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ આ ભંગાણ કે ગાબડાઓના કારણે ખેડૂતોના ઉભા પાક અને ખેતરોમાં પાણી ભરાઈ જવાથી થયેલ નુકશાન સામે સરકારે કેટલી સહાય કે વળતર આપેલ છે, અને | (૨) સહાય કે વળતર આપવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કેનાલોમાં વારંવાર ગાબડાઓ પડવાની ઘટનાને ધ્યાને લઈ સમગ્ર કેનાલની મજબૂતીની ચકાસણી કરવા સરકારે શા પગલાં લીધા ? | (૩) કેનાલની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. કેનાલોમાં નુકશાનના બનાવો મુખ્યત્વે ખેડૂતો દ્વારા પાણીના ઉપાડમાં મોટા પાયે વધઘટ થવાથી નહેરના છેવાડે વધારાનું પાણી જમા થતાં નહેર ઉભરાવાથી, ઉંદર તથા જંગલી પ્રાણીઓના દરમાં પાઈપીંગ થવાને કારણે બનેલા છે. આમ કામની ગુણવત્તાના કારણે બનાવો બન્યાનું ધ્યાને આવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

દહેગામ તાલુકાનાં ખાતરીબા વહેરા દ્વારા ખેડુતોને પિયતનો લાભ

* ૨૨૮૯૧ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દહેગામ તાલુકાના ખાતરીબા વહેરા દ્વારા ખાતરીબા કાંઠાના કેટલા ગામોના ખેડૂતોને પિયતનો લાભ અપાતો નથી, અને | (૧) ખાતરીબા વહેળાના કાંઠાના ૨૦ ગામોને ભૂગર્ભ જળ રીચાર્જ થવાથી પરોક્ષ રીતે પિયતનો લાભ મળે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પિયતનો લાભ આપવા સરકારે છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી ? | (૨) આ વહેળાની સફાઈ અને નિભાવણી પાછળ છેલ્લા એક વર્ષમાં રૂ. ૧૮.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

અમદાવાદ જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૨૮૪૨ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમિયાન | (૧) ૧૦ |

અમદાવાદ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા પશુપાલકોના કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) પશુપાલકો – ૪૯૧ પશુઓને સારવાર–૪૪૩૮

ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદોની તપાસ

* ૨૩૭૬૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં તા. ૦૧–૦૫–૨૦૧૩થી તા. ૩૧–૦૫–૨૦૧૩ દરમ્યાન કુલ કેટલી ફરિયાદો નોંધાયેલ છે, | (૧) ૨૮ |
| (૨) તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૪૩ |
| (૩) ઉક્ત નોંધાયેલ ફરિયાદ પૈકી કેટલી ફરિયાદમાં કોઈ તપાસ કે કાર્યવાહી કરવામાં આવી નથી અને તેના કારણો શા છે ? | (૩) તમામ ફરિયાદોમાં તપાસ પૂરી કરી આગળ ઘટતી કાર્યવાહી કરવામાં આવેલ છે. |

બીલીમોરા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૨૭૯૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) નવસારી જીલ્લાની બીલીમોરા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બીલીમોરા નગરપાલિકાને કુલ ૨૩૦૨ શૌચાલયો માટે કુલ– રૂ. ૩૦૭.૮૮ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૭૨૯ | ૧૩૮.૫૨ |
| ૨૦૧૫ | ૫૭૩ | ૧૬૯.૫૬ |
| કુલ | ૨૩૦૨ | ૩૦૭.૮૮ |

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, તથા તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે ?

(૨) તે પેટે રૂ. ૨૦૪.૭૪ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે તથા તે પરત્વે કુલ ૨૩૦૨ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ થયેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૫૫.૨૮ |
| ૨૦૧૫ | ૧૪૯.૭૪ |
| કુલ | ૨૦૪.૭૪ |

વડોદરા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજનાના લાભાર્થી

* ૨૨૮૨૨ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૫૧ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૬૬ અરજીઓ એમ કુલ ૧૧૭ અરજીઓ મળી, |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) વડોદરા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૨૬ અરજીઓ અને |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૭ અરજીઓ એમ કુલ ૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવી, |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) વડોદરા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીની રૂ. ૨૬.૦૦ લાખ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીની રૂ. ૧૭.૦૦ લાખ એમ કુલ રૂ. ૪૩.૦૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

મહેસાણા નગરપાલિકાને ઓક્ટ્રોય સામે ગ્રાંટ

* ૨૨૩૭૧ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા નગરપાલિકાને ઓક્ટ્રોયના બદલામાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ? | તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા નગરપાલિકાને ઓક્ટ્રોયના બદલામાં વર્ષવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે પ્રમાણે છે. |

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
|---|---|---|
| ૧ | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ સુધી | ૮,૫૬,૯૪,૪૨૨ |
| ૨ | તા. ૧-૨-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ સુધી | ૭,૯૭,૬૧,૬૧૬ |
| | કુલઃ | ૧૬,૫૪,૫૬,૦૩૮ |

ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજનાના લાભાર્થી

* ૨૨૮૨૧ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ભાવનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૧૦૨ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૭૭ અરજીઓ એમ કુલ ૧૭૯ અરજીઓ મળી. |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ભાવનગર જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૭૩ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૪૬ અરજીઓ એમ કુલ ૧૧૯ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ભાવનગર જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં રૂ. ૭૨.૦૦ લાખ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીની રૂ. ૪૫.૦૦ એમ કુલ રૂ. ૧૧૭.૦૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

રાજ્યની એફ.એસ.એલ. માં અદ્યતન સુવિધા

* ૨૨૭૯૫ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે | (૧) હા, જી. |

અન્ય રાજ્યોમાં કે કેન્દ્ર સરકારની એફ.એસ.એલ. માં ન હોય તેવી અદ્યતન ટેકનોલોજી ઉપલબ્ધ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કઈ ટેકનોલોજીઓ ઉપલબ્ધ છે ?

(૨) નીચે જણાવ્યા મુજબની ટેકનોલોજી ઉપલબ્ધ છે.

(૧) સીસીટીવી કેમેરા તથા અન્ય વિડીયો કેમેરા દ્વારા રેકોર્ડ થયેલ વિડિયોની ગુણવત્તા સુધારી વ્યક્તિની ઓળખ નક્કી કરવા. વાહનોના નંબર ઓળખવા વગેરે માટેની અદ્યતન વિડીયો ઈમેજ એન્હેન્સમેન્ટ ટેક્નોલોજી.
(૨) બુલેટ દ્વારા થતી ઈજાના પરીક્ષણ માટે અદ્યતન બુલેટ ટ્રેજેકટરી રેકોર્ડીંગ અને મેઝરીંગ સીસ્ટમ
(૩) ડેમેજ થયેલ હાર્ડ ડીસ્ક, સીમકાર્ડ અને મોબાઈલ ફોનના પરીક્ષણ માટેની અતિ આધુનિક ટેકનોલોજીઓ
(૪) સાયબર ક્રાઈમના ઝડપી અને સ્થળ ઉપર પરીક્ષણ કરવા માટે સાયબર ટ્રીયેજ સીસ્ટમ
(૫) ગુન્હા સ્થળના રીકન્સ્ટ્રકશન માટે થ્રી ડી ક્રાઈમસીન સ્કેનર
(૬) ગુન્હા સ્થળની તપાસ માટે ટેલી ફોરેન્સીક ટેકનોલોજી
(૭) ગૌમાંસના સ્થળ પરીક્ષણ માટે અદ્યતન સાધનોથી સુસજ્જ ખાસ પ્રકારની મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન.

## રાજ્યની એફ.એસ.એલ. દ્વારા સી.બી.આઈ./એન.આઈ.એ. ને મદદ

* ૨૨૮૧૩ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થા સી.બી.આઈ. અને એન.આઈ.એ. ને ગુન્હાની તપાસમાં મદદ પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સી.બી.આઈ. ના કેટલા કેસોના કેટલા નમુનાઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા ?

જવાબ

(૧) હા, જી.

(૨) સી.બી.આઈ. ના ૫૧ કેસોના ૨૪૧ નમૂનાઓના પરીક્ષણો હાથ ધરવામાં આવેલ છે.

## અમરેલી જિલ્લામાં દૂધાળા પશુઓની સંખ્યા

* ૨૪૩૨૧ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર દુધાળા પશુઓની સંખ્યા કેટલી છે ?

જવાબ

અમરેલી જિલ્લામાં તાલુકાવાર દુધાળા પશુઓની સંખ્યા

ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાવલય, નવી દિલ્હીના પશુપાલન અને ડેરી વિકાસ દ્વારા ૧૯મી પશુધન વસતિ ગણતરી ૨૦૧૨ (સંદર્ભ તા. ૧૫–૧૦–૨૦૧૨) મુજબ અમરેલી જિલ્લામાં તાલુકાવાર દુધાળા પશુઓની સંખ્યા નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકો | દુધાળા પશુઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૮,૫૫૬ |

| | | |
|---|---|---|
| ૨ | બાબરા | ૩૧,૧૫૩ |
| ૩ | બગસરા | ૧૧,૪૪૬ |
| ૪ | ધારી | ૨૯,૫૧૪ |
| ૫ | જાફરાબાદ | ૧૨,૯૦૨ |
| ૬ | ખાંભા | ૨૨,૧૩૨ |
| ૭ | કુકાવાવ વડિયા | ૧૭,૮૮૧ |
| ૮ | લાઠી | ૧૯,૧૮૫ |
| ૯ | લીલીયા | ૮,૬૧૪ |
| ૧૦ | રાજુલા | ૨૫,૭૭૭ |
| ૧૧ | સાવર કુંડલા | ૩૭,૯૮૦ |
| | કુલ | ૨,૪૫,૧૪૦ |

મહેસાણા જિલ્લાના તળાવો ભરવા બાબત

* ૨૪૨૩૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે મહેસાણા જિલ્લામાં ૩૫ જેટલા તળાવોને નર્મદા મેઈન કેનાલમાંથી પાણી ભરી સિંચાઈ કરવા માટે રૂ. ૧૨૫ કરોડની રકમની મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિઓ આ કાર્યવાહી કયા તબક્કે છે ? | (૨) તાંત્રિક મંજુરના તબક્કે છે. |

સુરેન્દ્રનગર જિલ્લામાં કઠોળનાં બિયારણનું વિતરણ

* ૨૨૮૫૨ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન અતર્ગત કઠોળનું કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૮૩૫.૬૮ ક્વિન્ટલ |
| (૨) કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ? | (૨) રૂ. ૨૦,૮૯,૨૦૦/- |

બોટાદ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૨૭૯૭ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે ? | (૨)<br>વર્ષ ૨૦૧૪માં ૪૦૬૮<br>વર્ષ ૨૦૧૫માં ૩૭૨૬<br>એમ કુલ ૭૭૯૪ મહિલાઓને સ્વ. રક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

નર્મદા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના લાભાર્થી

* ૨૨૮૨૩ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | (૧) નર્મદા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ |

છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | છેલ્લા બે વર્ષમાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૧૭ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૪ અરજીઓ એમ કુલ ૩૧ અરજીઓ મળી.

(૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) નર્મદા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૩ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૮ અરજીઓ એમ કુલ ૧૧ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) નર્મદા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં રૂ. ૨.૦૦ લાખ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીની રૂ. ૭.૫૦ લાખ એમ કુલ રૂ. ૯.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવી.

### કલોલ તાલુકામાં ગેરકાયદેસર દબાણ બાબતે

* ૨૩૩૬૮ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાત્રજ-વડસર અને ખાત્રજ-ભોયણમોટી જતાં સરકારી નાળિયાનું ગેરકાયદે દબાણ દૂર કરવા સરકારે તા. ૩૧-૦૧-૨૦૧૬ સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શું પગલાં ભર્યા, અને | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ કોઈ દબાણ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ દબાણ ક્યારે દૂર કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### છોટા ઉદેપુર જિલ્લામાં સુરક્ષા સેતુ કાર્યક્રમ માટે ફાળવેલ રકમ

* ૨૧૭૦૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરક્ષા સેતુ કાર્યક્રમ હેઠળ છોટા ઉદેપુર જિલ્લામાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) રૂા. ૧.૧૮ કરોડ |
| (૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) રૂા. ૧.૧૮ કરોડ |

### પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૨૨૦૫૯ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાંથી કેટલા બાળકો ગુમ કે અપહરણ થયેલ નોંધાયા, | (૧) ગુમ થયેલ બાળકો - ૩૫<br>અપહરણ થયેલ બાળકો – ૧૪૨ |
| (૨) તે પૈકી કેટલા બાળકોની ભાળ મળી કે શોધી લેવામાં આવ્યા, અને | (૨) ૧૫૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ અપહરણના કેટલા કિસ્સામાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા? | (૩) અપહરણના ૯૫ કિસ્સામાં ૧૫૪ આરોપીઓને પકડવામાં આવેલ છે. |

### પંચમહાલ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૨૮૪૦ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧-૧૨- | (૧) ૧૭,૯૨,૮૧૫ પશુઓને |

૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યુ?

(૨) ગળસૂંઢો, ખરવા મોવાસા અને હડકવા વિરોધી પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું.

વડોદરા જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૨૮૪૧ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૮૬ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૨૪૨૧૫ |

સૌની યોજના અતર્ગત જસદણ–વિંછીયા તાલુકાના આવરી લીધેલ ડેમો

* ૨૧૭૧૭ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સૌની યોજના અંતર્ગત જસદણ–વિંછીયા તાલુકામાં કયા ડેમનો સમાવેશ કરવામાં આવ્યો છે? | જસદણ તાલુકાના આલણસાગર, ઘેલો, સોમનાથ, માલગઢ, કર્ણુકી, ઈશ્વરીયા અને વિંછીયા તાલુકાના ધારી ડેમનો સમાવેશ કરવામાં આવેલ છે. |

ભાવનગર જિલ્લામાં કોલ્ડસ્ટોરેજના લાભાર્થી

* ૨૨૮૧૯ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં કોલ્ડસ્ટોરેજ બનાવવા માટે ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | ૩ (ત્રણ) લાભાર્થી.<br>રૂ. ૫,૬૧,૦૭,૦૦૦ (અંકે રૂપિયા પાંચ કરોડ એકસઠ લાખ સાત હજાર પુરા). |

સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગ્રાન્ટ

* ૨૨૭૯૩ શ્રી જનકભાઈ કાછડિયા (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૧) ફાળવેલ અને ચૂકવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | ચૂકવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૬૧૧.૦૦ | ૬૧૧.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૪૬૮.૦૦ | ૪૨૦.૦૦ |
| કુલ | ૧૦૭૯.૦૦ | ૧૦૩૧.૦૦ |

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

(૨) મંજૂર થયેલ તથા પૂર્ણ થયેલ કામોની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૯ | ૩૬ |
| ૨૦૧૫–૧૬ | ૫૮૨ | ૧૯૮ |
| કુલ | ૬૬૧ | ૨૩૪ |

પાલનપુર તાલુકામાં ગૌચર સુધારણાનાં કામો

* ૨૦૮૨૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં ગૌચર સુધારણાના કયા કામો કયા ગામોમાં હાથ ધરવામાં આવ્યા, | (૧) મેરવાડા ગામમાં સને ૨૦૧૪નાં વર્ષમાં ગૌચર સુધારણાનું કામ હાથ ધરવામાં આવેલ છે. મેરવાડા અને સાગોસણા ગામમાં સને ૨૦૧૫માં ગૌચર સુધારણાનાં કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો અધૂરા છે અને કેટલા પૂર્ણ થયા, અને | (૨) તે પૈકી વર્ષ ૨૦૧૪માં ગૌચર સુધારણાનું કામ પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૧૫મા મંજુર કરેલ ગૌચર સુધારણાનું કામ ચાલુ છે. |
| (૩) આ કામગીરી પેટે કઈ એજન્સી/વ્યકિતઓને કેટલું ચુકવણું કરવામાં આવ્યું? | (૩) આ કામગીરી માટે પાલનપુર મહાજન પાંજરાપોળ સંસ્થાને રૂ. ૨૦,૦૦,૦૦૦/- નું ચુકવણું કરવામાં આવેલ છે. |

સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય

* ૨૨૮૨૭ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય માટેની કેટલી અરજીઓ મળી હતી, | (૧) ૪૫૮૫ |
| (૨) તે પૈકી કેટલા એકમોની વ્યાજ સહાય મંજુર કરવામાં આવી, અને | (૨) ૪૧૨૨ |
| (૩) આ સમય ગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૫૨૨ એકમોને કુલ રૂ. ૧૮૭.૨૦ કરોડ ની વ્યાજ સહાય ચૂકવવામાં આવી. |

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગૌચર ન હોવા બાબત

* ૨૧૬૫૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૮૩ ગામોમાં અને ગાંધીનગર જિલ્લામાં ૧૮ ગામોમાં ગૌચર નથી, પરંતુ અમદાવાદ જિલ્લામાં ૩૩ ગામો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ છે, તેથી ગૌચરનો પ્રશ્ન નથી. બાકીના અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના તમામ ગામોની નજીકના ગામોમાં પર્યાપ્ત ગૌચર ઉપલબ્ધ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ આગામોમાં ગૌચરમાં વધારો થાય કે શુન્ય ગૌચર ના રહે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં? | (૨) મહેસૂલ વિભાગના તા. ૧-૪-૨૦૧૫ના ઠરાવથી નિયત થયેલ ગૌચર નીતિ અંતર્ગત જમીનના વિકાસ, સંવર્ધન અને જાળવણી બાબતે ગૌચર ડેવલપમેન્ટ મિશન અતર્ગત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, તેમજ જ્યાં જરૂરિયાત જણાતી હોય ત્યાં ગ્રામ પંચાયતની દરખાસ્ત અનુસાર ગૌચરની જમીન નીમ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે. |

ભરૂચ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૨૭૯૮ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી | (૨) વર્ષ ૨૦૧૪ માં ૭૦૩૭<br>વર્ષ ૨૦૧૫ માં ૩૯૬૧ |

મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે ?

એમ કુલ ૧૦૯૯૮ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

રાજકોટ શહેરને મળતું પીવાનું પાણી

* ૨૧૯૮૫ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ-પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેર માટેના પીવાના પાણીની દૈનિક જરૂરિયાત કેટલી રહે છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેર માટેના પીવાના પાણીની દૈનિક જરૂરિયાત રો-વોટર ૨૬૫ MLD જેટલી છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલું પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ (GWIL) દ્વારા નર્મદા યોજનાનું આશરે ૧૭૫ MLD પાણી હાલમાં આપવામાં આવે છે બાકીનું ૯૦ MLD પાણી સ્થાનિક જળાશયો ન્યારી-૧ તથા ભાદર-૧ માંથી મેળવવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ પીવાના પાણીની અછત નિવારવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૩) ફેબ્રુઆરી-૨૦૧૬થી જુલાઈ-૨૦૧૬ સુધી જરૂરિયાત મુજબનું ૨૬૫ MLD પાણી ભાદર, ન્યારી-૧, આજી-૧, નર્મદા-આજી (NC-12), નર્મદા-ન્યારી (NC-20) તેમજ ખંભાળા (NC-20) ના સોર્સમાંથી જરૂરિયાત મુજબ મેળવવાનું આયોજન કરવામાં આવ્યું છે. |

મહીસાગર જિલ્લામાં આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હા

* ૨૩૪૦૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આર્મ્સ એક્ટ હેઠળ કેટલા ગુન્હાઓ નોંધાયા, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર નોંધાયેલ કેટલા ગુન્હાઓમાં કેટલા ઈસમો સામે ચાર્જશીટ મૂકવામાં આવી ? | (૨) |

| | | |
|---|---|---|
| (૧) | તા. ૦૧/૦૨/૨૦૧૪થી - તા. ૩૧/૦૧/૨૦૧૫ | ૩(ત્રણ) ગુન્હાઓમાં. ૭ (સાત) ઈસમો સામે ચાર્જશીટ મૂકવામાં આવી. |
| (૨) | તા. ૦૧/૦૨/૨૦૧૫થી - તા. ૩૧/૦૧/૨૦૧૬ | ૦ (શૂન્ય). |

અમરેલી જિલ્લામાં તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા ખેડુતોને પ્રોત્સાહનો

* ૨૨૮૫૪ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમરેલી જિલ્લામાં તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડુતોને કયા પ્રોત્સાહન આપવામાં આવ્યા અને<br>તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં | અમરેલી જિલ્લામાં તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડુતોને પ્રમાણિત બિજ વિતરણ, બ્લોક નિદર્શન, ખેડુત તાલીમ, પાક સંરક્ષણ દવાઓ, સૂક્ષ્મ તત્વો, તાડપત્રી, પંપસેટ જેવા ઘટકોમાં સહાય આપી |

| | |
|---|---|
| કેટલી રકમનો ખર્ચ થયો ? | પ્રોત્સાહન આપવામાં આવ્યા. તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૬૫.૯૩ લાખનો ખર્ચ થયેલ છે. |

કચ્છ જિલ્લામાં કઠોળનાં બિયારણનું વિતરણ

* ૨૨૮૫૩ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નેશનલ ફૂડ સિકયુરીટી મિશન અંતર્ગત કઠોળનું કેટલુ બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૩૧.૬૭ કિવન્ટલ. |
| (૨) કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૪.૭૦ લાખ. |

આણંદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજનાના લાભાર્થીઓ

* ૨૨૮૧૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૧૦૨ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૮૦ અરજીઓ એમ કુલ ૧૮૨ અરજીઓ મળી, |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) આણંદ જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૬૦ અરજીઓ અને તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૨૯ અરજીઓ એમ કુલ ૮૯ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) આણંદ જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીની રૂ. ૫૯.૦૦ લાખ, તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીની રૂ. ૨૮.૫૦ લાખ એમ કુલ રૂ. ૮૭.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

માંડવી તાલુકાના કાકરાપાર (વાંકલા) ગામ ખાતે કાકરાપાર ડેમની કોલોનીના રહેઠાણમાં સ્ટોન ક્વોરી ચલાવવા બાબત

* ૨૩૭૭૫ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના મોજે કાકરાપાર (વાંકલા) ગામમાં આવેલ ૮-અ ના ખાતાવહી જમીન નંબર ૩૮માં કુલ ૧૧૩ સર્વે નંબરો આવેલ છે તે હકિકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેમાં કુલ ૧૫૭-૦૦ હે.આ.ચોરસ જમીન કાકરાપાર ડેમ પ્રોજેક્ટ કોલોનીના રહેઠાણ માટે હોવા છતાં ઉક્ત સ્થિતિએ આ જમીનમાં સ્ટોન ક્વોરી કાર્યરત છે તે હકિકત સાચી છે, અને | (૨) ના જી. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આ ક્વોરી સદંતર બંધ કરવા સરકારે શા પગલાં લીધા ?

રાજ્યનાં ધોરણ ૧૦/૧૨ નાં વિદ્યાર્થીઓની કારકીર્દી માટે માર્ગદર્શક પ્રકાશનો

* ૨૨૭૮૪ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી–પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ના યુવાનોને ઉજવળ કારકીર્દી માટે માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પ્રકાશન બહાર પાડવામાં આવે છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કયુ પ્રકાશન બહાર પાડવામાં આવે છે, અને | (૨) ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેનો ફેલાવો કેટલો છે ? | (૩) ૩૨, ૦૦૦ (બત્રીસ હજાર) નકલો. |

મહેસાણા જિલ્લામાંથી પકડાયેલ દારૂ

* ૨૧૬૮૮ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

(૧)

| તાલુકાનું નામ | પકડાયેલ દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|
| મહેસાણા | ૯૭,૮૭,૩૭૭ |
| કડી | ૫૧,૭૦,૦૭૦ |
| બહુચરાજી | ૪૬,૧૬,૫૯૧ |
| વિસનગર | ૧૨,૨૭,૬૧૦ |
| વિજાપુર | ૧૪,૨૧,૧૫૪ |
| ઊંઝા | ૧,૫૨,૬૭૦ |
| વડનગર | ૨,૫૬,૦૫૦ |
| ખેરાલુ | ૪,૬૮,૬૪૦ |
| સતલાસણા | ૧,૫૧,૫૩૦ |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી શી કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ૯૧૬૮ ઈસમોની ધરપકડ કરી, તેમની સામે ધી ગુજરાત પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. અવારનવાર આવી પ્રવૃત્તિઓ કરવાવાળા ઈસમો વિરૂધ્ધ જરૂરી અટકાયતી પગલાંની કાર્યવાહી પણ કરવામાં આવેલ છે.

શેત્રુંજય જળાશયમાંથી પાલીતાણા તાલુકાને સિંચાઈ માટે પાણી

* ૨૩૪૩૧ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પાલીતાણા તાલુકામાં શેત્રુંજય જળાશયમાંથી સિંચાઈ માટે પાણી આપવા કેટલી માંગણી કે રજૂઆતો મળી, અને | (૧) ૭૬૭ (સાતસો સડસઠ). |
| (૨) તે અન્વયે કેટલા ગામોને સિંચાઈનું પાણી પુરૂં પાડવામાં આવ્યું ? | (૨) ૧૨ (બાર). |

ભરૂચ જિલ્લામાં પપૈયાનાં પાકના લાભાર્થી

* ૨૨૮૫૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા | (૧) હા, જી. |

દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો હા તો તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ માં ભરૂચ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ રૂા. ૩૭,૪૯,૪૩૦/- (અંકે રૂપિયા સાડત્રીસ લાખ ઓગણપચાસ હજાર ચારસો ત્રીસ પુરા) |

અમદાવાદ જિલ્લામાં કોલ્ડસ્ટૉરેજના લાભાર્થી

* ૨૨૮૧૮ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં કોલ્ડસ્ટૉરેજ બનાવવા માટે અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | એક લાભાર્થી. રૂ. ૨,૭૫,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પંચોતેર હજાર પુરા). |

રાજ્યના રાજ્યપત્રિત અધિકારીઓની સ્થાવર મિલકત જાહેર કરવા બાબત

* ૨૪૧૫૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યપત્રિત રાજ્યના અધિકારીઓએ પોતાની સ્થાવર મિલકત જાહેર કરવી ફરજીયાત છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે સંદર્ભે શી માર્ગદર્શિકા કે સૂચના ક્યારે બહાર પાડવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ તે સંદર્ભે ગુજરાત રાજ્ય સેવા શિસ્ત અને અપીલ નિયમો ૧૯૭૧ ના નિયમ-૧૯ હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે. અને તે હેઠળ વર્ષ ૧૯૮૬, ૧૯૮૮, તેમજ ૧૯૮૯ ના પરિપત્રોથી જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. |

વડોદરા જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદ કિમત ભરાયાનાં કેસ

* ૨૨૭૭૮ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠલની જમીનની ખરીદ કિમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૨૪૪૬ કેસો. |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૩ કેસો. |

મહેમદાવાદ તાલુકામાં પશુઓમાં આકસ્મિક રોગચાળામાં મૃત્યુ સામે સહાય

* ૨૨૪૬૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આકસ્મિક રોગચાળાના કારણે પશુઓના મૃત્યુ સામે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે , કેમ | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેમદાવાદ તાલુકામાં કેટલા પશુઓના આકસ્મિક રોગચાળાથી મૃત્યુ સામે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને<br>(૩) જો ના, તો સહાય ન ચૂકવવાનું કારણ શું છે ? | (૨) અને (૩)<br>તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેમદાવાદ તાલુકામાં આકસ્મિક રોગચાળાથી પશુઓના મૃત્યુ થયેલ નથી. આથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |

મહેસાણા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજનાના લાભાર્થી

* ૨૨૮૨૪ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૧૩૧ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૩૭ અરજીઓ એમ કુલ ૨૬૮ અરજીઓ મળી. |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) મહેસાણા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ૭૫ અરજીઓ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૬૦ અરજીઓ એમ કુલ ૧૩૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) મહેસાણા જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં રૂ. ૭૩.૫૦ લાખ અને તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીની રૂ.૫૮.૦૦ લાખ એમ કુલ રૂ. ૧૩૧.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટી સ્થાપવા આયોજન

* ૨૨૮૫૮ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૨૦૧૫–૧૬ ના વર્ષમાં મેરીટાઇમ યુનિવર્સિટી સ્થાપવા આયોજન છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા તો આ માટે હાથ ધરેલ આયોજનની વિગતો શું છે ? | (૨)<br>– સૈદ્ધાંતિક મંજૂરી જુલાઈ–૨૦૧૪માં મળેલ છે.<br>– સ્પર્ધાત્મક બિડીંગ દ્વારા નામાંકિત કન્સલ્ટીંગ ફર્મની નિમણૂંક કરવામાં આવી છે.<br>– ડ્રાફ્ટ વિગતવાર અહેવાલ તૈયાર કરી જીપીઆઈડીસીએલને સુપરત કરેલ છે. હાલમાં આ અહેવાલ ચકાસણી હેઠળ છે. |

ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૨૭૮૧ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ભાવનગર સીટી | ૨૦ |
| ભાવનગર ગ્રામ્ય | ૭૬૮ |
| ઘોઘા | ૬૮૨ |
| શિહોર | ૮૩૫ |
| વલ્લભીપુર | ૩૯૦ |

| | |
|---|---|
| ઉમરાળા | ૫૦૫ |
| ગારીયાધાર | ૫૫૯ |
| પાલીતાણા | ૬૧૭ |
| મહુવા | ૧૩૬૪ |
| જેસર | ૩૬૩ |
| તળાજા | ૧૨૨૩ |
| કુલ | ૭૩૨૬ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, (૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો |
|---|---|
| ભાવનગર સીટી | ૨૦ |
| ભાવનગર ગ્રામ્ય | ૭૬૮ |
| ઘોઘા | ૬૮૨ |
| શિહોર | ૮૩૫ |
| વલ્લભીપુર | ૩૯૦ |
| ઉમરાળા | ૫૦૫ |
| ગારીયાધાર | ૫૫૯ |
| પાલીતાણા | ૬૧૭ |
| મહુવા | ૧૩૬૪ |
| જેસર | ૩૬૩ |
| તળાજા | ૧૨૨૩ |
| કુલ | ૭૩૨૬ |

(૩) કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો ના મંજુર કરવામાં આવી, અને

(૩) મંજુર કરવામાં આવેલ નોંધો –૬૯૮૪
નામંજુર કરવામાં આવેલ નોંધો –૧૫૬

(૪) નોંધો નામંજુર કરવાના મુખ્ય કારણો શા છે?

(૪) નિયમોનુસાર ન હોવાથી.

પાકિસ્તાન સત્તા દ્વારા રાજ્યના માછીમારોને છોડાવવા રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો

* ૨૨૮૪૭ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કેટલા માછીમારોને પાકિસ્તાન સત્તા દ્વારા પકડવામાં આવ્યા, | (૧) ૭૯૬. |
| (૨) ઉક્ત સ્થિતિએ પકડાયેલ માછીમારોને મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યત્વે કયા પ્રયત્નો ધરવામાં આવ્યા, અને | (૨) કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયને પાકિસ્તાન સત્તા દ્વારા પકડવામાં આવેલા રાજ્યના માછીમારોને મુક્ત કરવા માટે વખતોવખત રજુઆત કરવામાં આવેલ છે. |
| (૩) આ સમય દરમ્યાન કેટલા માછીમારોને મુક્ત કરાવવામાં આવ્યા ? | (૩) ૬૩૮. |

‘‘વંદે ગુજરાત’’ અંતર્ગત વિવિધ કાર્યક્રમ

* ૨૨૮૩૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓકટોબર–૨૦૧૫ થી સરકાર શ્રીના ‘‘વંદે ગુજરાત’’ કાર્યક્રમ અંતર્ગત નવીન શરૂ થયેલ ૧૬ ચેનલો દ્ધારા કયા પ્રકારના કાર્યક્રમો કરવામાં આવે છે, | (૧) આ કાર્યક્રમ અંતર્ગત નવીન શરૂ થયેલ ૧૬ ચેનલો દ્ધારા શિક્ષણ, કૌશલ્ય વર્ધન, મહિલા સશકિતકરણ, આરોગ્ય, વિભાગીય તાલીમ અને |

વિસ્તરણ, માર્ગદર્શન, કોમ્પ્યુટર ની તાલીમ, કૃષિ અને પશુપાલન, જાગૃતતા, સ્વચ્છતા અભિયાનને લગતા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

(૨) આ ચેનલો પરથી દરરોજ કેટલા કલાકનું પ્રસારણ કરવામાં આવે છે,

(૨) આ ચેનલો પરથી દરરોજ સવારે પાંચ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી એમ પ્રતિ ચેનલ કુલ ૧૮ કલાકનું પ્રસારણ કરવામાં આવે છે.

(૩) કયા વિભાગો ના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે ?

(૩) શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, પંચાયત વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, ગૃહ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, રમતગમત યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

પાટણ જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૨૮૦૯ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૪માં ૯૦૭.<br>વર્ષ ૨૦૧૫માં ૬૮૯. |

દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદથી ઘાસચારાની વ્યવસ્થા

* ૨૪૧૯૩ શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫માં દાહોદ જિલ્લામાં અપુરતા વરસાદના કારણે પશુધન માટે ઘાસચારાની ગંભીર સમસ્યા નિવારવા સરકારે શાં પગલાં લીધા ? | વર્ષ ૨૦૧૫ના ચોમાસામાં દાહોદ જિલ્લામાં પર્યાપ્ત વરસાદ થયેલ હોઈ પશુધન માટે ઘાસચારાની સમસ્યાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તલોદ તાલુકાનાં લૂણી/મેશ્વો નદી ઉપર ચેકડેમ

* ૨૪૨૮૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જીલ્લામાં તલોદ તાલુકામાં આવેલ લુણી નદી તેમજ મેશ્વો નદી ઉપર સરકાર દ્વારા ૧૩માં નાણાપંચની રકમમાંથી કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવેલ, અને | (૧) ૧૩મા નાણાપંચની સમય મર્યાદા માર્ચ ૨૦૧૫માં સમાપ્ત થયેલ હોઈ, છેલ્લા એક વર્ષમાં કોઈ ચેકડેમ મંજુર થયેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ મંજૂર ચેકડેમોમાં કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

દાહોદ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૨૮૩૯ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં | (૧) ૧૮,૨૯,૧૧૪ પશુઓને |

કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ?

(૨) ગળસૂંઢો, ગાંઠિયો તાવ, ખરવા મોવાસા, આંત્ર વિષજવર, હડકવા વિરોધી પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું.

પોલીસ અધિક્ષકશ્રી, ખેડા હસ્તક કોમ્યુનીટી હોલ

* ૨૨૮૧૧ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, ખેડાની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ખેડાની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

નર્મદા જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગ્રાન્ટ

* ૨૨૭૮૮ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લાની રાજપીપળા શહેરની ભાગ–૧ તથા ભાગ–૨ની પાણી પુરવઠા યોજનાઓ બે વર્ષ અગાઉ મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ભાગ–૧ની TSP કાર્યક્રમ અંતર્ગત અને ભાગ–૨ની SJMMSVY અંતર્ગત મંજૂર કરવામાં આવી છે.

(૨) અને (૩) : હાલની સ્થિતિએ યોજનાઓની પ્રગતિની વિગત નીચે મુજબ છે.

(૧) રાજપીપળા–૧ ની પાણી પુરવઠા યોજનાની કામગીરી પૂર્ણ

(૨) રાજપીપળા ભાગ–૨ની પાણી પુરવઠા યોજનાની કામગીરી ટેન્ડર તબક્કે.

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિ સામે ખેડુતોને વળતર

* ૨૩૦૦૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં આવેલ પુરમાં તાલુકાવાર કેટલા ખેડૂતોની ખેતીની જમીન ધોવાણ થયેલ,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં આવેલ પુરમાં ૧૧૩૭૪૦ ખેડુતોની ખેતીની જમીન ધોવાણ થયેલ તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખેડુતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુઇગામ | ૧૨૨૦૫ |
| ૨ | વાવ | ૧૭૯૪૦ |
| ૩ | થરાદ | ૨૯૫૫૪ |
| ૪ | ડીસા | ૧૨૮૭૮ |
| ૫ | ધાનેરા | ૧૧૩૩૨ |
| ૬ | લાખણી | ૧૭૫૫૯ |
| ૭ | ભાભર | ૩૮૪૨ |
| ૮ | કાંકરેજ | ૧૪૧૦ |
| ૯ | દિયોદર | ૭૦૨૦ |
| | કુલ :– | ૧૧૩૭૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલા ખેડુતોને જમીન ધોવાણ સહાયની કેટલી રકમ ચુકવવામાં

(૨) ઉક્ત સ્થિતિએ ૧૧૧૬૫૫ ખેડુતોને રૂ. ૨૭૯૫૮.૯૧ લાખની સહાય ચુકવવામાં આવી તેની તાલુકાવાર માહિતી નીચે

આવી,

મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખેડુતોની સંખ્યા | સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | સુઈગામ | ૧૧૮૮૬ | ૪૨૭૫.૫૨ |
| ૨ | વાવ | ૧૭૫૭૬ | ૫૨૪૦.૪૦ |
| ૩ | થરાદ | ૨૯૨૩૫ | ૭૫૯૧.૭૯ |
| ૪ | ડીસા | ૧૨૮૨૨ | ૨૭૬૮.૦૦ |
| ૫ | ધાનેરા | ૧૧૨૩૮ | ૨૦૯૨.૦૪ |
| ૬ | લાખણી | ૧૭૨૧૬ | ૪૭૨૮.૩૪ |
| ૭ | ભાભર | ૩૫૦૬ | ૪૫૦.૧૫ |
| ૮ | કાંકરેજ | ૧૪૦૬ | ૮૨.૬૩ |
| ૯ | દિયોદર | ૬૭૭૦ | ૭૩૦.૦૪ |
| | કુલ :- | ૧૧૧૬૫૫ | ૨૭૯૫૮.૯૧ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડુતોની જમીન ધોવાણ સહાયની અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખેડૂતોની જમીન ધોવાણ સહાયની ૨૦૮૫ અરજીઓ નીચે જણાવેલ જુદા જુદા કારણોસર નામંજુર કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

<table>
<tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>નામંજુર કરેલ અરજીઓ</th><th>નામંજુર કરેલ અરજીઓ માટેના કારણો</th></tr>
<tr><td>૧</td><td>સુઈગામ</td><td>૩૧૯</td><td rowspan="10">૧. એક ખાતામાં એક કરતા વધારે અરજી થવાથી એક અરજી રાખી બાકીની નામંજુર કરેલ છે.<br>૨. સંયુક્ત ખાતુ હોવાના કારણે સહભાગીદારીમાં સંમતિ ન આપેલ હોવાથી.<br>૩. સાધનિક કાગળો અધુરા હોવાથી જેવા કે ૭/૧૨, ૮/અ વિગેરેમાં નામ ન હોવાથી તેમજ પેઢીનામું વિગેરેમાં નામ ન હોવાથી.</td></tr>
<tr><td>૨</td><td>વાવ</td><td>૩૬૪</td></tr>
<tr><td>૩</td><td>થરાદ</td><td>૩૧૯</td></tr>
<tr><td>૪</td><td>ડીસા</td><td>૫૬</td></tr>
<tr><td>૫</td><td>ધાનેરા</td><td>૯૪</td></tr>
<tr><td>૬</td><td>લાખણી</td><td>૩૪૩</td></tr>
<tr><td>૭</td><td>ભાભર</td><td>૩૩૬</td></tr>
<tr><td>૮</td><td>કાંકરેજ</td><td>૪</td></tr>
<tr><td>૯</td><td>દિયોદર</td><td>૨૫૦</td></tr>
<tr><td colspan="2">કુલ :-</td><td>૨૦૮૫</td></tr>
</table>

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર જિલ્લામાં તેલીબીયા પાક ઉત્પાદન વધારવા તાલીમ શિબિર

* ૨૨૮૫૦ શ્રી ચીમનભાઈ સાપરીયા (જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તેલીબિયા પાકોનું ઉત્પાદન વધારવા સંબંધિત યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) તેલીબિયા પાકોનું ઉત્પાદન વધારવા નેશનલ મિશન ઓન ઓઈલસીડ એન્ડ ઓઈલપામ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ અગિયાર (૧૧) ખેડુત તાલીમ શિબિરો યોજવામાં આવી. |
| (૨) તેમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) સદર તાલીમોમાં કુલ ૪૫૪ ખેડૂતોએ હાજરી આપી. |
| (૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) સદર તાલીમોમાં કુલ રૂ. ૧,૯૪,૭૪૫/– ખર્ચ થયો. |

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

* ૨૨૪૭૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ? | (૩) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ : ૩૫ ઉમેદવારોની બનાસકાંઠા જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ. / પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે. |

પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૭ | ૧૦ | ૭ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬૧ | ૬૧ | ૦ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૮ | ૦૫ | ૩ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૨૩૮ | ૨૩૫ | ૩ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૬૪ | ૫૬ | ૮ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૧૫ | ૧૪ | ૧ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૫૩ | ૧૭૮ | ૭૫ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૩૪ | ૯૩ | ૪૧ |
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૪૯ | ૨૪ | ૨૫ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૮૩ | ૪૮૬ | ૧૯૭ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૫૩ | ૪૯૪ | ૧૫૯ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૧૩ | ૮૨ | ૩૧ |
| ૧૩. | આઉટ સોર્સ (ડ્રાયવર) | ૧૦ | ૦ | ૧૦ |

રાજકોટ જિલ્લામાં કોલ્ડસ્ટૉરેજના લાભાર્થી

* ૨૨૮૧૭ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં કોલ્ડસ્ટોરેજ બનાવવા માટે રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | ૨ લાભાર્થી.<br>રૂ. ૧,૧૩,૨૧,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ તેર લાખ એકવીસ હજાર પુરા). |

### સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુનાં સભ્યો દ્વારા પોલીસને મદદ

* ૨૪૨૩૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં છ માસમાં સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુ કાર્યક્રમ હેઠળ સુરક્ષા સેતુના સભ્યોએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા પોલીસને મદદ કરેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજ્યમાં મેરીટાઇમ કલસ્ટર સ્થાપવા આયોજન

* ૨૨૮૫૭ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર-ખાડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં મેરીટાઇમ કલસ્ટર સ્થાપવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ માટે હાથ ધરેલ કાર્યવાહીની વિગતો શું છે ? | (૨)<br>• સૈધ્ધાંતિક મંજૂરી ફેબ્રુઆરી-૨૦૧૫ માં મળેલ છે.<br>• સ્પર્ધાત્મક બિડીંગ દ્વારા નામાંકિત કન્સલ્ટીંગ ફર્મની નિમણૂંક કરવામાં આવી છે.<br>• ડ્રાફ્ટ વિગતવાર અહેવાલ તૈયાર કરી જીપીઆઈડીસીએલને સુપરત કરેલ છે. હાલમાં આ અહેવાલ ચકાસણી હેઠળ છે. |

### રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન સામે કેન્દ્ર સરકાર સમક્ષ સહાયની માંગણી

* ૨૧૭૦૦ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુલાઈ-૨૦૧૫ માં રાજ્યના કેટલા અને ક્યા જિલ્લાઓમાં અતિવૃષ્ટી થતા થયેલ નુકશાની સામે સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની સહાયની માંગણી કે દરખાસ્ત ક્યારે કરવામાં આવી, અને | (૧) રાજ્યમાં જુન અને જુલાઈ ૨૦૧૫ માં અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે રૂ.૪૪૭૩.૪૭ કરોડની માંગણીની દરખાસ્ત સપ્ટેમ્બર-૨૦૧૫ માં કરવામાં આવી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે કેટલી રકમ ક્યારે રાજ્ય સરકારને ફાળવી ? | (૨) વર્ષ ૨૦૧૫-૧૬ માં કુદરતી આપત્તિ માટે SDRF માંથી અત્યાર સુધી રૂ.૮૭૧ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે. |

વલસાડ ડી.આઇ.એલ.આર. કચેરીમાં મહેકમ

* ૨૪૧૬૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ ડી.આઇ.એલ.આર. (જમીન માપણીની) ની કચેરીનું સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૩) ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ ડી.આઇ.એલ.આર. (જમીન માપણીની) ની કચેરીના મહેકમની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ડી.ઈ.લે.રે. વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| આસિ. ડી.ઈ.લે.રે. વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| સિનિયર સર્વેયર વર્ગ-૩ | ૦૨ | ૦૧ | ૦૧ |
| સર્વેયર વર્ગ-૩ | ૧૪ | ૧૪ | ૦૦ |
| કલાર્ક સંવર્ગ વર્ગ-૩ | ૦૨ | ૦૧ | ૦૧ |
| પટાવાળા વર્ગ-૪ | ૦૭ | ૦૧ | ૦૬ |
| કુલ | ૨૭ | ૧૮ | ૦૯ |

(૪)

- આસી.ડી.ઈ.લે.રે. વર્ગ-૩ ની ૧ ખાલી જગ્યા અને સિનિયર સર્વેયર વર્ગ-૩ ની ૧ ખાલી જગ્યા ટૂંક સમયમાં બઢતીથી ભરવામાં આવશે.
- કલાર્ક સંવર્ગ વર્ગ-૩ ની ૪૦ જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી ઉમેદવારોની ફાળવણી થયેથી ભરી શકાશે.
- વર્ગ-૪ પટાવાળા સંવર્ગમાં સીધી ભરતી બંધ હોઈ, કચેરી દ્વારા સરકાર માન્ય એજન્સીઓ પાસેથી જરૂરીયાત મુજબ આઉટ સોર્સિંગથી કરાર આધારિત ઉમેદવારો મેળવી આ જગ્યાઓ ભરવામાં આવશે.

વલસાડ જિલ્લામાં પોલીસ મહેકમ

* ૨૪૧૮૩ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ ખાતાનાં મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શા પગલાં લીધા ?

જવાબ

(૧) પત્રક મુજબ.

પ ત્ર ક

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | પારડી | ૮૯ | ૧૬ |
| ૨ | કપરાડા | ૧૨૧ | ૪૩ |
| ૩ | ધરમપુર | ૬૭ | ૧૧ |
| ૪ | વાપી | ૨૮૧ | ૬૭ |
| ૫ | ઉમરગામ | ૧૭૮ | ૪૯ |
| ૬ | વલસાડ | ૭૩૨ | ૨૬૯ |

(૨) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ- ૧૦૩ ઉમેદવારોની વલસાડ જિલ્લામાં ફાળવણી કરી

બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ./ પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

નિરમા કેમીકલ્સ વર્કસ લિ. ને ભાવનગર જિલ્લામાં પઢીયારકા ગામ ખાતે ફાળવેલ જમીન

* ૨૩૨૬૧ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નિરમા કેમીકલ્સ વર્કસ લિ.ને ગામ પઢીયારકા અને વાંગર, તા.મહુવા, જિ.ભાવનગર ખાતેની જમીન ફાળવણીના હુકમ તા.૧૬-૪-૨૦૦૮ તથા સુધારા હુકમ તા.૨૧-૧-૨૦૧૧ થી કુલ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત ફાળવેલ જમીનમાં કેટલી સરકારી જમીન અને કેટલી ગૌચર જમીનનો સમાવેશ થયેલ છે ?

જવાબ

(૧) તા.૧૬-૪-૨૦૦૮ ના હુકમથી કુલ હે.૨૧૦-૭૯-૨૬ ચો.મી. જમીન ફાળવણી કરવામાં આવેલ છે. તથા સુધારા હુકમ તા.૨૧-૧-૨૦૧૧ થી પઢીયારકા ગામની હે.૧૪૬-૧૩-૦૫ ચો.મી. અને વાંગર ગામની હે.૨૨-૭૩-૪૭ ચો.મી. મળી કુલ હે.૧૬૮-૮૬-૫૨ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે.

(૨) ઉકત ફાળવેલ જમીનમાં હે.૧૦૫-૪૧-૩૩ ચો.મી. સરકારી જમીન અને હે.૬૩-૪૫-૧૯ ચો.મી. ગૌચર જમીનનો સમાવેશ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકને કોગ્નીઝેબલ ગુન્હાની એફ.આઈ.આર. ન નોંધવા બાબતની ફરિયાદ

* ૨૩૭૨૯ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પોલીસ સ્ટેશનને કોગ્નીઝેબલ ગુન્હાની લેખિત ફરિયાદો મળવા છતાં એફ.આઈ.આર. નહીં નોંધાયાની તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લેખિત ફરિયાદ કે રજૂઆતો બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકને મળેલ લેખિત ફરિયાદ કે રજૂઆતો અન્વયે કેટલી એફ.આઈ.આર. નોંધવામાં આવી ?

જવાબ

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુદવાખાના/મહેકમ

* ૨૧૬૫૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા પશુદવાખાના આવેલા છે,

જવાબ

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આવેલા પશુદવાખાનાઓની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | પશુદવાખાનાઓની સંખ્યા |
|---|---|
| જામનગર | ૨૦ |
| દેવભૂમિ દ્વારકા | ૧૩ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે ઉકત જિલ્લાવાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) તે પૈકી ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, તેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | | |
|---|---|---|---|
| | પશુ ચિકિત્સા અધિકારી | ડ્રેસર | એટેન્ડન્ટ/ પટાવાળા/ એટેન્ડન્ટ કમ ડ્રેસર |
| જામનગર | ૧૯ | ૧૦ | ૮ |
| દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૬ | ૭ |

(૩) ઉકત સ્થિતિએ તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની સંવર્ગવાર વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પશુ ચિકિત્સા અધિકારી | | ડ્રેસર | | એટેન્ડન્ટ/ પટાવાળા/ ડ્રેસર | |
| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| જામનગર | ૯ | ૧૦ | ૬ | ૪ | ૪ | ૪ |
| દેવભૂમિ દ્વારકા | ૫ | ૮ | ૩ | ૩ | ૫ | ૨ |

પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ નિયમિતપણે ભરવા માટે સરકારશ્રીએ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપેલ છે જે પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપી શકાશે.

એટેન્ડન્ટ/પટાવાળા/ડ્રેસર, વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે. ઉકત ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં વ્યાજ સહાયની ઓફ લાઈન પધ્ધતિથી અરજી નામંજૂર કરવા બાબત

* ૨૨૯૨૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ વ્યાજ સહાયની અરજીઓ ઓન લાઈનને બદલે ઓફ લાઈન પધ્ધતિથી મોકલવાને કારણે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૨) ઉકત ઓફ લાઈન પધ્ધતિથી મોકલેલ અરજીઓ નામંજૂર કરવાના શા કારણો છે ?

જવાબ

(૧) રાજકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ વ્યાજ સહાયની અરજીઓ ઓન લાઈનને બદલે ઓફ લાઈન પધ્ધતિથી મોકલવાને કારણે છેલ્લા બે વર્ષમાં કોઈપણ અરજીઓ નામંજૂર કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઓખા બંદરમાં ગેરકાયદેસર ફીશીંગ

* ૨૩૮૮૮ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઓખા બંદરે પાસેનો ૧૯ કિ.મી.નો વિસ્તાર ‘‘નોન ફીશીંગ ઝોન’’ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ‘‘નોન ફીશીંગ ઝોન’’ માં ગેરકાયદેસર ફીશીંગની

જવાબ

(૧) ના, જી.

(૨) લાગુ પડતું નથી.

કેટલી ઘટનાઓ નોંધાઈ, અને

(૩) ઉકત સ્થિતિએ ગેરકાયદેસર ફીશીંગ કરવા બદલ આરોપીઓ સામે શાં પગલા લેવાયા છે ?

(૩) લાગુ પડતું નથી.

બનાસકાંઠા જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૨૪૦૯૪ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાંથી કેટલા બાળકો ગુમ કે અપહરણ થયેલ નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા બાળકોની ભાળ મળી કે શોધી લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર થયેલ અપહરણનાં નોંધાયેલ કેટલા કિસ્સામાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા ?

જવાબ

(૧)

| વર્ષ | ગુમ થયેલ બાળકો | અપહરણ થયેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૪ | ૫૮ | ૮૯ |
| ૨૦૧૫ | ૧૦ | ૮૧ |

(૨)

| વર્ષ | ગુમ થયેલ બાળકો પૈકી પરત મળેલ બાળકો | અપહરણ થયેલ બાળકો પૈકી પરત મળેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૪ | ૫૮ | ૭૯ |
| ૨૦૧૫ | ૧૦ | ૬૮ |

(૩)

| વર્ષ | કિસ્સા | આરોપી પકડવામાં આવ્યા |
|---|---|---|
| ૨૦૧૪ | ૮૧ | ૧૬૮ |
| ૨૦૧૫ | ૭૨ | ૧૪૯ |

જુનાગઢ જિલ્લામાં બીયારણના નમૂના

* ૨૧૭૨૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કૃષિપાકના બિયારણના કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કૃષિપાકના બિયારણના નીચે મુજબના નમૂનાઓ લેવામાં આવ્યા.

| તાલુકાનું નામ | લેવાયેલ નમૂના |
|---|---|
| જુનાગઢ | ૧૨૯ |
| મેંદરડા | ૦૩ |
| વિસાવદર | ૧૧૦ |
| ભેંસાણ | ૩૨ |
| કેશોદ | ૮૨ |
| માંગરોળ | ૧૪ |
| વંથલી | ૩૧ |
| માણાવદર | ૫૨ |
| માળીયા | ૩૮ |
| કુલ | ૪૯૧ |

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા બિન પ્રમાણિત થયા, અને

(૨) આ નમૂનાઓ પૈકી નીચે મુજબના નમૂના પ્રમાણિત તથા બિનપ્રમાણિત થયા,

| તાલુકાનું નામ | પ્રમાણિત | બિનપ્રમાણિત |
|---|---|---|
| જુનાગઢ | ૧૨૪ | ૫ |
| મેંદરડા | ૩ | ૦ |
| વિસાવદર | ૧૦૮ | ૨ |
| ભેંસાણ | ૩૨ | ૦ |
| કેશોદ | ૮૧ | ૧ |
| માંગરોળ | ૧૩ | ૧ |
| વંથલી | ૨૮ | ૩ |
| માણાવદર | ૫૦ | ૨ |
| માળીયા | ૩૬ | ૨ |
| કુલ | ૪૭૫ | ૧૬ |

(૩) બિન પ્રમાણિત નમૂના અંગે ગુણવત્તા નિયંત્રણ દ્વારા ઉક્ત સ્થિતિએ વર્ષવાર શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) બિન પ્રમાણિત નમૂના અંગે ગુણવત્તા નિયંત્રણ દ્વારા ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| વર્ષ – ૨૦૧૪ | | |
|---|---|---|
| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
| ૧ | ૦૫ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં લીધેલ છે. |

| વર્ષ – ૨૦૧૫ | | |
|---|---|---|
| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
| ૧ | ૦૧ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૪ | કાર્યવાહી ચાલુ છે. |

## રાજ્ય પોલીસતંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ

* ૨૪૧૧૯ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પોલીસતંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર પાસે વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવી ?

જવાબ

(૧) નીચે પ્રમાણે ગ્રાન્ટની માંગણી કરવામાં આવેલ.

વર્ષ, ૨૦૧૪–૧૫ – રૂ.૭૨.૭૨/– કરોડ
વર્ષ, ૨૦૧૫–૧૬ – રૂ.૨૮.૪૬/– કરોડ

(૨) નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ, ૨૦૧૪–૧૫ – રૂ.૭૨.૬૫/– કરોડ
વર્ષ, ૨૦૧૫–૧૬ – રૂ.૨૨.૪૭/– કરોડ

## કરાઇ એકેડમી ગાંધીનગર ખાતે પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબત

* ૨૧૭૦૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં છ માસમાં ગાંધીનગર ખાતે કરાઇ એકેડમી ખાતે આઇ.પી.એસ. અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવ્યા હતા તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો જવાબદાર પોલીસ અધિકારી સામે સરકારે શા પગલાં ક્યારે લીધા ?

જવાબ

(૧) અને (૨)

આ ઘટના અંગે સોંપવામાં આવેલ પ્રાથમિક તપાસનો અહેવાલ સરકારશ્રીને મળેલ છે, જે વિચારણા હેઠળ છે.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુ દવાખાના/મહેકમ

* ૨૪૩૧૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલા પશુ દવાખાના આવેલા છે,

જવાબ

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ આવેલ પશુ દવાખાનાઓની સંખ્યા વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | પશુ દવાખાનાઓની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૨૦ |
| સાબરકાંઠા | ૨૩ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર મંજુર મહેકમ કેટલુ છે, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર મંજુર મહેકમ કેટલુ છે, તેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | | |
|---|---|---|---|
| | પશુ ચિકિત્સા અધિકારી | ડ્રેસર | એટેન્ડન્ટ/ પટાવાળા/ એટેન્ડન્ટ કમ ડ્રેસર |
| અરવલ્લી | ૧૫ | ૭ | ૧૮ |
| સાબરકાંઠા | ૧૮ | ૧૧ | ૧૮ |

(૩) ઉક્ત સ્થિતિએ મંજુર મહેકમ અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની સંવર્ગવાર વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પશુ ચિકિત્સા અધિકારી | | ડ્રેસર | | એટેન્ડન્ટ/પટાવાળા/ડ્રેસર | |
| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| અરવલ્લી | ૯ | ૬ | ૫ | ૨ | ૧૧ | ૭ |
| સાબરકાંઠા | ૮ | ૧૦ | ૮ | ૩ | ૯ | ૯ |

પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપેલ છે. જે પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકત્સા અધિકારીની જગ્યાઓ ઉપર નિમણૂંક આપી શકાશે.

એટેન્ડન્ટ/પટાવાળા/ડ્રેસર, વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે. ઉક્ત ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

કડી અને જોટાણા તાલુકાનાં ગામ તળાવ નર્મદા પાણીથી ભરવા બાબત

* ૨૪૦૫૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાની નહેરોમાંથી મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા તાલુકાના ગામોના તળાવો, સિંચાઇ માટે પાણીથી ભરવા માટેની કેટલી માંગણી કે રજુઆતો મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલા ગામોના તળાવોમાં સિંચાઇ માટે પાણી ભરવામાં આવ્યું ?

જવાબ

(૧)

| તાલુકો | મળેલ રજુઆત |
|---|---|
| કડી | ૩ |
| જોટાણા | - |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાના ત્રણ ગામોના ૪ ગામ તળાવ ભરવામાં આવેલ છે. આ ઉપરાંત ચોમાસામાં નર્મદા ડેમ ઓવરફ્લોના પાણીથી સને-૨૦૧૪ માં ૧૪ ગામોના ૧૬ તથા ૨૦૧૫ માં ૬ ગામના ૬ ગામ તળાવ ભરવામાં આવેલ છે.

કચ્છ જિલ્લામાં અતિવૃષ્ટિ સામે ખેડૂતોને વળતર

* ૨૨૪૦૯ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૧૫ ના વર્ષમાં અતિવૃષ્ટિથી ખેડૂતોના કૃષિ પાકને અને જમીનના ધોવાણના કારણો કેટલા રૂપિયાનુ નુકશાન થયેલ છે, અને | (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૧૫ ના વર્ષમાં અતિવૃષ્ટિથી પ્રાથમિક અંદાજોના આધારે ખેડૂતોના કૃષિ પાકને રૂ.૧૨૮.૭૧ લાખનું અને જમીનના ધોવાણમાં રૂ.૪૦૦.૧૬ લાખનું નુકશાન થયેલ છે. |
| (૨) આ પૈકી સરકારે તા.૧–૧–૨૦૧૬ સુધીમાં કેટલા ખેડૂતોને કેટલી રકમનુ વળતર ચુકવેલ છે ? | (૨) સરકારે તા.૧–૧–૨૦૧૬ સુધીમાં ૨૭૮૬ ખેડૂતોને રૂ.૪૬૩.૦૯ લાખની સહાય ચુકવેલ છે. |

ગાંધીનગર જિલ્લામાં દૂધાળા પશુઓનાં શેડનાં લાભાર્થી

* ૨૩૩૧૦ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર દુધાળા પશુઓ માટે શેડ બનાવવા અંગે કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને તાલુકાવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને | (૨) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલ શેડની રકમ નીચે મુજબ ચુકવેલ છે. |

| ક્રમ | તાલુકો | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૩ | ૫૪૦૦૦ |
| ૨ | કલોલ | ૩ | ૫૪૦૦૦ |
| | કુલ | ૬ | ૧,૦૮,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ લાભાર્થીઓને બાકી રકમ કેટલા સમયમાં ચૂકવાશે ? | (૩) એકપણ લાભાર્થીને સહાય ચુકવવાની બાકી નથી. જેથી બાકી રકમ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જુનાગઢ જિલ્લામાં ખરીફ મગફળી/કપાસનાં પાક વીમા પ્રિમીયમ

* ૨૩૮૭૬ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જુનાગઢ જિલ્લામાંથી સન ૨૦૧૩ તથા ૨૦૧૪ ના વર્ષમાં ખરીફ મગફળી તથા કપાસ પાકનું કેટલુ પાક વીમા પ્રિમીયમ ખેડૂતો દ્વારા વર્ષવાર–પાકવાર ભરવામાં આવ્યું ? | જુનાગઢ જિલ્લામાંથી સન ૨૦૧૩ અને ૨૦૧૪ ના વર્ષમાં ખરીફ મગફળી તથા કપાસ પાક માટે ખેડૂતો દ્વારા ભરાયેલ પાક વીમા પ્રિમીયમની વર્ષવાર–પાકવાર વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | પાકનું નામ | ખેડૂતો દ્વારા ભરાયેલ પાક વીમા પ્રિમીયમની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| સને ૨૦૧૩ | ખરીફ મગફળી | ૧૯૫૨૨૩૩૨૮.૫૦ |
| | કપાસ | ૩૩૪૯૨૯૪૪.૯૧ |
| સને ૨૦૧૪ | ખરીફ મગફળી | ૨૦૫૩૮૦૪૭૦.૭૨ |
| | કપાસ | ૧૪૮૫૩૨૧૪.૩૪ |

ડીસા તાલુકામાં પડતર વારસાઇ નોંધો

* ૨૧૬૯૩ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ડીસા તાલુકામાં ખેડૂત ખાતેદારોની વારસાઇ નોંધો પાડવાની કેટલી અરજીઓ પડતર છે, અને તેના મુખ્ય કારણો શા છે, અને | (૧) એક પણ અરજી પડતર નથી. |

(૨) કેટલા સમયમાં ઉક્ત પડતર નોંધોનો નિકાલ કરવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર જિલ્લામાં જમીનનું ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલ

* ૨૨૮૯૨ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં જમીનનું ધોવાણ અટકાવવા માટે સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કયા ગામોમાં સંરક્ષણ દિવાલો બનાવેલ છે?

જવાબ

(૧) માણસા તાલુકામાં ૫ (પાંચ) અને દહેગામ તાલુકામાં ૨ (બે) ગામોની જમીનનું ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલના કામોનું આયોજન કરવામાં આવેલ.

(૨) માણસા તાલુકામાં (૧) કોટવાસ (૨) ડોડીપાળ, (૩) અમરાપુરા (ગ્રા), (૪) અનોડીયા (૫) બદપુરા તથા દહેગામ તાલુકામાં (૧) હરસોલી અને (૨) બારડોલી (બારીયા) ગામોમાં સંરક્ષણ દિવાલ બનાવેલ છે.

શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., ઉના પાસેથી ખેડૂતો/કર્મચારીઓની લેણી રકમ

* ૨૩૭૭૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં આવેલ શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., ઉના પાસેથી ખેડૂતો અને કર્મચારીઓએ કોઈ નાણાં લેવાનાં થાય છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતો અને કેટલા કર્મચારીઓની કેટલી રકમ લેણી છે, અને

(૩) ઉક્ત ખેડૂતો અને કર્મચારીઓને તેમની લેણી રકમ પરત મળે તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

જવાબ

(૧) હા.

(૨)

| | ખેડૂત/કર્મચારીઓની સંખ્યા | લેણી રકમ |
|---|---|---|
| ૧ | ખેડૂતોની સંખ્યાઃ ૪૯૬૪ | રૂા. ૪૨૫.૦૦ લાખ |
| ૨ | કર્મચારીઓની સંખ્યાઃ ૫૩૪ | રૂા. ૧૭૫૪.૨૧ લાખ |

(૩)

| | ચુકવણીની વિગત ખેડૂત/ કર્મચારીઓની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૧ | કર્મચારીની સંખ્યાઃ ૫૩૪ | રૂા. ૫૪૦.૦૦ લાખ |

અરવલ્લી જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૨૩૭૨ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમનો દારૂ પકડાયો, અને

(૨) દારૂબંધીનાં કડક અમલ માટે સરકાર દ્વારા શું પગલા ભરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | પકડાયેલ દારૂની કિંમત (રૂપિયા) |
|---|---|
| મોડાસા | ૧,૭૩,૭૯,,૬૯૦ |
| બાયડ | ૭,૩૧,૫૫૦ |
| ભિલોડા | ૯,૫૭,૨૨,૧૮૬ |
| મેઘરજ | ૨,૬૬,૪૫,૪૫૦ |
| માલપુર | ૧૪,૭૪,૭૦૦ |
| ધનસુરા | ૨,૭૬,૩૬૦ |

(૨) જિલ્લામાં દારૂના વેચાણની પ્રવૃત્તિ અટકે તે માટે તાબાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા પેટ્રોલીંગ, નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ તથા પ્રોહિબીશન અંતર્ગત નિયમિત ડ્રાઈવનું આયોજન કરી તેમજ ખાનગી રાહે બાતમી હકિકતો મેળવી ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિ કરનારાઓ ઉપર સફળ રેઈડો કરી કેસ કરવામાં આવે છે. લોક દરબાર

વિગેરે યોજી આવી બદી નેસ્તનાબુત થાય તે માટે જાગૃત નાગરિકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે. તેમજ અવારનાવાર આ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબીશન ધારા કલમ ૯૩, તડીપાર, પાસા જેવા કેસ મૂકી જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાઓમાં ટ્રેક્ટર સહાય

* ૨૪૨૪૦ શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડુતોએ અરજીઓ કરી,

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવા માટે તાલુકાવાર ખેડુતોએ કરેલ અરજીની વિગત નીચે મુજબ છે.

જિલ્લોઃ– છોટાઉદેપુર

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી કરેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫ | ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | |
| ૧ | કવાંટ | ૪૦ | ૧૬ | ૫૬ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩ | ૨૧ | ૩૪ |
| ૩ | જેતપુર પાવી | ૫૪ | ૩૯ | ૯૩ |
| ૪ | નસવાડી | ૧૦૪ | ૪૩ | ૧૪૭ |
| ૫ | બોડેલી | ૯૮ | ૭૭ | ૧૭૫ |
| ૬ | સંખેડા | ૧૪૪ | ૧૯૧ | ૩૩૫ |
| | કુલઃ– | ૪૫૩ | ૩૮૭ | ૮૪૦ |

જિલ્લોઃ– વડોદરા

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી કરેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫ | ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | |
| ૧ | કરજણ | ૧૯૩ | ૨૮૨ | ૪૭૫ |
| ૨ | ડભોઈ | ૨૩૦ | ૩૨૧ | ૫૫૧ |
| ૩ | ડેસર | ૪૭ | ૩૩ | ૮૦ |
| ૪ | પાદરા | ૧૧૦ | ૨૨૦ | ૩૩૦ |
| ૫ | વઘોડીયા | ૪૭ | ૯૧ | ૧૩૮ |
| ૬ | સાવલી | ૬૩ | ૧૭૩ | ૨૩૬ |
| ૭ | શિનોર | ૨૧૨ | ૧૬૨ | ૩૭૪ |
| ૮ | વડોદરા | ૮૪ | ૧૧૭ | ૨૦૧ |
| | કુલઃ– | ૯૮૬ | ૧૩૯૯ | ૨૩૮૫ |

(૨) તે પૈકી તાલુકાવાર ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી કેટલી રકમની સહાય ચુકવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર મંજુર કરેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગતો નીચે મુજબ છે.

જિલ્લોઃ– છોટાઉદેપુરઃ તારીખઃ ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫

| અ. નં. | તાલુકાનું નામ | પુર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૩૫ | ૩ | ૩ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩ | ૩ | ૩ |
| ૩ | જેતપુર પાવી | ૫૪ | ૧૫ | ૧૫ |
| ૪ | નસવાડી | ૧૦૨ | ૨૯ | ૨૯ |
| ૫ | બોડેલી | ૯૨ | ૨૮ | ૨૮ |
| ૬ | સંખેડા | ૧૩૨ | ૬૮ | ૬૮ |
| | કુલઃ– | ૪૨૮ | ૧૪૬ | ૧૪૬ |

જિલ્લોઃ– છોટાઉદેપુરઃ તારીખઃ ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬

| અ. નં. | તાલુકાનું નામ | પુર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૧૬ | ૧૦ | ૧૦ |
| ૨ | છોટાઉદેપુર | ૧૪ | ૪ | ૪ |
| ૩ | જેતપુર પાવી | ૧૪ | ૮ | ૮ |
| ૪ | નસવાડી | ૨૩ | ૬ | ૬ |
| ૫ | બોડેલી | ૧૭ | ૧૪ | ૧૪ |
| ૬ | સંખેડા | ૩૩ | ૧૬ | ૧૬ |
| | કુલઃ– | ૧૧૭ | ૫૮ | ૫૮ |

જિલ્લોઃ– છોટાઉદેપુરઃ વર્ષવાર, તાલુકાવાર ચૂકવેલ સહાયઃ

| અ. નં. | તાલુકાનું નામ | ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫ | ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૧૫૦૦૦૦ | ૪૮૦૦૦૦ | ૬૩૦૦૦૦ |
| ૨ | છોટાઉદેપુર | ૧૬૫૦૦૦ | ૧૯૫૦૦૦ | ૩૬૦૦૦૦ |
| ૩ | જેતપુર પાવી | ૭૫૦૦૦૦ | ૩૭૫૦૦૦ | ૧૧૨૫૦૦૦ |
| ૪ | નસવાડી | ૧૪૨૫૦૦૦ | ૩૬૦૦૦૦ | ૧૭૮૫૦૦૦ |
| ૫ | બોડેલી | ૧૩૩૫૦૦૦ | ૬૭૫૦૦૦ | ૨૦૧૦૦૦૦ |
| ૬ | સંખેડા | ૩૩૬૦૦૦૦ | ૭૯૫૦૦૦ | ૪૧૫૫૦૦૦ |
| | કુલઃ– | ૭૧૮૫૦૦૦ | ૨૮૮૦૦૦૦ | ૧૦૦૬૫૦૦૦ |

જિલ્લોઃ– વડોદરા તારીખઃ ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫

| અ. નં. | તાલુકાનું નામ | પુર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કરજણ | ૧૯૩ | ૧૫૨ | ૧૫૨ |
| ૨ | ડભોઈ | ૧૮૨ | ૧૪૬ | ૧૪૬ |
| ૩ | ડેસર | ૪૭ | ૨૯ | ૨૯ |
| ૪ | પાદરા | ૧૧૦ | ૭૯ | ૭૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | વઘોડીયા | ૪૭ | ૧૯ | ૧૯ |
| ૬ | સાવલી | ૬૦ | ૩૨ | ૩૨ |
| ૭ | શિનોર | ૨૦૧ | ૧૫૩ | ૧૫૩ |
| ૮ | વડોદરા | ૮૪ | ૫૨ | ૫૨ |
| | કુલઃ- | ૯૨૪ | ૬૬૨ | ૬૬૨ |

જિલ્લોઃ- વડોદરાઃ તારીખઃ ૦૧-૦૨-૨૦૧૫ થી ૩૧-૦૧-૨૦૧૬

| અ. નં. | તાલુકાનું નામ | પુર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કરજણ | ૩૪ | ૧૧ | ૧૧ |
| ૨ | ડભોઈ | ૩૮ | ૧૮ | ૧૮ |
| ૩ | ડેસર | ૬ | ૩ | ૩ |
| ૪ | પાદરા | ૨૮ | ૧૩ | ૧૩ |
| ૫ | વઘોડીયા | ૧૦ | ૫ | ૫ |
| ૬ | સાવલી | ૧૮ | ૧૨ | ૧૨ |
| ૭ | શિનોર | ૧૮ | ૧૨ | ૧૨ |
| ૮ | વડોદરા | ૧૩ | ૮ | ૮ |
| | કુલઃ- | ૧૬૫ | ૮૨ | ૮૨ |

જિલ્લોઃ- વડોદરાઃ વર્ષવાર, તાલુકાવાર ચૂકવેલ સહાયઃ

| અ. નં. | તાલુકાનું નામ | ૦૧-૦૨-૨૦૧૪ થી ૩૧-૦૧-૨૦૧૫ | ૦૧-૦૨-૨૦૧૫ થી ૩૧-૦૧-૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કરજણ | ૬૮૪૦૦૦૦ | ૪૯૫૦૦૦ | ૭૩૩૫૦૦૦ |
| ૨ | ડભોઈ | ૬૫૭૦૦૦૦ | ૮૨૫૦૦૦ | ૭૩૯૫૦૦૦ |
| ૩ | ડેસર | ૧૩૦૫૦૦૦ | ૧૩૫૦૦૦ | ૧૪૪૦૦૦૦ |
| ૪ | પાદરા | ૩૫૫૫૦૦૦ | ૫૮૫૦૦૦ | ૪૧૪૦૦૦૦ |
| ૫ | વઘોડીયા | ૮૫૫૦૦૦ | ૨૪૦૦૦૦ | ૧૦૯૫૦૦૦ |
| ૬ | સાવલી | ૧૪૪૦૦૦૦ | ૫૪૦૦૦૦ | ૧૯૮૦૦૦૦ |
| ૭ | શિનોર | ૬૮૮૫૦૦૦ | ૫૫૫૦૦૦ | ૭૪૪૦૦૦૦ |
| ૮ | વડોદરા | ૨૩૪૦૦૦૦ | ૩૬૦૦૦૦ | ૨૭૦૦૦૦૦ |
| | કુલઃ- | ૨૯૭૯૦૦૦૦ | ૩૭૩૫૦૦૦ | ૩૩૫૨૫૦૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી સહાયની રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૩) પૂર્વ મંજૂર કરેલ અરજીઓની નિયત સમય મર્યાદામાં ખરીદી કરી ખેડૂત દ્વારા સહાય માટે રજૂ કર્યેથી ચુકવણું કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં નગરપાલિકાઓ માટે બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત મંજૂર રકમ

* ૨૩૩૭૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં આવેલ કઈ નગરપાલિકાઓ માટે બાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા કામો

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં આવેલ નગરપાલિકાઓ માટે બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે અને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ બાકી રહેતી રકમ કયારે ફાળવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

છોટાઉદેપુર જિલ્લામાં કેટલ શેડનાં લાભાર્થી

* ૨૧૭૦૩ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૧૫–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલશેડ માટે કેટલી અરજી કે માંગણી છેલ્લા બે વર્ષમાં મળી,

જવાબ

(૧) તા. ૧૫–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલશેડ માટે વર્ષ ૨૦૧૪–૧૫ને વર્ષ–૨૦૧૫–૧૬માં પશુપાલન ખાતાની સહાયની યોજનામાં નીચે મુજબ અરજી મળેલ હતી.

પશુપાલન ખાતાની યોજના ૧૦૭(૧) અનુસુચિત જાતિના લાભાર્થીને કેટલશેડ બાંધકામ સહાય

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪–૧૫ | વર્ષ–૨૦૧૫–૧૬ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧ | ૦ |
| ૨ | પાવીજેતપુર | ૧ | ૦ |
| ૩ | સંખેડા | ૧ | ૫ |
| ૪ | નસવાડી | ૦ | ૦ |
| ૫ | બોડેલી | ૦ | ૦ |
| ૬ | કવાંટ | ૧ | ૧ |
| | કુલઃ– | ૪ | ૬ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજી કે માંગણી થઈ અને કેટલી સહાય ચૂકવાઈ,

(૨) તે પૈકી છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલશેડ માટે વર્ષ–૨૦૧૪–૧૫ અને વર્ષ–૨૦૧૫–૧૬માં પશુપાલન ખાતાની સહાયની યોજનામાં નીચે મુજબ અરજીઓ મંજુર થઈ તેમજ નીચે મુજબ સહાય ચૂકવાયેલ છે. પશુપાલન ખાતાની યોજના ૧૦૭(૧) અનુસુચિત જાતિના લાભાર્થીને કેટલશેડ બાંધકામ સહાય

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૧૪–૧૫ | | વર્ષ–૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | મંજુર | ચૂકવેલ સહાય | મંજુર | ચૂકવેલ સહાય |
| ૧ | છોટાઉદેપુર | ૧ | ૧૮,૦૦૦/– | ૦ | ૦ |
| ૨ | પાવીજેતપુર | ૧ | ૧૮,૦૦૦/– | ૦ | ૦ |
| ૩ | સંખેડા | ૧ | ૧૮,૦૦૦/– | ૫ | ૦ |
| ૪ | નસવાડી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બોડેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | કવાંટ | ૧ | ૧૮,૦૦૦/– | ૧ | ૦ |
| | કુલઃ– | ૪ | ૭૨,૦૦૦/– | ૬ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તાલુકાવાર કેટલી સહાય કેટલા લાભાર્થીને ચુકવવાની બાકી છે, અને | (૩) સંખેડા તાલુકાનાં પાંચ લાભાર્થીને પ્રતિ લાભાર્થી રૂ. ૧૮,૦૦૦/- પ્રમાણે રૂ. ૯૦,૦૦૦/- અને કવાંટ તાલુકાના એક લાભાર્થીને રૂ. ૧૮,૦૦૦/- સહાય ચુકવવાની બાકી છે. |
| (૪) આ રકમ કયારે ચૂકવાશે? | (૪) ચાલુ નાણાકીય વર્ષમાં પ્રક્રિયા પૂર્ણ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. |

## ધોલેરા સરમાં ખેડૂતોની જમીન

* ૨૩૦૧૧ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાનાં ધોલેરા સરમાં કેટલા ગામોના ખેડુતોની જમીન લેવાઈ, | (૧) ધોલેરા સરમાં આવતા ૨૨ ગામો પૈકી એકટીવેશન એરીયામાં આવતા ૫ ગામના ૧૨૯ સર્વે નંબર પૈકી ૧૧૧ સર્વે નંબરના ખેડૂતોએ બે ટીપી સ્કીમના ફક્ત રસ્તામાં ભળતી જમીનના કબજા ધોલેરા ઓથોરીટીને સોંપેલ છે. |
| (૨) તે અન્વયે કાયદા અનુસાર ખેડુતની ૪૦ ટકા જમીન લેવાની હોવા છતાં તેના બદલે ૫૦ ટકા જમીન લેવાઈ છે તે હકીકત સાચી છે, અને<br>(૩) જો હા, તો તેના કારણો શા છે? | (૨) અને (૩)<br>ના, જી. એસઆઈઆર એકટની કલમ ૧૭ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૪૦ (૩) (ઠ) (ઠઠ) મુજબ ૫૦ ટકા જમીન લેવાની જોગવાઈ છે. |

## પાલનપુર તાલુકામાં અતિવૃષ્ટિથી નુકશાન સામે વળતર

* ૨૩૮૮૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૨૭-૮-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૪૦૦ (અગ્રતા-૬૬)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જુલાઈ-૨૦૧૫માં થયેલ અતિવૃષ્ટિના કારણે ૪૪૨ કુટુંબોને ઘરવખરી અને ૨૧૨ મકાનોને નુકશાન થયેલ તથા ૪૮ પશુના મૃત્યુ થયેલા તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલી સહાય ચુકવવામાં આવી છે, | (૧) રૂ. ૬૩,૨૧,૨૦૦/- સહાય ચુકવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચુકવવાની બાકી છે અને તેના શાં કારણો છે, અને | (૨) નિયમાનુસાર ઉક્ત સ્થિતિએ સહાય ચુકવવાની બાકી નથી. |
| (૩) તમામ અસરગ્રસ્તોને આ સહાય કયાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## નર્મદા યોજનામાં વીજ મથકો દ્વારા વીજ ઉત્પાદન

* ૨૧૬૫૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરદાર સરોવર નર્મદા યોજનામાં કુલ કેટલા યુનીટ વીજળી ઉત્પન્ન થઈ, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરદાર સરોવર નર્મદા યોજનામાં કેવડીયા સ્થિત જળ વિદ્યુત મથકોનું વીજ ઉત્પાદન નીચે મુજબ થયેલ છે.<br>વર્ષ ૨૦૧૪ : ૩૨૩.૬૫ કરોડ વીજ યુનિટ<br>વર્ષ ૨૦૧૫ : ૨૬૬.૩૨ કરોડ વીજ યુનિટ<br>કુલ ઉત્પાદનઃ ૫૮૯.૯૭ કરોડ વીજ યુનિટ |
| (૨) ઉક્ત વીજ ઉત્પાદનમાંથી વર્ષવાર ગુજરાતના ફાળે કેટલા યુનિટ વીજળી આવી? | (૨) ઉક્ત વીજ ઉત્પાદનમાંથી વર્ષવાર ગુજરાતના ફાળે છેલ્લા બે વર્ષવાર (૨૦૧૪ અને ૨૦૧૫માં) નીચે મુજબ વીજળી ફાળવવામાં આવેલ છે. |

| વર્ષ | ગુજરાત રાજ્યના ફાળે આવતી વીજળી (ગ્રીડમાં દાખલ કર્યા પછી) કરોડ વીજ યુનિટ |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૪ | ૫૦.૬૪ |
| ૨૦૧૫ | ૪૧.૬૦ |
| કુલઃ- | ૯૨.૨૪ |

રાજકોટ શહેરની મંજુરી માટે પડતર ટી.પી. સ્કીમ

* ૨૨૭૩૨ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેરની કેટલી ટાઉન પ્લાનીંગ (ટી.પી.) સ્કીમો મંજુરી માટે સરકારમાં પડતર છે, | (૧) ત્રણ |
| (૨) ઉક્ત ટાઉન પ્લાનીંગ (ટી.પી.) સ્કીમો એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર હોય તેવી કેટલી સ્કીમો છે, અને | (૨) એક |
| (૩) ઉક્ત સ્થિતિએ આ પડતર ટી.પી. સ્કીમોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) શક્ય તેટલી ઝડપથી. |

રાજયના નર્મદા ડેમમાં પાણીનો જથ્થો

* ૨૩૪૦૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના નર્મદા ડેમમાં પાણીનો સંગ્રહ કેટલો છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજયના નર્મદા ડેમમાં કુલ ૪૧૦૬.૭૧ મિલિયન ઘન મીટર પાણીનો સંગ્રહ છે. જે પૈકી ૪૦૬.૭૧ મિલિયન ઘન મીટર પાણીનો જીવંત સંગ્રહ છે. |
| (૨) તે અન્વયે રાજ્યમાં આગામી ઉનાળાને ધ્યાને લઇ સિંચાઇ અને પીવાના પાણી માટે આ ડેમમાંથી કેટલો પાણીનો જથ્થો ફાળવવાનું નક્કી કરેલ છે? | (૨) તે અન્વયે રવિ પાકની ઋતુના અંતે ઉપલબ્ધ જથ્થો, સંભવિત આવરો, પીવાના પાણી માટે આરક્ષિત જથ્થો, નદીમાં છોડવાનો થતો જથ્થો તથા વહન દરમ્યાન થતી ઘટને ધ્યાને લઇને શક્ય તેટલું વધુ પાણીનો જથ્થો ફાળવવાનું આયોજન છે. |

ડેડીયાપાડા, ઉમરપાડા, વાલીયા, માંગરોળ અને નેત્રંગને સિંચાઇ સુવિધા ન મળવા બાબત

* ૨૩૭૮૬ શ્રી આનંદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ ડેડીયાપાડા-ઉમરપાડા-વાલીયા-માંગરોળ અને નેત્રંગને સિંચાઇ સુવિધા મળતી નથી તે હકિકત સાચી છે, અને<br>(૨) જો હા, તો ઉક્ત વિસ્તારને સિંચાઇની સુવિધાઓ મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શુ આયોજન કેરલ છે? | (૧) અને (૨) ના, જી. લઘુ સિંચાઇ યોજનાઓ થકી આ ૫ તાલુકાઓમાં કુલ આશરે ૫૭૦૦ હેકટર વિસ્તારને લાભ મળે છે તેમજ વધુ વિસ્તારને લાભ મળે તે માટે ઉકાઇ અને કરજણ આધારિત અન્ય યોજનાઓ વિચારણા હેઠળ છે. |

પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમારોનાં કુટુંબોને સહાય

* ૨૨૮૪૫ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) પાકિસ્તાન સત્તા દ્વારા રાજ્યના માછીમાર જે તારીખેથી પકડાય તે તારીખેથી પાકિસ્તાન જેલમાંથી છુટે તે તારીખ સુધી રાજ્ય સરકાર દ્વારા પકડાયેલ માછીમારના કુટુંબીજનોને આર્થિક સહાય પેટે દૈનિક રૂ. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | ૧૫૦/– ચુકવવામાં આવે છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમાર કુટુંબોને કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૬૧ માછીમાર કુટુંબોને કુલ રૂા. ૨,૯૯,૭૦,૬૦૦/– સહાય ચૂકવવામાં આવી. |

ઘોઘા–દહેજ રો રો ફેરી સર્વિસ બાબત

* ૨૩૪૩૭ શ્રી પ્રવિણભાઇ રાઠોડ (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘોઘા (ભાવનગર) અને દહેજ (ભરૂચ), ને દરિયાઇ માર્ગે જોડતી રો–રો ફેરી સર્વિસનાં કામો રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે. | (૧)<br>• ટર્મિનલનું બાંધકામઃ– તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૫૯.૫૯% કામગીરી પૂર્ણ થયેલ છે.<br>• ડ્રેજીંગનું કામઃ– હાલના તબક્કે છેવટની બેથેમેટ્રીને આધારે નકશા અને અંદાજો આખરી કરી નવેસરથી ભાવપત્રક મંગાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>• રો–રો ફેરી ઓપરેશનઃ– એજન્સી મે. સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લી. સુરત (લીડ મેમ્બર) ની સાથે મે. બ્લેકબોલ ટ્રાન્સપોર્ટ, યુ.એસ.એ. (ટેકનિકલ મેમ્બર) અને મે. સ્ટારફેરી ઇન્ડીયા પ્રા. લી. ગુરગાંવની દરખાસ્તને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે અને તા. ૧૧–૮–૨૦૧૫ના રોજ લેટર ઓફ ઇન્ટેન્ટ (એલઓઆઇ) આપવામાં આવેલ છે અને તેઓ દ્વારા સાઇટ વીઝીટ કરીને આયોજનની કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યા સુધીમાં શરૂ કરવાનું આયોજન છે અને કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૨) ટર્મિનલોની બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાનો કુલ ખર્ચ રૂ. ૫૦૯ કરોડનો અંદાજાયેલ છે. |
| (૩) સદરહું કામગીરી કઇ એજન્સી દ્વારા કરવામાં આવે છે તથા આ એજન્સીને ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવેલ છે? | (૩) ટર્મિનલોની બાંધકામની કામગીરી મે. એસ્સાર પ્રોજેક્ટ (ઇન્ડીયા) લી.ને સોંપવામાં આવેલ છે અને રૂ. ૧૧૫.૧૭ કરોડની રકમ ચુકવવામાં આવેલ છે. |

ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવણી

* ૨૪૧૫૫ શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે રાજ્ય સરકારની કેટલી રકમની માંગણી કે દરખાસ્ત સામે કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ? | તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી. જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | રાજ્ય સરકારે સૂચવેલ રકમ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ/. ૬૨,૫૩,૮૬,૦૦૦ | રૂ/. ૬૨,૮૮,૬૦૦૦ |
| ૨૦૧૫–૧૬ | રૂ/.૬૩,૭૫,૦૦,૦૦૦ | રૂ/.૪૫,૬૪,૨૦,૦૦૦ |

ખેડા અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૨૨૭૦૬ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાંથી કેટલા બાળકો ગુમ કે અપહરણ થયેલ નોંધાયા, | (૧) |

| જિલ્લો | ગુમ થયેલ બાળકો | અપહરણ થયેલ બાળકો |
|---|---|---|
| ખેડા | ૩૪ | ૧૫૩ |

| | | |
|---|---|---|
| આણંદ | ૨૯ | ૧૭૬ |

(૨) તે પૈકી કેટલા બાળકોની ભાળ મળી કે શોધી લેવામાં આવ્યા, અને

(૨) ૩૩૭.

(૩) ઉક્ત સ્થિતિએ અપહરણના કેટલા કિસ્સામાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા?

(૩) અપહરણના ૨૭૦ કિસ્સામાં ૩૪૨ આરોપીઓને પકડવામાં આવેલ છે.

ગારીયાધાર તાલુકામાં સિંચાઇ યોજના ન હોવા બાબત

* ૨૪૦૩૪ શ્રી કેશુભાઇ નાકરાણી (ગારીયાધાર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૧–૨–૨૦૧૬ની સ્થિતિએ ગારીયાધાર તાલુકામાં એક પણ નાની, મધ્યમ કે મોટી સિંચાઇ યોજના કાર્યરત નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ તાલુકાના ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળે તેના માટે સરકાર દ્વારા શું આયોજન છે?

જવાબ

(૧) ના જી. એક નાની સિંચાઇ યોજના કાર્યરત છે.

(૨) ગારીયાધાર તાલુકામાં ૫ ચેકડેમો બાંધવાનું, ૨ તળાવો ઉંડા કરવાનું અને ૭ ચેકડેમોના ડીસીલ્ટીંગનું, તેમજ
૧ નવું અનુશ્રવણ તળાવ બનાવવાનું ૭ અનુશ્રવણ તળાવને સલામત તબક્કે લઇ જવાનું આયોજન છે.

ગરબાડા તાલુકામાં ખેડૂતોને હિસ્સો (ભંડોળ)

* ૨૪૧૯૪ શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલ દાહોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીમાંથી ગરબાડા તાલુકા ખેતીવાડી ઉત્પાદન બજાર સમીતી અલગ થતાં ગરબાડા તાલુકાના ખેડૂતોને હિસ્સો (ભંડોળ) કેટલો આપવામાં આવ્યો ?

જવાબ

તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલ દાહોદ ખેતીવાડી ઉત્પન્નબજાર સમિતીમાંથી ગરબાડા તાલુકા ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતી અલગ થતાં ગરબાડા તાલુકાના ખેડૂતોને હિસ્સો (ભંડોળ) આપવામાં આવેલ નથી.

પ્રાંતિજ/તલોદ તાલુકામાં તળાવો નર્મદા આધારીત પાઇપલાઇનનાં પાણીથી ભરવા બાબત

* ૨૪૨૮૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાંથી પસાર થતી નર્મદા આધારીત પાઇપ લાઇનથી કેટલા ગામના તળાવોમાં પાઇપ લાઇનથી પાણી નાખવા માટે છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવી?

જવાબ

પ્રાંતિજ તાલુકામાં બે ગામ.

બનાસકાંઠા જિલ્લામાં બોર/કુવા બનાવવા જમીન માટે અરજીઓ

* ૨૩૦૦૨ શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બોર અને કુવા બનાવવા જમીન મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ મુખ્યત્વે ક્યા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

જવાબ

(૧) કુલઃ ૨ અરજી મળી.

(૨) શુન્ય.

(૩) (અ) જમીન ગૌંચરની હોવાથી

(બ) બીજા માંગણીદારનું અવસાન થતાં

અરજી

દફ્તરે કરેલ છે.

(૪) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં ફાળવેલ રાસાયણિક ખાતર

* ૨૨૪૪૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માંગણીની સામે છેલ્લા બે વર્ષમાં માસવાર રાસાયણિક ખાતરો પૈકી યુરીયા, ડી.એ.પી. પોટાશની કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૨) આ ફાળવેલ જથ્થા પૈકી કેટલું ખાતર જે તે તાલુકા સ્થળે કયારે પહોંચાડવામાં આવ્યું ?

જવાબ

(૧) તાલુકાવાર રાસાયણિક ખાતરોની અંદાજીત જરૂરિયાત અને ફાળવણી અલગથી કરવામાં આવતી નથી. તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અંદાજીત જરૂરિયાત માંગણી સામે છેલ્લા બે વર્ષમાં માસવાર રાસાયણિક ખાતરો પૈકી યુરીયા, ડી.એ.પી. પોટાશની ફાળવણીની વિગતો *પત્રક–૧ મુજબ છે.

(૨) આ ફાળવેલ જથ્થા પૈકી રાસાયણિક ખાતરો તાલુકાવાર માસવાર સામેલ *પત્રક–૨ મુજબ પહોંચાડવામાં આવેલ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટે નર્મદા નહેરનું પાણી

* ૨૪૨૩૮ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના કયા તાલુકાઓમાં નર્મદા નહેરનું પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉકત જિલ્લાના કયા તાલુકામાં નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવામાં આવતું નથી. અને તે તાલુકાને સિંચાઈનું પાણી આપવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લાનો સરદાર સરોવર યોજનાના મૂળ આયોજન મુજબ કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થયેલ ન હોવાથી નર્મદા યોજનાનું નહેરો મારફત સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી.

પરંતુ નર્મદા મુખ્ય નહેર આધારિત પાઈપલાઈનો મારફત પ્રાંતિજ, તલોદ, હિંમતનગર તાલુકાઓને પૂરક સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી, પોશીના અને ઈડર તાલુકાઓને નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવામાં આવતું નથી.

ઉક્ત તાલુકાઓને સિંચાઈ માટે પાણી આપવાનું હાલમાં કોઈ આયોજન નથી.

મહિસાગર અને પંચમહાલ જિલ્લાનાં ડેમોમાંથી કાંપ કાઢવા બાબત

* ૨૨૩૮૭ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાં આવેલ કયા ડેમોમાં રેતી, માટી અને કાંપ ભરાયેલ છે,અને

(૨) આ ડેમોમાં ભરાયેલ રેતી, માટી અને કાંપ દુર કરવા ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) મહીસાગર જિલ્લાના કડાણા અને ભાદર તથા પંચમહાલ જિલ્લાના પાનમ, હડફ અને કરાડ ડેમોના જળાશયોમાં કાંપ ભરાયેલ છે.

(૨) જળાશયોમાં પાણી ભરાયેલ હોવાથી કાંપ દૂર કરવાની કામગીરી થઈ શકેલ નથી. આગામી વર્ષમાં જળાશય ખાલી થાય તો આયોજન કરવામાં આવનાર છે.

વલસાડ જિલ્લાને ખાતરનો જથ્થો

* ૨૪૧૬૪ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા મેટ્રીક ટન ખાતર ફાળવવામાં આવ્યું, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં વર્ષઃ ૨૦૧૪માં ૩૬,૮૧૧ મે.ટન તથા વર્ષ ૨૦૧૫માં ૪૦,૨૦૧ મે.ટન રાસાયણિક ખાતરોનો જથ્થો ફાળવવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર ખાતરની ફાળવણી કયા ડેપો પરથી કરવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ રાસાયણિક ખાતરોની ફાળવણી સામેલ *પત્રક-૧ મુજબના ખાતર વિક્રેતા/ડેપો પરથી કરવામાં આવી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો

* ૨૪૧૮૪ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત ઔદ્યોગિક વસાહત |
|---|---|---|
| ૧. | વલસાડ | ૧ |
| ૨. | પારડી | ૧ |
| ૩. | વાપી | ૧ |
| ૪. | ઉમરગામ | ૪ |
| ૫. | ધરમપુર | ૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કયા તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો નથી અને તે તાલુકામાં આ વસાહતો બનાવવા સરકારે છેલ્લા એક વર્ષમાં શું આયોજન કરેલ છે ? | (૨) કપરાડા તાલુકામાં ઔદ્યોગિક વસાહત નથી. આ તાલુકામાં વસાહત બનાવવા માટે સરકારી પડતર જમીનની ઉપલબ્ધી તેમજ અનુકૂળ સ્થળ માટે પરામર્શ ચાલુ છે. |

અંબાજી એરીયા ડેવલપમેન્ટનાં નકશા મુજબ પાર્કીંગ સુવિધા માટે જમીન બાબત

* ૨૩૭૩૦ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી એરીયા ડેવલપમેન્ટના વિકાસ નકશામાં દર્શાવ્યા પ્રમાણે પાર્કીંગની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકારી જમીનોની માંગણી માટે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી દરખાસ્તો થઈ છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) તે દરખાસ્તો મંજુરી માટે ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જામનગર જિલ્લામાં પાટીદાર અનામત આંદોલન સામે પોલીસ દ્વારા કથિત અત્યાચાર કે બળપ્રયોગ અંગેની ફરિયાદ.

* ૨૪૧૧૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન દરમ્યાન પોલીસ દ્વારા કથિત અત્યાચાર કે બળપ્રયોગ અંગેની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી, | (૧) ૨ (બે) |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા અને કેટલા પોલીસ કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા, | (૨) એક ફરિયાદમાં તપાસ કરવામાં આવી રહી છે અને બીજી ફરિયાદમાં અજાણ્યા પોલીસના માણસો વિરૂધ્ધ ગુનો દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કાર્યવાહી/પગલાં | (૩) બનતી ત્વરાએ. |

ક્યાં સુધીમાં હાથ ધરવામાં આવનાર છે?

બનાસકાંઠા જિલ્લામાં પોલીસનું મહેકમ

* ૨૪૦૯૫ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,<br>(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧), (૨) અને (૩) પત્રક મુજબ. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે,<br>(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ : ૩૫ ઉમેદવારોની બનાસકાંઠા જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ. / પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે. |

પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૧૭ | ૧૦ | ૭ | ૧ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૬૧ | ૬૧ | ૦ | ૦ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૮ | ૦૫ | ૩ | ૧ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૨૩૮ | ૨૩૫ | ૩ | ૦ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૬૪ | ૫૬ | ૮ | ૦ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૫ | ૧૪ | ૧ | ૦ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૫૩ | ૧૭૮ | ૭૫ | ૦ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૩૪ | ૯૩ | ૪૧ | ૯ |
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૪૯ | ૨૪ | ૨૫ | ૧૦ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૮૩ | ૪૮૬ | ૧૯૭ | ૪૪ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૫૩ | ૪૯૪ | ૧૫૯ | ૬૦ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૧૩ | ૮૨ | ૩૧ | ૧૪ |
| ૧૩. | આઉટ સોર્સ (ડ્રાયવર) | ૧૦ | ૦ | ૧૦ | ૦ |

જૂનાગઢ જિલ્લામાં ગૌચર–ખરાબાની જમીન વેચાણથી આપવા બાબત

* ૨૧૭૨૬ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગૌચર–ખરાબાની કેટલી જમીન કયા હેતુ માટે વેચાણથી આપવામાં આવી, | (૧) સામેલ *પત્રક મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સંબંધિત ગ્રામ પંચાયતની મંજૂરી મેળવવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા જી, જે કિસ્સામાં ગ્રામ્ય વિસ્તારની ગૌચરની જમીન આપવામાં આવેલ છે તેવા કિસ્સામાં સંબંધિત ગ્રામ પંચાયતનો સહમતી ઠરાવ મેળવવામાં આવેલ છે. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે ? | (૩) જુનાગઢ મહાનગરપાલીકા વિસ્તારમાં ગ્રામ પંચાયત અસ્તિત્વમાં ન હોય ઠરાવ મેળવેલ નથી તેમજ સરકારી ખરાબો/પડતર જમીનમાં ગ્રામ પંચાયતની મંજુરી |

મેળવવાની રહેતી ન હોય મેળવવામાં આવેલ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ યુરીયા/ડી.એ.પી.ના જથ્થાની માંગણી

* ૨૪૧૨૦ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે યુરિયા, ડી.એ.પી. ફર્ટિલાઈઝર ખાતરોના કેટલા જથ્થાની માંગણી કે દરખાસ્ત કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે યુરિયા, ડી.એ.પી. એમ.ઓ.પી., એન.પી.કે એસ.એસ.પી. ખાતરોના જથ્થાની નીચે મુજબ માંગણી કરવામાં આવેલ. |

| અ. નં. | વર્ષ | માંગણી કરેલ ખાતરનો જથ્થો (મે.ટનમાં) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | યુરીયા | ડી.એ.પી. | એમ.ઓ.પી. | એન.પી.કે. | એસ.એસ.પી. |
| ૧ | ૨૦૧૪ | ૨૩,૭૫,૦૦૦ | ૫,૭૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૫,૧૭,૯૦૦ | ૧,૭૦,૦૦૦ |
| ૨ | ૨૦૧૫ | ૨૬,૯૦,૦૦૦ | ૫,૭૦,૦૦૦ | ૧,૭૦,૦૦૦ | ૫,૫૧,૧૦૦ | ૧,૯૪,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા પુરો પાડવામાં આવ્યો, અને | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા નીચે મુજબ યુરિયા, ડી.એ.પી. એમ.ઓ.પી., એન.પી.કે., એસ.એસ.પી. ખાતરોનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો |

| અ. નં. | વર્ષ | સપ્લાય થયેલ ખાતરનો જથ્થો (મે.ટનમાં) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | યુરીયા | ડી.એ.પી. | એમ.ઓ.પી. | એન.પી.કે. | એસ.એસ.પી. |
| ૧ | ૨૦૧૪ | ૨૨,૦૩,૪૧૧ | ૪,૨૩,૭૧૪ | ૧,૦૪,૭૦૩ | ૫,૫૮,૧૪૯ | ૧,૩૩,૬૨૬ |
| ૨ | ૨૦૧૫ | ૨૧,૮૯,૭૨૭ | ૪,૭૭,૯૬૩ | ૧,૦૪,૬૦૦ | ૫,૮૫,૫૮૬ | ૧,૨૮,૬૧૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર માંગ કરતા જથ્થો અપૂરતો મળેલ છે કે કેમ, અને તે અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર | (૩) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં પાક પરિસ્થિતિ મુજબની જરૂરીયાતને ધ્યાને લેતાં રાજ્યમાં રાસાયણિક ખાતરોનો પૂરતો જથ્થો સપ્લાય થયેલ છે.<br>રાજ્યમાં રાસાયણિક ખાતરોનો જથ્થો સમયસર મળી રહે તે માટે વખતોવખત સરકાર દ્વારા પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે તેમજ ભારત સરકાર દ્વારા દર અઠવાડિયે યોજવામાં આવતી વીડીયો કોન્ફરન્સમાં જરૂરી રજૂઓતો કરી જરૂરીયાત મુજબનો જથ્થો મેળવેલ છે. |

સમક્ષ શું
ફરીયાદ કે
રજૂઆતો
કરવામાં આવી
?

ઘોઘા–દહેજ રો રો ફેરી સર્વિસ બાબત

* ૨૧૭૧૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઘોઘા–દહેજ રો–રો ફેરી સર્વિસની કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૧)<br>❖ ટર્મિનલનું બાંધકામઃ– તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૫૯.૫૯% કામગીરી પૂર્ણ થયેલ છે.<br>❖ ડ્રેજીંગનું કામઃ– હાલના તબક્કે છેવટની બેથેમેટ્રીને આધારે નકશા અને અંદાજો આખરી કરી નવેસરથી ભાવપત્રક મંગાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>❖ રો–રો ફેરી ઓપરેશનઃ– એજન્સી મે. સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા.લી., સુરત (લીડ મેમ્બર) ની સાથે મે. બ્લેકબોલ ટ્રાન્સપોર્ટ, યુ.એસ.એ. (ટેકનિકલ મેમ્બર) અને મે. સ્ટાર ફેરી ઇન્ડીયા પ્રા.લી., ગુરગાંવની દરખાસ્તને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે અને તા.૧૧–૮–૨૦૧૫ ના રોજ લેટર ઓફ ઇન્ટેન્ટ (એલઓઆઇ) આપવામાં આવેલ છે અને તેઓ દ્વારા સાઇટ વીઝીટ કરીને આયોજનની કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) આ ફેરી સર્વિસ માટે કેટલી રકમનો મૂળ અંદાજ મુકવામાં આવ્યો હતો અને ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કામ પૂર્ણ થયે, થવાનો અંદાજ છે, અને | (૨) મુળ અંદાજ ખર્ચ રૂ.૨૯૬ કરોડનો હતો અને હાલની સ્થિતિએ રૂ.૫૦૯ કરોડનો ખર્ચ અંદાજાયેલ છે. |
| (૩) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાની હતી ? | (૩) આ કામગીરી ૧૫ માસના સમયમાં પૂર્ણ કરવાની હતી. |

મહેસાણા જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત

* ૨૪૦૫૭ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૮૦:૨૦) હેઠલ કેટલા ચેકડેમો મંજુર કરવામાં આવ્યા છે, અને કેટલા ચેકડેમો નામંજુર કરવામાં આવ્યા છે, અને | (૧) તમામ મળેલ ૧૮ દરખાસ્તો મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજુર થયેલ કેટલા ચેકડેમોની કામગીરી ઉક્ત સ્થિતિએ વર્ષવાર હાથ ધરવામાં આવી અને કેટલાની પૂર્ણ કરવામાં આવી ? | (૨) |

| વર્ષ | હાથ ધરેલ | પૂર્ણ કરેલ |
|---|---|---|
| ૧–૨–૧૪ થી ૩૧–૧–૧૫ | ૯ | ૯ |
| ૧–૨–૧૫ થી ૩૧–૧–૧૬ | ૯ | ૯ |

| | | |
|---|---|---|
| કુલઃ | ૧૮ | ૧૮ |

ગઢડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ખૂનના ગુન્હાની તપાસ

* ૨૨૪૦૮ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લાના ગઢડા પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજિસ્ટર નંબર–૦૦/૧૮/૧૪ થી ખુનનો ગુન્હો નોંધાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ફરીયાદ અન્વયે તા.૧–૧–૨૦૧૬ ની સ્થિતિ સુધીમાં કેટલા આરોપી પકડાયા ? | (૨) ગુનો વણશોધાયેલ હોવાથી કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ નથી. |

માણસા શહેર ફરતે રીંગ રોડ બનાવવા બાબત

* ૨૩૪૪૬ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ માણસા શહેર ફરતે રીંગ રોડ બનાવવાની કોઇ યોજના છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આ યોજના અમલી બનાવી રીંગ રોડ બનાવી માણસા શહેરને ટ્રાફિક મુક્ત બનાવવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જુનાગઢ જિલ્લાનાં ગામોની જિલ્લા કલેક્ટર જુનાગઢ દ્વારા મુલાકાત

* ૨૩૮૭૭ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં સન ૨૦૧૫ માં જિલ્લા કલેક્ટર, જુનાગઢ દ્વારા જિલ્લાના કેટલા અને ક્યા ગામોની મુલાકાત લેવામાં આવી, | (૧) સન ૨૦૧૫ માં જિલ્લા કલેક્ટર જુનાગઢ દ્વારા ૬૫ ગામોની મુલાકાત લેવામાં આવી, મુલાકાત લીધેલ ગામોની યાદીનું પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મુખ્યત્વે ક્યા મહેસૂલી પ્રશ્નો, સમસ્યાઓ અને આર્થિક ગેરરીતિઓની ફરિયાદો મળી/જોવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ મુખ્યત્વે ખનીજચોરી, મહેસૂલી કેસો, સહાયની યોજનાઓ, બંદરોના વિકાસ માટે જમીન વગેરે પ્રકારની રજૂઆતો ધ્યાને આવી. |
| (૩) મળેલ ફરિયાદો / સમસ્યાઓ / આર્થિક ગેરરીતીઓના ઉકેલ માટે મુખ્યત્વે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) મળેલ ફરિયાદો પરત્વે નીચેની કાર્યવાહી કરવામાં આવી.<br>૧. જુનાગઢ તાલુકાની ખનીજ ચોરીની ફરિયાદમાં કલેક્ટર, પોલીસખાતુ અને ખનીજખાતાના અધિકારીઓએ દરોડો પાડી, ૨૧ ટ્રક, ૧ ટ્રેક્ટર, ૨ હીટાચી અને ૧ જેસીબી ડીટેઇન કરીને અનઅધિકૃત ખનન બદલ રૂ.૧૬,૩૨,૯૩૭/– નો દંડ કર્યો.<br>૨. માંગરોળ તાલુકાની ગેરકાયદેસર માઇનીંગની રજૂઆતમાં ૯૩૬૫ મેટ્રિક ટન બીલ્ડીંગ લાઇમ સ્ટોન ખનીજ ચોરી પકડી મુદ્દામાલ તથા વાહનો સહિત રૂ.૫૮,૭૨,૩૬૦/– નો પોલીસ કેસ દાખલ કર્યો.<br>૩. માંગરોળના હયાત બંદરનું આધુનીકરણ અને વિકાસ માટે કલેક્ટરની દરખાસ્ત વિચારણામાં લઇ સરકારે ૬૩,૮૦૫ ચો.મી. જમીન ફાળવવાની સૈધ્ધાંતિક મંજૂરી આપી.<br>૪. આ ઉપરાંત અન્ય નાના–મોટા પડતર પ્રશ્નોના નિકાલ માટે તાબાના અધિકારીઓને વહીવટી સૂચનાઓ આપી. |

પત્રક

| ક્રમ | ગામનુ નામ | તાલુકાનુ નામ | ક્રમ | ગામનુ નામ | તાલુકાનુ નામ |
|---|---|---|---|---|---|
| ૧ | બલીયાવડ | જુનાગઢ | ૩૪ | ખોરાસા ગીર | માળીયા, ઇચા. કલેક્ટરશ્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ભવનાથ | જુનાગઢ | ૩૫ | શીલ | માંગરોળ, ઇચા. કલેક્ટરશ્રી |
| ૩ | તોરણીયા | જુનાગઢ | ૩૬ | કુબા | વીસાવદર ઇચા. કલેક્ટરશ્રી |
| ૪ | પ્લાસ્વા | જુનાગઢ | ૩૭ | માંડાવડ | વીસાવદર ઇચા. કલેક્ટરશ્રી |
| ૫ | સાસણ | મેંદરડા | ૩૮ | આલીધ્રા | મેંદરડા, ઇચા. કલેક્ટરશ્રી |
| ૬ | ભાલછેલ | મેંદરડા | ૩૯ | ખડીયા | જુનાગઢ |
| ૭ | નાની ખોડીયાર | મેંદરડા | ૪૦ | મેંદરડા | મેંદરડા |
| ૮ | ખીજડીયા | વીસાવદર | ૪૧ | સુખપૂર | જુનાગઢ |
| ૯ | થુંબાડા | જુનાગઢ | ૪૨ | ભીયાળ | જુનાગઢ |
| ૧૦ | ચોરવાડી | જુનાગઢ | ૪૩ | લોએજ | માંગરોળ |
| ૧૧ | વંથલી | વંથલી | ૪૪ | દીવાસા | માંગરોળ |
| ૧૨ | નાના કાજડીયાળા | વંથલી | ૪૫ | હરીપુર | મેંદરડા |
| ૧૩ | માખીયાળા | જુનાગઢ | ૪૬ | ખડપીપળી | મેંદરડા |
| ૧૪ | ભેસાણ | ભેસાણ | ૪૭ | ઇવનગર | જુનાગઢ |
| ૧૫ | મેંદપરા | ભેસાણ | ૪૮ | વીજાપુર | જુનાગઢ |
| ૧૬ | ખારચીયા | ભેસાણ | ૪૯ | ચોકી | જુનાગઢ |
| ૧૭ | વાણંદીયા | જુનાગઢ | ૫૦ | ઝાલણસર | જુનાગઢ |
| ૧૮ | કેરાળા | જુનાગઢ | ૫૧ | ગલીયાવડ | જુનાગઢ |
| ૧૯ | પાટલા | ભેસાણ | ૫૨ | રાણપુર | ભેસાણ |
| ૨૦ | બામણગામ | જુનાગઢ | ૫૩ | પીપળી | કેશોદ |
| ૨૧ | ભાટગામ | ભેસાણ | ૫૪ | માણેકવાડા | કેશોદ |
| ૨૨ | સુખપુર | ભેસાણ | ૫૫ | ગાંઠીલા | વંથલી |
| ૨૩ | વડાલ | જુનાગઢ | ૫૬ | ધણફુલયા | વંથલી |
| ૨૪ | નાગલપુર | મેંદરડા | ૫૭ | લુવારસર | વંથલી |
| ૨૫ | ડઠાળી | મેંદરડા | ૫૮ | ડુંગરપુર | જુનાગઢ |
| ૨૬ | કેવદ્રા | કેશોદ | ૫૯ | દોલતપરા | જુનાગઢ |
| ૨૭ | ખોરાસા | વંથલી | ૬૦ | વીસળ હડમતીયા | ભેસાણ |
| ૨૮ | કેશોદ | કેશોદ | ૬૧ | મોવાણા | કેશોદ |
| ૨૯ | બીલખા | જુનાગઢ | ૬૨ | ડેરવાણ | જુનાગઢ |
| ૩૦ | ચાપરડા | વીસાવદર | ૬૩ | પીપલાણા | માણાવદર |
| ૩૧ | બરડીયા | વીસાવદર | ૬૪ | નરેડી | વંથળી |
| ૩૨ | વીસાવદર | વીસાવદર | ૬૫ | બોડકા | માણાવદર |
| ૩૩ | જીંજરી | માણાવદર, ઇચા. કલે.શ્રી | | | |

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

* ૨૩૬૮૬ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતાનું સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) *પત્રક મુજબ. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલઃ ૩૫ ઉમેદવારોની બનાસકાંઠા જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઇ./ પી.એસ.આઇ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાજ્યમાં ચીફ ઓફિસરની ખાલી જગ્યાઓ

* ૨૪૧૫૬ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરની મંજુર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરની મંજુર મહેકમ ૧૬૨ પૈકી કુલ–૮૩ જગ્યાઓ ખાલી છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ? | (૨) ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ભરતી નિયમો આખરી થયેથી સત્વરે ભરવામાં આવશે. |

ગાંધીનગર જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રમાં સર્કલની મંજૂરી વગર પાડેલ નોંધો

* ૨૩૭૮૯ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રમાં સક્ષમ અધિકારીની મંજૂરી વગર કેટલી નોંધ પાડવામાં આવી, અને | (૧) મંજૂરી વગર કોઇ નોંધ પાડવામાં આવી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા તકરારી આર.ટી.એસ. તથા કેટલા ગણોતધારા અન્વયેના કેસ નોંધાયેલ છે ? | (૨) |

| તકરારી કેસો | આર.ટી.એસ. કેસો | ગણોતધારા કેસો |
|---|---|---|
| ૧૧૯૧ | ૧૭૦૫ | ૬૨૧ |

ઓરસંગ નદી ઉપર મોટા ચેકડેમ બાબત

* ૨૧૭૦૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૧–૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર નગરને પીવાના પાણી માટે ઓરસંગ નદીમાં જળ સંગ્રહ શકિત માટે મોટા કદનો ચેકડેમ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂરી અપાઇ, | (૧) તા.૩–૩–૨૦૧૪. |
| (૨) આ કામગીરી માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી, | (૨) રૂ.૪૮૮.૫૯ લાખ. |
| (૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને | (૩) નકશા અંદાજ તબક્કે. |
| (૪) આ કામગીરી ક્યારે શરૂ થશે અને ક્યારે પૂર્ણ થશે ? | (૪) આલેખન આખરી થયેથી વહીવટી પ્રક્રિયા શક્ય તેટલી વહેલી પૂર્ણ કરી, શક્ય તેટલી વહેલી કામગીરી કરવાનું આયોજન છે. |

રાજ્ય સરકાર દ્વારા ધોલેરા ખાસ મૂડીરોકાણ વિસ્તાર વિકાસ સત્તામંડળને જમીન વેચાણ

* ૨૩૦૧૨ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાસ મૂડી રોકાણ વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકાર હસ્તકની કેટલી જમીન ચોરસ મીટર દીઠ શા ભાવે ધોલેરા ખાસ મૂડી રોકાણ વિસ્તાર વિકાસ સત્તા મંડળને વેચી, અને | (૧) ધોલેરા ખાસ મૂડી રોકાણ વિસ્તાર વિકાસ સત્તામંડળને તા.૧૨–૧–૧૧ ના ઠરાવથી હે.૨૮૫૦૨–૮૯–૪૦ ચો.મી. જમીન ફાળવેલ હતી. ત્યારબાદ આ ઠરાવમાં તા.૧૯–૧૦–૧૫ ના રોજ સુધારો કરી, ઉદ્યોગ અને ખાણ વિભાગની કિંમત નક્કી કરવા માટેની સમિતિ દ્વારા નક્કી કરેલ પ્રતિ ચો.મી. રૂ.૬૦૦/– કિંમત ફાળવણી સમયની કિંમત ગણી વસુલ કરવા ઠરાવેલ છે. |
| (૨) તે અન્વયે સરકારને કુલ કેટલી આવક થઇ ? | (૨) કુલ રૂ.૧૭૧૦૧,૭૩,૬૪,૦૦૦/– ની આવક થનાર છે. |

અમદાવાદ શહેર/જિલ્લામાં પકડાયેલ ગૌમાંસનો જથ્થો

* ૨૧૬૫૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર/જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌમાંસ (બીફ) પકડાયાના કેટલા કિસ્સા નોંધાયા અને કેટલો જથ્થો પકડાયો, | (૧) વર્ષ ૨૦૧૪માં અમદાવાદ શહેરમાં ૫૩ તથા અમદાવાદ ગ્રામ્યમાં ૧૯ બનાવ બનેલ છે, જેમાં અનુક્રમે ૩૯૫૫૩ કિ.ગ્રા. તથા ૮૭૩૬૫ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે. |

જયારે વર્ષ ૨૦૧૫માં અમદાવાદ શહેરમાં ૩૯ તથા અમદાવાદ ગ્રામ્યમાં ૧ બનાવ બનેલ છે, જેમાં અનુક્રમે ૩૫૫૫૦ કિ.ગ્રા. તથા ૮૦ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) વર્ષ ૨૦૧૪માં અમદાવાદ શહેરમાં ૧૧૮ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેમાંથી ૯૨ આરોપીઓ વિરૂધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવાયેલ છે, જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૪૧ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેમાંથી ૧૦ આરોપી વિરૂધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવાયેલ છે.

વર્ષ ૨૦૧૫માં અમદાવાદ શહેરમાં ૮૯ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેમાંથી ૩૧આરોપીઓ વિરૂધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવાયેલ છે, જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૩ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ ગુન્હાઓમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ (સુધારા) ૨૦૧૧ તથા પશુ પ્રત્યે ઘાતકીપણા અધિનિયમ-૧૯૬૦ અને આઇપીસી કલમો નીચે પગલાં લેવાયેલ છે.

(૩) કેટલા કિસ્સામાં ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ની જોગવાઈ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) તમામ બનાવોમાં આ અધિનિયમની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

## કપડવંજ-બાલાશિનોર-કઠલાલ અને વિરપુર તાલુકાનાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી

* ૨૩૪૦૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કપડવંજ-બાલાશિનોર-વિરપુર અને કઠલાલ તાલુકામાં ખેડૂતોને સિંચાઈ માટે સુજલામ સુફલામ કેનાલ મારફતે સિંચાઈનો લાભ મળતો નથી તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકાઓને સિંચાઈનો લાભ મળે તે માટે રાજ્ય સરકારે શા પગલા લીધા છે?

જવાબ

(૧) પ્રશ્ન હેઠળના તાલુકાઓ પૈકી કપડવંજ, બાલાશિનોર અને વિરપુર તાલુકાઓને સુજલામ સુફલામ કેનાલ મારફતે સિંચાઈનો પરોક્ષ લાભ મળે છે, જયારે કઠલાલ તાલુકાને આ કેનાલથી સિંચાઈનો લાભ મળતો નથી.

(૨) ઉક્ત તાલુકાઓને સિંચાઈનો લાભ મળે તે માટે રાજ્ય સરકારે સરદાર સરોવર યોજનાની નહેરો, ૧૩૧૯ મોટા/નાના ચેકડેમો, ૧૫૪ તળાવો, એક ઉદવહન સિંચાઈ યોજના તેમજ ૨૧ પાતાળકુવાઓની કામગીરી કરેલ છે.

આ ઉપરાંત ૧૫ નાના/મોટા ચેકડેમો, એક ઉદવહન સિંચાઈ યોજના, લાંક સિંચાઈ યોજનાની પેટા કેનાલો અને સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલમાંથી બે લીંક કેનાલો કરવાનું આયોજન કરેલ છે.

## ઉકાઈ જમણા કાંઠા ગોડધા લીન્ક કેનાલની મંજુરી

* ૨૩૭૮૭ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ઉકઈ જમણા કાંઠા ગોડધા લીન્ક કેનાલની મંજુરી કયારે અને કેટલી રકમ સાથે મંજુર કરવામાં આવી હતી,

જવાબ

(૧) સરકારશ્રીના તા. ૧૭-૧૧-૧૯૯૭ના પત્રથી ઉકાઈ-ગોરધા કેનાલને રૂ. ૪૪.૩૬ કરોડ અને સરકારશ્રીના તા. ૨૨-૧૧-૨૦૧૩ના પત્રથી

કાકરાપાર–ગોરધા લીન્ક કેનાલને રૂ. ૧૯૬.૪૯ કરોડની સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિ સુધી કોઈ કાર્યવાહી કે પ્રગતિ થઈ નથી તેના કારણો શા છે, અને

(૨) ઉકાઈ જમણા કાંઠા ગોરધા લિન્ક કેનાલની લાઈન દોરીમાં આવતી જંગલ જમીનના કારણે, ઉકાઈ ગોરધા જમણાં કાંઠા લીન્ક કેનાલની યોજના હાલ સ્થગીત કરવામાં આવેલ છે જેની અવેજીમાં કાકરાપાર–ગોરધા વડગામ સુધી પાઈપલાઈન મારફતે પાણી લઈ જવાની યોજનાની કામગીરી હાથ પર લેવામાં આવી છે.

(૩) આ કામો કેટલા સમયમાં શરૂ કરી પુર્ણ કરવામાં આવશે.

(૩) આ યોજનાના શક્યતાદર્શી અહેવાલની કામગીરી પ્રગતિમાં છે. જે આગામી ૪ માસમાં પુર્ણ કરીને મંજુરી મેળવી, શક્ય તેટલી વહેલી કામગીરી પુર્ણ કરવાનું આયોજન છે.

ખેડા અને આણંદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૨૮૭૩ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ધાડ, ચોરી, અપહરણ અને આપઘાતના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા ગુનાઓ ડીટેક્ટ થયા અને કેટલા ગુનાઓ અનડીટેક્ટ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ ગુનાઓ અટકાવવા સરકારે શા પગલાં લીધાં?

જવાબ

(૧) પત્રક મુજબ

(૨)

| વર્ષ | ડીટેક્ટ | અનડીટેક્ટ |
|---|---|---|
| ૨૦૧૪ | ૬૯૯ | ૨૫૧ |
| ૨૦૧૫ | ૬૫૮ | ૩૨૩ |

(૩) આ પ્રકારના બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેકીંગ હેઠળ નાઈટ પેટ્રોલિંગ, મોબાઈલ પેટ્રોલિંગ, કોમ્બીગ નાઈટ, મોટર સાઈકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પેટ્રોલિંગ તેમજ નાઈટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રીસીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા ગુના કરવા વાળા તથા બહારથી મજૂરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઈસમો ઉપર વોચ રાખવામાં આવે છે, તેમજ આંગડિયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ–દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કૂલ, કોલેજ, એસ.ટી. સ્ટેન્ડ જેવી ભીડ–ભાડ વાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલિંગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લીક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. મહિલાઓને થતી મુશ્કેલી નિવારવા સરકારશ્રી દ્વારા ૧૦૯૧ તથા ૧૮૧ અભયમ્ નામની હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે.

પત્રક

ખેડા–વર્ષ ૨૦૧૪

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| નડિયાદ | ૨ | ૧ | ૪ | ૩ | ૮૨ | ૧૬ | ૨૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઠાસરા | ૪ | ૦ | ૩ | ૦ | ૨૭ | ૧૪ | ૧૩ |
| વસો | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ |
| માતર | ૪ | ૧ | ૦ | ૧ | ૬ | ૭ | ૪ |
| ગળતેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કપડવંજ | ૨ | ૧ | ૩ | ૩ | ૨૨ | ૧૫ | ૩ |
| કઠલાલ | ૫ | ૦ | ૧ | ૦ | ૭ | ૧ | ૬ |
| મહેમદાવાદ | ૨ | ૦ | ૦ | ૦ | ૮ | ૧૨ | ૨ |
| ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૭ | ૩ |
| મહુધા | ૨ | ૧ | ૦ | ૧ | ૭ | ૫ | ૨ |

ખેડા–વર્ષ ૨૦૧૫

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| નડિયાદ | ૧૭ | ૧ | ૫ | ૨ | ૮૪ | ૨૯ | ૨૪ |
| ઠાસરા | ૪ | ૧ | ૨ | ૧ | ૨૭ | ૧૭ | ૪ |
| વસો | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૪ | ૩ |
| માતર | ૪ | ૧ | ૦ | ૧ | ૧૬ | ૪ | ૬ |
| ગળતેશ્વર | ૧ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ | ૩ |
| કપડવંજ | ૧ | ૧ | ૧ | ૦ | ૪ | ૭ | ૫ |
| કઠલાલ | ૩ | ૦ | ૦ | ૧ | ૫ | ૫ | ૫ |
| મહેમદાવાદ | ૭ | ૦ | ૧ | ૦ | ૧૫ | ૭ | ૩ |
| ખેડા | ૨ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૫ | ૨ |
| મહુધા | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૪ | ૨ |

આણંદ–વર્ષ ૨૦૧૪

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૧૨ | ૧૬ | ૬ | ૩ | ૨૫૧ | ૧૮ | ૩૧ |
| ઉમરેઠ | ૨ | ૧ | ૧ | ૦ | ૧૯ | ૯ | ૭ |
| પેટલાદ | ૪ | ૩ | ૩ | ૨ | ૧૮ | ૧૫ | ૩ |
| બોરસદ | ૭ | ૭ | ૧ | ૧ | ૨૮ | ૧૨ | ૭ |
| આંકલાવ | ૩ | ૨ | ૧ | ૦ | ૧૦ | ૮ | ૦ |
| ખંભાત | ૫ | ૦ | ૦ | ૦ | ૧૮ | ૭ | ૧૫ |
| સોજીત્રા | ૩ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ | ૦ |
| તારાપુર | ૧ | ૨ | ૦ | ૧ | ૬ | ૨ | ૧૮ |

આણંદ–વર્ષ ૨૦૧૫

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૯ | ૧૭ | ૧૨ | ૩ | ૨૦૭ | ૩૧ | ૩૮ |
| ઉમરેઠ | ૪ | ૧ | ૪ | ૨ | ૧૯ | ૨૦ | ૪ |
| પેટલાદ | ૬ | ૨ | ૦ | ૨ | ૩૦ | ૧૪ | ૩ |
| બોરસદ | ૭ | ૩ | ૩ | ૦ | ૩૨ | ૧૪ | ૧ |
| આંકલાવ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૬ | ૦ |
| ખંભાત | ૨ | ૧ | ૨ | ૦ | ૧૬ | ૧૫ | ૯ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સોજીત્રા | ૦ | ૨ | ૦ | ૦ | ૯ | ૬ | ૦ |
| તારાપુર | ૨ | ૦ | ૨ | ૪ | ૫ | ૨ | ૨૪ |

ગારીયાધાર તાલુકામાં શેત્રુંજય ડેમમાંથી સિંચાઈ માટે પાણી

* ૨૪૦૩૫ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ સરકાર દ્વારા શેત્રુંજય ડેમમાં સૌની યોજના અન્વયે પાણી ભરીને ગારીયાધાર તાલુકાના કેટલા ગામના ખેડૂતોને પિયત માટે પાણી આપવાનું શું આયોજન છે ?

જવાબ

સૌની યોજના હેઠળ ગારીયાધાર તાલુકાના ખેડૂતોને પીયત માટે પાણી આપવાનું હાલમાં કોઈ આયોજન નથી.

બનાસકાંઠા જિલ્લામાં પોલીસનું મહેકમ

* ૨૩૦૦૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) પત્રક મુજબ.

(૪) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ : ૩૫ ઉમેદવારોની બનાસકાંઠા જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ. / પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે.

પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૭ | ૧૦ | ૭ | ૧ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬૧ | ૬૧ | ૦ | ૦ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૮ | ૦૫ | ૩ | ૧ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૨૩૮ | ૨૩૫ | ૩ | ૦ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૬૪ | ૫૬ | ૮ | ૦ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૧૫ | ૧૪ | ૧ | ૦ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૫૩ | ૧૭૮ | ૭૫ | ૦ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૩૪ | ૯૩ | ૪૧ | ૯ |
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૪૯ | ૨૪ | ૨૫ | ૧૦ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૮૩ | ૪૮૬ | ૧૯૭ | ૪૪ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૫૩ | ૪૯૪ | ૧૫૯ | ૬૦ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૧૩ | ૮૨ | ૩૧ | ૧૪ |
| ૧૩. | આઉટ સોર્સ (ડ્રાયવર) | ૧૦ | ૦ | ૧૦ | ૦ |

બનાસકાંઠા જિલ્લામાં બિયારણના નમૂના

* ૨૨૪૪૪ શ્રી મણિભાઈ વાઘેલા (વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિપાકના બિયારણના કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા બિન પ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમૂના અંગે ગુણવત્તા નિયંત્રણ દ્વારા ઉકત સ્થિતિએ વર્ષવાર શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિપાકના બિયારણના નીચે મુજબના નમૂના લેવામાં આવ્યા

| તાલુકાનું નામ | લેવાયેલ નમૂના |
|---|---|
| પાલનપુર | ૫૨ |
| અમીરગઢ | ૨૩ |
| વડગામ | ૪૩ |
| દાંતા | ૨૬ |
| ડીસા | ૬૬ |
| કાંકરેજ | ૫૮ |
| ધાનેરા | ૬૫ |
| દાંતીવાડા | ૪૯ |
| દિયોદર | ૩૮ |
| ભાભર | ૪૬ |
| થરાદ | ૫૮ |
| વાવ | ૨૨ |
| કુલ | ૫૪૬ |

(૨) આ નમૂનાઓ પૈકી નીચે મુજબના નમૂના પ્રમાણિત તથા બિન પ્રમાણિત થયા

| તાલુકાનું નામ | પ્રમાણિત | બિનપ્રમાણિત |
|---|---|---|
| પાલનપુર | ૫૧ | ૧ |
| અમીરગઢ | ૨૩ | ૦ |
| વડગામ | ૪૨ | ૧ |
| દાંતા | ૨૫ | ૧ |
| ડીસા | ૬૬ | ૦ |
| કાંકરેજ | ૫૮ | ૦ |
| ધાનેરા | ૬૦ | ૫ |
| દાંતીવાડા | ૪૬ | ૩ |
| દિયોદર | ૩૮ | ૦ |
| ભાભર | ૪૫ | ૧ |
| થરાદ | ૫૬ | ૨ |
| વાવ | ૨૨ | ૦ |
| કુલ | ૫૩૨ | ૧૪ |

(૩) બિન પ્રમાણિત નમૂના અંગે ગુણવત્તા નિયંત્રણ દ્વારા ઉકત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| વર્ષ–૨૦૧૪ | | |
|---|---|---|
| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
| ૧ | ૦૬ | કોર્ટકેસ કરેલ છે |
| ૨ | ૦૬ | વહીવટી પગલાં લીધેલ છે. |
| વર્ષ–૨૦૧૫ | | |
| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
| ૧ | ૦૧ | કોર્ટકેસ કરેલ છે |
| ૨ | ૦૧ | કાર્યવાહી ચાલુ છે. |

વલસાડ જિલ્લામાં બળાત્કારના ગુના

* ૨૪૧૮૫ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બળાત્કારના કેટલા બનાવો તાલુકાવાર નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ પકડાયા અને તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | નોંધાયેલ બનાવો |
|---|---|
| વલસાડ | ૧૨ |
| પારડી | ૦૭ |
| વાપી | ૧૫ |
| ઉમરગામ | ૦૮ |
| ધરમપુર | ૦૨ |
| કપરાડા | ૦૭ |

(૨) તમામ ૬૯ આરોપીઓને પકડી, તેમની સામે આગળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ખલેલ પહોંચાડવાના પ્રયાસ અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરીના કાળ દરિમયાન વિધાનસભાની આ કાર્યવાહીને ખલેલ પહોંચાડવા માટેનો જે પ્રયાસ થયો, એના સંદર્ભમાં આપશ્રીનું એ ધ્યાન છું કે, જયારે પ્રશ્ન ક્રમાંક–૧ આ સન્માનનીય સભાગૃહની અંદર ઉપસ્થિત થયો અને એ પ્રશ્નનો માનનીય મંત્રીશ્રી દ્વારા જવાબ આપવા માટેની પૂરતી તૈયારી હતી, પરંતુ માનનીય મંત્રીશ્રીને સાંભળ્યા સિવાય આ સભાગૃહની અંદર પોસ્ટરો દેખાડીને જે સભ્યશ્રીઓ આ પ્રશ્નકાળ સાથે જોડાયેલા છે અને કોઇપણ પ્રશ્ન નીકળે એટલે આ સમગ્ર સભાગૃહની પ્રોપર્ટી બને છે. એવા સંજોગોમાં આ પ્રશ્નોત્તરીના કાર્યકાળની અંદર વિક્ષેપ કરવામાં આવ્યો. પ્રશ્ન સુજલામ–સુફલામનો હતો. સુજલામ–સુફલામ એ રાજય સરકારની મહત્વાકાંક્ષી યોજના છે. ઉત્તર ગુજરાતની ધરતીના સૂકા પેટાળની અંદર પાણી પહોંચાડીને ધરતીને નવપલ્લવિત કરવા માટેનું કામ આ રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવ્યા ત્યારે એક વાત સ્પષ્ટપણે કહી શકાય કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ પ્રમાણિક સરકાર છે, ખેડૂતોના હિતવાળી સરકાર છે. માનનીય સભ્યશ્રીએ જે અહેવાલ કહ્યો છે એ અહેવાલના સંદર્ભમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કરે છે, પણ આ ભ્રષ્ટાચારના આક્ષેપો એમણે પોતાની પાર્ટીમાં જોવા જોઇએ. જે ભ્રષ્ટાચારની ગંગોત્રી છે ત્યારે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, આ પ્રમાણેનું આપનું માર્ગદર્શન મળે કે, આ સન્માનનીય સભાગૃહની અંદર આ પ્રમાણેના દેખાવો ન થાય, અને પ્રશ્નકાળની અંદર વિક્ષેપ પાડીને સભ્યશ્રીઓનો જે અધિકાર છે એ અધિકાર ઉપર તરાપ ન વાગે એના માટે માનનીય અધ્યક્ષશ્રી આપની પાસેથી હું માર્ગદર્શન માગું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નકાળની ઘટના વિશે અમારા પક્ષના દંડકશ્રીએ મને વિગતવાર વાકેફ કર્યો. માનનીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાની સાથે (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ વખતે હાજર ન હતા.. (અંતરાય)..

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ: આને કોઇ લેવાદેવા નથી સાહેબ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શું બનાવ બન્યો, શું હકીકત છે, એની જાણકારી માનનીય શક્તિસિંહજીને નથી તો એ કેવી રીતે કહી શકવાના છે? એમણે જ કબૂલ કર્યું કે, હું હાજર હતો નહીં.

અધ્યક્ષશ્રી : હું રૂલિંગ આપીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ: માનનીય અધ્યક્ષશ્રી, આપે મને પરમીટ કર્યો છે અને ભૂતકાળમાં અનેક વખત આવી ઘટનાઓનો ઇતિહાસ છે. આ સભ્યશ્રીનો એક રાઇટ છે અને સભ્યશ્રીના રાઇટ પ્રમાણે હું બોલું છું. સિનિયર બે નંબરના મંત્રીશ્રી પાસેથી આવી અપેક્ષા નહોતી. માનનીય મંત્રીશ્રીએ વિસ્તૃત પૂર્વભૂમિકા પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા સાથે બાંધી છે ત્યારે મારે આપને એટલું જ કહેવું છે કે, સુજલામ– સુફલામના સંદર્ભમાં ભૂતકાળમાં બહુમતિ આપના પક્ષના સભ્યશ્રીઓની હતી અને ભ્રષ્ટાચાર થયો છે એ વાત સર્વસંમતિથી આ સભાગૃહના સભ્યશ્રીઓએ રેકોર્ડ કરી છે. સવાલ માનનીય સભ્યશ્રીની ચિંતાનો છે. હાલમાં કેન્દ્રના નાણા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, હાઉસ નહીં ચાલવા દેવું એ પણ વિરોધપક્ષનો અધિકાર છે. ધીસ ઇઝ એ પાર્લામેન્ટરી ટેક્ટીક, આ કેન્દ્રમાં આજે નાણા મંત્રીશ્રી છે એમણે ગૃહ ખોરવી નાખ્યા પછી આ કહ્યું હતું એટલે વિરોધપક્ષ કંઇક કરે એટલે આસમાન તૂટી પડ્યું એવું ના હોય, વિરોધપક્ષે વિરોધ રજૂ કરવાના કારણોમાં આપ જાઓ. આપણા નિયમોથી, કાયદાઓથી, જોગવાઇઓથી વિરુદ્ધ કંઇક થાય ત્યારે વિરોધપક્ષ અવાજ ના ઉઠાવે તો શું કરે? કોઇપણ કમિશન એ કમિશન કોણ બનશે એ આપ નિર્ણય કરો છો, એના જજની નિમણૂક આપ કરો છો. એનો રિપોર્ટ આવી જાય છે. એ રિપોર્ટમાં આ જ બાબત હોય અને છતાં રિપોર્ટ ટેબલ ઉપર લે ન થાય ત્યારે વિરોધપક્ષનો આક્રોશ વધતો હોય છે. સુજલામ સુફલામની સામેની વાત એના માટે આપે એમ.બી. શાહ કમિશન બનાવ્યું, રિપોર્ટ ટેબલ ઉપર મૂકી દો. આપ થાનગઢની ઘટના હોય. (અંતરાય) પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. માનનીય મંત્રીશ્રીએ ખોટું એવન્યુ ખોલ્યું એમણે મર્યાદિત રાખ્યું હોત તો મારી મર્યાદા જ રહેત. પરંતુ એ જયારે એવન્યુ ખોલી આપે છે ત્યારે જ આ તરફથી વાત થાય છે. મારી વાત એ છે કે માત્ર અહીંયા આજે આપણે વાત કરીએ એમ નહિ ભૂતકાળમાં પણ આજ વિધાનસભાગૃહમાં વિરોધપક્ષમાં આપની પાર્ટી હતી ત્યારે મુખ્યમંત્રીશ્રીના હાથમાંથી કાગળો લઇને ફાડીને એમના મોઢા પર માર્યાના દાખલા છે ત્યારે કંઇ નહિ, પરંતુ આજે અમે જનતાનો અવાજ રજૂ કરીએ અને એ પણ મંત્રીશ્રીઓથી સહન ન થાય એટલે આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રહેતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય શકિતસિંહે કહ્યું એમાં અમે સહમત છીએ. લોકશાહીમાં વિધાનસભામાં દરેક વિષયની ચર્ચા થઇ શકે, માનનીય સભ્યશ્રીઓ પોતાની લાગણી, વિચારો, ટીકાઓ બધું વ્યકત કરી શકે. પણ એ નિયમોની મર્યાદામાં રહીને કરવું જોઇએ. જયારે માનનીય પ્રદિપસિંહજીએ સાચું કહ્યું છે કે જયારે પ્રશ્નોત્તરીનો સમય હતો વિધાનસભામાં એક કલાકની ચર્ચા દરમિયાન અનેક પ્રશ્નોને વાચા મળતી હોય છે સરકાર એના ખુલાસા કરતી

હોય છે અને કરેલી કામગીરી રજૂ કરતી હોય છે એ વખતે તમે નથી બોલતા. પ્રશ્નોત્તરીમાં શા માટે આ વિષય ઉભો કર્યો એ અમારે જાણવું છે. પ્રશ્નોત્તરી પછી એ પ્રશ્ન લઇ શકયા હોત. આપ સૌ અનેક નિયમોથી વિધાનસભાની કામગીરીથી અવગત છો, તમે કોઇપણ નિયમોનો ઉપયોગ કરીને તમારે જે વિચારો વ્યકત કરવા હોય અથવા સરકાર પાસે જે માહિતી માગવી હોય એ તમે માગી શકતા હતા. પણ મારે કહેવું છે કે આ બધું વ્યવસ્થિત આયોજનબદ્ધ છે. જે પોસ્ટરો લાગાવીને આવ્યા સાહેબ ગુજરાતના એક પૂર્વ મુખ્યમંત્રીએ ગઇકાલે પ્રેસ કોન્ફરન્સ કરી એ આપણા બધામાંથી ઘણા લોકોએ જોઇ હશે, એની સાથે સાંકળીને આ બંનેનું સંકલન કરીને કે હું બહાર આવું કહું અને તમે ત્યાં આવું કહો, પોસ્ટરો વગેરે લઇને આવો અને આખા કાવતરાના સ્વરૂપમાં આ ઉભું થયું છે. અચાનક કોઇ બનાવ બન્યો હોય અને વાંધો લે તો અમે સંમત છીએ, સાહેબ ભૂતકાળમાં અનેક પ્રકારના આવેદનપત્રો આપેલા હતા. રાજપાની સરકાર સામે અહીં બેઠેલા કોંગ્રેસના ધારાસદભ્યશ્રીઓએ રાજયપાલશ્રીને આવદેન પત્ર આપેલ હતું જે આક્ષેપો કરેલ હતા એની ચર્ચા ભેગી ભેગી કરવી હોય તો એ ચર્ચા કરીએ. બધું ભેગું કરીએ પણ નિયમોથી કરીએ એવી સાહેબ વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી બાદ માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે એમાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ પણ પોતાના વિચારો વ્યકત કર્યા છે. માનનીય સભ્યશ્રી શકિતસિંહજીએ પણ પોતાના વિચારો રજૂ કર્યા છે. પ્રશ્ન ક્રમાંક એકની શરૂઆત થઇ ત્યારે પાટણ જિલ્લાની એક ઉદ્વહન સિંચાઇ પૂરતો પ્રશ્ન હતો અને માનનીય મંત્રીશ્રીએ આ બાબતે જવાબ પણ આપ્યો. પરંતુ અન્ય સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછતા હતા એ દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી પોસ્ટરો બતાવવામાં આવ્યા હતા એ પણ કોઇ કાળે યોગ્ય નહોતા. કારણ કે પ્રશ્નોત્તરીનો સમય આપણા સૌને માટે મહત્વનો છે અને એને આપણે મહત્વ આપતા હોઇએ છીએ. છતાં પણ માનનીય શકિતસિંહે કહ્યું છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તો હું નિયમો પણ ચકાસી લઇશ અને પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો જોઇને પછી રૂલિંગ આપીશ.

### તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

### રાજ્યમાં થયેલ કમોસમી વરસાદના કારણે પાકને થયેલ નુકસાન અંગે

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘ રાજ્યમાં તા. ૨–૦૩–૨૦૧૬ના રોજ રાત્રે થયેલ કમોસમી વરસાદના કારણે પાકને થયેલ નુકસાનથી ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે, તે અન્વયે થયેલ નુકસાનનું સર્વે કરાવી આર્થિક રાહત આપવા રાજય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.’’

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજય વિકાસના અન્ય ક્ષેત્રોમાં જેમ અગ્રેસર રહે છે તેમ ગુજરાતને ખેલ ક્ષેત્રે પણ રાષ્ટ્રીય કક્ષાએ ટોચની હરોળમાં મૂકવા માટે રાજય સરકારે કેટલાક વર્ષોથી સુગઠિત પ્રયાસો હાથ ધરેલ છે અને જુદા જુદા કાર્યક્રમો, યોજનાઓ થકી રમત ગમતને છેવાડાના નાગરિકો સુધી પહોચાડવાનો પ્રયાસ કર્યો છે. રાજયમાં છેલ્લા ૬ વર્ષથી નિયમિત યોજવામાં આવતા ખેલ મહાકૂંભની ઝળહળતી સફળતા અને રાજયના રમતગમત ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉભરતું જોઇને રાજયની એક સુઆયોજીત ખેલ નીતિ અમલમાં મૂકવા માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ એ પ્રેરણા આપીને ઉત્સાહિત કરેલ. જેના પરિણામરૂપે રાજયની ખેલનીતિ હવે જાહેર કરવામાં આવી રહી છે તેની જાણ કરતાં હું આ માનનીય સભાગૃહમાં સમક્ષ આનંદની લાગણી વ્યકત કરૂ છું.

રાજયમાં ખેલલક્ષી વાતાવરણ નિર્માણ કરવું, રમત ક્ષેત્રે દરેક રમતવીરો માટે અનુરૂપ સુવિધાઓ અને પ્રોત્સાહક તથા સ્પર્ધાત્મક વાતાવરણ નિર્મિત કરવું, રમતની સભાનતા દ્વારા તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવું, ખેલ ક્ષેત્રે શ્રેષ્ઠતા સાથે રાષ્ટ્રીય ભાવના અને ભાઇચારાની ભાવના કેળવવી, રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને ખેલ ક્ષેત્રે આગળ લઈ જવું. આમ ભવિષ્યના વિકાસને લક્ષમાં રાખી નીચે મુજબ પાસાઓને ખેલનીતિમાં આવરી લેવામાં આવેલ છે.

- સૌના માટે સ્વાસ્થય સૌના માટે શિક્ષણ, સાથે રમતગમતનો સમન્વય.
- રમત ગમતને લગતી ખાસ સ્કૂલો અને કોલેજો પસંદ કરી પ્રોત્સાહન આપવું, ખાનગી, સરકારી એકેડેમીઓ શરૂ કરવી.
- બાળકો/ખેલાડીઓને રમવા માટે મેદાનો મળી રહે તે લક્ષ્ય સાથે ગ્રામ્ય કક્ષાએ તથા શહેરી કક્ષાએ હયાત ખેલ સુવિધાઓનું જતન અને સંવર્ધન, તેનુ આધુનિકરણ તથા બહુહેતુક ઉપયોગ એમ સ્થાનિક કક્ષાથી લઇને આંતર રાષ્ટ્રીય કક્ષા સુધીની જરૂરીયાત મુજબ માળખાકીય સુવિધાઓ વિકસાવવી.

- જનતા, પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપ, કોર્પોરેટ,સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, બિન નિવાસી ભારતીયોઓનો સહયોગ મેળવવો. રમતવીરો માટે સ્પોન્સરશીપ મેળવવી.
- દરેક રમતોના સંતુલિત વિકાસ સાથે સ્થાનિક તથા રાષ્ટ્રીયકક્ષાની ટુર્નામેન્ટ હાથ ધરવા પ્રોત્સાહન આપવું અને આંતર રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર કરવા.
- માનવ સંશાધન વિકાસ, તાલિમ આપવી, શાળા તથા કોલેજોમાં ખેલાડીઓના એડમીશન અંગે ખાસ પ્રાવાધાન, રાજય સરકારશ્રીની નોકરીઓમાં તકો આપવા ખાસ પ્રાવધાન.
- ખેલમહાકૂંભ જેવા વિરાટ કાર્યક્રમો થકી સ્પર્ધાત્મક માળખુ તૈયાર કરવું તથા સમાજમાં રહેલ ખેલ પ્રતિભાઓને શોધી કાઢી તેઓને તાલીમ આપી સુઆયોજીત વિકાસ કરવો.
- ખેલે ગુજરાત સમર કેમ્પ, વોટર સ્પોર્ટસ, બીચ સ્પોર્ટસ, શાળા/કોલેજ કક્ષાએ સ્પોર્ટસ લીગ, સાહસિક રમતો (એડવેન્ચર સ્પોર્ટસ) પારંપરિક રમતોને ઉત્તેજન.
- અત્યંત આધુનિક સુવિધાઓ સાથેના હાઈ પરફોર્મન્સ સેન્ટરો નિર્મિત કરવા.
- ખેલ પ્રવાસન (સ્પોર્ટસ ટૂરીઝમ)
- સ્પોર્ટસ ન્યુટ્રીશન,નાગરિકો માટે ફીટનેસ સેન્ટર ઉભા કરવા.
- રાજયની સ્પોર્ટસ યુનિવર્સિટીના માધ્યમથી ઉચ્ચકોટીના તજજ્ઞો, રાહબરો અને રમત વિજ્ઞાનીઓ તૈયાર કરવા.
- ઉત્તમ વ્યવસ્થા અને ટેકનોલોજીનો સમન્વય થકી રમત ગમત ક્ષેત્રનો વિકાસ.

આ ખેલ નીતિ થકી રાજય સરકાર સૌ કોઈને સમાન તક પૂરી પાડી પ્રોત્સાહક ડાયનેમીક સ્પોર્ટ સીસ્ટમ તૈયાર કરવાનું વિચારે છે. પરિણામે ખેલ નીતિમાં દર્શાવેલ ઉદ્દેશો સિદ્ધ કરી શકાશે. રાજયની ખેલ નીતિમાં રાષ્ટ્રીય ખેલ નીતિને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય એકરૂપતા સાથે ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધવાનું લક્ષ્ય રાખેલ છે.

રાજયની આ પ્રોત્સાહક ખેલ નીતિના અમલીકરણથી "સૌનો સાથ સૌનો વિકાસ" ના ધ્યેયને ચરિતાર્થ કરવામાં વેગ મળશે. રાજયના નાગરિકો, ગામડાં, શહેરો થકી રાજયના દેશમાં તંદુરસ્તી સાથે વિકાસ થશે. સંસ્થાઓ, સમુદાયો, કોર્પોરેટ અને જનતાની સક્રિય ભાગીદારી થકી ગતિશીલ ગુજરાતના ગતિશીલ વિકાસમાં સીમાચિન્હ હાંસલ કરી શકાશે. જે ખેલ તે ખીલે ના પાસાને સાંકળી લેતી રાજયની નવી ખેલ નીતિને આભારી રહેશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુદરત કોણ જાણે કેમ ખેડૂતો ઉપર રૂઠી છે ત્યારે તા. ૨–૩–૨૦૧૬ના રોજ અચાનક હવામાનનો પલટો થઇ અને રાત્રે મારા મતવિસ્તાર સાણંદ–બાવળામાં ઘઉં, જીરૂ, રાયડો વગેરે પાકોમાં માવઠું થયું, તમે નહીં માનો એ વરસાદમાં કરા પડ્યા. કરા જેમ રોડ ઉપર થર બાજી ગયા હોય એવા ખેતરોમાં થર બાજી ગયા. કરા પડવાથી પોતાના ઘરમાં પણ થર બાજી ગયા અને અઢળક નુકસાન થયું છે. તો આ તમામ ગામોમાં સરવે કરાવી અને ખેડૂતોને પડ્યા ઉપર પાટું જેવું ન થાય એ રીતે તેમને વળતર અપાવવા મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આ સરકાર છે તે એકદમ સંવેદનશીલ છે. ગઇ સાલ પણ જયારે આવા જ કરા પડ્યા હતા ત્યારે જૂની જે બધી પદ્ધતિ છે એ પદ્ધતિની બહાર જઇને, અગાઉ ૫૦ ટકા ઉપર જયારે નુકસાન થતું હતું ત્યારે સહાય આપવામાં આવતી હતી. તેમાં કેન્દ્ર સરકારને પણ પત્ર લખ્યો. ત્યાં પણ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ ૩૩ ટકા સુધીની નુકસાન થયું હોય તો પણ તેમને વળતર ચુકવવાનો નિર્ણય કર્યો હતો. એ જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ માત્ર ૩૩ ટકા નહીં, પણ ૨૫ ટકાથી ૩૩ ટકા સુધી પણ જો ખેડૂતોને નુકસાન થયું હોય તો પણ તેમના માટે ચિંતા કરીને તેમને સહાય આપી હતી. એટલે આ સરકાર સંવેદનશીલ છે. અહીં જે વરસાદની વાત કરી તેમાં રાજયના કુલ ૧૦ જિલ્લાના ૨૫ તાલુકામાં જે કમોસમી વરસાદ થયો છે તેના જે આંકડા સ્ટેટ કંટ્રોલ રૂમમાંથી મળેલા છે તે બતાવું તો તેમાં એક એમ.એમ.થી આઠ એમ.એમ. સુધીનો વરસાદ થયેલ છે. તેમાં ગાંધીનગર જિલ્લાના બે તાલુકામાં, અમદાવાદ જિલ્લાના બે તાલુકામાં, ખેડા જિલ્લાના બે તાલુકામાં, આણંદના એક તાલુકામાં, મહિસાગરના એક તાલુકામાં...

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નિવેદન વહેંચ્યા મુજબ જ હોય એમ બોલ્યા પછી આખું વાંચવાનો પ્રશ્ન થતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનો સવાલ એક જ હતો કે ખેડૂતોને સહાય કરવા માગો છો કે કેમ? એટલો જ પ્રશ્ન છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા વાંચ્યા મુજબ કહેલું. એ પછી સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એના ડિટેઇલમાં જવાબ આપું છું. બીજા દિવસે તડકો નિકળ્યો એટલે નુકસાની થવાની શક્યતા બહુ ઓછી છે. ખેડૂતોની કોઇ ફરિયાદ મળી નથી. કોઇએ રજૂઆત કરી નથી કે અમારા પાકને નુકસાન થયું છે. જો ફરિયાદ મળશે તો સરવે કરાવીશું અને નિયમ મુજબ નુકસાનીની રકમનું ચૂકવણું કરવામાં આવશે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, ૨૫ તાલુકાઓમાં આપે કહ્યું એ પ્રમાણે એકથી આઠ એમ.એમ. વરસાદ પડ્યો છે. એ બધા વિસ્તારોમાં અલગ અલગ પાકો હતા. આપે જે રીતે મૌખિક જવાબ આપ્યો છે એ પ્રમાણે સરવે કરાવ્યો નથી અને કોઇ ફરિયાદ મળી નથી. એટલે મારે સરકાર પાસેથી એટલું જ જાણવું છે કે જે રીતે વરસાદ પડ્યો, આ કરા સાથેનો વરસાદ હતો અને બે અલગ અલગ જગ્યાએ તો વીજળી પણ પડી છે અને તે પણ સીધી ઘઉંના પાક ઉપર પડી છે. એટલે સરકાર પાસેથી એટલું જાણવું છે કે, ૨૫ તાલુકાઓમાં સરવે માટે કોઇ ટીમ બનાવવામાં આવી હતી કે કેમ અને સરવે કરાવ્યો હતો કે કેમ? સરવે કરાવ્યા બાદ સરકાર પાસે કોઇ રીપોર્ટ આવ્યો છે કે નહીં? રીપોર્ટમાં શું આવ્યું છે? સરવે ન કરાવ્યો હોય તો સરવે કરાવવા માગો છો કે કેમ અને તે થયા બાદ જે ખેડૂતોને નુકસાન થયું છે એ ખેડૂતોને વળતર ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ કહ્યું એ પ્રમાણે વરસાદનું પ્રમાણ એકદમ ઓછું છે. માત્ર પાંચ તાલુકાઓમાં જ પાંચથી સાત એમ.એમ. કરતાં વધારે વરસાદ પડ્યો છે. બીજી જગ્યાએ વરસાદ ખૂબ ઓછો છે. વરસાદ પડે અને કપડા ભીના થાય અને તરત જ તડકો હોય તો એ સૂકાઇ જાય એટલો જ વરસાદ પડ્યો છે. એટલે નુકસાન વધારે થયું હોય એમ જણાતું નથી. કારણ કે કોઇ તાલુકામાંથી કે કોઇ ગામમાંથી બે તારીખે વરસાદ પડ્યો હતો અને ગઇકાલ એટલે કે આઠ તારીખ સુધી અને આજે નવમી તારીખ સુધીમાં કોઇ ફરિયાદ કે રજૂઆત આવી નથી. સભ્યશ્રી કોઇ ફરિયાદ કે રજૂઆત કરશે તો ટીમ મૂકીને સરવે કરાવીશું અને નુકસાની પણ ચૂકવવામાં આવશે.

શ્રી નારાયણભાઇ  લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કમોસમી વરસાદ થયો છે. ૯૧૨૪ હેક્ટર જમીનનો વીમો લીધો છે. પણ કોઇ અજ્ઞાન ખેડૂત હોય તો એણે વીમો લીધો ન હોય. એટલે આવા વીમો ન લીધો હોય એવા ખેડૂતોનો સરવે કરી એમને સહાય કરવા માગો છો કે કેમ? કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાનને ભરપાઇ કરવા માટેના નાના અને સીમાંત ખેડૂતો તથા અન્ય ખેડૂતોને સહાય કરવા માટેના ધોરણો શું છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ફરિયાદ આવશે તો સરવે કરાવીશું. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે જૂના સહાયના જે ધોરણો હતા એમાં બિન પિયત વિસ્તારના પાક માટે રૂ.૪૫૦૦/– હતા અને એમાં પણ ૫૦ ટકા કરતાં વધારે નુકસાન થાય તો વળતર આપવામાં આવતું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રમાં રજૂઆત કરી અને એના લીધે વડાપ્રધાનશ્રીએ વળતર માટેનો આખા દેશમાં કાયદો બનાવડાવ્યો. આ જે સહાયના ધોરણો હતા એ ૬૮૦૦ સુધી થઇ ગયા છે.  ૧૩૦૦ રૂપિયા જેટલો એક હેક્ટરે વધારો કર્યો અને બે હેક્ટર સુધી ચૂકવવામાં આવે છે.  પિયત પાક માટે ૯૦૦૦ હતા એના ૧૩,૫૦૦ કર્યા અને બારમાસી પાક માટે ૧૨ હજારના ૧૮ હજાર કર્યા. જમીન ધોવાણના ૧૦,૮૦૦ હતા એના ૧૨,૨૦૦ કર્યા અને નદીના વહેણ બદલાવાથી નુકસાન થાય તો ૨૫ હજાર હતા એના બદલે ૩૭,૫૦૦ એક હેક્ટરે કરવામાં આવ્યા છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની રજૂઆતના પગલે આખા દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા નવા સહાયના ધોરણો તા. ૮–૪–૨૦૧૫થી લાગુ પાડેલ છે એ આનંદનો વિષય છે.  મારા નવસારી જિલ્લામાં ૩ તાલુકામાં થોડો વરસાદ થયેલ છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમારે ત્યાં બાગાયત પાકો ખૂબ છે તો એનો સરવે થયો છે કે કેમ અને ન થયો હોય તો કરાવીને આપણું ધોરણ છે એ મુજબ સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : ત્યાં માત્ર નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં બાગાયત પાકને કેળ માટે થોડો પવન નીકળ્યો હતો એટલે નુકસાન થયાની ફરિયાદ આવી હતી.  અમે ત્યાંની સરવેની કામગીરી કરાવી લીધી છે.  એ જ રીતે બીજેથી રજૂઆત આવશે તો ત્યાં પણ કરાવી લઇશું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ :  મંત્રીશ્રી જણાવે છે કે સાણંદ તાલુકામાં વરસાદ પડ્યો નથી અને નુકસાન થયું નથી.  બાવળા અને ધોળકામાં થયો છે.  ફરિયાદ તો મેં બીજી તારીખે આ બન્યું અને સવારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રી બન્નેને લેખિતમાં કરી છે અને એક તો નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કરાવી અને આપશ્રીને મળ્યો હતો કે આવી રીતે થયું છે. ભલે સાણંદમાં વરસાદ ન પડ્યો પણ ગામડાંમાં તપાસ કરો,  ફરિયાદ નથી મળી તો ગામડાંના કોઇ ખેડૂત ફરિયાદ ન કરે પણ હું ધારાસભ્ય તરીકે ફરિયાદ કરતો હોઉં તો બીજું શું જોઇએ?  તમારે જોઇતું હોય તો ૫૦૦ ખેડૂતોને લઇને કાલે આવું.  ૫૦૦ નહીં પણ ૫ હજાર ખેડૂતોને લઇને એમના વળતર માટે હું આગેવાની લઇને રજૂઆત કરવા આવું.  બીજું કે બાવળા મત વિસ્તારમાં સરલા અને બગોદરા ગામે વીજળી પડી છે.  ખળામાં ઘઉં ઉભા હતા અને સીધી વીજળી પડી એટલે તમામ ઘઉં બળીને ખાખ થઇ ગયા છે તો એને પણ વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : અમદાવાદ જિલ્લામાં મેં કહ્યું એ મુજબ બાવળા અને ધોળકા બે તાલુકામાં ૫ એમ.એમ. જેટલો વરસાદ થયેલ છે. બાકીના એકેય તાલુકામાં ૧ એમ.એમ. જેટલો વરસાદ થયેલ નથી. હું ફરીથી કહું છું કે, ગયા વર્ષે જે પરિસ્થિતિ નિર્માણ થઇ હતી એમાં ખેડૂતોની ચિંતા ખાસ કરીને કોંગ્રેસે શું કરી હતી એ જો જો. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૯૯૫ થી લઇને ૧૦ વર્ષમાં જોશો તો આખું તમારું બજેટ માત્ર ૫૯૧ કરોડ રૂપિયાનું છે. ગયા વર્ષે ખેડૂતોને મુશ્કેલી પડી, કરા પડ્યા કે વરસાદ પડ્યો તો ૧૫૫૦ કરોડની બજેટ ઉપરની સહાય ચૂકવેલ છે. આમાં પણ જે કોઇ તકલીફ હશે તો તપાસ કરીને અમે ચૂકવી દઇશું.

રમત-ગમતમંત્રીશ્રી (રાજ્યકક્ષા)નું નિવેદન (નિયમ-૪૪)

રાજ્યની ખેલનીતિ જાહેર કરવા બાબત

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજ્ય વિકાસના અન્ય ક્ષેત્રોમાં જેમ અગ્રેસર રહે છે તેમ ગુજરાતને ખેલ ક્ષેત્રે પણ રાષ્ટ્રીય કક્ષાએ ટોચની હરોળમાં મૂકવા માટે રાજ્ય સરકારે કેટલાક વર્ષોથી સુગઠિત પ્રયાસો હાથ ધરેલ છે અને જુદા જુદા કાર્યક્રમો, યોજનાઓ થકી રમત ગમતને છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. રાજ્યમાં છેલ્લા ૬ વર્ષથી નિયમિત યોજવામાં આવતા ખેલ મહાકૂંભની ઝળહળતી સફળતા અને રાજ્યના રમત-ગમત ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉભરતું જોઇને રાજ્યની એક સુઆયોજિત ખેલ નીતિ અમલમાં મૂકવા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પ્રેરણા આપીને ઉત્સાહિત કરેલ. જેના પરિણામરૂપે રાજ્યની ખેલનીતિ હવે જાહેર કરવામાં આવી રહી છે તેની જાણ કરતાં હું આ માનનીય સભાગૃહ સમક્ષ આનંદની લાગણી વ્યક્ત કરું છું.

રાજ્યમાં ખેલલક્ષી વાતાવરણ નિર્માણ કરવું, રમત ક્ષેત્રે દરેક રમતવીરો માટે અનુરૂપ સુવિધાઓ અને પ્રોત્સાહક તથા સ્પર્ધાત્મક વાતાવરણ નિર્મિત કરવું, રમતની સભાનતા દ્વારા તંદુસ્ત સમાજનું નિર્માણ કરવું, ખેલ ક્ષેત્રે શ્રેષ્ઠતા સાથે રાષ્ટ્રીય ભાવના અને ભાઇચારાની ભાવના કેળવવી, રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને ખેલ ક્ષેત્રે આગળ લઇ જવું. આમ ભવિષ્યના વિકાસને લક્ષમાં રાખી નીચે મુજબ પાસાઓને ખેલનીતિમાં આવરી લેવામાં આવેલ છે.

- સૌના માટે સ્વાસ્થ્ય, સૌના માટે શિક્ષણ, સાથે રમત ગમતનો સમન્વય.
- રમત ગમતને લગતી ખાસ સ્કૂલો અને કોલેજો પસંદ કરી પ્રોત્સાહન આપવું, ખાનગી સરકારી અકેડેમીઓ શરૂ કરવી.
- બાળકો/ખેલાડીઓને રમવા માટે મેદાનો મળી રહે તે લક્ષ્ય સાથે ગ્રામ્ય કક્ષાએ તથા શહેરી કક્ષાએ હયાત ખેલ સુવિધાઓનું જતન અને સંવર્ધન, તેનું આધુનિકીકરણ તથા બહુહેતુક ઉપયોગ એમ સ્થાનિક કક્ષાથી લઇને આંતર રાષ્ટ્રીય કક્ષા સુધીની જરૂરિયાત મુજબ માળખાકીય સુવિધાઓ વિકસાવવી.
- જનતા, પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશીપ, કોર્પોરેટ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, બિન નિવાસી ભારતીયોનો સહયોગ મેળવવો, રમતવીરો માટે સ્પોન્સરશીપ મેળવવી.
- દરેક રમતોના સંતુલિત વિકાસ સાથે સ્થાનિક તથા રાષ્ટ્રીયકક્ષાની ટુર્નામેન્ટ હાથ ધરવા પ્રોત્સાહન આપવું અને આંતર રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓને તૈયાર કરવા.
- માનવ સંશાધન વિકાસ, તાલીમ આપવી, શાળા તથા કોલેજોમાં ખેલાડીઓના એડમીશન અંગે ખાસ પ્રાવધાન, રાજ્ય સરકારશ્રીની નોકરીઓમાં તકો આપવા ખાસ પ્રાવધાન.
- ખેલમહાકૂંભ જેવા વિરાટ કાર્યક્રમો થકી સ્પર્ધાત્મક માળખું તૈયાર કરવું તથા સમાજમાં રહેલ ખેલ પ્રતિભાઓને શોધી કાઢી તેઓને તાલીમ આપવી સુઆયોજીત વિકાસ કરવો.
- ખેલ ગુજરાત સમર કેમ્પ, વોટર સ્પોર્ટ્સ, બીચ સ્પોર્ટ્સ, શાળા/કોલેજ કક્ષાએ સ્પોર્ટ્સ લીગ, સાહસિક રમતો (એડવેન્ચર સ્પોર્ટ્સ) પારંપરિક રમતોને ઉત્તેજન.
- અત્યંત આધુનિક સુવિધાઓ સાથે હાઇ પરફોર્મન્સ સેન્ટરો નિર્મિત કરવા.
- ખેલ પ્રવાસન (સ્પોર્ટ્સ ટૂરીઝમ)
- સ્પોર્ટ્સ ન્યુટ્રીશન, નાગરિકો માટે ફીટનેશ સેન્ટર ઊભા કરવા.
- રાજ્યની સ્પોર્ટ્સ યુનિવર્સિટીના માધ્યમથી ઉચ્ચકોટીના તજજ્ઞો, રાહબરો અને રમત વિજ્ઞાનીઓ તૈયાર કરવા.
- ઉત્તમ વ્યવસ્થા અને ટેકનોલોજીનો સમન્વય થકી રમત ગમત ક્ષેત્રનો વિકાસ.

આ ખેલ નીતિ થકી રાજ્ય સરકાર સૌ કોઇને સમાન તક પૂરી પાડી પ્રોત્સાહક ડાયનેમિક સપોર્ટ સિસ્ટમ તૈયાર કરવાનું વિચારે છે. પરિણામે ખેલ નીતિમાં દર્શાવેલ ઉદ્દેશો સિદ્ધ કરી શકાશે. રાજ્યની ખેલ નીતિમાં રાષ્ટ્રીય ખેલ નીતિને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય એકરૂપતા સાથે ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધવાનું લક્ષ્ય રાખેલ છે.

રાજ્યની આ પ્રોત્સાહક ખેલ નીતિના અમલીકરણથી ‘‘સૌનો સાથ સૌનો વિકાસ‘‘ ના ધ્યેયને ચરિતાર્થ કરવામાં વેગ મળશે. રાજ્યના નાગરિકો, ગામડાં, શહેરો થકી રાજ્યનો દેશમાં તંદુરસ્તી સાથે વિકાસ થશે. સંસ્થાઓ, સમુદાયો, કોર્પોરેટ અને જનતાની સક્રીય ભાગીદારી થકી ગતિશીલ ગુજરાતના ગતિશીલ વિકાસમાં સીમાચિન્હ હાંસલ કરી શકાશે. જે ખેલે તે ખીલે ના પાસાને સાંકળી લેતી રાજ્યની નવી ખેલ નીતિને આભારી રહેશે.

## વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

### અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા, ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો, ચોથો અને પાંચમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલો રજૂ કરવામાં આવ્યા.

### સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

શ્રી બાબુભાઇ જ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

### બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

### સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી બાબુભાઇ જ. પટેલ : (સભાગૃહનીબેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

### બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભરતભાઇ કી. પટેલ : ( બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ નાણા ક્યાંથી ક્યાં વાપરવાના છે એ અનુસંધાનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિઝિયન માટે ૧,૮૦૬/– કરોડ રૂપિયા રોડ, રસ્તા અને આંતર માળખાકીય સુવિધા ઉભી કરવા માટે, એની સામે નર્મદાની જે કનાલો છે માઇનોર નહેરોના બાંધકામો માટે એ સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય કે કચ્છ હોય એમાં ફક્ત ૧,૭૩૪/ કરોડ ફાળવ્યા છે. એ સરકાર માટે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છના લોકોને નર્મદાનું પાણી પહોંચાડવું મહત્વનું નથી પણ ધોલેરાની અંદર રોડ, રસ્તાઓ બને, આંતર માળખાકીય સુવિધાઓ ઉભી થાય એના માટે ૧,૮૦૬/– કરોડની જોગવાઇ કરી છે. ધોલેરાની અંદર એવું તો શું છે ? કોણે જમીનો ખરીદી ? એ ખારાપાટમાં સરકારનો આટલો પ્રેમ કેમ ? અને જ્યારે ખેડૂતો નર્મદાનું પાણી માગી રહ્યા છે ત્યારે આ બજેટ જો એમાં ફાળવ્યું હોત તો સરકારની ખેડૂતોને પાણી આપવાની જો નીતિ સાફ હોત તો ૧,૮૦૦/– કરોડ રૂપિયા એ ધોલેરાની જગ્યાએ મુખ્ય નહેરો અને નર્મદાની નહેરોમાં વાપર્યા હોત તો લોકોને પાણી મળી રહેત. કલ્પસરનું સ્વપ્નુ ખંભાતમાં આજે પણ સ્વપ્નું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કે.જી.બેઝીન ઉપર હું વાત કરવા જઇ રહ્યો છું. કાકીનાડા ખાતે ૨૦૦૫થી બનેલો આ પ્રોજેક્ટ ૨૦૧૬ની સાલથી વીસ હજાર કરતા પણ વધારે કરોડ રૂપિયાનો એમાં ખર્ચો થયો. ૨૦૦૫માં શરૂ થયેલો આ પ્રોજેક્ટ ૨૦૧૦માં એના કુવાઓ ખોદાયા બાદ એની અંદર ગેસ કે કશું નીકળ્યું નહીં, તેમ છતાં પણ સરકાર દ્વારા ત્યાં રિફાઇનરી નાખવામાં આવી અને રિફાઇનરી નાખ્યા પછી એની અંદર પણ દસ હજાર કરતાં વધારે કરોડનો ખર્ચ કરવામાં આવ્યો અને પરિસ્થિતિ આજે એવી પેદા થઇ કે, ગેસ તો પંદર વર્ષમાં ના નીકળ્યો અને સરકારે જે લાંબાગાળાની અને ટૂંકાગાળાની લોનો લીધી એના લીધે જે દેવું થયું એ દેવાની રકમ આજે આસમાન છૂ રહી છે. એ દેવું બેન્કો પાસેથી લીધેલ લોન હોય, રોકડમાં લીધેલી લોન હોય, કે વિદેશી હૂંડિયામણની લોન હોય કે શેર કે ડિબેન્ચરોની લોનો હોય, એ લોનોની અંદર તા. ૩૧–૩–૧૩માં ૧૫,૩૭૨/– કરોડ રૂપિયાનું દેવું એ આ કે.જી.બેઝીન ઉપર હતું, જી.એસ.પી.સી. ઉપર હતું અને એ દેવું ૨૦૧૩–૧૪માં ૧૭,૪૭૫/– થઇ ગયું. એનો મતલબ કે, ૨૦૧૩ના પ્રમાણમાં ૨૦૧૪માં ૨,૧૦૨/– કરોડ રૂપિયાનું દેવું એ આ જી.એસ.પી.સી. ઉપર વધ્યું છે અને એને કારણે જે નાણા લીધેલા છે એ નાણા ઉપર ૨૦૧૩–૧૪માં વ્યાજ પેટે ૧૫૦૪ કરોડ રૂપિયા જી.એસ.પી.સી. દ્વારા ચૂકવવામાં આવે છે. કંપનીના કરારો મુજબ જે ડી. એન્ડ ટી. સર્વિસ કરારો કરેલા છે એ કરારો ઉપર ૫૯૧ કરોડ રૂપિયા વ્યાજ પેટે ચૂકવવામાં આવે છે. સરકારે કયા કારણોસર આ લોન લીધી છે એ લોન લીધા પછી એનું ઉત્પાદન જયારે મળતું નથી ત્યારે આટલા કરોડ રૂપિયાની લોનો સામે આટલું વ્યાજ એના પ્રમાણમાં જી.એસ.પી.સી.નો જે હિસ્સો થાય, જી.એસ.પી.સી.ના જે તમામ બ્લોકો છે એ બ્લોકોની ૨૦૧૨–૧૩ની આવક ૨૦૭ કરોડ રૂપિયા હતી અને એની સામે જી.એસ.પી.સી.ની આવક ૧૦૬ કરોડ રૂપિયા છે. ૨૦૧૩–૧૪માં એનો નફો ૧૭૧ કરોડ રૂપિયા થયો એની સામે જી.એસ.પી.સી.નો નફો ફક્ત ૮૬ કરોડ રૂપિયા થયો એનો મતલબ કે ૨૦ કરોડ રૂપિયાનો નફો એક વર્ષમાં ઘટયો છે અને જી.એસ.પી.સી.નો આવક વેરો ભરવાનો પણ બાકી નીકળે છે. મારે આ સભાગૃહનું થોડું ધ્યાન દોરવું છે કે જે રીતે ગયા સત્રની અંદર જીઓ ગ્લોબલ રીસોર્સ, જીજીઆર નામે એના ડોકયુમેન્ટસ પણ રજૂ કરવામાં આવ્યા હતા કે જે દેવું હતું, જેની પાસે બાકીના નાણા નીકળતા હતા એ ૧૬૧૩ કરોડ આજે પણ એની પાસેથી નાણા લેવાના નીકળે છે. નીકો રીસોર્સીસ લિમિટેડ જેણે ગેસ ઓછો સપ્લાય કર્યો હતો એ ગેસ ઓછો સપ્લાય કરવાની નુકસાની પેટે આજે પણ ૬૨૪ કરોડ રૂપિયા એની પાસેથી લેવાના નીકળે છે. જી.એસ.પી.સી.એ સપ્ટેમ્બર–૨૦૦૫માં Edwood Oceanical Pacific લિમિટેડ નામની કંપની સાથે કરાર કર્યો. જે કરારના ભાગરૂપે ડ્રીલીંગ પ્રોગ્રામ જયાં સુધી કૂવાઓનું કાર્ય પૂરું ન થાય ત્યાં સુધીના જે કરાર કર્યા અને એ કરારના ભાગરૂપે આ કંપની દ્વારા ફેબ્રુઆરી–૨૦૧૨ની અંદર ૨૫૦૦૦ યુ.એસ. ડોલરની માગણી સાથે ઓછા ચૂકવ્યા છે એવો આક્ષેપ કર્યો. આ આક્ષેપની સામે આ જ કંપનીએ એની ચૂકવણી માટે ૧૨૯૧૦૦૦ સમથીંગ યુ.એસ. ડોલરની રકમનો ફરી પાછો ફેબ્રુઆરીની અંદર ચાર્જ કર્યો. માર્ચ–૨૦૧૨ માં આ જ કંપની દ્વારા એક દાવો દાખલ કર્યો અને દાવાના ભાગરૂપે એના સ્ટેટમેન્ટમાં એવું લખ્યું છે કે ૧૫,૨૩,૦૦૦ યુ.એસ. ડોલર જી.એસ.પી.સી.એ તેના ચૂકવવાના રહેશે. જયાં સુધી ન ચૂકવે ત્યાં સુધી માસિક દોઢ ટકા લેખે વ્યાજની ચૂકવણી પણ કરવાની રહેશે. મારે પૂછવું છે કે આ જીઓ ગ્લોબલ, Nico Resources, Edwood Oceanical Pacificલિમિટેડ કંપની, આ કંપનીઓના ડિરેકટર કોણ છે? એના ભાગીદારો કોણ છે? એના કરારો જયારે થયા ત્યારે આ કરારોમાં કેટલા કરોડનું કમિશન લેવામાં આવ્યું હતું એ મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે. બીજી એક વાત મારે કરવી છે કે જે રીતે કે.જી. બેઝીનનો પ્રોજેકટ કે જે પ્રોજેકટને ગેસ ઉત્પન્ન થાય અને ગેસ આપણે બજારમાં વેચીશું. ઓઇલ નીકળશે અને ઓઇલ આપણે બજારમાં વેચીશું. તત્કાલીન મુખ્યમંત્રીએ તો એમ પણ કીધું હતું કે તમે ચકલી ખોલશો તો પાણી નહીં, પેટ્રોલ આવશે. જે કંપનીએ આટલા કરોડો રૂપિયાનો સરકાર પાસેથી ખર્ચો કરાવ્યો હોય એ કંપની આજે પોતે તો ગેસ ઉત્પન્ન કરતી નથી પણ આજે એ કંપની ઉત્પાદક કંપની જી.એસ.પી.સી. આજે

ટ્રેડીંગ કંપની બની ગઇ છે. ટ્રેડીંગ કંપનીના ભાગરૂપે કેજી બેઝીન દર વર્ષે ઇમ્પોર્ટેડ ગેસ ખરીદે છે અને એ ઇમ્પોર્ટેડ ગેસ દર વર્ષે ૧૧૦૦૦ કરોડથી ૧૫૦૦૦ કરોડ રૂપિયાનો ગેસ ખરીદવામાં આવે છે અને એના દ્વારા જે નફો થાય છે એ નફા દ્વારા જી.એસ.પી.સી.માં એને નફાના ભાગરૂપે બતાવવામાં આવે છે. મારે કહેવું છે કે રાષ્ટ્રીય અધિકૃત સંસ્થાઓ જે એમ.સી.એકસ અને એન.સી.એકસ કે જે કંપની બજારમાં છે જે રાષ્ટ્રીયકૃત થયેલી કંપનીઓ છે. એનું ગેસનું ધોરણ ખરીદવા જાવ તો ૪ ડોલર કે ૫ ડોલર હોય છે. પણ જી.એસ.પી.સી. દ્વારા આ જ ગેસ ૧૪ થી ૧૬ ડોલરમાં ખરીદવામાં આવે છે. એ કયા કારણોસર ખરીદવામાં આવે છે? અને જ્યારે આટલો સસ્તો ગેસ મળતો હોય તો સસ્તા ગેસની સામે કયા પ્રમાણમાં આ ગેસ ખરીદવામાં આવે છે તે સમજાતું નથી. એનું કારણ એ છે કે ડોલર ઉપર એમ.એમ.બી.ટી.યુ. થયેલ. વિદેશી લાઇસન્સ હોલ્ડરો પાસેથી આ ગેસ ખરીદાય. હું માનું છું કે જે કંપની પાસેથી ગેસ ખરીદવામાં આવે છે •(×××) એટલા માટે કહું છું કે જે રીતે જે *(×××)

પોઇન્ટ ઓફ ઓર્ડર

કંપની ઉપરના આક્ષેપો અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સાથી ધારાસભ્યશ્રીએ પોતાના પ્રવચનની અંદર સામાન્ય રીતે આ વિધાનસભાની અંદર જે ચર્ચાઓ થતી હોય છે, તે ચર્ચાઓમાં આપણે વિભાગોની ચર્ચા કરતા હોઇએ છીએ. એમણે આખે આખું પ્રવચન રાજ્ય સરકારની કોઇ એક કંપની એકટ નીચે નોંધાયેલા નિગમના સ્વરૂપમાં કરી રહ્યા છે. તે જે પ્રમાણેના આક્ષેપો કરે છે. કોઇપણ પ્રકારના(અંતરાય) માનનીય સભ્યશ્રી આપ બેસો તો. જ્યારે કોઇપણ પ્રકારના આક્ષેપો કરતા હોય તો આ વિધાનસભાની એક પ્રણાલી રહી છે, પરંપરા રહી છે કે જ્યારે તમે કોઇપણ પ્રકારના આક્ષેપો કરવાના હોય તો માનનીય અધ્યક્ષશ્રીનું એના વિષયવસ્તુ ઉપર એનું ધ્યાન આકર્ષિક કરવું જોઇએ, ધ્યાન દોરવું જોઇએ અને માનનીય સભ્યશ્રીના પ્રવચનની અંદર જે પ્રમાણેના આક્ષેપોના મુદ્દાઓ છે. આ આક્ષેપોના મુદ્દા એમના પ્રવચનમાંથી રદ કરવા જોઇએ અને જો એ એમનો પોતાનો ઉલ્લેખ ચાલુ રાખવાના હોય તો આક્ષેપો આપની અગાઉથી મંજૂરી લીધી હોય અને મંજૂરી લઇને ઉલ્લેખ કર્યા હોય તો સમજી શકાય તેવું છે. પરંતુ રાજ્ય સરકારના આટલા બધા નિગમો ચાલે છે. એના કોઇ એક નિગમના સંદર્ભમાં, આ નિગમો એ પ્રકારના નિગમો છે કે આ નિગમોની ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિ એ.જી.ના પેરા ઊભા કરે છે, તે પેરાનો અભ્યાસ કરે છે અને એના રિપોર્ટ આ ગુજરાત વિધાનસભાની અંદર રજૂ કરે છે અને મારો એટલો મુદ્દો છે કે એમના ઊભા કરેલ મુદ્દા છે એમના પ્રવચનમાંથી રદ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ પૉઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આપને કઇ કહેવું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ કહ્યું આ નિગમની વાત છે. માનનીય મંત્રીશ્રી સંસદીય બાબતોના મંત્રી છે. ભૂતકાળમાં બજેટની અંદર કે.જી.બેઝીન માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટની જોગવાઇ બજેટોમાં થયેલી છે અને તેના ભાગરૂપે કે.જી.બેઝીન..

અધ્યક્ષશ્રી : નહિ, સવાલ એટલો છે કે આપણે અંદાજપત્ર ઉપર ચર્ચા કરીએ છીએ. આપ અંદાજપત્ર ઉપર ચર્ચા કરો છો. હું ના નથી પાડતો. કોઇપણ આક્ષેપ કરીએ તો એની જવાબદારી આપણા સૌની ઠરે છે. એના કરતા અંદાજપત્ર ઉપર ચર્ચા કરીએ. આપનું રેકર્ડ હું જોઇ લઇશ. હવે આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વેબ સાઇટ ઉપરથી કાઢેલા મુદ્દા છે.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કેગના રિપોર્ટની વાત કરી. આ જ કેગના રિપોર્ટના જી.એસ.પી.સી. પાવર કંપની દ્વારા ૩૦૭ કરોડ રૂપિયાનું નુકસાન કરવામાં આવ્યું છે. ઉર્જા ઉત્પાદન કંપની દ્વારા ૧૫૧ કરોડનું નુકસાન કરવામાં આવ્યું છે. આ જી.એસ.પી.સી. ગેસ કંપની દ્વારા ૧૩૪ કરોડ રૂપિયાનું નુકસાન કરવામાં આવ્યું છે. હું છેલ્લી વાત કરીશ કે આ જ કેગના રિપોર્ટની અંદર આ જી.એસ.પી.સી. દ્વારા ટેન્ડર વગર ૧૩૧૭ કરોડ રૂપિયાની ખરીદી કરવામાં આવી છે. ટેન્ડર વગર ખરીદી કર્યા બાદ ૨૫૩ કરોડ રૂપિયાની સામગ્રી કેગના રિપોર્ટની અંદર બતાવ્યા પ્રમાણે આ સામગ્રી આજદિન સુધી કંઇ જગ્યાએ લગાડવામાં આવી તેનો રિપોર્ટ જી.એસ.પી.સી. દ્વારા આપવામાં આવ્યો નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું. ગ્રોથ એન્જિન બની ચૂકેલું ગુજરાત, ગુજરાતના વિકાસને વધુ નવી ઉંચાઇએ પહોંચાડવા માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગતિશીલ ગુજરાતનો નવતર અભિગમ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અપનાવ્યો હતો. તેનાથી જન જનના વિકાસની નવી પરિભાષા અંકિત થઇ છે. ગમે તેટલો ઘોર અંધકાર હોય પરંતુ પ્રકાશ ફેલાવવા એક નાનકડું દિપકનું કોડીયું પૂરતું છે.

ઉપાઘ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર અઘ્યક્ષસ્થાને.

માનનીય અઘ્યક્ષશ્રી, હું માનનીય શૈલેષભાઇને જવાબ આપું કે નકારાત્મકતાના અંધકારને દૂર કરવા સકારાત્મક વિચારો અને કર્તવ્ય ઘરે ઘરે વિકાસ પહોંચાડે છે. આમને બીજું કશું જ નથી. એટીટયુડ જ નથી એટલે પોઝીટીવ અને નેગેટીવની શું વાત કરું. ઉર્જા એ માનવજીવન સહિત સમગ્ર જીવન સૃષ્ટિનું ચાલકબળ છે. બીજા શબ્દોમાં કહું તો એનર્જી એ વન ઓફ ધી મોસ્ટ ફન્ડામેન્ટલ પાર્ટ ઓફ ધી યુનિવર્સ છે. આજદિન સુધી માનવીએ સાધેલા વિવિધ વિકાસની પાછળ ઉર્જા અને તેની ઉપલબ્ધિની માત્રા તે મહત્વની ભૂમિકા ભજવે છે. આધુનિક વિકાસની સમગ્ર પ્રક્રિયામાં જોઇએ તો ઉર્જા તે ચાલકબળ રહ્યું છે. હમણાં જ કે.જી. બેઝીન ઉપર માનનીય સભ્યશ્રી બોલ્યા પણ વિકસિત દેશોની વાત કરીએ તો આવા દેશો રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પાછળ સૌથી વધારે ઘ્યાન કેન્દ્રિત કરે છે. દુનિયાભરની અંદર સાયન્ટીફીક રીસર્ચ અને ડેવલપમેન્ટ પાછળ સૌથી વધારે ભંડોળ ખર્ચાય છે. ગુજરાતે ઉર્જાની આવશ્યકતા અને તેની ઉપયોગિતાને સમજીને ઉર્જાના વિવિધ ક્ષેત્રો વિકસાવવા માટે દેશભરમાં નોંધપાત્ર કામગીરી કરી છે અને નવતર અભિગમ પણ દેશને આપ્યો છે. આમ જોવા જઇએ તો ઉર્જાની સિકયોરીટી એટલે કે એનર્જીની સિકયોરીટી એ હ્યુમન ડેવલપમેન્ટ ઓબ્જેકટીવને ટાર્ગેટ કરવા માટે ફન્ડામેન્ટલ ઇમ્પોર્ટન્સ છે. એનર્જી તે આપણી પ્રોવર્ટી, અનએમ્પ્લોઇમેન્ટ અને ડેવલપમેન્ટ ગોલ્સને સીધી અસર કરે છે ત્યારે ઉર્જા ક્ષેત્રે ગુજરાતની ક્ષમતા માત્ર ભારત જ નહીં પણ વિશ્વભરની અંદર તેનો પરિચય છે. એટલે ગુજરાત આજે એનર્જી હબ તરીકે પ્રસિદ્ધ થયું છે. ગુજરાતમાં સર્વગ્રાહી વિકાસના મૂળમાં ઉર્જા એક આધારરૂપ ગણી શકાય. આ વિઝનને પારખનાર કોણ? તો તત્કાલિન મુખ્યમંત્રી, આ દેશના વડાપ્રધાન અને આપણા નરેન્દ્રભાઇ મોદીજીની પંચશક્તિની પ્રતિબદ્ધતા થકી આજે આપણે તે વાતનું ગૌરવ લઇ શકીએ છીએ તો તે માત્રને માત્ર વિઝનરી લીડરશીપ ઓફ નરેન્દ્રભાઇ મોદીને આભારી છે એટલે હું તેમને અભિનંદન આપું છું. ગુજરાત છેલ્લા દોઢ દાયકાની અંદર પુરાંતવાળું રાજય બન્યું છે અને સાથે સાથે ગુજરાત વીજ ક્ષેત્રે અનેકાનેક પડતર પ્રશ્નો કેન્દ્ર સરકારમાં જ્યારે એન.ડી.એ.સરકાર છે અને દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી છે ત્યારે આ રાજયના તમામ પડતર જે ઉર્જાને લગતા પ્રશ્નો હતા તેને ઉકેલીને ગુજરાતની ઉર્જા શક્તિને વધુ મજબૂત બનાવી છે. માત્ર વીજ ઉત્પાદન જ નહીં, પરંતુ ઓછા ખર્ચે અને પર્યાવરણની જાળવણી સાથે વીજ ઉત્પાદન આ રાજય સરકારની પ્રાથમિકતા રહી છે. ખનિજ તેલના ભંડારો જ્યારે ખૂટી રહ્યાં છે અને તેના વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોત ઉપર ઘ્યાન આપવું જ્યારે અનિવાર્ય બન્યું છે ત્યારે આ નોંધપાત્ર કામગીરી આ રાજયની સરકારે કરી છે. આજે સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજય છે જયાં વીજ કાપ અને લોડ શેડીંગ મુક્ત રાજય છે. ટ્રાન્સમિશન અને વિતરણની અંદર જોઇએ તો નુકસાનમાં ઘટાડો આ દેશભરમાં જોવા જાવ તો એક માત્ર ગુજરાતમાં જ થયો છે. પહેલા જી.ઇ.બી.ખોટ કરતું એકમ હતું, સરકારે ઉર્જા ક્ષેત્રમાં નવા ફેરફાર કરીને એને પાંચ વિભાગમાં વહેચી નાંખવામાં આવ્યું અને એને કારણે આજે જી.ઇ.બી. નફો કરતું એકમ બન્યું છે. ગુજરાતની જ્યોતિ ગ્રામ યોજના એ ફલેગશીપ યોજના છે, એક નવતર અભિગમ છે એને સમજવા આ દેશના ૧૮ રાજયોની ટીમ ગુજરાત રાજયની મુલાકાતે આવી ગઇ છે અને આ જ્યોતિગ્રામ યોજનાને ઘ્યાને લઇને કેન્દ્ર સરકારે પણ ૨૦૧૯ સુધીમાં દેશના તમામ ગામોને વીજળી મળી રહે એ માટે આ જયોતિગ્રામ યોજનાના આધારે આ યોજના અમલમાં મૂકી છે. ગુજરાતની હાલની વીજ ઉત્પાદન ક્ષમતા ૨૪,૬૦૬ મેગાવોટ છે. ૧૯૬૦ થી લઇને ૨૦૦૦ એટલે ૪૦ વરસના સમય ગાળા દરમ્યાનમાં ડબલથી પણ વધારે કહી શકાય એટલી ઉત્પાદન ક્ષમતામાં આપણે વધારો કર્યો છે. છેલ્લા ૧૫ વરસમાં વીજ ક્ષમતામાં જે બમણો વધારો થયો છે એનાથી રાજય સરકારે ઘણી પ્રગતી કરી છે. આજે દેશભરની અંદર ગાંધીનગર એ મોડેલ સોલર સીટી તરીકે પ્રસ્થાપિત થઇ રહ્યું છે. રૂફટોપ જે સોલર પાવર જનરેશનની અંદર આજે ગુજરાત અગ્રેસર છે. મારા સાથી મિત્રો કહેતા હતા ત્યારે આજે કહેવાનું મન થાય છે કે એન.ડી.એ. સરકાર બેઠી ત્યારે જે દૂરથી કોલસો મળતો હતો એ કોલસો હવે નજીકથી વેસ્ટન કોલ્ડ ફિલ્ડથી આપણને મળે છે એને કારણે આ રાજયને ૧૩૨ કરોડનો ફાયદો થયો છે. જે પાંચ વરસ પહેલાની વાત કરતા હતા તો માનનીય સભ્યશ્રીને કહું કે, કોલસાના ભાવમાં ૬૨ ટકાનો વધારો થયો હતો, ઇમ્પોર્ટેડ કોલસામાં ૧૫૩ ટકાનો વધારો થયો હતો, રેલ ભાડા જ્યારે ૪૦ ટકા વધાર્યા હતા એ દરમ્યાન આ રાજયની સરકારે વીજળીના ભાવમાં એક પણ રૂપિયો વધાર્યો નથી. ખેડૂતોની ચિંતા કરતા હતા તો આજે એમ કહી શકાય કે આ બળતણના ખર્ચનો બોજ ખેડૂતો ઉપર પડવા દીધો નથી આ રાજયની સરકારે ખેડૂતો વતી ભોગવેલો છે. ૧૯૮૬–૮૭માં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે તમને વીજળી ઉત્પાદન ૮૭ પૈસામાં પડતી હતી અને તે દિવસે ખેડૂતોને ૫૮ પૈસામાં આપતા હતા, આજે ૪.૫૦ થી ૫–૦૦ રૂપિયે આપણને વીજળી પડે છે અને છતા ૪૯ થી ૫૦ પૈસામાં આપણે ખેડૂતોને વીજળી આપી રહ્યાં છીએ. છેલ્લા ૧૫ વરસમાં ભાજપ સરકારે હોર્સ પાવર આધારીત વીજ જોડાણો ધરાવતા જે ખેડૂત છે એમના વીજ બીલમાં કોઇ વધારો કર્યો નથી.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, •(×××)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો તો ચાણક્યએ કહેલા છે. અંદાજ પત્રમાં શિક્ષણ માટે ખૂબ મોટું બજેટ ફાળવવામાં આવ્યું છે. કોઇ પણ રાજય સરકાર હોય શિક્ષણ એની પ્રાથમિક જવાબદારી છે. રાજયનો વિકાસ અને ભવિષ્ય સુનિશ્ચિત કરવા હોય તો એ રાજયના બજેટમાંથી જેટલું પણ બજેટ શિક્ષણ માટે ફાળવીએ એ ઓછું કહેવાય. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, શિક્ષણનું ખાનગીકરણ અને વેપારીકરણ કર્યું અને પોતાની શિક્ષણ પ્રત્યેની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાંખ્યા હોય એવું વાતાવરણ ઉભું થયું છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક,ઉચ્ચત્તર માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ હોય આજે દરેક ક્ષેત્રે સરકારે પોતાની જવાબદારીમાંથી હાથ પાછા ખેંચી અને વેપારીકરણના નામે (×××) એવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) તે શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય અમીતભાઇ, આપ રેકર્ડ ઉપર રહે એવું બોલો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જે પણ સરકારી શાળાઓ છે, કોલેજો છે તેમાં કઇ રીતે સ્ટાફ ભરવામાં ના આવે, કઇ રીતે ઓછી સુવિધા આપીએ જેનાથી કંટાળીને વિદ્યાર્થીઓ સરકારીને બદલે તેમના માનીતા લોકોથી ચાલતી સેલ્ફ ફાયનાન્સ કોલેજો, યુનિવર્સિટીઓમાં જાય એવુ એક *(×××)આ રાજય સરકારમાં ચાલી રહ્યું છે. સ્કીલ ઇન્ડિયાની વાત કરવામાં આવે

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમીતભાઇના ત્રણ મિનિટના પ્રવચનમાં ત્રણ વખત તેમના શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખીએ તે બરાબર છે પણ આપની ટીકાનો, આપના સૂચનનો તેમણે ગંભીરતાથી અમલ કરવો જોઇએ. નાછૂટકે ભૂલથી બોલાય જાય તો જુદી વાત છે પણ વાકયે વાકયે કાઢી નાંખવુ પડે તે બરાબર નહીં.

ઉપાધ્યક્ષશ્રી : અમીતભાઇ, મારે આપને ઠપકો આપવો પડે તે યોગ્ય નથી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ એ નહોતા ત્યાં સુધી સરસ ચાલતુ હતું.

ઉપાધ્યક્ષશ્રી : અત્યાર સુધી આમેય સરસ ચાલતુ હતું આપ ઉભા થયા અને વાતાવરણ બગાડયુ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગુજરાતના આ યુવાનો સ્કીલ મેળવે અને સરકાર તેના માટેની શું ચિંતા કરે છે તેનો એક જ દાખલો આપવો છે. રાજયમાં જે સરકારી પોલિટેકનીક ચાલે છે તેમાં પ્રિન્સિપાલની ૩૦ જગ્યાઓ મંજૂર થયેલી છે. ભરાયેલી જગ્યા કેટલી ફકત ૩. હવે જયારે ૩૦માંથી ફકત ૩ જગ્યા ભરાયેલી હોય અને આપણે સ્કીલ ઇન્ડિયાની વાત કરીએ એ કેટલું યોગ્ય છે તે તો તે લોકો જ જાણે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ગુજરાત મોડલની *(×××) એક સમાજ દ્વારા અનામતનું આંદોલન

ઉપાધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અનેક પરિવારના લાડકવાયા અને નવલોહિયા, નવયુવાનો તેમાં શહિદ થયા. આ આંદોલનના મૂળમાં જઇએ કે આ આંદોલન એક સમાજે કેમ કર્યુ ? પણ આ એક સમાજના યુવા વર્ગનો આક્રોશ નહીં પણ ગુજરાતના દરેક સમાજના યુવા વર્ગનો આક્રોશ આ આંદોલનરૂપે બહાર આવ્યો. આ ગુજરાતમાં મોંઘુ શિક્ષણ મેળવે કોઇ ગરીબ મધ્યમ વર્ગનો પરિવાર પોતાના લાડકવાયા દીકરા કે દીકરીને સેલ્ફ ફાયનાન્સમાં ભણાવવા માટે પેટે પાટા બાંધીને એના માટેની ફી ભરે અને જયારે તે યુવાન કે યુવતી ભણી ગણીને બહાર આવે અને તેને કોઇ સરકારી નોકરી ના મળે. નોકરી મેળવવા માટે લાંચ આપવી પડે ત્યારે તે યુવાનના પરિવારનો આક્રોશ સ્વભાવિક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ આક્રોશને કારણે તાલુકા જિલ્લા પંચાયતમાં તમારો સફાયો થયો અને જો નહીં સુધરો તો એ જ આક્રોશને કારણે આવનારા સમયમાં આ ગૃહમાં પણ તેની અસરો દેખાવાની છે. મારી તો સરકારને વિનંતી છે કે, જો તમે ખરેખર આ યુવાનોનું હિત ચાહતા હો, તમે ખરેખર આ યુવાનોને મદદ કરવા માગતા હો તો તમે જે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના લાવ્યા છો તેમાં જે પર્સન્ટેજનું ધોરણ રાખ્યું છે તેના બદલે કોઇ પણ સમાજ, જાતિનો આર્થિક રીતે પછાત યુવાન–યુવતી હોય તેને ફકત આવકના દાખલાના આધારે જેટલું પણ ભણવું હોય ત્યાં સુધીની ફીની સહાય આપણી સરકાર આપે એવુ કંઇક લાવો તો અમે પણ આવકારીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં લાખોની સંખ્યામાં શિક્ષિત બેકાર યુવાનો છે. આ યુવાનો સરકારી નોકરી માટે કાગડોળે રાહ જોઇને બેઠા છે. આ યુવાનોને નોકરી આપવાની વાત તો બાજુએ રહી આ સરકાર આ બજેટમાં ૪૨૩૦ નિવૃત્ત શિક્ષકોની માનદ્ સેવાઓ લેવા માટે ૩૮ કરોડની જોગવાઇ

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લઇને આવી છે. પહેલાં ફિકસ પગારના નામે આ ગુજરાતના યુવાનોનું શોષણ કરવામાં આવ્યુ અને હવે પાછા બીજી નવી યોજના લાવ્યા પ્રવાસી શિક્ષક. કયાંથી પ્રેરણા મળી તેની તો મને ખબર નહીં પણ એક દેશમાં *(×××) છે અને એક ગુજરાતમાં પ્રવાસી શિક્ષક છે.

ઉપાઘ્યક્ષશ્રી : જે સભ્ય અહીંયા ગૃહમાં હાજર નથી તેમના નામનો ઉલ્લેખ કરવાનું ટાળીએ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભાગૃહમાં સન્માનનીય વડાપ્રધાનશ્રીનો ઉલ્લેખ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી, રાજયકક્ષા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, માનનીય સાથી સભ્યશ્રી આ સભાગૃહમાં અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં જે વિષયોનો ઉલ્લેખ કરે છે એ વિષયમાં માનનીય વડાપ્રધાનશ્રીનો ઉલ્લેખ કરીને..

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અઘ્યક્ષશ્રી, મેં કોઇનું નામ નથી કહ્યું.

ઉપાઘ્યક્ષશ્રી : એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ સન્માનનીય સભાગૃહની અંદર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજયપાલ આ બધા સંદર્ભમાં કોઈપણ પ્રકારના ઉલ્લેખો કરતા નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચી લેવાથી નહીં પરંતુ આપશ્રી દ્વારા આ સન્માનનીય વડાપ્રધાન જેવા પદના સંદર્ભમાં માનનીય સભ્યશ્રીએ કેવી રીતે ઉલ્લેખ કરવો જોઇએ એનું માર્ગદર્શન પણ મળવું આવશ્યક છે.

ઉપાઘ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે હું મારું રૂલિંગ આપું છું, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું માન્ય કરું છું અને હવે પછી આપના પ્રવચનમાં આવી સન્માનનીય વ્યકિતઓનો આ રીતે ઉપયોગ ના થાય એની કાળજી રાખવામાં આવે.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અઘ્યક્ષશ્રી, કોઇ પ્રવાસીઓથી દેશનું ભલું થયું નથી અને મારું સ્પષ્ટ માનવું છે કે, આ પ્રવાસી શિક્ષકથી આ ગુજરાતના બાળકોનું પણ ભવિષ્યમાં ભલું થવાનું નથી. આ સરકારમાં સરકારી ગૌચરની જમીનો વેચાઇ, આ સરકારમાં એસ.ટી. નિગમ હોય કે વકફ બોર્ડ હોય એની જમીનો વેચાઇ, આ સરકારમાં શાળા કોલેજો કે યુનિવર્સિટીઓની જમીનો વેચાઇ, આ સરકારમાં જંગલો વેચાયા, આ સરકારમાં ખનીજો વેચાયા અને હવે વારો છે નદીઓનો. મારે બરોડાનો એક જ દાખલો આપવો છે કે, સંસ્કારી નગરી કહેવાય એવું વડોદરા શહેર, વડોદરા શહેરની વચ્ચેથી વિશ્વામિત્રી નદી પસાર થાય, એ નદીના કિનારે આવેલું સમા ગામ, એનો સર્વે નંબર છે એ ૩૯, ૪૦, ૪૧, જે ખાનગી જમીનમાં જૂની શરતની જમીનમાં ૭૦૦ કરતાં વધારે ગરીબ, મધ્યમ વર્ગના લોકો ઝૂંપડા બાંધીને રહેતા હતા, એ મોકાની જમીન લાગી, ઉપરથી આદેશ થયો કે આ જમીન ખાલી કરાવો. સરકારે આ ખાનગી જૂની શરતની જમીનને સરકાર હસ્તક દાખલ કરી. કોરપોૅરેશનને આદેશ કર્યો કે, આ ઝૂંપડાઓ– મકાનો તોડી પાડો. . કોરપોૅરેશને રાતોરાત ઝૂંપડાં– મકાનો તોડી પાડ્યાં. આ ખાનગી જમીન સરકાર હસ્તક લઇ અને અમદાવાદના એક જાણીતા બાલાજી બિલ્ડરને પી.પી.પી. ધોરણે ગરીબ લોકો માટે આવાસ બનાવવાનો હેતુ થયો અને ટ્રાન્સફર કરી આપવામાં આવી. આ પી. પી. પી. ધોરણે બાલાજી બિલ્ડરે ગરીબો માટે આવાસ ન બનાવ્યાં પણ કોર્પોરેશનમાં દરખાસ્ત મોકલી કે અમે આવાસ પાછળની બાજુ બનાવીશું, અને આગળની બાજુ અમને મોલ બનાવવાની મંજૂરી આપવામાં આવે. તો એ નિયમની વિરુદ્ધ જઇને ત્યાંની કોર્પોરેશને ૧૭ મીટરનો રોડ હતો એ રાતોરાત ૨૭ મીટરનો રોડ બનાવવાની જાહેરાત કરી એટલું જ નહીં પણ પોતાના મોલ બનાવવા માટે એ બિલ્ડરો દ્વારા વિશ્વામિત્રી નદી જાય છે એમાં એક લાખ ચો.મી. જેટલું દબાણ કરવામાં આવ્યું, વડોદરાના જાગૃત્ત નાગરિકોએ વિરોધ કર્યો, આંદોલન કર્યુ અને સરકારે એની માપણી કરાવી અને એ માપણીમાં સાબિત થયું, અને બિલ્ડરે પણ સ્વકાર્યુ કે, અમે દબાણ કર્યુ છે, પણ આજ દિન સુધી એક પણ અધિકારી ત્યાં બાંધકામ અટકાવવા જઇ શકતો નથી, એનું શું કારણ છે? એમાં કોની ભાગીદારી છે? કોના ઈશારે કામ થાય છે? એ મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, એ અહીં આગળ જાહેર કરો તો અમને પણ આનંદ થશે.

મારે અભિનંદન આપવા છે, જે તે વખતે કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વની યુ.પી.એ. સરકારને કે આ દેશના ગરીબોની ચિંતા કરી, આ દેશનો કોઇપણ ગરીબ માનવી બે ટંક સુખેથી ભોજન લઇ શકે, કોઇપણ ગરીબ માણસ ભૂખ્યો ના સૂઇ જાય એટલા માટે આજથી ત્રણ વર્ષ પહેલાં ૨૦૧૩ની સાલમાં ઐતિહાસિક કહી શકાય એવો અન્ન સુરક્ષાનો કાયદો દેશની પાર્લામેન્ટમાં પસાર કર્યો. દેશના મોટાભાગના રાજયોમાં અમલ થયો પરંતુ કમનસીબી ગુજરાતના ગરીબોની કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી એણે ગુજરાતના ત્રણ કરોડ ગરીબોને ત્રણ વર્ષ સુધી એનો લાભ મળવા ન દીધો. સુપ્રીમ કોર્ટને કહેવું પડ્યું કે ગુજરાત દેશના નકશામાં નથી? ત્યારે મોડે મોડે જાગ્યા અને આ બજેટમાં જોગવાઇ લાવ્યા. પણ મારી વિનંતી છે કે જો સાચી રીતે આ યોજનાનો અમલ કરે તો આ રાજયમાંથી કુપોષણનું દૂષણ દૂર થાય.

અહીંયા ગતિશીલ ગુજરાતની વાતો થઇ તો ગતિ શેમાં શેમાં આવી. તો દારૂ જુગારમાં ગતિશીલ ગુજરાત છે. છેલ્લા પાંચ વર્ષમાં ૩૧૬ કરોડ રૂપિયાનો દારૂ પકડાયો છે. કુપોષણમાં ગતિશીલ ગુજરાત છે, બેરોજગારીમાં ગતિશીલ ગુજરાત છે. શિક્ષણના વેપારમાં ગતિશીલ ગુજરાત છે, ભ્રષ્ટાચારમાં ગતિશીલ ગુજરાત છે, ઉત્સવો, મેળાવડાઓ પાછળ પ્રજાના પૈસા વેડફવામાં ગતિશીલ છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય નાણામંત્રીશ્રી, સન ૨૦૧૬-૧૭ના વર્ષનું અંદાજપત્ર લઇને આવ્યા છે એને અનુમોદન આપવા અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ સાથે હું એક વાત એ મૂકવા માગું છું કે બજેટ એ પ્રજા માટે પારાશીશી હોય છે. જયારે એ પારાશીશી હોય છે ત્યારે સન્માનનીય ગૃહમાં આપણે ચૂંટાઇને આવીએ છીએ ત્યારે પ્રજાને લાભ થાય એવી નક્કર વાતો થાય, સાચી વાતો થાય અને એમાં આપણા અમૂલ્ય વિચારો મૂકીએ જેનાથી પ્રજાને ફાયદો થાય. મને કહેતા ગૌરવ થાય છે કે ૧૯૪૭માં આપણને આઝાદી મળી અને ૧૯૫૨માં પહેલી ચૂંટણી થઇ. ત્યારબાદ લાલબહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા ત્યારે આપણા દેશના બાર લાખ ગામડાંને વીજળી આપવાનો વિચારો મૂકયો અને એના માટે ગાંધી સપ્તાહ યોજના નીચે એક યોજના કરી. ગામડાંને વીજળી આપવાનો સૌ પ્રથમ નિર્ણય લાલ બહાદુર શાસ્ત્રીએ મૂકયો હતો.

આ સાથે હું બીજી પણ વાત કરવા માગું છું કે આ દેશમાં મોંઘવારી ફૂલીફાલી છે એના માટે આર્થિક પગલાં ભરીએ તો જ એ અંકૂશમાં આવી શકે એનો પણ હું એક દાખલો આપવા માગું છું. આપણા ગુજરાતના અને વલસાડ જિલ્લાના મોરારજી દેસાઇ દેશના વડાપ્રધાન હતા ત્યારે તેઓએ મોંઘવારી ઘટાડવા માટે બે પગલાં લીધા. એક તો ફુગાવાને ડામવા માટે બે નંબરમાં વહીવટ ચાલતો હતો એ બંધ કરાવવા માટે એક હજાર રૂપિયાની નોટો બંધ કરી દીધી અને બીજુ કે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અનાજની હેરાફેરી કરવી હોય તો કલેકટરશ્રીની મંજૂરી લેવી પડે એ પ્રથા બંધ કરી દીધી. એટલે અત્યાર સુધીના શાસનમાં જો કોઇ સારું શાસન આવ્યું હોય તો એ મોરારજી દેસાઇનું શાસન હતું. વિધાનસભામાં જયારે બજેટ રજૂ થાય ત્યારે સારા મુદ્દાઓ રજૂ કરવામાં આવે છે. હું આ તબક્કે માનનીય કેશુભાઇ પટેલને પણ યાદ કરીશ. તેઓ તે વખતે ગોકુળીયા ગામની યોજના લઇને આવ્યા એના માટેનું બજેટ ઘણું ઓછું હતું પણ વિચાર બહુ સારો હતો. એમણે કહ્યું કે મારા પાંચ વર્ષના શાસનમાં ૧૫ લાખ રૂપિયા આપીશ. ગામ માટે દસ મુદ્દા નક્કી કર્યા હતા એ પાંચ વર્ષમાં પૂરા થઇ જવા જોઇએ. એની એ વખતે શરૂઆત થઇ આજે આ મુદ્દા ઉપર ૧૯૯૫ પછી વિચાર આવ્યો કે ગામડાંનો વિકાસ કરવો છે. આ જ વાત ઉપર હું ટ્રાયબલ વિસ્તાર માટે મારા વિચારો રજૂ કરવા માગું છું. આપણા ગુજરાતમાં ૧૪ જિલ્લાઓમાં ટ્રાયબલ વિસ્તાર આવેલો છે. વારંવાર સભ્યશ્રીઓ રજૂઆત કરે છે કે અંબાજીથી ઉંમરગામ સુધીનો આ પૂર્વનો પટ્ટો જેમાં ૧૪ જિલ્લાઓનો સમાવેશ થાય છે અને ૯૬ લાખની વસતિ આદિવાસીક્ષેત્રની છે. આઝાદી મળ્યાને ઘણા વર્ષો થયા, કોની સરકારો હતી એ કહેવું નથી પરંતુ એના નક્કર પરિણામો લાવવા માટે કોશીશ ન થઇ અને ૪૦ વર્ષનું બજેટ જોઇએ તો ફકત છ હજાર કરોડ રૂપિયા જ હતું, પણ તેના નક્કર પરિણામો કોણ આપી શક્યું, તો આપણાં દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે કહ્યું કે ટ્રાઇબલ વિસ્તારની કાયાપલટ કરવી હોય અને ગામડાંને તૂટતા રોકવા હોય અને શહેર પર જે ભારણ આવે છે તે રોકવા માટે બજેટમાં વધારે જોગવાઇ કરવી જોઇએ. અખતરા રૂપે પહેલાં ૧૫ હજાર કરોડ રૂપિયાની વનબંધુ કલ્યાણ યોજના આપવામાં આવી. તેની સામે આપણે ૧૭ હજાર કરોડ ઉપર ખર્ચ કર્યો અને આજે પંચવર્ષીય યોજનાની અંદર જયારે આપણે ૪૦ હજાર કરોડ રૂપિયા ઉપર વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરી છે. અમે ગામડાંમાં રહીએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે ગામડાંમાં શું જોઇએ, ગામડાંની પાયાની જરૂરિયાત શું છે. પીવાના પાણીની જરૂરિયાત છે. તો પીવાના પાણીની વ્યવસ્થામાં મીની ટાંકીઓ આપવામાં આવી. જૂથ પાણી પુરવઠા યોજના આપવામાં આવી. જયાં ૫૦ વ્યક્તિઓ હોય ત્યાં હેન્ડપંપ આપવામાં આવ્યા અને આ હેન્ડપંપ બગડી જતા હોય તેના રિપેરીંગ માટે જે તે સરપંચોને મોબાઇલ નંબરો આપવામાં આવ્યા છે. તો બીજે દિવસે તાત્કાલિક રિપેર થઇ જાય એવી વ્યવસ્થા ગામડાંમાં કરવામાં આવી છે ત્યારે ગુજરાતના જે ગામડાં છે ત્યાં પીવાના પાણીની વધારે મુશ્કેલી રહી નથી. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જરૂરિયાત વીજળીની હતી. મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર ભારતમાં ગુજરાત એ વીજળીક્ષેત્રે સ્વાવલંબી બની ગયું છે. આજે ગમે ત્યાં પણ એક આદિવાસી રહેતો હોય તો ત્યાં વીજળીનો સોર્સ પહોંચ્યો છે. તેના કારણે સરકારને મોટો ફાયદો થયો છે. તમામને સરકાર નોકરી આપી શકતી નથી. કારણ કે કોલેજોનો વ્યાપ વધ્યો છે તેટલા શિક્ષિત બેરોજગારો વધારે ઉભા થયા છે. કારણ કે જે તે વખતે ભણવાની વ્યવસ્થા ન હતી. એટલે ભણતરનો માપદંડ ઓછો હતો. આજે શિક્ષણ માટેની વ્યવસ્થા વધારે છે. લોકોને શિક્ષણ વધારે પ્રાપ્ત થાય છે એટલે શિક્ષિત બેરોજગારો વધે છે. એવા સંજોગોમાં એમને રોજગારી પૂરી પાડવી હોય તો શું કરી શકાય? તો એ વિસ્તારમાં થ્રીફેઝ લાઇનથી ગામડાંમાં ૨૪ કલાક વીજળી રહેવાના કારણે ગામડાંનો ખેડૂત ખેતી કરે છે. સુધારેલી ખેતી કરે છે. મારે બધા માનનીય સભ્યશ્રીઓને જાહેરમાં કહેવું પણ છે કે મારા નાના પોંઢા વિસ્તારમાં રાત્રિ હાટ બજાર ભરાય છે. ૨-૦૦ વાગ્યે લોકો પોતાના ખેતરમાં ઉત્પન્ન થતો માલ લઇ આવે છે અને મુંબઇ કે નવસારી, બિલિમોરા કે સુરત સુધી ટ્રક ભરાઇને

લોકો વેચે છે. તેના કારણે શું થયું કે આજે દરેક જગ્યા ઉપર આર્થિક પાસુ ખૂબ વધ્યું છે. ભલે અમે વર્ષોથી વનવાસી છીએ એટલે આદિવાસી તરીકે શબ્દપ્રયોગ થાય છે. પરંતુ આર્થિક બેઝ સારો રહ્યો છે. આજે આદિવાસી ક્ષેત્રમાં પણ એટલા બધા હવે ગરીબ રહ્યા નથી. કારણ કે સરકારે જે જે સવલતો જોઇતી હતી એ બજેટમાં પૂરી પાડી છે. એમને આવાસો જોઇતા હતા એ આવાસો આપીએ છીએ. કાચું ઘર હોય ત્યાં પાકું ઘર આપવા માટે પણ યોજના દાખલ કરવામાં આવી છે. તો આ રીતે આ બજેટમાં ખૂબ જ સારી વ્યવસ્થા આપવામાં આવી છે. આ જે સ્વાવલંબી યોજના માનનીય મુખ્યમંત્રીએ જાહેર કરી છે એ ખૂબ ઉત્તમ છે. આવતા દિવસોમાં હોંશિયાર વિદ્યાર્થીઓને જે પરિસ્થિતિનો સામનો કરવો પડતો હતો તેમાં તેમને મદદ મળશે. જે વાલીઓના દીકરાઓ હોંશિયાર હોય અને તેને ફી ભરવા માટે મુશ્કેલી પડતી હોય તો સ્વાભાવિક રીતે સ્વાવલંબી યોજનામાં એ આધાર લઇ અને ૬૦ ટકાથી ઉપર જે માર્કસ લાવ્યો છે તેને ચોક્કસ મદદ મળવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં સૌથી સારી જો કોઇ કામગીરી થઇ હોય તો એક ‘ મા વાત્સલ્ય યોજના’ અને ‘ મા અમૃતમ યોજના ’. આનાથી ખૂબ મોટો આધાર મળ્યો છે..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરૂં થાય છે. શ્રી પૂંજાભાઇ વંશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. નાણામંત્રીએ જે બજેટ રજૂ કર્યું તે પુરાંતવાળું બજેટ છે એમ નાણામંત્રીશ્રીએ પોતાના બજેટમાં ઉલ્લેખ કર્યો, પણ હકીકતમાં નાણા મંત્રીશ્રીની આ વાત છે તે અર્ધસત્ય છે. પુરાંતમાં તેમણે ૧૮૯ કરોડની પુરાંત બતાવી છે. એ માત્ર મહેસૂલી પૂરાંતના આધારે કહે છે. પરંતુ સરકારના બજેટમાં ત્રણ ખાતા હોય છે મહેસૂલી, મૂડી અને જાહેર હિસાબ. સરકારે મૂડી ખાતે રૂ.૬૯૬૬ કરોડની ખોટ જવાનો અંદાજ મૂક્યો છે. એટલે પૂરાંતવાળું બજેટ છે એવું જે કહેવામાં આવે છે એ તદ્દન ખોટી વાત છે. એકત્રિત નિધિમાં રૂ.૩૭૭૦ કરોડની ખોટ જવાની છે. સરકાર સતત જાહેર હિસાબના નાણા ઉમેરી બજેટ પૂરાંતવાળું હોવાનો * (×××).

ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬–૧૭માં રાજકોષીય ખાદ્ય રૂ.૨૪૬૦૮/– કરોડ અંદાજવામાં આવી છે. એટલે કે ગયા વર્ષ કરતાં રૂ.૨૪૪૧ કરોડ જેટલી વધારે છે. આ ખાદ્ય ૨૦૧૭–૧૮માં રૂ.૩૧૦૦૨ કરોડ અને ૨૦૧૮–૧૯માં રૂ.૩૫૧૩૧ કરોડ થવાનો અંદાજ અત્યારથી જ મૂક્યો છે ત્યારે છેલ્લા ૧૫ વર્ષથી ભ્રમ ઉભો કરવામાં આવ્યો છે. સામાજિક સેવાઓ પાછળ વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે એવો નાણામંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે ત્યારે આપના માધ્યમ દ્વારા સરકારનું ધ્યાન દોરવા માગું છું કે સામાજિક સેવાઓ પાછળ આપણે દર વર્ષે બજેટમાં વધારો કરતા જઇએ છીએ. પરંતુ બજેટ ફાળવણી કર્યા પછી સામાજિક સેવાઓ પાછળ પૂરેપૂરા બજેટનો ખર્ચ થવો જોઇએ એ પૂરેપૂરો ખર્ચ થતો નથી. એ સરકારના આંકડાઓ આધારિત વાત કરું છું. ત્યારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું અને મારી પાસે જે વિગતો છે એ કહું તો છેલ્લા વર્ષોમાં એટલે કે ૨૦૦૭–૦૮માં સામાજિક સેવાઓ પાછળ વધારે ખર્ચ કરવામાં આવ્યો છે ત્યાર પછી વર્ષ ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના ગાળામાં બજેટમાં વધારો કર્યો છે પરંતુ ખર્ચમાં ઉત્તરોત્તર ઘટાડો થતો આવ્યો છે. વર્ષ ૨૦૧૪–૧૫ના બજેટ આયોજનમાં રૂ.૭૧૫૦૦ કરોડની જોગવાઇ સામે ખર્ચ રૂ.૫૯૭૦૫.૧૪ કરોડનો કર્યો છે. એટલે કે ૧૬.૫ ટકા જેટલી રકમ રૂ.૧૧૭૯૪.૫૬ કરોડ વણવપરાયેલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાત કરીએ છીએ કે સૌનો સાથ સૌનો વિકાસ. વિકાસ, વિકાસ અને વિકાસ એવી વાતો કરવામાં આવે છે ત્યારે ગુજરાતમાં એટલો બધો વિકાસ થયો છે કે ગુજરાતના વિકાસનું મહિનાઓ સુધી ડાયેટીંગ કર્યા કરીએ તો પણ ચાલે એટલો વિકાસ થયો છે. આ બજેટમાં નાણામંત્રીશ્રીએ જળસંપત્તિ વિભાગની જે વાત કરી છે એ પ્રમાણે આગામી વર્ષે ૪૭૦ નાના ચેકડેમ, ૨૭૦ મોટા ચેકડેમ અને ૮૫૦ તળાવો ઉંડા કરવા, આદિવાસી વિસ્તારમાં અમુક રકમ વાપરવી એવો ઉલ્લેખ કર્યો છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે રાજ્યમાં ૧૬૦૦ કિ.મી. જેટલો દરિયા કિનારો છે અને આ દરિયા કિનારે દરિયાના ખારા પાણી દિન–પ્રતિદિન આગળ આવતા જાય છે. એના કારણે ખેડૂતોની ફળદ્રુપ જમીનો ક્ષારવાળી બનતી જાય છે અને ઉત્પાદનમાં ઘટાડો થતો જાય છે. ભૂગર્ભ જળના પાણીના લેવલ છે એ નીચે ગયા છે. પીવાના પાણીની ગંભીર સમસ્યા દરિયા કિનારે ઉભી થઇ છે. પાણી પુરવઠા વિભાગ મારફત નર્મદાના પીવાના પાણી લઇ જવાની કામગીરી ચાલી રહી છે. ક્ષાર નિયંત્રણ માટે સરકાર વર્ષોથી ખર્ચ કરતી આવી છે. ચેકડેમ, નાળા, બંધારા દ્વારા ખારું પાણી અટકાવવા માટે આ બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી કે એનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ નથી. ત્યારે રાજ્ય સરકારને ગંભીરતાપૂર્વક કહેવા માગું છું કે દરિયા કાંઠાના ખેડૂતો છે એ ખેડૂતોની કિમતી જમીનો બચાવવા અલાયદું બજેટ બનાવવામાં આવે કે જેથી કરીને દરિયાના ખારા પાણી આવતા અટકે.

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યા છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વિશે હું ખૂબ ગંભીરતાપૂર્વક કહેવા માગું છું. આ ગૃહમાં ઓ.બી.સી.ના ધારાસભ્યો પણ જનપ્રતિનિધિ તરીકે ચૂંટાઇને આવે છે. હું પણ બક્ષીપંચ સમાજમાંથી આવું છું ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી સામાજિક સેવા પાછળ આપણે ખર્ચ કરીએ છીએ, બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીએ છીએ ત્યારે રાજ્યની કુલ વસતિના ૫૨ ટકા વસતિ ઓ.બી.સી.ની છે. એ ૫૨ ટકા વસતિ છે ત્યારે એમાં ખાસ કરીને ઠાકોર અને કોળી સમાજની વસતિ વધારે છે ત્યારે આ સમાજના ઉત્કર્ષ માટે, એની ઉન્નતિ માટે, અન્ય સમાજની હરોળમાં ઉભો રહી શકે, એનું જીવન–ધોરણ ઊંચું આવી શકે , પૂરતું શિક્ષણ મળી શકે એ પ્રકારની વ્યવસ્થાઓ હોવી જોઇએ. આ બજેટમાં જે ફાળવણી કરવામાં આવી છે એ ફાળવણી અપૂરતી છે અને એનાથી આ સમાજની સેવા થાય એવું લાગતું નથી. આપના માધ્યમથી સરકારને કહેવા માગું છું કે તમને બક્ષીપંચ સમાજની એટલી બધી ચિંતા હોય, એટલી બધી ચિંતા કરતા હોય તો રાજ્ય સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કહેવા માગું છું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાંથી ઓ.બી.સી.નો એક અલગ નવો વિભાગ તૈયાર કરવામાં આવે અને એને મંજૂરી આપી અને એના માટે મંત્રીશ્રીની પણ અલગ રીતે નિમણૂંક કરવામાં આવે. જો આ જાતિના લોકોની ચિંતા કરવા માગતા હોય તો મારી આ માગણી છે કે સંપૂર્ણ અલગ વિભાગ કરવામાં આવે અને બક્ષીપંચના મંત્રી તરીકે એક નવી નિમણૂંક કરવામાં આવે અને એની જોગવાઇ કરવામાં આવે એવું આપના મારફતે સરકારનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કુપોષણ અંગે ઘણી બધી ચર્ચાઓ અહીંયા કરવામાં આવે છે. આપના માધ્યમ દ્વારા રાજ્ય સરકારને જણાવવા માગું છું કે ૨૪ તારીખની પ્રશ્નોત્તરીમાં મારા વિસ્તારનો કુપોષણ અંગેનો પ્રશ્ન પૂછવામાં આવેલ અને સરકારે એમાં જવાબ આપેલો કે એક હૈદરાબાદની કંપની અને એક મુંબઇની કંપનીને આ સરવેનું કામ આપવામાં આવેલ છે. બે કરોડ જેવી રકમ આ બે કંપનીઓને રાજ્યમાં કુપોષિત બાળકો કેટલા છે એનો સરવે કરવા માટે આપ્યા. બે કરોડ જેટલો ખર્ચ કર્યો પણ આ કંપનીઓએ આજ સુધી એનો રિપોર્ટ સબમિટ કર્યો નથી. બે કરોડનું આંધણ કરવામાં આવ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્લ્ડ બેન્ક દ્વારા ૯૮ જેટલા માપદંડોનો અભ્યાસ કરીને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ગુજરાતને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આપણા માટે ખૂબ ગૌરવની બાબત છે. હમણાં ભાઇઓ કહેતા હતા કે વિકાસ થતો નથી અને કામો થતા નથી. એક–બે નહીં પણ ૯૮ પેરામિટર્સમાં ચકાસણી કરવામાં આવી અને એમાં ગુજરાત પ્રથમ આવ્યું છે. એવી જ રીતે કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ, નવી દિલ્હી, એણે પોતે રાજ્યોમાં માળખાકીય સુવિધા, આર્થિક સ્થિતિ, રાજકીય સ્થિરતા, ગુડ ગવર્નન્સ અને પરસેપ્શન ઓફ બિઝનેસ વગેરે ધ્યાનમાં લઇને ૫૫ જેટલા પેરામિટર્સથી ગુજરાતને પ્રથમ રાજ્ય તરીકે નંબર આપેલ છે. એમના એનાલિસિસ પ્રમાણે દેશમાં ગુજરાત, દિલ્હી, તામિલનાડું, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર અગ્રસ્થાને છે. આ પાંચ રાજ્યોમાં એક પણ કોંગ્રેસ શાસિત રાજ્ય નથી. મારે આ મિત્રોને કહેવું છે કે તમે બધા વાતો કરો છો પણ ૫ રાજ્યોમાં એક પણ રાજ્યમાં તમારી સરકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખતે કહેવામાં આવે છે કે M.O.U. કરવામાં આવે છે પણ અમલ થતો નથી. મારે તેમને કહેવું છે કે ઉદારીકરણ બાદ ૨૦૧૪ સુધીમાં ગુજરાતમાં દેશમાં જે મૂડીરોકાણ થયું છે એ ૩૪.૮% મૂડીરોકાણ ગુજરાતમાં થયું છે. એટલે મહત્તમ હિસ્સો જે છે એ ગુજરાતને મળેલો છે. અત્યાર સુધીમાં જ્યારથી ઉદારીકરણ શરૂ થયું ત્યાં સુધીમાં ૧૩ લાખ કરોડની દરખાસ્તો રાજ્ય સરકારને મળી છે અને ગુજરાત પ્રથમ ત્રણ રાજ્યો જે છે કે આવી જે દરખાસ્તો મોકલે છે તે પૈકીમાં છે, પણ જ્યાં સુધી અમલીકરણનો સવાલ છે ત્યાં સુધી જે કોઇ દરખાસ્તો રાજ્ય સરકારને મળી અને જે કોઇ M.O.U. થયા છે તેના ૫૭% નો અમલ થઇ ગયો છે અથવા તો અમલ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫,૮૫૨ પ્રોજેક્ટો જેનું મૂડીરોકાણ ૨,૫૫,૪૧૪ કરોડ છે એ પૂર્ણ થઇ ગયા છે અને ૯ લાખ કરોડના ૩,૭૨૮ પ્રોજેક્ટો હાલમાં અમલમાં છે. એટલે અમલીકરણની અંદર પણ ફક્ત મૂડીરોકાણની દરખાસ્તોમાં નહિ પણ અમલીકરણની અંદર પણ ગુજરાત આખા દેશમાં પ્રથમ નંબરે આવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો માટે દર વર્ષે વાર્ષિક મોજણી કરવામાં આવે છે અને એ મોજણીની અંદર એના જે આંકડાઓ જોઇએ. એમાં સ્થાયી મૂડીરોકાણ હોય, સરેરાશ રોજગારી હોય, કુલ ઉત્પાદનનું મૂલ્ય હોય, ઉત્પાદનમાં મૂલ્ય વર્ધન હોય આ બધાની અંદર આપણે જોઇએ તો હરણફાળ ઝડપે વિકાસ કરવામાં આવ્યો છે. એક જ દાખલો આપું. માથાદીઠ આવક ૨૦૦૧–૦૨ માં જે પછી માનનીય વડાપ્રધાનશ્રીએ પોતે જ્યારે તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્યની અંદર માથાદીઠ આવક ફક્ત અને ફક્ત ૨૧,૨૭૬ રૂપિયા હતી. જે ૨૦૧૩–૧૪ ના ચાલુ ભાવે ૧,૨૪,૩૫૮ થઇ છે. વિચાર

કરો. આજે ૨૧,૨૭૬માંથી ૧,૨૪,૩૫૮. દેશની અંદર, (અંતરાય) આ આંકડા તમે સોશ્યો ઇકોનોમિક રિપોર્ટમાં વાંચી લો. (અંતરાય) આ સરકારી પ્રકાશનોના આંકડા છે, હીરાભાઇ.

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. હીરાભાઇ નો ટોક.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હીરાભાઇ આપ તો અર્થશાસ્ત્રના પ્રોફેસર છો, તમે સમજી શકો. દેશમાં માથાદીઠ આવક ૭૨,૮૮૯ છે. જ્યારે ગુજરાતમાં ૧,૨૪,૩૫૮.

ઉપાધ્યક્ષશ્રી : આર.એમ. પટેલ, બે મિનિટ છે અને પછી રીશેષ છે એટલે વાઇન્ડ અપ કરો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેક ઇન ઇન્ડિયા અંતર્ગત સ્ટાર્ટઅપ પોલિસીની વિચારણા કરવામાં આવી છે, વેન્ચર ફંડ બનાવવામાં આવ્યું છે,

ઉપાધ્યક્ષશ્રી : તમે જરા શાંતિ રાખો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : સંસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ ટેકસટાઇલ પોલિસીના અમલ માટે કરવામાં આવી છે અને ટેક્સટાઇલ પોલિસીમાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ પણ થઇ ગયું છે. સુરતની અંદર ટેક્સટાઇલ યુનિવર્સિટી બનાવવામાં આવી રહી છે. જી.આઇ.ડી.સી.ની અંદર મલ્ટી લેવલ શેડ માટે ૧૧૦ કરોડની જોગવાઇ કરી છે અને બહેન ખાસ સાંભળે કે મહિલાઓ માટે ઔદ્યોગિક વસાહતોની પણ સ્થાપના કરવામાં આવી રહી છે. રાજ્યની જી.આઇ.ડી.સી.ની અંદર આંતર માળખાકીય સુવિધા માટે ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી રહી છે. માનનીય વડાપ્રધાનશ્રીનું લક્ષ્ય છે કે આ દેશ ‘‘એક દેશ બને, શ્રેષ્ઠ દેશ બને‘‘ અને એની દિશાની અંદર આજે વિશ્વનો વિકાસ દર ૨.૫% છે. ભારતનો ૭.૨% અને ગુજરાતનો ડબલ ડિઝિટમાં છે અને આ ડબલ ડિઝિટના કારણે ૨૧મી સદી ભારતની બનવાનીછે અને એમાં ગુજરાત જે છે એ ભારતનું ગ્રોથ એન્જિન બનવાનું છે એમાં કોઇપણ શંકા નથી. કારણ કે ગુજરાતની અંદર ગુજરાત ગોલ્ડન ગ્રોથ ફંડ માટે ૫૦ કરોડ અને ગાંધીનગરના ગિફ્ટ સિટીની અંદર પણ જોગવાઇ કરી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ૩-૧૫ મિનિટે મળશે. આપનું પ્રવચન પૂર્ણ થાય છે.

( વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫ )

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયા. બારૈયાજી આપની સાત મિનિટ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સને ૨૦૧૬-૧૭નું બજેટ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જ્યારે બજેટ બનાવતા હોય છે ત્યારે એ સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓ તેમજ ધારાસભ્યશ્રીના સૂચનો મંગાવતા હોય છે ત્યારે માનનીય મંત્રીશ્રીને અમે વારંવાર આ બાબતે પત્રો લખીએ અને જ્યારે બજેટના સજેશનો મંગાવે ત્યારે પણ પત્રો લખતા હોઇએ ત્યારે પણ આ સજેશનોમાંથી એક પણ કામ જ્યારે અમારું લેવામાં આવતું નથી ત્યારે આ બજેટ જોઇએ ત્યારે ખૂબ દુ:ખ થાય છે. માનનીય મંત્રીશ્રી આજે હાજર હોત તો સારું હતું અમારા સજેશનો સાંભળતા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ દુ:ખ સાથે કહેવું છે કે, મારા મત વિસ્તારમાં એક માધવગઢ થી કોઝન ડેમ સુધીની સિંચાઇ યોજના સમગ્ર વિસ્તાર બક્ષીપંચનો વિસ્તાર હતો એ માટે અમે સતત રજૂઆતો કરીએ છીએ પણ આ યોજનાને લંબાવવા માટે બજેટમાં નાણાકીય જોગવાઇ થતી નથી. ખાસ વાત કરું તો લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીમાં આ વિસ્તારમાંથી ૭૦ ટકા મતદારોએ ભારતીય જનતા પાર્ટીને મતો આપેલા તેમ છતાં આ યોજના મંજૂર થતી નથી. એટલે અમારું કહેવું એવું છે કે, તમે કોંગ્રેસના ધારાસભ્ય તરીકે અમને થપ્પડ મારો તો ચાલશે પણ પ્રજાને થપ્પડ મારવાનું બંધ કરો એવું મારું કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં લગભગ લાખ્ખો લોકો શિક્ષિત બેરોજગાર પડ્યા છે. બજેટમાં જોગવાઇ કરવામાં આવી કે, અમે ૬૬,૦૦૦ નવી નોકરીઓ આપીશું. આ એક * (×××) જેવું લાગે છે. જ્યારે લાખ્ખો લોકો શિક્ષિત બેરોજગાર હોય....(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપના આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું અને આપને સૂચના પણ આપું છું કે, આવા બિનસંસદીય શબ્દોનો ઉપયોગ ન થાય.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આવા લાખ્ખો લોકો શિક્ષિત બેરોજગાર હોય ત્યારે મારું કહેવું એવું છે કે, આ જે લાખ્ખો શિક્ષિત બેરોજગાર હોય ત્યારે એક એવી યોજના બનાવવી જોઇએ કે જેનાથી યુવાનોને નોકરી મળે. આપણે તલાટીની ચંપાવત સ્કીમ પણ જોઇ છે. આજે પણ ખુલ્લે આમ પેપરો ફૂટી જાય, અમારા સાબરકાંઠા

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ગત વર્ષે ખુલ્લે આમ તલાટીના પેપરો ફૂટેલા અને એ લઇને વિદ્યાર્થીઓ બેસેલા. આવા જ્યારે પેપરો ફૂટી જતા હોય ત્યારે આજે ઘણા લોકો આજે આપણે જોઇએ છીએ કે, ઘણા સમાજના યુવાનો આજે ખુલ્લે આમ બહાર નીકળ્યા અને નોકરી ન મળવાના કારણે આ યુવાનો બહાર નીકળ્યા અને આજે એમને લાજપુર જેલમાં જવું પડ્યું છે, સમાજની વાત કરતી વખતે આ ગૃહમાં વારંવાર સભ્યો દ્વારા કહેવામાં આવે છે કે, કોંગ્રેસે ચાળીસ વર્ષમાં શું કર્યું ? ત્યારે મારે આપના માધ્યમથી આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, કોંગ્રેસે ચાળીસ વર્ષ રાજ કર્યું છે એ વાત સાચી છે. ચાળીસ વર્ષમાં ૯ર મોટી સિંચાઇની યોજનાઓ બનાવી. આ યોજનામાં એકે એક ડેમો જુઓ સાહેબ. જો ભારતીય જનતા પાર્ટીએ આ વીસ વર્ષમાં એક પણ ડેમ બનાવ્યો હોય તો વાત કરે. આ બાણુ સિંચાઇ યોજનાનું કેનાલ નેટવર્ક તમે જુઓ. જો આ કેનાલ નેટવર્કથી ખેડૂતો જો સિંચાઇનું પાણી લેતા હોય તો આ કેનાલ નેટવર્ક મારફતે લે છે. એટલે મારું તો કહેવું છે કે, આવું તમે કોઇ ચોક્કસ કામ કરો કે, જેનાથી ખેડૂતોને ફાયદો થાય. આ બાણુ સિંચાઇ યોજનાઓ ઉપર જે તે વખતની કોંગ્રેસની સરકારે વીજ ઉત્પાદનની ક્ષમતાવાળા પ્લાન્ટો પણ શરૂ કર્યા અને ચૌદ–ચૌદ, સોળ–સોળ કલાક ખેડૂતોને વીજળી આપવામાં આવી. આજે તો ખેડૂતોને આઠ કલાક પણ પૂરતી વીજળી આપવામાં આવતી નથી. અને જે વીજળી આપવામાં આવે છે, અરે આવા ખેડૂતોને લાખ્ખો રૂપિયાનો દંડ કરવામાં આવે છે અને છેલ્લે તો સરકારથી પેટ ન ભરાય તો હાથકડી પહેરાવીને ખેડૂતોના ફોટા પણ છાપવામાં આવ્યા અને ખેડૂતોને લાખ્ખો રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ પાલકોની વાત હોય, કોંગ્રેસના રાજમાં અમુલ ડેરી હોય, દૂધ–સાગર ડેરી હોય કે બનાસ ડેરી હોય, આવી મોટી મોટી ડેરીઓ બની. ભારતીય જનતા પાર્ટીએ જો આ પશુ પાલકોની ચિંતા કરી હોત અને દરેક જિલ્લા મથકોએ સારા આવા મોટા પ્લાન્ટો બનાવી પશુપાલકો માટે ચિંતા કરી હોત તો સારું હતું પણ આ રાજ્યમાં છેલ્લા વીસ વર્ષમાં જો વિકાસ થયો હોય તો એ ત્રણ જણનો અંબાણી, અદાણી અને ટાટા–બિરલાનો જ આ રાજ્યમાં વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે માનનીય પૂર્વ નાણા મંત્રી અને હાલના માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ વાત કરતા હતા કે, અમે ચૌદમા નાણા પંચના પૈસા ગ્રામ પંચાયતોને આપીએ. હું પણ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્ય તરીકે ર૦૧૬ સુધી રહેલો. માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ. સરકારે ૧૩મા નાણાપંચની સ્કીમ બનાવી હતી. ૧૩મા નાણાપંચની સ્કીમ મુજબ જ આ પૈસા જમા થાય છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને એ યુ.પી.એ. ગવર્મેન્ટ વખતની જ સ્કીમ હતી. નવી કોઇ સ્કીમ આવી નથી. બીજી વાત થઇ કે કોંગ્રેસનો પંજો હવે તિજોરી પર પડવા દેતા નથી હવે તો જે.સી.બી. આવી ગયા છે એટલે એક સાથે બધું ઉપાડીને લઇ જવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રીનું મા વાત્સલ્ય યોજના બાબતે ધ્યાન દોરવું છે, મા વાસ્તલ્ય કાર્ડ યોજના સારી છે પણ આજે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું હતું જયારે ગરીબ દર્દીઓ મા વાત્સલ્ય કાર્ડ લઇને જાય છે ત્યારે એમની જે ટ્રીટમેન્ટ કરવામાં આવે છે, કોઇ ગરીબ દર્દીને સ્ટેન્ટ મૂકાવવાનું હોય ત્યારે દવાવાળું સ્ટેન્ટ મૂકવામાં આવતું નથી, સાદુ સ્ટેન્ટ મૂકવામાં આવે છે. તેનો ખર્ચ માત્ર ૩૦૦૦૦ રૂપિયા થાય છે. સરકાર જાહેરાત કરે છે કે અમે બે લાખ રૂપિયા આપીએ છીએ પણ જો મેડીકેટેડ સ્ટેન્ટ મૂકવાનું થાય તો એની પાસે નાણા ભરાવવામાં આવે છે. આપણે એક બાજુ જાહેરાત કરતા હોઇએ કે તમને બે લાખ રૂપિયાની સારવાર મફત આપીએ છીએ તો બે લાખ રૂપિયાની સારવાર મફત મળતી નથી. માત્ર એક * (×××) એવું લાગે છે. ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : સ્પોર્ટસ નીતિ જાહેર કરવામાં આવી. મારે આજે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે આ રાજયમાં વર્ષોથી ખેલાડીઓને કોચીંગ આપતા કોચની જગ્યા ભરાતી નથી. ખેલ મહા કુંભના કોચ, રેફરીઓને વર્ષોથી ભથ્થા પણ ચૂકવવામાં આવતા નથી અને રમતગમતની કીટો જે આપવામાં આવે છે એ ભારતીય જનતા પાર્ટીની પદાધિકારીઓ કે એમના કાર્યકરોને આપી દેવામાં આવે છે. શિક્ષણની વાત કરું તો દર વર્ષે ધોરણ–૧૨ સાયન્સમાં લાખો વિદ્યાર્થીઓ પાસ થતા હોય છે પણ એમને ગ્રાન્ટેડ અને સરકારી કોલેજોમાં પ્રવેશ મળતો નથી એનું કારણ એક જ છે કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોનો રાફડો ફાટયો છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી ર૦૧૬નું અંદાજપત્ર લઇને આવ્યા છે આ અંદાજપત્રમાં સર્વગ્રાહી, સર્વપક્ષીય, દરેક વિસ્તારનો વિકાસ થાય એવું બજેટ લઇને આવ્યા છે એમાં હું નર્મદા, જળસંપત્તિ માટે મારા વિચારો રજૂ કરું છું. અહીંયા જે ભાઇઓ હમણા કહેતા હતા કે અમને થપ્પડ મારો તો ભલે પણ લોકોનું ધ્યાન રાખજો. મારે ખરેખર કહેવું છે કે ૧૯૬૦માં નર્મદા બંધનો પાયો નાખ્યો ત્યારથી જો આવી કૂનેહ બધાએ રાખી હોત તો આજે જેમ ભાખરા નાંગલ ડેમ થયો તેવો ડેમ થયો હોત અને પાણીથી જે વંચિત વિસ્તાર છે ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર, તો આજે અહીંના ખેડૂતમાં એટલી તાકાત છે કે પથ્થરમાંથી પણ પાણી પેદા કરી શકે. ખેર, જે થયું એ પણ આજે ભારતીય જનતા પક્ષે કાયમ માટે જયારે સત્તારૂપી સાધન મળે ત્યારે આમુખમાં અમારા કીધેલા જે

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શબ્દો છે કે 'હર હાથ કો કામ, હર ખેત કો પાની' આ મંત્રને સાર્થક કરતા જયારે જયારે ગુજરાતમાં અમારી સરકાર આવી અને જે નર્મદાનું અધૂરૂં કામ હતું એને આગળ વધારવાનું કામ સૌ પ્રથમ હાથમાં લીધું અને આ યોજનાનો જે હેતુ હતો કે જે ચાર રાજયની ત્યાં બહુહેતુક યોજના છે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન એમાં આપણા ભાગે તો ૯ એકર ફીટ પાણી જ આપણી ઓથોરીટીએ નકકી કર્યું છે એટલું જ પાણી મળવાનું છે. બહુહેતુક એટલે એમાંથી ૧૪૫૦ મેગાવોટ વીજળી પણ ઉત્પન્ન થવાની છે અને સસ્તી થવાની છે પણ આ કામ આપણે બધાએ સાથે મળી આવો જો વિચાર લઇ આવ્યા હોત, ખાલી ૧૨૧ મીટર આપણે જે ઉંચાઇ થઇ ગઇ તે પછીના આપણે પીલ્લરના કામ કરવાના હતા એના માટેની જે મંજૂરી મળવી જોઇએ એ મંજૂરી નહોતી મળતી અને એનાથી ત્રણ વર્ષ સુધી ગેટ ચડાવવાની કામગીરી કરવાની હતી તે પણ થઇ શકી નહોતી, પણ મને આ ગૃહને કહેતા આનંદ થાય છે કે આ રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ સત્તરમા દિવસે નર્મદા બંધના ગેઇટ મૂકવાની મંજૂરી આપી અને રાજયના મુખ્યમંત્રીએ જુનાગઢથી તાત્કાલીક ત્યાં જઇને કામ ચાલુ કરાવી દીધું. આ યોજનામાં આ વખતે નાણામંત્રીશ્રીએ વધુમાં વધુ બજેટમાં જે પ્રાવધાન કર્યું છે. વધુમાં વધુ સિંચાઇ ઉપર ભાર મૂક્યો છે. આ એમનો કાયમી માટેનો અગ્રલેખ છે કે જે કહ્યું હોય તે કરવાનું અને કરવાનું હોય તે જ કહેવાનું. સૌરાષ્ટ્રને વર્ષો સુધી અન્યાય થતો હતો. સૌરાષ્ટ્રની જમીનો છે. ૧૯૮૫-૮૬-૮૭ એમ ૩-૩ વર્ષ સુધી દુષ્કાળ પડ્યો હતો. ખેડૂતોએ વાવણી નહોતી કરી. ખેડૂતોને ઉપર આભ અને નીચે ધરતી હતી. નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ બધું જોયેલું. ૯ એકર ફીટ જે પાણી છે, એમાંથી એક એકર ફીટ પાણી વધતું હતું. એનું આયોજન કરી અધિકારીઓને કહ્યું કે મારે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો ભરવાના છે. આના માટેનો અમને ખ્યાલ છે કે હેમુગઢવી હોલમાં રાજકોટમાં આવીને જાહેરાત કરી ગયા અને ૧૨૦૦૦ કરોડની આવડી મોટી યોજના ડિક્લેર કરી. આ યોજના આજે હું ગૌરવ સાથે કહી શકું કે મારા વિસ્તારના ટંકારા વિધાનસભાના ૮ ડેમો આવે છે. ૧૧૫ માંથી ૯ ટકા ડેમો માત્ર ટંકારા વિધાનસભામાં આવે છે. મચ્છુ ડેમમાં પાણી પહોંચી ગયું. મચ્છુ ડેમમાંથી આગળ મારા વિસ્તારમાં આજી-૩ સુધી પહોંચી ગયું. ૭ ડેમોમાં એક જ મહિનામાં લગભગ આ જળઅર્પણ થઇ જશે. આપણાં દરેક કામો આજે પ્રગતિમાં છે. આનાથી રાષ્ટ્રીય આવકમાં વધારો થશે. આજે ૧૮ લાખથી વધુ એકરને નર્મદાનો લાભ મળવાનો છે. આનાથી અનેક રોજગારીની તકો ઊભી થવાની છે. મારે આ રાજ્ય સકારને ખૂબ ખૂબ અભિનંદન આપવાના છે. ૧૯૬૦ પછી કુલ ૧૦,૦૦૦ ચેકડેમો બનાવ્યા. આજે ભારતીય જનતા પાર્ટીએ જળસંચયનાં કામો હાથમાં લીધાં અને ૧૦ જ વર્ષમાં એક લાખથી વધારે ચેકડેમો કરી ખેડૂતોના પાકો નિશ્ચિત થઇ જાય તે રીતનું આયોજન કર્યું. એકાદ-બે વરસાદ ખેંચાતો હોય તો તેમાંથી પાણી લે તેવું આયોજન કર્યું. આજે આપણે જોયું છે કે આપણે ત્યાં ખંડરૂપીય વરસાદ પડે છે. દક્ષિણ ગુજરાતમાં ૧ હજાર મિલિલિટર વરસાદ થતો હોય. કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં ૩૦૦-૪૦૦ મિલિલિટર વરસાદ ઓછો પડતો હતો. એની સામે સૌની યોજના કરી. આ વિસ્તાર પીવાના પાણી માટે જે ઝાંઝવાના જળ હતા, એના બદલે રાજ્ય સરકારને આ સત્તારૂપી સાધન મળ્યું. તેનાથી લોકોને ચોખ્ખું પાણી મળે તેના માટે ગૌરવ સાથે કહી શકું કે એશિયા ખંડમાં વધુમાં વધુ પાઇપલાઇનથી જો પાણી પહોંચાડાતું હોય એવા ૧૧,૦૦૦ ગામડાં અને ૧૪૧ નગરપાલિકાઓ અને ૬ મહાનગર પાલિકાઓમાં પીવાનું ચોખ્ખું પાણી આપ્યું. હયાત ડેમો હોય તેમાંથી સિંચાઇનું પાણી ફાજલ લઇને ખેડૂતો વાપરી શકે તેવું આયોજન કર્યું. મારે કહેવાનું છે કે ૧૧૦૦૦ પંપ હાઉસોનાં કામ છે. આપણા અધિકારીઓને અભિનંદન આપવાના છે. આ પાણી પમ્પિંગ કરીને આપ્યું છે. એશિયા ખંડમાં વધુમાં વધુ મશીનરીને પહોંચાડી છે. તેઓની બુદ્ધિ, કૌશલ્યથી આજે સૌરાષ્ટ્રના પમ્પિંગ હાઉસમાં ૫ જગ્યાએ જે પમ્પિંગ થાય છે. આજે ૩-૩ મીટરની સૌની યોજનાની બબ્બે લાઇનો છે. આજી-૩ ડેમ એ સૌરાષ્ટ્રના ત્રીજા નંબરનો ડેમ છે. ૭૨ કલાકમાં ખાલી હોય તેને ૩ દિવસમાં ભરાય જાય તેવી પંપ શકિતનું આયોજન કર્યુ છે. તો નાણા મંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું. આ બજેટ લાવ્યા બરાબર છે. ખેડૂતોના હિતમાં, ગરીબ, મધ્યમવર્ગને તમામના હિત માટે લાવવું જોઇએ આમાં આનો કોઇ ઉલ્લેખ નથી. એકબાજુ અત્યારે ખેડૂતોને ૧૦ કલાક વીજળી ખેતીમાં આપવાની જાહેરાત કરી. અત્યારે હાલ ખેડૂતોને પાક માટે ૮ કલાક વીજળી પણ માંડ માંડ આપીએ છીએ. ૧૦ કલાકની વાત તો સાઇડમાં રહી. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો અત્યારે પોતાના ખેતરોમાં વરસાદ ઓછો થવાથી પાક ઓછો થાય છે તો ખેડૂતોને વીજળી તમે દસ કલાક બોલ્યા છો તો દસ કલાક પૂરેપૂરી આપો. કોઇ ખેડૂત ખેતરમાં રહેતો હોય તો તેને ચોવીસ કલાક વીજળી પૂરી પાડવી જોઇએ તે પણ પૂરી પાડવામાં આવતી નથી. આપણે વાત કરી કે ખેડૂતો માટે આમ કર્યુ, તેમ કર્યુ. આપણે ત્યાં કોઇ ખેડૂત ગુજરી જાય તો સમય મર્યાદામાં તેની વારસાઇ ન કરે તો પહેલાં નિયમ હતો કે પાંચ રૂપિયાથી પચ્ચીસ રૂપિયા દંડ લઇ તે કરી શકતા હતા. અત્યારે આ સરકારે ખેડૂતો ઉપર એક હજાર રૂપિયા દંડ કર્યો છે. આનાથી ખેડૂતોને કેટલું નુકસાન થાય છે. એક હજાર રૂપિયામાં તો એક ખેડૂત પોતાની ઘરવખરી લાવવી હોય તો લાવી શકે અને તે એક મહિનો ચાલે. આમાં વારસાઇ માટે જે ૨૫ રૂપિયા દંડ હતો તે

૨૫ ના ૫૦ રૂપિયા કરવા જોઇએ. આ અંદાજપત્ર છે. ખાસ કહેવાનું કે દરેક વિભાગમાં ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે. પહેલાં તમે જે જગ્યાઓ ખાલી છે તે ૪૦ ટકા જગ્યાઓ ભરવાનું કરો. જેથી ખેડૂત કે કોઇપણ અરજદાર પાછો ન જાય. તેને તેના કામનો સંતોષ મળે તેવું વિચારતા નથી અને કૃષિ મહોત્સવ અને ફલાણા મહોત્સવ કરો છો. કૃષિ મહોત્સવની વાત કરું તો આ મહોત્સવ તમે ગામડે કરો છો તે વખતે ખરેખર જે ખેડૂતોને કીટસ આપવાની હોય તે સિવાયના કોઇ ખેડૂત તમારા આ કૃષિમેળામાં આવતા નથી. ફકત ને ફકત કીટસ લેવાવાળા ખેડૂતો હોય તે, બીજા અધિકારીઓ, પંચાયતના તલાટી, ગ્રામસેવક, આરોગ્ય વર્કર તથા શિક્ષકો તથા આરોગ્ય વર્કરની બહેનો તથા ખેતીવાડી ખાતાના સ્ટાફ સિવાય કોઇ ત્યાં કૃષિમેળામાં હાજર હોતા નથી અને પાછા વાતો કરે છે કે અમે ખેડૂતોને આટલું દાન કર્યુ છે. વૈજ્ઞાનિકો મારફત સારી ખેતી થાય તેમ કહે છે. ભાઇ, ખેડૂતોને ખેતી કરતાં તો આવડે જ છે. તમારા વૈજ્ઞાનિકોની કોઇ જરૂર નથી, ખેડૂત પોતે વૈજ્ઞાનિક છે. ખેતી કરવા માટે શું શું કરવું પડે તે ખેડૂત જાણે છે. તમારા વૈજ્ઞાનિકોની કોઇ જરૂર નથી. આવી રીતે ગુણોત્સવ કરે છે. દરેક ગામડે ગુણોત્સવ રાખે છે. ત્યાં આગળ જઇ એમ કહે કે આટલા વિદ્યાર્થીઓ માટે આમ કર્યુ, તેમ કર્યુ. હકીકતમાં પાંચમા ધોરણમાં વિદ્યાર્થી ભણતો હોય તેને પૂછો તો તેને ૧૦૦ સુધી આંક આવડતા ન હોય. વાંચતા લખવાની વાત તો સાઇડમાં જ રહી. એટલે ખરેખર શિક્ષણ બહુ ખરાબ થયું છે. મારી તો ખાસ વિનંતી છે કે આવું બધુ કર્યા સિવાય નીચેના સ્તરથી લોકોને સારું શિક્ષણ મળે તેવું કંઇક કરો. માનનીય અધ્યક્ષશ્રી, હું નેનોની વાત કરી લઉં. નેનોને ૧૧૦૦ એકર જમીન ટોકન ભાવે સરકારની કરોડો અબજો રૂપિયાની જમીન આપી દીધી છે. હાલમાં તે નેનો પ્લાન્ટ બંધ છે. પ્લાન્ટ બંધ થવાથી આજુબાજુના રહીશોને રોજીરોટી પણ બંધ થઇ ગઇ. આ ગુજરાત મોડલની વાત કરું તો. આ તે કેવું ગુજરાત મોડલ? પ્રજા માટે સચિવાલયના દરવાજા બંધ હોય, રાજયમાં વેટના મારથી પ્રજા બેહાલ હોય, રાજયમાં ગરીબી અને ગરીબો વધતા હોય, રાજયમાં બેરોજગારી ઉંચે આસમાને હોય, રાજયમાં શિક્ષણ વ્યાપર બની ગયું હોય. રાજયમાં સરકારે પ્રજાને સૌથી વધારે દેવાદાર બનાવી દીધી હોય, •(×××) રાજયમાં માનવ સર્જીત પૂરથી નુકસાન અને માનવ મૃત્યુ થતા હોય,

ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : સાહેબ, થાય જ છે, ગામડાંમાં થાય જ છે. ભલે સાહેબ, તમે કાઢી નાંખવા હોય તો કાઢી નાંખો પણ થાય જ છે. જે રાજયમાં કુપોષણ અગ્રસ્થાને હોય, જે રાજયમાં આદિવાસીઓને જમીનના હકો ન મળતા હોય, જે રાજયમાં લોકશાહી જોખમમાં હોય, જે રાજયનું તંત્ર ઉદ્યોગપતિઓના ઇશારે ચાલતું હોય, જે રાજયમાં ગરીબોની જમીનો પૈસાદાર માફિયાઓ પચાવી લેતા હોય, જે રાજયમાં ઉદ્યોગપતિઓને એક રૂપિયે મીટર જમીન અપાતી હોય તેમજ સસ્તા ભાવે જમીન ઉદ્યોગપતિઓને આપી, સ્ટેમ્પ ડ્યૂટી માફી અપાતી હોય તે રાજયનો વહીવટ કેવો હશે તે આપ કલ્પના કરી શકો છો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કરમશીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાવકુભાઇ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને તેમને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર ૨૩,૮૧૫ કરોડ રૂપિયા ફકત એકલા શિક્ષણ વિભાગની અંદર ફાળવવામાં આવ્યા છે. આમ એક ઐતિહાસિક બજેટ શિક્ષણ વિભાગ માટે આ રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવ્યું છે. હું જે વિસ્તારમાંથી આવું છું એવા કલાપી તિર્થ કલાપીનગર લાઠી અને અમારા એક કવિ જીતુ ત્રિવેદીએ એમના કાવ્યમાં કહ્યું છે કે, તલવારને બદલે કલમનું રાજય સ્થાપી લાઠીને જેણે કાવ્ય દ્વારા કીર્તિ અપાવી, જીવન ટૂંકુ ને શબ્દ યાત્રા દીર્ઘ એવા રાજા કવિ સૂરસિંહજી ગોહિલ–કલાપી. હવે આ કલાપી રાજાએ કલમ દ્વારા લાઠીને પ્રખ્યાત કર્યું. સમગ્ર ભારત દેશમાં ૧૮૯૮માં અમરેલીના રાજા રાજવી ગાયકવાડે ફરજિયાત શિક્ષણ ભારત દેશમાં સૌથી પહેલા અમરેલીમાં શરૂ કરાવેલું અને ત્યાર પછી ગોંડલના રાજવીએ પણ એમના રાજયમાં ફરજિયાત શિક્ષણ દાખલ કર્યું. અમારા વિસ્તારના ગામડાંમાં ૯૦–૯૫ વરસના કોઇ દાદી હોય અને એ દાદી વાચતા હોય ત્યારે આપણને વગર પૂછ્યે ખ્યાલ આવી જાય કે એમનું માવતર ગોંડલ સ્ટેટનું હોય તો જ આ દાદી વાંચી શકતા હોય. આવા માનવતાવાદી પ્રજા વત્સલ રાજવીઓએ જ્યારે શિક્ષણ માટેની ખૂબ સારી કામગીરી જે તે સમયે કરેલી. પણ મારે માનનીય વિપક્ષના મિત્રોનું એક વાત તરફ ધ્યાન દોરવું છે કે, ૧૯૬૦થી ૧૯૯૫ સુધીમાં જો આપણે શિક્ષણની ચિંતા કરી હોત તો આ પરિસ્થિતિ અત્યારે ઉભી થઇ ન હોત. સમગ્ર ભારત દેશમાં ગઇ કાલે આપણે મહિલા દિન ઉજવ્યો અને સમગ્ર વિશ્વમાં ભારત દેશ એવો દેશ છે કે, જ્યાં દુર્ગાશક્તિ, લક્ષ્મી શકિત અને સરસ્વતી શક્તિનું પૂજન થાય છે એવા આ ભારત દેશમાં જયારે આ રાજય સરકાર દ્વારા રાજય સરકારની ઇચ્છા શકિત આ દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જે કેડી કંડારેલી અને આ જ કેડી ઉપર જયારે આ રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ માનવતાવદી અને પ્રજાવત્સલ રાજવી તરીકે જેમની ઇચ્છા શકિતથી

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ રાજયનું શિક્ષણનું સ્તર ઉંચુ આવે અને શિક્ષણનું સ્તર ઉંચુ લઇ આવવા માટે તેણે તમામે તમામ ક્ષેત્રે જે કામગીરી કરી છે તેમાં શિક્ષણની કામગીરી વિશે હું આપનુ ઘ્યાન દોરવા માગું છું.

માનનીય અઘ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં મારા મત વિસ્તાર બાબરામાં એક પણ કોલેજ નહોતી તો સરકારી કોલેજ શિક્ષણ મંત્રી, નાણામંત્રી અને મુખ્યમંત્રીએ પૂરેપૂરું ઘ્યાન આપીને બાબરાની અંદર એક ઉચ્ચકક્ષાની કોલેજની મંજૂરી આપી. આ સિવાય આદર્શ નિવાસી શાળા જયાં દલિત અને બક્ષીપંચના બાળકો અભ્યાસ કરે છે, જયાં તેમને રહેવાનું છે ત્યાં તેમના નિવાસ સ્થાન માટે પણ ત્રણ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી. ભારતનો આજનો એક બાળક કાલનો ભારતનો એક નાગરિક તૈયાર કરવાની જેની જવાબદારી છે અને આ વિભાગમાં શ્વેડ માર્ટીને તેમના એક પુસ્તકમાં વાત કરી છે કે જે વ્યકિત, જે માતા–પિતા તેમના બાળકને શિક્ષણ અને સંસ્કારનો વારસો ના આપે તેનાથી મોટો તેનો કોઇ દુશ્મન આ પૃથ્વી ઉપર નથી. નેપોલિયને એક વાત કરી કે જે દેશની દરેક માતા શિક્ષિત હોય એ દેશ કોઇ પણ ક્ષેત્રની અંદર પાછળ ના રહે અને આ દેશ મહાન દેશ બને અને આ વસ્તુનું ઘ્યાન રાખી આ રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ આ રાજયના તમામ દીકરા–દીકરીઓના વાલી તરીકે, માતા તરીકે તમામને શિક્ષણ મળે, સારુ શિક્ષણ મળે, શિક્ષણ અને સંસ્કારની સાથે આ રાજયનો બાળક સાહસિક, શૌર્યવાન, નીડર, સંસ્કારી અને વિનય–વિવેકી બને, આ રાજયના વડીલો પ્રત્યેનું માન–સન્માન જાળવે એવો એક ભારતનો સારો નાગરિક બને એવી જવાબદારી આ શિક્ષણ વિભાગે જયારે સંભાળેલી છે ત્યારે અહીંયા ઘણી ટીકા થઇ, શિક્ષણમાં અમારા મિત્રોએ ઘણી વાત કરી, પણ માનનીય અઘ્યક્ષશ્રી, અરીસામાં જોવું સૌને ગમે પણ અરીસો કયારેય ખોટું બોલતો હોતો નથી. આ બધા મિત્રોને ખ્યાલ છે કે આ રાજયની સરકારે આ રાજયના દીકરા–દીકરીઓને અભ્યાસ માટે તેની ઇચ્છા શકિતમાં, તેની દાનતમાં, તેની આવડતમાં કોઇ પણ જાતની ખામી નથી રાખી તેનું હું તમને એક જ ઉદાહરણ આપુ કે અગાઉ આ રાજયના મુખ્યમંત્રી, મંત્રીઓ, ધારાસભ્યો, સંસદ સભ્યો, સચિવો બધા તેની ચેમ્બરમાં બેસતા ત્યારે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ પ્રવેશોત્સવ દ્વારા આ તમામ લોકોને જયાં શિક્ષણ ઓછું છે, જયાં દીકરા–દીકરીઓ ભણવા નથી જતાં તેને પ્રોત્સાહન આપવા માટે દરેક ગામડાંની અંદર ૪૫ ડિગ્રીની અંદર આ બધાને મોકલ્યા અને પ્રવેશોત્સવ ઉજવી અને આ રાજયના દીકરા–દીકરીઓને અભ્યાસ કરવા માટેના ઉમદા પ્રયત્ન કર્યા. ( અંતરાય) બળવંતભાઇ, તમે બોલતા હતા ત્યારે અમે વચ્ચે ડખ્ખો નહોતો કરતા તમારે ઢાલ કરવી હોય તો અમને વાંધો નથી તમારે જેવી ઢાલ કરવી હોય એવી કરો.

માનનીય અઘ્યક્ષશ્રી, હમણાં આ ગુણોત્સવનો જે કાર્યક્રમ થયો આવા જ કાર્યક્રમો કોંગ્રેસના શાસન દરમિયાન થયા હોત તો અત્યારે આપણું શિક્ષણનું સ્તર જે તે વખતે નબળુ હતું, જે તે વખતે નબળુ હતું, ૧૯૯૫– ૨૦૦૧ પછી જે શિક્ષણનું સ્તર ઉંચું આવ્યું છે એ બહુ વહેલું ઉંચું આવી ગયું હોત. હું એક ગુણોત્સવના કાર્યક્રમમાં હમણાં ગયો હતો, અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના અમરાપુર ગામમાં, આખી સ્કૂલની અંદર બક્ષીપંચ અને દલિત સિવાય કોઇ વિદ્યાર્થીઓ ન હતા. આખે આખી સ્કૂલમાં આ વિદ્યાર્થીઓને બે ધોરણથી સાત ધોરણ સુધી ગણન, લેખન અને વાંચન મેં જાતે કરાવ્યું. તમામ વિદ્યાર્થીઓ પાસે કરાવ્યું, તમામ વિદ્યાર્થીઓ પાસે દાખલા ગણાવ્યા, તમામ વિદ્યાર્થીઓ પાસે વાંચન અને લેખન કરાવ્યું તો એક પણ વિદ્યાર્થી એવો ન હતો કે એને ન આવડતું હોય અને અત્યારે હાલમાં એ સ્કૂલ ચાલુ છે. મિત્રોને, કોઇને ત્યાં જવું હોય અને ચેક કરવું હોય તો કરી શકે છે અને આ ગુણોત્સવ દ્વારા શિક્ષકોની અંદર પણ એકજાતની હરિફાઇ રહે, એમને પણ ટેન્શન રહે કે ગમે ત્યારે ગુણોત્સવના કાર્યક્રમ દ્વારા ચેકિંગ થઇ શકે. રાજય સરકારના કોઇ મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ, ધારાસભ્યશ્રી અને સંસદસભ્યશ્રી કોઇ આવીને ચેક કરી શકે છે. આ કામગીરી જો અગાઉ કરવામાં આવી હોત, તમારા સમય દરમિયાન જો કરવામાં આવી હોત તો અગાઉની જે પરિસ્થિતિ છે એ એવી પરિસ્થિતિ ન હોત. ૧૯૯૫ પહેલાંના શિક્ષણના આંકડા જોઇએ અને અત્યારે ૨૦૧૫–૧૬ના આંકડા જોઇએ તો અત્યારે પ્રવેશોત્સવમાં જે પ્રવેશ આપવામાં આવે છે એમાં અભ્યાસ વગરના બાળકો અત્યારે કોઇ નથી. સો ટકા પ્રવેશોત્સવની અંદર સોએ સો ટકા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. જે સ્કૂલની અંદર ઝીરો ટકા ડ્રોપઆઉટ હોય, જે ગામની અંદર ઝીરો ટકા ડ્રોપઆઉટ હોય એને સો ટકા ભરતી હોય, એમને શિક્ષકો અને શાળાઓને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે કારણ કે શિક્ષણ એ ખૂબ મહત્વની વસ્તુ છે. આ રાજયની દીકરીઓને અભ્યાસ કરવા માટે, કન્યા કેળવણી માટે અગાઉ જે પ્રયત્નો નહોતા થયા, પણ આ રાજયની દીકરીઓને અભ્યાસ કરવા માટે રાજયના તત્કાલિન માનનીય મુખ્ય મંત્રીશ્રી રાજયના લોકોએ એવી અપીલ કરે કે તમે મને ભિક્ષામાં તમારી દીકરીને ભણાવવાનો અભ્યાસ કરાવવા માટેનો મને તમારી ભિક્ષામાં ભિક્ષાવૃત્તિ આપો.

ઘણા માનનીય મિત્રોએ અહીંયાં ભ્રષ્ટાચારની પણ વાતો કરી છે, પણ દિલ્હીની અંદર આપણને ખબર છે કે, એ–જી, ટુ–જી, થ્રી–જી, મામાજી, જમાઇજી અને આ દેશના મોટા ઘરના એક દામાદજી દ્વારા કેવા કેવા ભ્રષ્ટાચારો થયા, દસ વર્ષની યુ.પી.એ.ની સરકારની અંદર કેવા ભ્રષ્ટાચારો થયા છે એ આખા દેશના લોકો જાણે છે અને આ દેશના લોકો જાણે છે એટલે જે ૨૮૨ પ્લસ થયા છીએ એ આ દેશના બધા લોકોને ખ્યાલ છે અને મને ખ્યાલ છે કે, અહીંયાં બીજી પણ ઘણી વાતો થઇ કે આ રાજયના દીકરા– દીકરીઓને ભણાવવા માટે તમે જે ચિંતા નહોતી કરી, અહીંયાં માનનીય

કરમશીભાઇ ને ખ્યાલ નથી કે, આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નાનામાં નાની, ઝીણામાં ઝીણી કાળજી લીધી છે. આ રાજયના દીકરાઓ– દીકરીઓ અભ્યાસ કરે એના માટેની ચિંતા કરી છે. ચોવીસ કલાક સીંગલ ફેઝ લાઇટ ખેતીવાડીની અંદર સમગ્ર ભારત દેશમાં ગુજરાત રાજયમાં એકમાં જ મળે છે. ચોવીસ કલાક સીંગલ ફેઝ લાઇટ, ચાલીસ વોલ્ટનો લેમ્પ અને આ રાજય સરકારની અંદર કોઇ મિત્રોને કોઇ ફીડરની અંદર લાઇટ ન હોય તો મને કહેજો, તમારા આખા રાજયની અંદર રાત્રે સીંગલ ફેઝ લાઇટ ના હોય તો લાઇટ આપી દઇશું. આખા રાજયની અંદર આપણા વિદ્યાર્થીઓને રાત્રે, જે વાડીએ રહેતા હોય, જે ખેડૂતો વાડીએ રહેતા હોય અને એ વિદ્યાર્થીને વાંચવું હોય તો એના માટે પણ આ રાજય સરકારે ચિંતા કરી છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી(વાંસદા) : માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

મારા અગાઉના સભ્યશ્રીએ શિક્ષણ ઉપર ઘણી વાતો કરી અને કહ્યું કે ગુજરાત શિક્ષણમાં ખૂબ જ મજબૂત છે. પરંતુ મારે કહેવું છે કે આજે તમે ગામડાંની અંદર જાવ તો ખબર પડે. તમે બાળકોને સાધન સહાય વગેરે આપો છો પરંતુ બાળકોને શિક્ષકો ભણાવતા જ ન હોય તો એ બાળકો મજબૂત અને હોંશિયાર કયાંથી થવાના છે. તમે ૧ થી ૮ માં ધોરણમાં ભણતા બાળકોને પાસ કરી દો છો એટલે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખૂબ મજા પડી જાય છે અને વાલીઓને પણ મજા પડી જાય છે કે મારો દીકરો પાસ થઇ ગયો. આના લીધે ચોથા પાંચમાં ધોરણમાં ભણતા બાળકોને એક થી દસ સુધી બોલતા કે લખતા પણ આવડતું હોતું નથી. તેથી આવા બાળકોને સારી રીતે ભણાવવા જોઇએ.

શિક્ષકોની જગ્યાઓ ખાલી છે એ પણ ભરવી જોઇએ. મારા મત વિસ્તાર વાંસદામાં એક શાળામાં હું ગયો હતો ત્યાં મેં જોયું તો એક બહેન ૧ થી ૪ ના બાળકોને ભણાવતા હતા. મેં એમને પૂછ્યું કે તમે એક જ શિક્ષક છો, તો એ કહે કે હું તો ખાલી ભણાવવા માટે જ આવું છું અને એના માટે મને શિક્ષક તરફથી હજાર રૂપિયા આપવામાં આવે છે. ૧ થી ૪ ધોરણની શાળામાં એક જ શિક્ષક અને એમાં ગામમાં એક બહેન પી.ટી.સી. થયા હતા એ ભણાવે. એટલે આજે પણ એ જ પરિસ્થિતિ છે. અમારા આદિવાસી વિસ્તારમાં શિક્ષકોની ઘટ છે. મારા વિસ્તારમાં ૧૮ જગ્યાઓ છેલ્લા બે–ત્રણ વર્ષથી ખાલી છે. એના માટે કેટલી વખત રજૂઆત કરી તેમ છતાં એ જગ્યાઓ ભરવામાં આવતી નથી. મારા આખા મત વિસ્તારમાં તથા આખા આદિવાસી પટ્ટામાં આ પરિસ્થિતિ છે. એ જ રીતે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખોલી દીધી છે પરંતુ તેમાં જોવા જઇએ તો એક હેડ માસ્તર હોય અને એક કારકુન હોય એ જ શાળા ચલાવતા હોય છે. મારા ચીખલી મત વિસ્તારમાં એક શાળામાં કાર્યક્રમ હતો એમાં ગયો હતો ત્યાં મેં પૂછ્યું કે કેટલાનું મહેકમ છે, ત્યારે મને કહેવામાં આવ્યું કે ૪૫નું મહેકમ મંજૂર થયેલ છે અને અત્યારે ફકત ૨૫ જ ભરેલી જગ્યાઓ છે. મેં કહ્યું કે આમ કેમ? તો કહે ખાલી જગ્યાઓ માટે ભરતી કરવામાં આવતી નથી અને રોજમદાર શિક્ષકો લઇને શાળા ચલાવવામાં આવે છે. તમે સાયન્સની શાળાઓ ચાલુ કરો પણ એમાં ભણાવવાવાળા ન હોય તો બાળકો કેવી રીતે ભણે.

હું ડાંગ વિસ્તારની વાત કરું તો ત્યાંના ધારાસભ્યશ્રીને એક અઠવાડિયા સુધી ધારણા કરવા પડ્યા હતા અને ત્યારપછી શિક્ષકો મૂકવામાં આવ્યા હતા. એટલે મંજૂર મહેકમ પ્રમાણે જગ્યાઓ ભરવામાં આવતી નથી. તો આપણે કેવી રીતે કહી શકીએ કે અમે શિક્ષણમાં મજબૂત છીએ.

એ જ રીતે કોલેજોની પરિસ્થિતિ જોઇએ તો પણ એ જ સ્થિતિ છે. હું એક પ્રસંગમાં કોલેજમાં ગયો અને ત્યાં પૂછ્યું તો એમાં પણ જગ્યાઓ ખાલી હતી. જો આદિવાસી વિસ્તારમાં શિક્ષકોની ભરતી કરીશું તો જ શિક્ષણનું સ્તર સુધરશે.

કૃષિની વાત કરું તો ખેડૂતોને કુદરત અને સરકાર બંને તરફથી માર પડે છે. આપણે ખેડૂતોને આઠ કલાક વીજળી આપીએ છીએ. માનનીય શકિતસિંહભાઇ કહેતા હતા કે મારા ગામ રાત્રે પાણી વાળવા માટે આવો તો ખબર પડે. ઝેરી જાનવરની બીક એમાં એ કેવી રીતે પાણી વાળી શકે. તેથી ખેડૂતોને દિવસે જ વીજળી આપવી જોઇએ. તમે કારખાનાવાળાને રાત્રે વીજળી આપો કારણ કે એને તો ચાર દિવાલ વચ્ચે જ કામ કરવાનું છે જયારે ખેડૂતને ખેતરમાં ખુલ્લી જગ્યામાં કામ કરવાનું છે તેથી આઠ કલાક આપો પણ દિવસે આપો તો એ સારી રીતે કામ કરી શકશે. કોઇપણ વ્યકિત દિવસે કામ કરે છે અને રાત્રે આરામનો સમય હોય છે. ખેડૂતનો માલ તૈયાર થાય અને એ વેચવા જાય ત્યારે એના ભાવ સાવ ઘટી ગયા હોય છે. વચ્ચે કપાસના ભાવ સાવ ઘટી ગયા હતા. જયારે આ સરકારમાં કપાસના ભાવ ૧૨૦૦ કે ૧૩૦૦ રૂપિયા હતા ત્યારે આ જ ભાજપની સરકાર એમ કહેતા હતા કે તમે ભાવો ખૂબ ઓછા આપો છો. અમને એક વાર આપો તો ખરા, અમે તમને વધારે ભાવ આપીશું. જયારે કેન્દ્રમાં બીજેપીની સરકાર આવી ત્યારે ૭૦૦ કે ૮૦૦ રૂપિયાના ભાવે કપાસ વેચાયો. આજે શેરડી પકવતા ખેડૂતો બધા જ રડે છે. અહીં બેઠેલાં હશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં શેરડી વધારે થાય છે. એ શેરડીના ખેડૂતોને આજે શું ભાવ મળે છે? હજાર રૂપિયા પણ ટનના

નથી મળતા અને હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. આજે તમે ડી.એ.પી.ની એક ગુણ લેવા જાવ તો ૧૨૦૦–૧૩૦૦ રૂપિયા એક ગુણના થાય છે. કોલાવાળા તો લૂંટે જ છે પણ સાથે ખાંડના જે કારખાના છે તેમાં પણ ભાવ ઓછા મળે છે. આજે ખેડૂતોની આ પરિસ્થિતિ છે. આજે દરેક વસ્તુઓના ભાવ ઓછા. તેમાં સરકારે એક નિયમ કાઢ્યો છે કે ફ્રુટ એન્ડ વેજીટેબલ્સ. ફળ અને શાકભાજીમાં એ.પી.એમ.સી.નું નિયંત્રણ છે એ કાઢી નાખ્યું છે અને વેપારીઓ જ્યાં બેસીને શાકભાજી ખરીદવી હોય ત્યાં ખરીદી શકે છે. તેના પર કોઇ નિયંત્રણ રાખ્યું નથી. લાયસન્સ પ્રથા બંધ કરી છે. તેનાથી આજે ખેડૂતો લૂંટાય છે. વેપારીઓ ગમે ત્યાં બેસીને, કાંટો માંડીને ખરીદી કરે છે પણ ભાવનું કોઇ નિયંત્રણ હોતું નથી. એ.પી.એમ.સી.માં જયારે તેની હરાજી થાય અને જે ખરીદી થાય છે તેના ઉપર ભાવનું નિયંત્રણ હોય છે. આ પ્રથા પણ સરકારે બંધ કરેલી છે. તો ખરેખર ફ્રુટ એન્ડ વેજીટેબલ્સને એ.પી.એમ.સી.ના નિયંત્રણમાં આપવું જોઇએ. ગયા વર્ષ સુધી કેરીના ભાવ ખૂબ સારા હતા પણ શેરડીના ખેડૂતોના જેવી દશા કેરીના ખેડૂતોની પણ આવશે એવું મારું માનવું છે. કારણ કે કેરી નિયંત્રણમાંથી નીકળી ગઇ. એટલે ગમે ત્યાં વેપારી બેસીને કેરી લેશે અને ખેડૂતોને ભાવ આપશે નહીં. એટલે કેરીના ખેડૂતોને પણ રડવાનો વારો છે.

મિત્રો, આ સાથે બીજું મારે ખાસ કહેવાનું છે કે મધ્યાહ્ન ભોજન યોજના આપણે જાણીએ છીએ કે ગુજરાત રાજયમાં આ યોજના ચાલે છે. મારા નવસારી જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. પહેલાં જે તે સ્કૂલમાં ગરમ ગરમ બનાવીને મધ્યાહ્ન ભોજન પીરસાતું હતું. હવે નવસારી જિલ્લામાં નાયક ફાઉન્ડેશન નામનું એક એન.જી.ઓ. છે અને એ કેન્દ્રીય રસોડે બધાને જમાડે છે.

ઉપાઘ્યક્ષશ્રી : છનાભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જેઠાભાઇ ભરવાડ.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૬–૧૭નું બજેટ લઇને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં ખેડૂતો માટે, ગરીબ માણસો માટે અગાઉની સરકારોએ કોઇ વિચાર પણ નહોતો કર્યો એવો વિચાર કરીને આ વખતે માનનીય નાણામંત્રીએ બજેટમાં તમામ સમાજના ખેડૂતોને ખૂબ સારા પ્રમાણમાં બજેટ ફાળવીને ગુજરાતના તમામ ખેડૂતોને લાભ થાય તેના માટેની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫માં પશુપાલન અને ડેરી ઉદ્યોગમાં ૧,૧૬,૦૦૦ લીટર પર ડે–ના ઉત્પાદન સાથે સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે ગુજરાત રાજ્ય આવેલું છે. દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો લગભગ ૧૨ લાખ લીટર દૂધમાં ગુજરાત રાજય રોજનું એક લાખ લીટર દૂધનું વધારે યોગદાન આપી રહેલ છે. ગુજરાતની સરખામણીમાં ૬૭.૭૫ લાખ મેટ્રિકટન દૂધ ઉત્પાદનની સરખામણી હતી તેની જગ્યાએ આજે ૭૩ ટકા જેટલો દૂધ ઉત્પાદનમાં વધારો થયેલો છે. વર્ષ ૨૦૦૫ની માથાદીઠ દૂધની ઉપલબ્ધતામાં ૩૪૪ મિલીગ્રામ દૂધ દિવસનું હતું, જેની જગ્યાએ ૪.૩૦ ટકા સરેરાશ વૃદ્ધિનો દર ૨૦૧૪–૧૫માં ૯૨ ગ્રામ પ્રતિદિન થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલકોના વિકાસને વેગ મળે તે માટે દશ ગામ વચ્ચે એક પશુ ચિકિત્સાલય ઉભું કરવાની રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે અને પશુ ચિકિત્સાલયની અંદર સવલતો આપવા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. આ પશુ ચિકિત્સાલયમાં પશુ સંવર્ધનની સવલત હોય, પશુધનનો વિકાસ કરવાનો હોય અને પશુઓની દેખભાળ માટેના શિક્ષણની સવલત હોય છે. આખા રાજ્યની અંદર પશુ મેળાઓ કરવામાં આવે છે. આ પશુ મેળામાં પશુઓને સારવાર આપી પશુઓને થતા રોગોને જડમૂળથી કાઢવાનો પ્રયત્ન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. મારે આપને એ કહેવું છે કે દેશની સરખામણીમાં ગુજરાત રાજ્યની અંદર પશુઓની ખૂબ સારી સરભરા કરવામાં આવી રહી છે. જેના કારણે પશુ ધનમાં ખૂબ વધારો થયેલો છે. માણસોના મોતિયાના ઓપરેશન તો દરેક જગ્યાએ થાય છે. પરંતુ ગુજરાતમાં પશુઓના મોતિયાના ઓપરેશન કરવાની આ સરકારે શરૂઆત કરી છે. આ રીતે પશુઓની સારવાર કરવાની નેમ લીધી છે ત્યારે આવી જાગૃતતા અગાઉની સરકારોએ બતાવી નહોતી. અગાઉની સરકારોએ જે નહોતું કર્યું એ આ સરકારે કર્યું છે. ગુજરાતના ખેડૂતોને મોટો ફાયદો થાય તેવા પ્રયત્નો આ સરકાર કરી રહી છે. પશુ મેળાઓની અંદર પશુઓની ક્વોલીટી સારી થાય, પશુઓનું દૂધ ઉત્પાદન વધે એના માટે માર્ગદર્શન આપવામાં આવે છે. અગાઉની સરકારોએ પશુઓની કે ખેડૂતોની ચિંતા ક્યારેય કરી નથી. મારા મિત્રો બોલે છે એમને મારે કહેવું છે કે અગાઉની સરકારોમાં લઠ્ઠા પ્રકરણ થાય તો એમાં મૃત્યુ પામનારને રૂ.૨૫,૦૦૦/– આપવામાં આવતા હતા પણ ખેડૂત મરી જાય તો એને એક રૂપિયો પણ આપવામાં આવતો નહોતો. માનનીય નરેન્દ્રભાઇ મોદી અને માનનીય આનંદીબેન પટેલની સરકારો આવી અને ખેડૂતોને એમાં વીમો મળતો થયો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારોમાં મળે છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ(રાજકોટ (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એક સલાહ આપવામાં આવી હતી કે સત્તાનો અનુભવ ખૂબ છે એટલે તમારા અનુભવોનો ઉપયોગ કરીને સરકારશ્રીએ બજેટ રજૂ કર્યું છે. પરંતુ અમારે તો આ બધું ગળથૂથીમાંથી જ આવતું હોય છે એ આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ છે એ સરકાર તૈયાર કરતી હોય છે અને સરકારની માનસિકતાની એમાં ઝલક આવતી હોય છે. સરકારની કઇ માનસિકતા છે એના આંકડાઓમાં હું પડવા માગતો નથી કારણ કે આંકડાઓની તો અહીં ઘણી બધી ચર્ચા થઇ છે. પણ બજેટ તૈયાર કરવામાં સરકારની માનસિકતા શું છે એની ચોક્કસપણે વાત કરવા માગું છું. ગરીબોનું ૨૫ વારનું કે ૩૦ વારનું અને એ બહુ મજબૂત હોય તો ૫૦ વારનું દબાણ કરીને ઝૂંપડું બનાવ્યું હોય અને એ ઝૂંપડાને બિન કાયદેસર ગણાવી અને રિવરફ્રન્ટ કે પ્રોજેક્ટ કરવા માટે આપણે એનું મકાન તોડી નાખીએ અને એને રોડ ભેગો કરી દઇએ એ ક્યા પ્રકારની માનસિકતા છે? દારૂની રેલમછેલ છે. આ સરકારની માનસિકતા મેં નજીકથી જોઇ છે એ કહેવા માગું છું. એક મજબૂત અધિકારીને એનું જે સેલ છે એમાં એને મૂકવામાં આવ્યો એટલે અમને આનંદ થયો કે મુખ્યમંત્રીશ્રીએ કાંઇક રસ લઇને કર્યું છે અને મજબૂત અને નિષ્ઠાવાન અધિકારીની નિમણૂક કરી છે, તો ત્યાંના પી.આઇ. સસ્પેન્ડ થશે એવી અપેક્ષા જાગી હતી. પણ એ અધિકારીએ સરકારને લખીને આપવું પડે કે મને મનગમતો સ્ટાફ નહીં આપો તો મારે આ નથી સ્વીકારવું અને છતાં પણ જવાબ ન મળે અને સામેથી ચાર્જ મૂકી દેવો પડે આવી હાલત નિષ્ઠાવાન અધિકારીઓની છે એ આ સરકારની માનસિકતા છે. આનો દાખલો જોઇતો હોય તો હું આપીશ. વાત થઇ છે, સી.એમ. ઓફિસમાંથી મને જાણવા મળે કે દારુબંધી કરાવવા માગીએ છીએ અને હસમુખભાઇ જેવા માણસે આવું લખીને આપવું પડે તો કઇ માનસિકતાથી આ સરકાર ચાલી રહી છે? દેખાવ કરવા માટે, સી.એમ.ની ઇચ્છા છે, બહેનો વિધવા બને છે. દારુમાં ૪૦–૪૨ વર્ષે માણસ મરી જતો હોય છે એની નોંધ ન રાખતા હોય એ *(×××) આજે *(×××) માઝા મૂકી છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : હું કરું છું એ કરવાનું હોય. આ *(×××) છે એ આ રાજ્યમાં (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપના *(×××) શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : *(×××) આખા રાજ્યમાં છે. આપણે અહીંયા નકારીશું તો પણ આખા રાજ્યમાં *(×××) છે.

ઉપાધ્યક્ષશ્રી : બિન સંસદીય શબ્દ છે એટલે હવે પછી આપ એનો ઉપયોગ ન કરશો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : જેને આપણે બિન સંસદીય શબ્દ કહીએ છીએ એણે જ આ રાજ્યમાં માઝા મૂકી છે એનું અમારે અહીંયા દુઃખ વ્યક્ત કરવું પડે છે. આપણે અહીંયા બોલીશું નહીં પણ આખા ગુજરાતની હકીકત એનાથી ફરશે નહીં. એની બળતરા ક્યાંક મને અને તમને બધાને ન અડી જાય એનું આ ગૃહે ધ્યાન રાખવાનું છે. નાનો માણસ એની જમીન ખોઇ બેસે છે. ઘરમાંથી કાઢી મૂકે છે, એની બૈરીને લાફો મારી બેસે છે. આ સ્થિતિ થઇ છે અને પોલીસ ખરીદાઇ જતી હોય છે. રાજકીય માણસોની સલાહ–સૂચનાથી ગુંડા છૂટી પણ જતા હોય છે. આ રાજ્યની સ્થિતિ છે. મને બે કે અઢી વર્ષ પહેલાં જ્યારે મુખ્યમંત્રી મહેસૂલ મંત્રી હતા ત્યારે એક મિટિંગમાં કહેવામાં આવ્યું કે છ મહિનામાં બધી ટી.પી. સ્કીમો પૂરી થઇ જશે. હું બોલવા ગયો ત્યારે કહેવામાં આવ્યું કે બોલશો નહીં, મેં કહ્યું છ મહિના નહીં બોલું. આજે અઢી વર્ષ થવા આવ્યા એટલે બોલવું પડે છે. અત્યારના મુખ્યમંત્રી અને ત્યારના મહેસૂલ મંત્રીની સૂચના હોવા છતાં ૨૦–૨૦ વર્ષથી પેન્ડીંગ ટી.પી. સ્કીમો પૂરી નથી થતી તો ક્યા પ્રકારની ગતિ છે? તેમની ઇચ્છા હશે, દારુબંધી થાય. હું એવું ઇચ્છું છું અને માનવા માગું છું કે મુખ્યમંત્રીની ઇચ્છા છે કે ગુંડાગીરી પૂરી થાય, દારુ બંધ થાય પણ એવી માફિયાગીરી જામી ગઇ છે, સર્વસત્તાધીશ સી.એમ.ની ઇચ્છા હોય અને છતાં પણ એ દારુબંધી ન કરી શકે, ઓફિસરો એમનું ન માને, પોલીસ એમનું ન માને એ સ્થિતિનું નિર્માણ થયું હોય તો એ આ સરકારની માનસિકતાની નબળાઇ બતાવે છે. આ ગૃહમાં મને ખબર નથી કે ચર્ચા કરાય કે નહીં પણ આપણે અહીંયા શું ચર્ચા કરીએ છીએ એ લોકો જોઇ પણ ન શકે એ આપણી કઇ માનસિકતા છે? આપણી ઘણી જવાબદારી છે. અહીંયા આપણે હોઇશું, ભ્રષ્ટાચાર ન કરીએ તો, પૈસા ભેગા ન થાય તો ચાલશે, ગુંડાગીરી ન થવા દઇએ, ગુંડાગીરી વગરનું રાજ્ય હશે એ ચાલશે, આપણે કોઇ દિવસ લાગવગ વગરના બેહાલ ક્યાંક પડ્યા હોય, આપણા છોકરા પડ્યા હોય અને આપણે સારી સ્થિતિના રાજ્યનું સ્થાપન કર્યું હશે તો અહીંથી ત્યાં ટળવળવું નહીં પડે. નહીં તો આજે કોઇકનો વારો તો કાલે આપણો પણ વારો આવી શકે છે એવી માનસિકતા સાથે સરકારે કામ કરવું જોઇએ. મને ઘણીવાર આશ્ચર્ય થાય છે. ગાંધીજીનો ફોટો રાખીને કોઇપણ વ્યક્તિ એની ઓફિસમાં પ્રવેશે અને પ્રવેશે અને પાછા એમ કહે કે, ગાંધીજીએ જે નિર્ણય લીધો હતો વડાપ્રધાન બનાવવાનો એ ખોટો છે. અરે ભાઇ, આ ગાંધીજીના વિચારથી મોટો વિચાર કરનાર દેશભક્ત હજી કોઇ પાક્યો નથી અને એમના નિર્ણય વિશે કોઇ ટિપ્પણી કરવાની માનસિકતાથી દૂર રહેવું જોઇએ. એનો અધિકાર પણ નથી અને એવી એની કરણી પણ નથી અને આવી માનસિક્તાના લોકો. (અંતરાય) મારું પૂરું થઇ ગયું છે.

ઉપાધ્યક્ષશ્રી : હા, બસ.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

શ્રી ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરુ : વિધાનસભા થોડીક લંબાય અને બધાજ સભ્યોને ટૂંકો ટાઇમ પડે છે. સરકારશ્રી એમાં વિચારે એવી અપેક્ષા રાખું છું.

ઉપાધ્યક્ષશ્રી : સરકારશ્રી નહીં, દંડકશ્રીઓ વિચારે. દંડકશ્રી ટાઇમ આપે છે. માનનીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી. આપને ૭ મિનિટ ફાળવેલી છે.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ બલિહારી છે, આ કમનસીબી છે કે વિધાનસભાની અંદર માનનીય સભ્યશ્રી આંકડામાં પડવા માગતા નથી. મિત્રએ કીધું કે હું આંકડામાં પડવા માગતો નથી. ગૃહ વિભાગની ચર્ચા હોય, ક્રાઇમ રેટને જોવો હોય તો માત્ર શબ્દોથી શણગારીને ના જોઇ શકાય. એણે આંકડા જોવા જ પડે તો જ નક્કી થાય કે સરકારની ગૃહ વિભાગની કામગીરી કેટલા અંશે સારી છે, વાજબી છે કે નથી?

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગના ત્રણ પરિબળો છે. પહેલું આવે છે પોલીસ, બીજું આવે છે જેલ અને પોલીસ અને જેલની વચે એક સાયન્ટિફિક ઇન્વેસ્ટિગેશન. આ ૨૧મી સદીની જરૂરિયાતને પૂરી પાડવા માટે આ ત્રણે ત્રણ વિભાગોને આ સરકાર માળખું આપવા માગે છે અને આપતી આવેલી છે. સરકાર આ અશાંત વાતાવરણથી ખૂબ ચિંતિત છે. પોલીસે અને આ સરકારે ભલ ભલાને રાષ્ટ્રધ્વજ ફરકાવતાં કરી દીધાં છે. ૨૧ દિવસ રહ્યાં પછી એ રાષ્ટ્રધ્વજના નેજા હેઠળ બોલતા જોયા છે આપણે. માનનીય અધ્યક્ષશ્રી, ફોરેન્સિક વિભાગની વાત કરીએ તો નવી નવી ટાઇપના સાધનો, નવી પ્રક્રિયાઓ, હસ્તાક્ષર અને અવાજ નિષ્ણાત અને મેચિંગ, ડી.એન.એ. મચિંગ, લાઇવ ડિટેક્ટર, બ્રેઇન મેપિંગ, નાર્કો એનાલિસિસ અને વિશ્વ કક્ષાની લેબોરેટરી અગર કોઇ જગ્યાએ છે, અગર કોઇ સરકારે ઊભી કરે છે તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ગાંધીનગરમાં ઊભી કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગીશ કે, એટલા તો દાખલા છે કે, સમગ્ર દેશમાંથી અન્ય રાજ્યોએ આજદિન સુધીમાં અનેક વખત બળાત્કારના કેસમાં યુ.પી.માંથી, બહુ ચર્ચિત ભરૂચનો ડબલ મર્ડર કેસ, એન.આઇ.એ.માંથી જીયાખાન હત્યા કેસ, સી.બી.આઇ. મુંબઇ, સુનંદા પુષ્કર થરુર ઓળખતા હશોને તમે? સુનંદા પુષ્કર થરુર એ કેસની તપાસ પણ અહીંની લેબોરેટરીમાં થાય છે. અહેમદનગર મહારાષ્ટ્રમાંથી, મુઝફરનગરમાં થયેલા કોમી રમખાણો માટે આ લેબોરેટરીની સહાય લેવામાં આવે છે. મધ્યપ્રદેશમાં તમારાં વખતનું વ્યાપમ ભરતી કૌભાંડની તપાસ પણ સાયન્ટિફિક રીતે અહીંની લેબોરેટરીમાં થાય છે. આર. કે. પચોરીની જાતિય સતામણી માટેની તપાસ પણ અહીંની જ લેબોરેટરીમાં થાય છે. બિહારમાંથી બોધીગયા કેસમાં થયેલા બ્લાસ્ટની તપાસમાં મદદ પડે છે ગુજરાતના ગાંધીનગરની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડાની વાત કરું. કેમકે, એમને આંકડા ફાવતાં નથી. આંકડા જોવા નથી. આંખો બંધ રાખવી છે અને ગાંધીજીની વાતમાં આંખો બંધ રાખવાની વાત એમણે કીધી છે એ બીજા કારણોસર કીધી છે. આંકડાઓ માટે આંખ બંધ કરી દીધી છે. ઇન્ડિયન પીનલ કોડરના ૧ થી ૫ ના જે ગુનાઓ છે એને ૧૦ વિભાગની અંદર સેપરેટ કરેલા છે. ખૂન, ખૂનની કોશિશ, ધાડના ગુનાઓ, લૂંટના ગુનાઓ, ઘરફોડ ચોરી, ચોરીઓ તમામ, હંગામો, ઇજાઓ, અપહરણ અને અન્ય સામાન્ય ગુનાઓ છેલ્લા બે વર્ષની અંદર, આમ તો પાંચ વર્ષ ગણીએ. આમાં ૭ ટકાનો ઘટાડો ધાડના ગુનામાં, ૨૨ ટકાનો ઘટાડો લૂંટના ગુનામાં, ઘરફોડ ચોરીઓમાં ૨૨ ટકા, ચોરીઓ તમામમાં એક ટકો, ઇજાઓમાં ૬ ટકા, અન્ય ગુનાઓમાં ૧ ટકા મળીને તમામ રીતે જોઇએ તો છેલ્લા પાંચ વર્ષની અંદર ગુનાઓનો ઘટાડો થતો જાય છે. મને ખબર છે કે, તમે એવું કહેશો કે, દારૂની રેલમ છેલ થાય છે. એ રેલમ છેલ પકડીએ છીએ એટલે કરોડો રૂપિયાનો દારૂ ગુજરાતમાં પોલીસ સક્ષમ રીતે પકડીને દર્શાવે છે કે, આ સરકાર કટિબદ્ધ છે ગુનાઓને અટકાવવા માટે.

માનનીય અધ્યક્ષશ્રી, લાંચની બદી સમગ્ર વિશ્વમાં છે. આ સરકાર લાંચ રૂશ્વતને રોકવા માટે પણ એટલી જ કટિબદ્ધ છે. ૨૦૧૧ અને ૨૦૧૫ની સરખામણીની અંદર ૨૭૬ હાઇએસ્ટ ટ્રેપ કરવામાં આવી છે આ સરકાર દ્વારા અને એમાં ૪૪૫ ગુનાઓ કુલ પકડવામાં આવ્યા અને રેકોર્ડ બ્રેક લાંચ રૂશ્વતની વિરુદ્ધમાં આ સરકાર પગલાં ભરી રહી છે. આ આંકડાઓ સામે તમે આંખ બંધ કરવાના. ગાંધીજીએ કહ્યું છે, આંખો જે બંધ રાખે છે વાંદરાની વાત આવે છે, એને તમે જુદી રીતે જુઓ છો.

માનનીય અધ્યક્ષશ્રી, જેલ પણ આને આનુષાંગિક છે, ગૃહની સાથે. આ તોફાનીઓને જેર કરવા, આતંકવાદીઓનો સફાયો બોલાવવા માનનીય અધ્યક્ષશ્રી, આ જે શાંતિ છે આ પ્રદેશની એ શાંતિ એમનાથી કેટલાકથી જોવાતી નથી, એટલે એ અશાંતિની વાતો કરે છે. શાંતિ, શાંતિ છે સર્વ આપના ઘરમાં જઇને પૂછજો, આપના હ્રદય પર, મને કહો છો તમે હાથ મૂકીને પૂછજો, આપના ઘરનાને પૂછજો કે, ગુજરાત જેવી શાંતિ અન્યત્ર ક્યાંય છે ખરી? આની સામે તમે આંખો બંધ કરવા માગો છો. આપણે જેલની અંદર પણ, જેલમાં જે વ્યક્તિઓ જાય છે એ નિર્દોષ કે ગુનેગાર પુરવાર થાય તે પહેલાં એક્સ–રે મશીન, (અંતરાય) સુરંગ પહેલાં હોઇ શકે પણ આજે જેલમાં એક્સ–રે મશીન, એમાં સોનોગ્રાફી મશીન, ઇ.સી.જી.મશીન, ગ્લુકો મીટર, એમ્બ્યુલન્સ વાન આ બધી સગવડતા આ સરકારે તમામ....

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય રમેશભાઇ.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ જે અંદાજપત્ર રજૂ કર્યું છે એ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા કરવા માટે હું મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી નવા દસ કન્યા છાત્રાલયો માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવેલી છે. મહીસાગર અને દાહોદ જિલ્લામાં કડાણા જળાશય આધારીત યોજના જે લીફ્ટ ઈરીગેશનથી અમારા દાહોદને પાણી પૂરું પાડવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબે આ બજેટમાં જોગવાઇ કરેલ છે. જ્યારે વીસ વર્ષ પહેલાં અમારા આદિવાસી વિસ્તારની અંદર અમારી બહેનો એક કિલો મીટર દૂર સુધી પાણી લેવા જતી હતી અને માટલા પર માટલું લઇને આવતી હતી ઘરે ત્યારે તેના પગની અંદર છાલા પડી જતા હતા ત્યારે આ ગતિશીલ ગુજરાતની અંદર આજે ફળિયા દીઠ મીની લાઇનો, હેન્ડ પંપો અને કૂવાઓ અને હાલમાં પણ પાણીના બોર ચાલી રહ્યા છે. જ્યારે આ બહેનોની ચિંતા કરવા માટે, છેવાડાના વિસ્તારો સુધીની ચિંતા કરવા માટે આજે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબને આશીર્વાદ આપવા માટે ગુજરાતના ખૂણે ખૂણેથી જ્યારે આ બહેનો આજે આ વિધાનસભા ગૃહને જોવા માટે અહીંયા બહેનો આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિવાસી વિસ્તારની અંદર પાણીની અને ખેતીવાડીની અંદર ખૂબ સમસ્યા હતી. ત્યારે ઉદ્વહન સિંચાઇના એક ડેમો બનાવીને ખેતી કરવા માટે, અમારા આદિવાસી ભાઇઓને પાણી પહોંચાડવા માટે, સિંચાઇનો લાભ આપવા માટે આ બજેટની અંદર દસ કરોડ જેટલી, ટ્યૂબવેલથી પાણી પહોંચાડવા માટે જોગવાઇ કરેલી છે. અગાઉની સરકારમાં રસ્તામાં મોટા મોટા ખાડા પડેલા અને રોડની વ્યવસ્થા નહોતી. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પાણીના રેલા જેવા રોડ, કેળાની છાલ પણ પગ નીચે આવે તો પગ લપસી જાય એવા રસ્તા ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ગતિશીલ ગુજરાતમાં બનાવ્યા છે. છેવાડાના વિસ્તાર સુધી મહોલ્લામાં, ફળીયામાં જયારે નાના નાના ટુકડા રોડ હોય, નાની શેરીઓ હોય ત્યાં નદીમાં થઇને જવું પડતું હોય ત્યારે રોડની સુવિધા ન હોવાથી આદિવાસીના બાળકો ભણવા નહોતા જઇ શકતા. આજે નોન પ્લાન અને પ્લાન રસ્તા મંજૂર કરવા માટે આ બજેટની અંદર જોગવાઇ કરી છે. જયારે મહિલા સશકિતકરણ કરવા માટે અમારા વિસ્તારમાં ગામડાંની અંદર મહિલા દૂધ ડેરીઓ ખોલીને અમારી આદિજાતિ બહેનોને ગાયો અને ભેંસો આપીને એમને પોતાને પગભર બનાવવા માટે, એમના કુટુંબને સુખી કરવા માટેનું કામ કર્યું છે. આ બજેટમાં આ વર્ષે અમારા વિસ્તારમાં ગાયો, ભેંસો, ઘેટા, બકરા બહેનોને આપવાના છે જે અમારા આદિવાસી વિસ્તાર ફતેપુરાની અંદર દૂધ સંજીવની યોજનામાંથી દૂધ આપીને આંગણવાડી અને પ્રાથમિક નિશાળોમાં બાળકોને તંદુરસ્ત બનાવવા માટે આ ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ખૂબ અમારા વિસ્તારની ચિંતા કરી છે હું એમના માટે આભારની લાગણી વ્યકત કરું છું. જયારે મહિલાઓને શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશકિતકરણને વેગ આપતા અંદાજપત્રમાં ૫૯૩ યોજનામાંથી ૧૩૨ યોજનાઓ માત્ર મહિલાઓ માટે છે. આ ગતિશીલ ગુજરાત કહેવાય. અમારા દાહોદ જિલ્લામાં પહેલા અમારી બહેનો રોટલા કરતી વખતે ચુલામાં લાકડા નાખતી વખતે એમની આંખોમાં ધુમાડો આવતો હતો ત્યારે એમની આંખોમાં મોતીયા આવી જતા હતા ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે અમારા આદિવાસી વિસ્તારની અંદર આધુનિક ચુલાનું વિતરણ કરેલ છે. હાલમાં પણ વિતરણ કરે છે. આ સરકારે બહેનોની ખૂબ ચિંતા કરી અને મોતીયા ન આવી જાય, મોતીયા બે પ્રકારના હોય છે દૂરથી જોવાના અને નજીકથી જોવાના. વિકાસ નથી દેખાતો એમને હકીકત જોતા મોતીયા આવી ગયા હોય તો ચશ્મા પહેરો.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જયારે પ્રગતિના પંથો સર કરી રહ્યું છે અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તેમજ આપણા ડાયનેમીક અને તેજસ્વી મંત્રી સૌરભભાઇ જયારે ૨૦૧૬-૧૭નું ૮૫૫૫૭.૭૮ કરોડનું મહાકાય બજેટ લઇને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાતના ખેડૂતોની મહેનત અને સાહસના પરિણામે કૃષિક્ષેત્રે રાજયે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે તેમજ સિંચાઇની પૂરતી સવલત સાથે ખેતીના વૈવિધ્ય થકી ખેડૂતોની આવક વધે તે રીતે મારા સાગરખેડૂની આવક વધે તે હેતુથી આ બજેટની અંદર બંદરોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આપણું ગુજરાત રાજ્ય દેશમાં કુલ ૯ દરિયાકિનારો ધરાવતું, રાજ્યમાં ૧૬૦૦ કિ.મી.ની લંબાઇ ધરાવતું સમૃદ્ધ રાજ્ય છે. આપણા ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી.ના દરિયાકિનારા ઉપર કુલ ૪૯ નાના, મોટા અને મધ્યમ કક્ષાના બંદરો આવેલા છે. તે પૈકી કંડલા મહાબંદર છે. જેનો વહીવટ ભારત સરકાર વતી કંડલા પોર્ટ ટ્રસ્ટ કરે છે. દિવ અને દમણ બે નાના બંદરો આવેલા છે. બાકીના ૪૬ બંદરો રાજ્ય સરકાર હસ્તક છે. આપણા ગુજરાતના નાના અને મધ્યમ કક્ષાના બંદરોનું સંચાલન અને નિયંત્રણ ગુજરાત મેરી ટાઇમ બોર્ડ હસ્તક મુકાયેલ છે. ભાવનગર નજીક અલંગ શોશિયા અને સચાણા ખાતે શીપ બ્રેકિંગ યાર્ડની કામગીરી પણ ગુજરાત મેરી ટાઇમ બોર્ડ કરે છે. આ રીતે આ રાજ્યના કુલ ૪૬ બંદરો પૈકીના ૧૯ બંદરો ઉપર ટ્રાફિકની હેરાફેરી મુખ્યત્વે થાય છે. રાજ્યના બંદરો ઉપરથી ગત વર્ષે ૨૦૧૪-૧૫ દરમ્યાન ૩૩૬૦.૯૩ લાખ ટન ટ્રાફિકની અવર જવર થયેલ છે.

રાજયમાં બંદરોના ટ્રાફિકમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. ગુજરાતના બંદરો ઉપરથી ૨૦૧૬–૧૭ માં રાજયના બંદરો ઉપરનો ટ્રાફિકનો લક્ષ્યાંક ૩૭૦૦ લાખ ટન કરતા વધારે અંદાજેલ છે. આપણા ભારત દેશની અંદર કુલ નાના મોટા બંદરો મળી ૧૮૫ જેટલા બંદરો આવેલ છે. તેની અંદર ૪૬ બંદરો ગુજરાતમાં એટલે કે દેશના કુલ બંદરોમાં ૨૫ ટકા ગુજરાતમાં આવેલ છે. આમ ગુજરાત રાજ્ય દેશના વહાણવટા ક્ષેત્રે કુદરતી અને કામગીરીની દ્રષ્ટિએ નંબર વન છે. વર્ષ ૨૦૧૪–૧૫ માં રાષ્ટ્રીય સ્તરે બંદરો થકી માલની હેરાફેરી ૧૦૫ કરોડ મેટ્રિક ટન થઇ. ગુજરાત મેરી ટાઇમ બોર્ડના બંદરો થકી માલની હેરાફેરી ૩૩ કરોડ મેટ્રિકટન થઇ. જે કુલ રાષ્ટ્રીય ટ્રાફિકનો ૩૨.૨ ટકા તથા ગૌણ બંદરો ઉપરના ટ્રાફિકનો ૭૪ ટકાનો હિસ્સો ફકત ને ફકત ગુજરાતનો છે. આ બંદરોનો સારી રીતે વિકાસ થાય. આપણા ગુજરાતમાં આયાત, નિકાસ જરૂરિયાત માટે ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા ઉદ્યોગોને વર્ષ ૨૦૧૪–૧૫ સુધીમાં પોતાની જેટીનું બાંધકામ કરી સંચાલન અને નિભાવના ધોરણે મંજૂરી આપવામાં આવી છે. આ રીતે ગુજરાતના દરેક બંદરો ખાતે સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું એલએનજી ટર્મીનલ મે.પેટ્રોનેટ એલએનજી ટર્મીનલ દ્વારા નિર્માણ થયેલ છે. આ ટર્મીનલ દ્વારા વર્ષ દરમ્યાન ૧૨.૫ મિલિયન ટનના કુદરતી વાયુ આયાત કરવાનું નિશ્ચિત છે. આપણા ગુજરાતમાં અલંગ શીપ રી–સાઇકલિંગ યાર્ડ એશિયામાં સૌથી મોટું શીપ રી–સાઇકલિંગ યાર્ડ છે. અલંગ શીપ રી–સાઇકલિંગ યાર્ડના પ્લોટના સંચાલન માટે બોર્ડ દ્વારા અલગથી વિનિમયો બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત પ્લોટની ફાળવણી, ચાર્જીસની વસૂલાત અને નિયમોનું અમલીકરણ કરવામાં આવે છે. આ શીપ રી–સાઇકલિંગ ઉદ્યોગને ઉત્તેજન આપવા વિનિમયો ૨૦૦૬ જાહેર કર્યા બાદ શીપ બ્રેકિંગ પવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે. શીપ રી–સાઇકલિંગ યાર્ડના ૨૪,૯૦,૧૫૩ ટન ભારના ૧૭૫ જહાજો ભાંગવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષે ૨૦૧૫ જાન્યુઆરી સુધીમાં ૧૫,૯૨,૨૬૪ ટન ભારના ૧૬૫ જહાજો ભાંગવામાં આવેલ છે. આમાં બધા જ કામો માટે મુખ્યત્વે કામદારોની જરૂરિયાતો વધે, રોજગારી વધે, કામદારોને સારું વેતન મળે, કટિબદ્ધતા મળે, તાલીમ આપી શકાય તે માટે ગુજરાત સરકાર દ્વારા અલંગ શીપ રી–સાઇકલિંગ યાર્ડમાં કામની સલામતી અને પર્યાવરણની જાળવણી માટે ૪૦૭ લાખના ખર્ચે તાલીમ કેન્દ્ર બનાવવામાં આવેલ છે. આ બજેટની અંદર જે પ્લાન અને નોનપ્લાન રસ્તા અત્યાર સુધી ન્હોતા થતા તે નોનપ્લાન રસ્તા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. આ નોનપ્લાન રસ્તા થશે તો ગામથી ગામ જોડાશે અને આવા ટૂંકા રસ્તાથી લોકોના પૈસા બચશે અને લોકો સારી રીતે પોતાના સ્થાને પહોંચી શકશે. મિત્રો જિંદગી કો આસાન નહીં બસ ખુદકો મજબૂત બનાના પડતા હૈ, ઉત્તમ સમય કભી નહીં આતા સમય કો ઉત્તમ બનાના પડતા હૈ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચાની અંદર માર્ગ અને મકાન વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પંદર સત્તર વર્ષ પાછળ ડોકીયું નાંખીએ તો આ ગૃહમાં બેઠેલા સૌ સદસ્યો જાણતા હતા કે આ રાજયના રસ્તાઓની અંદર કેટલા મોટા ખાડાઓ પડેલા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારને આ ખાડાઓ પૂરતા પૂરતા દસ–બાર વર્ષ લાગ્યા છે. જયારે આજથી પંદર વીસ વર્ષ પહેલાં મારે સુરતથી ગાંધીનગર આવવાનું થતું હતું ત્યારે એક દિવસ અગાઉ નીકળવું પડતું હતું. મંગળવારે અહીં આવવા માટે રાત્રે નીકળતા અને બીજા દિવસે બપોરે અહીં પહોંચતા હતા. આજે આપણે જોઇએ છીએ કે સુરતથી અમદાવાદ ગુજરાત કવીનમાં સાડા પાંચ વાગ્યે આવનારો માણસ અગિયાર વાગ્યે ટ્રેનમાં આવે છે અને સાત વાગ્યે માણસ કાર લઇને નીકળે છે તો તે સાડા દસ વાગે ગાંધીનગરની અંદર પગ મૂકે છે. આના ઉપરથી ખબર પડે કે આપણા ગતિશીલ ગુજરાતમાં કેવા કેવા રસ્તાઓ થયા છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે ધુલીયાની અંદર મારે ચૂંટણી પ્રચારમાં જવાનું થયેલું. ત્યારે મારે આર એન્ડ બી ના એકસ.ઇ.એન.ને મળવાનું થયું, તે મારા ઓળખીતા હતા. મેં તેમને કહ્યું કે તમારું માર્ગ અને મકાન વિભાગનું બજેટ કેટલું? તો એમણે કહ્યું કે ૪૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ છે. મને પહેલાં અજંપો લાગ્યો. મેં ગુજરાતની વાત કરી કે અમારું ગુજરાત નાનું છે છતાં ૮૦૦૦ કરોડનું બજેટ છે. આની ઉપરથી આપણને ખબર પડે છે કે કેટલી ચિંતા આ સરકાર કરે છે. ગામડાંને જોડવાની વાત કરીએ તો માનનીય અટલબિહારી બાજપાઇજીની સરકાર કેન્દ્રમાં હતી ત્યારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના આ ભાજપની સરકાર લાવી હતી. બે ગામ કે બે પરાંઓને જોડવાની ચિંતા ત્યારે કોઇ સરકારે કરી ન હતી. અત્યારે આપણે જોયું કે ગુજરાતની અંદર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના લાવીને આ પરાંઓને જોડવાનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય મુખ્યમંત્રી આનંદીબેનની સરકારે કર્યું છે. બે ગામને જોડવાના રસ્તાની વાત ઘણાબધા ધારાસભ્યશ્રીઓ રજુઆત કરતા હતા કે આ ગામથી બીજા ગામ જવા માટે નોનપ્લાન રસ્તા આપો. આ બજેટની અંદર ૧૦ હજાર કરોડની જોગવાઇ કરીને આ ગામડાં અને પરાંઓનો રસ્તાનો પ્રશ્ન હલ કર્યો છે. છેલ્લા પાંચ વર્ષની વાત કરું તો ૩૭૧૦ કિ.મી.ના ૯ પ્રગતિપથ રસ્તા બનાવ્યા છે. આજે તમે ગુજરાતની અંદર આ છેડેથી પેલે છેડે જાઓ તો ૮૦ કિ.મી.ની ઝડપે જઇ શકો છો. તમે પહેલાં ૧૫ થી ૨૫ કિ.મી. સુધી ગાડી ચલાવી શકતા ન હતા. ૪૦૦૪ કિ.મી.ના રસ્તા એવા હતા કે જે ૩.૭૫ મીટરની પહોળાઇ ધરાવતા હતા. આ બધા રસ્તા ગામડાંમાં હતા તેથી ત્યાંના લોકોને તકલીફ

પડતી હતી. આ તકલીફ નિવારવા માટે તમામ રસ્તાઓ ૧૦ મીટર પહોળા કરીને ગુજરાતની સરકારે આ રસ્તા આપ્યા છે. ૪૨૨૭ કિ.મી. લંબાઇના દ્વિમાર્ગીય રસ્તા બનાવ્યા છે. ૪૩૨૪ નાના મોટા પુલોના બાંધકામ આ સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે તમામ જ્ઞાતિની ચિંતા કરી છે. અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ ૬૩૧૨ કિલો મીટરના રસ્તાઓ અને ૨૨૩૦ ગામોને જોડવાની ચિંતા કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. એની સાથે સાથે આદિવાસી વિસ્તારના અંતરિયાળ ગામો છે આ ગામથી પેલા ગામે જવા માટેના એના માટે પણ સરકારે ૧૬૨૯ કિલો મીટરના રસ્તાઓ માટે ૬૦૭ કરોડ રૂપિયા મંજૂર કરીને ૭૭૦ પરાઓને જોડવાનું કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા જ મત વિસ્તારની વાત કરું તો અમારા વિસ્તારના દરિયા કિનારાના છેવાડાના ગામો છે એ છેવાડાના ગામની અંદર પણ બે તાલુકા જોડવાની વાત કરું તો ચોર્યાશી અને ઓલપાડ તાલુકાને જોડવા માટે ક્યાંય ન ફળવાયું હોય એટલું ૬ કરોડ રૂપિયાનું બજેટ ફાળવીને ૧૦ મીટર પહોળા રસ્તાઓ કરવાનું અને તેના બ્રીજનું જો કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણે જોતા હતા કે, આર.ઓ.બી.ના કામ છે એ ગુજરાત સરકાર મંજૂર કરતી હતી પણ જે રેલવેના ભાગો હતા એ રેલવેના ભાગો ત્યાં કેન્દ્રમાં બેઠેલી કોંગ્રેસની સરકાર ક્યાંય પરમિશન આપતી ન હતી અને છેલ્લે ૨૦૧૪ની ચૂંટણી આવી ત્યારે અમારા સચિનનો ઓવર બ્રીજ પણ મૂકેલો એ ૪ વરસ એમને એમ પડી રહેલો અને છેલ્લે ચૂંટણીને ટાણે એમણે મંજૂરી આપી હતી. હમણાં જ અમારા સાયણ રેલવે ઓવર બ્રીજનું કામ પૂરું કર્યું, ફક્ત બે વર્ષમાં એ કામ પૂરું કરીને માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઇને હસ્તે ગયા શનિવારે ખુલ્લો મૂકયો હતો અને તે જ દિવસે નીતિનભાઇએ અમારા કીમના આર.ઓ.બી.ની જાહેરાત કરી.

અધ્યક્ષશ્રી : માનનીય મુકેશભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય નારાયણભાઇ પટેલ.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંજા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં સહકાર વિભાગ બાબતમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હર હંમેશ સહકાર વગર કોઇ જિંદગી નથી એમ હું માર્કેટ યાર્ડો માટે મારા વિચારો રજૂ કરું છું. ખૂલ્લી હરાજી, રોકડા નાણાં અને સાચું તોલ એ સિદ્ધાન્ત ઉપર માર્કેટો બનેલી છે અને આપણે વિચારીએ કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ પહેલા પરિસ્થિતિ કેવી હતી? ૧૯૯૬માં ફક્ત ૧૭૨ માર્કેટ કમિટીઓ હતી ત્યારે આજે આપણે ૨૦૯ માર્કેટ કમિટી અને બજાર સમિતિઓ મળીને ૪૦૦ માર્કેટ યાર્ડો અસ્તિત્વમાં છે. ૧૯૯૬માં ૪૮૦૦ કરોડનું વેચાણ માર્કેટ કમિટીમાં આવતું હતું જ્યારે આજે ૩૮૦૦૦ કરોડનું વેચાણ માર્કેટ કમિટીઓમાં આવી રહ્યું છે એનું કારણ એ છે કે, આ સરકારે બંધોમાંથી સિંચાઇની વિસ્તૃત નહેરો બનાવી એના કારણે અને પહેલા અધિકારીઓ દ્વારા વહીવટ થતો હતો એનાથી અસંતોષ થવા માંડ્યો એટલે સહકાર ક્ષેત્રે પિયત મંડળીઓ કરવામાં આવી એને કારણે ઉત્પાદનમાં ધરખમ વધારો થયો છે. હજુ તો નર્મદાની પ્રગતિ આગળ વધી રહી છે અને જ્યારે એ વિસ્તૃત પ્રમાણે ખેડૂતોને પાણી આપવાનું પૂર્ણ થશે ત્યારે માર્કેટ યાર્ડોમાં માલ મૂકવાની જગ્યા નહીં હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે એક નિર્ણય લીધો છે કારણ કે, રાજયનો વિકાસ થવાના કારણે જમીનો મોંઘી થઇ છે ત્યારે માર્કેટ યાર્ડોનું વિસ્તૃતીકરણ કરવું હોય તો વધારાની જગ્યા બજાર કિંમતે લઇ શકાય નહીં, તો ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્ય મંત્રી આનંદીબેને એમાં રાહતના દરે જમીન આપવાનો એક ઐતિહાસિક નિર્ણય લીધો છે, આજ સુધી કોઇ સરકારે આવો નિર્ણય લીધો નથી. અરે, માર્કેટ કમિટીમાં ગોડાઉનો કરવા હોય તો એ ગોડાઉન કરવા માટે ૨૫ ટકાની સહાય અને ૧૦૦૦ મે.ટનના એક ગોડાઉન માટે રુ.૨૬ લાખની સહાયની યોજના અમલમાં મૂકી છે. હમણાં જ આ કૃષિ મંત્રીશ્રીએ મારા જવાબમાં કોલ્ડ સ્ટોરેજ માટે માર્કેટ કમિટીએ કરવો હોય તો સાડા સાત ટકા જે બીજાઓને લાભ મળે છે તેના કરતા વધુ આપવાનુ તેમણે જવાબમાં કહ્યું છે.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે અમારા માધવસિંહ જે મધ્યાહન ભોજન યોજના લાવ્યા તો આખા દેશમાં લાગુ કરી. માધવસિંહ વખતે કન્યાઓને ભણવાનું મફત હતું તેમને જયાં સુધી ભણવુ હોય, ડિગ્રી સુધી ભણવુ હોય મફત હતુ. અત્યારે ભણવા માટે લાખો રૂપિયા ખર્ચવા પડે છે આ મફત કરો તો પણ સારું. દીકરીઓ માટે, દીકરાઓ માટે મફત ભણવાનું થાય તો આપણે આ જે ડોકટરો, ટેકનિશીયનની ખોટ પડે છે તે ખોટ પડવાનુ બંધ થાય પણ આ તો તમને સૂઝતું નથી. આપણા ઘણા તેજસ્વી દીકરાઓ-દીકરીઓ છે તેને ભણવો, મફત ભણાવો. તમે આમ ઉત્સવોની પાછળ ખર્ચા કરો છો તો તેમાં ખર્ચા કરો તો આપણે જે ડોકટરો, ટેકનિશીયનની જરૂર છે તે બધા મળી રહેશે. બીજા રાજયો કરતા આપણે શિક્ષણમાં બહુ પાછળ છીએ. શિક્ષણ એ આ ગુજરાતનું ધન છે જે આપણા દીકરાઓ-દીકરીઓ નહીં ભણ્યા તે ભણી શકે એવું કંઇક કરો. તમે જુઓ કોલેજો બાંધી, યુનિવર્સિટીઓ બાંધી પણ પ્રોફેસરો નહીં. આપણે જે આયુર્વેદીક કોલેજો છે તેમાં પ્રોફસરો છે ? વિચાર કરો અને પાછા આપણા દીકરા-દીકરીઓ

ભણેલા છે તેમને તમારે અગિયાર મહિના જ નોકરીએ રાખવાના, પછી છૂટ્ટા કરી દેવાના ? તમને કાયમી કરવામાં શું •(×××) આવે છે ? અગિયાર મહિના માટે શું કામ રાખો છો ? અને પાછી તેમની જવાબદારી શું ?

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ આપણે રેકર્ડમાંથી દૂર કરીએ છીએ.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું સાચી વાત કરું છું. તમારી પાસે એટલુ બધુ મહેકમ ખાલી છે તો પછી તેને અગિયાર મહિના રાખવા તેના કરતા કાયમી કરી દો. આપણે ખેતી કરતા હોઇએ અને આપણી પાસે સો વીઘા જમીન હોય તો આપણે એક જોડી બળદ ઉપર ચાલે ? અરે, દસ જોડી જોઇએ. તો પછી આમા પણ મહેકમ જોઇએ. સારો વહીવટ કરવા માટે મહેકમ જોઇએ આ મહેકમ પૂરો. તમે આ ઉત્સવો પાછળ જે પૈસા વાપરો છો તે પૈસા ઓછા વાપરો. આ પૈસા ઓછા વાપરીએ તો કેટલા યુવકોને નોકરી મળે ? જો તમે આ મહેકમ પૂરો તો પણ પચાસ ટકા ગરીબી ઓછી થઇ જાય અને સારો વહીવટ ચાલે. તમે અત્યારે કહો છો અમારુ ગતિશીલ ગુજરાત, શું ગતિશીલ ગુજરાત ?

અધ્યક્ષશ્રી : આપની પાસે અડધી મિનિટ છે.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : એટલે ગતિશીલ ગુજરાત નથી. સૌરભભાઇને કહ્યું કે તમે નાના અને સીમાંત ખેડૂતોને ૨ એચ.પી.આપો પણ ના ભાઇ, સાંભળતા જ નથીને. નાના અને સીમાંત ખેડૂતો જીવે અને તે લોકોની ગરીબી ઓછી થાય અને નોકરીની જરૂર ના પડે માટે તમે ૨ એચ.પી.નું કરો પણ તેઓ નથી કરતા. ગામડાંમાં જો તમે ૨ એચ.પી.નું કરી આપો તો એ બિચારા જીવી શકે અને તેમાં શાકભાજી વગેરે ઉગાડી શકે.

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી નાણામંત્રીશ્રી વતી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં નાણામંત્રી આદરણીય સૌરભભાઇએ બજેટ રજૂ કર્યુ છે. સૌરભભાઇએ જયારે બજેટ રજૂ કર્યુ ત્યારે અમારી બધાની પણ અપેક્ષા હતી કે સૌરભભાઇ, "તમે મન મૂકીને વરસો, આ ઝાપટું અમને નહીં ફાવે. અમે તો હેલીના માણસ, આ માવઠું અમને નહીં ફાવે. "માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સૌરભભાઇ પટેલ સાચા અર્થમાં ગુજરાતના પ્રજાજનોના વિકાસ માટે મન મૂકીને વરસ્યા છે. માનનીય નાણા મંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યુ એ બજેટના કેન્દ્રમાં ખેડૂત રહ્યો છે, ગરીબ એના કેન્દ્રમાં રહ્યો છે, મજૂરલક્ષી બજેટ એમણે આપ્યું છે, વિકાસશીલ બજેટ આપ્યું છે, ઉધોગોના વિકાસ સાથે રોજગારલક્ષી બજેટની વાત કરી છે, મહિલા સશક્તિકરણની ચિંતા બજેટમાં કરી છે. વિદ્યાર્થીઓ અને યુવાનો માટે આશા અને અપેક્ષા પરિપૂર્ણ કરવા માટેનો પ્રયાસ કર્યો છે અને સૌથી વિશેષ આ સમગ્ર બજેટ એ ગ્રામલક્ષી બજેટ આપવાનો એમણે પ્રયાસ કર્યો છે. રાજય સરકારે અને આદરણીય નાણા મંત્રીશ્રીએ જે નવી વાતો કરી છે, એ થોડીક આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

અહીંયાં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓની અપેક્ષા હોય છે કે આપણે જે મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવીએ છીએ એ વિસ્તારનું કામ કરીએ અને એમાં વિશેષ કરીને રોડ અને રસ્તાની વાત આપણને બધાને સ્પર્શતી બાબત છે અને એટલા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી ગ્રામ સડક યોજના, ગુજરાતના અઢાર હજાર ગામડાં અને ૧૬૨૪૫ જેટલાં પેટાપરાંઓને જોડતી આ યોજના દરેક ગામને કનેક્ટીવીટીનો એક ડામરનો રસ્તો મળે એના માટેની વાત આ બજેટમાં કરી છે અને ત્રણ વર્ષમાં અંદાજે દસ હજાર કરોડ રૂપિયાની માતબર રકમ આ માનનીય મુખ્ય મંત્રીશ્રી ગ્રામ સડક યોજનામાં એમણે મૂકવાનો પ્રયાસ કર્યો છે. આપણે બધા જાણીએ છીએ કે, નોનપ્લાન રસ્તાઓ માટે એક હજાર કરોડ રૂપિયાનું વિશેષ બજેટ આપ્યું છે. એ આપણા સૌના માટે આનંદની વાત છે. એના માટે રૂરલ રોડ પ્રોજેક્ટની વાત કરી છે, ગુજરાતના બાકી રહેલાં તમામ પેટાપરાંઓને ડામર રસ્તાથી જોડવાની વાત કરી છે. પ્લાન રસ્તો હોય પરંતુ મેટલ કામ થયું હોય તો એમાં ડામર કામ કરવાની વાત કરી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ત્યાં ખૂટતાં નાળાં હોય, ગરનાળાં હોય અને વિધાર્થીઓને જવા માટેની પૂરતી સુવિધા આ બજેટમાં કરી છે.

આ ચાર દિવસની અંદાજપત્રની ચર્ચા દરમિયાન ઘણા બધા મિત્રોએ સારા સૂચનો પણ કર્યા છે, અને કયારેક કયાંક ટીકા કરવાનો પ્રયાસ કર્યો છે, પણ એ ટીકાને ટીકાના સ્વરૂપે નહીં લેતા એ પણ પોઝીટીવ બાબતો છે એમ સમજીને રાજય સરકાર આગામી દિવસોમાં કામ કરશે પરંતુ થોડીક સાચી વાતની આજથી જ હું શરૂઆત કરું. છેલ્લેથી પહેલા આવતાં થોડીક વાર થશે પરંતુ આજના દિવસથી શરૂઆત કરું તો આદરણીય ધારાસભ્યશ્રીએ ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની ચિંતા કરી, કરવી જોઇએ. રાજય સરકાર પણ એ ચિંતા કરશે, ખૂટતી કડી હશે તો એ પૂરવાનો પ્રયાસ પણ કરશે, પરંતુ એમણે વિશેષ કરીને ગુંડાગીરીની વાત કરી. પહેલી વખતના એ ધારાસભ્યશ્રી છે એટલે એમને બધી વાતની ખબર નહીં હોય, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગુજરાત છે, ગુજરાતનું એકેએક શહેરને એકેએક જિલ્લો કોઇને કોઇ ગુંડાઓના નામે ચાલતો હતો. અમદાવાદ હોય તો લતીફના નામે ચાલતો હતો, કચ્છ હોય તો ઇભલા શેઠના નામે ચાલતો હતો, સુરત હોય તો મહમ્મદ સુરતીના નામે ચાલતો હતો. પોરબંદરની જેલ મિત્રો, કોંગ્રેસના શાસનની અંદર જેલ બંધ કરવામાં આવી હતી અને બોર્ડ મારવામાં આવતું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અહીંથી બંધ થાય છે. એ જ

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દિવસોમાં સ્વ. આદરણીય ભીમજીભાઇ, ગુજરાતના પૂર્વ આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઇ પટેલ, આદરણીય ધારાસભ્યશ્રી પોપટભાઇ સોરઠિયા, મિત્રો, ધોળે દિવસે ગોળીઓ મારીને એમની હત્યા કરવામાં આવતી હતી. આ દિવસો પણ મિત્રો, ગુજરાતની જનતાએ જોયા છે અને એટલા માટે મેં કહ્યું (અંતરાય) જી, હરેનભાઇ પંડ્યા પણ મારા સારા મિત્ર હતા અને એ મિત્રની સાથે મેં જયારે કામ કર્યુ ત્યારે એમની ચૂંટણી વખતે યુથ કોંગ્રેસના પ્રમુખ, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ •(×××) પઠાણ અને આ *(×××) પરીક્ષિત નામના સાત લોકોને જીવતા સળગાવી દેવાનો પ્રયાસ તમારા યુથ કોંગ્રેસના સભ્યએ કર્યો હતો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપણા નિયમોથી પણ જોગવાઇ છે અને સાથે સાથે અનેક માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે, માનનીય મંત્રીશ્રી સત્યથી વેગળી માહિતી રજૂ કરે છે. *(×××) ગુજરાત કોંગ્રેસના પ્રમુખ હતા નહિ. બીજી વાત જે જોડીને કહે છે જે વ્યકિત આ ગૃહમાં હાજર નથી એમનું નામ લઇને આક્ષેપ કરે છે. આ પ્રથા રાખવી હશે તો હું ભારતીય જનતા પાર્ટીના સભ્યોના નામ લઇને વાત કરીશ. પદ નીચું જશે. હું ભાજપના સભ્યશ્રીઓના નામ લઇને વાત કરીશ.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ભાજપના સભ્યોના નામ લઇને વાત કરીશ.

અધ્યક્ષશ્રી : મેં કહ્યું કે હું રેકર્ડ જોઇને નિર્ણય કરીશ.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય શકિતસિંહજીની વાત સાથે હું સંમત થઇશ. આ ગૃહમાં ન હોય એની વાત ન બોલાય અને એ શબ્દો આપ કાઢી નાખો મને કંઇ વાંધો નથી. મારે એ વાતની જરૂર વાત કરવી છે કે *(×××) બહેરામપુરના રહેવાસી છે. મારા ઘરથી સો મીટર દૂર છે અને યુથ કોંગ્રેના પ્રમુખ હતા એણે સાત દલિત પરિવારોને જીવતા સળગાવવાનો પ્રયાસ કરેલો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે અંદાજપત્ર ઉપર આવો. હું રેકર્ડ જોઇ લઇશ બંને પક્ષે વાત કરી છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા :માનનીય મંત્રીશ્રી જયારે પોતાના ચાર દિવસના અંદાજપત્રની ચર્ચાનો સારી રીતે જવાબ આપી રહ્યા હતા ત્યારે માનનીય શકિતસિંહજી જે વર્ષોથી પોતે કોંગ્રેસના આગેવાન રહ્યા છે પરંતુ કોંગ્રેસના કયા કાર્યકર્તા કયારે કોર્પોરેટર હતા કયારે પ્રમુખ હતા એનાથી એ વાકેફ નથી. (અંતરાય) મારી વાત પૂરી કરવા દો, આઇ એમ ઓન લેગ. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હું સ્પષ્ટતા કરવા માગું છું કે જેની માનનીય રમણભાઇ વોરા દ્વારા જે વાત થઇ એની સ્પષ્ટતા કરવા માગું છું. માનનીય સભ્યશ્રી સભાગૃહને ગેરમાર્ગે દોરી રહ્યા છે. એ કોંગ્રેસના કાર્યકર્તા હતા, માનનીય રમણભાઇ વોરા સાહેબે જે વાત કરી છે અને જયારે મંત્રીશ્રી વાત કરી રહ્યા છે ત્યારે વાતની અંદર ખોટી રીતે એમને ડખલગીરી કરીને તેમની વાત છે એ દબાવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, આપ અંદાજપત્ર ઉપર આવી જાવ. (અંતરાય) માનનીય હર્ષદભાઇ પ્લીઝ, અત્યારે શાંતિ રાખો.

શ્રી રમણલાલ ઈ. વોરા : સન ૨૦૧૨ની ચૂંટણીમાં તમારો પોતાનો મેન્ડેટ લઇને એક છોકરું જતું રહે અને તમે એમને ન સાચવી શકો અને એ વાત તમે ગુજરાત વિધાનસભામાં કરો. હું મારા બીજા મુદ્દા ઉપર આવું તો રાજય સરકારે જે પ્રમાણે નિર્ણય કર્યો છે એ પ્રમાણે અન્ન અને નાગરિક પુરવઠાની અંદર પહેલી એપ્રિલ, ૨૦૧૬થી જાહેર વિતરણ વ્યવસ્થા અંત્યોદય કુટુંબોને ૩૫ કિલો અનાજ આપવાની વાત આ રાજય સરકારે કરી છે. જયારે ૩૫ કિલોની વાત આવી છે ત્યારે એવી ટીકા થઇ કે તમે ત્રણ વર્ષ પહેલા જો આ યોજનાનો અમલ કર્યો હોત તો ઘણા ગરીબોને લાભ મળત. મારે ગૃહના સન્નમાનીય સભ્યશ્રીને કહેવું છે કે સન ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી, કેશુભાઇ રાજયના મુખ્યમંત્રીશ્રી હતા અને ૧૯૯૫થી ગુજરાતના ગરીબોને બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યા. તમે ત્રણ વર્ષની વાત કરો છો. હું ૧૯૯૫ની વાત કરું છું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગરીબો માટે કામ કરવાવાળી સરકાર છે. જયારે ખેડૂતોની વાત કરીએ છીએ ત્યારે તમારી અને મારી બધાની ચિંતા એક સરખી હોઇ શકે. એટલા માટે ૧૯૯૫માં હું જ્યારે સહકાર મંત્રી હતો તે વખતે આપણી ધિરાણ મંડળીઓ છે, સેવા સહકારી મંડળીઓ, તેના વ્યાજનો દર ૧૫ ટકા હતો. દિવસ જાય અને મોંઘવારી વધે તેમ દર વધવાના બદલે ઘટે. પહેલી વખત ગુજરાતના ખેડૂતોને ઘ્યાનમાં રાખીને ખેડૂતોના ખરીફ પાક માટે એક ટકા વ્યાજના દરે ત્રણ લાખ રૂપિયાની લોન આપવાનું આ રાજ્ય સરકારે સ્વીકાર્યું છે અને તેના માટે ૩૭૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને સિંચાઇ માટે આ બજેટમાં ૧૪ હજાર કરોડ રૂપિયાની જયારે વાત કરી છે ત્યારે સમગ્ર ગુજરાતના ખેડૂતોની ચિંતા મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આ રાજ્ય સરકારની માનસિકતા શું છે? આ રાજય સરકારની માનસિકતા એ છે કે 'હર ખેત કો પાની, હર હાથ કો કામ ઔર કામ કે સહી દામ' આ રાજય સરકારને આ ચિંતા છે. જયારે

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખેડૂતોની ચિંતા તમે કરો છો ત્યારે મારે પુનરોક્તિ કરવી છે. ૧૯મી માર્ચ–૧૯૮૭ના દિવસે ભારતીય કિસાન સંઘે વીજળી માટેનું આંદોલન કર્યું હતું ત્યારે સ્વ. અમરસિંહભાઇ ચૌધરી રાજયના મુખ્યમંત્રી હતા અને આ જ ગાંધીનગરની ધરતી પર ૧૯–૧૯ ખેડૂતોને ગોળીબાર કરીને મોતને ઘાટ ઉતારનારા લોકો આજે જયારે ખેડૂતોની વાત કરે છે ત્યારે મારે કહેવું પડે. ખેડૂતોની વાત કરીએ ત્યારે આપણી બધાની (અંતરાય) એ પણ વાત કરીશ. આવવા દો. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વાત થઇ અને વાત એવી થઇ કે તમે નવલોહિયા યુવાનોને મોતને ઘાટ ઉતાર્યા. સભ્યશ્રીનું નામ આપવાની જરૂર નથી. નવલોહિયા યુવાનોને મોતને ઘાટ ઉતાર્યા એવું કહેવામાં આવ્યું. ૧૯૭૩ના નવનિર્માણ આંદોલનનો હું સાક્ષી છું. ૧૦૪ જેટલા નવલોહિયા યુવાનોને મોતને ઘાટ ઉતાર્યા પછી ચીમનભાઇ પટેલની સરકારે રાજીનામું આપવું પડ્યું હતું. ૧૯૮૧નું અનામત આંદોલન. ૧૯૮૫નું અનામત આંદોલન. અનામત આંદોલનની અંદર ૬૯ દલિતોને મોતને ઘાટ ઉતાર્યા પછી માધવસિંહભાઇ સોલંકીએ રાજીનામું આપવાની ફરજ પડી હતી. આ નવલોહિયા યુવાનોની હું વાત કરવા માગું છું. મારે મારી પોઝિટીવ વાત કરવાની હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતોની વાત કરતો હતો, મને આડા રસ્તે લઇ જશો તો આ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ. અંદર અંદર બેઠાં બેઠાં વાતો ન કરીએ. અત્યારે કોઇ ચર્ચા ન કરીએ. (અંતરાય)

શ્રી રમણલાલ ઇ. વોરા : તમારી સાથે પણ રાઉલજી, ભાગીદારી કરી હતી અને સૌથી પહેલાં ભાગીને તમે ગયા હતા. તમારી પણ ભાગીદારી કયાં નહોતી કરી.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતોની વાત કરતો હતો. (અંતરાય) મને પોઝિટીવ વાત કરવા દો. તમે બોલો છો પછી મારે એનો જવાબ આપવો પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી રમણભાઇ, આપ મારી સમક્ષ જોઇને જે કંઇ આપની પોઝિટીવ વાત હોય તે કરો. અત્યારે જોષીયારા તરફ ધ્યાન ન આપો.

શ્રી રમણલાલ ઇ. વોરા : સાહેબ, જોષીયારાજી મારા પરમ મિત્ર છે એટલે એમના માટે સવાલ નથી અને આ ચંપાવતજી તો એમના મત વિસ્તારના, ખાસ.. વાંકાનેરના. આવા થોડા ભૂલાય અમારા જોષીયારા સાહેબને.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતોની વાત કરતો હતો તેમાં ખાતર, આપણે બધા જાણીએ છીએ કે તેની સીઝન પ્રમાણેનું ખાતર મળવું જોઇએ અને તેમાં કયાંકને કયાંક કમી હતી. ખેડૂતોને સમયસર ખાતર મળે, ઝડપી ખાતર મળે એના માટે આ રાજ્ય સરકારે ૨૦૧૬–૧૭માં અંદાજે ૫૦ સ્થળોએ બે લાખ મેટ્રીક ટન આગોતરા ખાતરનો સંગ્રહ કરવાની વાત કરી છે અને એના માટે રૂ.૨૨૮.૫૦ કરોડની જોગવાઇ કરી છે. જેના કારણે પહેલેથી ગોડાઉનમાં ખાતરનો સંગ્રહ કરેલો હોય તો જ્યારે પણ ખેડૂતને જરૂર પડે ત્યારે આપણે સમયસર ખાતર આપી શકીએ. પશુપાલન માટેની પણ અહીંયાં વાત કરવામાં આવી છે. મારા શ્રી જેઠાભાઇએ ખૂબ ઉંડાણથી એના ઉપર વાત કરી છે. એમણે મહિલા સહકારી મંડળીઓની અને દૂધ મંડળીઓ માટેની પણ વાત કરી છે. આ પશુપાલકોને ત્રણ વર્ષ માટે માત્ર ૫ ટકાના વ્યાજના દરે ધિરાણ આપવાની વાત કરી છે. આ બજેટની અંદર દરેક તાલુકામાં કોલેજ અને સાયન્સ સ્કૂલની સુવિધાની વાત કરી છે. શિક્ષણ ઉપર અનેક સભ્યોએ વાત કરી છે. આ સરકારે ખાનગીકરણ કર્યું, આ સરકારે વેપારીકરણ કર્યું. એક નાની સરખી વાત કરવી છે. આપણે બધા જ પ્રાથમિક શાળામાં ભણેલા છીએ. હું અને તમે બધા એકાદ વખતે જ્યારે પ્રાથમિક શાળા છૂટે એટલે બે મિનિટ ઉભા રહેજો. જેવો ઘંટ વાગે અને છોકરો દોડતો ભાગે. કોઇ દફતર લઇને ભાગે, કોઇ કોઇને ધક્કો મારે, કોઇ કોઇના ઉપર થૂંકે. આ પ્રણાલી છે. આ વસ્તુ બે મિનિટ જોવા જેવી છે. આજે ગુજરાતમાં ૧૮૦૦૦ ગામડાં છે અને ૩૨૦૦૦ પ્રાથમિક શાળાઓ છે. એ સમયે પેટા પરામાં શાળાઓ નહોતી. પેટા પરાના બાળકો મુખ્ય શાળામાં ભણવા માટે સાથે આવે અને સાથે જાય. કોઇક છોકરાને ટિખળ કરવાનું મન થયું. એણે કહ્યું કે રસ્તામાં એક માતાજીની નાની દેરી આવે છે. એ દેરી ઉપર જે પથ્થર નહીં મારે એ આવતા જન્મમાં ગધેડો થશે. બધા સાથે આવતા હોય એટલે બધાએ સ્વાભાવિક પથ્થર મારવાનું શરૂ કર્યું. બધા ધારી ધારી અને તાકી તાકીને પથ્થર મારે. એક છોકરાને એમ થયું કે માતાજીને થોડો પથ્થર મરાય? પણ બધાની સાથે એણે પથ્થર માર્યો પણ એણે પથ્થર ત્રણ ફૂટ દૂર માર્યો. બાળકો ઘેર ગયા અને સંધ્યાનો સમય થયો અને જે બાળકે ત્રણ ફૂટ દૂર માર્યો હતો એના ઘેર માતાજીની પધરામણી થઇ અને એના ઘેર લોકો ધૂણવા માંડ્યા. ઘરના અને અડોશ પડોશના બધા ભેગા થઇ ગયા કે શું થયું ? માતાજીને પૂછ્યું કે કેમ પધરામણી થઇ તો માતાજી કહે કે તારા છોકરાએ પથ્થર માર્યો. પ્રાથમિક શાળાનું છોકરું બિચારું રમવા ગયું હતું એને બોલાવ્યું અને પૂછ્યું કે તે માતાજીને શા માટે પથ્થર માર્યો. પેલા છોકરાએ કહ્યું કે અમે પંદર જણા હતા અને ચૌદ જણા માતાજીને ધારી ધારીને પથ્થર મારતા હતા અને મેં ત્રણ ફૂટ દૂર પથ્થર માર્યો હતો. મેં ત્રણ ફૂટ દૂર પથ્થર માર્યો હતો તો તમે મારા ઘેર કેમ પધરામણી કરી? તો માતાજી કહે કે ચૌદ જણા ધારી ધારી અને તાકી તાકીને પથ્થર મારતા હતા એટલે હું ત્રણ ફૂટ દૂર બેઠી હતી અને તે ત્યાં પથ્થર માર્યો એ તારો પથ્થર મને વાગ્યો.

માનનીય અઘ્યક્ષશ્રી, પહેલાં ૪૦૧ કોલેજો હતી આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૭૭૬ થઇ છે. ૧૧ યુનિવર્સિટી હતી એની આજે ૫૫ યુનિવર્સિટી થઇ. એ વખતે ગુજરાતનો વિદ્યાર્થી પર પ્રાંતમાં ભણવા જતો હતો, બેંગ્લોર જતો હતો, મદ્રાસ જતો હતો. આજે આપણો ગુજરાતનો વિદ્યાર્થી ગુજરાતમાં અભ્યાસ કરે છે. અને એના માટેની સેલ્ફ ફાયનાન્સ કોલેજો થઇ. (અંતરાય)

અઘ્યક્ષશ્રી : એ હું જોઇ લઇશ. હવે સમય નથી. પ્લીઝ. હું બઘુ ઘ્યાનથી સાંભળું છું આપ ચિંતા કરશો નહીં.

શ્રી રમણલાલ વોરા : માનનીય અઘ્યક્ષશ્રી, મારો કહેવાનો મૂળ આશય એ છે કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજની સાથે મેડિકલની કોલેજોની સીટ વધી. પહેલાં ૫૨૦૦૦ હતી એની ૧.૨૫ લાખ થઇ. ગુજરાતના વિદ્યાર્થીને ગુજરાતની અંદર સમાવેશ કરવાનું શ્રેય જો કોઇને જતું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે અને એટલા માટે શિક્ષણની અંદર આમુલ પરિવર્તન કરવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું અને એટલા માટે જેમ કહ્યું એમ દરેક તાલુકાની અંદર સાયન્સ કોલેજ હોય, દરેક તાલુકાની અંદર શૈક્ષણિક સુવિધા મળે. એની વ્યવસ્થા આ રાજ્ય સરકારે બજેટમાં કરી છે. કેન્દ્ર સરકારના પ્રયાસોના કારણે આપણે સ્માર્ટ સીટીની વાત તો સાંભળીએ છીએ. આદરણીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી સ્માર્ટ વિલેજની યોજના આ રાજ્ય સરકાર લઇને આવી છે. જ્યારે ગ્રામલક્ષી બજેટની વાત કરું છું ત્યારે આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગોકુળ ગ્રામ યોજના અમલમાં આવી. આ ભારતીય જનતા પાર્ટીએ સમરસ ગામની યોજના અમલમાં મૂકી. આ સરકારે તીર્થ ગ્રામ યોજના અમલમાં મૂકી, પાવન ગ્રામ યોજના અમલમાં મૂકી, જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકી, નિર્મળ ગ્રામ યોજના અમલમાં મૂકી. ગ્રામ્યલક્ષી બજેટની જ્યારે વાત કરીએ છીએ ત્યારે ગામડાંને કેન્દ્રમાં રાખીને આ રાજ્ય સરકાર કામ કરે છે ત્યારે પહેલા વર્ષે બજેટમાં ૩૦૦ ગામોને સ્માર્ટ સિટી બનાવવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. દરેક પરિવારને વાજબીપણે પોતાના આવાસ મળે એની વાત આ રાજ્ય સરકારે કરી છે અને આવાસ માટે ૭૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. બીજી બઘી આડી અવળી વાતો કરી કે, ૨૦૧૨માં ઘરનું ઘર એની વાત થયેલ છે એટલે મારો સમય બચે એટલે કહેતો નથી. તમે જાણો છો કે કેમ થયું અને શું થયું. પરંતુ હમણાં એ પણ વાત થઇ કે ગરીબોના ઝૂંપડાઓ હટાવ્યા અને રિવરફ્રન્ટ થયું. મારે આ ગૃહમાં કહેવું છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોના કારણે રિવરફ્રન્ટ પર રહેતા, ઝૂંપડામાં રહેતા ગરીબોને ૧૨-૧૨ લાખના આવાસો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપવાનો પ્રયાસ કર્યો છે. એટલા માટે આજે એ આવાસો માટેની એક લાખની મર્યાદા હતી એ વધારીને રાજ્ય સરકારે ૩ લાખ કરી છે અને એના માટેની પૂરતી વ્યવસ્થા બજેટમાં કરી છે. અહીંયા અનેકવિધ મિત્રોએ પણ વાત કરી છે. મિત્રશ્રી હાજર નથી પરંતુ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ટીકા થઇ. જે સન્માનનીય સભાસદે વાત કરી હતી, જ્યારે આ વાત કરી છે ત્યારે તમામ પક્ષના લોકો, કોંગ્રેસ પક્ષના આદરણીય ત્રણ ધારાસભ્યશ્રીઓની હાજરીમાં એમની સાથે લીઘેલ નિર્ણય, રાજ્ય સરકારે ૧૨૫મી જન્મજયતિએ શું કરવાનું છે એનું લેખિતમાં પ્રેઝન્ટેશન કરીને એમના સૂચનો લઇને, એમને બતાવીને કરેલ કામ અને છતાં તમે એમ કહો કે આના કારણે આ વસ્તુ, તમે ભવાઇ અને ડાયરાનો કાર્યક્રમ કર્યો એનાથી વિકાસ થતો નથી. અપેક્ષા એટલી છે કે આપણા દેશના જે જે મહાનુભાવો છે એ મહાનુભાવો સાથે કોઇ કોમને, કોઇ ઘર્મને ન જોડી શકીએ, મહાનુભાવ એટલે મહાનુભાવ છે. એના જીવન-કવનની વાતો આપણે આપણી આવનારી પેઢી સુધી પહોંચે એના માટેનો રાજ્ય સરકારનો પ્રયાસ છે. એના ભાગરૂપે આ કરવામાં આવ્યું છે. મારા વિભાગમાં ઓ.બી.સી.ની ચિંતા કરી. પુંજાભાઇ સિનિયર આગેવાન છે. એમની લાગણી અને માગણી એ પણ સાચી છે એમાં ના ન કહી શકાય. એના માટે મારા વિભાગની વાત આવશે ત્યારે વિશેષ ચર્ચા કરીશ. આ વખતના બજેટમાં મેડિકલ, એન્જિનિયરીંગમાં ૧૦૦૦ હતા એના ૧૨૦૦ રૂપિયા કર્યા છે. ઓ.બી.સી.માં ૭.૫ લાખ વિદ્યાર્થીઓને ૪૦૦ રૂપિયાના બદલે ૭૫૦ ની શિષ્યવૃત્તિની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ઉર્જા વિભાગમાં અનેક જોગવાઇઓ કરી છે. મેં કહ્યું એ પ્રમાણે જ્યોતિગ્રામ યોજના ૧૯૯૫માં પહેલી વખત જ્યારે હું રાજ્યનો ઉર્જા મંત્રી બન્યો ત્યારે ૬૨૩૮ મેગાવોટ વીજળીની ક્ષમતા હતી. આજે રાજ્ય સરકારના કારણે ઉર્જા સક્ષમ બન્યું છે અને એના કારણે અનેકવિધ એવોર્ડો આ રાજ્ય સરકારને ઉર્જા વિભાગના કારણે મળ્યાં છે. જી.ઇ.બી. નુકસાન કરતું હતું એ આજે નફો કરતું થયું છે અને ૨૫૪૬ કરોડની જે ખોટ હતી એ પાંચ વર્ષમાં નફો કરતું થયું છે. ૨૦૦૧-૦૨માં ૭,૨૯૮ મેગાવોટની ક્ષમતા હતી એ આજે ૧૪,૯૮૨ મેગાવોટ સાથે કોઇપણ પ્રકારના વીજળીના કાપ સિવાય, લોડ શેડિંગ સિવાય આપણે બધા જાણીએ છીએ કે ૧૯૯૫ના દિવસોમાં વાળુના સમયે વીજળી મળતી ન હતી. આજે ગુજરાતના ગામડાંને ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી જ્યોતિગ્રામના માઘ્યમથી આપવાનો પ્રયાસ કર્યો છે. વીજળી આપીએ છીએ ત્યારે એકલી વીજળી નહીં, ગુજરાતની અંદર કોઇપણ શહેરમાં ભણતો બાળક હોય, પરીક્ષા સમય આવે એટલે એને વાંચવાની ઇચ્છા થાય. ગામડાંની અંદર વિદ્યાર્થી પાસે વીજળી ન હતી તો ભણે કેવી રીતે? વાંચે કેવી રીતે? એ વખતે પહેલા ટોપ ટેન વિદ્યાર્થીઓ આવતા એ શહેરી વિસ્તારના આવતા હતા. જ્યોતિગ્રામના કારણે વીજળી આપવાના કારણે એ વખતના

સર્વેક્ષણમાં પહેલાં ૧૦ વિદ્યાર્થીઓ ટોપ ટેનમાં આવે, એમાં ૬૫% વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા થયા અને એના કારણે શિક્ષણનું સ્તર સુધર્યું છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી આપની પાસે બે મિનિટ છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે કોમ્પ્યુટરની વાત કરતા હોઇએ ત્યારે વીજળી હોવી એ અતિ આવશ્યક છે અને એના માટેના આ રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે. એ વખતે હું જ્યારે ઊર્જામંત્રી હતો ત્યારે ૧૫-૧૬ હજારથી વધુ વીજળીના જોડાણ આપ્યાં નહોતા. આજે ઊર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલે છેલ્લા ચાર વર્ષથી દર વર્ષે એક લાખ ખેડૂતોને વીજળીના જોડાણ આપવાનો પ્રયાસ કર્યો છે. ૧૩૧ જેટલા નવા સબસ્ટેશનો બનાવ્યાં છે, ૧૬૫૧ કિલો મીટરની નવી લાઇનો નાખી છે અને આ બધા જ ખેડૂતોને નવા સબસ્ટેશનો બનાવીને એમને સમયસર વીજળી મળે એના માટેનો પ્રયાસ કર્યો છે. હું પણ ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું. રાત્રે મેં પણ પ્રચાણ કર્યુ છે, કેવી રીતે પાણી વળાય અને કેવી રીતે થાય એ મેં પણ જોયું છે. ખેડૂતોને જ્યારે ૮ કલાક વીજળી આપીએ છીએ, જયારે જરૂર પડી છે ત્યારે આ સરકારે એમને વધારાની વીજળી આપીને પણ સહાય કરવાનો પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરવી છે. આ સરકાર ઉત્સવ પ્રીય સરકાર છે. તમે ઉત્સવ કરો છો, બંધ કરીને આ કરો તો. તમારી વાતમાં પણ સત્યતા છે. બંધ પણ કરવું જોઇએ. મારે આપને એટલું જ પૂછવું છે કે, પતંગોત્સવનો પ્રોગ્રામ અમારી સરકાર આવ્યા પછી ચાલુ થયો કે પહેલેથી ચાલતો હતો? નવરાત્રી મહોત્સવ અમે આવીને ચાલુ કર્યો કે પહેલેથી ચાલતો હતો? આ એટલા માટે કહીએ છીએ કે જ્યારે ઉત્સવોની મિત્રો વાત કરીએ છીએ ત્યારે મારે બંને પક્ષના સભ્યોને પ્રામાણિકતાપૂર્વક કહેવાનું છે કે, આપણે જ્યારે આપણા ઘરની અંદર આપણાં બહેન, દીકરી, મા-બાપ આપણે બધા પોતે જ્યારે પૂજા પ્રાર્થના કરતા હોઇએ છીએ ત્યારે એક નાની પિતળની ટબુડીની અંદર તમે તમારાં જ ગોળાનું પાણી ભરો, પાંચ તુલસીના પાન નાંખો, માતાજીને અને ભગવાનને ધરાવીને તમે આપો છો એને આચમન કહેવામાં આવે છે. કારણ કે, એમાં ભક્તિ ભળેલી છે. તમે માત્ર ચાલતા હોય તો ને પગપાળા જાવ અને જો તમે અંબાજી કે ડાકોરના પ્રવાસે જાવ તો પદયાત્રી કહેવાય. કારણ કે, એમાં ભક્તિ ભળેલી છે અને એટલા માટે જ્યારે ઉત્સવ કરે છે ત્યારે ભગવાનને માથે રાખીને પ્રમાણિકતાપૂર્વક, નિષ્ઠાપૂર્વક માત્ર ગુજરાતની જનતા અને ગુજરાતનું ભલું એ આ રાજ્ય સરકારની નેમ છે અને એટલા માટે અમારે ધાર્મિક ઉત્સવોને ધ્યાનમાં રાખીને આ ઉત્સવપ્રિય સરકાર ગુજરાતની લાગણીની અને માગણીને વાચા આપવાનું કામ કરી રહી છે ત્યારે આદરણીય સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યાં છે આપ બધાયે જે કહ્યું છે એમાં મેં કહ્યું એ પ્રમાણે તમારાં અનેકવિધ સૂચનો મારી પાસે છે. સમયની મર્યાદાના કારણે બધી વાત હું કરી શકતો નથી. પરંતુ એ સૂચનોને પણ એટલી જ ગંભીરતાપૂર્વક લઇને અને બાપુએ એમની બે મેગાવોટની વાત કરી છે એ પણ તમારાં વતીથી આદરણીય મંત્રીશ્રીને ભારપૂર્વક કહેવાનો મિત્રો હું જરૂરથી પ્રયાસ કરીશ. ફરીથી બધા મિત્રોનો ખૂબ ખૂબ આભાર, ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : હવે બે મિનિટ બાકી છે. માનનીય મહેન્દ્રભાઇ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ૧૪મા નાણાપંચની રકમ છેલ્લા ૬-૭ મહિનાથી પંચાયતોના ખાતામાં જમા પડી છે તો રાજ્ય સરકાર દ્વારા એ નાણા ઉપાડવાની પરિપત્રથી ના પાડવામાં આવી છે તો આ નાણા ક્યાં સુધીમાં ઉપાડવા? કારણ કે ૩૧મી માર્ચે નાણાકીય વર્ષ પૂરું થશે પણ પંચાયતો આ પૈસા ઉપાડી શકતી નથી તેના કારણે એ ખર્ચ પણ કરી શકતી નથી તો ક્યાં સુધીમાં નાણા ઉપાડવાની મંજૂરી આપવામાં આવશે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બાપુ સાહેબને બોલવાનું કહ્યું હતું ત્યારે એમ હતું કે તમારાંમાથી કોઇ પ્રશ્ન નહિ પૂછે. કહો તો શું થાય એ તમને બધાને ખબર છે. જે નાણા આપ્યાં છે એ કેન્દ્ર સરકારે સીધે સીધા નવું એકાઉન્ટ ખોલાવીને સરપંચોના ખાતામાં ઓલરેડી જમા થઇ ગયા છે. પરંતુ એ નાણા કયાં, કેવી રીતે વપરાય એના માટેની નીતિ નક્કી નથી થઇ, એ તમે જાણો છો અને એ નીતિ જેવી નક્કી થાય કે તરત જ ગ્રામ્ય વિસ્તારોમાં ઝડપી વિકાસ થાય એના માટેના પ્રયાસો કરીશું.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જે ખેડૂતને એક ટકે ધિરાણની વાત કરી. જે મંડળીમાંથી ધિરાણ લે છે. જો મંડળી એને ધિરાણ ના આપે અને મંડળી ધિરાણ ના લઇ શકે તો એ ખેડૂતને કેવી રીતે ફાયદો મળશે? પ્રશ્ન બીજો એ છે કે, જે ૩૫૦૦ રૂપિયામાં ફાર્મ હાઉસમાં આપણે જોડાણ આપવાના હતા. એ યોજના ચાલુ જ છે તો એ ૩,૫૦૦/-રૂપિયામાં હાલ આપશો કે કેમ? અને ત્રીજો પ્રશ્ન છે, જે પશુઓની વાત કરી પણ જે પશુ સો-બસો રાખે છે, નીચે ધરતી અને ઉપર આકાશ ફરે છે, એના માટે કોઇ લાભ છે ? આ ત્રણ પ્રશ્નો મારા છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એક ટકો વ્યાજ એ ત્રણ લાખ સુધીની મર્યાદા છે, (અંતરાય) એમાં કહ્યું છે મેં, (અંતરાય) એમાં મંડળી ધિરાણ ના આપે તો એ મંડળી સાથેનો એનો પ્રશ્ન હોય તો જ ધિરાણ ન આપે,

બાકી બધી જ સેવા સહકારી મંડળીએ એના ખેડૂત ખાતેદારોને એણે ધિરાણ આપવું જ પડે. કાં તો એનું અનિયમિત ધિરાણ હોય અથવા કાંઇક હોય તો જ ન આપે, બાકી તો એને ધિરાણ આપવું  પડે. અને જેને એ ધિરાણ આપે એને જ આ યોજનાનો લાભ મળે એક વાત.

આપે કહ્યું એ પ્રમાણે ખેડૂતોને ખેતરમાં ચોવીસ કલાક વીજ પુરવઠો મળે એના માટેનું ખાસ પ્રકારનું ટ્રાન્સફોર્મર મૂકીને એમને પણ સીંગલ ફેઈઝ વીજળી ચોવીસ કલાક મળશે એની વ્યવસ્થા પણ રાજ્ય સરકાર કરશે અને તમે કહ્યું એ પ્રમાણે જે પશુ પાલકો એની પણ મર્યાદા હશે બે કે પાંચ કે તમે જે કહો છો એટલા મોટા પ્રમાણમાં, તો શું યોજના છે એકઝેટ મારા ધ્યાન પર નથી પણ એના માટેની અલગથી જો કોઇ યોજના હશે તો એની અંદર પણ રાજ્ય સરકાર વિચાર કરશે.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તારીખ ૧૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

પ્રથમ બેઠક

ગુજરાત વિધાનસભા

ગુરૂવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬

ફાલ્ગુન ૨૦, ૧૯૩૭ શાકે

પ્રથમ બેઠક

(સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું)

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી રમણલાલ વોરા (નાણા મંત્રીશ્રી વતી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સન ૨૦૧૬-૧૭ના વર્ષના અનુદાન માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની માનનીય રાજ્યપાલશ્રીની *સિફારસ વાંચી સંભળાવીશ.

સામાન્ય વહીવટ વિભાગ

માગણી ક્રમાંક-૩૦

શ્રી રમણલાલ વોરા: માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૪,૬૪,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરુ છું.

માગણી ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

કાપદરખાસ્ત ક્રમાંક-૨ માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

સામાન્ય વહીવટ વિભાગ

માગણી નંબર-૩૧

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૯,૯૭,૯૫,૦૦૦ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરુ છું.

માગણી ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરુ છું.

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

સામાન્ય વહીવટ વિભાગ

માગણી નંબર–૩૩

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૧,૧૫,૩૧,૦૦૦ માગણી ક્રમાંક–૩૩ રજૂ કરુ છું.

માગણી ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

માહિતી અને પ્રસારણ વિભાગ

માગણી નંબર–૫૪

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી વતિ કાયદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૫,૫૯,૮૩,૦૦૦ની માગણી ક્રમાંક–૫૪ રજૂ કરુ છું.

માગણી ક્રમાંક : ૫૪ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક–૭૫

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૯,૯૩,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૫,૦૦,૦૨,૦૦૦ની માગણી ક્રમાંક–૭૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

સન૨૦૧૬-૨૦૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૧૦–૩-૨૦૧૬(પ્રથમ બેઠક)(પહેલોદિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નુ. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સામાન્યવહીવટવિભાગ<br>માગણીનં૩૦ | | | | |
| ૧ | ૨૦૧૩– મંત્રી પરિષદ<br>૧૦૧– મંત્રીશ્રીઓ... પગાર<br>રૂ. ૩,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૨ | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (રાઘવજી પટેલ) |
| ૨ | VV CC VV | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓએ મંત્રીશ્રીઓને લખેલ પત્રોની પહોચ પાઠવવામાં તથા આ પત્રોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩ | VV CC VV | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા પ્રજાલક્ષી કામોની જાહેરાત બાદ તેના અમલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૪ | VV CC VV | ૧૦૦ | વર્ગ–૩ની સીધી ભરતીસચિવાલયના વિભાગોને બદલે પસંદગી મંડળ દ્વારા થાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૫ | VV CC VV | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓએ વિકાસના કામો માટે લખેલ પત્રો પ્રત્યે રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૬ | VV CC VV | ૧૦૦ | રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાજબી અને સાચા પડતર પ્રશ્નો અંગે વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં તેનો ઉકેલ લાવવામાં | શ્રી જીતુભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| ૭ | vv cc vv | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ સને ૨૦૧૩–૧૪ના રાજ્યના પડતર પ્રશ્નોની યાદીમાંથી વ્યાપક પ્રમાણમાં પ્રશ્નો તાજેતરમાં કાઢી નંખાયા છે તે અંગેની હકીકત જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષપરમાર |
| ૮ | ૨૨૧૩– મંત્રી પરિષદ<br>૧૦૪–સરભરા......આતિથ્ય ખર્ચ<br>૦૧– સરભરા....... ખર્ચ<br>રૂ. ૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | વિરોધ પક્ષના નેતાને કેબીનેટ કક્ષાનો દરજ્જો હોવા છતાં હોદ્દાને અનુરૂપ આતિથ્ય ખર્ચ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૯ | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૮– પ્રવાસ ખર્ચ<br>૦૧– પ્રવાસ ખર્ચ<br>રૂ. ૧,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૨ થી ૨૪ | ૧૦૦ | મંત્રીશ્રીઓના હવાઇ પ્રવાસો ઉપર નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| | | માગણીનં૩૧ | | |
| ૧૦ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧– ચૂંટણી પંચ<br>૦૧– રાજ્ય ચૂંટણી પંચ<br>રૂ. ૬,૫૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૩૧ અને ૩૨ | ૧૦૦ | વારંવારની લેખિત રજૂઆતો છતાં મતદારોને નજીકના સ્થળે મતદાન મથકો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઇ પટેલ (અમીતભાઇ ચૌધરી) |
| ૧૧ | vv cc vv | ૧૦૦ | રાજ્યચૂંટણી પંચમાં ખાલી પડેલ જગ્યાઓ કાયમી કર્મચારીઓથી ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (રામસિંહ પરમાર) |
| ૧૨ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૩– મતદાર યાદીઓ...... છપાવવી<br>રૂ. ૫૩,૮૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | મતદાર યાદીઓમાં સરનામાની વિગતોમાં નાનામાં નાના વિસ્તારોનો સમાવેશ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (મંગળભાઇ ગાવિત) |
| ૧૩ | vv cc vv | ૧૦૦ | મતદાર યાદીમાં થતી વ્યાપક ભૂલો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી.કે. રાઉલજી (ધમેન્દ્રસિંહ જાડેજા) |
| | | માગણીનં૩૩ | | |
| ૧૪ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૬– રાજ્ય.....ટ્રીબ્યુનલ<br>૦૪– ગુજરાત..... ટ્રીબ્યુનલ<br>રૂ. ૧,૭૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૭ | ૧૦૦ | ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના પડતર કેસોનો ઝડપથી નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૨૦૫૨– સચિવાલય<br>૦૯૦– સચિવાલય<br>રૂ. ૩૮,૩૬,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૫૧ થી ૫૫ | ૧૦૦ | સચિવાલયના વિભાગોમાં નિયમિત ચેકીંગ દ્વારા કર્મચારીઓની ગેરહાજરીનું પ્રમાણ ઘટાડી વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (જવાહરભાઇ ચાવડા) |
| ૧૬ | ૨૦૫૨– સચિવાલય<br>૦૯૦– સચિવાલય<br>રૂ. ૩૮,૩૬,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૫૧ થી ૫૫ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પડાતા પરિપત્રોનું અન્ય વિભાગો દ્વારા ચુસ્ત રીતે પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા (ભોળાભાઇ ગોહેલ) |
| ૧૭ | vv cc vv | ૧૦૦ | જે–તે કાર્યાલયોમાં આપવાની થતી ટપાલો સેન્ટ્રલ રજીસ્ટ્રી દ્વારા આપવા અંગે સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર હોવા છતાં તમામ વિભાગો દ્વારા તેનો ચુસ્તપણે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (વજેસિંગભાઇ પણદા) |
| ૧૮ | vv cc vv | ૧૦૦ | વિભાગો દ્વારા નિયમિત સિનિયોરીટી લિસ્ટ બનાવી ખાલી પડતી જગ્યાઓમાં સત્વરે નિમણૂંકો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (ઇન્દ્રનિલભાઇ રાજ્યગુરૂ,કામીનીબા રાઠોડ અને મહમદજાવીદ પીરઝાદા) |
| ૧૯ | vv cc vv | ૧૦૦ | સચિવાલયના વિભાગોમાં રહેલ વ્યાપક ખાલી જગ્યાઓ કાયમી ધોરણે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| માહિતી અને પ્રસારણ વિભાગ<br>માગણી નં. ૫૪ | | | | |
| ૨૦ | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૨–કલા અને સંસ્કૃતિને ઉતેજન<br>૦૧– ચલચિત્રો....પુરસ્કાર<br>રૂ. ૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પાના નં. ૧૨ | ૧૦૦ | રાજયના ચલચિત્રોને ગુજરાત સરકાર તરફથી સમયસર સબસિડી આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૨૧ | vv cc vv | ૧૦૦ | નવી નીતિમાં મલ્ટીપ્લેક્સમાં પ્રાઇમ ટાઇમમાં ગુજરાતી ચલચિત્રો બતાવવાની જોગવાઇનો સમાવેશ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૨૨ | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૦૧– ચલચિત્રો<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– માહિતી....... કચેરી<br>રૂ. ૨૧,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪ | ૧૦૦ | માહિતી નિયામકની કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે કાયમી ધોરણે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૧૫ અને ૧૬ | | | |
| ૨૩ | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૦૧– ચલચિત્રો<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– માહિતી....... કચેરી<br>રૂ. ૨૧,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પાના નં. ૧૫ અને ૧૬ | ૧૦૦ | માહિતી નિયામકની કચેરીના વહીવટને સંગીન બનાવી તંત્રને પ્રજાલક્ષી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૨૪ | ٧٧ CC ٧٧ | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવા માટે રચાયેલ સમિતિમાં બિન–ગુજરાતી સભ્યોની નિમણૂંક ટાળી સ્થાનિક સભ્યોને નિમણૂંક આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |
| ૨૫ | ٧٧ CC ٧٧ | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને ગ્રેડીંગ આપવા અન્વયે મળેલ મીટીંગો અને તે માટે થયેલ ખર્ચ અંગેની માહિતી પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨૬ | ૨૨૨૦–માહિતી.....પ્રચાર<br>૬૦– અન્ય<br>૧૧૦–પ્રકાશનો<br>૦૧– મુદ્રિત......પ્રચાર<br>રૂ. ૫૪,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પાના નં. ૨૩ | ૧૦૦ | "ગુજરાત''ના અંકો સરકારી પ્રેસમાં છપાવવા પ્રત્યે તંત્રની ઉદાસીનતા | શ્રી મણીલાલ વાઘેલા (માનસિંહ ચૌહાણ) |
| ૨૭ | ٧٧ CC ٧٧ | ૧૦૦ | કચેરી દ્વારા પ્રકાશિત "ગુજરાત''ના અંકો મંત્રીશ્રીઓ તેમજ વિરોધપક્ષના નેતાને સ્પીડ પોસ્ટને બદલે સેન્ટ્રલ રજીસ્ટ્રી મારફત મોકલી નાણાનો દૂરૂપયોગ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા (કાંતિભાઇ ખરાડી) |
| ૨૮ | ٧٧ CC ٧٧ | ૧૦૦ | "દિપોત્સવી'' અંકો પાછળ થતા કરોડો રૂપિયાના ખર્ચને અટકાવી કરકસરના પગલા લઇ અંકો બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૯ | ٧٧ CC ٧٧ | ૧૦૦ | માહિતી પ્રસારના સાહિત્યની વહેંચણી સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૦ | ٧٧ CC ٧٧ | ૧૦૦ | મંત્રીશ્રીઓ દ્વારા કરાતા ઉદ્દઘાટનના ફોટાઓ છપાવવા અંગે થતો ખર્ચ અટકાવી પ્રજાલક્ષી પ્રશ્નોને પ્રકાશિત કરવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. મિતેશભાઇ ગરાસીયા |

| બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી નં. ૭૫ | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | ૩૪૫૧– સચિવાલય... સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>રૂ. ૨,૫૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૧૮ અને ૧૯ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડમાં લાંબા સમયથી ખાલી પડેલી વર્ગ–૩ની જગ્યાઓ ઉપર વર્ગ–૪ના લાયકાત ધરાવતા કર્મીઓને પ્રમોશન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદભાઇ રીબડીયા |
| ૩૨ | vv cc vv | ૧૦૦ | વર્ગ–૪ના કર્મચારીઓને બઢતીના લાભથી વંચિત રાખી બઢતીમાં થતો વિલંબ નિવારી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ (ગેંદાલભાઇ ડામોર) |
| ૩૩ | vv cc vv | ૧૦૦ | બંદરો ઉપર નવી જેટીઓના અભાવે તેમજ કાદવના કારણે વહાણોના અવર જવરમાં થતી તકલીફ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા (કરમશીભાઇ પટેલ) |

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત એક નસીબદાર રાજય છે કે જેના પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે. એક કંડલા મહાબંદર અને ૪૧ બંદરો આવેલા છે. મારે આપના મારફત આ ગૃહના ઘ્યાન ઉપર કુદરતે ગુજરાતને ખૂબ અનુકૂળ પરિસ્થિતિ આપવા છતાં બંદર વિભાગમાં જે કંઇ બાબતો ચાલે છે તેના એક દાખલાથી શરૂઆત કરવી છે. આ દેશમાં તમામ મોટા બંદરોમાં વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમની જવાબદારી કોની? એ જવાબદારી માટે કયારેય ફી, સામાન્ય રીતે આખા દેશમાં લેવાતી નથી. આપણે ત્યાં પણ લેવાતી નહોતી. D.G.L.L. એ ઓથોરિટી છે. સહાય પણ આપે. મદદ પણ કરે. ખબર નહીં કેમ, ૨૦૦૭માં આ બંદર વિભાગને એવું લાગ્યું કે વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે કેન્ટ્રાક્ટ કરવો છે. ૨૬ ફેબ્રુઆરી–૨૦૦૭ ના દિવસે એક કોન્ટ્રાક્ટ સાઇન થાય છે. આતશ નોર કંટ્રોલ નામની કંપની સાથે. કોન્ટ્રાક્ટના પૅરેગ્રાફ ૩.૩માં એવું લખાય છે કે અમે જે આખી સિસ્ટમ ઉભી કરીશું એ સિસ્ટમ ૧૦૦ કરોડથી વધારે રોકાણ નહીં થાય. મેકસીમમ ૧૦૦ કરોડ થશે, પણ અમે જે કંઇ રોકાણ કરીએ તેના ૧૫ ટકા અમે ફી વસૂલ કરી શકીશું. એટલે મેકસીમમ ૧૦૦ કરોડ કરે તો ૧૫ કરોડ રૂપિયા વર્ષે વસૂલ કરી શકે. તેનાથી વધારે ન કરી શકે. ૨૦૧૦–૧૧માં આ સિસ્ટમ ઓપરેશનમાં આવી. હું બહુ ગંભીરતાથી આ ગૃહના માનનીય સભ્યશ્રીઓના ઘ્યાને મૂકવા માગું છું. ૨૦૧૦–૧૧થી ૨૦૧૪–૧૫ સુધી પાંચ વર્ષ ચાલ્યું. કોન્ટ્રાકટનો પેરા ૩.૩ શું કહે? મેકસીમમ ૧૫ કરોડ. જો ૧૦૦ કરોડ રોકયા હોય તો જ. તેનું ઓડિટ ન કર્યું કે કેટલા કરોડ રોકયા છે પણ માની લઇએ કે મેકસીમમ રોકી લીધા. તો પાંચ વર્ષના ૧૫ કરોડના હિસાબે મેકસીમમ ૭૫ કરોડ રૂપિયા એ લેવા માટે હક્કદાર છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌને નવાઇ લાગશે. પાંચ વર્ષમાં આ કંપનીએ કેટલા પૈસા લીધા? તેમના અધિકારના ૭૫ કરોડ રૂપિયા હું બાદ કરી નાખું છું. તે સિવાયના વધારે જે લીધા તે ૧,૪૯,૩૭,૨૮,૦૬૫ રૂપિયા. આટલા રૂપિયા અધિકાર કરતા વધારે જો લે અને ગાળો રાજકીય નેતાઓને પડતી હોય છે. રાજકારણીઓ, રાજકારણીઓ. આપણે રખેવાળ છીએ. આ ભ્રષ્ટાચારને કહેવાય ગતિશીલ ભ્રષ્ટાચાર. વાતો સાંભળતા હતા કે સેંકડોમાં ભ્રષ્ટાચાર થાય છે. હજારોમાં થાય છે, લાખોમાં થાય છે. કરોડોથી આગળ વધીને હવે એક અબજ ચોસઠ કરોડ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય પાસે આઠ જેટીઓ છે. અને પ્રાઇવેટ બંદરો ફાયદો કરે, એમના લાભો લે. આપણી જેટીઓની મારે વાત કરવી છે. આપણી આઠ જેટીઓ છે. એ જેટીઓની ક્ષમતા છે ૯૭.૫૫ મિલિયન મેટ્રીક ટન અને આપણે ઉપયોગ કેટલો કરીએ છીએ માત્ર ૫૦.૩૭ મિલિયન મેટ્રીક ટન એટલે માત્ર ૫૧ ટકા જ ઉપયોગ કરીએ છીએ. આપણે એનો સદ્ઉપયોગ કરતા નથી. આપણે વિકાસની વાતો કરીએ છીએ. ગતિશીલ ગતિશીલની વાતો કરીએ છીએ. ૨૦૦૮થી ૨૦૧૬ સુધીમાં એકપણ નવું બંદર આપણે વિકસાવી શક્યા નથી. શું આને ગતિશીલતા કહીશું! આખા એશિયામાં એક નંબરનું શીપ બ્રેકીંગ યાર્ડ અલંગમાં આવેલું છે. મેરી ટાઇમ બોર્ડ આપણો કમાઉ દીકરો છે. અહીં ઇન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી હતું એ આપ્યું ખરું? એ ઇન્ફ્રાસ્ટ્રચર તૈયાર કરીને આપવાની તૈયારી બતાવી ખરી? પ્લોટ માટેની નીતિ આપણી વર્ષો સુધી નક્કી નથી થઇ. એ પછી નીતિ નક્કી થઇ એ નીતિ ખરેખર અલંગ શીપ બ્રેકીંગ યાર્ડને વિકાસમાં આગળ લઇ જાય છે ખરી? આપણને નવાઇ લાગશે. આ નીતિમાં સ્પષ્ટ જોગવાઇ છે, પ્લોટ આપો ત્યારે

એસ.સી. અને એસ.ટી.ને સાત ટકા અને ૧૪ ટકા એમના માટે પ્લોટ અનામત રાખવાના. આપણે આ નીતિનો અમલ કર્યો ખરો? નીતિમાં જોગવાઇ થાય. આ પક્ષે બેઠા હોય કે પેલા પક્ષે બેઠા હોય. કોઇ દલિતભાઇ કે આદિવાસીભાઇ એ પ્લોટ લઇને એ શીપ બ્રેકર થઇ શકે એના માટે સરકાર નીતિ બનાવે અને એનો અમલ ન કરે એનું આપણને દર્દ ન થાય? જે વ્યવસ્થા ત્યાં કરવાની છે એ કરી છે ખરી? એમાંના કેટલાક પ્લોટો મેરી ટાઇમ બોર્ડે પોતાના હસ્તક રાખ્યા છે. મારી પાસે કેટલીક આધારભૂત રજૂઆતો, કેટલાક જવાબદાર લોકો જેના લાભાર્થી છે એ કહે છે કે આ વધારાના પ્લોટ લેવા માટે અમારે જે અન્ડર ટેબલ આપવું પડે છે એ આપ કલ્પના ન કરી શકો એટલું આપવું પડે છે. શું આપણી એ જવાબદારી નથી કે આપણે એમના માટે કંઇક સર્વગ્રાહી નીતિ કરીને આગળ વધીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મંત્રી પરિષદની માગણી લઇને આવ્યા છે ત્યારે એમના વિશે મારે કહેવું છે. હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું કે મને એક મંત્રી તરીકે સ્વ.બાબુભાઇ જશભાઇ પટેલ સાથે, સ્વ.બાબુભાઇ વાસણવાળા સાથે, માનનીય મનોહરસિંહજી જાડેજા સાથે, માનનીય સી.ડી. પટેલ જેવા મહાનુભાવો સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. જ્યારે હું મિનિસ્ટર હતો ત્યારે અમારી કેબિનેટમાં આ મહાનુભાવો કહેતા હતા કે ૧૮૨ પૈકી આપણે અહીંયાં બેસીએ છીએ અને આપણે સુપર હ્યુમન બિઇંગ નથી.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, શું અહીંયાં મંત્રી પરિષદની વાત થઇ શકે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી પરિષદ વિશે અહીં વાત થઇ શકે છે.

અધ્યક્ષશ્રી : હા, થઇ શકે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અંદર વાત થઇ શકે, બહાર જાહેરમાં ન થઇ શકે. એ મહાનુભાવો કહેતા હતા કે આપણે એમના ટ્રસ્ટી તરીકે અહીં બેસીએ છીએ એટલે આપણી જવાબદારી વિશેષ છે. આપણે સુપર હ્યુમન બિઇંગ નથી. જેમ આંબા ઉપર કેરી આવે એમ આંબો નીચો નમે છે. એમ આપણે મિનિસ્ટર બનીએ ત્યારે વધારે વિવેકી બનવું પડે. આ બાજુ બેઠેલા અને સામે બેઠેલા સભ્યોને આક્રોશ કરવાનો અધિકાર છે. ગરીબ માણસ એની તકલીફ લઇને આવે તો એને ગુસ્સે થવાનો અધિકાર છે. પરંતુ મંત્રીને એનો ટેમ્પરામેન્ટ ગુમાવવાનો અધિકાર નથી. આપણે તો એને શાંતિથી સાંભળવા પડે. હું આ ગૃહના સભ્યશ્રીઓને અને મંત્રીશ્રીઓને વિનંતી કરું છું કે હું તો એ ટેવ રાખું છું કારણ કે મને એ બુઝુર્ગોએ કહેલી વાત છે. ૧૯૮૦થી ૧૯૯૦ સુધીમાં મંત્રીશ્રીઓના જવાબો, મંત્રીશ્રીઓના એપ્રોચ આપ સહેજ વાંચજો. આપણે ત્યાં બહુ સારી પ્રણાલિકા છે એક એક શબ્દ એ લખાઇને રહે છે અને લાયબ્રેરીમાં એ ચર્ચાઓ હોય છે. આપ વાંચજો એ કેવા જવાબો આપતા હતા. કોઇ દિવસ પ્રશ્નોત્તરીમાં રાજકીય અવલોકન નહીં. સભ્યએ લાંબો પ્રશ્ન પૂછ્યો હોય તો મંત્રીશ્રી એમ કહે કે બહુ લાંબું પત્રક છે એ એમને હું જાતે પહોંચાડીશ અને આ ગૃહના ટેબલ ઉપર મૂકીશ અને જરૂર પડે માનનીય સભ્યશ્રીને મારે ત્યાં ચાય ઉપર બોલાવીને આખી વસ્તુ આપીશ. કોઇ સંકલ્પ આવ્યો હોય તો ક્યારેય બીજા કોઇ અવલોકનો નહીં. ચર્ચાઓ જોઇએ તો જ્યારે વિધાનસભા ગૃહ મળે છે ત્યારે સવાલ એ નથી કે સત્તાધારી પક્ષના સભ્યને કોઇ મંત્રી સવાલો આપી શકે. પરંતુ એ સમયે મંત્રીશ્રીને ચિંતા હોય કે મેં જવાબ આપ્યો છે તો વિરોધ પક્ષ કરતાં પોતાના સભ્યની મંત્રીને ચિંતા હોય કે એ મારો કાન પકડશે કે અહીંયા તમે ભૂલ કરી છે. આ પરંપરાને હું વાંચવાનું કહું છું. એવું નથી કે હું અહીંયા આવી ગયો છું એટલે વિરોધ પક્ષમાં આવી વાત કરું છું, ત્યાં મંત્રી તરીકે જુદી વાત કરતો હતો. એવું હોય તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારી પાસે છબીલદાસભાઇની સરકારમાં આઠ ખાતાઓ હતા અને મંત્રી તરીકે મુખ્યમંત્રીશ્રીના જવાબો હું આપતો હતો. પ્રશ્નોત્તરીમાં મેં આપેલા જવાબોને ચકાસી લેજો અને ભૂલ હોય તો કહેજો. આજે પણ હું એની માફી માગવા તૈયાર છું. આ ગૃહમાં કેટલીક અપેક્ષાઓ છે. આપણે ટ્રસ્ટીઓ છીએ. કોઇ યાવત્ ચંદ્ર દિવાકરો નથી. આપ એમ કહો કે અમે તો કાયમ વિરોધ પક્ષમાં રાખીશું, તમે અહીંયા આવવાના નથી. ચાલો, અમે મંજૂર રાખીએ, પણ શું આપણે ચિરંજીવી છીએ ખરા? આપણે પણ આપણો રોલ કરીને જવાનું છે. શા માટે એવો વહેવાર કરીને ન જઇએ કે જનતાના હિત માટેનો એ વહેવાર હોય? આપની મંત્રીની કેબિન એ આ બધા ૧૮૨ ધારાસભ્યો, ગુજરાતની જનતા માટેની છે. કેટલાક માનનીય સભ્યશ્રીઓ જ્યારે હું મંત્રી હતો ત્યારે હતા. મારે એમને એ દિવસો યાદ કરાવવા છે. પ્રજાના કામ માટે તો આવે જ પરંતુ વ્યક્તિગત બદલીનું કામ લઇને આવ્યા હશે, ૨૪ કલાકમાં ઓર્ડર કરાવીને એમને બદલીનો ઓર્ડર પણ આપ્યો હશે. આ પ્રથા રાખી હતી કે સામેના પક્ષનો ધારાસભ્ય પણ એ પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ છે. ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો માનનીય મંત્રીશ્રીઓ વાંચે એવી મારી વિનંતી છે. મંત્રીશ્રીઓ માટે સ્વર્ગસ્થ નટવરલાલભાઇ શાહ, સ્વર્ગસ્થ કુંદનલાલભાઇ ધોળકિયાએ કહ્યું છે કે, આપની કંઇક વિશેષ જવાબદારી છે, કારણ કે આપ મંત્રી છો. સરકારી કાર્યક્રમોમાં માત્ર એક પક્ષના ધારાસભ્યોને જાણ ન કરાય. આપના કાર્યક્રમની જાણ વિરોધ પક્ષના ધારાસભ્યોને કરો એટલું જ નહીં વિરોધી પોલિટિકલ પાર્ટી છે એને પણ કરો એમ કહેનારા માનનીય અધ્યક્ષશ્રીઓ હતા અને એમના નિર્ણયો આજે પણ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં છે. મંત્રીશ્રીનો કાર્યક્રમ હોય કે મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ હોય, આમંત્રણ કાર્ડ છપાય અને આ પક્ષના સભ્યશ્રીઓના નામ લખાતા હતા એ પણ બંધ થઇ ગયું છે ત્યારે આ પક્ષનો તો સવાલ જ આવતો નથી. સરકારી કાર્યક્રમમાં સ્ટેજ ઉપર

સ્થાન, કાર્ડમાં નામ, માઇક ઉપર વાત કરવાની તક આપવી જ જોઇએ એ પરંપરાઓ હતી. શું આપણે આપણા સભ્યોનું સન્માન નહીં કરીએ તો કઇ દિશામાં આપણે જઇ રહ્યા છીએ? સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર છે કે ધારાસભ્ય પત્ર લખે તો એની માત્ર રિસિપ્ટ નથી આપવાની કે તમારો કાગળ મળ્યો છે અને વિભાગને મોકલ્યો છે. ચોક્કસ સમયમર્યાદામાં એ અધિકારીએ ફાઇનલ રિપ્લાય એને આપવાનો હોય છે કે તમારા પ્રશ્નનો આખરી જવાબ આ છે. કેટલા માનનીય ધારાસભ્યશ્રીઓને આ જવાબ મળે છે? શું આ માનનીય મંત્રીશ્રીઓએ ચિંતા નહીં કરવાની કે આપણા સભ્યોની આપણે ચિંતા કરવી જોઇએ? બિન ખેતીમાં એક અધિકારી ત્યાં બેઠો હોય છે. ધારાસભ્યની વાત પણ ન સંભળાય, એણે નક્કી કરેલા કૂટ મુજબના પૈસા આપો તો જ એ કલેકટર ઓફિસમાં ફાઇલ ચાલે, આટલી બધી હિંમત એ અધિકારીની ચાલે આપણા સત્તાધારી પક્ષનો ધારાસભ્ય હોય તો પણ? આ કહેલી વાત હું આપને કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત માહિતી અને પ્રસારણ ખાતાની કરવાની છે. સુપ્રીમ કોર્ટમાં એક રિટ પિટિશન સિવિલ ૧૩/૨૦૦૩ થઇ છે. આ પિટિશનમાં કેવી અને કેટલી જાહેરાતો આપવી એના માટેના ધારા-ધોરણો થયા છે. રોજે રોજ આપણી જાહેરાતોમાં સુપ્રીમ કોર્ટે કહેલા એ રિટ પિટિશનમાં આપેલા નિર્ણયોની વિરુદ્ધની પરિસ્થિતિ નિર્માણ થાય છે. આના માટેની જવાબદારી કોની? માહિતી ખાતાનો અંક છપાય છે. આ માહિતી ખાતાનો અંક એ લોકોને, આમ જનતાને માહિતી પૂરી પાડવાનો અંક છે. આ ફોટાઓ માટેનું આલ્બમ નથી. મંત્રીએ ક્યાં ઉદઘાટન કર્યું કે લોકાર્પણ કર્યું હોય એના ફોટાઓ માટેનું આલ્બમ નથી. આ લોક સમસ્યાઓ ઉકલી શકે, લોકોને મદદરૂપ થઇ શકે એના માટેનો આ માહિતી ખાતાનો અંક છે.

અને માનનીય અધ્યક્ષશ્રી, એમાં આપણે શું કરીએ છીએ, એ મારે કહેવું છે. ટીકા, એવું આપણે ત્યાં તો આપણી સંસ્કૃતિ અને સંસ્કારોમાં કહેવાયું છે કે, તારે તારા ટીકા કરનારને સામે સ્થાન આપવું જોઇએ તો જ તું સાચો માણસ કહી શકાય. લોકશાહી વ્યવસ્થામાં તો એટલે જ વિરોધપક્ષને તમારી સામે સ્થાન આપ્યું છે, તમારે મહેનત કરીને એને ઘર આપવાની જરૂર નથી, વ્યવસ્થાએ આપ્યું છે. પરંતુ એ ટીકાને આપણી સકારાત્મક લેવાની તૈયારી છે ખરી ? પત્રકાર છે એ લોકશાહીના આધાર સ્થંભ છે, એ જર્નાલીઝમ કરે છે. આપણને ન ગમતું ક્યારેક લખી નાખે તો એ આપણો દુશ્મન નથી. એ આપણને અને આપણા તંત્રને સુધારવા માગે છે, એને સન્માનિત કરતા સુચવે છે. એક્રિડેશન કાર્ડ ધરાવતો પત્રકાર સરકીટ હાઉસમાં જાય અને એને એમ કહેવામાં આવે કે, મંત્રીશ્રીની ચિઠ્ઠી લાવો તો જ સરકીટ હાઉસમાં રૂમ મળે, આ શરમજનક પરિસ્થિતિ છે, આ ચાલી શકે નહીં. ભૂતકાળમાં સચિવાલય સુધી આવવા માટે માહિતી ખાતું ગાડીઓની વ્યવસ્થા કરી આપતું હતું.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

## આક્ષેપોના રેકર્ડ સહિત પુરાવા રજૂ કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય શક્તિસિંહજીએ એમ કહ્યું કે, સરકીટ હાઉસમાં પત્રકાર જાય અને એક્રિડેશન કાર્ડ ધરાવતા હોય, તો પણ મંત્રીની ચીઠ્ઠી માંગવામાં આવે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હું નામ અને ડિટેઇલ આપીશ, ચોક્કસ આપીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું માર્ગ અને મકાનનો મંત્રી છું, સમગ્ર રાજ્યના સરકીટ હાઉસોની જવાબદારી અને કામગીરી મારા હસ્તક છે. મારી શક્તિસિંહજીને વિનંતી છે, આપે જે આક્ષેપ કર્યો છે એનો રેકર્ડ સહિત પુરાવા ચોક્કસ મને આપશો તો હું કાર્યવાહી કરીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પત્રકારનું નામ અને ડિટેઇલ આપીશ.

અધ્યક્ષશ્રી : આપ શક્તિસિંહજી, ચોક્કસ પુરાવા સહિત એમને માહિતી પૂરી પાડજો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : જરૂર, જરૂર, માનનીય અધ્યક્ષશ્રી, પત્રકારોને આપણે ગાંધીનગર આવવા અને જવા માટેની નિયમિત વાહનની વ્યવસ્થા આપતા હતા કે સચિવાલયમાં આવે. આપણા પાસેથી કેટલીક માહિતી લઇને છાપે, કદાચ આપણી ટીકા પણ કરે પણ આખરે ગુજરાતની જનતાના હિતમાં હોય એ એનું કામ કરે છે. શા માટે આપણે આ પ્રથા બંધ કરી દીધી ? શું આપણને તકલીફ પડે છે ? મંત્રીશ્રીઓના દરવાજા, મંગળવાર હોય, ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ માટે ખુલ્લા રહે પરંતુ મંત્રીશ્રી કેપીટલમાં હાજર હોય તો પત્રકારને એપોઇન્ટમેન્ટસ લેવાની જરૂર નહોતી રહેતી. એ દરવાજો ખોલીને આવતો હતો, સવાલ પૂછી શકતો હતો અને આપણને ન ગમે તેવા સવાલો હોય તો પણ મંત્રીશ્રીઓ એના જવાબ આપતા હતા. આ ઉદારતા ક્યાં ગઇ છે એ મારે કહેવું છે માનનીય મંત્રીશ્રીઓને.

માનનીય અધ્યક્ષશ્રી, પત્રકાર કોલોની અમદાવાદમાં અખબાર નગર છે, બધા જ પત્રકારો ભ્રષ્ટ છે એવી ભાષામાં નહીં વાત કરતાં, આપે પણ જોયું હશે અને મેં પણ જોયું છે. કેટલાક નિષ્ઠાવાન અને પ્રામાણિક પત્રકારો જીવનભર એક મર્યાદિત પગારમાં એનું ગુજરાન ચલાવે છે. દિવાળી પર કોઇ ગીફ્ટ પણ મોકલી હોય ને, પોતાનું વાહન લઇને એ નેતાને ઘરે પાછી દેવા ગયા હોય અને જીવતા હોય એવા નિષ્ઠાવાન અને પ્રામાણિક પત્રકારો મેં જોયા છે અને

આપે પણ જોયા હશે ત્યારે માત્ર કોઇક વ્યકિત સાથે આપણા સંબંધ છે, પત્રકારની મારે જરૂર નથી એમ નહીં, એ લોકસેવા કરે છે એ દ્રષ્ટિથી આપણે જોતાં થઇએ એવી મારી આપના મારફતે વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી જ્યારે બને છે ત્યારે નિષ્ઠા અને પ્રમાણિકતા, તટસ્થતા એના સોગંદ આપણે ખાઇએ છીએ. આ વિધાનસભા ગૃહમાં જ્યારે બોલવાનું હોય ત્યારે કાંઇક વિશિષ્ટ જવાબદારી હોય છે આપણી કે, અહીંયા તો ખોટું બોલાય જ નહીં મારે માત્ર એક દાખલો આપવો છે. તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫ના રોજ એક મંત્રીશ્રીએ નિયમ-૪૪ નીચે આ ગૃહમાં નિવેદન કર્યું. નિયમ-૪૪ નીચે એમનું નિવેદન હતું કે, બટાકાના ભાવ ખૂબ નીચા ગયા છે. બટાકા પકવતા ખેડૂતો રાજ્ય બહાર મોકલે તો એ બટાકામાં અમે ૧,૧૫૦ રૂપિયા પ્રતિ મેટ્રિક ટન ટ્રાન્સપોર્ટ સબસિડી આપીશું. આ મંત્રીશ્રીનું નિયમ-૪૪ નીચે વિધાનસભા ગૃહમાં અને એ પછી મારા પક્ષના ધારાસભ્યશ્રી ગોવાભાઇ રબારીએ ૨૦૧૦૫ નંબરનો પ્રશ્ન ક્રમાંક એમાં પ્રશ્ન પૂછ્યો કે, તા. ૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ બટાકા પકાવતા ખેડૂતોને રાજ્ય બહાર નિકાસ થાય એના માટે સબસિડી આપવાની કોઇ જાહેરાત કરી છે ? મંત્રીશ્રીનો જવાબ છે, ના જી. નિયમ-૪૪ના નિવેદન પછી. જો હા તો બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને ટ્રાન્સપોર્ટ સબસિડી આપી? જવાબ છે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેટલાને સબસિડી ચૂકવી? જવાબ છે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. શું આ આપણી જવાબદારી છે? ગૃહમાં બોલાયા પછી એ વસ્તુનું પાલન થાય, ખાતરી સમિતિ સુધી ન જવું પડે આની ચિંતા માનનીય મંત્રીશ્રીઓએ કરવી જોઇએ એવી મારી વિનંતી છે. મહિલાઓની ભરતી માટેની આપણે વાત કરીએ છીએ, મહિલાઓને લાભ આપવા માટેની વાત કરીએ છીએ. વન સંરક્ષણ કલાસ-૨ , ૨૦૧૦ની જાહેરાત દીકરીઓ પાસ થઇ ગઇ અને એમને કહેવાઇ પણ ગયું કે તું પાસ થઇ ગઇ છે અને એ પછી એ મહિલાને નોકરી ન મળે જેણે ૨૦૧૦માં ઇન્ટર્વ્યૂ અને જાહેરાતમાં ફોર્મ ભર્યું હોય આ માટેની ચિંતા આપણે નહીં કરવાની? આને આપણે ગતિશીલ ગુજરાત કહીશું? એક મોટી જાહેરાત કરી કે જે લોકો અનામતમાં નથી આવતા પણ આર્થિક રીતે ગરીબ છે એન્જિનિયરીંગમાં પ્રવેશ લેશે, મેડિકલમાં પ્રવેશ લેશે એમને પર્સન્ટાઇલના આધાર પર એમને એ પર્સન્ટાઇલથી નથી મળ્યું માટે અમે એમને ખાસ મદદ કરવા માગીએ છીએ. એન્જિનિયરીંગ અને મેડિકલમાં પર્સન્ટાઇલ કયા ગણાય? માત્ર સાયન્સ સબ્જેકટના ગણાય. હવે જયારે ઓન લાઇન કોઇ અરજી કરવા બેસે છે ત્યારે કહે છે કે યુ આર નોટ એલીજીબલ કારણકે તમારે માત્ર સાયન્સના સબ્જેકટ નહીં, બધા જ સબ્જેકટના પર્સન્ટાઇલ ૯૦ થી ઉપર થતા હોય તો જ તમને આ લાભ મળી શકે. આ કઇ પ્રકારની નીતિ છે? જયારે તમે મેડિકલમાં કે એન્જિનિયરીંગમાં પ્રવેશ આપવા માટે અને આ માટેનો પત્ર મંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને લખાયો છે એની કોપી હું આપને આપીશ.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : મારી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન ન આવે.

અધ્યક્ષશ્રી : કલેરીફીકેશન કરો આપ.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત ગૃહમાં રજૂ કરી એ સત્ય નથી એમાં સુધારો કરી લીધો છે આપણે.

અધ્યક્ષશ્રી : સુધારો થઇ ગયો છે એમ મંત્રીશ્રીનું કહેવું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બગાડો પહેલા કરીએ શું કામ કે પછી સુધારો કરવો પડે? હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું પણ એવો તો કેવો બગાડો કરીએ કે પાછળથી સુધારો કરવો પડે? જયારે જાહેરાત કરો ત્યારે શું [*] (×××) આપણને ખબર ન પડે?

અધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુસ્સો એટલા માટે આવે છે કે આ મંત્રીશ્રીઓની જે માનસિકતા છે લોકો માટેની, નિષ્ઠા અને પ્રમાણિકતાની વાત કરીએ તો જે રીતે આ તંત્ર ચાલે છે હું માનનીય મંત્રીશ્રીઓને વિનંતી કરીશ અને ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીને વિનંતી કરીશ કે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને' જય ગંગાજલ' પિકચર જોવા લઇ જાવ. માણસ, સમાજ કાયદો ત્યારે જ હાથમાં લે છે કે જયારે એનો સિસ્ટમ પરથી વિશ્વાસ ઉઠી જતો હોય છે. જયારે સિસ્ટમ પરથી વિશ્વાસ જાય છે. આજે શા માટે જનતા રેડ થાય છે દારૂ માટેની? જનતા રેડ દારૂ માટે એટલા માટે થાય છે કારણકે સિસ્ટમ પરથી લોકોને વિશ્વાસ ઉઠી ગયો છે એટલા માટે જનતા રેડ કરવી પડે છે. નહીં તો જનતાએ રેડ કરવાની જરૂર નથી એ તંત્રનું કામ છે અને તંત્રને કરવા દેવાની જવાબદારી એ આપણા સૌની છે. એના બદલે જો આપણી જ એમાં ગોઠવણ થાય, હું તો કહીશ કે "જય ગંગાજલ"ને કરમુકત કરો. લોકોને પણ ખ્યાલ આવે અને ઓછા પૈસે જોઇ શકે એ પ્રકારની વ્યવસ્થા ગોઠવાશે તો આનંદ થશે. મંત્રીશ્રીઓ જયારે કાર્યક્રમોમાં જાય.

[*] આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આભાર.

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : મારે ગૃહના તમામ સભ્યશ્રીઓનું ધ્યાન દોરવાનું છે કે કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓ ગૃહની અંદર પીવાના પાણીની બોટલ લઇને આવે છે અને પાણી પીવે છે આ બાબત ગૃહના પ્રસ્થાપિત થયેલા નિયમો અને પ્રણાલિકાઓ સાથે સુસંગત નથી. અનિવાર્ય સંજોગોમાં કોઇ સભ્યશ્રીને ગૃહની અંદર પાણી પીવાની આવશ્યકતા જણાતી હોય તો ખાસ કિસ્સામાં મારી પરવાનગી લઇને તેઓ પાણી અહીંયા લાવી શકે છે અન્યથા આવું કરવું ઉચિત નથી તેથી તમામ સભ્યશ્રીઓ આની નોંધ લે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક ૩૩ ને અનુમોદન આપવા માટે વાત કરવાનો છું. આ ગુજરાતમાં આપણું સદભાગ્ય છે કે જે લોકો ગરીબોની વાતો કરે છે, અનુસૂચિત જાતિની વાતો કરે છે, અનુસૂચિત જનજાતિની વાતો કરે છે, શહેરી ગરીબોની વાતો કરે છે, ખેડૂતોની વાતો કરે છે, એમને મારે કહેવું છે કે આ ગુજરાત ૨૦૦૭ માં સુધારેલ વીસ મુદા કાર્યક્રમની અંદર હંમેશા પ્રથમ રહ્યું છે. આ વીસ મુદા કાર્યક્રમની રચના બાદ ગુજરાતની અંદર જે કામગીરી થઇ છે, તે પછી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની હોય, શહેરી ગરીબોની હોય, ખેતીની સુધારણાની વાત હોય આ તમામ બાબતોની અંદર ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે. એ માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું. ૨૦૧૦ માં ૧લી મે એ ગુજરાતનાં ૫૦ વર્ષ પૂરાં થયાં ત્યારે, રાજ્ય સરકારે સ્વર્ણિમ સંકલ્પના ૫૦ મુદાઓ નક્કી કર્યા. આજે હું, અગાઉ શકિતસિંહની જેમ મંત્રી નથી બની શક્યો, પરંતુ ધારાસભ્ય તો બન્યો છું. મારા અનુભવ છે તેના આધારે કહી શકું કે ૫૦ મુદાઓ સ્વર્ણિમ સંકલ્પના કરવામાં આવ્યા, એમાં એક મુદો એ હતો કે જે લોકો ગરીબી રેખા નીચે જીવતા હોય, તેવા તમામ આવાસીઓને મકાનો આપવાનો સંકલ્પ રાજ્ય સરકારે કર્યો. મને કહેતા આનંદ થાય છે કે રાજ્ય સરકારે ૨૦૦૯ માં સંકલ્પ કરવામાં આવ્યો, તેમાં ૨૦૧૨ સુધીમાં ૨૦ લાખ મકાનો ગરીબોને ૮,૦૦૦ કરોડના ખર્ચે બાંધી આપીને સંકલ્પ પૂરો કર્યો છે. ૫૦ સંકલ્પો છે એ સંકલ્પના અમલીકરણ હજુ ચાલુ છે. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત દીધેલ સંકલ્પો માટે તત્કાલીન મુખ્યમંત્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ રાજ્યની અંદર વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વ્યવસ્થા કરવામાં આવી છે અને એ વ્યવસ્થાના ભાગરૂપે ન્યૂનતમ જરૂરિયાતના કાર્યક્રમો છે, એના માટેની જોગવાઇઓ કરવામાં આવે છે. આ રાજ્ય સરકારે પહેલી વખતે જી.આઇ.એસ. સિસ્ટમનો ઉપયોગ કરી એને વિલેજ એમિનિટિસ, વિલેજ પ્રોફાઇલ તૈયાર કરાયા છે. તાલુકા પ્લાનિંગના એટલાસો બનાવેલ છે. આ કામગીરી માટે ભારત સરકારે નેશનલ ઇ–ગવર્નન્સ એવોર્ડ રાજ્ય સરકારને આપ્યો છે. દરેક ધારાસભ્યશ્રી પોતાના વિસ્તારમાં કયા ગામમાં કેટલી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે અને કેટલી પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી પોતે આ પ્રોફાઇલ ઉપરથી જોઇ શકશે. જિલ્લા આયોજન મંડળની અંદર બધા ધારાસભ્યશ્રીઓ ભાગ લેતા હોય છે, ત્યારે હું જણાવવાની રજા લઉં છું કે ન્યૂનતમ જરૂરિયાતના કાર્યક્રમો હોય, ત્યારે વિવેકાધીન ગ્રાન્ટનો ઉપયોગ કરીએ છીએ. લોકફાળો મળતો હોય ત્યાં આગળ આપણે પ્રોત્સાહન માટેની જોગવાઇઓ કરી છે. રાજ્યમાં ભૌગોલિક રીતે જે ખાસ પછાત વિસ્તારો છે, તેના માટે ગ્રાન્ટની વ્યવસ્થા કરી છે. રાજ્ય સરકારને અભિનંદન આપું છું કે ધારાસભ્યની વિકાસ ગ્રાન્ટ છે તે ૫૦ લાખ રૂપિયા હતી તે ૧ કરોડ રૂપિયા કરી છે. તે માટે રાજ્ય સરકારને ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી આનંદીબેનને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. હાઉસની અંદર મારે કહેવું છે કે હું શહેરી વિસ્તારમાંથી આવું છું. ૨૦૧૬–૧૭મું વર્ષ આવવાનું બાકી છે. એના માટેનાં સવા કરોડનાં મારાં કામોની પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવેલ છે. આ ગતિશીલતા છે. રાજ્ય સરકારની ગતિશીલતા છે કે ૨૦૧૬–૧૭ નું વર્ષ શરૂ નથી થયું, પણ ૧૨૬ કરોડનાં કામોની પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવેલ છે. તાલુકા સેન્ટ્રિક એપ્રોચ લઇને આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. તાલુકાઓને ક્લસ્ટરમાં વેચી દેવામાં આવ્યા છે. આ બધા વિકાસના કામો છે તેના થકી જે જરૂરિયાતના કામો છે તે કરવામાં આવશે. ૨૦૧૩–૧૪ના વર્ષની અંદર આ કાર્યક્રમ શરૂ થયો ત્યારે પહેલા જ વર્ષે ૪૦૨ કરોડ, ૨૦૧૪–૧૫માં ૪૪૨ કરોડ અને ૨૦૧૬–૧૭ની અંદર ૪૪૪ કરોડની જોગવાઇ આના માટે સૂચવવામાં આવી છે. આજે અહીં રાષ્ટ્રીય તહેવારોની બહુ ટીકા થાય છે. જયારે રાષ્ટ્રીય તહેવારોમાં ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ હોય કે પછી ૧લી મેનો કાર્યક્રમનો ઉજવાતો હોય ત્યારે જિલ્લાઓને વિકાસની ગ્રાન્ટો આપવામાં આવે છે. મહાનગરપાલિકાને, નગરપાલિકાને, તાલુકામાં પ્રોગ્રામ થાય તેને આ ગ્રાન્ટ આપવામાં આવે છે. હવે તો તાલુકાના કાર્યક્રમો કોઇ ગામડાંમાં થાય ત્યારે ગામડાંના વિકાસ માટેની ખાસ ગ્રાન્ટ આપવામાં આવે છે. એટલે ફકત ઉત્સવો ઉજવવામાં આવતા નથી. તેની સાથે સાથે વિકાસની ગ્રાન્ટો પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આયોજન મંડળ દ્વારા જે કામગીરી થઇ છે તેની શરૂઆત ૧૯૮૦થી થઇ. પરંતુ આજે જે પ્રકારે કામો થયા છે તેમાં જોઇએ તો શાળાના ઓરડા કેટલા બન્યા? અત્યાર સુધી જયારથી શરૂઆત થઇ ત્યારથી ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં ૩૧૫૮૯ જેટલા શાળાના ઓરડા બન્યા છે. વર્ગોની મરામત ૫૨૫૧ થઇ છે. આદિવાસી વિસ્તારમાંથી આવે છે અને પાણીની વાત કરે છે તો ત્યાં

૯૦૩૧૬ કામો પાણી પુરવઠાના મંજૂર કરવામાં આવ્યા છે. તેવી જ રીતે નાના નાના ગામડાંના જે પ્રવેશ માર્ગો છે ૯૮૪૩૦ મંજૂર કરવામાં આવ્યા છે. આમ કુલ ૨ લાખ ૫૩ હજાર ૧૬૩ કામો મંજૂર થયા છે. વિકાસશીલ તાલુકાની વાત કરીએ તો હું ધાનપુર અને ગરબાડા તાલુકાની અંદર જે ગ્રાન્ટ આપવામાં આવતી તેની અંદર એક અધિકારી તરીકે જોવા જતો હતો. બહેનશ્રી પોતે સંમત થશે કે આ રાજય સરકારે પછાતમાં પછાત વિસ્તારોમાં ગ્રાન્ટનું આયોજન કર્યુ છે તેના કારણે ન્યુનતમ જરૂરિયાતના કામો ત્યાં આગળ પૂરા થવા આવ્યા છે. આજે ડિમાન્ડ નંબર ૩૩ છે તેને હું સમર્થન આપું છું અને રાજય સરકારને જેટલા અભિનંદન આપું તેટલા ઓછા છે. ગતિશીલતાની વાતો થાય છે પણ ગતિશીલતા એ છે કે ચોકકસ કાર્યક્રમો નકકી કરવામાં આવે, તેની સમય મર્યાદા નકકી કરવામાં આવે ત્યારે સો ટકાથી વધારે કામો કરવામાં આવે તેનું નામ ગતિશીલતા છે. એ ગતિશીલતાનો એક ફેઝ નહીં, બીજો ફેઝ નહીં પણ ત્રીજો ફેઝ પણ ચાલુ થઇ ગયો છે. તેના કારણે વહીવટી તંત્ર ગતિશીલ બન્યું છે. તેના સારા પરિણામો આપણે બધા ભોગવી રહ્યા છીએ. રાજય સરકારનો વીસ મુદ્દાનો કાર્યક્રમ હોય, વિકેન્દ્રિત જિલ્લા આયોજનની ગ્રાન્ટ આ તમામ માટે હું અભિનંદન આપું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નંબર ૩૦, ૩૧ અને ૩૩ હેઠળની જે બાબતો છે તેમાં મારા વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણની કલમ–૧૬૭માં મંત્રી પરિષદે અને મુખ્યમંત્રીશ્રીએ રાજયપાલને માહિતી પૂરી પાડવા માટેની ફરજો નકકી કરેલ છે. આ ફરજિયાત હોવા છતાં આ રાજયના મુખ્યમંત્રી અને મંત્રી પરિષદે પણ એમ.બી. શાહ કમિશનનો જે રિપોર્ટ છે તે મંત્રી પરિષદ પાસે આવ્યા પછી રાજયપાલશ્રીને આજ સુધી પહોંચાડયો નથી. ૨૦૧૩ના બજેટસત્રમાં મેં આ બાબતની માગણી કરી હતી ત્યારે તે વખતના મહેસૂલ મંત્રી આનંદીબેને જણાવ્યું હતું કે આ શાહ કમિશનનો અહેવાલ રાજયપાલશ્રી પાસે પેન્ડીંગ છે. તમે ત્યાં તપાસ કરી લો. આ પ્રશ્ને સામાન્ય વહીવટ વિભાગે એક માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી આપી છે કે તા.૩૧–૭–૨૦૧૩ના એમ.બી.શાહ. કમિશન ઓફ ઇન્કવાયરીનો પ્રથમ વચગાળાનો અહેવાલ તા.૨૮–૯–૨૦૧૨ના રોજ કમિશન દ્વારા સોંપવામાં આવ્યો હતો અને રાજય સરકારના મંત્રી મંડળ સમક્ષ ૩–૧૦–૨૦૧૨ના રોજ રજૂ કરવામાં આવેલ, અત્યારે એ રિપોર્ટ જી.એ.ડી. પાસે છે. અમે જ્યારે રાજયપાલશ્રી પાસે એની માહિતી અધિકાર ધારા હેઠળ માગણી કરી ત્યારે ૩૦ જુલાઇ ૨૦૧૩ના રોજ આપેલ માહિતી મુજબ "એમ.બી.શાહ, કમિશન ઓફ ઇન્કવાયરીનો પ્રથમ વચગાળાનો અહેવાલ અત્રેની કચેરીએ મળેલ નથી." આવો જ બીજો ૧૩–૧૧–૨૦૧૪ના રોજ અને ૧૮–૧૨–૨૦૧૪ના રોજ રાજયપાલ ભવનમાંથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જવાબ મળેલ છે. સર, એનો અર્થ એ થાય કે, મંત્રી પરિષદ પોતાની જે ફરજો બંધારણ હેઠળ એણે બજાવવાની ફરજિયાત છે એ ફરજો આ મંત્રી પરિષદ બજાવતી નથી અને જે અહેવાલ રાજયપાલશ્રી સમક્ષ રજૂ કરવો જોઇએ એ રજૂ કરતા નથી. એટલા માટે આ મંત્રી પરિષદના ખર્ચને બહાલી આપવાની બાબતનો હું વિરોધ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ એક અહેવાલની વાત નથી, ગોધરા કાંડ તપાસ પંચનો અહેવાલ, રેલવે અકસ્માત પર થયેલા હુમલા અંગેનો અહેવાલ, તાપી નદી ઉપર આવેલા પૂર હોનારતનો અહેવાલ, પાવાગઢ મંદિરમાં ભીડમાં થયેલ ધક્કામૂકી બાબતનો અહેવાલ, આશારામ આશ્રમ ખાતે બે બાળકોના મૃત્યુ બાબતનો અહેવાલ, અમદાવાદ ખાતે ઝેરી પ્રવાહી પીણાની ઘટના બાબતનો અહેવાલ, રાજય સરકારની કામગીરી સામે મહામહિમ રાષ્ટ્રપતિ સમક્ષ કરવામાં આવેલ આક્ષેપ બાબતનો અહેવાલ, મહિલાની જાસૂસી પ્રકરણનો અહેવાલ વગેરેના કમિશન ઓફ ઇન્કવાયરી એકટ હેઠળ જે રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવા જોઇએ એ આજ સુધી આ તમામ તપાસ પંચોના રિપોર્ટો વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યા નથી અને એના એકશન ટેકન રિપોર્ટ ૬ મહિનામાં રજૂ કરવા જોઇએ એ પણ કામગીરી થઇ નથી. એટલે મારી વાત બહુ સ્પષ્ટ છે કે, ધારાકીય રીતે, બંધારણીય રીતે જે ફરજો મંત્રી પરિષદે બજાવવી જોઇએ એ ફરજો આ મંત્રી પરિષદ બજાવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બંદર ખાતાની બાબતમાં પણ મારે કહેવું છે કે, ૧૯૯૫માં બંદર નીતિ રાજય સરકારે નક્કી કરી અને એ બંદર નીતિ મુજબ રાજયના ચાર જેટલા બંદરો છે એને સંયુકત ક્ષેત્રે વિક્સાવવાના અને બાકીના બંદરોને પ્રાઇવેટ ક્ષેત્રે વિક્સાવવા માટે નક્કી કરવામાં આવ્યું. ચાર બંદરો જે સંયુકત ક્ષેત્રે વિકાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું એમાં રોજી, પોશીત્રા, દહેજ અને મુન્દ્રા આ બંદરોનો સંયુકત ક્ષેત્રે વિકાસ કરવો, એટલે મેરિટાઇમ બોર્ડ અને જે તે પ્રાઇવેટ કંપની બંને સંયુકત ક્ષેત્રે આ બંદરોનો વિકાસ કરે. પણ મુન્દ્રા બંદર બાબતે એવું તે શું બન્યું કે, સંયુકત ક્ષેત્રમાં આ બંદરનો વિકાસ કરવાની વાત હતી એને બદલે માત્ર અદાણી પોર્ટને આ બંદર આપી દેવામાં આવ્યું એટલું જ નહીં પણ આ બંદરની જેટી એને ખાનગી ક્ષેત્રે વિક્સાવવા માટેની મંજૂરી આપવામાં આવી. અત્યાર સુધીની પોલીસી એવી છે કે કેપ્ટીવ જેટીની મંજૂરી બને ત્યાં સુધી ખાનગી ક્ષેત્રને આપવી નહીં. પણ અહીંયા તમામ નીતિ નિયમો નેવે મૂકી અને અદાણી પોર્ટ ટ્રસ્ટને ખાનગી જેટી બનાવવાની પણ મંજૂરી આપવામાં આવી. એટલું જ નહીં આ સંયુકત ક્ષેત્રનું બંદર માત્ર અદાણી પોર્ટને સુવાંગ આપી દેવામાં આવ્યું. ૨૦૦ કરોડ રૂપિયા ચાર્જ વસુલ લઇ અને હજારો કરોડ રૂપિયાનું આ બંદર આજે અદાણી કંપનીને આપી દેવામાં આવ્યું છે. એટલે કહેવાની વાત એ છે કે, રાજયના જે નીતિ નિયમો છે એ નીતિ

નિયમો કોઇ વ્યક્તિને એના હિતને લક્ષમાં રાખીને ઘોળીને પી જવામાં આવે છે અને આ રાજયમાં આવા માતબર લોકોને મોટા પ્રમાણમાં ફાયદો થાય એવી કાર્યવાહી આ સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. મારે બીજું પણ કહેવું છે કે, અમારા જામનગર જિલ્લાના જે બંદરો છે, જોડિયા બંદર છે, બેડી બંદર છે, સલાયા બંદર છે આ બધાય બંદરો તેના વિકાસ માટે સરકાર દ્વારા હજુ કોઇ કાર્યવાહી કરી નથી. તેની લોડીંગ અનલોડીંગ સીસ્ટમ, ત્યાં કોમ્પ્યુટરાઇઝેશન સીસ્ટમ, જેટીના આધુનિકરણની બાબતો આ બધીય બાબતોમાં આ બંદરો હજુ એકદમ પાછળ છે તેનો વિકાસ પણ થયો નથી એવા સંજોગોમાં હું માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખુ કે આ બંદરોના વિકાસ માટે ઝડપથી કાર્યવાહી કરે. અમારે ત્યાં જોડિયા, સલાયા, સિક્કા આ બંદરો માછીમારીના વિકાસ માટે બહુ ઉપયોગી છે. જો આ બંદરોને મત્સ્ય બંદરો તરીકે વિકાસ કરવામાં આવે તો પણ અમારા વિસ્તારના માછીમારોને બહુ મોટો ફાયદો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ અમારા જામનગર તાલુકાના સચાણા ખાતે શીપ બ્રેકીંગ યાર્ડનો મોટો ધંધો ચાલુ છે. ઘણાં સમયથી આ શીપ બ્રેકીંગનું કામકાજ બંધ છે. જમીન મેરી ટાઇમ બોર્ડ અને નેવીના સંયુકત માપણીના કારણે..

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સમયથી અમારી માગણી છે કે ૧૯૮૨માં શરૂ થયેલુ આ સચાણા શીપ બ્રેકીંગ યાર્ડ જો ચાલુ કરવામાં આવે તો હજારો લોકોને રોજગારી મળી શકે. સાથોસાથ નવા ઉદ્યોગ ધંધા પણ વિકસી શકે અને અમારા દરિયાકાંઠાના પછાત વિસ્તારનો વિકાસ થાય. પરંતુ કમનસીબે આજસુધી તેના વિકાસ માટે ધ્યાન આપવામાં આવતું નથી. મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, સચાણા શીપ બ્રેકીંગ યાર્ડના વિકાસ માટે ઝડપથી કાર્યવાહી કરવામાં આવે, તે ઝડપથી કામ કરતું થાય અને તેના જે કાનુની પ્રશ્નો ઉભા થયા છે તેનો ઝડપથી ઉકેલ આવે તેના માટે મેરી ટાઇમ બોર્ડ અને વન અને પર્યાવરણ ખાતુ તાત્કાલિક કામગીરી કરે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી,આ સચાણા બંદરને વિકસાવવાની ખૂબ જ જરૂરિયાત છે ત્યારે એક તો ત્યાં માછીમારીનો ધંધો ડેવલપ થઇ શકે તેમ છે સાથોસાથ શીપ બ્રેકીંગ યાર્ડનો પણ વિકાસ થઇ શકે તેમ છે. આમ માછીમારી અને શીપ બ્રેકીંગ બન્ને હેતુ માટે આ સચાણા બંદર ખૂબ જ ઉપયોગી છે ત્યારે તેના વિકાસ માટે આ સરકાર ઝડપથી કાર્યવાહી કરે એવી મારી માગણી છે.

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની કુલ રૂપિયા ૧૨૫ કરોડ ૫૯ લાખ અને ૮૩ હજારની માગણી નંબર ૫૪ના સમર્થનમાં હું મારો વિષય આદરણીય ગૃહ સમક્ષ મૂકવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, આદરણીય મુખ્યમંત્રીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત એવું આ ગુજરાત રાજયનું માહિતી ખાતુ સકારત્મકતાના અભિગમ સાથે સરકારની કલ્યાણ યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની સશકત કામગીરી કરે છે. આ ખાતાના કર્મયોગીઓને હું હૃદયપૂર્વક બિરદાવું છું અને પ્રજાહિતને હાર્દમાં રાખીને આ ખાતા દ્વારા થઇ રહેલી અવિરત અને અથાગ કામગીરી માટે હું આ વિભાગના અધિકારીઓને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ધારાસભ્ય તરીકેના, મંત્રી તરીકેના તેમજ જાહેરજીવનના કર્યકાળ દરમિયાન મેં સતત આ ખાતાની કામગીરીનું અવલોકન કર્યુ છે અને તેના આધારે કહી શકું કે આ એક સદૈવ જાગૃત અને ધબકતું ખાતુ છે. ભારતીય જનતા પાર્ટીની રાજય સરકાર તેની શરૂઆતના અનેકવિધ પ્રજાહિતના સાધક કાર્યક્રમો ઘડવા અને તેના સાર્થક અમલીકરણમાં દેશભરમાં અગ્રેસર રહી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમના મુખ્યમંત્રીશ્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાતને કાર્યઉર્જાની ચેતનાથી ધબકતું એટલે કે વાયબ્રન્ટ કર્યુ અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય શ્રીમતી આનંદીબહેન પટેલે તેની ગતિશીલતાને નવો વેગ અને આયામો આપ્યા છે. સતત ચોવીસે કલાક અને વર્ષના ત્રણસો પાંસઠ દિવસ આ સરકાર લોકકલ્યાણની અતિ નક્કર કામગીરી, ખૂબ જ ગતિશીલતા સાથે કરતી રહી છે. સરકારની આ ગતિશીલતા સાથે તાલ મિલાવવાની કવાયત કપરી છે, તેમ છતાં માહિતી ખાતાએ આ પડકારને સફળતાપૂર્વક ઝીલી લીધો છે.

ભારતીય જનતા પક્ષની રાજય સરકારે પ્રજાના સર્વાંગી ઉત્કર્ષ, કલ્યાણ અને વિકાસ માટે દેશમાં મોડેલરૂપ કામગીરી કરી છે. લોક કલ્યાણના સત્વશીલ સત્યને રાજય અને દેશની જનતા સુધી પહોંચાડવા માટે આ ખાતાએ અથાગ પરિશ્રમ વેઠીને કામ કર્યું છે. કમ્પ્યુટર ટેકનોલોજી અને સોશ્યલ મીડીયાનો માહિતી ખાતાએ ખૂબ સરસ વિનિયોગ સાધીને ફેસબુક, ટ્વીટર, વેબસાઇટ દ્વારા કલ્યાણકારી યોજનાઓ જનતા સુધી ઘેરઘેર પહોંચાડવા માટે થઇને અદ્ ભૂત કામગીરી કરી માહિતી ખાતાના ફેસબુક પેજને લાખોની સંખ્યામાં લાઇક પણ મળી છે. આ રેકર્ડ ઉપર છે. માહિતી ખાતુ સરકારનો પ્રચાર નથી કરતું, પરંતુ લોકો માટે કામ કરતી સરકારની દાખલારૂપ સિદ્ધિઓથી લોકોને

માહિતગાર કરવાના જનશિક્ષણનું અતિ જરૂરી કામ કરે છે. આ ખાતુ સરકારનું વાજિંત્ર નથી, શાસનનો સ્વર છે, જનતાની આશા અને અપેક્ષાઓને સુપેરે પરિપૂર્ણ કરતી સરકારના સંદેશવાહકની ભૂમિકા આ ખાતુ અદા કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જનજનની આરોગ્ય રક્ષા માટે માં અમૃતમ, અને માં વાત્સલ્ય કાર્ડસની યોજના, મહિલાઓમાં કેન્સરની ચકાસણી, નિદાન અને સારવાર, સરકારી દવાખાનાઓમાં બી.પી., ડાયાબિટીસ જેવા રોગોનું નિદાન, સારવાર અને મફત દવાઓની ઉપલબ્ધી સમાજના તમામ વર્ગના લોકો માટે થઇને યોજનાઓ અમલમાં મૂકી છે. તેમજ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકની શારીરિક તપાસ, રોગનિદાન અને સારવાર, બાળ અને મહિલા કુપોષણ નિવારણ, મહિલા સશક્તિકરણ, બિન અનામત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું ભણતર આર્થિક ભારણ વગરનું બનાવતી મુખ્ય મંત્રી સ્વાલંબન યોજના, બિન સંગઠીત શ્રમજીવી કામદારી માટે યુ-વીન કાર્ડસની યોજના, આદિજાતિ અને અનુસૂચિત જાતિ કલ્યાણના આયોજનો, કૃષિ અને બાગાયત વિકાસ, પશુપાલન અને ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન, ઈત્યાદીના આશયો ધરાવતી અનેકવિધ જન કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાની જાણકારી લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં અને લાભાર્થીઓની પ્રોત્સાહક અને પ્રેરણાપથ સાફાલ્યગાથાઓ ઉજાગર કરવામાં આ ખાતુ ચાવીરૂપ ભૂમિકા અદા કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી કે માનવસર્જિત આફતોના પ્રસંગે બચાવ અને રાહતની શ્રેષ્ઠ કામગીરીને ઉજાગર કરવા માટે પણ આ ખાતુ પ્રશાસન સાથે ખભે ખભા મીલાવીને કામ કરે છે. રક્તદાન, દેહદાન, બેટી બચાવો- બેટી પઢાવો અભિયાન, શાળા પ્રવેશોત્સવ, ખેલ મહાકુંભ જેવા સામાજિક વિકાસ અને સમાજ ઘડતરના તમામ અભિયાનોને લોકો સુધી પહોંચાડવામાં અને જનજાગૃત્તિ કેળવવામાં પણ આ ખાતાનું સંવર્ધક યોગદાન છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકહિતને વરેલી છે અને લોકહિતના આયોજનોને લોકો સુધી પહોંચાડવાની સફળ કામગીરી સુઆયોજિત અને સુસંકલિત ટીમ વર્ક સાથે કરવા માટે હું આદરણીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિષયમાં પૂરી ત્રણ લાઇનમાં કહેવું હોય તો મારે કહેવું છે કેઃ

ગતિશીલ ગુજરાતની વાતો ગામે ગામ પહોંચી,
મહિલાઓની સમૃદ્ધિ આજે ઘર ઘર કેવી પહોંચી,
ગુજરાત દેશની આગેવાની કરતું દિવસ રાત,
આજ દિશાઓ ગાઇ રહી છે જય જય ગરવી ગુજરાત.

શ્રી અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ ખાતુ પ્રજાને જે વિવિધ કલ્યાણકારી યોજનાઓ, જુદી જુદી માહિતીઓ, જુદી જુદી નીતિઓ હોય એ પ્રજા સુધી પહોંચાડવાનું કામ આ વિભાગ કરે છે અને એનો ફીડબેક પણ મળશે કે કેટલો સુધારો થયો, પણ આપણે છેલ્લા ઘણા સમયથી જોઇએ છીએ કે, આ માહિતી મોકલવામાં આવે છે ખરી? આજે તો દરેક મેગેઝીન પકડો કે સરકારની કોઇપણ જાહેરાતો જુઓ, તો એમાં સરકારના વખાણ સિવાય આપણને કંઇ જોવા મળતું નથી. રોજગાર સમાચાર આવતું હતું એ દરેક ધારાસભ્યશ્રીઓને મોકલવામાં આવતું હતું, પણ છેલ્લા ઘણા સમયથી રોજગાર બંધ થઇ ગયા અને કોઇ ધારાસભ્યશ્રીને આ રોજગાર સમાચાર મોકલવામાં આવતું નથી. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ રોજગાર સમાચાર મોકલવામાં આવે જેથી ધારાસભ્યશ્રીઓને ગામડાંમાં ખબર પડે કે કેટલા રોજગારો ઉપલબ્ધ થવાના છે. અત્યારે પરિસ્થિતિ એ છે કે, ગામડાંમાંથી નીકળીએ ત્યારથી હોર્ડીંગ્સ જોવા મળે તો આ સચિવાલયમાં આવીએ અને ગાંધીનગરમાં પેસીએ, ત્રીસ સેકટરના સર્કલે દાખલ થઇએ એટલે જેટલા સર્કલો હોય એટલી જગ્યાએ હોર્ડીંગ્સ, સર્કલમાં આમ જોઇએ તો પણ અને પેલી બાજુ જોઇએ તો પણ ચારેય બાજુ હોર્ડીંગ્સ હોય છે. એનું માપ હોઇ શકે. બધા જ પૈસા માર્કેટીંગમાં વાપરો એ બરાબર ન કહેવાય. કોઇ ઉદ્યોગપતિ હોય તો એના બજેટના પાંચ થી દસ ટકા જ માર્કેટીંગ પાછળ ખર્ચે જયારે અહીંયા તો સરકાર ૯૦ ટકા પૈસા માર્કેટીંગ પાછળ વાપરે છે એનાથી પ્રજાને કશું મળવાનું નથી. તમે જો કામો કરતાં હોય તો માર્કેટીંગ કરવાની જરૂર રહે જ નહિ. તમે કામ કરતાં નથી એટલા માટે માર્કેટીંગ કરવાની જરૂર પડે છે. તમારા કાર્યકરો ગામડાંમાં છે એણે કહ્યું કે આપણે લોકોનો જનાધર ગુમાવી દીધો છે એટલે તમે કામ કરો.

પત્રકારો એ ચોથી જાગીર કહેવામાં આવે છે. એ આપણી ટીકા ટિપ્પણ કરે એનાથી વહીવટ સુધરતો હોય છે. •(×××)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય જોષીયારાજી, આ વિધાનસભાના અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્રમાં આવે છે એટલે એની ટીકા ન કરી શકાય. એટલે એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રી અનિલભાઇ જોષીયારા : આજે તમે *(×××)

અધ્યક્ષશ્રી : લોકસભા અને વિધાનસભાના બંનેના પોતાના નિયમો અને પ્રણાલિકાઓ અલગ અલગ છે. એટલે એની ટીકા અથવા તો ચર્ચા ન કરી શકો.

શ્રી અનિલભાઇ જોષીયારા : *(×××)

અધ્યક્ષશ્રી : માનનીય જોષીયારાજી, આ વિધાનસભાના અધ્યક્ષના કાર્યક્ષેત્રનો નિર્ણય છે. એની તમે અહીંયા ચર્ચા ન કરી શકો એટલે આ બધા શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રી અનિલભાઇ જોષીયારા : આ મારી લાગણીની બાબત હતી. મારે બીજી વાત એ કહેવી છે કે એમને એક્રેડીટેશન કાર્ડ ફ્રી મળવા જોઇએ. એમના પરિવારને પણ ફ્રી આરોગ્યની સેવાઓ મળવી જોઇએ. ખાસ કરીને પહેલા પત્રકારોને સોમવારથી ગુરુવાર સુધી રોજ આવવા માટે વ્હીકલની સેવા આપવામાં આવતી હતી એ આજે બંધ કરી દેવામાં આવી છે. ફકત બુધવારે એક જ દિવસે એમને વ્હીકલની સેવા મળે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ ચોથી જાગીરને હક્ક અને સુવિધાઓ મળવી જોઇએ. એમના માટે અત્યારે વીમા યોજના ફકત ૫૦ હજાર રૂપિયાની જ છે. આ મોંઘવારીના જમાનામાં ૫૦ હજાર રૂપિયા ઘણા જ ઓછા કહેવાય તો એમાં પણ વધારો કરવામાં આવે તો એમને ફાયદો થઇ શકે.

આ સાથે મારે બીજી પણ એક વાત કરવી છે કે સામાન્ય વહીવટ વિભાગ એ રાજયનું કેન્દ્ર બિંદુ અને હૃદય કહેવાય છે. એની પાસેથી ઘણી બધી અપેક્ષાઓ હોય છે. એમાં હોંશિયાર અધિકારીઓ આઇ.એ.એસ. હોય છે અને એ સારુ કામ પણ કરતા હોય છે. પરંતુ વિચારસરણી સાથે એડજેસ્ટ થવું પડે છે જો થાય તો એને રાખે છે અને ન થાય તો એનો ઉપયોગ થતો નથી એને લીધે વહીવટમાં મુશ્કેલી પડતી હોય છે. સરકારે ૬૬ હજાર જગ્યાઓ ભરવાની વાત કરી છે. મારે મંત્રીશ્રીને સભાગૃહમાં કહેવું છે કે છેલ્લા પંદર વર્ષથી ભરતી નહોતી કરી એના લીધે ગુજરાતમાં દરેક જગ્યાએ ૬૦ ટકા અધિકારીઓ, કર્મચારીઓની જગ્યાઓ ખાલી થઇ ગઇ છે એટલે ફરજિયાત સરકારે ભરવા પડે એમ છે. આ જે જગ્યાઓ તમે ભરવાની વાત કરો છો એ કાયમી ભરશો કે ફિકસ પગારથી ભરશો કે કોન્ટ્રેકટ પદ્ધતિથી ભરવાના છો. આ કોન્ટ્રાકટ પદ્ધતિ જયારથી આવી છે ત્યારથી તમારે જરૂર પડે ત્યારે એને લો છો અને જરૂર ન હોય ત્યારે એને કાઢી મૂકો છો એટલે એની જિંદગી બગડી જાય છે. સરકારનો જૂનો ૨૨-૪-૮૭નો નિયમ છે કે ૪૫ દિવસથી વધુ નોકરી હોય તો એને કાયમી કરવો જોઇએ. બીજું એમાં અનામતનું ધોરણ જાળવતા નથી. અત્યારે જે કર્મચારીઓ કામ કરે છે એને તમે કાયમી કરતાં નથી એટલે જે નોકરી કરે છે એમને ઘણી મુશ્કેલી પડે છે અને એ લોકો ઘરબાર વગરના થઇ જાય છે. તેનો પરિવાર રઝળી પડે છે. આ કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં છેલ્લા પાંચ વર્ષથી જે સરકારને પૈસા ચૂકવવા પડે છે એ ૧૨૦૦ કરોડ જેટલા ચૂકવવા પડે છે. મારું એમ કહેવાનું છે કે આ પૈસા જો ખરેખર પેલા માણસોને મળ્યા હોત તો તેમના પરિવારનું ભલું થયું હોત. આ ૧૨૦૦ કરોડ કોને? જે કોન્ટ્રાક્ટરો છે, જે સરકારના માનીતાઓ છે એ લોકોને આ પૈસા ચૂકવવામાં આવે છે. એ લોકો છે તે આ કર્મચારીઓને પૂરા પૈસા આપતા નથી. તેમના પૈસા કાપી લેવામાં આવે છે અને અમુક રકમ જ કર્મચારીઓને મળે છે. ત્યારે આ કર્મચારીઓનું શોષણ થાય છે એટલા માટે મારી મંત્રીશ્રીને પણ વિનંતી છે કે આવું ન કરો. તમે ડાયરેક્ટ ભરો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું કહેવું છે કે તા. ૧-૪-૨૦૧૦થી તમે વર્ગ-૪ના કર્મચારીઓ ભરવાની પ્રક્રિયા હતી તે બંધ કરી દીધી છે. શાના માટે? સરકારી નોકરી કરવાનો અધિકાર શું માત્ર વર્ગ-૧,૨ અને ૩ના માણસોને જ છે? મારે આ ગૃહમાં જાણ કરવી છે કે વર્ગ-૪ના કર્મચારીઓને સરકારી નોકરી કરવાનો અધિકાર છે કે નહીં? એ પહેલાં નક્કી કરો. એ ગરીબ માણસો છે. ગરીબ માણસોને કયાં જવાનું? માનનીય મંત્રીશ્રી, મેં આપને પણ રજૂઆત કરી છે. આપ સાહેબ આના માટે કોઇક નિર્ણય કરો અને વર્ગ-૪ના માણસોને કાયમી નોકરી મળે એવું કરો. નહીં તો આના લીધે ગરીબ માણસોને ખૂબ મોટું નુકસાન થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મતદારોની નોંધણી. મતદારોની નોંધણી કરવામાં પૈસા ઘણાં ખર્ચાય પણ નોંધણી કરવામાં ન આવે, ગામડાંમાં તો કાયમ મુશ્કેલી પડે પણ હવે શહેરોમાં પણ મુશ્કેલી પડવા માંડી છે. •(×××) એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આની ચકાસણી કરો. ગામડાંમાં તો કદાચ અમારી ભૂલ હોય એમ સમજીએ પણ *(×××) તો આવું ન થવું જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર અને રેકર્ડમાં સાચી વાત રહે એટલા માટે. માનનીય અધ્યક્ષશ્રી, કોરપોરેશનની ચૂંટણીઓમાં વોર્ડ રચના વગેરે કામગીરી ચૂંટણીપંચના માર્ગદર્શન નીચે કલેકટર

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

દ્વારા થાય છે અને જોષીયારાજીએ જે કહ્યું એ વિષય નામદાર હાઇકોર્ટમાં પણ આવ્યો હતો અને ગુજરાત હાઇકોર્ટે આ વિષયમાં સરકારે કરેલી એટલે કલેકટરે કરેલી અને ચૂંટણીપંચે કરેલી કાર્યવાહીને યોગ્ય ઠેરવી છે એટલે તેમની આ રજૂઆત યોગ્ય નથી. એ રકર્ડ ઉપર ન રહે. રેકર્ડ ઉપર જે મેં કહ્યું એ હાઇકોર્ટ સહિતનું ચકાસી લેવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : રેકર્ડ જોઇને તેને દૂર કરીશું. જોષીયારાજી, આ ગૃહમાં ભૂતકાળમાં પણ ચૂંટણીપંચની બાબતની જયારે ચર્ચા ઉભી થઇ ત્યારે પૂર્વ અધ્યક્ષોના પણ નિર્ણયો છે કે આ બંધારણીય સ્વાયત્ત સંસ્થાઓ છે તેની ટીકા આપણે અહીં કરી શકતા નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વાત તો કરી શકાય છે. તેની માટેની માગણી..

અધ્યક્ષશ્રી : તેના માટે અલગ રુલીંગ છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : મારે નવા સીમાંકનની વાત કરવી છે. અત્યાર સુધીનો શિરસ્તો રહ્યો છે કે કોઇ પણ વિસ્તારનું નવું સીમાંકન કરવાનું હોય, તાલુકા પંચાયતનું, જિલ્લા પંચાયતનું. દરેક પાર્ટીના માણસોને મામલતદારશ્રી બોલાવતા અને સીમાંકનની વ્યવસ્થા કરતા. આ પહેલી વખત એવું બન્યું કે નવું સીમાંકન કરવાનું થયું તો પહેલાં અધિકારીઓએ સીમાંકન કરી દીધું. તેનો રિપોર્ટ સરકારને મોકલી દીધો. *(×××) મારી વિનંતી છે કે આના લીધે એટલું બધું નુકસાન થયું, એક એક જે બુથ હતા તેના ભાગલા પડી ગયા. ફળિયાના ભાગલા પડી ગયા. *(×××) જેથી સમાજને અને પ્રજાને ખૂબ મોટું નુકસાન થતું હોય છે. મારી વિનંતી છે કે જૂની પદ્ધતિ છે.

અધ્યક્ષશ્રી : જોષીયારાજી, આપનો સમય પૂરો થાય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી-૩૦ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું. લોકોથી રચાયેલી સરકારનું લોકો માટેનું અને લોકવિકાસ માટેનું આ અંદાજપત્ર છે. ભારતીય જનતા પાર્ટીનો ઉદ્દેશ રહ્યો છે ન્યાય સાથેનો વિકાસ, સમાનતા સાથે વૃદ્ધિ અને સંવેદનશીલતા સાથે ટેક્નોલોજી. હું માગણી ક્રમાંક-૩૦ ઉપર વાત કરું. આ સદનમાં રૂ.૪,૬૪,૫૦,૦૦૦/- ની માગણી લઇને મંત્રીશ્રી આવ્યા છે એમાં ખાસ વિશેષ ચર્ચા કરવાનો અવકાશ એટલા માટે રહેતો નથી. કારણ કે મંત્રીશ્રીઓ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના પગાર, સરભરા અને પ્રવાસ ખર્ચ છે. એટલે મારી વિરોધપક્ષને વિનંતી છે કે, એને સર્વાનુમતે પસાર કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વર્ષોથી અહીં બેઠા છીએ ત્યારે ઘણા બધા સભ્યોને સાંભળીએ છીએ. ઘણા બધા સભ્યોએ એવું પણ કહ્યું છે કે આ બજેટની અંદર આ સરકારનું દેવું વધી ગયું છે, સરકાર એન્ટી ફાર્મર છે, ગરીબ વિરોધી છે. આવી કોમેન્ટ તેઓ કરે છે. મારે માનનીય તેજશ્રીબેન અને માનનીય શૈલેષભાઇનું ખાસ ધ્યાન દોરવું છે. શ્રી શૈલેષભાઇ અત્યારે હાજર નથી. Statements under Gujarat fiscal responsibility Act ૨૦૦૫માં જોયું હોય તો આ એક્ટ ૨૦૧૧માં આવ્યો અને GFR Act ૨૦૦૫ એના Section 5 માં The Revised fiscal consolidation road map of Gujarat requires to state to maintain a revenue surplus to reduce the fiscal to not more than 3 per cent of the estimated GSDP of the financial year to cap the total public debt of the State Government at 27.1 per cent of the estimated GDP and to cap the outstanding guarantee within the limit provided in the State Government Guarantees Act 1963 માં આ ચાર માપદંડો એવા છે કે જે સરકારના તમામ પેરામીટર પૂરા કરતા હોય આપ કઇ રીતે કહી શકો છો કે આ સરકારનું દેવું વધ્યું છે? Revenue deficit ની વાત કરીએ તો આ સરકારે પૂરાંતવાળું બજેટ આપ્યું છે. Fiscal deficit against GSDP આ ૩ ટકા છે. આનો ટાર્ગેટ ૩ ટકા છે. ત્યારે ગુજરાતે ૨.૨૫ ટકા ટાર્ગેટ એચીવ કર્યો છે. જે public debt against GSDP એ ૨૭ ટકા છે. એટલે કહી શકાય કે ૨૭ ટકા GSDP બહુ લોન લે છે. 18.47 per cent લોન લીધી છે. આપણને મળવાપાત્ર ૨૭.૧ ટકા છે અને ચોથી છે outstanding target એનો ટાર્ગેટ છે ૧૬ ટકા. આપણે ૫૮૫૦ લીધા છે. આ ૫૮૫૦ છે એ બહુ અગત્યના છે. એ બેસ્ટ ઇન કન્ટ્રી છે. કોઇપણ રાજ્યનું બજેટ જોઇ લો. Outstanding guarantee નો સબ્જેક્ટ છે એની અંદર ગુજરાત સૌથી નંબર વન છે. એમને એમ નથી કહેતા, દેવું એમ નથી મળતું. એના માટે સદ્ધરતા હોવી જોઇએ ત્યારે આપણને દેવું મળે છે. કોઇપણ ગાડી લેવા જઇએ ત્યારે આપણી બેલેન્સ શીટ જોવામાં આવે છે. આ બેલેન્સ શીટના આધારે લોન મળી શકે છે. આપણી બેલેન્સ શીટ એટલી પરફેક્ટ છે આપણને ૨૭.૧ ટકા મળી શકે છે એની સામે આપણે ૧૮.૪૯ ટકા જ લઇએ છીએ. એટલે અહીયાં જે કટાક્ષ કરવામાં આવે છે એ ન કરવો જોઇએ. સરકારનો રીપોર્ટ છે. હમણાં આપણા ડ્રોપ બોક્ષમાં મળ્યો છે એ જોયો હોત તો અહીંયાં બોલવાની નોબત આવી ન હોત. આ રાજ્યની સદ્ધરતા એટલી છે કે, આજના દેશના વડાપ્રધાન છે એ સમયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની તિજોરીના કાણા બંધ કર્યા, વચેટિયા નાબૂદ કર્યા, પ્રજાને સીધો લાભ આપ્યો અને સૌથી અગત્યની વાત એ છે કે પૈસા ક્યાંથી આવે છે અને ક્યાં વપરાય છે એનો હિસાબ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યો છે. કેન્દ્ર સરકાર ઉપર આપણી ડિપેન્ડન્સીનો રેટ ૧૮થી ૨૦ ટકા છે. આપણું રાજ્ય સ્વનિર્ભર

છે. We are self– dependent state. બી.જે.પી.ની સરકારે ક્યારેય ઓવર ડ્રાફ્ટ લીધો નથી. તમને ખબર છે કે તમે હતા ત્યારે અંબાજીના મંદિરમાંથી લોન લઇને પગાર થતા હતા એ દિવસો યાદ નથી? એટલે આજે આપણે best governed State of India છીએ. એટલા માટે જ growth engine of India છે. આજે જોવા જઇએ તો ગઇ કાલે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનો રિપોર્ટ વાંચી લેજો, We are the highest economic freedom in India. ગઇ કાલના ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની અંદર ન્યૂઝ છે કે ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ ઇન્વેસ્ટમેન્ટ માટે બેસ્ટ ડેસ્ટિનેશન છે. એનાથી વિશેષ જોઇએ તો આ રાજ્યના બજેટમાં લોકોની સમસ્યાઓનો ઉકેલ કર્યો છે. આની અંદર મહિલાઓના ઉત્થાનની વાત છે. સ્વાવલંબનની વાત છે અને ગુજરાતના કૃષિ વિકાસની વાત છે. આરોગ્ય, સ્વચ્છતા અને સ્વસ્થ ગુજરાતની વાત છે. ઉદ્યોગોનો વિકાસ છે અને શિક્ષણમાં પ્રાધાન્ય કર્યું છે. ડિજિટલ ઇન્ડિયાની વાત કરી છે. વનબંધુના વિકાસની વાત કરી છે. વંચિતોના સશક્તિકરણની વાત કરી છે. શહેરી વિકાસની વાત કરી છે. મહેસૂલી સુધારણાની વાત કરી છે અને બંદરોના વિકાસની પણ વાત કરી છે.

અધ્યક્ષશ્રી : દુષ્યંતભાઇ, માગણી ઉપર આવો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : મેં પહેલાં પણ કહ્યું કે મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીના પગાર અને ભથ્થાની વાત છે એટલે મારા સાથી સભ્યો સર્વાનુમતે મંજૂર કરે એવી મારી વિનંતી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી નંબર ૩૧,૩૩,૫૪ અને ૭૫ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટની વાત કરી છે. સામાન્ય વહીવટ વિભાગ એ આ ગુજરાતનું ધબકતું હૃદય છે. સરકારે વિધાનસભાની ચૂંટણીમાં એના ચૂંટણી ઢંઢેરામાં ઘણી જાહેરાતો કરેલી કે આ ગુજરાતને દેશના બીજા રાજ્યોની સરખામણીમાં આગળ લાવવાનું છે. ભરતીઓ કરીશું, જન–ભાગીદારી કરીશું અને એ.ટી.વી.ટી. દ્વારા ગુજરાતના ગામડાંને સમૃદ્ધ બનાવીશું, વિકસિત બનાવીશું. અહીંયા જે વય મર્યાદા છે એ ૨૭ના બદલે ૨૮ કે ૩૦ની કરીશું. સરકારે જે સામાન્ય વહીવટ વિભાગની વાત કરી છે એમાં ગુજરાતની પ્રજા ખૂબ ઉદ્યમી છે, શાંતિપ્રિય છે, ઉત્સવપ્રિય છે, સંવેદનશીલ અને લાગણીશીલ છે. તેના ઉત્થાન માટે ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી આજ દિવસ સુધી વણથંભી વિકાસકૂચ ચાલુ છે. ભૂતકાળમાં ઘણી બધી સરકારો આ રાજ્યમાં થઇ અને એ સરકારોએ પણ ખૂબ જ સાતત્યપૂર્ણ વિકાસ માટે પ્રયત્નો કર્યા અને ખૂબ જ જાગૃત રહીને જરૂરિયાતોને સંતોષી છે. એટલા માટે ગુજરાતની આર્થિક પ્રગતિ માટે નવા કોઇ વિષયો નથી. પડકારો અનેક છે પણ આ પડકારો ઝીલવા માટે તંત્રને પણ સદ્ધર બનાવવું જરૂરી છે. તમામને પુરુષાર્થ માટે અવસર આપવો હોય તો કામ પણ આપવું પડશે. સરકારી સેવાઓમાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે, વર્ષોથી આ જગ્યાઓ ભરવામાં આવતી નથી તે વહેલી તકે ભરવાની જોગવાઇ આ સરકારે કરવી જોઇતી હતી એ કરી નથી. હમણાં માનનીય દુષ્યંતભાઇ કહેતા હતા કે આ સરકારે એક પણ વખત ઓવર ડ્રાફ્ટ લેવો પડ્યો નથી. આ સરકારે ખાલી જગ્યાઓ ભરી નથી અને આજે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી રાજ્યમાં કરાર આધારિત જગ્યાઓ ભરવામાં આવે છે અને જે ભરતીઓ થઇ છે એ વિદ્યા સહાયકો હોય, તલાટી હોય, પોલીસ સહાયકની હોય આવી જે જગ્યાઓ છે એ ફિક્સ પગારની છે એટલે ઓવર ડ્રાફ્ટ ક્યાંથી લેવો પડે. આવી જગ્યાઓ ખરેખર સરકારે ભરી નથી અને એ જગ્યાઓ સરકારે ભરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે વાત કરીશું તો પહેલા રાજ્યની અંદર ૧૮ જિલ્લાઓ હતા. આજે ૩૩ જિલ્લાઓ આ સરકારે વહીવટ સરળ કરવા માટે કર્યા છે. સારી બાબત છે પણ એ નવા જિલ્લાઓ અને તાલુકાઓમાં આજે પણ જગ્યાઓ ખાલી છે. આજે પણ આપણે જોઇશું તો રાજ્યની અંદર ૧૪,૦૨૯ જેટલી પંચાયતો છે. આ સરકારે એને ગ્રામ સચિવાલયનું નામ આપ્યું છે, સારી બાબત છે કે ગામડાંમાં ગ્રામ સચિવાલય પણ આજે એક તલાટી ત્રણ થી ચાર ગામોનો ચાર્જ સંભાળે છે. આજે આપણે જોઇશું તો એ પંચાયતોની અંદર ખરેખર એક તલાટી ત્રણ થી ચાર ગામો સંભાળતો હોય અને બીજી બાજુ કેન્દ્ર સકારે હમણાં પંચાયતોને સીધી ગ્રાન્ટ આપવાની વાત કરી છે, જે યોજના યુ.પી.એ. સરકારે બનાવેલી અને એન.ડી.એ. સરકારે એનો અમલ કર્યો છે. તો એવા ગામડાંના વિકાસની વાત સરકાર કરતી હોય તો બીજી બાજુ ગ્રામ સચિવાલય ત્રણ દિવસ બંધ રહે છે. કારણ કે, એક તલાટી ત્રણ થી ચાર ગામોનો ચાર્જ સંભાળતો હોઇ, ચાર સેજા હોય તો આવા તલાટીઓની ભરતી પણ ગામડાંની અંદર થવી જોઇએ અને એ થશે તો જ સરકાર જે હેતુની વાત કરે છે અથવા તો જે વિકાસની વાત કરે છે એ યથાર્થ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે એ જોઇશું કે, આ સરકાર ગુડ ગવર્નન્સની વાત કરે છે. આજે નહીં જેવા કામ માટે એક વિદ્યાર્થીને નોકરીની તક લેવી હોય અને મામલતદાર ઓફિસે આવકના દાખલા માટે જાય અથવા તો કોઇ ગામડાંનો ખેડૂત રેશનના કાર્ડ માટે મામલતદાર કચેરીએ જાય તો કેટલાક દિવસો સુધી એને ધક્કા ખાવા પડે છે અને એનું કામ સમયસર થતું નથી. પેલા વિદ્યાર્થીને, યુવાનને એનો દાખલો મળતો નથી અને એને જે નોકરીની તક મળવી જોઇએ, એ ગુમાવી દે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એ પણ વાત કરીશ કે, સરકારી સેવાઓમાં રોજગારીની જે બાબત છે એમાં વય મર્યાદા વધારવાની વાત પણ આ સરકારે કરી છે. વય મર્યાદા વધારવાથી કંઇ નોકરીની તકો વધતી નથી પરંતુ નોકરીની તકો વધે એના માટે એવું સર્જન કરવું જોઇએ. મારા ખ્યાલ મુજબ હમણાં જ નેનો કંપનીને સરકારે નવ હજાર કરોડ જેટલી મદદ કરી અને અહીંયા કહેવામાં આવ્યું કે, ગુજરાતના હજારો યુવાનોને નોકરી મળશે, રોજી મળશે. રાત્રે હું જ્યારે બેઠો હતો ત્યારે મારા વિસ્તારનો નેનો કંપનીમાં નોકરી કરતો એક ભાઇનો ફોન આવ્યો કે, માનનીય ધારાસભ્યશ્રી અમને અહીંયા ધાકધમકી આપીને છૂટ્ટા કરવામાં આવે છે. આ કંપની બંધ થઇ ગઇ, આવી અનેક કંપનીઓ ગુજરાતમાં ઉદ્યોગોની બંધ થઇ છે ત્યારે ખરેખર આપણે ખૂબ ખ્યાલ રાખવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશમાં રોજગારીના સર્જન માટે પ્રથમ છે, એ માત્રથી સંતોષ માની લેવાની જરૂર નથી. રાજ્યમાં વિકાસશીલ યોજનાઓનું યોગ્ય અમલીકરણ થાય એ માટે ગુજરાત રોજગારીમાં પ્રથમ ક્રમે કાયમ રહે એ ખરેખર જરૂરી છે. સમગ્ર દેશમાં યુવા વર્ગ એ આપણા ગુજરાતની ખરેખર ધરોહર છે અને યુવાનો ખૂબ ભણ્યા છે, ખૂબ જાગૃત છે. તાજેતરમાં જ ગુજરાતમાં લાખ્ખો યુવાનો ભેગા થયા, આ યુવાનો નોકરી ઇચ્છતા હતા, નોકરી ઝંખતા હતા, ઇચ્છે છે આજે પણ એમને નોકરીની તકો મળતી નથી અને એટલા માટે એવા યુવાનોને આંદોલનના માર્ગે જવું પડે છે. એટલે સરકાર એક બાજુ ગતિશીલતાની વાત કરે, પ્રગતિની વાત કરે, વિકાસની વાત કરે, વાયબ્રન્ટ ગુજરાતની વાત કરે પણ બીજી બાજુ ગુજરાતના યુવાનોને નોકરી મળતી નથી. ત્યારે આજે ગુજરાતના યુવાનો, યુવાધન ઘણું બધું ભણે છે પણ એ દિશા વગરના બન્યા છે ત્યારે સરકારે એવા યુવાનોને, ભણેલા ગણેલા યુવાનોને યોગ્ય નોકરી આપવી જોઇએ અને કોન્ટ્રાક્ટની જે પદ્ધતિ છે ભરતી કરવાની અથવા ફિક્સ પગારની અથવા તો કરાર આધારિત, કરાર આધારિત નોકરીમાં ઘણા બધા યુવાનોનું જીવન દિશાવિહિન બની જાય છે ખરેખર એમણે કાંઇક કરવું જોઇએ. વાહન વ્યવહારની વાત કરીએ તો ગુજરાતની અંદર ૧૮૦૦૦ ગામડાં છે અને આજે ૭૦૦૦ બસો ફરે છે, પહેલા ૧૧૦૦૦ બસો ફરતી હતી. ગુજરાતના ગામડાંમાં અને કાચા રસ્તાઓમાં પણ બસ જતી હતી અને લોકોને સેવા આપતી હતી અને એસ.ટી.નો નિયમ છે કે નહીં નફો, નહીં નુકસાન એ ધોરણે ગામડાંના લોકોને ગામડેથી શહેરમાં આવવા માટે બાળકો, વિદ્યાર્થીઓને કોલેજમાં ભણવા માટે એસ.ટી.ની સેવા મળતી હતી. તે વખતે ૬૦૦૦૦ જેટલા કર્મચારીઓ હતા આજે ફક્ત ૩૦૦૦૦ કર્મચારીઓ એસ.ટી. સેવામાં થઇ ગયા છે. કહેવામાં આવે છે કે અમારી બસ સારી, સલામત સવારી પણ આજે એનાથી ઉલટું થયું છે. આજે ડ્રાઇવર કન્ડકટરની ભરતી કરવામાં આવે છે તો બહેનોને કન્ડકટરની ભરતી કરવામાં આવી છે એમાં ચાર થી પાંચ જિલ્લા કુદાવીને ધારો કે પંચમહાલ, મહીસાગરના હોય તો એમને રાજકોટ કે અમરેલી જિલ્લામાં મૂકવામાં આવે છે. બહેનોને ખરેખર એમના પોતાના જિલ્લામાં મૂકવી જોઇએ. અમે પણ સરકારમાં હતા તે વખતે વિદ્યા સહાયકની ભરતી કરી પોતાના જિલ્લા અને પોતાના તાલુકામાં, કેમકે ફીકસ પગાર મળતો હોય, એને પોસાય, એને અનુકૂળ રહે એ રીતે અમે ભરતી કરેલી તો આ સરકારે પણ આવી કન્ડકટર બહેનોની ભરતી કરી છે બીજા જિલ્લાઓમાં એને ખરેખર પોતાના જિલ્લા, તાલુકામાં એની ભરતી થવી જોઇએ જેથી એને અનુકૂળ રહે અને આ રીતે સરકારે વિચારવું જોઇએ. આજે આપણે જોઇશું તો બસની અંદર ઘણી વખત સ્પેરવ્હીલ હોતા નથી અને સ્પેરવ્હીલ ન હોય તો ઘણી વખત એસ.ટી. બસો રસ્તામાં ખોટવાય છે અને એને લીધે મુસાફરોને મુશ્કેલી પડે છે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા માગણી ક્રમાંક – ૫૪, રૂ.૧૨૫,૫૯,૮૩,૦૦૦/–ની લઇને આવ્યા છે તેમાં મારા સમર્થન સાથે મારા વિચાર રજૂ કરું છું. આ ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં છેલ્લા ૧૫ વર્ષથી દુઃખ વેઠી સેવાનું સુખ આપવાનું કામ જો આ ગુજરાતની અંદર કોઇએ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની ગતિશીલ ગુજરાતની સરકારે કર્યું છે. માહિતી અને પ્રસારણની માગણી માટે મારે કહેવાનું છે કે આજના યુગની અંદર માહિતી, પ્રચાર, પ્રસાર આવશ્યકતા બની ગઇ છે અને આજે જેમ હમણા જ વાત કરી અગાઉ અમારા જીતુભાઇએ કે પ્રચાર, પ્રસારની અંદર, વિજ્ઞાનની અંદર, ટેકનોલોજીની અંદર ખૂબ આગળ વધ્યા છીએ ત્યારે ભૂતકાળમાં માત્ર અખબાર કે રેડિયો હતા પ્રચાર, પ્રસાર માટે અને એ પહેલા જોવા જઇએ તો રણછોડભાઇને કદાચ ખ્યાલ હોય તો કે રબારી સમાજની અંદર લાકડીયો તાર અહીંયા બનેલી ઘટના કચ્છ સુધી પહોંચાડવી હોય તો રબારી સમાજ લાકડીયા તાર દ્વારા ગણતરીની મિનિટોની અંદર એ સંદેશો પહોંચતો કરી દેતો હતો પણ (અંતરાય) ગોવાભાઇ નથી એટલે ગોવાભાઇનું નામ યાદ ન કર્યું પણ મારે કહેવું જોઇએ કે આજે વિજ્ઞાનના યુગની અંદર ફેસબુક, ટવીટર, બ્લોગ, યુટયૂબ, વોટસ–એપ આ બધી જ બાબતો જે અતિ આવશ્યક બની ગઇ છે એ જીવનનો પર્યાય બની ગઇ છે. માણસ જમવાનું ઓછું પસંદ કરે ૧૦ મિનિટ ફોન બંધ પડયો હોય, કોઇનો ફોન ન આવ્યો હોય, કોઇનો મેસેજ ન આવ્યો હોય તો એ ખિસ્સામાંથી ફોન કાઢીને કદાચ બેટરી નથી જતી રહીને એમ જુએ. આ માહિતી અને પ્રચારની વાત કરીએ ત્યારે આજના યુગની અંદર માહિતી પ્રચાર વિભાગે ખૂબ અગત્યની બાબતો આ બધી જ વસ્તુઓનો ઉપયોગ કરીને.જન જન સુધી ગુજરાતની અનેકવિધ સુવિધાઓ, અનેકવિધ યોજનાઓ માત્ર ગાંધીનગરથી જે યોજના બને એ ગુજરાતના ૧૮,૦૦૦ ગામો સુધી, જિલ્લા સુધી,

વ્યક્તિ સુધી, મહોલ્લા સુધી, ઘર સુધી પહોંચાડવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગના કાર્યોથી થયું છે. ભૂતકાળમાં અનેક યોજનાઓ બનતી હતી, પરંતુ પ્રચાર–પ્રસારનો અભાવ હતો. મધ્યાહન ભોજન યોજના બની અને એનો પ્રચાર–પ્રસાર ન થયો અને છેવટે કોઇને યોજના વિષે પૂછીએ તો બાળકો, ભાઇઓ દ્વારા છેવટે એમ કહેવાતું કે આ મધ્યાહન ભોજન યોજના ધોળે દહાડે ખાવાની યોજના થઇ. કોને ખાવું, કેટલું ખાવું, કયાં ખાવું એ યોજના. આ યોજનાને સરકારે બંધ નહિ કરીને પરિવર્તન કરીને અક્ષયપાત્ર સ્વરૂપે ગુજરાતની અંદર બાળકોને પૌષ્ટિક આહાર મળે અને બાળકોને કુપોષણની બહાર લાવવાનું કામ આ યોજના થકી થયું છે.(અંતરાય) આ જીજાજીની નથી અપાયું કે મામાજીને ત્યાંથી કોઇને નથી અપાયું. આ સરકારમાં કોઇ જીજાજી નથી, મામાજી નથી, કાકાજી નથી. આ માહિતી પ્રસારની વાત કરીએ ત્યારે રાજ્યની અંદર પહેલાં યોજનાઓ લોકડાયરો, ભવાઇ, નાટકો, ચોપાનિયાના સ્વરૂપની અંદર પ્રસિદ્ધ કરવામાં આવતી હતી. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર ૧૮,૦૦૦ ગામડાંની અંદર આ પ્રચારના હેતુથી જન જન સુધી યોજના પહોંચે એ પછી માનવ ગરીબ કલ્યાણ મેળાની યોજના હોય કે કચ્છથી આદિવાસી ક્ષેત્ર સુધીની વાત કરીએ તો આદિવાસી વનબંધુની યોજના હોય, શૈક્ષણિક યોજના હોય, આરોગ્યની સુવિધાની યોજના હોય, કોઇપણ શિક્ષણની સુવિધાની યોજના હોય એ એકેએક વ્યક્તિના ઘર સુધી પહોંચાડવાનું કામ, જન જન સુધી પહોંચાડવાનું કામ આ માહિતી પ્રચારના માધ્યમથી થઇ રહ્યું છે. એનાથી અટકીને નહિ, મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતના બેરોજગાર યુવાનોને રોજગારી મળે તે હેતુથી દર મહિને ચાર વખત રોજગાર પાક્ષિક બહાર પાડવામાં આવે છે અને આ પાક્ષિકનો અભ્યાસ કરીને બેકાર યુવાનો સરકારી, અર્ધ સરકારી નોકરી મેળવવા માટેનો પ્રયત્ન કરે છે. ગુજરાતની અંદર કોન્ટ્રાક્ટર કામ કરતાં હોય તો એની વેબસાઇટ હોય છે. મને યાદ છે કે પહેલાં ભૂતકાળની અંદર ૧૯૮૬ માં એક કોન્ટ્રાક્ટરે ૧૦૦ કરોડ રૂપિયાનું ટેન્ડર લેવા માટે ગુજરાત સરકારે જે જાહેરાત આપી એ જાહેરાત માત્ર ૧૦૦ નંગ છાપામાં છપાઇ. એ જાહેરાત છપાઇ તે બધા છાપાઓ પોતે ખરીદી લીધા અને ૧૦૦ કરોડ રૂપિયાનાં કામો ૧૯૮૬ માં લીધાં. આજે એની અંદર પારદર્શિકતા લાવવાં માટેનું કામ એ ઓનલાઇન સિસ્ટમથી ટેન્ડર પ્રક્રિયાનું કામ જો કોઇએ કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની ગતિશીલ ગુજરાતની સરકારની અંદર થઇ રહ્યું છે. બેરોજગાર યુવાનોની વાત કરી તેમ ગુજરાતની અંદર ગુજરાતનો વિકાસ ગાથા રજૂ કરતું ગુજરાત પાક્ષિકની શરૂઆત થઇ. કોઇ ભલે એમ કહેતું હોય કે આ ફોટો આલબમ, પણ એ ફોટો આલબમ નથી, પણ સાચા અર્થની અંદર જીવનનો સંગ્રહ બની રહે છે. તેની અંદર ગુજરાતમાં પેદા થયેલા સાહિત્યકાર, ગુજરાતમાં પેદા થયેલા કવિ, બાળકલાકારથી માંડીને દરેકના વિશે છાપવામાં આવે છે. તેને પ્રોત્સાહિત કરવાનું કામ કોઇએ કર્યુ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. હજી તો શરૂઆત થઇ છે. મારે એટલા માટે વાત કરવાનું મન થાય, માહિતી પ્રસારની વાત કરીએ ત્યારે પરિવર્તન શ્રેણીની ૨૫ મિનિટની ફિલ્મ બનાવી દર અઠવાડિયે એક એક ઘર સુધી, એક એક વ્યક્તિ સુધી, એક એક જન સુધી ગુજરાતની માહિતી પહોંચતી થાય તેવું કામ કોઇએ કર્યુ હોય તો તે આ ગતિશીલ ગુજરાતની સરકારે કર્યુ છે. આજે આપણે આ ગૃહની અંદર ભેગા થઇએ છીએ અને અહીં જે ચર્ચા કરીએ છીએ તે પણ લોકશાહીના ધબકારાના માધ્યમથી ગુજરાતની પ્રજા જોઇ રહી છે. મારે કહેવાનું મન થાય કે ગુજરાતની અંદર રહેલા ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીને કારકીર્દિ માર્ગદર્શનની કોઇએ શરૂઆત કરી હોય તો આ ગુજરાતની અંદર આ સરકારે કરી છે. અનેક ફિલ્મો અને તેની પ્રસિદ્ધિ દ્વારા અનેક વસ્તુઓ આ ગુજરાતની અંદર થઇ છે. હમણાં કેટલાક સભ્યોએ કહ્યું કે •(×××)

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય પિયુષભાઇ દેસાઇ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે બોલ્યા તેટલા માટે..

અધ્યક્ષશ્રી :હું રેકર્ડ જોઇ લઇશ. માનનીય પિયુષભાઇ.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ (નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં.૭૫ લઇને માનનીય મંત્રીશ્રી જે બંદરો વિભાગની માગણી લઇને આવ્યા છે તેના સમર્થન માટે હું ઉભો થયો છું. કેટલાય દિવસથી અંદાજપત્રની વાતો, માગણીની વાતો અને તેની ઉપર કાપદરખાસ્તોની વાતો થતી હતી. ભૂષણભાઇએ વાત કર્યા પછી વિધાનસભાને જીવંત બનાવી છે તેમ કહું તો ખોટું નથી. પરંતુ શૂન્ય પાલનપુરીએ ખૂબ સુંદર વાત કરી '' દેખતા પણ જો ન સમજે તેજ છાયાનો અસુલ, ઉંઘતાને જગાડવો સરળ છે પરંતુ જાગતાને જગાડવો મુશ્કેલ છે, આંધળા છે તેમની સામે અરીસો છે ફઝુલ.'' ગુજરાત રાજય દેશના નવ દરિયાઇ રાજયો પૈકીનું એક મહત્વનું દરિયાઇ રાજય છે. ગુજરાત તે ભારતની પશ્ચિમે આવેલું સાનુકૂળ વ્યુહાત્મક સ્થાન તેમજ ૧૬૦૦ કિ.મી. દરિયાકિનારો ધરાવતું રાજય છે. માનનીય શક્તિસિંહ ૪૧ બંદરોની વાત કરતા હતા. હું એમ કહું કે ગુજરાતના ટોટલ ૪૯ બંદરો છે તેમાં ૪૬ બંદરો નાના અને મધ્યમ છે, ૩ મોટા બંદરો છે. આ બંદરો પૈકી કંડલા મહાબંદર છે. જેનો વહીવટ ભારત સરકાર વતી કંડલા પોર્ટ ટ્રસ્ટ હસ્તક છે. રાજયના દરિયાઇ કાંઠા પૈકીના ૪૬ નાના અને મધ્યમ બંદરો રાજય સરકાર હસ્તક છે. આજે મારે આ ગૃહમાં અમારા નેતા જનસંઘ અને ભારતીય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

જનતા પાર્ટીના સ્થાપક એવા આદરણીય સ્વ.મકરંદભાઇ દેસાઇને પણ યાદ કરવા છે. ૧૯૮૧માં આ ગૃહમાં મેરીટાઇમ બોર્ડનું બિલ પસાર કરવામાં આવ્યું. આ બિલના કોઇ સ્વપ્નદ્રષ્ટા હોય તો આદરણીય સ્વ.મકરંદભાઇ દેસાઇ હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં એમ કહેવામાં આવ્યું કે, નવા બંદરોનો વિકાસ નથી થયો. અહીંયા અમારા સિનિયર કેબિનેટ મંત્રીશ્રી મંગુભાઇ બેઠા છે એમનો જે વિસ્તાર છે એ અમારા નવસારી જિલ્લાના ધોલાઇ બંદરની વાત મારે કરવી છે. ધોલાઇ બંદરનો વિકાસ ૨૦૦૭માં તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને આજના પ્રધાન મંત્રીશ્રીએ એ બંદરનો શીલાન્યાસ કર્યો એમ કહું તો ખોટું નથી. આજે દક્ષિણ ગુજરાતના આ ધોલાઇ બંદરની આજુ બાજુના વિસ્તારમાં ૮૦૦ બોટો કામ કરી રહી છે એ બોટો મુંબઇ સુધી જાય છે. આજે ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકારને મારે અભિનંદન આપવા છે કે, એ ધોલાઇ બંદરને ડ્રેર્જીંગની પરમિશન મળી ગઇ છે અને હવે ધોલાઇ બંદરેથી ૭૦૦ થી ૮૦૦ બોટો દ્વારા મત્સ્યદ્યોગ અને વેપાર-ધંધા-ઉદ્યોગની મોટા પાયે શરૂઆત થવાની છે. એમાં કોલ્ડ સ્ટોરેજ હોય, નવી નવી રોજગારી હોય એ રોજગારી પણ આ ધોલાઇ બંદરે ઉભી થવાની છે. ઘણાં એમ વાત કરતા હતા કે, બંદરો માટે સરકારે કશું કર્યું નથી. ત્યારે મારે કહેવું છે કે, આખા દેશના બંદરો ઉપર જેટલું કાર્ગોનું વહન થાય છે એના ૨૫ ટકા કાર્ગોનું વહન માત્ર ગુજરાત કરે છે. દેશના તમામ નાના અને મધ્યમ કક્ષાના બંદરોએ થતી કાર્ગોની હેરફેર અને ટ્રાફિકની ૮૦ ટકા હેરફેર જો ક્યાંયથી થતી હોય તો એ સમગ્ર ભારતમાં ગુજરાતમાંથી થાય છે. ગુજરાતના દરિયા કાંઠાનો વિકાસ, ગુજરાતના બંદરોનો વિકાસ, ગુજરાતના દરિયા કાંઠા પર થતા નવા બંદરોનો વિકાસ એ દેશના હિતમાં છે, એ રાષ્ટ્રીય હિતમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ફકત ગુજરાતનો જ વિકાસ નથી પણ આ દેશના વિકાસનું અગ્રગણ્ય પ્રકરણ છે એમ કહું તો ખોટું નથી. ૨૦૦૧માં ફકત ૧૩૫ મિલિયન મે.ટન ટ્રાફિકનું વહન થતું હતું આજે ૨૦૧૨માં ૨૮૪ મિલિયન મે.ટનનું વહન થાય છે. એ જ રીતે ૨૦૧૫-૧૬માં લગભગ ૫૧૫ મિલિયન મે.ટન ટ્રાફિકનું જ્યારે વહન થવાનું છે અને એમાં ૪૦૦ ગણો વધારો જ્યારે થવાનો છે ત્યારે આ જેવી તેવી વાત નથી. મારે આજે કહેવું છે કે, સમગ્ર દેશમાં પહેલીવાર આપે જાહેરાત વાંચી હોય તો ખબર હશે કે કેન્દ્ર સરકારે નિર્ણય લીધો છે, માનનીય નરેન્દ્રભાઇ કહે છે કે, ભારતની પ્રગતિમાં મેરિટાઇમ બોર્ડની મહત્ત્વની ભૂમિકા છે અને સરકાર ઇનોવેટિવના ભાગરૂપે આ સેક્ટરને ખૂબ મજબૂત બનાવી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા મેરિટાઇમ ઇન્ડિયા સમિટ એ ૨૦૧૬માં ૧૪ અને ૧૬ એપ્રિલના દિવસે મુંબઇ મુકામે યોજાઇ રહી છે. આવા અનેક ક્રાન્તિકારી નિર્ણયો આ સરકારે લીધા છે. આપે જ્યારે મને બે જ મિનિટ આપી છે ત્યારે માનનીય પ્રધાન મંત્રીશ્રીએ પાર્લામેન્ટમાં ગઇ કાલે નિઝા ફાઝલીનો શેર જે કહ્યો હતો એ મારે કહેવો છે. "સફર મેં ધૂપ તો હોગી જો ચલ શકો તો ચલો, સભી હે ભીડ મેં તુમ ભી નીકલ શકો તો ચલો. કીસી કે વાસ્તે રાહે કહાં બદલતી હે, તુમ અપને આપ કો ખૂદ હી બદલ શકો તો ચલો. યહાં કીસી કો કોઇ રાસ્તા નહીં દેતા, મુજે ગીરા કર અગર તુમ સંભલ શકો તો ચલો, યહી હે જિંદગી કુછ ખ્વાબ, ચંદ ઉમ્મીદે ઇન્હી ખિલોનો સે તુમ ભી બહલ શકો તો ચલો." આભાર.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના સિનિયર સભ્યશ્રીઓ અને કેટલાક અન્ય સભ્યશ્રીઓએ સામાન્ય વહીવટ વિભાગ ઉપર વાત કરી. અમારા મિત્રોએ સામાન્ય વહીવટ વિભાગ એ સરકારના હૃદયસમો વિભાગ છે એવું કહ્યું એ ખરેખર સાચી વાત છે. પણ આ હૃદય અત્યારે કેવી સ્થિતિમાં કામ કરે છે અને નબળું પડયું છે, એ પણ જોવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના તમામ વિભાગો અને ગુજરાત સરકારની તમામ કચેરીઓમાં સેવાકીય બાબતોનું જો નિયંત્રણ થતું હોય, નીતિઓ નક્કી થતી હોય તો આ સામાન્ય વહીવટ વિભાગ મારફતે થાય છે. સામાન્ય વહીવટ વિભાગ ખાસ કરીને ભરતીની પ્રક્રિયાઓ નક્કી કરે, નીતિઓ નક્કી કરે પણ આ ભરતીઓ સમયસર થાય છે કે કેમ? આ સામાન્ય વહીવટ વિભાગની ફરજ હોવા છતાં કયારેય જોવામાં આવતુ નથી. એક અંદાજ પ્રમાણે લગભગ ૪૦ થી ૫૦ ટકા જેટલી સરકારી સેવાઓની જગ્યાઓ ખાલી છે. સામે પક્ષે કવોલિફાઇડ યુવાનો પણ છે પણ તેમની ભરતી થતી નથી અને તેમને સરકારી સેવા કરવાનો લાભ પણ મળતો નથી. આવા યુવાનો કયારેક આક્રોશ વ્યકત કરે, તેમનો અવાજ ઉઠાવે તો આ સરકાર તેમને જેલમાં મોકલવાની પણ કામગીરી કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવુ છે કે આ જે ખાલી જગ્યાઓ છે તે સમયસર ભરવા માટે આયોજન કરવામાં આવે અને સરકારી કચેરીઓ સમયસર કામ કરતી થાય, પબ્લિકનું કામ કરતી થાય તેના માટે આ સામાન્ય વહીવટ વિભાગ જુએ તેના માટે મારી સરકારને ખાસ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કેટલાય વિભાગો એવા છે કે તેમાં કોન્ટ્રાકટ પદ્ધતિથી નિમણૂક થાય છે. મારા સાથીઓએ કોન્ટ્રાકટ પદ્ધતિની ઘણી વાત કરી ત્યારે મારે એટલુ જ કહેવું છે કે, કોન્ટ્રાકટ પદ્ધતિથી જે કામગીરી લેવામાં આવે છે તે કામગીરી સદંતર બંધ કરવામાં આવે અને જે ગણ્યાં ગાંઠયા એન.જી.ઓ.ને લાભ આપવાની બાબત છે તે આ સરકારમાં સદંતર બંધ કરવામાં આવે એવી મારી ખાસ વિનંતી.

બીજી બાબત મારે એ મૂકવી છે કે આ વિભાગમાં કેટલાય વિભાગો એવા છે કે જયાં નિવૃત્તિ પછી કેટલાય અધિકારીઓને પુનઃનિયુકિત આપવામાં આવે છે. સામાન્ય રીતે સરકારના નિયમો છે કે, ૬૨ વર્ષ પછી કોઇ પણ સંજોગોમાં આવી નિયુકિત આપવી નહીં. તેમ છતાં આવા અધિકારીઓ કે કર્મચારીઓને નિયુકિત આપવામાં આવે છે અને જે કવોલિફાઇડ યુવાનો છે, જે સરકારી નોકરી ઝંખે છે તેમને આ સેવાઓથી વંચિત રાખવામાં આવે છે. આ વંચિત રાખવાનું કામ પણ આ સરકારે કર્યુ છે તે દૂર કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની સ્થિતિએ કેટલાય વિભાગો એવા છે કે જયાં ૬૨ વર્ષની ઉપરના કેટલાય અધિકારીઓ અને કર્મચારીઓ ફરીથી નિયુકિત માગીને કામ કરે છે. હું તો સરકારને એમ પણ કહુ છું કે આવું જ કરવુ હોય તો •(×××) જે યુવાનો રોજગારી ઝંખે છે, સરકારી નોકરી ઝંખે છે તેમને નોકરી આપવામાં આવે તો સરકારનું કલ્યાણ થશે, જનતાનું પણ કલ્યાણ થશે અને આ યુવાનો આપના વખાણ કરશે તો મારું એમ કહેવું છે કે આ *(×××) જલ્દીથી કાઢો અને યુવાનોની ભરતી કરો.

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું, યોગ્ય નથી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં અત્યારે અધિકારીઓને એકથી વધારે ચાર્જ આપવામાં આવે છે અને તેની પાસેથી કામ લેવામાં આવે ત્યારે અધિકારીઓની સ્થિતિ શું હોય તેની આપ કલ્પના કરી શકો છો. તેઓ એટલા ટેન્શનમાં જીવતા હોય છે પણ સરકારને કંઇ કહી શકતા નથી મારું એમ કહેવું છે કે આવા અધિકારીઓનું બી.પી.મપાવો કે જેથી કરીને આવા અધિકારીઓ-કર્મચારીઓ કેટલા ટેન્શનમાં રહે છે તેની પણ ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ સરકારી સેવાઓનું નિયંત્રણ કરે છે, સરકારી કામગીરીની દેખરેખ રાખે છે તેનું મોનીટરીંગ કરે છે ત્યારે મારે એક જ વાત કહેવી છે કે, સરકાર ઉત્સવો ને મેળાવડાઓ કરે છે અને તેમાં બધા જ કર્મચારીઓ અને અધિકારીઓને રોકી લે છે. પરિણામ એવુ આવે છે કે, સામાન્ય અરજદાર કોઇ પણ કચેરીઓ જાય ત્યારે તેને દાખલો મળે નહીં, સમયસર જવાબ મળે નહીં અને કયાં ગયા છે ? તો જવાબ મળે મેળાવડામાં. કયાં ગયા છે ? તો જવાબ મળે ઉજવણીમાં. અમને એમાં કાંઇ વાંધો નથી ઉજવણીઓ કરો, મેળાવડાઓ કરો પણ તેના માટે અલગ પ્રભાગ ઉભો કરો કે જેથી કરીને આ રેગ્યુલર કર્મચારીઓ તેમનો ટાઇમ ના બગાડે અને જનતાના કામ માટે ટાઇમ કાઢે. એટલે આપશ્રી મારફતે મારી વિનંતી છે કે, આ સરકાર આવો નવો વિભાગ શરૂ કરે અને જનતાનું કામ કરનારા જે અધિકારીઓ છે એમનો સમય બરબાદ ન થાય અને જનતાનું કામ સમયસર થાય એના માટે એમને તક આપો.

ફીક્સ પગારના કર્મચારીઓની બાબતમાં પણ મારે એક વાત કહેવી છે કે, ફીક્સ પગારના કર્મચારીઓ હોય કે નિયમિત પગારના કર્મચારીઓ હોય એ બંન્ને કામ સરખુ કરે છે પણ આ કર્મચારીઓમાં પગારના લાભથી અને બીજા લાભથી ભેદભાવ રાખવામાં આવે છે. ફીક્સ પગારના કર્મચારીઓને ફીક્સ પગાર મળે છે, અને માત્ર બાર રજાઓ મળે છે, એ સિવાય કોઇ લાભ મળતા નથી. આવા કર્મચારીઓ કોર્ટમાં જાય અને કોર્ટમાં જીતી પણ જાય અને તેમ છતાં સરકાર એની સામે અપીલમાં જાય, નો ડાઉટ આ મેટર સબજયુડિસ છે, પણ મારે સરકારને એટલી જ વિનંતી કરવી છે કે, આ સબજયુડિસ મેટર હોય તો સરકાર આ મેટર વીથ્ડ્રો કરે અને આવા કર્મચારીઓને પૂરેપૂરા પગારનો લાભ આપે એવી મારી વિનંતી છે. હું પણ એક કર્મચારી હતો, મને પણ ખબર છે કે, કર્મચારીઓની શું મુશ્કેલીઓ હોય છે, એમની શું તકલીફો હોય છે, એ કોઇ કહેતું નથી પણ હું તો બંન્નેનો પ્રતિનિધિ છું . પ્રજાનો તો પ્રતિનિધિ છું અને અધિકારી તરીકે એમની પણ મુશ્કેલીઓ જાણું છું. કેટલાય કર્મચારીઓ સમયસર પ્રમોશનથી વંચિત રહે છે અને એનું કારણ પણ આ જી.એ.ડી.ની બેદરકારી હોઇ શકે છે. જી.એ.ડી. સમયસર માહિતી માગે, સમયસર એમના સી.આર. માગે અને સમયસર એમને પ્રમોશન આપે એના માટે પણ સરકાર ઝડપી કાર્યવાહી કરે એવી મારી વિનંતી છે.

કેટલીક કચેરીઓમાં કેટલાક અધિકારીઓ પાસેથી ભાજપનું કામ લેવામાં આવે છે, આ પાર્ટીનું કામ લેવામાં આવે છે એ ખૂબ જ દુઃખદ બાબત છે અને આ બાબત સાચી હોય તો સરકાર એમાં તપાસ કરે અને જે કર્મચારીઓ કે અધિકારીઓ આ કામગીરી કરી ચૂક્યા છે અથવા એ કામગીરીમાં રસ રાખે છે એમની સામે પગલાં લો, એવી મારી આ સભાગૃહને વિનંતી છે. મારે ગૌણ સેવા પસંદગી મંડળની પણ એક વાત કહેવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ સરકારની બધી જ ગૌણ સેવાની ભરતીનું કામકાજ કરે છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટ વિભાગમાં આવતી ચૂંટણી અંગેની માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારું વકતવ્ય આપું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે, કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા ફોટાવાળી મતદારયાદી બનાવવાની દર વર્ષે એમાં સંક્ષિપ્ત સુધારો કરવો, એના માટે હોર્ડીંગ્સ, વર્તમાનપત્રમાં જાહેરાતો, રાજકીય પક્ષોની મદદ, એન.જી.ઓ.ની મદદ અને બહોળી પ્રસિધ્ધિ કરીને લોકોને જાગૃત્ત કરવામાં આવે અને આ તૈયાર થયેલી મતદારયાદી ગુજરાતની પ્રજાને તકલીફ ના પડે એટલા માટે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, કલેકટર કચેરી, કોર્પોરેશનની ઓફિસ, લાયબ્રેરી વગેરે જગ્યાએ મૂકવામાં આવે છે જેથી લોકોને તકલીફ ના પડે, તેઓ ત્યાં જઇને પોતાનું નામ જોઇ શકે. ચૂંટણી પંચની વેબસાઇટ ઉપરથી પણ ગમે ત્યારે ૨૪ કલાક પોતાના નામની સ્થિતિ જોઇ શકાય છે અને યુવાનો ઘેર બેઠા આ મતદાર યાદીની ચકાસણી કરી શકે છે. છેલ્લે ૫–૧૨– ૧૫ના રોજ પ્રસિદ્ધ થયેલ યાદીમાં ૧૦,૪૭,૪૪૦ નવા મતદારો ઉમેરાઇને આજે કુલ ૪ કરોડ ૧૯ લાખ ૬૩ હજારને દસ થયા છે.

સૌથી અગત્યની વાત તો એ છે કે ચૂંટણી પંચ દ્વારા મતદારોની કેળવણી, મતદારોની જાગૃતિ એને તાલીમ અને સોનામાં સુગંધ ભળે એ રીતે એમાં ગુજરાત સરકારની મદદ લેવાય, પોલીસ દ્વારા તટસ્થતા તથા ગુજરાતમાં માનનીય નરેન્દ્રભાઇએ ચાલુ કરેલ પરંપરા જેને માનનીય આનંદીબહેન પટેલે ગતિ આપી છે કે શિક્ષિત ગુજરાતીઓ માટે અને શિક્ષણના કારણે પહેલા મતદારોને લોભાવીને, પ્રલોભનો આપીને કે કયાંક અસામાજિક તત્વોનો સાથ લઇને ચૂંટણીઓ થતી હતી એ આપણે જોઇ છે. ગુજરાતની પ્રજા શિક્ષિત થવાને કારણે જે દૂષણો હતા એ પૂરા થયા છે અને આપણે પેપરો પણ વાંચીએ છીએ કે બીજા રાજયોની સરખામણીમાં ગુજરાતમાં શાંત રીતે ચૂંટણી યોજાય છે. ગુજરાતમાં ફ્રી એન્ડ ફેર ચૂંટણી યોજાય છે, ગુજરાતની પ્રજા એટલી શાણી અને સમજુ થઇ છે.

મારે એક ઉદાહરણ દાખલા દ્વારા આપવું છે. એક જંગલની અંદર એક કાગડો રહેતો હતો એ ચાંચમાં એક પૂરી લઇને આનંદથી એક ઝાડ ઉપર બેઠો હતો. આપણે બધા જાણીએ છીએ કે કાગડો ચતુરપક્ષી છે. એ જયારે બેઠો ત્યારે એક જંગલી લુચ્ચુ શિયાળ ત્યાં આવ્યું, સામે હોંશિયાર કાગડો હતો. શિયાળની દાનત બગડી એટલે એને કાગડાભાઇને પ્રલોભનો આપવા માંડી, બહુ વાત કરી પછી કાગડાભાઇએ થોડીવાર સાંભળ્યા પછી પૂરી જે ચાંચમાં ભરાવી હતી એ પોતાના પગ નીચે દબાવીને શિયાળભાઇ સાથે વાત કરી. આ રીતે તમે પણ તમારી પેઢીમાં લોહી પીવા સિવાય કશું કર્યું નહોતું. હવે ગુજરાતની પ્રજા જેમ કાગડાભાઇએ કોઇપણ પ્રકારના પ્રલોભનમાં કોઇ લાભમાં કે એની વાતમાં આવ્યા સિવાય વાત કરી એ રીતે ગુજરાતનું ચૂંટણી પંચ અને ગુજરાત સરકારની નિષ્ઠા છે એના આધારે બાકીની બધી ચૂંટણીઓમાં પારદર્શક રીતે ચૂંટણીઓ યોજાય છે. આપણે બધા રાજકીય પાર્ટીઓના કાર્યકર્તાઓ છીએ આપણે તાલુકા, જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ જોઇ અને ૧૯૮૪ની વિધાનસભાની પેટા ચૂંટણી પણ જોઇ છે. ગુજરાતની પ્રજાએ રાધનપુરમાં શંકરસિંહ વાઘેલા લડ્યા હતા એ ચૂંટણી પણ જોઇ છે. આ વખતની ચૂંટણીમાં આપણે બધા સાક્ષી હતા એ આપણે જોઇ છે એમાં ગુજરાત સરકારની, ચૂંટણી પંચની પારદર્શી નીતિને જોઇ છે, એને કારણે ગુજરાતમાં ચૂંટણી ફ્રી એન્ડ ફેર થવા પામી છે. મતદાર યાદીમાં અત્યારે ચૂંટણી પંચ દ્વારા લોકોને શિક્ષિત કર્યા છે અને તેનાથી આગળ વધીને ગુજરાતમાં પી.વી.સી. ઓળખપત્રો પણ આપવાની કામગીરી ગુજરાતમાં ચૂંટણી પંચ દ્વારા શરૂ થઇ છે. તેના કામમાં લોકશાહીની પરંપરામાં જે ચૂંટણીપંચની કામગીરી છે એ ભારતના ચૂંટણી પંચની કામગીરી અને ગુજરાત સરકારની મદદ કરવાની જે પારદર્શી નીતિ છે તેના કારણે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન કરું છું અને સભાગૃહ પણ તેને અનુમોદન કરે એવી દરખાસ્ત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી સતિશભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીનો પાયો છે નિષ્પક્ષ ચૂંટણી. આપણો મત અને તેનું દાન તેને આપણે મતદાન કહીએ છીએ. મતને આપણે પવિત્ર કહીએ છીએ. મત આપવા જવું એ આપણી પવિત્ર ફરજ છે ત્યારે માગણી નં. ૩૧, સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચની રાજયની ચૂંટણી માટે ૯૯,૯૭,૯૫,૦૦૦ની વ્યાજબી માગણી આવેલ છે ત્યારે તેને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં રાજય ચૂંટણી આયોગે રાજયમાં યોગ્ય સમયે જુદી જુદી ચૂંટણીઓ યોજવાની બંધારણીય ફરજના ભાગ રૂપે નીચેની ચૂંટણીઓ યોજવાની થતી હોય છે જેવી કે મહાનગરપાલિકા ગુજરાતમાં કુલ–૮. બેઠકો ૬૬૫. અત્યારે જે ચૂંટણી થઇ એ સમગ્ર ભારતીય જનતા પાર્ટી જીતી ચૂકી છે. એવી જ રીતે નગરપાલિકાની ૧૬૨ની સંખ્યા. ૪,૬૯૪ બેઠકો. જિલ્લા પંચાયત–૩૩ અને તેની બેઠકો ૧૦૮૧. તાલુકા પંચાયત–૨૪૭ અને ૫,૧૧૩ તેની બેઠકો. ગ્રામપંચાયતો–૧૩,૯૫૧ અને ૧,૨૦,૮૪૫ તેની બેઠકો. આ રીતે ચૂંટણીઓમાં બહોળો ખર્ચ થતો હોય છે. માટે આ માગણીઓ મંત્રીશ્રી લઇને આવેલ છે તેને મારો સંપૂર્ણ ટેકો છે. તેમાં પાછા કોંગ્રેસવાળા ના પાડે. ખરેખર આ વ્યાજબી નથી. કારણ કે સારી રીતે ચૂંટણી થાય તેના માટે આ ખર્ચની માગણી સર્વાનુમતે મંજૂર કરે એવી તમામ સભ્યશ્રીઓ પાસેથી હું આશા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં સૌ પ્રથમ ૫૦ ટકા મારી બહેનોને ચૂંટણી લડવાનો હક્ક અગર આપ્યો હોય તો ભારતીય જનતા પાર્ટીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય આનંદીબહેને આપ્યો છે. તેના કારણે ગુજરાતની તમામ

બહેનો રાજી–રાજી થઇ છે. સ્થાનિક સ્વરાજયમાં ૫૦ ટકા મહિલા અનામતની પણ જોગવાઇ કરેલી છે. ગુજરાત લોકલ ઓથોરિટી એકટ–૨૦૦૯થી પસાર કરી ભારતીય જનતા પાર્ટીની સરકારે બંધારણમાં જોગવાઇ કરેલી છે. જે વાત ઇતિહાસમાં ખરેખર અમર થઇ ચૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટા ચૂંટણીઓ અનેક કારણોસર થતી હોય છે. લોકો વધુને વધુ મતદાન કરે તેના માટે ચૂંટણી આયોગ પ્રચાર–પ્રસાર કરતું હોય છે. જેમાં પણ ખૂબ મોટો ખર્ચ થતો હોય છે. જેવા કે મતદાન કેન્દ્રો બનાવવા, હવે તો ઇ.વી.એમ. મશીનોથી મતદાન થતું હોય તો તેમાં પણ મોટો ખર્ચ થતો હોય છે. મતદાર માટે મતદાન મથકે લઇ જવા માટે કરાયેલી સુવિધાઓમાં પણ ખર્ચ થતો હોય છે. મતદાન શાંતિપૂર્ણ થાય, મતદાન ન્યાયી થાય, નિષ્પક્ષ થાય તેના માટે પોલીસ બંદોબસ્તનો ખર્ચ પણ થતો હોય છે. મતદાર યાદી માટે હવે કલર ફોટા સહિતની મતદાર યાદી..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

(વિરામ– સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી સતિશભાઇ મો. પટેલ (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, કલર ફોટાવાળા ઇલેકશન કાર્ડનો ખર્ચ ચૂંટણી આયોગ દ્વારા કરવામાં આવતો હોય છે. તેમજ હવે તો ચૂંટણી કાર્ડની સાથે સાથે સ્માર્ટ કાર્ડ પણ ચૂંટણી આયોગ દ્વારા આપવામાં આવતા હોય ત્યારે મોટો ખર્ચ થતો હોય છે. ઘરે ઘરે મતદારોની નોંધણી કરવાની ઝૂંબેશ પણ ચાલે છે ત્યારે એમાં પણ મોટો ખર્ચ થતો હોય છે. નવા મતદારોની નોંધણી કરવી, મૃત્યુ પામેલ મતદારોના નામ કમી કરવા, ઘર બદલીને બીજે રહેવા ગયા હોય તેમના સરનામા બદલવા વગેરે જેવી કામગીરી કરવા માટે ખૂબ મોટો ખર્ચ થતો હોય છે. આ બધી મતદાર યાદી સુધારણાની કામગીરીના કારણે અગાઉની ચૂંટણીઓમાં મતદાન ૪૫ ટકાથી વધારે ક્યારેય થતું ન હતું. પરંતુ આજે ૭૦ ટકાથી વધુ મતદાન થતું હોય છે જે આપણે બધા જાણીએ છીએ. આવા બધા ખર્ચને પહોંચી વળવા માટે મહેસૂલ વિભાગ માગણી લઇને આવ્યું હોય ત્યારે ચર્ચા તો કરવી પડે પરંતુ બધા સભ્યોએ એને સર્વાનુમતે મંજૂર કરવું જોઇએ. ઓન લાઇન વોટીંગની વ્યવસ્થા ચૂંટણી આયોગ ગોઠવી રહ્યું છે અને આપણે ૨૧મી સદીમાં જવા માગતા હોઇએ ત્યારે આપણે આ ખર્ચ મંજૂર કરવો પડે છે. ચુંટણીમાં દરેક વખતે નવા નવા પ્રતિકો, નવા નવા ઉમેદવારોના કારણે ખર્ચ પણ વધતો હોય છે ત્યારે આવા ખર્ચને આપણે મંજૂર કરવો પડે. છેલ્લા ૨૨ વર્ષથી આપણા રાજ્યમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાતી રહી છે ત્યારે ચૂંટણી પંચને અભિનંદન આપવામાં સહેજપણ સંકોચ ન હોવો જોઇએ. થોડા સમય પહેલાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાઇ ત્યારે ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો ત્યારે સામેના પક્ષના સભ્યો દ્વારા ઇવીએમમાં ચેડા કર્યા એવું કહેવામાં આવ્યું હતું. પરંતુ હવે ચૂંટણીઓ થાય ત્યારે એમને બોલવાનો કોઇ અર્થ રહેતો નથી. ચૂંટણી આયોગ સ્પષ્ટ રીતે, નિષ્પક્ષતાથી ચૂંટણી કરતી હોય ત્યારે આ માગણીઓ લઇને આવ્યા છે એને બધા સર્વાનુમતે મંજૂર કરે તેવી હું આશા વ્યક્ત કરું છું.

શ્રી મેરામણભાઇ મા. આહિર(ખંભાળિયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. માગણી નં.૭૫માં મહેસૂલ ખર્ચ માટે રૂ.૮૯,૯૩,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ.૨૫,૦૦,૦૨,૦૦૦/– છે. ૨૦૧૫–૧૬ના બજેટમાં એક નવી બાબત એ હતી કે અલંગ સોશિયો શીપ બ્રેકીંગ યાર્ડ રીસાઇકલીંગ અદ્યતન કરવા માટે અને વિકાસ કરવા માટે રૂ.૧૪,૭૬,૫૦,૦૦૦/–ની જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ આ રકમનું ૫૦ ટકા કામ બાકી છે. ભાજપે ચૂંટણી સમયે કરેલી જાહેરાતનો કોઇ અમલ થતો નથી. દા.ત. સૌરાષ્ટ્ર અને કચ્છને દક્ષિણ ગુજરાત સાથે જોડતી ઘોઘા દહેજ ફેરી શરૂ કરવાની કાર્યવાહી હજુ બાકી છે. સાગરખેડૂ વિસ્તારમાં રૂપિયા ૨૧ હજાર કરોડનું નવું પેકેજ જાહેર કરેલું પરંતુ તેની ૫૦ ટકા રકમ લાભાર્થી સુધી પહોંચી નથી. અમારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સિક્કા, સલાયા, ઓખા અને રૂપેણ બંદર ઉપર આધુનિક જેટીનું બાંધકામ અને કાદવ દૂર કરવા માટેની કોઇ જોગવાઇ બજેટમાં કરવામાં આવી નથી. નાના બંદરોના વિકાસ કરવાના બદલે તમામ બંદરોને •(×××)
ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હયાત નાના બંદરોમાં ખાનગી મૂડી રોકાણના નામે *(×××) મારા વિસ્તારમાં આવેલ એસ્સાર ઓઇલ કંપની દ્વારા ખાનગી જેટી બાંધવામાં આવી રહી છે. જેના કારણે પરંપરાગત માછીમારી કરતાં લોકોને દરિયામાં માછીમારી કરવામાં ખૂબ મોટો અવરોધ ઉભો થાય છે. એ લોકોને દૂર દૂર સુધી દરિયામાં જવું પડે છે. આવા ૫૦ હજાર માછીમારોને મુશ્કેલીઓ છે. અમારા બેડી બંદર ઉપર હાલમાં કોલસાની આયાત કરવામાં આવે છે જેથી આ બંદર ઉપર પહેલાં જે ખજૂર, સૂકો મેવો જેવી વસ્તુઓ આયાત થતી હતી એ બંધ થઇ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ગઇ છે અને સોયાબીનની નિકાસ લાખો ટન થતી હતી તે પણ બંધ થઇ ગઇ છે. ૫૦ હજાર જેટલા મજૂરોને રોજીરોટી મળતી હતી તે આ સરકારે બંધ કરી છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિશ્વના અનેક દેશોની જેમ બંદરોનું કોમ્પ્યુટરાઇઝેશન અને આધુનિક સુવિધા સાથે સ્ટીલ અને લોખંડની ફોલ્ડીંગ જેટી બનાવી ઝડપી બંદરીય વહેવાર કરવામાં આવી રહ્યો છે ત્યારે તેના આધુનિકીકરણમાં આ સરકાર નિષ્ફળ ગઇ છે. આપણા ગુજરાત પાસે દેશનો સૌથી લાંબો દરિયા કિનારો અને બંદરો હોવા છતાં સરકાર તેનો વિકાસ કરવામાં નિષ્ફળ જવાથી આયાત–નિકાસ કરવામાં પણ નિષ્ફળ ગઇ છે. દરિયા કિનારે ટાટા, પેટકોક, આશાપુરા માઇન્સમાંથી થતી ખનિજ નિકાસના કારણે કિંમતી દરિયાઇ ઝિંગા માછલી કિનારાથી દૂર થતી રહી છે તેના કારણે ઘણા માછીમારોને બહુ તકલીફ પડે છે અને દૂર દૂર સુધી જવું પડે છે ત્યારે એમને પાકિસ્તાનવાળા લઇ જાય છે અને એમના વહાણો પણ પાછા આપતા નથી. જામનગર અને દેવભૂમિ દ્વારકા તેમજ પોરબંદર જિલ્લાના બંદરો ઉપર દરિયાઇ સુરક્ષા જાળવવામાં સરકાર નિષ્ફળ રહી છે તેથી અવાર–નવાર આતંકીઓ ઘુષણખોરીનો પ્રયત્ન કરી રહ્યા છે. મુંદ્રા પોર્ટમાંથી સરકારશ્રીએ ભાવ ઓછો કરી અને આ પોર્ટનો વહીવટ અદાણી ગૃપને આપેલ છે તો આ ભાવો ઓછા કરવાના શું કારણો છે એ સરકાર જાણે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૭૫ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કહીએ છીએ કે દિલ તો દરિયા જેવું હોવું જોઇએ ત્યારે દરિયો એટલે બંદરો અને બંદરોની માગણી આવી છે તો બંદરોની માગણીમાં ક્યારેય કાપ દરખાસ્ત ન હોવી જોઇએ. કારણ કે દરિયામાં વિકાસ કરવો હોય તો દિલ પણ દરિયા જેવું હોવું જોઇએ. ૧૬૦૦ કિલોમીટરમાં દરિયો અને એમાં મહા બંદર એટલે કંડલા અને એ મારા મત વિસ્તારનું બંદર છે એનું મને ગૌરવ છે. ગુજરાતની અંદર દરિયાઇ વિકાસની અંદર જે રીતે રાજ્ય સરકારે બંદરોનો વિકાસ કર્યો છે. કારણ કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે તો ખબર પડી કે, મેરી ટાઇમ બોર્ડ શું છે, બંદરો શું છે અને બંદરોનો વિકાસ શું છે ત્યાર પછી આ વિકાસ જાગૃત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે ૩૩૬૦.૯૩ ટન ટ્રાફિકની અવર–જવરનો હિસાબ થયેલ છે. મુંબઇ અને કંડલા સહિત પશ્ચિમ ભારતના મહાબંદરોના ટ્રાફિકને હળવા બનાવવા માટેના પ્રયાસો કર્યા છે. આ પ્રક્રિયામાં ગુજરાત આજે આધુનિક બંદરોની ઓળખ તરીકે ખ્યાતિ પામ્યુ છે. દેશના પ્રથમ ગ્રીન ફિલ્ડ પોર્ટસ્ વિકસાવવા માટે ગુજરાતે પ્રતિનિત્વ કરેલ છે. ભારતીય વેપારને વૈશ્વીકરણ અંગે વધતા જતા ગુજરાતના ઔદ્યોગિક વિકાસ પરિણામે ભવિષ્યમાં આયાત–નિકાસ વેપાર ખૂબ જ મોટાપાયે આ બંદરોના હિસાબે થવાનો છે. રાજય સરકારે ગુજરાતના બંદરો પર યોગ્ય પ્રકારની સગવડતાઓ ઉભી કરવા માટે ખાસ યોજના બનાવી છે. જેમાં વિશેષ યોજના છે કે, કેપ્ટીવ જેટીઓની જે મંજૂરી આપી છે એનાથી બંદરોનો ઘણો જ વિકાસ થયો છે.

મારી જન્મભૂમિ મુંદ્રા ખાતે પોર્ટ સિટી મેરી ટાઇમ બોર્ડ દ્વારા યોજના તૈયાર કરી છે. જેમાં ૫૦૨ કિલો મીટરની અંદર વિસ્તાર આવરી લેવાનો છે. તેથી આ વિસ્તારના ગરીબ લોકોને ઘણો જ રોજગારીનો લાભ મળવાનો છે. મારા કચ્છ જિલ્લામાં કંડલા, પૂર્ણા, અદાણી, જખૌ, મુંદ્રા અને માંડવી એમ કુલ છ જેટલા બંદરો આવેલા છે. આ બંદરો આવવાથી ભારતીય જનતા પાર્ટીએ આ બંદરો ઉપર જે વિકાસ કર્યો છે, જે વિકાસની કડી કંડારી છે એનાથી લોકોને અને ગરીબ લોકોને બહુ જ રોજીરોટી મળી છે, એનો લાભ લોકોને થયો છે.

ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મીનલ દહેજ ખાતે એક કેમિકલ પોર્ટ ટર્મીનલ વિકસાવ્યું છે. તેમાં વર્ષ ૨૦૧૫માં ૧૩.૬૪ લાખના કાર્ગોનું સંચાલન થયું છે. અદાણી ગ્રુપે અને પેટ્રોનેટની રચનાથી વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૨૪.૨૫ લાખ ટનનું સોલીડ કાર્ગોનું વહન થયેલ છે. અલંગની વાત થતી હતી હમણાં તો અલંગ ખાતે વિશ્વનો સૌથી મોટો જહાજ ભાંગવાનો ઉદ્યોગ ૧૯૮૩થી કાર્યરત છે. જહાજ વાડામાં કુલ ૧૬૭ પ્લોટો આવેલા છે. ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા જે પણ વ્યક્તિ આ પ્લોટની માગણી કરે તે અનુસૂચિત જાતના હોય, અનુસૂચિત જનજાતિના હોય કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતના હોય એને મેરી ટાઇમ બોર્ડ આ પ્લોટો બધાને આપે જ છે. અલંગ ખાતે આજ દિવસ સુધી સાત હજાર જેટલા જહાજોનું રિ–સાયકલીંગ કરવામાં આવેલ છે. તેમાંથી ૫.૪ કરોડનું મેગા ટન સ્ટીલનું ઉત્પાદન થયેલ છે. આ ઉદ્યોગ દ્વારા લોખંડની પ્રાપ્તિ તો થઇ સાથે સાથે પરોક્ષ રીતે વિપુલ પ્રમાણમાં રોજગારી પણ પૂરી પાડવામાં આવી છે. પાંચ હજાર જેટલા કામદારો અને લગભગ એક થી દોઢ લાખ જેટલા લોકો પરોક્ષ રીતે રોજગારી મેળવી રહ્યા છે. આ રાજ્ય સરકાર આ બંદરોના વિકાસથી કેટલા કેટલા લોકોને શું લાભ થશે, તો એમાં અલંગ શીપ રિ–સાયકલીંગ યાર્ડ ખાતે રૂપિયા ૪૦૭ લાખના ખર્ચે તાલીમ સહ કલ્યાણ સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૩થી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી અલંગ કેડરના ૧,૧૫,૮૮૦ કામદારોને સલામતી પર્યાવરણની તાલીમ આપવામાં આવી છે. અલંગ–શોશિયા શીપ રિ–સાયકલીંગ યાર્ડ ખાતે કામ કરતા કામદારોના આરોગ્ય માટે ભાવનગર સંચાલિત હોસ્પિટલ, ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં વાર્ષિક સહાય પેટે કુલ રૂપિયા ૨ કરોડ, ૧૨ લાખ ચૂકવવામાં આવ્યા છે.

અલંગ શીપ રિ–સાયકલીંગ ખાતે કામ કરતા કામદારો સંલગ્ન માણસોને અકસ્માત થાય અને ઝડપથી એને સારવાર મળે એના માટે આ વિસ્તારની અંદર ૧૦૮ એમ્બ્યુલન્સ ૨૯–૧–૨૦૧૩થી કાર્યરત કરવામાં આવી છે. કામદારોના હિતાર્થ અંગે હાઉસીંગ કોલોનીના નિર્માણ માટે બોર્ડ દ્વારા ૧,૦૪,૦૭૨ ચોરસ મીટર જમીન સંપાદન કરીને પહેલા ફેઝની કામગીરી ૧૦૦૮ કામદારોને આવાસની સુવિધા મળી રહે તે માટે અંદાજે રૂપિયા ૨૨.૪૮ કરોડના ખર્ચે હાઉસીંગ કોલોનીનું નિર્માણ રાજ્ય સરકારે કર્યું છે. યાર્ડ ખાતે અલગ અલગ જગ્યાએ કામદારોને સુવિધાઓ મળે તે માટે ૧૮૫.૯૫ લાખના ખર્ચે સાત સેનિટેશન બ્લોક ઉભા કરવામાં આવ્યા છે. હજીરા પોર્ટમાં ૨૦૧૪–૧૫માં ૨૯.૨, ૮૪ ટન અને વર્ષ ૨૦૧૫–૧૬માં સપ્ટેમ્બર સુધીમાં ૧૭.૭૯ લાખ ટન એલ. એન્ડ જી. હેન્ડલ કરેલું છે. મારા મત વિસ્તારમાં આવેલ કંડલા બંદર જે કંડલા પોર્ટ ટ્રસ્ટ સંચાલિત છે એની ઉપર કાર્ગો સહિત માલના જથ્થાની હેરફેર વર્ષ ૨૦૧૩ માં ૮૭૦.૫ લાખ ટન હતો જે વધીને ૨૦૧૪–૧૫માં ૯૨૭.૯૭ લાખ ટન થયેલ છે. અગાઉના વર્ષની સરખામણીએ ૬.૩૧ ટકાનો વધારો થયેલ છે. ૨૦૧૫–૧૬ના સપ્ટેમ્બર અંતિત ૫૩૭.૧૭ લાખની કાર્ગો હેરફેર થયેલ છે. બંદર બંદરને જોડતા રસ્તાઓ ગુજરાતના પીપાવાવ, મુંદ્રા, નવલખી, ભાવનગર અને ઓખા બંદર જેવા બંદરોને બ્રોડગેજ રેલવે સાથે જોડેલ છે. દેશમાં બનતા જહાજોમાં ગુજરાતનો હિસ્સો ૬૦ ટકા છે. ૯ શીપ બિલ્ડીંગ યાર્ડ કાર્યરત છે. ૮ શીપ બિલ્ડીંગ યાર્ડ બનાવવાની કામગીરી ચાલુ છે. પાંચ જેટલા શીપ બિલ્ડીંગ યાર્ડ મંજૂરી હેઠળ છે. મારા મત વિસ્તાર ગાંધીધામ તાલુકાના મીઠી રોડ મધ્યે આઇ સોલ્ટ એન્ડ એલ્ફ પ્રોઇડ પ્રાઇવેટ લિમિટેડને જેટી બનાવવા સર્વેક્ષણ કરવાની મંજૂરી આપી છે એટલે સરકારનો હું આભાર માનું છું. સલાયા તાલુકો જામનગર ખાતે એસ્સાર કંપની દ્વારા આશરે ૭૦૦ કરોડના ખર્ચે બાંધકામ પૂર્ણ કરી લેન્ડીંગ પ્લેસ જાહેર કરવાની મંજૂરી પણ મળેલ છે. જે સરકારના ભાવિ આયોજનો છે કે બંદરો ઉપર શું શું હોવું જોઇએ. મુંદ્રા ખાતે container terminal–3માટેsub-connectionમાટે agreementથશે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય મંત્રીશ્રી માહિતી, સૂચના અને પ્રસારણની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માહિતી અને સૂચના પ્રસારણ વિભાગ આજથી નહીં પણ જયારથી દેશમાં લોકશાહીની સ્થાપના થઇ ત્યારથી આ વિભાગ ચાલતો આવ્યો છે. દેશના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હતા અને એ વખતે બ્રોડકાસ્ટીંગની સ્થાપના થઇ હતી અને એ બ્રોડકાસ્ટીંગ દ્વારા સમગ્ર દેશના ગામડાંમાં સરકારની યોજનાઓથી માહિતગાર કરવા માટે ગામડાંમાં રેડિયો સેટ આપવામાં આવ્યા હતા અને એ રેડિયો દ્વારા સરકાર જે પણ વિકાસની કામગીરી કરે તેની જાણકારી ગામડાંની પ્રજાને મળતી હતી અને એ જ આજે હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ મન કી બાત લઇને આવે છે. અમારા કોંગ્રેસના રાજની જે બ્રોડકાસ્ટીંગની યોજના હતી, રેડિયોની સ્થાપના કરી હતી એનું આજે અનુકરણ કરે છે. માહિતી ખાતાની સમગ્ર રાજયમાં જિલ્લે જિલ્લે અને તાલુકે તાલુકે ઓફિસો આવી છે. માહિતી ખાતા તરફથી જે પણ કામગીરી કરવામાં આવે છે એ પ્રજાલક્ષી હોય છે. સરકારશ્રીનો કાર્યક્રમ જે તે જિલ્લા કે તાલુકામાં થતો હોય અને સરકારનો કાર્યક્રમ હોય, ત્યારે ત્યાં પક્ષાપક્ષીની વાત ન આવવી જોઇએ. સરકારી કાર્યક્રમોમાં જે પણ કાર્ડ છપાવવામાં આવે છે એ કાર્ડમાં સ્થાનિક ધારાસભ્યશ્રી, સ્થાનિક જિલ્લા પંચાયતના પ્રમુખ કે સ્થાનિક આગેવાનોનાં નામ હોતાં નથી. જાણે આ સરકારને ડર હોય કે સ્થાનિક ધારાસભ્ય કે જે પણ કાર્યકર્તા હોય એ કાર્યક્રમમાં હાજરી આપે અને પોતાના વિચારો રજૂ કરે અને કદાચ વિપક્ષના હોય તો તેમની સારી કામગીરીની ગણના થાય અને પ્રજામાં એની વાહ વાહ થાય એ ન થવી જોઇએ એના માટે કાર્ડમાં નામ નથી છાપતા અને એને બોલવાનો ચાન્સ પણ નથી આપતા. જેમણે જેવું કામ કર્યુ હોય, વ્યકતવ્ય કર્યુ હોય તેની ગણના થવી જોઇએ. માહિતી ખાતાને ત્યાં દબાવી દેવામાં આવે છે. વિપક્ષના કે વિરોધ પક્ષના કોઇપણ હોય તો તેમનું વ્યક્તવ્ય પ્રસારમાં નહિ લેવું, પણ ખાનગી મીડિયા પત્રકારોને હું ધન્યવાદ આપું છું કે એમની સાચી વાત હોય તે મીડિયામાં પ્રસારિત કરે છે. વિપક્ષના નેતા, ધારાસભ્યોને પણ આ સરકાર આવા સરકારી કાર્યક્રમમાં તક નથી આપતા. પાર્ટીના કાર્યક્રમમાં નહિ આપે તો વાંધો નહિ, પણ સરકારી કાર્યક્રમ તો સરકારના હોય છે. તેમાં તેમને તક આપવી જોઇએ. રોજગારની વાત ચાલી. સાથી સભ્યોએ કહ્યું મહિનામાં બે વખત નહિ, મહિનામાં ચાર વખત રોજગાર સમાચાર પ્રસારિત કરવામાં આવે છે. આ રોજગાર સમાચાર મારફત ગામડાંનાં રોજગારવાંછું હોય તેઓ તેમની રોજગારલક્ષી જે પણ માહિતી હોય તે મળેવે છે અને પોતે રોજગારી મેળવવા માટેનો પ્રયત્ન કરે છે. આ રોજગાર સમાચાર મેળવવા માટે એનું લવાજમ ભરવામાં આવે છે. મારી સરકારને વિનંતી છે કે આદિવાસી વિસ્તારનાં રોજગારવાંછુંઓને આ લવાજમમાંથી માફી આપીએ અને મફત પૂરા પાડીએ તો આદિવાસી વિસ્તારનાં ગરીબ રોજગારવાંછુંઓ વધારે લાભ મેળવી શકે. એફ.એમ.ન્યૂઝ સાંભળતા હોઇએ તો એફ.એમ.ન્યૂઝ સુરત ૧૦૦૧ મેગાવોટ ઉપર સાંભળજો. એમાં સ્પષ્ટ છે. એમાં જે જાહેરાતની એડ આપે છે અને એમાં કહેવામાં આવે છે કે બિચારી માખીઓને સમજાવી દઉં. આ સરકારથી પ્રજા કે જનતા સમજતી નથી માટે માખીઓને સમજાવવા માટેની એડ આપે છે. કદાચ કોઇએ નહિ સાંભળી હોય તો સાંભળી લેજો. હું સમગ્ર આદિવાસી એરિયામાં ૧૦૦ ટકા ગામડાંના વિસ્તારમાંથી આવું છું. જ્યાં કોઇ નગરપાલિકા નથી કે કોઇ

મહાનગરપાલિકા નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ હેઠળની મંત્રી પરિષદ, ચૂંટણી સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના દરેકે દરેક વિભાગો પોતપોતાના અંદાજિત ખર્ચ લઇને આ સભાગૃહ સમક્ષ આવે છે ત્યારે સામાન્ય વહીવટ વિભાગની કામગીરી જોવા જઇએ તો નાનામાં નાની માઇક્રો કામગીરી જેવી કે વહીવટ અને આનુષાંગિક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. તેના લીધે ઘણી બાબતોમાં આ વિભાગ કામ કરે છે તેનો જાહેર જનતાને વધારે ખ્યાલ ન આવે. આ કર્મચારીઓ પ્રભાગની, આયોજન પ્રભાગની, બિનનિવાસી ભારતીય, વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગની, ચૂંટણી પ્રભાગની આ તમામ પ્રકારની નાનામાં નાની કામગીરી આ વિભાગ કરી રહ્યો છે. એમ બજેટમાં મંત્રી પરિષદની માગણી નં. ૩૦ ૪ કરોડ ૬૪ લાખ ૫૦ હજારની લઇને આવ્યા છે ત્યારે અહીં ચૂંટણી અને સામાન્ય વહીવટ વિભાગની ચર્ચાઓ થઇ. આખા રાજય સરકારમાં કામગીરી કરતા કર્મચારીગણની ભરતી કરવાની હોય, તેનું ભરતી કેલેન્ડર બનાવવાનું હોય, જાહેર સેવા આયોગ, કર્મચારી કલ્યાણને લગતી આનુષાંગિક પ્રવૃત્તિઓ આ વિભાગ કરે છે. માનવ સંશાધન વ્યવસ્થાપન પદ્ધતિ જે આપણા માનવ મૂલ્યો અને રાજય સરકારે કરેલી કામગીરીનું મૂલ્યાંકન કરવાની કામગીરી કરે છે, પૂર્વ ભરતી લાયકાત પરીક્ષા, લોકાયુકત કચેરીની કામગીરી, ગુજરાત મૂલ્કી સેવા ટ્રીબ્યુનલની વિવાદીત બાબતોની કામગીરી, ચૂંટણી આયોગની કામગીરી, ગૌણ સેવા પસંદગી મંડળ, ખાતાકીય તપાસ, નિવાસી આયુકત કચેરી નવી દિલ્હી તથા રાજયમાં પ્રોટોકોલ વિભાગ કે આપણા રાજયમાં બહારથી આવતા મહેમાનોના આતિથ્યની કામગીરી આ વિભાગ કરી રહ્યો છે. ભારત દેશ આઝાદ થયો તે પહેલાં ગુજરાત રાજયમાં અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ રાજયની ચળવળમાં ભાગ લીધો હતો. આ સ્વાતંત્ર્ય સેનાનીઓનું યોગ્ય સન્માન રાજય સરકાર કરી રહી છે. તેમને માનદ વેતન તથા પેન્શન ખૂબ વર્ષોથી આપી રહ્યા છીએ. આ રાજય સરકારે તેના મળતા પેન્શનમાં કે જે પહેલા છ હજાર રૂપિયા જેટલું મળતું હતું તેમાં ચાર હજાર રૂપિયાનો વધારો કરીને માસિક દસ હજાર રૂપિયા કર્યુ છે. આશ્રિતોને પાંચ હજાર રૂપિયા મળતા હતા તેમાં બે હજાર રૂપિયાનો વધારો કરી માસિક સાત હજાર રૂપિયા જેટલું આપવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે અને એક ઉમદા કામગીરી હાથ ધરી છે. સ્વાતંત્ર્ય સૈનિકને સન્માન અને પેન્શન મળે છે તે સિવાય આપણા રાજયમાં જયારે નવનિર્માણ આંદોલન થયું હતું તે સહન કરનાર રાજયની ૨૦ જેટલી વ્યક્તિઓને રાજયની સ્વવિવેક નીધિમાંથી એક હજાર રૂપિયા માસિક પેન્શન ચુકવવામાં આવે છે. આ સિવાય રાજયની આયોજન પ્રભાગની અનેક કામગીરી જેમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ તથા ખૂબ વર્ષો પહેલાંના ૨૦ મુદ્દાના કાર્યક્રમની આપણને બધાને ખબર છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ ખૂબ વરસો પહેલા ૨૦ મુદાનો કાર્યક્રમ આપણને બધાને ખબર છે રાજયમાં ૨૦ મુદાના કાર્યક્રમ થકી રાજયની પ્રજાનો સર્વાંગી વિકાસ કેવી રીતે થાય અને એના મૂલ્યાંકનની કામગીરી માટે આ ૨૦ મુદાનો કાર્યક્રમ ૨૦૦૬ પણ ચલાવવામાં આવે છે. આપણને બધાને ખબર જ છે કે, આ ૨૦ મુદાના કાર્યક્રમમાં આપણા રાજયે કેટલી પ્રગતિ કરી છે? આપણે આ મુલ્યાંકન પદ્ધતિના પરિણામો જોઇએ ત્યારે ખ્યાલ આવે છે કે, આપણું રાજય ખરેખર ગતિશીલ છે નહીં એટલું જ નહીં, એ સિવાય રાજયના વિકાસના માપદંડની કામગીરી પણ આ વિભાગ કરી રહ્યું છે. ૫૦ મુદાના કાર્યક્રમમાં પણ આપણા રાજયએ ખૂબ મોટી કામગીરી કરી છે. આ સિવાય રાજય સરકાર પોતાના કર્મચારીઓની પૂર્વ પરીક્ષા તાલિમ થાય એ માટે સરદાર પટેલ તાલિમ કેન્દ્ર–સ્પીપા–પ્રશાસન લોક સંસ્થા દ્વારા કર્મચારીઓને યોગ્ય તાલિમ મળે અને આ તાલિમના અંતે આપણા કર્મચારી/અધિકારી ગણ પૂર્ણ રીતે રાજયને કેવી રીતે સેવા પ્રદાન કરી શકે એ માટેની અને જ્ઞાન વર્ધક બાબતોની પણ રાજય સરકારે ખૂબ કાળજી રાખી છે. જેમ જેમ નવી ટેકનોલોજી આવે અને વહીવટી પ્રક્રિયામાં ટેકનોલોજીનો વધારેમાં વધારે ભરપૂર ઉપયોગ થાય અને કર્મચારી/અધિકારીની વહીવટી કામગીરીની ક્ષમતામાં વધારો થાય. રાજય સરકાર જે પ્રકારે ઉત્કૃષ્ટ કામગીરી કરે છે એ લોકો સુધી કેવી રીતે પહોંચે એના માટે આ સામાન્ય વહીવટ વિભાગની અંદર ગતિશીલ ગુજરાતના કાર્યક્રમો જેવા કે, સ્વાન્તઃ સુખાય પ્રોજેકટ યોજના હોય, સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામ હોય, વહીવટમાં નવીનીકરણને પ્રોત્સાહન કેવી રીતે મળે, લોક સંવાદ સેતુ દરેક તાલુકામાં યોજાય, લોકોના પ્રશ્નો સરકાર સમક્ષ કેવી રીતે આવે, સરકાર લોકો પાસે જઇને એમની પાસેથી પ્રશ્નો મેળવી બધા પ્રશ્નોનો નિકાલ કેવી રીતે થાય, ચિંતન શિબિરમાં પણ કંઇને કંઇ નવી ટેકનોલોજીનો ઉપયોગ થાય અને વહીવટમાં જે કાંઇ નડતરરૂપ થતી હોય એવી બધી જ બાબતોનું આ ચિંતન શિબિમાં ખૂબ ચિંતન થાય અને સરકારની કામગીરી લોકો સુધી પહોંચાડવા ખૂબ શ્રેષ્ઠતમ પ્રયાસો થાય અને નાગરિક અધિકાર પત્ર હોય કે માહિતી અધિકાર અધિનિયમનો પણ કેવી રીતે સારો ઉપયોગ કરી શકાય એ માટે આ વિભાગ ખૂબ પ્રશંસનીય કામગીરી કરી રહ્યું છે.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, માહિતી અને પ્રસારણના અનુદાનો માટેની માગણીઓ માનનીય મંત્રીશ્રી જ્યારે લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથી મિત્રએ હમણાં વાત કરી કે, દેશ આઝાદ થયો પછી ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા માહિતી પ્રસારણનું કામ શરૂ થયું. પરંતુ આ પૃથ્વીનું જ્યારે નિર્માણ થયું ત્યારથી માહિતી અને પ્રસારણનું કામ શરું છે. બ્રોડકાસ્ટીંગથી આ દેશ પિડાઇ રહ્યો છે, જો યુદ્ધ વિરામનો સંદેશો બ્રોડકાસ્ટીંગથી ન આપ્યો હોતને તો આજે કાશ્મીરની સમસ્યા ન હોત. મન કી બાત દેશના વડા પ્રધાન જ્યારે કરી રહ્યા હોય ત્યારે સ્વચ્છ ભારતનો સંદેશો સાંભળીને નાનકડું બાળક ગલીમાં નીકળી જાય કે મારે મારો મહોલ્લો સ્વચ્છ કરવો છે, આ મન કી બાત છે. યુવાનો પ્રેરણા લે છે, મારા દેશને નવી દિશા જ્યારે મળી રહી છે ત્યારે પ્રેરણાદાયી પ્રવચનો સાંભળીને એક નાનકડા એવા પ્લેસની અંદર નવું સંશોધન કરનાર એ મુસ્લિમ પરિવારના યુવાનોને એક રાષ્ટ્ર લેવલે ચમકાવે, સારી સારી પ્રવૃત્તિ કરનારા યુવાનોનું એક પ્રેઝન્ટેશન થઇ રહ્યું છે એ મન કી બાત કરી રહ્યો છું. રાજય સરકારની અનેક પ્રકારની યોજનાઓ છે. આ યોજનાઓ જનમાનસ સુધી પહોંચાડવાનો એક પ્રયત્ન હોય ત્યારે તેનું સફળ અમલીકરણ કરી શકીએ છીએ. આ પવિત્ર ગૃહની અંદરથી જયારે બજેટ પસાર કરીને પછી લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન જયારે થઇ રહ્યો છે ત્યારે એક આદિવાસી ક્ષેત્રની અંદર છેલ્લામાં છેલ્લે ઘરે રહેતાં એક પરિવારના ભાઇને મા અમૃત્તમ વાત્સલ્ય યોજનાનું, યુવા સ્વાવલંબી યોજનાઓનું, વનબંધુ યોજનાઓની કોણ માહિતી પહોંચાડે ? તો આની ટેલીફિલ્મ બને છે, તેને ટી.વી.ના માધ્યમો દ્વારા, વર્તમાનપત્રો દ્વારા વગેરેની માહિતીઓ ત્યાં પહોંચાડાય છે અને તે યોજનાઓનો લાભ લે છે. જયારે તે યોજનાઓની સફળતા માહિતી અને પ્રસારણ દ્વારા થઇ રહી છે. રાજય સરકારની આવી અનેક પ્રકારની યોજનાઓમાં એના અમલીકરણ માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ વચ્ચેનું હોય તો માહિતી અને પ્રસારણ છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે યોગ દિવસ અને સ્વચ્છતા અભિયાન જો સફળ રાષ્ટ્રની અંદર થયુ હોય તો એ પણ માહિતી અને પ્રસારણનો એક ભાગ જ છે. મિત્રો વિવિધ વાત કરતા હતા કે વિવિધ યોજનાઓ, મેળા, લોક ડાયરાઓ, કલ્ચરલ એકટીવીટી બધુજ થઇ રહ્યું છે એક માહિતી અને પ્રસારણ દ્વારા આ કામગીરી થઇ રહી છે ત્યારે ભાતીગળ સંસ્કૃતિને જીવંત રાખવાનો એક ભગીરથ પ્રયાસ પણ રાજય સરકાર દ્વારા થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડાંગની અંદર આદિવાસી ભાઇનું એક લોકનૃત્ય જયારે રાજય સરકારના એક સારા કાર્યક્રમની અંદર તેને તક આપવામાં આવે છે ત્યારે સંસ્કૃતિને બચાવવાનો આ એક પ્રયાસ થઇ રહ્યો છે. કારણ કે બજેટ વિશે બોલી શકાય તેમ નથી. આપણાં આદરણીય મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી દ્વારા જે બજેટ ગુજરાતના લોકોને આપવામાં આવ્યુ છે તે વિશે બોલી શકાય તેમ નથી માટે વિવિધ પાસાઓ લઇને વિરોધપક્ષના આપણા જ મિત્રો એ દ્વારા બોલી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કચ્છમાં હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી હતી કે અહીંયા વાવાઝોડું આવવાનું છે. ટી.વી.ના માધ્યમ દ્વારા, હવામાન ખાતા દ્વારા અને માહિતી અને પ્રસારણ દ્વારા શિસ્તબદ્ધ અને શ્રેષ્ઠ કામગીરી કરીને લોકો સુધી સાચી માહિતી પહોંચાડી અને એક ઉદાહરણ આપ્યુ હતું કે સરકારનું આગોતરૂ આયોજન કેવું હોઇ શકે ? તો આવા આયોજન, આવી આફતોમાં પણ માહિતી અને પ્રસારણ લોકોના પડખે ઉભું રહી અને સાચી માહિતી આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેરોજગાર યુવાનો દ્વારા જયારે સામાયિક દ્વારા તેમને પૂરતી અને સાચી માહિતી આપવાથી યુવાનોને સારી તક મળે છે. શ્રેષ્ઠ અને સારુ સામયિક ગુજરાત પાક્ષિક તેનો અંક બહાર પડે છે. એ બાબતમાં કહ્યું કે લોકો, સરકારના ફોટા વગેરે આવે છે. પણ મારે કહેવું છે કે આ પાક્ષિક તમે વાંચજો આની અંદર શું આવે છે ? લોક કલ્યાણની વાતો છે, યુવા પ્રવૃત્તિની વાતો છે, રાજય સરકારના કાર્યક્રમો અને યોજનાઓની વાતો છે, ખાસ અને શ્રેષ્ઠ બુદ્ધિજીવી લેખકોના લેખ પણ આની અંદર આવે છે.

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી પ્રકુલભાઇ છ. પાનશેરિયા : ફોટોગ્રાફર યુવાનોની પ્રવૃત્તિ મહિલા સશકિતકરણની વાતો, ગુજરાત પ્રવાસન લોક સાંસ્કૃતિને ઉજાગર કરવાના લેખો આવે છે, કૃષિ અને ઉર્જા, કુટિર ઉદ્યોગ, સ્વરોજગાર વગેરેની પોઝિટીવ વાતો આ લેખની અંદર આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં દીપોત્સવી અંક આવે છે આ અંક પણ તમે ના વાંચ્યો હોય તો છેલ્લા દસ વર્ષના વાંચી લેવા જોઇએ કે જેમાં આખા ગુજરાતનું એક પ્રતિબિંબ પાડયુ છે ત્યારે વનબંધુ વિકાસ યોજનાઓ, વંચિત વિકાસ યોજનાઓ, ગતિશીલ ગુજરાત વગેરેના અંકો જે બહાર પડ્યા છે એ પણ શ્રેષ્ઠ માહિતી આપી રહ્યા છે. વખાણ કરવાની વાત નથી, પણ શ્રેષ્ઠ કામગીરી લોક માનસ સુધી પહોંચાડવાનો એક પ્રયાસ છે. આ વખાણ નથી, ત્યારે આ માહિતી અને પ્રસારણ દ્વારા ગુજરાતની અંદર સરકાર પણ એ બાબતમાં પોઝીટીવ છે, બેટી બચાવો અભિયાન, રક્તદાન જાગૃત્તિ, ચક્ષુદાન, અંગોનું દાન અને દેહદાન વગેરેમાં પણ માહિતી અને પ્રસારણ વિભાગનો ખૂબ મોટો પ્રયાસ છે ત્યારે ગુજરાત ભારતની અંદર આજે શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ અને બંદરો વિભાગનો હવાલો ધરાવતા રાજયકક્ષાના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું માહિતી અને પ્રચાર અને બંદરો વિભાગની માગણી ક્રમાંક ૫૪ અને ૭૫ લઇને આવ્યો છું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું ત્યારે આ સન્માનનીય સભાગૃહના બંન્ને પક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા અસરકારક મુદ્દાઓ અને રાજય સરકારે મેળવેલી સિધ્ધિઓ, દરેક માનનીય સભ્યશ્રીએ પોતાના વક્તવ્યના વૈવિધ્યતાના આધારસમક્ષ સમગ્ર સભાગૃહની સમક્ષ ઉપસ્થિત કરેલ છે ત્યારે હું એટલું કહેવા માગું છું કે, ગુજરાતની પાસે અલભ્ય એવો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે, અને આ ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો ગુજરાત સરકારે ૧૯૯૫થી પ્રાઇવેટ પોર્ટની પોલીસીના માધ્યમથી એ ગુજરાતની prosperit નો gate way આ ગજરાતની અંદર બનાવવા માટેનું કામ કર્યું છે. આપણે જાણીએ છીએ કે, ૨૧મી સદીમાં The world is a global village અને vibrant village નાં માધ્યમથી ગુજરાતની ધરતીને અનેક ઉદ્યોગકારોએ પોતાના ઉદ્યોગની ભૂમિ બનાવી છે. તેવા સંજોગોમાં આ ગુજરાતના દરિયાકાંઠાનું એક આગવું મહત્વ છે. Now Gujarat is growth engine of India. એવા સંજોગોની અંદર આ ૨૧મી સદીના ટ્રાફિકની વધતી જતી માંગને પહોંચાડવા માટે ગુજરાત સરકારે એ ઓપર્ચ્યુનીટીને સ્વીકારીને આજે રાજયના વિકાસની અંદર એનું મહત્તમ મોટું યોગદાન આપ્યું છે. આ રાજયની અંદર ૪૬ જેટલા નાના અને મધ્યમ કક્ષાના ૨૯ કેપ્ટીવ, ૯ ખાનગી જેટી અને ૪ જેટલા ખાનગી બંદરોનો વિકાસ કરવામાં આવ્યો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પહેલાં ૧૯૯૪-૯૫માં આ રાજય સરકારના હસ્તકના બંદરો ઉપર કાર્ગો વહન કરવાની ક્ષમતા ૪૫ મિલિયન મેટ્રીક ટન હતી અને આ સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, આજે ૨૦૧૫-૧૬ની અંદર ગુજરાતના સમગ્ર બંદરોની માલ વહન કરવાની ક્ષમતા ગણીએ તો ૪૬૬ મિલિયન મેટ્રીક ટન આપણે હાંસલ કરીએ છીએ.

માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં જણાવ્યા પ્રમાણે ૨૦૧૪-૧૫માં આખા દેશના રાષ્ટ્રીય બંદરો ઉપર થતી માલની હેરફેર એ ૧૦૫ મેટ્રીક ટન હતી અને એ ૧૦૫ મેટ્રીક ટનમાં ગુજરાતના મેરી ટાઇમ બોર્ડના જે બંદરો છે એના દ્વારા થતી હેરફેર ગણીએ તો ૩૩ કરોડ એટલે રાષ્ટ્રના વિકાસની અંદર ૩૨ ટકાનો કાર્ગો એ ગુજરાત સરકાર દ્વારા હેન્ડલ કરવામાં આવે છે અને એમાંય ગૌણ બંદરોનો જો ઉમેરો કરીએ તો ગૌણ બંદરો સ્તરના ટ્રાફિકમાં ગુજરાતનો હિસ્સો ૭૪ ટકા અને આખા દેશનો હિસ્સો ૨૬ ટકા એમ ગુજરાતે બંદર ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી છે. ૧૯૯૫માં રાજયના બંદરો પરથી ૧૭ મિલિટન મેટ્રીક ટન ટ્રાફિકની હેરફેર થતી હતી, પરંતુ સન ૨૦૧૫-૧૬માં આપણી પ્રસ્થાપિત કરેલી ક્ષમતા છે એની સામે ૪૫૫ મિલિયન મેટ્રિકટન સુધી પહોંચવાનો આપણો અંદાજ છે. આ આપણા બંદરો છે એ એલ.એન.જી., પેટ્રોલીયમ, ક્રુડ, ઓઇલ અને એકસપોર્ટ ઇમ્પોર્ટ એના માધ્યમથી ગુજરાતના બંદર કાંઠાઓ ધમધમતા થયા છે. પ્રાઇવેટ પોર્ટ આપણી જે પોલિસી છે એના માધ્યમથી પીપાવાવ, મુંદ્રા, દહેજ અને હજીરા એ ખાનગી બંદર તરીકે આપણે વિકસાવ્યા છે અને આગામી દિવસોમાં ગીર સોમનાથ ખાતેનું છારા, ભરૂચનું દહેજ અને વલસાડમાં નારગોલ આ નવા બંદરો કરવાનું આયોજન લીધેલ છે.

રાજય સરકારે જે પ્રાઇવેટ પોર્ટ પોલિસી બનાવી એના માધ્યમથી ગુજરાતના બંદર કાંઠાનો વિકાસ થઇ રહ્યો છે. ગુજરાતના બંદરના વિકાસ માટે ૩૩ હજાર કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આ રાજયની અંદર લાવવામાં આપણે સફળ રહ્યા છીએ. આ ખાનગી બંદરો છે એ બંદરો ૨૦૧૫-૧૬ના ૧૨૭.૩૨ મિલિયન મેટ્રિકટન માલ એમના દ્વારા વહન કરવામાં આવેલ છે, અને દરિયાકાંઠા ઉપર જે ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે અને દરેકની જે કેપ્ટીવ જેટી છે આવી ૨૯ કેપ્ટીવ જેટીનો હિસાબ કરીએ તો એના મારફત ૧૨૭ મિલિયન મેટ્રિકટન માલની વહનક્ષમતા થઇ છે.

આ રાજય સરકારે મેરી ટાઇમ કલસ્ટર એક નવો પ્રોજેકટ હાથ ઉપર લીધો છે. આપણે સૌ જાણીએ છીએ કે સીંગાપુર, લંડન આ બધા વિશ્વભરમાં પોર્ટની દિશાની અંદર એમને અનેક નવા સિમાચિહ્નો સર કરેલા છે. પરંતુ આ રાજયના બંદરકાંઠાઓ ઉપર આવેલા બંદરો એમાં મેરી ટાઇમ સર્વિસ હોય, એની કોર્મશિયલ સર્વિસ હોય અને આ બધું જ અહીંયા આપણે અવલેબલ નહિ કરવાના કારણે એ કાં તો સીંગાપુર કે લંડન જતું રહે એના કારણે આપણે વિદેશી હુંડિયામણનું મોટું નુકસાન થાય એવા સંજોગોમાં આ મેરી ટાઇમ કલસ્ટરના નવા કોન્સેપ્ટ સાથે ગુજરાત આ પોર્ટની ઇન્ડસ્ટ્રીઝની અંદર આગળ આવી રહ્યું છે. આ સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ગુજરાતની અંદર આખા દેશના કુલ આટલો મોટો કાર્ગો કરવાની ક્ષમતા હોય ત્યારે એ પોર્ટના પ્લેસીસ ઉપર નવા મૂડી રોકાણો આવે એ પોર્ટના લોડીંગ અને અનલોડીંગ સાથે સીધા અને આડકતરા ઇન્સલરી ઇન્ડસ્ટ્રીઝ અને એના માધ્યમથી એક અંદાજ પ્રમાણે એક લાખ કરતાં વધારે લોકોને અત્યારે આપણા પોર્ટ ઉપર રોજગારી મળે છે. આગામી દિવસોમાં આ રોજગારીની માત્રા વધવાની છે તેવા સંજોગોમાં ગુજરાતના યુવાનની મેરી ટાઇમ રીલેટેડ સ્કીલ ડેવલપ થાય એના માટે રાજય સરકારે ગુજરાતની અંદર મેરી ટાઇમ યુનિવર્સિટી બનાવવાનો આ વખતના બજેટની અંદર નિર્ધાર કરેલો છે. અત્યારે આખા દેશમાં ૧૩૦ કરતાં વધારે ડીજી શીપીંગ તાલીમ સંસ્થાઓ છે, જેની અંદર બધા પ્રશિક્ષિત થતા હોય છે, પરંતુ આ પ્રમાણે પ્રશિક્ષિત કરીને આપણે આપણી માનવ સંપદા ત્યાં સક્ષમ રીતે પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે.

અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ એ આપણું નજરાણું છે. આ અલંગ શીપ બ્રેકીંગ યાર્ડના માધ્યમથી સમગ્ર રાજયની અંદર મહત્તમ રોજગારી પેદા થાય આ શીપ બ્રેકીંગ યાર્ડની અંદર એક નવો કોન્સેપ્ટ ઇન્ટર નેશનલ કોર્પોરેશન એજન્સી જાયકાની મદદ લઇને ૧૧૦૪ કરોડ રૂપિયાનો પ્રોજેકટ હાથ ઉપર લીધો છે. આ પ્રોજેકટમાં એવું છે કે અલંગની અંદર જે શીપ આવે છે અને એ શીપમાં પેટ્રોલીય પ્રોડકટ હોય, ક્રુડ પ્રોડકટ હોય અને એને તોડવાની પ્રક્રિયામાં જો એની પૂરતા પ્રમાણમાં સફાઇ કરવામાં ન આવે તો ગમખ્વાર અકસ્માતો સર્જાય છે. કેટલાક માનવ મૃત્યુ થતાં હોય છે એવા સંજોગોમાં ડ્રાય ડ્રોપ બનાવવામાં આવશે અને ડ્રાય ડ્રોપની ટેકનોલોજીના માધ્યમથી આ પ્રમાણેના અકસ્માતોની માત્રા ઘટે એના માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ૭૦ જેટલા પ્લોટોનું અપગ્રેડેશન કરવામાં આવેલ છે. અલંગની અંદર કામ કરતાં કામદારો અને આ કામદારોની પણ સુવિધા વધે. તેમને પણ પોતાનું મકાન મળે, તેના માટે ૧૦૦૮ જેટલા મજૂરોને આવાસની સુવિધા મળે, તેમને હાઉસીંગ, હોસ્પિટલ અને મજૂર કલ્યાણની પ્રવૃત્તિઓનું પણ માનવસંપદાને અનુલક્ષીને સુવિધા માટેનું રાજય સરકારે આયોજન કર્યું છે. કોઇ પણ કામની અંદર સ્કીલ ડેવલપમેન્ટ અગત્યનું છે. તેમાં જયારે હેઝાર્ડસ એકમો સાથે કામ કરતા હોય એવા સંજોગોમાં ભારત સરકારનો સાગરમાલા પ્રોજેકટ છે તેના હેઠળ જોખમી પ્રકારની કામગીરી હોય તેને અદ્યતન તાલીમ મળે તેના માટેનું આયોજન કર્યું છે. એકલા અલંગનું વાર્ષિક ટર્નઓવર ૧૦૦૦ કરોડ રૂપિયાનું છે અને તેમાં ડાયરેકટ એમ્પ્લોયમેન્ટ ૨૦,૦૦૦ જેટલી મળે છે અને ઇનડાયરેકટ એમ્પ્લોયમેન્ટ ગુજરાતમાં ૧,૦૦,૦૦૦ જેટલી કરવામાં આપણે સફળ રહ્યા છીએ. વિશ્વભરમાં મંદી છે. તેના કારણે અલંગ શીપ બ્રેકીંગમાં પણ તેની નાની–મોટી અસરો જોવા મળે છે. પરંતુ અલંગ શીપ બ્રેકીંગ પોલીસી – ૨૦૧૫ લાવ્યા. તેના આધારે એ લોકોને પ્લોટના ઉપયોગની પરવાનગીનો સમય પાંચ વર્ષનો હતો તે વધારીને ૧૦ વર્ષનો કરાયો છે. પ્લોટ ડેવલપમેન્ટનું પ્રિમિયમ ચાર્જીસ ૨૭૦ પ્રતિ ચોરસ મીટર, પ્રતિ વર્ષ રહેશે અને પ્લોટનું ભાડું રૂ. ૮૦ પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રહેશે. આમ આપણે અલંગ શીપ બ્રેકીંગ પોલીસી–૨૦૧૫ના માધ્યમથી તેમાં ટ્રાન્સપરન્સી લાવીને આ ઉદ્યોગને મદદરૂપ થવા માટેનો પ્રયાસ કર્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે હાઇવેનો ટ્રાફિક દિનપ્રતિદિન વધતો જાય છે. હાઇવે પર જે પ્રમાણે વાહનો, ડિઝલ અને પ્રદૂષણની સમસ્યા થતી જાય છે. એવા સંજોગોમાં ખંભાતની ખાડીમાં રો–રો ફેરી સર્વીસની યોજના આપણે અમલમાં મૂકી છે. તેના ટર્મીનલના કામોનો ૨૨૩ કરોડનો પ્રોજેકટ પ્રગતિમાં છે. તેમાં અત્યાર સુધીમાં ૬૫ ટકા જેટલું કામ પૂર્ણ થયું છે અને મને એ જણાવતા આનંદ થાય છે કે ખંભાતના અખાતમાં ઘોઘા અને દહેજ વચ્ચેની રો–રો ફેરી સર્વીસ ૨૦૧૭ સુધીમાં પૂર્ણ થશે. તેના કારણે ૩૬૦ કિલોમીટર કાપવા માટે જે સાત કલાકનો સમય જતો હતો એ માત્ર ૩૧ કિલોમીટર જેટલું અંતર દોઢ કલાકમાં કાપી શકાશે અને તેની ક્ષમતા ૧૦૦ જેટલી માલવાહક ટ્રકો, ૫૦૦ જેટલા મુસાફરો, પેસેન્જર કાર અને આખેઆખું બધું ચડાવીને ટ્રાન્સ્પોર્ટેશન કરીશું, જેના કારણે પ્રદૂષણ અને રોડ ઉપરના અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની શીપ બિલ્ડીંગની પણ કટિબદ્ધતા છે. તેના માધ્યમથી પણ શીપ બિલ્ડીંગના નાના–મોટા કામો હાથ પર લીધા છે. શીપ બિલ્ડીંગના સંદર્ભમાં વૈશ્વિક મંદીના કારણે તેમાં આપણે અપેક્ષા પ્રમાણે કરી શકયા નથી. સાથે સાથે મેરીટાઇમ બોર્ડ હસ્તકના કામો છે તેમાં બંદરોનો વિકાસ, ડ્રેજીંગ અપગ્રેડેશન, એન્વાયરમેન્ટલ અને સેફટી રીલેટેડ કામોને આપણે પ્રાયોરિટી આપી છે. તેના જતન માટેની અનેકવિધ વ્યવસ્થા હાથ ઉપર લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો અને ગુજરાતની સમૃદ્ધિને જોઇને અનેકવાર અનેક આતંકવાદીઓનો ડોળો ગુજરાતની ધરતી ઉપર ફરતો હોય છે. ગુજરાતના ઉદ્યોગોને હેરાન–પરેશાન કરવી, ગુજરાતની પ્રજાને હેરાન–પરેશાન કરવા, ગુજરાતની પ્રગતિમાં અવરોધ ઉભો કરવા માટે એવા આતંકવાદી તત્વો સફળ ન થાય અને ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠે આવેલા બંદરોની સુરક્ષા આપણે સારી રીતે કરી શકીએ તે માટે ૧૦૦ કરોડના ખર્ચે આ વખતે એસ.આર.પી.ની નવી બટાલિયન રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવી છે. મેરી ટાઇમ બોર્ડ દ્વારા બોર્ડની ખાલી જગ્યાઓમાં સીધી ભરતીથી નિમણૂંક કરવામાં આવશે અને ઇઆરપી, પીઓએમએસ, આઇએસએમએસ અને આઇટી ક્ષેત્રના માધ્યમથી આખેઆખી સિસ્ટમનું મોર્ડનાઇઝેશન કરવાનો રાજય સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. વિરોધપક્ષના સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ દ્વારા એવું કહેવામાં આવ્યું કે વીટીએમએસ કંપનીને વધારે પૈસા ચૂકવવામાં આવે છે. એમના મુદ્દામાં મારી પાસે માહિતી છે એ પ્રમાણે વીટીએમએસનો આક્સનોર કંટ્રોલ કંપની સાથે કરાર થયો હતો. એમાં ખાનગી રોકાણકારોને ૧૫ ટકા નફો મળે એવી જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ આપના દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે અને એમાં મારી સમજણ છે અને માહિતી છે એ પ્રમાણે કુલ આવકની તમે ગણતરી કરી હોય તેમ જણાય છે. એ આવકમાંથી ઓપરેશનલ ખર્ચ બાદ કર્યા બાદની જે રકમ રહે એનો નફો ૧૫ ટકાની મર્યાદામાં રહેવો જોઇએ એવો એમાં કરાર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.સી. અને એસ.ટી.ને આપવામાં આવેલ પ્લોટના સંદર્ભમાં મારી પાસે માહિતી છે એ આપું છું. પોલિસી ૨૦૧૫ મુજબ જરૂરી વિસ્તાર છે એમાં એસ.સી.ને ૮ અને એસ.ટી.ને ૧૬ પ્લોટ આપવામાં આવ્યા

હતા. જે મર્જર પછી એસ.સી.ને ૬ અને એસ.ટી.ને ૧૧ પ્લોટ ઉપલબ્ધ છે. એટલે રાજ્ય સરકારે જે નીતિ બનાવી છે એ નીતિને પરિપૂર્ણ કરવાની દિશામાં કાર્યરત છે. આમ ગુજરાતમાં પોર્ટ ડેવલપમેન્ટ અને તેના માધ્યમથી આ રાજ્યનો વિકાસ થાય, રાજ્યના યુવકોને રોજગારી મળે અને ગુજરાતની સમૃદ્ધિના દ્વાર ખૂલે એવો રાજ્ય સરકારનો પ્રયાસ રહેલ છે.

માહિતી અને બંદર વિભાગ ઉપર બંન્ને પક્ષના ઘણા બધા સભ્યોએ બહુ અસરકારક રજૂઆત કરી છે. માહિતી વિભાગ એ ગુજરાતનું હાર્ટ છે. માહિતી વિભાગ એ સંવેદનશીલ વિભાગ છે. સાથ શબ્દોનો અને નાદ વિકાસનો એ માહિતી વિભાગનો મંત્ર છે. ગુજરાતને પ્રેમ કરે એ મારો આત્મા છે અને ભારતને પ્રેમ કરે એ મારો પરમાત્મા. આ એક માત્ર શુભ નિષ્ઠાથી માહિતી વિભાગ કામ કરે છે. ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત, એક ભારત શ્રેષ્ઠ ભારત બને એ કલ્પનાને સાકાર કરવા માટે કામ કર્યું છે. પ્રગતિ, પ્રતીતિ, પરિણામ અને પ્રત્યાયનની એકપણ ક્ષણ ગુજરાતના વિકાસ માટે આ માહિતી વિભાગ જવા દેતું નથી. માહિતી વિભાગના કારણે શાસન અને સમાજની વચ્ચે સંવાદિતા સર્જાય છે અને માત્ર રૂટીંગ નહીં પરંતુ મોર્ડન ટેકનોલોજીના અપગ્રેડેશનથી પ્રજા સાથે સંવાદ શાધ્યો છે. કલ્યાણકારી ભાવનાને ચરિતાર્થ કરવા માટે અને લોકાભિમુખ વહીવટ એ રાજ્યનું સૂત્ર છે ત્યારે સમાજને ગુમરાહ કરવાવાળા કોઇ તત્ત્વો સફળ ન થાય, તુષ્ટીકરણની રાજનીતિને જાકારો આપીને વિકાસની રાજનીતિના નવા સંદેશ સાથે માહિતી ખાતુ સમગ્ર ગુજરાતમાં સૌનો સાથ અને સૌનો વિકાસ સાથે ગતિશીલ ગુજરાતની ગતિને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્ત્વ હેઠળ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. મેં અગાઉ કહ્યું તેમ ધ વર્લ્ડ ઇઝ ગ્લોબલ વિલેઝ અને કોઇપણ વાત કરવી હોય તો સામેવાળો વ્યક્તિ જે ભાષામાં વાત સમજી શકે તે ભાષામાં વાત કરવી જોઇએ. ગુજરાતની અંદર યુવાનો ઇન્ટરનેટ, ફેસબૂક, ટ્વીટર અને સોશિયલ મિડિયા સાથે જોડાયેલ છે. આપણા યુવાનોને ગુમરાહ કરવામાં કોઇ સફળ ન થાય તે માટે માહિતી વિભાગ, ઇન્ટરનેટ, સોશિયલ મિડિયા, ફેસબૂક, ટ્વીટરના માધ્યમથી ગુજરાત સરકારની વિકાસની યશગાથા અને યુવા સ્વાવલંબન યોજના હોય તો એને ત્યાં પહોંચાડવાનું કામ આ વિભાગ કરે છે અને એના સફળ પરિણામ જોવા મળ્યા છે. આ યુવા સ્વાવલંબન યોજના જાહેર થયાને આજે ૪ મહિના જેટલો સમય થયો. આ ૪ મહિનાના સમયમાં એક હજર કરોડની આ યોજનામાં ૭૩.૪૯ લાખ લોકો સુધી એનો લાભ પહોંચાડવાનું સફળ કામ કોઇએ કર્યું હોય તો માહિતી વિભાગના રોલના કારણે થયું છે. (અંતરાય) કોઇ વિવાદ નહીં, ખાલી સંવાદ. આ રાજ્ય સરકાર પ્રજાના પ્રશ્નોથી મૂંઝાતી નથી. માનનીય રમણભાઇ વોરાએ આ સન્માનનીય સભાગૃહમાં નિયમ ૪૪નું નિવેદન કર્યું એમાં ૧લી એપ્રિલથી ગુજરાતના તાલુકે તાલુકે અમે જવાના છીએ અને લોક સંવાદ સેતુ નીમવાના છીએ અને એના માધ્યમથી પ્રજાના પ્રશ્નોના પ્રજાના દ્વારે જઇને અસરકારક પરિણામો લાવવા માટે આ લોક સંવાદ સેતુનો પ્રયાસ કરવાના છીએ. આ સંદેવનશીલ સરકાર છે. ગુજરાતભરના ગામડાંમાંથી કોઇ બી.પી.એલ. પરિવાર હોય કે જેની ૧.૨૦ લાખથી ઓછી આવક હોય અને પરિવાર દુઃખી હોય એને મુખ્યમંત્રી અમૃતમ, મા યોજનાના કાર્ડ આપ્યા, વાત્સલ્ય યોજનાના કાર્ડ આપ્યા અને એના માધ્યમથી જેની આગળ–પાછળ કોઇ નથી, જ્યારે કોઇ ગંભીર રોગ થાય ત્યારે એને મોત સિવાય કોઇ વિકલ્પ ન હોય એવા સંજોગોમાં આ યોજનાના માધ્યમથી ગુજરાતના ગરીબોને નવી જિંદગી આપવા માટેનું કોઇએ કામ કર્યું હોય તો ગુજરાતની આ સંવેદનશીલ સરકારે કર્યું છે. એનું શ્રેય કોઇને આપવાનું હોય તો માહિતી ખાતાને આપવાનું થાય છે. આ સરકારનો માહિતી વિભાગ મિશન મોડમાં કામ કરે છે અને લોકશાહીની વાતને નગારે ઘા મારીને ઢોલ પીટીને લોકોની સમક્ષ જવાનું છે. ગુજરાતના ફિલ્મ ઉદ્યોગ માટે એક નવી પોલિસી લાવ્યા અને આ નવી પોલિસીના માધ્યમથી જે પહેલાં એક લાખ મળતા હતા એની જગ્યાએ ૫૦ લાખ સુધીના એવોર્ડ આપવા માટે અને એની સાથે મહિલા સશક્તિકરણ અને બાળ વિકાસ માટે ઉત્તમ કામ કરે તો એમાં ૨૫ ટકા વધારે અને રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય માટે એવોર્ડ મેળવે તો ૨ કરોડથી ૫ કરોડ સુધીની સહાય આપવાની થાય છે. આપણે સૌ વિધાનસભા ગૃહનું કામકાજ કરીએ છીએ એ લોકશાહીના ધબકારાના માધ્યમથી ગુજરાતની પ્રજા સુધી નિયમિતપણે પહોંચાડીએ છીએ. આ લોકશાહીના ધબકારાને ઉત્તમ રીતે સંકલિત કરીને ગુજરાતની પ્રજા સુધી પહોંચાડવાનું કામ કરતો હોય તો માહિતી વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતનું ઝમીર અને ખમીર અને એનું વાસ્તવિક સ્વરૂપે નિરૂપણ કરતો હોય તો એ ગુજરાતનો દિપોત્સવી અંક છે અને એના માધ્યમથી આપણે વિશ્વની અંદર જોડાયેલા છીએ. આ એમને એમ નથી થતું. પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર, જેને ગુજરાતના વિકાસની ઝંખના છે એના આધાર ઉપર માહિતી ખાતું નેશન ફર્સ્ટના આધાર ઉપર આપણે આ આઇડિયા ઓફ ઇન્ડિયા લોકોની વચ્ચે કરીએ છીએ. શ્રીમતી આનંદીબેન પટેલની સરકાર સહિષ્ણુ સરકાર છે. ત્રણ વર્ષથી જેન્ડર બજેટ, માતા મૃત્યુ દરમાં ઘટાડો, બાળ મૃત્યુ દરમાં ઘટાડો કર્યો, ગરીબ, દલિત અને આદિવાસીઓના ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ અને આટલા સારા કામો હોય તો ગાંધારીની જેમ પાટો બાંધીને બેસી ન રહેવાય. એની વાત લોકો સુધી પહોંચાડવી જોઇએ. મને જણાવતા આનંદ થાય છે કે ગુલામીની જંજીરમાંથી દેશને આઝાદી અપાવનાર ભગતસિંહ, સુખદેવ વિગેરેની શહિદી બાદ મહામૂલી આઝાદી મળી અને એ આઝાદીના જતન માટે

ગુજરાતના યુવાનોમાં રાષ્ટ્રવાદનું જતન થાય એ પણ આ ગુજરાત સરકારની સંકલ્પના છે. હમણાં હમણાં આ દેશમાં કેટલીક ઘટનાઓ બની અને એ ઘટનાઓના કારણે આપણે સૌ વિચલિત થઇ ગયા. •(×××)

શ્રી શૈલેષ મ. પરમાર : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : નાગરિકોને મારવાની વાત થાય છે. વિકાસને રૂંધવાની (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડરની મેં પરવાનગી આપી છે શૈલેષભાઇને, મંત્રીશ્રી. શૈલેષભાઇ આપ, આપના સભ્યોને બેસાડો. બોલો પોઇન્ટ ઓફ ઓર્ડર શેનો છે ? ભાઇ પ્લીઝ, ઓર્ડર, ઓર્ડર. ભાઇ, નટવરસિંહ બાપુ. (અંતરાય)

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### સબ જ્યુડિશ મેટરની ચર્ચાના શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર : શાંતિ રાખો બાપુ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પોતે, સબજ્યુડિશ્યિલ બાબત હોય અને એની ચર્ચા કોઇ સભ્યશ્રી કરતા હોય ત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર કરીને એને રોકે છે પણ આજે એ પોતે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : અરે, સાહેબ કોઇ સબજ્યુડિશ્યિલ નથી.

ઉપાધ્યક્ષશ્રી : ના, ના. તમારા પોઇન્ટ ઓફ ઓર્ડર બોલોને આપ.

શ્રી શૈલેષ મ. પરમાર : એના ઉપર જ આવું છું માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, •(×××) ત્યારે સંસદીય બાબતોના મંત્રી પોતે જે આ સભાગૃહની અંદર પોતાના જ નિયમોને તોડી રહ્યા છે માટે આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે અફઝલની વાત કરું છું, જે અફઝલે આ દેશની સંસદ ઉપર હુમલો કર્યો હતો. નવ જેટલા લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. (અંતરાય) (આ તકે કોંગ્રેસના તમામ સભ્યો તેમના સ્થાનેથી ઉભા થઇ જતાં)

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, એ વિષય આમાં નથી, *(×××), શકિતસિંહજી. અફઝલ ગુરુની વાત કરે છે. વિષય પતી ગયો છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : જેને સર્વોચ્ચ અદાલતે ફાંસી આપી હતી હું એ અફઝલની વાત કરું છું માનનીય અધ્યક્ષશ્રી. અને એ અફઝલનું ઉપરાણું તમે શેના માટે લો છો ? મને એ સમજાતું નથી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ ભૂષણભાઇ, મેં પરવાનગી આપી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપ રામ જેઠમલાણીજીને પૂછી આવજો, આપના સંસદ સભ્ય હતા રામ જેઠમલાણીજી અને એમણે અફઝલ ગુરુને

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : પોઇન્ટ ઓફ ઓર્ડરમાં બોલેને, અમને ખબર છે, અમે પણ વાંચીએ છીએ બધું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : યુ સ્ટાર્ટ, અંદરો અંદર ચર્ચા શું કામ કરો છો ? (અંતરાય) ભાઇ પ્લીઝ, ઓર્ડર ઓર્ડર.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે નિરીક્ષણ કર્યું હશે. ખૂબ શાંતિપૂર્વક મારા પક્ષના સભ્યશ્રીઓ, માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, જે બાબત એમના પાસે મટિરીયલ ખૂટી ગયું હોય તો કહી દે કે મટિરીયલ પુરું થઇ ગયું છે. બિનજરૂરી જેને આજની માગણીઓ પરની ચર્ચામાં કોઇ સ્થાન નથી. આપણે આવી જ વાત કરીશું તો જમ્મુ કાશ્મીરમાં આપે જેની સાથે સરકાર બનાવી એ અફઝલ ગુરુના સમર્થકો હતા પી.ડી.પી. અને અફઝલ ગુરુને ફાંસીએ ચઢાવનાર કોંગ્રેસ પાર્ટી હતી, (અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એમાં કોઇ ના નહીં પાડી શકે. આ રીતની વાતનો કોઇ મતલબ નથી.

ઉપાધ્યક્ષશ્રી : શકિતસિંહજી, આપ બેસી જાવ, આપને સાંભળી લીધા. ચાલો શરૂ કરો. (અંતરાય) ના, આમાં કાંઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. (અંતરાય) ચાલુ રાખો માનનીય મંત્રીશ્રી. ધેર ઇઝ નો પોઇન્ટ ઓફ ઓર્ડર, (આ તકે શ્રી બલવંતસિંહજી તેમના સ્થાનેથી ઉભા થઇ જતાં) નો, નો, નો. (અંતરાય) નો, નો, નો. તમે પ્લીઝ સીટ ડાઉન

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ હું એ જ ચર્ચાની વાત કરું છું (અંતરાય) આ દેશની લોકસભાની અંદર (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પૂર્ણેશભાઇ. (અંતરાય) આપ બેસી જાવ. પ્લીઝ, ભાઇ બલવંતસિંહજી, (અંતરાય) માનનીય મંત્રીશ્રી એક મિનિટ. એક મિનિટ ભાઇ, પ્લીઝ બેસી જાવ. આપ બોલોને પણ, કોને બોલવું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અમને સાંભળતા પણ નથી તમે, આવું ચાલે ?

ઉપાધ્યક્ષશ્રી : મેં બેસાડ્યા છે, ભાઇ બલવંતસિંહજી (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં ચાલે, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ બેસો પ્લીઝ, આપ બેસી જાવ શકિતસિંહજી પ્લીઝ, પ્લીઝ. ભાઇ બેસી જાવ. ભાઇ બલવંતસિંહજી આપ બોલી શકો છો, આપ બોલોને પણ. ભાઇ ડો. જોષીયારા પ્લીઝ શીટ ડાઉન, પ્લીઝ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પહેલાં મને સાહેબ સાંભળી લો એક વાત

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ શૈલેષભાઇ, આપના નેતા બોલે છે. પ્લીઝ પુનમભાઇ. ગૃહના વાતાવરણમાં શાંતિ જળવાય, બાપુ એક મિનિટ, મેં એમને કહ્યું છે, બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીએ જયારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો, માનનીય શકિતસિંહ સાહેબ બોલ્યા, માનનીય પ્રદિપસિંહ સાહેબ બોલ્યા આપે કશું જજમેન્ટ વગર.

ઉપાધ્યક્ષશ્રી : ના, ના, મેં કહ્યું છે ઓલરેડી કે ધેર ઇઝ નો પોઇન્ટ ઓફ ઓર્ડર. ઇટસ માય જજમેન્ટ. પતી ગઇ વાત પછી એની પર ચર્ચા ન થાય. એ સિવાય બીજું આપે બોલવું હોય તો બોલો. શૈલેષભાઇ, આપ બેસો. આપના નેતા બોલે છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ફમર્મેશન માટે મને ખબર તો પડે એમણે કોર્ટના શબ્દોની પણ વાત કરી આપના તરફથી અમે એટલી જ અપેક્ષા રાખતા હતા કે આપ શું બોલ્યા? શબ્દો દૂર કરો.

ઉપાધ્યક્ષશ્રી : એ કોર્ટ મેટરના શબ્દો દૂર થશે. બેસી જાવ. પ્લીઝ, અંદર અંદર ચર્ચા ન કરો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમે ભારત માતાના સંતાનો છીએ. અમારા કણકણની અંદર રાષ્ટ્રવાદ વસે છે. અમે રાષ્ટ્રદ્રોહીઓ સામે બોલવાના.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી , આપ માગણી પર આવો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માગણી પર જ આવું છું. આ દેશની લોકસભાની અંદર અફઝલના સંદર્ભમાં ચર્ચા થઇ છે. અમે એ પાર્ટીના કાર્યકર્તાઓ છીએ જે પાર્ટીના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે મહામંત્રી હતા ત્યારે કાશ્મીરના શ્રીનગરના લાલ ચોકમાં ભારત માતાનો તિરંગો ઝંડો આતંકવાદીઓએ ફરકાવવાની ચેલેન્જ કરી હતી. આતંકવાદીઓની ગોળીઓની મ્હોં ફાડ વચ્ચે જેણે ભારત માતાનો તિરંગો ઝંડો ફરકાવ્યો હતો અમે એ પાર્ટીના (અંતરાય)

અધ્યક્ષશ્રી : શકિતસિંહજી, (અંતરાય) ભાઇ, બેસો. શકિતસિંહજીને પરવાનગી આપી છે. (અંતરાય–સુત્રોચ્ચાર)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પાના નં. ૩૧૨ તરફ આપનું ઘ્યાન આકર્ષિત કરીને જે પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે, જે પરંપરાઓ છે આ ગૃહની અને એ સંસદીય મંત્રીશ્રી ન તોડે કમ સે કમ એટલા માટે હું આપનું માર્ગદર્શન ઇચ્છું છું. નિર્ણય ક્રમાંક – જપજ, પાના નં. ૩૧૨. તા. ૯ ફેબ્રુઆરી ૧૯૮૪ના રોજ શાંતિલાલ પી. પટેલ દ્વારા રજૂ કરેલ ગુજરાત વિધાનસભાના પક્ષપલટા વિરોધી વિધેયક ૧૯૮૩ની ચર્ચામાં ભાગ લેતાં માનનીય વિરોધ પક્ષના નેતા દલસુખભાઇ ગોધાણીએ અમુક વિધાનસભાના સભ્યો અંગેના ઉલ્લેખ કર્યા ત્યારે નટવરલાલ શાહે નીચે પ્રમાણે નિર્ણય આપ્યો. “આ વિધાનસભાની અંદર કોઇ વિધાનસભાઓના દાખલ આપી શકાય નહીં, કોણે શું કર્યું એ કહી પણ શકાય નહીં, આપે જે વાત કરવી હોય (અંતરાય) લોકસભા, એ તો વધારે સિરિયસ થયું માનનીય સંસદીય બાબતોના મંત્રી, જયારે વિધાનસભા ગૃહમાં બીજા વિધાનસભા ગૃહની વાત ન થતી હોય તો લોકસભાની તો થઇ જ ન શકે. કારણકે એ વધારે ગંભીર, આપણું ઉપરી ગૃહ છે અને સવાલ એટલો જ છે કે આજે માગણીઓ પરની ચર્ચા (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર આવી ગયોને?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ત્રીસ સેકન્ડમાં પૂરું કરીશ. આ મુદ્દો એટલા માટે ઉપસ્થિત થયો છે કે માગણીઓ પરની ચર્ચા ચાલે છે. અમે ખૂબ શાંતિથી આપને સાંભળતા હતા અને હજી સાંભળવા માગીએ છીએ. મહેરબાની કરીને બિનજરૂરી જે વસ્તુ નથી થઇ શકતી એ કરીને શા માટે ગૃહ ઓર્ડરમાં ન રહે એવું મંત્રીશ્રી કરે છે?

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, મહેરબાની કરીને બંને બાજુના સભ્યો શાંતિ જાળવે. મેં કહ્યું માનનીય મંત્રીશ્રી માગણી પર જ આવશે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ પોતાના પ્રવચનમાં સુપ્રિમ કોર્ટનો ચૂકાદો ટાંકીને એમણે જે વાત કરી કે સુપ્રિમ કોર્ટના ચૂકાદાની જે જાહેરખબરો આપે છે એ ખબરોની અંદર મેન્ટેન નથી થતી. સુપ્રિમ કોર્ટના ચૂકાદાનો આ સરકાર ફોટા છાપવા બાબતમાં ચુસ્તપણે અમલ કરે છે અને કોઇ કાર્યક્રમની અંદર વડાપ્રધાનની સાથે મુખ્યમંત્રી હોય તો વડાપ્રધાન અને મુખ્યમંત્રીશ્રીનો સાથે ફોટો હોય તો એ પ્રમાણે જે જાહેરાતો પ્રસિદ્ધ થઇ છે તેનો તે પ્રમાણેનો ઉલ્લેખ થયેલ છે. *(×××) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : જે સભ્ય નથી એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. ચાલો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : મહિલા દિન નિમિત્તે(અંતરાય) તેજશ્રીબેન, મહિલા દિનની વાત કરું છું. મહિલા દિન નિમિત્તે ગુજરાતની જે પ્રતિભાશાળી મહિલાઓના ફોટા સાથેની જાહેરાત હતી, એના સંદર્ભે કદાચ કોઇને વાંધો હોય, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી એ માત્ર મુખ્યમંત્રી નથી. એ ગુજરાતના પ્રતિભાશાળી મહિલા મુખ્યમંત્રીશ્રી, એના કારણે એમનો ફોટો છપાયો છે. આ સરકીટ હાઉસની અંદર પત્રકારો મિત્રો માટે કોઇ સમસ્યા નથી. પત્રકારોને બસમાં પણ સુવિધા આપવામાં આવે છે. એમના શબ્દોની અંદર હતું કે લોકશાહીમાં ટીકાકારને સામે સ્થાન હોવું જોઇએ. હું યાદ કરાવવા માગું છું કે *(×××)

પૅાઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એક વખત નહિ, અનેક વખતના નિર્ણયો છે. એ વખતે પણ એક સરકાર હતી. કોઇપણ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની ટીકા આપણે નથી કરી શકતા. આ બહુ સ્પષ્ટ નિયમોથી જોગવાઇ છે. અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો છે. એ વખતે જે સરકાર હતી તે સરકારોએ કરેલ નિર્ણય એની ટીકા આ ગૃહમાં કરવાની હોય તો •(×××)

ઉપાધ્યક્ષશ્રી : આપના અને એમના શબ્દો પણ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. ચાલુ રાખો આપ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પત્રકારોના હિતોની વાત કરી. આ વિધાનસભા ગૃહની અંદર રેકોર્ડ ઉપર જે કમિશનનો રિપોર્ટ મૂકાયો છે. તે કમિશનના કેટલાક અવતરણ પૂરા નથી ટાંકતો. ગુજરાતના અગ્રગણ્ય અખબાર ઉપર હુમલો કરીને એના માલિકોને, પત્રકારોને સળગાવવા માટેનું કાવતરું કોણે કર્યુ હતું? આજે પત્રકારોના હિતોની વાત કરે છે.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એમનો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

પૅાઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ જ્યારે કહીએ છીએ ત્યારે તેનો પાનાં નંબર અને સંદર્ભ કહીએ છીએ. આપ જે માનનીય મંત્રીશ્રી અહેવાલ કહે છે એ અહેવાલની તારીખ, કયા કમિશનનો અહેવાલ હતો અને કયા પાનાં ઉપરનાં કયા અવતરણ ટાંકે છે તે કહીને કહો?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પાનાં નંબર નથી. જે.સી.શાહ કમિશનનો(અંતરાય)જસ્ટીસ શાહ કમિશનનો રિપોર્ટ હતો.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કમિશનનું નામ આપને આપી દીધું છે. કમિશનનું નામ ઓલરેડી આપી દીધું છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આપી દીધું છે, એટલે પાનાં નંબરનો ઉલ્લેખ ન હોય.

ઉપાધ્યક્ષશ્રી : પાનાં નંબર પાછળથી રજૂ કરશે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આખું ગુજરાત જાણે છે. આખું ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : પાનાં નંબર આપશે આપણને. બેસી જાઓ.(અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : જસ્ટીસ દવે કમિશન. જસ્ટીસ દવે કમિશન.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે એક મિનિટ છે.(અંતરાય) પૂનમભાઇ શેના માટે ઊભા કરો છો બધાને? બેસી જાઓ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : છેલ્લે હું એટલું કહીશ. અટલજીના શબ્દોમાં હું એટલું કહેવા માગું છું કે– ''તુમ ક્યા જાનો આઝાદી ક્યા હોતી હૈ, તુમ્હે મુફ્તમે મીલી ન કોઇ કિંમત ચૂકાઇ હૈ. અંગ્રેજો કે બલ પર દો દો ટૂકડે પાએ હૈ. મા કો ખંડિત કરકે તુમકો લાજ ન આઇ હૈ''.

ઉપાધ્યક્ષશ્રી : નટવરસિંહજી પ્લીઝ તમે.(અંતરાય) એમાં કયાં કઇ ખોટું બોલે છે? મહેરબાની કરીને કોઇ સભ્ય બોલે નહિ? પ્લીઝ.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ માહિતી વિભાગ અને બંદર વિભાગની રાજ્ય સરકાર દ્વારા જે માગણીઓ છે, એના સમર્થનમાં હું આપ સૌ પાસે મારા વિચારો રજૂ કર્યા છે અને કાપ દરખાસ્તો પાછી ખેંચવા માટે આપ સૌની પાસે અપેક્ષા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે બંને સાથે લઇશું. માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા. માનનીય મંત્રીશ્રી ઉભા થઇ ગયા છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી મારા સામાન્ય વહીવટ વિભાગની ચર્ચા વખતે ૧૨ જેટલા સદસ્યશ્રીઓએ ખૂબ સારી વાત કરી છે. હવે મારી બાજુ જુઓ. મારો સામાન્ય વહીવટ વિભાગ આપણે બધા જાણીએ છીએ તેમ રાજ્ય સરકારની કરોડરજ્જુ છે. એક સારું ધબકતું હૃદય હોય તે જરૂરી છે અને તેવું જ કામ આ મારો સામાન્ય વહીવટ વિભાગ કરી રહ્યો છે. જયારે સામાન્ય વહીવટ વિભાગની વાત થતી હોય ત્યારે સ્વાભાવિક રીતે સરકાર, સરકારની વાણી, વર્તન, આચાર બધી બાબતો તેમાં હોવી જોઇએ. મારે નજીકના વર્ષોની વાત કરવી છે. આપણે ૨૦૧૦માં ગુજરાતમાં સ્વર્ણિમ જયંતિ મહોત્સવની ઉજવણી કરી હતી. તે સ્વર્ણિમ જયંતિ મહોત્સવની ઉજવણી કરી ત્યારે દેશના લોકલાડીલા વડાપ્રધાન, ગુજરાતના પનોતા પુત્ર અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ એવું કહેલું કે ગુજરાતની આજદિન સુધીની જે પ્રગતિ છે તે કોઇ એક સરકારને આભારી નથી, કોઇ એક વ્યક્તિને આભારી નથી. ગુજરાતની શરૂઆત થઇ ત્યારથી આજદિન સુધી આવેલી તમામ સરકારોએ પોતાની લાગણી પ્રમાણેના સારા પ્રયાસો કર્યા છે અને તેના પરિપાકરૂપે આજે ગુજરાત આ સ્થિતિએ આવીને ઉભું છે. એ વાત કરી છે ત્યારે રાજય સરકારનું કર્તવ્ય એ છે કે જે જે સરકારોએ સારી સારી કામગીરી કરી હોય તેને આગળ વધારવી જોઇએ. પોતાની સરકારની સારી વાતો પણ તેમાં ઉમેરવી જોઇએ. પરંતુ તકલીફ એ છે કે તમે જે વાતો ઉભી કરી હોય તે વાતોની આ સરકારની ટીકા કરો તો મને લાગે છે કે તે વ્યાજબી નથી. હું મારા મુદ્દા ઉપર આવું તે પહેલાં જોષીયારાજી મારા શેઢા પાડોશી છે, સારા મિત્ર છે, ૧૯૯૫માં સાથે કમળના નિશાન ઉપર ચૂંટણી લડ્યા હતા એટલે એમની વાતથી શરૂઆત કરું. એમણે એવું કહ્યું કે રાજય સરકારના અધિકારીઓને એક વિચારસરણી સાથે એડજસ્ટ થવું પડે છે. આ સ્વીકારીને ચાલવું જોઇએ. કોઇપણ પોલિટીકલ પાર્ટી તેનો મેનીફેસ્ટો તૈયાર કરતી હોય છે. તે મેનીફેસ્ટોના પ્રમાણે જે તે સરકારે પાંચ વર્ષ કામ કરવાનું હોય છે. એટલે તે મેનીફેસ્ટોમાં કરેલા કામો પ્રમાણે અધિકારીઓએ વર્તવું જ પડે, એડજસ્ટમેન્ટ કરવું પડે અને પ્રજાહિતના કામો કરવા પડે. એમણે અને ઘણાબધા સભ્યોએ ફીકસ પગારની વાત કરી છે, કોન્ટ્રાકટ પદ્ધતિની વાત કરી છે. બાપુ સાહેબ વચ્ચે કહેતા હતા અને આ વિષય એટલા માટે છે કે આ કોન્ટ્રાકટ પદ્ધતિ અને ફીકસ પગારનું સૌથી પહેલું ભૂત ધૂણ્યું હોય જોષીયારાજી તો તમે જયારે મંત્રી હતા ત્યારે ધૂણ્યું હતું. પછી તમે કહો કે કાયમી કર્મચારી માટે કે હંગામી કર્મચારી હોય ૧૯૬૦ થી આજદિન સુધી ફીકસ પગારની કોઇએ વાત કરી હોય તો તમે જયારે મંત્રી હતા ત્યારે રાજપા સરકાર વખતે આ પદ્ધતિની શરૂઆત થઇ હતી. તમે જે વાત કરી છે અને મેં પહેલાં કહ્યું કે સારી વાતો હોય તે સ્વીકારવી જોઇએ. તમારી આ વાત અમે સ્વીકારી તો પણ તમે ટીકા કરો તે ઠીક નહી. તમારી આ વાત અમે સ્વીકારી તો પણ તમે એની ટીકા કરો એ તો ઠીક નહીંને? અને એટલા માટે મેં કહ્યું કાયમી સરકારી કર્મચારી હોય, હંગામી હોય કોઇ પણ હોય, પહેલી વખતે આ વાત ગુજરાતમાં તમારા વખતમાં બની અને એટલા માટે જ્યારે ફિક્સ પગારની વાત થતી હોય ત્યારે મારે થોડીક વિગતો આ ગૃહના ધ્યાન ઉપર મૂકવી છે. રાજય સરકાર દ્વારા આ ફિક્સ પગારના કર્મચારીઓનો જે પગાર છે એમાં સમયાંતરે વધારો થતો હોય છે. મેં કહ્યું એ પ્રમાણે રાજય સરકારે તા. ૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવથી અગાઉ ફિક્સ પગાર જેનો રૂપિયા ૭૧૦૦ હતા એના આજે ૯૦૦૦ રૂપિયા કર્યા છે, ૭૮૦૦ પગાર હતો એના ૧૦,૦૦૦ રૂપિયા કર્યા છે, ૧૩,૫૦૦ પગાર હતો એના ૧૫,૦૦૦ રૂપિયા કર્યા છે, ૧૩,૭૦૦ પગાર હતો એના ૧૫,૫૦૦ રૂપિય કર્યા છે. મારો કહેવાનો મતલબ આ કર્મચારીઓને પણ કોઇ નુકસાન ન થાય એમ સમયાંતરે આ રાજય સરકારે એમાં વધારો કરેલો છે. એટલું પૂરતું નથી, વિદ્યા સહાયક તરીકે જેની ભરતી કરતા હોઇએ છીએ, તો આ પહેલી સરકાર છે કે, સરકાર જે તે કર્મચારીને ગેરંટી આપે છે કે, તમે આ સરકારમાં કામ કરશો, ફિક્સ વેતનથી કામ કરશો ૫ વરસ થશે એટલે આ સરકાર તમને કાયમી કરશે એના માટેની ગેરન્ટી છે. માત્ર પાંચ વરસ પૂરાં નહીં, ચાર વરસે પણ થઇ શકો, ત્રણ વરસે પણ કાયમી થઇ શકો છો. કોઇનું અવસાન થાય, કોઇ બીજી રીતે જગ્યા ખાલી પડે, આ પ્રકારની વ્યવસ્થા આ રાજય સરકારમાં છે. આ ફિક્સ પગારના કર્મચારીઓની વાત કરું છું ત્યારે મારે કહેવું છે કે, ફિક્સ પગાર આધારિત કોઇ મહિલા કર્મચારી હોય તો એ મહિલા કર્મચારીઓને પણ ૧૮૦ દિવસની પ્રસૃત્તિની રજા આપવામાં આવે છે, એમને પણ ૧૨ પરચૂરણ રજાઓ આપવામાં આવે છે, આકસ્મીક સંજોગોમાં ૧૫ વધારાની રજાઓ આપવામાં આવે છે, કર્મચારીને પોતાની ગંભીર બિમારી અથવા બિમારી કે અકસ્માતના કિસ્સામાં નાણાં વિભાગ થકી એને ખાસ મંજૂરી પણ આપવામાં આવે છે. એટલું પૂરતું નથી, એ કર્મચારી જ્યાં કામ કરે છે ત્યાં કોઇ કારણસર એને ઉપલી જગ્યાનો હવાલો સોંપવામાં આવે તો ૫ ટકા, ૧૦ ટકા વધારાનું મહેનતાણું પણ આ કર્મચારીને આપવામાં આવે છે અને હમણાં આદરણીય પ્રધાન મંત્રીશ્રી વીમા સુરક્ષા યોજના હેઠળ ૨ લાખ રૂપિયાનું વીમા સુરક્ષા કવચ પણ એમને આપવામાં આવેલ છે જેનું પ્રિમિયમ રાજય સરકાર ભરે છે. આમ

આ તમામ કર્મચારીઓને ૨ લાખ રૂપિયાના વીમા કવચથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. એ સાથે સાથે ફિકસ પગારના કર્મચારીઓના પતિ–પત્ની અને બાળકોના કિસ્સાઓમાં એની તબીબી સારવાર માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અમૃતમ યોજના અને માનનીય મુખ્ય મંત્રીશ્રી વાત્સલ્ય કાર્ડ યોજનાનો લાભ પણ આરોગ્ય વિભાગના ૨૪–૮–૨૦૧૫ના ઠરાવથી આપવામાં આવે છે. આમ, આટલા લાભો ફિકસ પગારના કર્મચારીઓને આપવામાં આવે છે. કહેવાનો મતલબ એ છે કે, આ કર્મચારીઓનું પણ શોષણ ન થાય એવા પ્રકારનો રાજય સરકાર પૂરતો પ્રયાસ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શકિતસિંહજીએ જે વાત કરી અને બીજા સભ્યશ્રીઓએ વાત કરી કદાચ બધાની વાતોના જવાબ અમે અહીંયા નહીં આપી શકતા હોઇએ પણ એ બધું જ અમે લખીએ છીએ, એની ગંભીરતાથી નોંધ લઇએ છીએ અને જ્યારે એનો ઉકેલ કરવાનો આવે ત્યારે તમે કરેલા સજેશનો અને તમે ટીકા કરી હોય તો ટીકામાં પણ ક્યાંક સરકારની ખામી તો નથીને એ જોવાનો પ્રમાણિકતાપૂર્વક પ્રયાસ કરીએ છીએ અને આગામી દિવસોમાં અમે આ પ્રમાણેના પ્રયાસો કરતા રહેવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે મંત્રીશ્રીના વ્યવહારની વાત કરી અને એ વાત સાચી છે. ટ્રેઝરી બેચના સભ્યો હોય, સિનિયર સભ્ય હોય એણે પોતાની વાણી–વર્તન અને વ્યવહાર સારો રાખવો જ જોઇએ. એમની વાત સાથે હું સો ટકા સંમત છું અને આપણે બધા જાણીએ છીએ તેમ હજુ થોડાક દિવસો પહેલા જ આદરણીય નીતિનભાઇએ જ્યારે એમનાથી બોલાયું, અમે બે નજીક છીએ એટલે મને ખ્યાલ છે કે, તેઓ બેઠાં પછી એજ વખતે એમની વ્યથા હું સમજી શકતો હતો, પરંતુ મેં કહ્યું કે, નીતિનભાઇ સાહેબ, હવે તો તીર કમાનમાંથી નીકળી ગયું, પણ એ કમાનમાંથી તીર નીકળ્યા પછી કોઇ સિનિયર મંત્રીશ્રી ઉભા થઇને એમ કહે કે, મને આખી રાત ઉંઘ નહીં આવી, આ ગૃહની અંદર હું ૧૯૯૫થી કન્ટીન્યુઝ ધારાસભ્ય છું, ક્યારેય આવી ઘટના બની નથી, તેઓ સિનિયર મંત્રીશ્રી હતા અને હું દિલગીરી વ્યકત કરું છું મને લાગે છે ત્યાં સુધી આ ગૃહની પહેલી ઘટના છે અને એટલા માટે દરેકનો અહીંયા બેઠેલા કે ત્યાં બેઠેલા હોય આપણા બધાનો વાણી, વર્તન, વ્યવહાર સારો હોવો જોઇએ એ વાત અમે સ્વીકારીને ચાલીએ છીએ. પરંતુ એ વાત સ્વીકારીને ચાલીએ છીએ તેમાં મારે બીજી ટીકામાં માનનીય શકિતસિંહજી, સી.ડી.પટેલ સાહેબનું અવસાન કેમ થયું તેમાં મારે નથી પડવું. આદરણીય ચીમનભાઇ પટેલ એ વાત કરવાથી તમને અને મને દુઃખ થાય માટે આપણે એ વાત બાજુ ઉપર મૂકીએ. પરંતુ કહેવાનો મતલબ એટલો છે કે, (અંતરાય) હા, એ પણ વાત રાખો બાકીનુ બધુ ઘણું ( અંતરાય ) આમાં એવુ છે કે મારી પ્રકૃત્તિ એવી છે કે તમે મને સહેજ કહેશો તો મારી ગાડી પાછી બીજા પાટા ઉપર આવી જશે એટલે તમે મને ઓળખી ગયા છો અને મારી કામ કરવાની પદ્ધતિ તમને બધાને ખબર છે એટલે સીધે સીધુ ચાલવા દો એમાં ભલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માનસિંગભાઇએ બે વાતો બહુ સરસ કરી. મને ગમી અને બધાને પણ ગમવી જોઇએ. તેમણે એક વાત એવી કરી કે, " ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે." અમે ઉત્સવો કરીએ ત્યારે તમે બોલો છો અને આ જ મંત્રીશ્રી કહે છે કે ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે. બીજી વાત એમણે કરી કે ગુજરાત રોજગારીમાં પ્રથમ સ્થાને છે અને રહેવું જોઇએ એવુ પણ અમે ઇચ્છીએ છીએ. આ વાત માટે હું તેમને અભિનંદન આપુ છું. તેની સાથે તલાટીની ભરતી વિશે પણ થોડીક વાત કરી લઉં. જોષીયારા સાહેબ અને અમે બધા ભેગાં છીએ ભિલોડા તાલુકો, વાંકાનેર ગામ, ચંપાવત નામ તમે ઓળખો હું ઓળખું, ચૂંટણીના એજન્ટ હવે આપણે તેની લાંબી વાતમાં નહીં પડીએ પણ માનનીય અધ્યક્ષશ્રી, સ્ટાર પ્રચારનો સવાલ પેદા નથી થતો ચૂંટણીના એજન્ટ હતા અને (અંતરાય) મારી વિનંતી છે કે હું સાચા ટ્રેક ઉપર છું પછી (અંતરાય) એક વાત એવી કરી કે સમયસર દાખલા મળતાં નથી તો રાજય સરકારે જે નિર્ણય કર્યો છે તે પ્રમાણે દર વર્ષે જે દાખલાઓ આપતા હતા તેની જગ્યાએ હવે ત્રણ વર્ષે દાખલા આપવાની શરૂઆત કરી છે. આજે એક દાખલો આપ્યો હશે તે ત્રણ વર્ષ સુધી વેલીડ ગણાશે અને ધોરણ–૧૦–૧૨ના પરિણામો આવે એ જ વખતે એને દાખલાનું, જાતિનું પ્રમાણપત્ર તેને તે વખતે મળી જાય તેની રાજય સરકારે વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ વાત કરુ છું ત્યારે શકિતસિંહજીની એક વાત જરા રેકર્ડ પણ કરેકટ થાય અને તેમના ધ્યાન ઉપર પણ આવે તેમાં બીજી કોઇ ટીકા–ટીપ્પણ કરવાનો મારો આશય નથી. તેમણે કહ્યું તે પ્રમાણે ૧૭મી, માર્ચ–૨૦૧૫ના રોજ એક મંત્રીશ્રીએ નિયમ–૪૪ નીચે ગૃહમાં નિવેદન કર્યુ. નિયમ–૪૪ નીચે તેમનું નિવેદન એવુ હતું કે, બટાટાના ભાવ ખૂબ નીચા ગયા છે બટાકા પકવતા ખેડૂતો રાજય બહાર મોકલે તો બજેટમાં અમે ૧૧૫૦ રૂપિયા પ્રતિ મે.ટન ટ્રાન્સપોર્ટ સબસિડી આપીશું. માનનીય મંત્રીશ્રીનું નિયમ–૪૪ નીચે વિધાનસભા ગૃહમાં અને પછી મારા પક્ષના ધારાસભ્યશ્રી ગોવાભાઇએ ૨૦૧૦૫નો પ્રશ્ન ક્રમાંક પૂછયો. ૩૦–૬–૨૦૧૫ના દિવસની સ્થિતિએ બટાકા પકવતા ખેડૂતોને રાજય બહાર નિકાસ થાય ત્યારે સબસિડી આપવાની કોઇ જાહેરાત કરી છે ? તો મંત્રીશ્રીનો જવાબ છે નાજી નિયમ–૪૪ના નિવેદન પછી અને જો હા તો બનાસકાંઠા અને સાંબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને ટ્રાન્સપોર્ટ સબસિડી આપી ? તો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી સબસિડી ચૂકવી નથી આ તેમનું કહેવાનુ હતું. આ વાતને આદરણીય ગોવાભાઇએ જે ૨૦૧૦૫ નંબરનો પ્રશ્ન પૂછયો તે મારે તમારી સમક્ષ કહેવુ છે કે ગોવાભાઇનો પ્રશ્ન એ હતો કે, ૨૭મી ઓગસ્ટ,

૨૦૧૫ના દિવસે પ્રાયોરિટીનો ૨ નંબર હતો અને તા:૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફેબ્રુઆરી, માર્ચ–૨૦૧૫માં થયેલ કમોસમી વરસાદ અને અને કરા પડવાથી બટાટાના પાકને ભારે નુકસાન થતાં રાજય સરકારે બટાટાની નિકાસ માટે ખેડૂતોને ટ્રાન્સપોર્ટ સબસિડી આપવાની જાહેરાત કરેલ છે તે હકીકત સાચી છે? પ્રશ્ન હતો એ કમોસમી વરસાદ અને કરા પડવાના કારણે, અને માનનીય મંત્રીશ્રીએ જે કલમ–૪૪ નીચે નિવેદન કર્યું એ નિવેદન–ગુજરાત રાજયમાં બટાટા પાકમાં વધુ ઉત્પાદનના કારણે ભાવ ઘટાડો અટકાવવા માટે તેમજ આ બટાટા અન્ય રાજયોમાં નિકાસ થાય અને ખેડૂતોને સારા ભાવ મળી રહે તે માટે ટ્રાન્સપોર્ટ સહાય આપવામાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ તા. ૧૭–૩–૨૦૧૫નું નિવેદન એ નિવેદન એ માત્ર બટાકાના સ્થિર ભાવો રહે એની નિકાસ થાય એના માટે હતું. કમોસમી વરસાદ અને કરા માટેનું ન હતું. એટલે વિગત માટે આપ સૌના ઘ્યાન ઉપર મૂકવી છે. રાજય સરકારે તા. ૧૮–૩–૨૦૧૫ના દિવસે એનો જી.આર. પણ ઓલરેડી કરી દીધો છે એટલે આ મોઢાની વાત નથી. આપ પણ જોઇ શકો છો. કહેશો તો મંત્રીશ્રીને, (અંતરાય)એટલે રેકોર્ડમાં એવું ન થાય કે મંત્રીશ્રી નિવેદન કંઇક કરે અને એ પ્રમાણે સરકાર નથી કરતી. મૂળ કહેવાનો મતલબ આટલો હતો.

માનનીય અઘ્યક્ષશ્રી, મારે બીજી બે– ચાર બાબતો ઉપર મારા વિભાગની માગણીઓમાં વાત કરવી છે. આપણે બધા જાણીએ છીએ એમ, બધાને એવું હતું કે ભરતી થવી જોઇએ, સમયસર ભરતી થવી જોઇએ. ઘટ છે, એ વાત પણ સાચી, તથ્ય પણ ખરું, પણ મારે બે –ત્રણ બાબત તરફ આપનું ઘ્યાન દોરવું છે કે, ૧૯૮૪ થી ૧૯૯૪ સુધી આ રાજય સરકારમાં કોઇ ભરતી થઇ નહોતી સરકાર તમારી હતી, વીસ ટકા ભરતીની અંદર કાપ હતો સરકાર તમારી હતી. આજે જયારે ઘટ છે ત્યારે આપણે બધા જાણીએ છીએ કે, કમ્પ્યુટરનો જમાનો છે, આજે મેન પાવર કરતાં મશીન પાવર કમ્પ્યુટર વધારે કામ કરે છે. જે કામ ચાર માણસો કરે એ કામ મશીન કરે છે અને આ કમ્પ્યુટરના જમાનાની અંદર પણ આ રાજય સરકાર નિયમિત કર્મચારીઓની ભરતી થાય એના માટે નિયમિત પ્રયાસો કરે છે. રાજય સરકારે દસ વર્ષનું કેલેન્ડર, જે આ વાત કરીએ છીએ ત્યારે દસ વર્ષના કેલેન્ડરનો મતલબ એટલો છે કે, આ વર્ષે નિવૃત્ત થનાર કર્મચારીઓ કેટલા છે, અવસાન થાય એ વસ્તુ જુદી છે પણ એ વર્ષના અંતે નિવૃત્ત થનારા હોય એ કર્મચારીને પણ આમાં જોડી દેવામાં આવે તો એને સમયસર જે લોકોને સમયસર એની ભરતી કરવાની હોય એ થાય અને બજેટમાં જે પ્રમાણે વાત કરી છે એ પ્રમાણે આ વર્ષે ૬૬૦૦૦ લોકોની ભરતી કરવાની વાત આ રાજય સરકારે કરી છે. કહેવાનો મતલબ એટલો જ છે કે, એ ભરતીની કાર્યવાહી સમયસર થાય, નિયમિતરૂપે થાય, અને જે તે જગ્યાઓ સમયસર ભરાય એના માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે.

એક વાત માનનીય સભ્યશ્રીએ કહી અને એ વાત મારે પણ દોહરાવવી છે કે, આ દેશની આઝાદી માટે અનેક લોકોએ પોતાના પ્રાણની આહૂતિ આપી છે, બલિદાન આપ્યા છે અનેક લોકોએ પોતે માર ખાઇને પણ, આજે આપણે જે સ્થાન ઉપર બેઠા છીએ એ મને લાગે છે કે, એ એમની દેન છે અને એટલા માટે આ સ્વાતંત્ર્ય સેનાનીઓને અત્યાર સુધી ૬૦૦૦ રૂપિયા પેન્શન આપતા હતા, રાજય સરકારે આ વર્ષથી એમાં સીધેસીધો ૪૦૦૦ રૂપિયાનો વધારો કરીને હવેથી ૧૦૦૦૦ રૂપિયા પેન્શન આપવાની વાત કરી છે. (અંતરાય) સ્વાતંત્ર્ય સેનાનીઓની ૮૬ લોકોની યાદી આજે મારી પાસે છે. (અંતરાય) આપ કહો છો કે ચાર જણા, એટલે આ પેન્શનરોનું અપમાન કરવા માગો છો? સ્વાતંત્ર્ય સેનાનીઓનું અપમાન કરવાની ચેષ્ટા કરી રહ્યા છો? માનનીય અઘ્યક્ષશ્રી, આ ગંભીર વિષય છે. ચાર જણા એટલે તમે કહેવા શું માગો છો? ઉપાઘ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આખા રાજયની વાત કરી રહ્યા છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : અત્યારે ૬ હજાર રૂપિયા આપવામાં આવે છે એમાં ચાર હજાર રૂપિયાનો વધારો કરીને દસ હજાર રૂપિયા આપવાનો આ રાજય સરકારે નિર્ણય કર્યો છે. તમને આ રકમ નાની લાગતી હશે એ બની શકે. પરંતુ ચાર હજારનો વધારો કર્યો છે એ હકીકત છે. આજે પણ મેં કહ્યું છે એ પ્રમાણે આ ગૃહમાં જેમના કારણે બેઠા છીએ એવા ૮૬ લોકો આજે પણ ગુજરાતમાં હયાત છે. એ એકલાને નહિ પરંતુ એના જે આશ્રિતો છે એમને પણ પેન્શન આપીએ છીએ. એવા આશ્રિતોને અત્યાર સુધી પાંચ હજાર રૂપિયા આપવામાં આવતા હતા એમાં બે હજાર રૂપિયાનો વધારો કરીને હવે એમને દર મહિને સાત હજાર રૂપિયા આપવાનો આ રાજય સરકારે નિર્ણય કર્યો છે.

માનનીય ગ્યાસુદ્દીન શેખ હજ સમિતિની વાત કરતા હતા. સન ૨૦૧૫માં ૪૮૬૪ હજયાત્રીઓ ગુજરાતમાંથી હજ પઢવા માટે ગયા છે. અને સમગ્ર ભારતમાં રાજયવાર મુસ્લિમોની જનસંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત એ ચોથા ક્રમે આવે છે. ગુજરાતમાં મુસ્લિમોની જે જનસંખ્યા છે એના ૪.૮૧ ટકા લોકો દર વર્ષે હજાયાત્રા કરવા જાય છે.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કે જેની સાથે આપણે સીધે સીધા સંકળાયેલા છીએ. વિકાસના કામોથી પણ બધા વાકેફ છે, એના માટેની મિટિંગો પણ થતી હોય છે. સન ૨૦૧૫માં કુલ ૪૩૪૧૧ કામો મંજૂર થયા છે. જે પૈકી ૧૧૬૧૩ કામો પૂર્ણ થયા છે. એટલા માટે કે અહીંયા તમામ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત છે ત્યારે આયોજન મંડળમાં જે કામો છે એ કામોમાં ગતિ આવે અને સમયસર એ કામ ચાલુ થાય અને પૂર્ણ થાય એના માટે બધાનો સાથ અને સહયોગ મળે તેવી મારી અપેક્ષા છે.

કોમ્પ્યુટર કૌશલ્ય માટેની સી.સી.સી.ની પરીક્ષા નિયમિત લેવાય એના માટે ગુજરાત સરકારે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી અને એની સાથે બીજી આઠ યુનિવર્સિટીઓને કામ સોંપેલ છે. બધા જ લોકો કોમ્પ્યુટરથી સજ્જ થાય અને એના લીધે સરકારને એનો સીધે સીધો લાભ મળે એના માટેની રાજય સરકારની અપેક્ષાઓ છે.

મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આખો વિભાગ જયારે રાજય સરકારનું નિયંત્રણ કરતો હોય ત્યારે એક વાત એ પણ થઇ કે સરકારી કોઇપણ કાર્યક્રમ હોય તો જે તે વિસ્તારના ધારાસભ્યનું એ કાર્યક્રમના કાર્ડમાં નામ લખવું જોઇએ. અમે એ વાત સાથે પણ સંમત છીએ. રાજયમાં કોઇપણ જગ્યાએ હોય એમાં કયા પક્ષના છે તેવું ન હોવું જોઇએ પરંતુ એમાં તકલીફ થાય છે એ પણ ધ્યાન ઉપર મૂકવું જોઇએ. અત્યાર સુધીમાં કાર્ડમાં નામ લખતા હોય છે મંત્રી તરીકે હું નામ લખાવું કે ફલાણી જગ્યાએ આવવાના ચાર લોકો એવા આવતા હોય છે કે ફલાણા મંત્રીશ્રી આવે છે તો ચાલો કામના નામોનો કાગળ લઇને આવતા હોય છે. જે તે મંત્રીને એમ થાય કે કાર્ડમાં નામ લખાવે છે અને પછી આવતા નથી. તમને અનુભવ પણ હશે, મારા વિભાગમાં કાળજી પણ લીધી છે જયારે કાર્યક્રમ થવાનો હોય ત્યારે ધારાસભ્યશ્રીનો ફોનથી સંપર્ક પણ કરીએ છીએ આ કાર્યક્રમ છે અને આ કાર્યક્રમમાં આવવાનું છે, આવશો તો તમારું નામ કાર્ડમાં લખીશું. હું વ્યકિતગત સંપર્ક કરું છું અને આમાં કયાંક ક્ષતિ પૂર્તિ થતી હશે તો એ પ્રકારની પ્રક્રિયા ચાલુ રાખીને બધા એમાં આવે એવો અમે પ્રયાસ કરીશું કારણ કે ધારસભ્ય એ ધારાસભ્ય છે એની સાથે સાથે તકલીફ શું પડે છે આપણે પોલિટીકલ પાર્ટીના સભ્યો છીએ અને પોલિટીકલ પાર્ટી એ શાસક પક્ષ કંઇક કરે તો વિરોધપક્ષે એની ભૂમિકા નિભાવવાની હોય એ વિરોધપક્ષ ભૂમિકા સ્ટેજ ઉપર આવીને નિભાવે તો એમાં કયાંક કચાશ છે અને એવું ન થાય, વાતાવરણ જે બગડવાનું મૂળ કારણ છે આવી કયાંક એકાદી ઘટના થઇ શકે, હું એમ નથી કહેતો કે સમગ્ર રાજયમાં થતી હશે કયાંક એકાદ ઘટના આને રોકતી હોય છે એટલા માટે આપણે બધા સાથે મળીને સંયમ પૂર્વક જે કાર્યક્રમમાં જઇએ છીએ. હા. શાસક પક્ષનો ધારાસભ્ય બોલે અને વિરોધપક્ષના ધારાસભ્યને બોલવા ન દે તો ઠીક નહિ અને તમે એવી જ આપેક્ષા રાખો કે અમને બોલવા દો, તો મને લાગે છે કે એ પણ ઠીક નથી. એટલે ધારાસભ્ય તરીકે બધાનું માન-સન્માન જળવાય, તેમને પણ યોગ્ય સ્થાન મળે, તેમનો પણ માન-મોભો જળવાય તેનો આ વિભાગ થકી અમે પ્રયાસ કરીશું. અનેકવિધ બાબતો સાથે જયારે મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું ત્યારે મેં હકારાત્મક દિશામાં બધાને અનુકૂળ થવાનો પ્રયાસ કર્યો છે ત્યારે આપ મૂકેલી કાપ દરખાસ્તો પાછી ખેંચીને માગણી સર્વાનુમતે મંજૂર કરો એવી આપ સર્વેને વિનંતી કરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજીએ બંદરો ઉપરની માગણીઓનો જવાબ આપ્યો છે તેમાં માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ઘોઘા-દહેજ ફેરી સર્વીસ એ માત્ર ભાવનગર જિલ્લો નહીં, સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસનું દ્વાર ખોલતું સૌથી મોટું કામ છે. દુનિયાનો બીજા નંબરનો કરન્ટ એ આ દરિયામાં છે ત્યારે ઘોઘા-દહેજ ફેરી સર્વીસ...

ઉપાધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે કે શું છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : મારે પ્રશ્ન પૂછવો છે. મુખ્યમંત્રીશ્રીએ અંગત રસ લઇને તેમાં કેટલીક બાબતો ટેકનિકલ હતી, એ બાબતોને હાથ ઉપર લઇને એ કામ પૂરું કરવા માટેના ખૂબ પ્રયાસો કર્યા છે ત્યારે હું સમગ્ર સૌરાષ્ટ્ર અને ભાવનગર વતી મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું અને મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ કામ દહેજમાં પણ થઇ રહ્યું છે ત્યારે બન્ને જેટીનું કામ સંપૂર્ણપણે કયારે પૂરું થશે? અને એ પછી સુરત અને મુંબઇ જવા માટે થઇને પણ વિકાસનું દ્વાર વધારે ખુલે એવું છે તો તેનો સરવે કરીને જો એ વાયેબલ હોય તો સુરત અને મુંબઇ એ આગળ ઉપર કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ઘોઘા અને દહેજ વચ્ચેની રો-રો ફેરી સર્વીસ યોજના માટેનો પ્રશ્ન પુછ્યો છે તેમાં ફેબ્રુઆરી-૨૦૧૬ની સ્થિતિએ ટર્મીનલની સુવિધા માટેની ૬૫ ટકા જેટલી ભૌતિક પ્રગતિ થઇ છે અને આ રાજય સરકાર માટે પણ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે અને રાજય સરકારનું આયોજન એવું છે કે વર્ષ ૨૦૧૭માં આ યોજના પૂર્ણ કરવામાં આવશે.

ઉપાધ્યક્ષશ્રી : ૨૦૧૭માં બરાબર. તેનો વધારે લાભ મને મળશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. માનનીય મંત્રીશ્રીએ આતશ નોર કંટ્રોલ કંપનીની બાબતમાં અડધી મિનિટમાં ગોળગોળ જવાબ આપ્યા પછી મારે સ્પેસિફિક એટલો જ પ્રશ્ન પૂછવો છે કે ૯ ઓકટોબર-૨૦૧૫ના દિવસે માનનીય મંત્રીશ્રી, પ્રિન્સિપલ સેક્રેટરી-પોર્ટ્સ, મી. રાજગોપાલ. તેમણે પત્ર લખીને કહ્યું છે કે આતશ નોર કંટ્રોલ કંપનીએ ૧,૪૯,૩૭,૦૦,૦૦૦ રૂપિયા વધારે લઇ લીધા છે. આ વસૂલ કરો અને મેરી ટાઇમ બોર્ડમાં જેણે આ ધ્યાને નહોતું મૂક્યું તેની સામે પગલાં ભરો. કોર્ટમાં કેવિએટ દાખલ કરીને રીકવરીની પ્રોસીજર ચાલુ કરો. આવો સ્પષ્ટ આપના વિભાગના અધિકારીએ, હું અધિકારીને અભિનંદન આપું કે એમણે ૧,૪૯,૩૭,૦૦,૦૦૦ રૂપિયા વધારે લેવાયા છે એમ સાબિત કરીને આપ્યું છે. કેલ્કયુલેટ કરીને અને છતાં આપના

જવાબમાં આપ કહો કે આ તો આમ ગણતરી થઇ અને તેમ. નહીં, આપના સચિવશ્રીએ કહ્યું છે કે ૧,૪૯,૩૭,૦૦,૦૦૦ રૂપિયા વધારે લેવાઇ ગયા છે અને રીકવર કરો. તો આના અંગે આપ શું કહેવા માગો છો?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ ગોળગોળ જવાબ નહોતો આપ્યો અને હજી તેમને વધારે સ્પષ્ટીકરણ કરવું હશે તો જવાબ થોડોક લાંબો છે. જો આપની અનુમતિ હોય તો આ ટેકિનકલ વિષય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે એક વાગ્યા પહેલાં પૂર્ણ કરવાનું છે. એ પહેલાં માગણીઓ મતદાન પર લેવાની છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આતશનોર કંટ્રોલ લિ. કંપની એની સાથે જે કરાર કરવામાં આવ્યો હતો એ હું કહું છું. એના રોકાણકારોને એના રોકાણ ઉપર ૧૫ ટકા નફો મળે તેવી જોગવાઇ કરવામાં આવી હતી. (અંતરાય) મને જવાબ તો મારી રીતે આપવાનો અધિકાર છે કે નહીં કે પછી એમણે નક્કી કરવાનું છે? એમના દ્વારા જે રજૂઆત કરવામાં આવેલી છે એમાં એ કુલ આવકના સંદર્ભમાં જણાય છે. એ આવક છે એમાંથી ઓપરેશનલ ખર્ચ બાદ કર્યા પછી જે રકમ રહે એને નફો ગણી શકાય, જે ૧૫ ટકાની મર્યાદામાં હોવો જોઇએ. એટલે રોકાણના ૧૫ ટકા લેખે ફીની મર્યાદા સૂચવાયેલ નથી. પરંતુ નફાની મર્યાદામાં સૂચવેલ છે. પહેલા પણ મારો આ જ જવાબ હતો અને આજે પણ આ જ જવાબ છે.

ડો.અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧-૪-૨૦૧૦ના પરિપત્રથી સરકારે વર્ગ-૪ની ભરતી બંધ કરી છે. આ પરિપત્ર પાછો ખેંચીને આવા પછાતવર્ગના ગરીબ માણસો છે. એમના હિત માટે આ પરિપત્ર સરકાર પાછો ખેંચીને એમને સરકારી નોકરી આપવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પર્ટીક્યુલર વર્ગ ૩ કે ૪ની ભરતી કરવી નહીં એવો રાજ્ય સરકારનો પરિપત્ર હોઇ શકે નહીં. તમે કહો છો એ વિગતો મને આપજો. આપણે બે સાથે મળીને એનો ઉકેલ કરવાનો હશે તો કરીશું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં શાકભાજી વેચવા માટે બહેનો રોડ ઉપર બેસે છે. એમના માટે શાક માર્કેટ બનાવવા અને ત્યાં શેડ બનાવવા માટે સામાન્ય વહીવટ વિભાગના આયોજન વિભાગમાં ઘણા બધા ધારાસભ્યશ્રીઓ તરફથી રજૂઆત કરવામાં આવી છે. તો શાક માર્કેટનું આયોજન કરવા માટેની બજેટમાં જોગવાઇ નથી. તો શાક માર્કેટનો શેડ બનાવવા માટે આ બજેટમાં ઉમેરો કરવા માગો છો કે કેમ? જેથી કરીને આ બહેનોને લાભ મળી શકે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એના માટેની સમિતિ હોય છે. બધાને સ્પર્શતો પ્રશ્ન હશે તો ચકાસણી કરીને સુધારવાની જરૂર હશે તો ચોક્કસ સુધારીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું આપના માધ્યમથી ધ્યાન દોરવા માગું છું કે, સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અને મંત્રીશ્રીએ આ હાઉસમાં પણ કહ્યું હતું કે કોઇપણ વિધાનસભાના સભ્ય હોય એના મતવિસ્તારમાં કાર્યક્રમ હોય ત્યારે ચૂંટાયેલ ધારાસભ્ય તરીકે એ કોઇપણ રાજકીય પાર્ટીનો હોય, જિલ્લા પંચાયત હોય, તાલુકા પંચાયત હોય કે કોર્પોરેશનો હોય એના આમંત્રણમાં સભ્યશ્રીનું નામ છાપવું જોઇએ. સરકારના જેટલા પ્રોગ્રામ થયા, શ્રી નીતિનભાઇ પટેલ, હોય, શ્રી રમણભાઇ વોરા હોય, શ્રી પ્રદિપસિંહ જાડેજા હોય, શ્રી શંકરભાઇ ચૌધરી હોય એ બધા જ મંત્રીશ્રીઓ તરફથી આમંત્રણ મળ્યું છે અને અમે જઇએ પણ છીએ. હું અમદાવાદ કોર્પોરેશનમાંથી આવું છું. અમદાવાદ કોર્પોરેશનની અંદર સરકારનો પરિપત્ર બહાર પડ્યો હોવા છતાં પણ અમારા પોતાના મતવિસ્તારમાં અમને આમંત્રણ મળતું નથી. અમદાવાદ કોર્પોરેશનમાં બીજી જગ્યાએ થાય અને ન મળે તો વાંધો નથી પણ અમારા મત વિસ્તારમાં ઉદ્ઘાટન થતું હોય, ખાતમુહૂર્ત થતું હોય તો અમને આમંત્રણ ન મળે તો આવા કોર્પોરેશનના અધિકારીઓ ઉપર પગલા લેવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે સ્વાયત્ત સંસ્થાઓ પોતાની રીતે કરતી હોય છે. પરંતુ તમે કહો છો એ પ્રમાણે માત્ર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નહીં પણ જેટલા પણ કોર્પોરેશનો છે એ બધા કોર્પોરેશનોને મારા વિભાગ તરફથી બધા લોકોને સારી રીતે ન્યાય મળે એના માટેની અમે જરૂર કાર્યવાહી કરીશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૧૫ ટકા વિવેકાધીન યોજનાની ગ્રાન્ટ અને ધારાસભ્ય ગ્રાન્ટમાંથી અમે આર.ઓ. પ્લાન્ટ માટે રકમ સૂચવીએ છીએ ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું દૂષિત પાણી મળતું હોય છે ત્યારે આર.પો. પ્લાન્ટ માટે અમારી ગ્રાન્ટ ફાળવવાનું સૂચન થાય તો ફાયદો થાય. આવા આર.ઓ. પ્લાન્ટ વિવેકાધીન યોજના અને ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવવાની સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : ધારાસભ્યની ગ્રાન્ટ ક્યાં ક્યાં વાપરી શકાય એના પણ નીતિ-નિયમો છે. એના માટે એક સમિતિ પણ છે. એ સમિતિ મળતી હોય છે ત્યારે કોઇપણ ધારાસભ્યએ કહ્યું હોય કે આ કરવું છે અને સમિતિને લાગે કે આ કામ કરવા જેવું છે તો એના નોર્મ્સ છે એમાં એડ થતું હોય છે અને સુધારો થતો હોય છે. સમયાંતરે આવું કરવામાં આવે છે એટલે આવી બધાની લાગણી હશે તો સુધારો કરવામાં હરકત સરખું નથી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વિધાનસભાના નિયમો મુજબ જ્યારે આપણી વિધાનસભા ચાલુ હોય ત્યારે જે તે જિલ્લા કે તાલુકામાં આયોજનની ટી.એસ.પી.ની મિટિંગ રખાય નહીં. મારા ડાંગ જિલ્લામાં તા. ૨૫–૨–૨૦૧૫ના રોજ ટી.એસ.પી.ની મિટિંગ રાખવામાં આવી હતી અને આવતી કાલે આયોજનની મિટિંગ રાખવામાં આવી છે તો આ બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : મને લાગે છે કે આ અન્ડરસ્ટેન્ડીંગનો સવાલ છે. હું બનાસકાંઠા જિલ્લાનો પ્રભારી છું અને ગયા શુક્રવારે અમે બધાએ ભેગા મળીને નક્કી કર્યું અને બધાને પૂછી લીધું કે શુક્રવારે અનુકૂળ છે? બધાએ કહ્યું કે અનુકૂળ છે તો અમે મિટિંગ કરી. આ એડજસ્ટમેન્ટનો સવાલ છે. એ વાત સાચી છે કે ધારાસભ્ય અહીંયા હોય ત્યારે મિટિંગ ન થાય એ સ્વભાવિક પ્રક્રિયા છે અને પ્રભારી મંત્રીશ્રીઓએ આ પ્રમાણે કરવું જોઇએ.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧,૩, ૫, ૯, ૧૦, ૧૨, ૧૪ થી ૧૭, ૨૦, ૨૨, ૨૮ થી ૩૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક : ૩૦, ૩૧, ૩૩, ૫૪ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૫૮ વાગ્યે પૂરું થતાં, ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુરૂવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૦, ૧૯૩૭ શાકે
બીજી બેઠક
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

રાંધેજા થી બાલવા રોડને ચાર માર્ગીય કરવાનું આયોજન

* ૨૩૩૧૭ શ્રી અમિતભાઈ ચૌધરી(માણસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ રાંધેજા ચોકડી થી બાલવા ચાર રસ્તા તેમજ માણસા જી.ઈ.બી. ત્રણ રસ્તાથી વિસનગર તાલુકાના કડા સુધીના રસ્તા ઉપર ટ્રાફીકનું ભારણ થવાથી અકસ્માતો વધુ થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ રસ્તાને સત્વરે ચાર માર્ગીય રસ્તો બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું આમ તો રાંધેજા ચોકડીથી બાલવા એટલે આમ પણ ગાંધીનગરથી ખૂબ નજીક જ ગણાય અને માનનીય મંત્રીશ્રીની સાસરીમાં પણ ત્યાંથી જવાય એટલે સાહેબ અને આપણા પૂર્વ મુખ્ય મંત્રીશ્રી શંકરસિંહ બાપુનું ગામ પણ આ રોડ ઉપર આવે એટલે સાહેબ, આ રસ્તો વહેલમાં વહેલી તકે મોટો કરવામાં આવે અને એના સિવાય બીજો જે રોડ છે, વીસનગર તાલુકામાં માણસાથી એ માનનીય અત્યારના મુખ્યમંત્રીના નજીકના સગાઓ પણ ત્યાં કડા સુધી રહે છે. એટલે એ પણ રસ્તો છે એ

અધ્યક્ષશ્રી : ચાલો હવે પ્રશ્ન ઉપર આવી જાવ, આખું ગુજરાત આપણું સગું છે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : એટલે આ બંને રોડ ઉપર ટ્રાફિકનું ખૂબ જ ભારણ છે એટલે વહેલામાં વહેલી તકે મોટો કરવામાં આવે એવી વિનંતી છે.

બીજું સાહેબ, અમારે ત્યાં એક પવિત્ર યાત્રાનું સ્થાન છે મહુડી. ત્યાંથી નેશનલ હાઇ-વે નંબર-૮ ઉપરથી જેટલા પણ લોકો ત્યાં દર્શનાર્થે આવે છે એ લોકોને સાહેબ એક વચ્ચે રસ્તો આવે છે અનોડિયાથી મહુડી પાંચ થી છ કિલો મીટરનો રસ્તો છે અને દોઢ દોઢ, બે બે ફૂટના ખાડાઓ પડ્યા છે, ઘણીવાર રજૂઆતો કરી પણ સાહેબ હવે એ રસ્તો પણ નવો બનાવી આપો તો ખૂબ સારું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો અમિતભાઇએ જે છેલ્લે કહ્યું એનો પહેલો જવાબ આપું કે, આ રોડ ઉપર બહુ ખાડા પડ્યા છે એ સત્યથી વેગળું છે. સારામાં સારા રોડ છે. એમની માગણી છે, રસ્તો પહોળો કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, સવારે અહીંયા ચર્ચા થઇ, માનનીય રમણભાઇએ જવાબ પણ આપ્યો અને સભ્યશ્રીઓની લાગણી પણ હતી કે, અમને ઉદ્ઘાટનમાં અને સમારંભોમાં બોલાવતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલાં જ આ રોડનું, નવા રોડનું અમે ખાતમૂહુર્ત કર્યું, કરોડો રૂપિયાનું કામ છે. સાહેબ, હું અહીંયા વિધાનસભામાં છું અને અમિતભાઇ ત્યાં જઇને શ્રીફળ વધેરી આવ્યા. એનું ખાતમૂહુર્ત કરી આવ્યા. બોલો સાહેબ અમે કેટલું બધું સાચવીએ છીએ. તો પણ સગા-વ્હાલાના નામે રસ્તો માગે છે. સાહેબ, આ સરકાર પ્રજાની સરકાર છે, છ કરોડ ગુજરાતીઓનો અધિકાર છે આ સરકાર ઉપર. નાનામાં નાનું આદિવાસી ગામડું હોય કે અમદાવાદ, સુરત, વડોદરા કે રાજકોટ જેવા મહાનગરો હોય બધાને સારામાં સારા ટુ લેન, ફોર લેન, સીક્સ લેન હાઇ-વેથી સાંકળવાનું અમારું લક્ષ્ય છે અને એ પ્રમાણે અમે કામ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ગાંધીનગરથી રાંધેજા ચોકડી સુધીનો રસ્તો સાહેબ, ઓલરેડી અત્યારે ચાર માર્ગીય છે જ. એવી રીતે રાંધેજા ચોકડીથી બાલવા જંકશન સુધીનો રસ્તો એ પણ દસ મીટર પહોળો ૭.૫ કિલો મીટર સુધીની લંબાઇમાં બની ચૂકેલો છે. બાલવા જંકશનથી માણસા વિકાસ પથ તેનું સાહેબ, સાત મીટર છે એને દસ મીટર પહોળો કરવાનું કામ હાલ ચાલી રહ્યું છે અને માણસા વિકાસ પથ માણસા ગામ સુધીનો રસ્તો ૧૬ મીટર લંબાઇ એટલે કે, ચાર માર્ગીય રસ્તો છે અને તબક્કાવાર આખા ગુજરાતમાં ટ્રાફિકની જરૂરિયાત નુસંધાન અને ઉપયોગીતાને ધ્યાનમાં રાખી તબક્કાવાર દરેક રસ્તાઓને પહોળા કરવાનું અમારું લક્ષ્ય છે. એ પ્રમાણે કોઇ પણ

સભ્યશ્રીએ સૂચિત કર્યા હશે એવા રસ્તાઓ ટ્રાફિકની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ચોક્કસ પહોળા કરવામાં આવશે.

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ રોડ પર રોડ સેફ્ટી માટેની કોઇ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને જો કરવામાં આવેલ હોય તો શું ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી શંભુજીભાઇની વાત સાચી છે કે, રસ્તા ફક્ત પહોળા કરવા એટલું નહીં, સાહેબ જુના વખતનો નાનો રસ્તો હોય, સાંકડો રસ્તો હોય હવે નવો પહોળો રસ્તો કરતા હોઇએ તો પહેલું કામ અમે એનું સ્ટ્રકચર કે એના ઉપર પુલ, નેળિયા જે આવતા હોય, ગરનાળા વગેરે એને પહોળું કરવાનું કામ હાથ ઉપર લઇએ છીએ એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તા ઉપર પણ ત્રણ પાઇપના જે ડ્રેઇન નાળા છે એને કોંક્રીટના બનાવવાનું અને એની પ્રોટેકશન વોલ બનાવવાનું કામ પણ આમાં આપણે સામેલ કર્યું છે.એવી રીતે અન્ય નાળા પહોળા કરવાનું કામ સામેલ કર્યું છે. સાથેસાથે દેરક રસ્તા ઉપર જેમ મેં અગાઉ જાહેરાત કરી હતી એમ જુદા જુદા પ્રકારના ટ્રાફિકને લગતા સાઇન બોર્ડ મોટા પ્રમાણમાં લગાડવામાં આવશે. અમે જાહેરાત કરી હતી એ પ્રમાણે રાજયમાં બધા રસ્તા ઉપર બમ્પ ઉપર કલર લગાડવાનું કામ ચાલુ કર્યું છે. સાઇન બોર્ડ લગાડવાનું કામ ચાલુ કર્યું છે. આ રસ્તા ઉપર પણ જરૂરિયાત પ્રમાણે તમામ સાઇન બોર્ડ લગાડવામાં આવશે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહુડી મંદિર જવા માટે આ સરકારે ફોર લેન સરસ રસ્તો વિના ટ્રાફિકે જઇ શકાય એવો રસ્તો બનાવ્યો છે એટલે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથેસાથે બાલવા– માણસા રોડનું કામ કયારે મંજૂર થયું, કયા તબકકામાં છે? કેટલો ખર્ચ થયો? આ રોડ પર આવતા ગરનાળાનો આ રોડના કામમાં સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાનું કામ તા. ૨૯–૯–૨૦૧૫ ના રોજ મંજૂર કરીને કામ હાથ પર લેવામાં આવ્યું છે. કુલ ૧૧૮૩૦ લાખ રૂપિયા પૈકીના બજેટમાંથી ૧૫૦૦ લાખના ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા છે. વહેલી તકે આ કામ સમયમર્યાદામાં પૂર્ણ કરવા અમે આયોજન કર્યું છે.

દાહોદ જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૪ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય આરોગ્ય મંત્રી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આરોગ્ય સેવાઓ પૂરી પાડવા દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૦૫ (ત્રણ સો પાંચ) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાના ધોરણો શું હોય છે? કેટલો ખર્ચ થાય છે અને તેના સ્ટાફનું શું હોય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાના ધોરણો કયા છે તો અત્યારે ૨૦૧૧ની જનસંખ્યાના આધારે આદિવાસી વિસ્તાર અથવા ડેઝર્ટ એરીયા હોય તો એની અંદર ૩૦૦૦ની જનસંખ્યા, બિન આદિજાતિ વિસ્તાર હોય એટલે કે સામાન્ય વિસ્તારમાં ૫૦૦૦ની જનસંખ્યાનું ધોરણ રાખવામાં આવ્યું છે. ખર્ચની વાત કરું તો અંદાજીત ૨૪ લાખનો ખર્ચ થતો હોય છે. ૧૮૪૬૦૦૦ મુખ્ય મકાન માટે, પાંચ લાખ કમ્પાઉન્ડ વોલ માટે, અને ૧,૦૫,૦૦૦/– જેટલું ફર્નિચર બનાવવા માટે કુલ ૨૪.૫૧ લાખ જેટલો અંદાજીત ખર્ચ થાય છે. સામાન્ય રીતે ૧૦૦ ચો.મી. જેટલી જમીન ઉપલબ્ધ હોય તો તેની અંદર આપણે કામ કરતા હોઇએ છીએ. બે નો સ્ટાફ દરેક હેલ્થ સેન્ટરમાં રાખીએ છીએ. એક ફીમેલ હેલ્થ વર્કર અને એક મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર આમ બેનું મહેકમ હોય છે. ગામ મોટું હોય તો સંખ્યાના આધારે હોય કદાચ એક ગામમાં એક કરતા બે પણ કરી શકાય છે. ગામ નાનું હોય તો જન સંખ્યા જ મુખ્ય આધાર છે એટલે એક કરતા વધારે ગામનો આની અંદર સમાવેશ કરવામાં આવે છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, પેટા આરોગ્ય કેન્દ્રમાં કયા પ્રકારની સારવાર અને તપાસની સુવિધા હોય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કરતા નાનું એટલે કે પી.એચ.સી. કરતાં નાનું કહી શકાય એવું યુનિટ છે. ત્યાં હિમોગ્લોબીન ચેક કરવા માટે, ડાયાબીટીશ, બહેનોમાં પ્રેગ્નન્સી છે કે કેમ? તેમાં ડીલીવરીની પણ વ્યવસ્થા હોય છે. મેલેરીયાની સ્લાઇડ પણ ત્યાં આગળ લેવામાં આવતી હોય છે. એટલે ખાસ કરીને પ્રાથમિક પ્રિવેન્ટીવ હેલ્થનું કામ, રસીકરણ અને તે સિવાયની પ્રાથમિક અવેરનેસ માટેનું કામ અને તે સિવાય મેં જે કહ્યા છે તે પ્રમાણેની સારવાર આપવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મારા મત વિસ્તાર ૧૩૩ માં ત્રણ તાલુકા આવેલા છે. એમાં ગરબાડા તાલુકો, ધાનપુર તાલુકો અને દાહોદ

તાલુકામાં કુલ કેટલાં પેટા કેન્દ્રો આવેલાં છે? અને આવાં પેટા કેન્દ્રો ક્યારથી ચાલુ કરવામાં આવ્યા છે અને એનાં કારણો શાં છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તો દાહોદની અંદર ૧૧૩ જેટલાં પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે. ધાનપુરમાં ૬૦ અને ગરબાડાની અંદર ૬૬ મંજૂર કરવામાં આવ્યાં છે. કેમ મંજૂર કરવામાં આવ્યા છે તે વાત કરી તો રાજ્ય સરકારની પ્રજાના આરોગ્યની ચિંતા કરવા માટેની જવાબદારી છે. બીજા પ્રશ્નની અંદર એમણે કહ્યું કે વર્ષોથી આ જિલ્લામાં પેટા કેન્દ્રો ચાલુ કરવાનાં બાકી રહી ગયાં છે. હું આ સન્માનનીય સભાગૃહને એ બાબતની જાણકારી આપું કે અત્યાર સુધીમાં છેલ્લાં બે વર્ષની અંદર અમે જે મંજૂર કર્યા તે પહેલાં ૩૩૨ હતાં. આ બે વર્ષની અંદર ૩૦૫ એટલે લગભગ અંદાજિત ૫૦ ટકા અગાઉ કર્યાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રાથમિક કક્ષાએ સુવિધાઓ મળી રહે તે માટેનો નિર્ણય કર્યો. જે જિલ્લામાં સુવિધા ઓછી હોય ત્યાં સમયસર આપણે કરીએ તે એમની નીતિ છે તેના આધાર ઉપર દાહોદ જેવા જિલ્લામાં મોટા પ્રમાણમાં પેટા કેન્દ્રો ચાલુ કર્યાં છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે ફક્ત એટલું જ જાણવું છે કે ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ ૩૦૫ જેટલાં નવાં પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલાં છે, તો એ ૩૦૫ પૈકી અત્યાર સુધી કેટલાં બન્યાં અને પેટા કેન્દ્રોમાં અત્યાર સુધી કેટલો ખર્ચ થયો અને પેટા કેન્દ્રમાં કેટલું મહેકમ મંજૂર કરવાના ધોરણો છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષમાં જે મંજૂર કરવાનાં હોય એટલો તબક્કો અમે માત્ર છેલ્લાં બે વર્ષમાં કર્યો છે. તબક્કાવાર તેને ચાલુ કરવા જઇ રહ્યા છીએ. મહેકમની વાત કરી તો એક પેટા સેન્ટર દીઠ ૨ નું મહેકમ અમે ચાલુ કરવા જઇ રહ્યા છીએ.

બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૨ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આરોગ્ય સેવાઓ પૂરી પાડવા બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૨૩ (ત્રણસો ત્રેવીસ) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, છેવાડાના માનવીને ઘરઆંગણે આરોગ્યની સુવિધા મળી રહે તે માટે બનાસકાંઠા જિલ્લામાં ૩૨૩ જેટલાં પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને જિલ્લાની જનતા વતી ખૂબ અભિનંદન આપું છું. જાણવા માગું છું કે આ ૩૨૩ પેટા આરોગ્ય કેન્દ્રો પૈકી તાલુકાવાર કેટલાં મંજૂર કરવામાં આવ્યાં છે? બીજો પ્રશ્ન ૫૦ વર્ષની અંદર મારા મત વિસ્તારમાં ૩૭ પેટા કેન્દ્રો મંજૂર થયાં હતાં અને આ બે વર્ષમાં ૫૬ પેટા કેન્દ્રો મંજૂર કર્યાં તે બદલ પણ રાજય સરકાર અને આરોગ્ય મંત્રીને અભિનંદન. આ પેટા કેન્દ્રો અત્યાર સુધી મારા મત વિસ્તારમાં બાકી હતાં એનાં કારણો શાં છે, તે જાણવા માગું છું?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પ્રશ્નનો જવાબ તો હું નહિ આપી શકું કારણ કે અગાઉનો વિષય છે. રાજ્ય સરકાર પ્રાથમિક તબક્કે જ સુવિધા મળી રહે તે માટે કટિબદ્ધ છે, તેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાની અંદર બહુ મોટા પ્રમાણમાં ઘટ હતી. ટોટલી ૩૨૩ અમે નવાં મંજૂર કર્યાં. અત્યાર સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ૪૨૨ પેટા સેન્ટરો હતાં. આ ૨ વર્ષમાં ૩૨૩ ચાલુ કરીને બનાસકાંઠા જિલ્લામાં ૭૪૫ જેટલાં પેટા સેન્ટરો છેલ્લાં બે વર્ષમાં ચાલુ કરવામાં આવ્યાં છે. માનનીય કેશાજીભાઇનાં વિસ્તારમાં બહુ મોટા પ્રમાણમાં ઘટ હતી. તે ઘટ પૂરી કરવાનું કામ સારી રીતે થયું છે. ઘણા વર્ષોથી ખાસ કરીને દાહોદ, પંચમહાલ , બનાસકાંઠા કે કચ્છ જેવા જિલ્લાઓ હોય જેની અંદર હાઇપ્રાયોરિટી તાલુકા કહી શકાય કે જેમાં વધારે સુવિધાની જરૂર છે, તેવા વિસ્તારો પચાસ વર્ષમાં કદાચ આ સુવિધાથી વંચિત રહી ગયા હશે તો આરોગ્ય મંત્રીશ્રીએ આની અંદર પ્રાયોરિટી નકકી કરી છે અને જયાંથી વધારે જરૂરિયાત છે ત્યાંથી શરૂઆત થાય તેવી પહેલ કરી છે. તેના ભાગરૂપે કેશાજીભાઇ આપને ત્યાં આ પરિણામ મળ્યું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે સારી વાત છે કે ૩૨૩ આપે મંજૂર કર્યા, આ ૩૨૩માં કેટલું મહેકમ હતું અને આજની તારીખે કેટલું છે? ૪૨૨ કેન્દ્રો અગાઉના છે તેમાં કેટલું મહેકમ છે અને આજની તારીખે કેટલું મહેકમ પૂરાયેલું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં વાત કરી કે પહેલાં પણ એક કેન્દ્રનું મહેકમ બેનું હતું અને અત્યારે પણ બે જ છે. એક પેટા કેન્દ્રમાં બે નું મહેકમ છે. એટલે આપ ડબલ સરવાળો કરી નાંખો ને. આપ તો બહુ મોટા બિઝનેશમેન છો એટલે સરવાળો તો આવડશે. ૧૪૯૦ જેટલું મહેકમ થાય છે ૭૪૫ કેન્દ્રોનું. હમણાં અત્યારે અમે સૌથી વધારે ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. તેના માટે છેલ્લે ભરતી કરી છે. અત્યારે હાલ બનાસકાંઠા જિલ્લામાં બે વર્ષમાં ૧૨૦ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કલ અને ૧૧૧ ફીમેલ હેલ્થ વર્કરની અમે ભરતી કરી છે. જેના કારણે અત્યારે ફીમેલ હેલ્થ વર્કરમાં ૧૪૨ જગ્યાઓ ખાલી રહી છે.

શ્રી પરબતભાઈ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે બનાસકાંઠા જિલ્લામાં વસતિના ધોરણે જેમ અત્યારે ટ્રાયબલમાં ત્રણ હજારની વસતિએ એક સબ સેન્ટર આપીએ છીએ અને બાકીના તાલુકામાં પાંચ હજારની વસતિએ આપીએ છીએ. તો બનાસકાંઠાની વસતિ જોઇએ તો કેટલા સબ સેન્ટરની જરૂરિયાત હતી અને જે બાકી છે તે કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે?

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મોટા પ્રમાણમાં ભરાઇ ગયા છે. આખા જિલ્લામાં જોઇએ તો ૪૦ની ઘટ રહે છે. બાકીના મોટાભાગના ભરાઇ ગયા છે.

શ્રી ગોવાભાઈ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પછી એટલે કે ૧૯૯૦ પછી અને મારા સાથી મિત્રએ ૬૦ વર્ષની વાત કરી એટલે કહેવું છે કે ૬૦ વર્ષમાં ૧૯૯૦ થી અમારી સરકાર નથી. તો આ ૧૯૯૦ થી અત્યાર સુધી આપે કેટલા કેન્દ્રો મંજૂર કર્યા અને કેટલા મંજૂર થયેલા હતા, બીજો પ્રશ્ન છે કે ૩૨૩ અત્યારના અને ૪૦૦ આગળના હતા તો તેમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે? કેટલા મકાન તૈયાર છે, કેટલા મકાન વગરના છે, કેટલા કંપાઉન્ડ વોલ છે અને કેટલાને કંપાઉન્ડ વોલ વગરના છે?

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોવાભાઇનો કેટલી જગ્યા ભરાયેલ છે તેનો જવાબ અગાઉ માનનીય બલવંતસિંહભાઇના પ્રશ્નના જવાબમાં આપેલો છે. ૧૪૨ જગ્યા ખાલી છે એટલી વાત છે. માનનીય ગોવાભાઇએ વાત કરી ૫૦ વર્ષની, તો તેમાં મારે નથી પડવું. પરંતુ બનાસકાંઠા જિલ્લામાં આપણે લગભગ ૪૫ ટકા કરતાં વધારે કેન્દ્રો આ બે વર્ષના સમયગાળામાં મંજૂર કરી શકયા છીએ. એટલે ગોવાભાઇ તમારે અભિનંદન જ આપવા પડે. તેના મકાન અને કંપાઉન્ડ વોલ માટેની વાત કરી તો બાકી જગ્યાએ અમે આર એન્ડ બી સાથે નકકી કરીને ભાડે મકાન લઇ શકતા હોઇએ છીએ. બનાસકાંઠા જિલ્લામાં આવી જરૂર નથી પડતી. મોટાભાગે સરકારી જગ્યા હોય ત્યાં ચાલુ કર્યા છે. આ વર્ષના બજેટમાં સારી એવી જોગવાઇ કરી છે. જે મંજૂર કર્યા છે તે મોટા પ્રમાણની અંદર પેટા આરોગ્ય કેન્દ્રો ચાલુ કર્યા છે. આવનારા સમયમાં તબક્કાવાર મકાનોના બાંધકામ માટેનું કામ ચાલુ કરીશું. ગોવાભાઇ બનાસકાંઠા જિલ્લાને જે ૫૦ વર્ષમાં અન્યાય થયો છે તેવો અન્યાય નહીં થાય તેવો મને વિશ્વાસ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર • (×××)

અધ્યક્ષશ્રી : માનનીય જોઇતાભાઇ, *(×××)એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો નથી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે અમે મંજૂર કર્યા છે. તો ધાનેરા અને દાંતીવાડા તાલુકાની અંદર કેટલા પેટા આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, અને કેટલા કાર્યરત નથી? એ ચોક્કસ માહિતી આપે.

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી જે માનનીય સભ્યશ્રીએ વાત કરી પી.એચ.સી.ની તો એમાં કહું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર બંને અલગ છે. એમના બીજા પ્રશ્નનો હું જવાબ આપું તો દાંતીવાડાની અંદર ટોટલ ૩૫ પેટા આરોગ્ય કેન્દ્રો મંજૂર કર્યા છે અને ખાસ કરીને ધાનેરાની અંદર આ બે વર્ષની અંદર જે મંજૂર કર્યા છે એની સાથે કુલ ૬૧ પેટા આરોગ્ય કેન્દ્રો આપણે મંજૂર કર્યા છે. હવે માત્ર ગણતરીની જ ઘટ ત્યાં આગળ રહી છે એ પણ તાત્કાલિક નજીકના સમયમાં આપણે પૂરી કરી દેવાના છીએ.

આણંદ તાલુકામાં બિસ્માર રસ્તાઓને ડામર કામ

* ૨૩૨૪૯ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં આણંદ તાલુકામાં બિસ્માર જુના ડામર રસ્તા માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) અને (૨) કોઈપણ રસ્તા બિસ્માર હાલતમાં નથી પરંતુ જરૂરીયાત મુજબ કુલ –૧૦ રસ્તાના રૂા. ૧૨૫૬.૦૦ લાખના કામો મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૧–૧૬ ની સ્થિતિએ ઉકત વર્ષમાં કેટલા રસ્તાની કેટલી રકમ મંજુર કરેલ છે? | |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં જેની માગ હતી અને અમારી બધાની લાગણી પણ હતી એવી મુખ્ય મંત્રીશ્રી સડક યોજના શરૂ કરવા બદલ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આભાર પણ માનુ છું.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, આણંદ તાલુકામાં જૂના રસ્તા જે રી–કાર્પેટ થયા છે એમાં કેટલી રકમના કેટલા કામો મંજૂર થયા છે, અને જે ૧૦ કામો મંજૂર થયા છે એ કઇ કઇ યોજનાઓ હેઠળ મંજૂર થયા છે, અને એમાં પ્લાન રસ્તાઓ કેટલા છે અને નોન પ્લાન કેટલા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં રાજય સરકારના માર્ગ મકાન વિભાગની અમારી નીતિ છે કે, ૭ વર્ષથી વધુ જૂના રસ્તા મોટરેબલ, ટ્રાફિકેબલ રાખવા, જરૂરિયાત પ્રમાણે એને રી–સરફેસ કરવા એટલે કે રી–કાર્પેટ કરવા અને ટ્રાફિક સરળતાથી વહન થઇ શકે એવું આયોજન પ્રજા માટે કરી આપવું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં અમે ધારાસભ્યશ્રીઓ દ્વારા જે રજૂઆત આવે, કાર્યકરો દ્વારા જે રજૂઆત આવે, અન્ય અગ્રણીઓ દ્વારા અને સરપંચો દ્વારા જે રજૂઆત આવે એ પ્રમાણે જૂના રસ્તાઓને રી–કાર્પેટ કરવાનું કામ હાથ ઉપર લઇએ છીએ અને એ પ્રમાણે આ પ્રશ્ન છે આણંદ તાલુકાનો એ આણંદ તાલુકામાં ગયા વર્ષે આપણે નવા જે ૧૦ કામો લીધા એમાં માર્ગ મકાન વિભાગના ર કામો, ર કરોડ પ લાખના છે અને પંચાયત વિભાગના ૮ કામો, ૧૦.૫૧ કરોડના છે. આ કામો રી–કાર્પેટના જે મંજૂર કર્યા છે એની બધાની ટેન્ડરની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે. બીજું માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે કઇ કઇ યોજના હેઠળના આ રસ્તાઓ છે? તો આમાં માર્ગ મકાન વિભાગના સ્ટેટના બે રસ્તા છે એવી રીતે પંચાયતના આઠ રસ્તા છે જેમાં નોન પ્લાન રસ્તા આવી જાય છે, એમ.ડી.આર. રસ્તા આવી જાય છે અને એને પહોળા કરવાનું કામ પણ આમાં આવી જાય છે, એટલે બંને પ્રકારના રસ્તાઓ સ્ટેટ અને પંચાયતના આપણે મંજૂર કર્યા છે.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આણંદ તાલુકાના વાસદથી શરૂ થતો બગોદરાનો રોડ છેલ્લા ચાર વરસથી બંધ છે અને એની ઉપર બહુ જ અકસ્માતો થાય છે અને એના પર એક એક, બે બે ફર્લાંગે ડાઇવર્ઝન આપેલા છે અને ટ્રાફિક બહુ મોટો છે તો તાત્કાલિક ધોરણે જે કોન્ટ્રાકટર હોય એની ક્ષતિ દૂર કરીને એને બ્લેક લિસ્ટ કરીને તાત્કાલિક કામ શરૂ કરવા માગો છો કે કેમ? બીજું આણંદ તાલુકા અને પેટલાદ તાલુકાને વાયા સંદેસર જોડતો જે રસ્તો છે ત્યાં ટ્રાફિક ખૂબ છે તો એ રસ્તો ફોરલેન કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નિરંજનભાઇએ જે પહેલો પ્રશ્ન પૂછ્યો એ આમ તો આને લાગુ પડતો નથી પણ મધ્ય ગુજરાત માટેનો અગત્યનો રસ્તો છે એટલે એની માહિતી હું આપીશ. આ રસ્તો બી.ઓ.ટી. ધોરણે અગાઉ મંજૂર થયેલો છે, જે કંપનીને આપણે કામ આપ્યું એણે કામની શરૂઆત કર્યા પછી રાજય સરકાર તરફથી જે જમીન સંપાદન હોય, જે વીજળીના થાંભલા વગેરે ખસેડવાની, શિફ્ટીંગની કામગીરી હોય તે આપણે કરી આપી. જમીન સંપાદન કરી આપ્યુ જયાં વૃક્ષો કાપવાની પરવાનગી લેવાની જરૂર હોય તે પણ આપણે લગભગ પૂરું કર્યુ. આ બધુ કર્યા પછી તેણે જે કામ કર્યુ તે દરમિયાન કંપનીની આર્થિક સ્થિતિ કથળવાના કારણે એ કંપનીએ રાજય સરકારને જાણ કરી છે કે, હવે આ રસ્તાને હું આગળ કામ વધારી શકુ તેમ નથી. એટલે તેનો જે એગ્રીમેન્ટ છે તે એગ્રીમેન્ટની શરતો પ્રમાણે આપણે તેને બીજી કોઇ કંપનીને તે કામગીરી સોંપે, તેની નાણાકીય સદ્ધરતા, તેની કામ કરવાની ટેકનિકલ ક્ષમતા તે બધુ જો યોગ્ય અને વાજબી હોય તો એગ્રીમેન્ટ પ્રમાણે અને બી.ઓ.ટી.ની કાયદાની શરતો પ્રમાણે આપણે તેને અન્ય કંપની પસંદ કરવાની, બીજી કંપનીને આ રસ્તો સોંપવાની પરવાનગી આપવાની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. જે કંપનીને કામ મળવાનું છે તે કંપની આર્થિક રીતે અને કામની રીતે ટેકનિકલી સક્ષમ છે કે કેમ ? આવા પ્રકારનો અનુભવ ધરાવે છે કે કેમ ? તેના માટે રિઝર્વ બેન્ક અને અન્ય સંસ્થાઓની, કેન્દ્રીય સંસ્થાઓની ગાઇડ લાઇન પ્રમાણે સી.એ.ની નિમણૂક કરી તેનો રિપોર્ટ લીધા પછી નવી કંપનીને આ કામ સોંપવા અંગે સરકાર આખરી નિર્ણય કરશે. રસ્તાની કામગીરી વિલંબમાં છે તે વાત સાચી છે પણ રાજય સરકારે આમાં કોઇ રોકાણ, કામગીરી કે નાણાકીય બજેટ ફાળવવાનું હોતું નથી. ખાનગી કંપનીએ આખો રસ્તો પૂરો કરી અને ટોલ ઉઘરાવી અને એગ્રીમેન્ટની શરતો પ્રમાણે કામ કરવાનું હોય છે. જેમાં કંપની અત્યારે કરી શકતી નથી તે હકીકત છે અને બીજામાં રજૂઆત આપજો જોઇશું.

શ્રી રોહિતભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવાની અપેક્ષા રાખુ છું કે, જે દસ રસ્તા મંજૂર થયા તે પૈકી વિડ્થ વાઇઝ રસ્તાની લંબાઇ શું છે ? અને મંજૂર કરેલ દસ રસ્તાના કામો વિધાનસભા વિસ્તારવાઇઝ કયાં કયાં છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બધા જ આણંદ તાલુકાના રસ્તા છે. એટલે કયા ધારાસભ્યશ્રીના વિસ્તારમાં કયો રસ્તો આવે છે ઘણાં તો બે ધારાસભ્ય વિસ્તારને પણ લાગુ પડતા હોય એટલે તેની વિગત હું નહીં આપું. પણ એક મોગરી જીટોડિયા રોડ છે, આણંદ કરમસદ સોજીત્રા રોડ છે પછી પંચાયતના રોડમાં જોડ માજીયાપુરા રોડ છે, બીજો જોડ ૨૭ વીઘા રોડ છે, કુંજરા મોરીના કૂવા રોડ છે, રાસનોલ બેડવા રોડ છે, રઇજીપુરા રાયજીપુરા રોડ છે, ઓડ ખોબલીપુરાનો ખૂટતો રસ્તો છે, સારસા ખાનપુર રોડ છે, ચીખોદરા વઘાસી રોડ છે. આમ, આ દસ રોડ છે અને આ દસે રોડની કુલ લંબાઇ ૨૯.૩૦ કિલોમીટર થાય છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં આપ્યું છે કે કોઇ પણ રસ્તા બિસ્માર હાલતમાં નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, તમે જાતે તપાસ કરાવજો. હમણાં તમે જ બોલ્યા તેમ મોગરી અંજારીયા રોડ, વેરા ખાડી ખેરડા રોડ, વડોદ મોગર રોડ, વડોદ બેડવા રોડ, બેડવા રાસનોલ રોડ અને આવા બીજા અનેક રસ્તાઓ ખૂબ જ બિસ્માર હાલતમાં છે અને સાથે સાથે એસ્સારમાં ધારાસભ્યશ્રીઓએ ભલામણ કરેલા રસ્તા જોબ નંબર આપ્યે આજે એક વર્ષ કરતા વધારે સમય થઇ ગયો હોવા છતાં પણ કામ ત્યાં સ્થળ ઉપર શરૂ થઇ શકયા નથી ત્યારે આવા રસ્તાઓની તપાસ કરાવીને જો બિસ્માર હાલતમાં હોય તો તાત્કાલિક મંજૂર કરવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમીતભાઇએ જે વાત કરી તે અગત્યની છે. આપણે સરકાર ધારાસભ્યોની કે કાર્યકરોની રજૂઆત આવે તે પ્રમાણે જોબ નંબર આપીએ છીએ. બીજુ, અગાઉથી પ્રણાલી છે કે જેમ જેમ સમય વધે તેમ તેમ આપણે નાણાકીય જોગવાઇ વધારતાં જઇએ છીએ. દરેક ધારાસભ્ય પોતાના મત વિસ્તારમાં પંચાયતના અને સ્ટેટના જે રસ્તા પોતાને અગત્યના પ્રાયોરિટીવાળા, જરૂરિયાતવાળા લાગે તેને ધારાસભ્ય સૂચવે તે કામ મંજૂર કરવાની પણ આપણે ત્યાં જોગવાઇ છે. એટલે આ ગૃહના તમામ ધારાસભ્યશ્રીઓ પોતાની પ્રાયોરિટી પ્રમાણે જોબ નંબર માગી શકે છે આપણે મંજૂર કરીએ છીએ. એટલે તમે એમ કહો કે આ બહુ જ બિસ્માર છે તો મારી વિનંતી છે, હું તો એમ કહુ છું આખા રાજયમાં એકેય રસ્તો બિસ્માર નથી. છતાં તમને કદાચ એવુ લાગતું હોય તો તમને મળેલી પ્રાયોરિટી પ્રમાણે તમારી ગ્રાન્ટમાંથી તમારે પસંદ કરવાના છે એમાંથી મંજૂર કરો તો એ કામ આપણે વહેલું કરીએ અને બીજુ જે આપે કહ્યું એ પ્રમાણે મંજૂર કરેલી કામગીરી ઝડપથી થાય તેની અમે કાળજી રાખીશું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એસ.આર.માં ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતના ૬૦ લાખ રૂપિયાની આજુબાજુના આપણે જોબનંબર આપીએ છીએ તો એ ૬૦ લાખ રૂપિયામાં બે કિલોમીટરની લંબાઇનો રસ્તો થાય તો એક ધારાસભ્યની વિસ્તારમાં ૫૦ થી ૧૦૦ ગામો આવતાં હોય તો દર પાંચ વર્ષમાં ગણીએ તો દસ કિલોમીટરથી વધારે રસ્તો ધારાસભ્યશ્રી સીધો સૂચવે એવા થઇ શકતા નથી તો આપ એ રકમ વધારવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

રાજકોટ અને મોરબી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૨૭૧૮ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| રાજકોટ | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | લોધિકા | ૭૮ | ૨૦ |
| ૨ | જસદણ | ૨૧૨ | ૪૬ |
| ૩ | રાજકોટ ગ્રામ્ય | ૩૧૪ | ૬૨ |
| ૪ | જામકંડોરણા | ૧૪૫ | ૧૯ |
| ૫ | પડધરી | ૧૩૪ | ૨૯ |
| ૬ | ઉપલેટા | ૩૨૮ | ૫૧ |
| ૭ | ગોંડલ | ૪૨૧ | ૬૯ |
| ૮ | જેતપુર | ૩૫૫ | ૭૬ |
| ૯ | ધોરાજી | ૧૩૭ | ૨૫ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૧૪૪ | ૪૨ |
| મોરબી | | | |
| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | વાંકાનેર | ૯૦૬ | ૧૨૯ |
| ૨ | મોરબી | ૫૪૦ | ૧૧૩ |
| ૩ | ટંકારા | ૨૩૩ | ૨૮ |
| ૪ | માળીયામીયાણા | ૧૪૮ | ૩૪ |
| ૫ | હળવદ | ૪૦૧ | ૭૮ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષણ દૂર કરવા સરકારે શા પગલા લીધા ?

(૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન (THR) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના દ્વારા જાણવા માગું છું કે, મારો પ્રશ્ન છે એ રાજકોટ અને મોરબી જિલ્લાની અંદર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે અને એમાં સરકારે શું પગલાં લીધાં? તો સરકારશ્રીએ કુપોષણ દૂર કરવા માટે પગલાં લીધાં હોવા છતાં રાજકોટ અને મોરબી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા ઘણી છે. ગ્રામ્ય વિસ્તારમાં, અંતરિયાળ ગામોમાં, ડૂંગરાળ વિસ્તારમાં આનો લાભ પૂરતા પ્રમાણમાં મળતો નથી તો આના માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૨૦૧૫માં કુલ ૧,૨૬,૭૭૧ બાળકો હતાં, એમાં ૪,૫૦૫ બાળકો ઓછા વજનવાળા હતા. ઓછા વજનવાળા બાળકોમાં બે વર્ષમાં સુધારો આવ્યો છે એટલે કે ૨૦૧૪–૧૫માં કુલ ૯,૨૦૩ બાળકો હતાં, એમાંથી અર્ધોઅર્ધ એટલે કે ૪,૭૨૮ બાળકોના વજનમાં સુધારો થયો છે. ૨૦૧૫–૧૬માં ૨૭૦૭માંથી ૨૦૨૧ બાળકોના વજનમાં સુધારો આવ્યો છે. અંતરિયાળ ગામોની અંદર મોબાઇલ આંગણવાડીઓ પણ છે, અને એની પૂરેપૂરી વ્યવસ્થા થાય એ માટે આ પ્રકારની વ્યવસ્થા રાજય સરકારે ગોઠવેલી છે અને એવી કોઇની ફરિયાદ નથી મળી કે, છેવાડાના ગામડાંના બાળકોને કોઇ વસ્તુથી વંચિત રાખવામાં આવ્યાં હોય.

શ્રી કાંતિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મોરબી જિલ્લો અને રાજકોટ જિલ્લામાં કુપોષણ બાળકની કઇ કઇ યોજના અમલમાં છે અને છ માસથી ત્રણ વર્ષના બાળકોને કયા કયા લાભ મળે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ અને મોરબી જિલ્લામાં કુપોષણ ઘટાડવા માટે ત્રણ થી છ વર્ષના બાળકો માટે માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે. ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ઘરે લઇ જવા માટે ત્રીજા ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે, આ ઉપરાંત અતિ ઓછા વજનવાળા બાળકોને તો ટી.એચ.આર. તરીકે પૂરક પોષણ આહારમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે. મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશીન કાઉન્સલીંગ વોલીન્ટીઅર યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક માર્ગદર્શન આપવામાં આવે છે. વાત્સલ્ય દિવસ / બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજયના તમામ જિલ્લાના અધિકારીઓ અતિકુપોષિત બાળકોને દત્તક લઇને તેની તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવા માટે આગ્રહી બન્યા છે, એટલું જ નહીં પણ અમારી પાર્ટીના કાર્યકર્તાઓ પણ આવા બાળકોને શોધીને વ્યવસ્થા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આઇ.એન.સી.સી.તાલુકા મથકે સી.એમ.ટી.સી. અને જિલ્લા મથકે એન.આર.સી.માં જરૂરિયાત મુજબ બાળકોને ખાસ સારવાર આપવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કારણ કે આપણા સૌના માટે શરમ અને ચિંતાનો વિષય હોય તો આપણે વિકસિત રાજય કહેતા હોય અને આપણા ત્યાં કુપોષિત બાળકો હોય. સુપ્રિમ કોર્ટે રેડ ઝોનના બાળકોને આઇડેન્ટીફાઇ કરી અને એના માટે ચોકકસ માપદંડ નકકી કરી આપ્યા છે કે એ પ્રમાણેનું પોષણ આપવું. ગુજરાતમાં રેડ ઝોનના બાળકો આઇડેન્ટીફાઇ થયા, આઇડેન્ટીફાઇ થયા પછી એને જે પોષણ મળવું જોઇએ એમાં બહુ જ મોટો ગેપ છે. કોઇ જગ્યાએ ૬૯ ટકા તો કોઇ જગ્યાએ ૭૦ ટકા આવા ગેપવાળી પરિસ્થિતિ રહી છે. તો સોએ સો ટકા રેડ ઝોનના બાળકો છે એમાંથી એક પણ બાળક જે વાત સુપ્રીમ કોર્ટે કહી છે એનાથી ન છૂટી જાય એના માટે આપણે પગલાં લઇને સુનિશ્ચિત કરવા માગીએ છીએ?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી: સભ્યશ્રીએ કહ્યું કે સોએ સો ટકા બાળકો અતિ કુપોષિત કે કુપોષિત છે પરંતુ ડબલ્યુ એચ.ઓ. ના માપદંડો છે એ માપદંડ પ્રમાણે વજન ઓછું હોવાથી આ બાળકો કુપોષિત ગણાય છે. આ માપદંડ અને આહાર શાસ્ત્રીઓનું માપદંડ એ બંનેમાં ફેર છે અને એટલા માટે આંગણવાડીના કેન્દ્રોમાં આ બાળકોના સ્પેશ્યાલિસ્ટ દ્વારા આરોગ્યની તપાસણી કરવામાં આવી એના પ્રોફાઇલ કાર્ડ બનાવવામાં આવ્યા અને પોષણ સ્તરનું દર માસે મોનિટરીંગ કરવામાં આવ્યું. મારે કહેવું છે કે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક નવતર પ્રયાસ કુપોષિત બાળકોના જીનેટીક પ્રોફાઇલ તૈયાર કરવા માટે કર્યો. અને એમાં પોરબંદર જિલ્લામાં અને કેટલાક જિલ્લાની અંદર આવા બાળકોના પ્રોફાઇલ તૈયાર કરવામાં આવ્યા જયાં બાળકો કુપોષિત હતા. અને ૧૦૪ બાળકોમાં જીનેટીક પ્રોબ્લેમ હતા એને પણ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. મારે એક વાત એ પણ કરવી છે સન ૨૦૧૫–૧૬માં ૮૯૨ આંગણવાડીના નવા કેન્દ્રો મંજૂર કર્યા અને અગાઉની સરકાર પાસેથી મારા વિભાગની જે ગ્રાન્ટો પડતર હતી આપતા જ ન હતા,આ વર્ષે ૩૩૧ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકારમાંથી પ્રાપ્ત કરી શકયા છીએ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજકોટ અને મોરબી જિલ્લામાં ઓછા વજન ધરાવતા બાળકો હોય તેમજ અતિ ઓછું વજન ઘરવતા બાળકો હોય એ બાળકો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેની વિગત મંત્રીશ્રી આપે?

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી :લોધીકા, જસદણ, રાજકોટ ગ્રામ્ય, જામકંડોરણા, પડધરી, ઉપલેટા,ગોંડલ, જેતપુર, ધોરાજી અને કોટડાસાંગાણી આ દરેકના આંકડા તાલુકાવાર મારી પાસે છે પણ કુલ મળીને ૧ કરોડ ૨૯ લાખ ૨૪ હજાર ૬૦૦ રૂપિયા રાજકોટ જિલ્લાના તાલુકામાં કરવામાં આવ્યો. અને મોરબીમાં વાંકાનેર, મોરબી, ટંકારા, માળીયા મીયાણાઅને હળવદ પાછળ કુલ મળીને ૧૦ લાખ ૩૧ હજાર ૪૦૦ રૂપિયાનો ખર્ચ આંગણવાડીના અતિ કુપોષિત બાળકો અને ઓછા વજનવાળા બાળકો પાછળ કરવામાં આવ્યો.

રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો માટે બજેટમાં જોગવાઈ

* ૨૪૧૨૧ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો માટે વિભાગના બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ બચત રહી?

**જવાબ**

(૧) બાળકોને પોષણયુકત આહાર આપવા માટે નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

| વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ.૬૫૭,૪૦,૮૨,૪૦૦ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૯૩૫,૨૦,૦૭,૦૦૦ |

(૨)

| વર્ષ | બાળકોને પોષણયુકત આહાર આપવા માટે થયેલ ખર્ચ | બચત |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ.૬૫૭,૩૦,૯૭,૨૧૦ | રૂ. ૯,૮૫,૧૯૦ |
| ૨૦૧૫–૧૬ | રૂ.૬૮૫,૩૧,૨૯,૩૦૦ (ડિસેમ્બર–૨૦૧૫ અંતિત) | – |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં આટલી રકમ વાપરવામાં આવી છે. વિધાનસભામાં આપેલા આંકડા આધારિત ૧૮–૪–૨૦૧૨ના રોજ હૈદરાબાદ અને મુંબઇની કંપનીને સરવે કરવાની કામગીરી માટે રાજય સરકારે બે કરોડ પાંચ લાખ અને ૪૨ હજારનો ખર્ચ કરેલ છે. અને દુઃખ સાથે કહેવું પડે કે, કુપોષણની વાત કરનારી આ સરકારને આ બંને કંપનીઓ દ્વારા અહેવાલ સોંપવામાં આવેલ નથી.

બીજું કે ભૂતકાળમાં મારે બે પ્રશ્નો પૂછવા છે. એક મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું હતું કે ભૂતકાળથી આ કુપોષણની પ્રક્રિયા ચાલી આવે છે. તો જે બજેટની જોગવાઇના અનુસંધાનમાં જે જવાબ આપ્યો છે કે આ રાજયની અંદર ૭.૫ લાખ કરતાં પણ વધારે બાળકો જયારે કુપોષિત છે અને સરકાર દ્વારા જે ખર્ચ કરવામાં આવેલ છે એ ૨૦૧૪–૧૫માં એક બાળક દીઠ ગણીએ તો ૮ રૂપિયા ૮૭ પૈસા થાય. અને સન ૨૦૧૫–૧૬માં ગણીએ તો ૧૨ રૂપિયા અને ૪૬ પૈસા થાય. એટલે ૧૨ રૂપિયાને ૪૬ પ્રમાણે ગણીએ તો મહિનાનો એક રૂપિયો એક બાળક પાછળ ખર્ચાય છે. તો આ રાજય કુપોષિત બાળકમાંથી કેવી રીતે બહાર આવે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો મારે એ કહેવાનું છે કે આંગણવાડીના બધા જ બાળકો કુપોષિત કે અલ્પપોષિત નથી હોતા. નં.૨, રાજય સરકાર પોતાની જવાબદારી અને ફરજ સમજીને બજેટની જોગવાઇઓ પ્રમાણે કામ કરી રહી છે. એ સિવાય પણ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારું આખું મંત્રી મંડળ અને ધારાસભ્યો જયાં પણ કામ માટે જાય છે, કાર્યક્રમો માટે જાય છે ત્યાં બુકે નહીં, પરંતુ ફળો અને કઠોળની ટોકરીઓ આપીને જે કંઇ ભેટ–સોગાદ મળે તે આંગણવાડીના બાળકોને રેગ્યુલર આપવામાં આવે છે. આ પ્રથા અમે નિરંતર ચાલુ રાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને બીજું એ કહેવું છે. તેમણે સરવેની કામગીરીની વાત કરી. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૧૮–૪–૧૨ના ઠરાવથી બે રાષ્ટ્રીય એજન્સીઓને આ કામગીરી સોંપવામાં આવી હતી. નેશનલ ઇન્સ્ટટ્યૂટ ઓફ ન્યુટ્રિશન–હૈદરાબાદ અને ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટ્યૂશન ફોર પોપ્યુલેશન સાયંસીસ–મુંબઇ. આ બે કંપનીને કામ સોંપ્યું હતું. ઉપર જણાવેલી સંસ્થાઓને કોમ્પ્રિહેન્સીવ ન્યુટ્રીશન સરવે ઇન ગુજરાત માટે નિયુક્ત કરી હતી. આ સરવેનો હેતુ એ હતો કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનું એન્થ્રોપ્રોબેટિક એટલે કે વજન અને ઉંચાઇનું પ્રમાણ પદ્ધતિ દ્વારા એ લોકોનું ન્યુટ્રીશન સ્ટેટસ જાણવું. પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સ્તનપાન અને ખોરાકની પદ્ધતિઓનો અભ્યાસ પણ કરવો. ધાત્રી અને સગર્ભા માતાઓ આ સમય દરમ્યાન લેવામાં આવતા ખોરાક અને પદ્ધતિઓનો પણ અભ્યાસ કરવો. બાળકમાં સમગ્રતયા આરોગ્ય અને હાઇજીનને લગતી બાબતોનો અભ્યાસ કરવો. પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો ધરાવતી માતાઓમાં પરિવાર નિયોજનની કાર્યવાહી માટે પણ અભ્યાસ કરવો. સંકલિત બાળ વિકાસ યોજના દ્વારા કુપોષણ નિવારણ માટે થતી કામગીરી, અમલીકરણ પદ્ધતિ અને પૂરક પોષણ એટલે કુલ મળીને બાળક કુપોષિત કે અલ્પ પોષિત હોય તેના માટેના તમામ માપદંડોને ધ્યાનમાં રાખીને તેનો સરવે તેમણે કરવાનો હતો. આ બન્ને સંસ્થાઓ સરકાર માન્ય હતી. રાજયના તમામ ૨૬ જિલ્લામાં કોમ્પ્રિહેન્સીવ સરવેની કામગીરી આ સંસ્થાઓએ કરી. સમગ્ર રાજયને છ ઝોનમાં વિભાજીત કરી સેમ્પલ સાઇઝ નક્કી કરવા ફિલ્ડ સરવેની કામગીરી કરી વિસ્તૃત અહેવાલ તૈયાર કરતા સમય લાગ્યો છે. બીજું, સરકારની કંપનીઓ હોવાના કારણે જે કામ તે કરતા હતા તેના કરાર પ્રમાણે અને કરાર આધારે જે સમયાંતરે કામ કરતા હતા એ કામ કરતા કરતા એમણે જયારે જયારે જેટલું કામ કર્યું એટલા પૈસાની ચૂકવણી તેમને કરવામાં આવી હતી. નેશનલ ઇન્સ્ટટ્યૂટ ઓફ ન્યુટ્રિશિયન–હૈદરાબાદને રૂ.૮૪,૫૭,૯૭૫ અને ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટ્યૂશન ફોર પોપ્યુલેશન સાયંસીસ–મુંબઇને રૂ. ૧,૨૦,૮૪,૫૦૦ ચૂકવવામાં આવ્યા છે. એનો અહેવાલ રજૂ કરવા માટે આખો અહેવાલ અંગ્રેજીમાં હતો. તેનું ગુજરાતી ભાષાંતર પૂરૂં થવામાં છે અને આખો અહેવાલ અમારા સમક્ષ મૂકવામાં આવશે. મારી સરકાર કુપોષિત અને અતિ કુપોષિત બાળકો માટે ખૂબ જ સંવેદનશીલ છે. સંકલિત બાળવિકાસ યોજનાના માધ્યમ સિવાય પણ અનેક યોજનાઓ દૂધની ડેરીઓ, અમૂલ જેવી બધી જ ડેરીઓને સાથે રાખીને અનેકવિધ કાર્યક્રમો અમે કર્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બે કંપનીની વિગતવાર ચર્ચા કરી છે એટલે. એમને જવાબ તો આપવા દો. આપ ટૂંકમાં જવાબ આપો બહેન.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : કુલ બજેટનો ૦.૧ ટકા ખર્ચ પણ આ સરવે પાછળ થયો નથી.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ સંવેદનશીલ સરકાર. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે અંગ્રેજીમાં હતો તેને ગુજરાતી કરવાનું કામ ચાલુ છે. શ્રી રાકેશ જ. શાહ : જયારે ગુજરાતની આ સરકાર કુપોષિત બાળકોની આટલી ચિંતા કરે છે અને માનનીય શૈલેષભાઇ, પહેલાં એ માનસિકતામાંથી બહાર આવો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો, આપ બેસો પ્લીઝ. શૈલેષભાઇ, તમારે સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાનો ન હોય. તમારે મંત્રીશ્રીને પૂછવાનું હોય, પ્લીઝ.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારી તો આ સન્માનનીય સભાગૃહના દરેક સભ્યશ્રીને વિનંતી છે. શૈલેષભાઇ, તમે એ માનસિકતામાંથી બહાર આવો..

અધ્યક્ષશ્રી : રાકેશભાઇ, આપ મારી સામે ધ્યાન આપીને મંત્રીશ્રીને પ્રશ્ન પૂછો. પ્લીઝ. સામે સામે બે જણા ડિસ્કસ ન કરો.

શ્રી રાકેશ જ. શાહ : સરકાર આટલા કામ કરી રહી છે ત્યારે શૈલેષભાઇએ દરેક બાળકને કુપોષિત ગણાવ્યું હતું અને એ ભાગાકાર કરતા હતા. આ રાજ્યમાં દરેક બાળક કુપોષિત નથી. મારી ચિંતા એટલી છે કે તમે દરેક બાળક પાછળનો ખર્ચ ગણાવતા હતા.

અધ્યક્ષશ્રી : આપ મંત્રીશ્રીને પ્રશ્ન પૂછો.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ પણ છે કે તેઓ કુપોષિત બાળકોની ચિંતા કરે છે પણ એમાં રાજકીય રંગ ન હોવો જોઇએ. જે રીતે સરકાર કામ કરે છે એની અન્ય યોજનાઓ છે. પૂરક પોષણ આહાર કાર્યક્રમ હેઠળ કેટલી રકમ આ કુપોષિત બાળકો માટે વાપરી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૫માં આ યોજના શરૂ કરી હતી. આ વિભાગને કે એની કાર્યવાહીને કોઇ જાણતું નહોતું. આખા રાજ્યમાં કોઇને ખબર નહોતી કે આઇસીડીએસ શું છે એ કોઇને ખબર નહોતી. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ૨૦૧૨માં આ વિભાગ જુદો કરાવ્યો, શ્રી શક્તિસિંહજી, સાંભળવું પડે. જુદો કરાવ્યા પછી આંગણવાડીઓને એક નવી ઓળખ મળી, મારી પાસે બધી જ માહિતી છે, હું બધુ જ કહીશ. આંગણવાડીઓની એક અલગ ઓળખ ઉભી થઇ. ઓળખ ઉભી થયા પછી સંવેદનશીલ વાત ધ્યાનમાં આવી અને મુખ્યમંત્રીશ્રીએ કરેલી યોજનામાં અમે લોકભાગીદારી કરી. મારી આપને વિનંતી છે કે, ગૃહમાં પ્રશ્નોની ચર્ચા થાય ત્યારે •(×××)

અધ્યક્ષશ્રી : ના, કોઇ ઝઘડો ન કરે, કોઇ સભ્ય *(×××), કોઇ સભ્યશ્રી *(×××) પ્રજાના પ્રશ્નોની ચર્ચા કરવા માટે આવે છે. એટલે ખૂબ જ સારા માહોલમાં ચર્ચા થવી જોઇએ.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) આ કોઇ પ્રશ્ન પૂછવાની પદ્ધતિ નથી. હું જવાબ જ આપતી હતી.

અધ્યક્ષશ્રી : તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ આપના સ્થાન ઉપર બેસો, પ્લીઝ આપ બેસી જાઓ. આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. પ્લીઝ, આપ બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી આપ જવાબ ટૂંકમાં આપી દો. શ્રી શક્તિસિંહજી, પ્લીઝ બેસો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે. ૨૦૧૪-૧૫માં રૂ.૬૫૭,૩૦,૯૭,૨૧૦/- કરોડનો ખર્ચ કરવામાં આવ્યો અને ૨૦૧૫-૧૬માં ડિસેમ્બર અંતિત કુલ રૂ.૬૮૫,૩૧,૧૯,૩૦૦/- નો ખર્ચ થયો છે. વારંવાર સંસદીય બાબતોને ધ્યાનમાં રાખીને આમ કરવું તેમ કરવું એવી શિખામણ આપવામાં આવે છે. આ પ્રકારે મને પ્રશ્ન ન પૂછી શકાય. હું કોઇને લાંબા હાથ કરીને ક્યારેય કશું કહું છું?

અધ્યક્ષશ્રી : આવું કોઇ સભ્ય ન કરે. કોઇપણ સભ્યશ્રી હોય, મંત્રીશ્રી હોય, બન્ને પક્ષના સભ્યશ્રીઓ હોય એ આવું ન બોલે. પ્રશ્ન ક્રમાંક ૯ માનનીય ધર્મેન્દ્રસિંહ જાડેજા. ૧૩ મિનિટ થઇ છે.

જામનગરની જી.જી. હોસ્પીટલમાં એકસ-રે મશીનો

* ૨૪૨૦૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ જામનગરમાં આવેલ જી.જી. હોસ્પીટલમાં કેટલા એકસ રે મશીનો છે, | (૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ જામનગરમાં આવેલ જી.જી. હોસ્પીટલમાં કૂલ ૧૩ એકસ રે મશીનો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા એકસ-રે મશીનો કાર્યરત છે, અને કેટલા એકસ-રે મશીનો કેટલા સમયથી બંધ છે, | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ૧૨ (બાર) એકસ-રે મશીનો કાર્યરત છે અને ૧ (એક) એકસ-રે મશીન તા.૩૧-૧૨-૧૫ થી બંધ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ હોસ્પીટલમાં એકસ-રે પાડવાની કામગીરી કોઈ ખાનગી કંપનીને સોંપેલ છે તે હકીકત સાચી છે, અને | (૩) ના, જી. |
| (૪) જો, હા તો ઉક્ત સ્થિતિએ પ્રતિ એકસ-રે દીઠ કેટલા રૂપિયા ચૂકવવામાં આવે છે અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સીને કૂલ કેટલી રકમ ચુકવવામાં આવી? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : શ્રી ધર્મેન્દ્રસિંહ આપ પ્રશ્ન પૂછો. આપણે મંત્રીશ્રીને જવાબ આપવા માટે દબાણ કરી શકતા નથી. મંત્રીને કેવો જવાબ આપવો એ એમનો અધિકાર છે. શક્ય હોય એટલી માહિતી મંત્રીશ્રી આપણને આપતા હોય છે. એ એમનો અધિકાર છે. શ્રી ધર્મેન્દ્રસિંહ આપ પ્રશ્ન પૂછો. નહીતર હું આગળ વધુ છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, સમગ્ર સૌરાષ્ટ્રમાં જી.જી. હોસ્પિટલ એ સરકારની મોટામાં મોટી હોસ્પિટલ છે. ત્યારે સૌરાષ્ટ્રમાંથી વધુમાં વધુ દર્દીઓ ત્યાં આવતા હોય છે. એના માટે એક્સ–રે મશીનનો પ્રશ્ન હતો. તે વારંવાર બંધ થાય છે. હું હોસ્પિટલ સાથે સીધો સંકળાયેલ છું. વર્ષે ૧૦૦૦ બોટલ જેટલું બ્લડ પણ મારા ટ્રસ્ટ દ્વારા જમા થાય છે. હું ડાયરેક્ટ જતો હોઉં છું, એટલે વારંવાર એક્સ–રે મશીન બંધ થાય છે. અત્યારે બધા ચાલુ છે, પણ વારંવાર બંધ થાય છે. જૂનાં હોય તેને માટે નવાં લેવા માટે આપને સૂચન કરું છું. ખાસ કરીને બીજું સૂચન એવું છે કે જામનગરની મોટામાં મોટી સૌરાષ્ટ્રની હોસ્પિટલ હોય, ત્યારે ત્યાં ન્યૂરો સર્જન વર્ષોથી નથી. પ્રાઇવેટમાં એક ન્યૂરો સર્જન છે. બીજા દર્દીઓને રાજકોટ જવું પડે છે. બીજું કે પી.એમ. ૫–૦૦ વાગ્યા પછી બંધ થઇ જાય છે. એ એક વિનંતી છે. બીજું, ખાસ સરકારી સિટી સ્કેન મશીન વર્ષોથી બંધ છે. આ પ્રાઇવેટ એજન્સીને આપેલ છે એ પણ આપણું ચાલુ થાય એ મારાં ત્રણ સૂચન છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : વિવાદની જગ્યાએ સંવાદની સંસ્કૃતિ મને લાગે છે કે ગુજરાતને આગળ લઇ જશે. માનીય સભ્યશ્રીએ ખૂબ સારું સૂચન કર્યું. એમણે વાત કરી ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલની જે જી.જી. હોસ્પિટલના નામે જામનગરમાં ઓળખાય છે. ૬,૭૬,૦૦૦ જેટલા ઓ.પી.ડી. એક વર્ષમાં થાય છે. ઇન્ડોર ૭૨૦૦૦ જેટલા દર્દીઓ સારવાર લે છે. માઇનોર સર્જરી ૧૯,૦૦૦ અને મેજર ૭,૦૦૦ જેટલી થાય છે. સભ્યશ્રીએ સાચી વાત કરી. મેં ગઇ કાલે સામેથી ફોન કરીને ધર્મેન્દ્રસિંહજીને પૂછયું હતું કે કરવા જેવું કઇ હોય તો સામેથી આપણે કામ કરીએ. એમણે કેટલીક બાબતોમાં સંતોષ વ્યક્ત કર્યો હતો. બે બાબતોની વાત કરી, એક એક્સ–રે મશીન માટે. એક્સ–રે મશીન ૧૩ છે. એમાંથી ૧ બંધ હતું. જે થોડા દિવસોમાં રિપેરિંગ કરીને ચાલુ થઇ ગયું છે. એટલે ૧૩–૧૩ મશીનો ચાલુ થઇ ગયાં છે. સિટી સ્કેનની વાત કરી છે. અત્યારે સારવાર મળી રહી છે. જૂનું મશીન હતું, જેને રિપેરિંગ કરી શકાય તેવી તેમની વાતને પોઝિટિવ વિચારીશું.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જી.જી. હોસ્પિટલમાં છેલ્લા એક વર્ષમાં સારવાર માટે શું શું કામગીરી કરવામાં આવી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી :મેં હમણા જ વાત કરી એ પ્રમાણે જી.જી. હોસ્પિટલની અંદર એક વર્ષમાં ૩,૪૩,૮૩૧ જેટલા એક્સ–રે પાડવામાં આવ્યા. ઓ.પી.ડી. ૬,૭૬,૦૦૦, માઇનોર સર્જરી ૧૯,૦૦૦ જેટલી અને મેજર સર્જરી ૭,૦૦૦ જેટલી કરી. કેન્સરના દર્દી માટે બહુ મોટા પ્રમાણમાં કહી શકાય તેવી સર્જરી કરી. જેમ અગાઉ પણ સભ્યશ્રીએ કહ્યું તેમ જામનગર માટે નહિ, સૌરાષ્ટ્ર માટે ઘણા બધા વિસ્તારો માટે આશીર્વાદરૂપ આ હોસ્પિટલ છે. ઘણાં બધા કામો ત્યાં ડિલિવરીથી માંડીને સર્જરી સુધીનાં થયેલ છે.

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, જે હોસ્પિટલ બાબતની ચર્ચા થઇ. પી.એમ. ૫–૦૦ વાગ્યા સુધી કરે છે, તો ૨૪ કલાક સુધી કરવામાં આવે તો માણસ હેરાન ન થાય, એને રાત્રે જવું પડે છે, રાત્રે જાગવું પડે છે, ત્યાં આગળ રહેવું પડે છે. ન્યૂરો સર્જનની ત્યાં ખાસ જરૂર છે. આ મારી વિનંતી છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : મોટા ભાગે નોર્મલ કેસમાં થતું હોય છે. સ્પેસિફિક ફોરેન્સિક નિયમો છે. એની અંદર કોઇ સુસાઇડ કરેલ હોય કે બાકી એવી ઘટના હોય તો સૂર્યપ્રકાશ સિવાયના સમયમાં નથી કરી શકાતું, તો એટલા સિવાયની બાકીની ઘટનામાં જેમાં કાયદાકીય બાન નથી તેવા કેસોની અંદર ગમે ત્યારે પી.એમ. પણ કરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી માત્ર એટલી જ વિનંતી છે, એમની વાત સાચી છે. જે કેસોની અંદર પોઇઝનેશ કે એવા જે કસો છે કે જેની ડે–લાઇટમાં આખનો કલર ને એ જોવું પડે પરંતુ આનો ફાયદો લઇને જે બધા જ સભ્યશ્રીઓને અનુભવ છે, માત્ર એક હજારે એકાદો કેસ જ આવો હોય છે પણ તમામ કેસીસમાં ના પાડવામાં આવે છે. ભૂતકાળમાં જ્યારે આ ખાતુ મારી પાસે હતું, અમે એવા બોર્ડ લગાવ્યા હતા કે, ચોવીસ કલાક પોસ્ટ મોર્ટમ અહીંયા થાય છે, જો ના પાડવામાં આવે તો કમિશ્નરશ્રીને આ કાર્યાલયનો નંબર એમાં લખેલો હતો કે આપ ફરિયાદ કરી શકો છો. આપ પણ એવી સિસ્ટમ કરો કે, શંકાસ્પદ સિવાયના તમામ કેસો ચોવીસ કલાક થાય છે અને એમ છતાં ડોકટર ના પાડે તો કોઇક એવો નંબર કે જ્યાં માણસ ફરિયાદ કરી શકે. કારણ કે, હવે તો બહુ કલીયર થઇ ગયું છે કે, એ કેસો સિવાય થઇ શકે. તો આવી કોઇ વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇની વાત સાચી છે કે, શંકાસ્પદ સિવાય બાકીના કેસોની અંદર પી.એમ. થતું જ હોય છે અને એની અંદર જો કોઇ ત્રૂટી કે ફરિયાદ આવશે તો કંઇ અમે એની પ્રજામાં જાગૃતતા વધારે આવે એ માટેના પણ પ્રયત્નો પણ કરીશું.

બોરીસણા ભોયણ અને પલસાણા–જાસપુર રોડને પહોળો કરવા બાબત

* ૨૪૪૧૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બોરીસણા–ભોયણ રોડ (ખાત્રજ ચોકડી સુધી) અને પલસાણા જાસપુર રોડ પહોળો કરવાની માંગણી કે દરખાસ્ત તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ સરકારમાં પડતર છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો ઉકત માંગણી કે દરખાસ્ત સરકારને ક્યારે મળેલ છે, અને<br>(૩) ઉકત રસ્તાઓ કયાં સુધીમાં પહોળો કરવામાં આવશે? | (૧) (૨) અને (૩) રાજ્ય હસ્તકના બોરીસણા–ભોયણ (ખાત્રજ ચોકડી સુધી) રોડને પહોળો કરવા માટેની માંગણી કે દરખાસ્ત પડતર નથી. જ્યારે પંચાયત હસ્તકનાં પલસાણા–જાસપુર રોડને પહોળો કરવા માટે રૂ. ૩૮૦.૦૦ લાખની રકમ મંજુર કરવામાં આવેલ છે. જેની ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ કામ હાથ ધરવાનું આયોજન છે. |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, બોરીસણા ભોંયણ ખાત્રજ ચોકડીના રોડને પહોળો કરવા માટેની માગણી કે દરખાસ્ત પડતર નથી. મેં માનનીય મુખ્યમંત્રશ્રીને પણ પત્ર લખેલો હતો અને માનનીય મંત્રીશ્રીને પણ પત્ર લખેલો હતો. હવે કહે છે કે માગણી નથી. પણ આ માગણીવાળો પત્ર હતો. કંઇક કદાચ નીતિનભાઇથી કયાંક ભૂલ થાય એવી નથી પણ થઇ ગઇ કે એ ખબર પડતી નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને ખાલી એટલી વાત કરવા માગુ છું કે, ખાત્રજ, વડસર, ભોયણ, કારોલી અને સાંતેજ સાહેબ આ બહુ ઔદ્યોગિક વિસ્તાર છે અને ખાત્રજ ચોકડીથી બોરીસણા સુધીનો જે રસ્તો છે એ ખૂબ ટ્રાફિકવાળો રસ્તો છે અને મહિનામાં બે –ત્રણ અકસ્માતો થાય છે અને લગભગ બે–ત્રણ લોકો મૃત્યુ ત્યાં પામે છે, તો આ રસ્તાને ખરેખર પહોળો કરવાની જરૂરિયાત છે. તો મારે આપના દ્વારા મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, આ રસ્તાને ખાત્રજ ચોકડીથી કલોલ સુધી પહોળો કરવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બળદેવજી તો અમારા મિત્ર છે એટલે એમના માટે નથી કહેતો પણ ભૂતકાળમાં એવા ભાઇઓ મળતા હતા કે કાગળ બતાવે કે મેં મોકલ્યો છે, એમની કોપી રાખે પણ અમને ના મોકલે. એટલે શું થાય પછી કહો. એવું કદાચ, બળદેવજી એવું ના કરે સાહેબ, મારા મિત્ર છે, એટલે એમણે મોકલ્યો જ હશે.

અધ્યક્ષશ્રી : બળદેવજીનો પત્ર તો સાચો જ હશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મુખ્યમંત્રીશ્રીને ત્યાંથી પણ મને કાગળ મળ્યો છે, એમણે મને પણ પત્ર લખયો છે કે, તમારી કાર્યવાહી ચાલુ છે. બીજો પત્ર તમારે ત્યાંથી કે.જે.ગામીત એમણે પણ મને જવાબ આપ્યો છે છતાં તમારા જ અધિકારીઓએ એવું કહ્યું કે, આવી કોઇ માગણી નથી. તારીખ કહેતા હોવ તો તારીખ કહું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ આપણે દિવસમાં બે –ત્રણ વખત મળીએ અને તમે કાયમ મારી પાસે માગણી કરો જ છો એટલે પાકી માગણી છે તમારી એમાં કોઇ ના નથી. માનનીય અધ્યક્ષશ્રી, કલોલ તાલુકો અને અમદાવાદ ઔડા વિસ્તાર શહેર બધું ખૂબ નજીકથી રહેણાંક વિસ્તારમાં, ઔદ્યોગિક વિસ્તારમાં જોડાયેલું છે. બધા જ રસ્તાઓ અમદાવાદને સાંકળતા વધુ પહોળા કરવા કલોલ પણ મોટું આદ્યોગિક શહેર છે, અડાલજનો જે આપણો બી.ઓ.ટી. રોડ છે, અડાલજ ત્રિદેવ મંદિર એ બધા જ ખૂબ ટ્રાફિકવાળા જંકશનો છે, ગાંધીનગર આવવાનો રસ્તો પણ ત્યાંથી નીકળે છે. એટલે તબક્કાવાર અમદાવાદ શહેરને જોડતા પછી એ સાણંદથી હોય, ધોળકાથી હોય, કલોલથી હોય, દહેગામથી હોઇ એ બધા રસ્તા આપણે ક્રમાનુસાર પહોળા કરવાનું કામ હાથ ઉપર લીધેલું છે, એ પ્રમાણે કામગીરી ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો માનનીય બળદેવસિંહજીએ કહ્યો એ કલોલ, બોરીસણા, ભોયણ, ખાત્રજ રોડ કુલ ૨૬ કિલો મીટર લાંબો છે. એમાં સાત મીટર પહોળો તો અત્યારે છે જ એટલે એ પૈકીના રસ્તાને પહોળો કરવાની એમની માગણી છે એવી રીતે બીજો જે એક રસ્તો પલસાણા જાસપુર જે એમણે માગણી કરી હતી એ આપણે મંજૂર કર્યો અને એનું કામ અત્યારે ચાલી રહ્યું છે અને આ કામો પૂર્ણ થતા અમદાવાદ શહેર, કલોલ અને હાઇ–વેને જોડતા બધા રસ્તા આપણે વધુ પહોળા કરીને પ્રજાને લાભ આપવાનું કામ કરીશું અને કલોલ અને અમદાવાદને જોડતા જે રસ્તાઓ છે એ બધા જ રસ્તાઓ ક્રમાનુસાર અમદાવાદ ટી.પી. જેમ જેમ ખુલતી જાય, નવા રસ્તાઓ પણ પાડવાનું આપણું આયોજન છે કે જેથી મુખ્ય ગાંધીનગર–સરખેજ હાઇ–વે ઉપરના રસ્તાનું ભારણ ઘટે એ અમારું લક્ષ્ય છે એને ક્રમાનુસાર પ્રાયોરિટી આપીશું.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પલસાણા–જાસપુર રોડ

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ધોળકા તાલુકાના રસ્તા પહોળા કરવા બાબત

* ૨૩૨૫૧ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં મુખ્ય જિલ્લા માર્ગો ઉપર વાહનોની અવર જવર વધતી જતી હોવાની હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૫–૧૬ માં આ માટે શું આયોજન કરવામાં આવેલ ,છે અને | (૨) અને (૩) ૨ રસ્તાના કામો પહોળા કરવાના રૂા. ૧૧૦૦.૦૦ લાખના મંજુર કરેલ છે. |
| ( ) એચબી–૭૪૦– ૩૧–૧–૧૬ની સ્થિતિએ ૨૦૧૫–૧૬ના વર્ષમાં ધોળકા તાલુકાના કેટલા રસ્તા કેટલી રકમના અંદાજીત ખર્ચે પહોળા કરવાનું આયોજન છે ? | |

### ધારી, બગસરા અને ખાંભા તાલુકાના રસ્તાઓને પેવર કામ

* ૨૪૩૨૪ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં કેટલા રસ્તાઓમાં કેટલાં કિ. મી. ના પેવર કામ કર્યા? | ૫૦ રસ્તાઓ, ૨૨૫.૮૦ કિ.મી. લંબાઈમાં પેવર કર્યા. |

### છોટા ઉદેપુર જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૩ શ્રી જ્યંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આરોગ્ય સેવાઓ પૂરી પાડવા છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ? | છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૭ (સત્યાસી) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

### ખેડા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત

* ૨૩૦૩૪ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર વસ્તીના પ્રમાણમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાત છે, અને | (૧) તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાતની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | પ્રા.આ. કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ગલતેશ્વર | ૦૧ |
| ૨ | કપડવંજ | ૦૦ |
| ૩ | કઠલાલ | ૦૦ |
| ૪ | ખેડા | ૦૦ |
| ૫ | મહુધા | ૦૦ |
| ૬ | માતર | ૦૧ |
| ૭ | મહેમદાવાદ | ૦૦ |
| ૮ | નડીયાદ | ૦૧ |
| ૯ | ઠાસરા | ૦૦ |
| ૧૦ | વસો | ૦૦ |

(૨) આ જરૂરીયાત સામે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા આરોગ્ય કેન્દ્રો ખોલવા શી કાર્યવાહી કરી ?

(૨) સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૨૮-૪-૨૦૧૫ના ઠરાવથી કઠલાલ તાલુકામાં ૦૧ (એક), પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવેલ છે.

(૧) સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૧૨-૧-૨૦૧૬ના ઠરાવથી કપડવંજ તાલુકામાં ૦૧ (એક), માતર તાલુકામાં ૦૧ (એક), મહેમદાવાદ તાલુકામાં ૦૧ (એક) અને ઠાસરા તાલુકામાં ૦૧ (એક) આમ, કુલ ૦૪ (ચાર) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. ગલતેશ્વર તાલુકામાં ૦૧ (એક), માતર તાલુકામાં ૦૧ (એક) અને નડીયાદ તાલુકામાં ૦૧ (એક) આમ, કુલ ૦૩ (ત્રણ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ રહે છે જે અંગે આગામી વર્ષોમાં સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

## વલસાડ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન

* ૨૪૧૮૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ગેસ કનેક્શનો ધરાવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ગેસ કનેક્શન ધરાવતી નથી અને તેને કેટલા સમયમાં ગેસ કનેક્શનો અપાશે ?

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓ ગેસ કનેક્શન ધરાવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેક્શન ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૪૦૪ |
| ૨ | પારડી | ૪૫૬ |
| ૩ | ઉમરગામ | ૩૪૨ |
| ૪ | ધરમપુર | ૩૦૬ |
| ૫ | કપરાડા | ૩૫૨ |

(૨) ઉપર મુજબ તાલુકાવાર તમામ આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે.

## અમદાવાદ અને નવસારી નારી સંરક્ષણ ગૃહમાં બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે પગલાં

* ૨૧૧૭૫ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નારી સંરક્ષણ ગૃહ, ઓઢવ, જી. અમદાવાદ અને નારી સંરક્ષણ કેન્દ્ર, ખૂંધ, જી. નવસારીમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી યુવતીઓ/નારીઓ સંરક્ષણ ગૃહ/કેન્દ્રોમાંથી ભાગી ગયેલ છે,

જવાબ

(૧) નારી સંરક્ષણ ગૃહ, ઓઢવ, જી. અમદાવાદ અને નારી સંરક્ષણ કેન્દ્ર, ખૂંધ, જી. નવસારીમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચેની વિગતે યુવતીઓ/નારીઓ સંરક્ષણ ગૃહ/કેન્દ્રોમાંથી ભાગી ગયેલ છે.

| વર્ષ | જિલ્લા | કુલ યુવતીઓ ભાગી ગયેલ છે. |
|---|---|---|
| તા. ૧-૧-૧૪થી | અમદાવાદ | ૧૩ |
| | ખૂંધ, જિ. | ૦૨ |

| | | |
|---|---|---|
| તા. ૩૧-૧૨-૧૪ | નવસારી | |
| તા. ૧-૧-૧૫થી તા. ૩૧-૧૨-૧૫ | અમદાવાદ | ૦૧ |
| | ખૂંધ, જિ. નવસારી | ૦૦ |
| | કુલ | ૧૬ |

(૨) આ પ્રકારના બનાવો ન બને તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં, અને

(૨) સલામતીના મુદ્દાને ધ્યાને લઈને સંસ્થાના મકાનમાં જરૂરી મરામત કરાવવામાં આવેલ છે અને ૨૪ કલાક ચોકીદાર ઉપરાંત મહિલા હોમગાર્ડનો પોઈન્ટ મુકવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવોમાં બેદરકારી દાખવનાર નારી સંરક્ષણ ગૃહના કેટલા સંબંધિત અધિકારીઓ અને જવાબદારો સામે શાં પગલાં લીધાં ?

(૩) કાર્યવાહી ગતિમાં છે.

ભિલોડા અને મેઘરજ તાલુકામાં પાકા રસ્તા વગરના ગામો

* ૨૪૨૬૩ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના કેટલા ગામોમાં રસ્તાની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તા વિહોણા ગામોને ક્યાં સુધીમાં બારમાસી પાકા રસ્તાની સુવિધા મળશે ?

જવાબ

(૧) અને (૨) : અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના તમામ ગામો માટે રસ્તાની સુવિધા ઉપલબ્ધ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાવરકુંડલાથી વિજયાનગર કાચા રસ્તાને ડામર સપાટી કરવા બાબત

* ૨૨૯૮૯ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લાનાં સાવરકુંડલાથી વિજ્યાનગર કાચા રસ્તાને ડામર સપાટીનો બનાવવા રાજ્ય સરકાર દ્વારા મંજુર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી લંબાઈનું કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને

(૩) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

જવાબ

(૧) હા જી.

(૨) ૮ કિ.મી., રૂા. ૩૫૦.૦૦ લાખ

(૩) ડીટીપી મંજુરીની પ્રક્રિયા હેઠળ

ખામર-વીરપુર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૮ શ્રી શબ્દશરણ તડવી(નાંદોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬માં નર્મદા જિલ્લાના ખામર-વીરપુર માર્ગને પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૧૪૫૮.૦૦ લાખ, તા. ૧૬-૦૬-૨૦૧૫

(૩) કામ પ્રગતિમાં.

પાટણ જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત પેટાપરાઓ

* ૨૩૨૬૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટાપરા પાકા રસ્તાથી વંચિત છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | પાકા રસ્તાથી વંચીત પેટા પરાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૦ |
| ૨ | હારીજ | ૭ |
| ૩ | પાટણ | ૦ |
| ૪ | સરસ્વતી | ૨૪ |
| ૫ | રાધનપુર | ૫ |
| ૬ | સમી | ૦ |
| ૭ | શંખેશ્વર | ૪ |
| ૮ | સાંતલપુર | ૧૦ |
| ૯ | સિધ્ધપુર | ૧ |
| | કુલ | ૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સિધ્ધપુર અને સરસ્વતી તાલુકાના પેટાપરા ક્યા છે, અને આ પ્રકારના આ પેટા પરાઓને ક્યારે પાકા રસ્તાઓ આપવાનું સરકારનું આયોજન છે ?

(૨) પરિશિષ્ટ મુજબ

ઉપરોક્ત રસ્તાઓ પૈકી સરસ્વતી તાલુકાના બે પેટા પરાને પાકા રસ્તાથી જોડવાનું આયોજન કરેલ છે. તથા બાકી રહેતા પેટા પરાઓને પાકા રસ્તાઓ આપવા માટે તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

પરિશિષ્ટ

| અ.નં | તાલુકો | મહેસૂલી ગામની વિગત | પરા/પેટા પરાની વિગત |
|---|---|---|---|
| | | ગામ | પરુ |
| ૧ | સરસ્વતી | કાંસા | સદારામપુરા |
| ૨ | સરસ્વતી | કાંસા | ભગવાનપુરા |
| ૩ | સરસ્વતી | સાંપ્રા | હીરાવાડી |
| ૪ | સરસ્વતી | વામૈયા | હનુમાનપુરા |
| ૫ | સરસ્વતી | કાતરા (સમાલ) | કસલપુરા |
| ૬ | સરસ્વતી | ઉંદરા | આથમણાપુરા |
| ૭ | સરસ્વતી | મોરપા | મોરપાપરા |
| ૮ | સરસ્વતી | સાંપ્રા | ડભોડીયાપુરા |
| ૯ | સરસ્વતી | ઉંદરા | ઉગમણાપુરા |
| ૧૦ | સરસ્વતી | સાંપ્રા | વાઘેલાપુરા |
| ૧૧ | સરસ્વતી | સાંપ્રા | હનુમાનપુરા |
| ૧૨ | સરસ્વતી | સાંપ્રા | ઉંદરીયાપુરા |
| ૧૩ | સરસ્વતી | રવીયાણા | નાથપરા |
| ૧૪ | સરસ્વતી | ખારેડા | હરીપુરા |
| ૧૫ | સરસ્વતી | સાંપ્રા | નદાનાપુરા |
| ૧૬ | સરસ્વતી | વ્હાણા | મોહનપુરા |
| ૧૭ | સરસ્વતી | અબલૌવા | આનંદપુરા |
| ૧૮ | સરસ્વતી | અબલૌવા | બલવંતપુરા |
| ૧૯ | સરસ્વતી | જંગરાલ | ગણેશપુરા |
| ૨૦ | સરસ્વતી | મોરપા | છત્રાડીયાપરા |
| ૨૧ | સરસ્વતી | કોઈટા | લુણપુરા |
| ૨૨ | સરસ્વતી | કાલોઘી | સદાસણપુરા |
| ૨૩ | સરસ્વતી | વ્હાણા | ખીમીયાણાપુરા |
| ૨૪ | સરસ્વતી | મોરપા | ઈન્દિરાનગર |
| | | | |
| ૧ | સિધ્ધપુર | ઠાકરાસણ | ચિત્રોડીપુરા |

કડાયા તથા ઘુંઘટી ગામના ખેડુતોને વળતર ચુકવવા બાબત

*૨૨૭૧૩ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લાના માળીયા તાલુકાના કડાયા તથા ઘુંઘટી ગામના ખેડુતોની જમીન પંચાયત હસ્તકના રોડ પસાર થતાં સંપાદન કરવામાં આવેલ તે પૈકી કોઈ ખેડુતોને વળતર ચુકવવાનું બાકી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ખેડુતોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) : મુળ એવોર્ડ મુજબ ૧૨ ખાતેદારો પૈકી ૯ ખાતેદારોએ ચુકવણુ સ્વીકારેલ છે. જ્યારે ૩ ખાતેદારોએ વળતર લીધેલ નથી.
વધુમાં, વળતર સામે કોર્ટમાં ગયેલ ૬ ખાતેદારો પૈકી ૨ ને કોર્ટના ચુકાદા મુજબનું ચુકવણું થયેલ છે. જ્યારે બાકીના ૪ ખાતેદારોને ચુકવવાની કાર્યવાહી વહીવટી પ્રક્રિયા હેઠળ હોઈ તે પુર્ણ થયે ચુકવણું કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓને કાર્ડ

* ૨૪૩૦૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા

જવાબ

(૧)

બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કાર્ડ આપવામાં આવ્યા,

| તાલુકાનું નામ | કાર્ડ આપેલ લાભાર્થી કુટુંબો |
|---|---|
| બાયડ | ૭,૮૪૫ |
| ભિલોડા | ૧૨,૦૧૦ |
| ધનસુરા | ૧,૬૨૩ |
| માલપુર | ૫,૩૦૨ |
| મેઘરજ | ૮,૪૭૬ |
| મોડાસા | ૫,૫૧૪ |
| કુલ | ૪૦,૭૭૦ |

(૨) ઉકત યોજનાના અમલ માટે જિલ્લા કક્ષાએ કોઈ મોનીટરીંગ સમિતિ અસ્તિત્વમાં છે, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેના સભ્યો કોણ છે ?

(૩) ★ જિલ્લા તકરાર નિવારણ કમિટીમાં અધ્યક્ષ તરીકે કલેક્ટરશ્રી, સહ અધ્યક્ષ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સભ્ય સચિવ તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તેમજ સભ્ય તરીકે વીમા કંપનીના અધિકૃત પ્રતિનિધિ તથા તકરાર થયેલ હોય તે વ્યક્તિ/સંસ્થા આમંત્રિત તરીકે હોય છે.

★ સ્ટીયરીંગ કમિટીમાં અધ્યક્ષ તરીકે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી તેમજ સભ્ય તરીકે ક્વાલીટી એસ્યોરન્સ મેડીકલ ઓફીસર/જિલ્લા પ્રોજેક્ટ ઓફીસર અને વીમા કંપનીના અધિકૃત પ્રતિનિધિ હોય છે.

## મોરબી અને રાજકોટ જિલ્લામાં રસ્તાના કામોને જોબનંબર

* ૨૩૩૮૩ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) મોરબી અને રાજકોટ જિલ્લામાં તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાના કામોને જોબ નંબર આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ જે કામો ચાલુ નથી તેની સંખ્યા કેટલી છે, અને

(૪) તે કામો ક્યારે શરૂ થશે ?

જવાબ

(૧), (૨), (૩) અને (૪) : ઉક્ત સ્થિતિએ ૩૩૫ કામો મંજુર થયા તે પૈકી ૧૬૩ કામો પૂર્ણ, ૫૦ કામો પ્રગતિમાં અને બાકી રહેલા ૧૨૨ કામોના નકશા અંદાજ, ડી.ટી.પી., ટેન્ડર વિગેરે પ્રક્રિયાઓ પુર્ણ કરી બનતી ત્વરાથી શરૂ કરવામાં આવશે.

## તુરીબારોટ સમાજના કલાકારોની કલા જીવંત રાખવા થયેલ ખર્ચ

* ૨૩૨૩૭ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) રાજ્યમાં તુરીબારોટ સમાજના કલાકારોની કલાને જીવંત રાખવા માટેની યોજનામાં તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

જવાબ

(૧) રાજ્યમાં તુરીબારોટ સમાજના કલાકારોની કલાને જીવંત રાખવા માટેની યોજનામાં તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વર્ષ : ૨૦૧૪

(૧) તા. ૦૧−૦૧−૨૦૧૪ થી તા. ૩૧−૧૨−૨૦૧૪ દરમ્યાન તુરી બારોટ સમાજના કલાકારો માટે કુલ ૧૩ (તેર) શિબિરો

યોજવામાં આવી હતી.
વર્ષ : ૨૦૧૫
(૨) તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન તુરી બારોટ સમાજના કલાકારો માટે કુલ ૧૧ (અગિયાર) શિબિરો યોજવામાં આવી હતી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાનો અમલ કરવા પાછળ સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૪ :- રૂ. ૩૨,૪૨,૦૦૦/-
વર્ષ ૨૦૧૫ :- રૂ. ૪૪,૦૫,૦૦૦/-

ખંભાલીયા ખાતેની જનરલ હોસ્પિટલમાં ડૉક્ટરોની ખાલી જગ્યાઓ

* ૨૪૪૮૨ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલીયા ખાતેની જનરલ હોસ્પિટલમાં ડૉક્ટરોની અને પેરામેડીકલ સ્ટાફની કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

જવાબ

(૧) જનરલ હોસ્પિટલ, જામખંભાલીયા ખાતે ડૉક્ટરો અને પેરામેડીકલ સ્ટાફની ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| વર્ગ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| તજજ્ઞ વર્ગ-૧ | ૧૪ |
| ડૉક્ટર વર્ગ-૨ | ૪ |
| પેરામેડીકલ સ્ટાફ વર્ગ-૩ | ૪૯ |
| કુલ :- | ૬૭ |

વિગતવાર પત્રક સામેલ છે.

(૨) વયનિવૃત્તિ, રાજીનામા તથા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે, તજજ્ઞોની અછતના કારણે.

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | તા. ૨૦-૧૦-૧૪ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | તા. ૩૦-૪-૧૨ |
| ૩ | ફુલ ટાઈમ સર્જન | ૧ | તા. ૨૦-૭-૧૦ |
| ૪ | ફીઝીશીયન | ૨ | તા. ૧૦-૧૦-૦૫<br>તા. ૨૦-૭-૧૦ |
| ૫ | એનેસ્થેટીસ્ટ | ૧ | તા. ૯-૫-૦૮ |
| ૬ | રેડીયોલોજીસ્ટ | ૧ | તા. ૧૨-૧૦-૧૨ |
| ૭ | બાળરોગ નિષ્ણાત | ૨ | તા. ૧૬-૦૧-૦૧<br>તા. ૨૦-૭-૧૦ |
| ૮ | ગાયનેકોલોજીસ્ટ | ૩ | તા. ૨૦-૭-૧૦ (૨)<br>તા. ૧૧-૪-૦૮ |
| ૯ | મનોરોગ ચિકિત્સક | ૨ | તા. ૫-૧૧-૧૦<br>તા. ૨૦-૭-૧૦ |
| | વર્ગ-૧ કુલ | ૧૪ | |
| ૧૦ | તબીબી અધિકારી | ૩ | તા. ૧૧-૦૧-૧૧, તા. ૧૫-૦૧-૧૫, તા. ૨૩-૦૧-૧૫ |
| ૧૧ | ડેન્ટલ સર્જન | ૧ | તા. ૨૧-૬-૧૨ |
| | વર્ગ-૨ કુલ | ૪ | |
| ૧૨ | ઈ.સી.જી. ટેકનીશીયન | ૧ | તા. ૨૦-૦૭-૧૦ |
| ૧૩ | સીનીયર ફાર્માસીસ્ટ | ૧ | તા. ૦૨-૦૭-૧૦ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧૪ | જુનીયર ફાર્માસીસ્ટ | ૧ | તા. ૩૧-૦૩-૧૧ |
| ૧૫ | એક્ષ-રે ટેકનીશીયન | ૧ | તા. ૨૦-૧૦-૧૨ |
| ૧૬ | એક્ષ-રે આસીસ્ટન્ટ | ૧ | તા. ૩૦-૦૪-૧૨ |
| ૧૭ | લેબોરેટરી ટેકનીશીયન | ૧ | તા. ૨૨-૦૭-૧૦ |
| ૧૮ | ફીજીયોથેરાપીસ્ટ | ૨ | તા. ૨૦-૭-૧૦, તા. ૧-૧૦-૧૨ |
| ૧૯ | ડાયેટીશીયન | ૧ | તા. ૨૦-૭-૧૦ |
| ૨૦ | મેટ્રન | ૨ | તા. ૨૦-૭-૧૦, તા. ૧૭-૦૨-૧૫ |
| ૨૧ | આસીસ્ટન્ટ મેટ્રન | ૧ | તા. ૧૭-૦૨-૧૫ |
| ૨૨ | હેડનર્સ | ૫ | તા. ૨૦-૭-૧૦ |
| ૨૩ | સ્ટાફનર્સ | ૩૦ | તા. ૨૦-૦૭-૧૦ |
| ૨૪ | મેઈલ ફિલ્ડ વર્કર | ૧ | તા. ૩૦-૦૬-૧૯૯૬ |
| ૨૫ | હેલ્થ વિઝીટર્સ | ૧ | તા. ૧૭-૬-૨૦૦૨ |
| | વર્ગ – ૩ કુલ | ૪૯ | |

સમરી

| ક્રમ | સંવર્ગ | ખાલી |
|---|---|---|
| ૧ | ડોક્ટર વર્ગ-૧ | ૧૪ |
| ૨ | ડોક્ટર-વર્ગ-૨ | ૪ |
| ૩ | પેરા મેડીકલ વર્ગ-૩ | ૪૯ |
| | કુલ સરવાળો | ૬૭ |

ધોળકા તાલુકામાં રસ્તા પહોળા કરવા બાબત

* ૨૨૯૮૨ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં મુખ્ય જિલ્લા માર્ગો ઉપર વાહનોની અવર જવર વધતી જતી હોવાની હકિકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૫-૧૬ના વર્ષમાં ધોળકા તાલુકાના કેટલા રસ્તા કેટલી રકમના અંદાજીત ખર્ચે પહોળા કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) : ૨ રસ્તાના કામો પહોળા કરવા રૂા. ૧૧૦૦.૦૦ લાખના મંજુર કરેલ છે.

છોટા ઉદેપુર જિલ્લામાં દિકરી યોજનાની મળેલ અરજીઓ

* ૨૪૩૩૫ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં 'દિકરી યોજના' હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલી રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|
| ક્વાંટ | ૧૬ |
| નસવાડી | ૧૨ |
| સંખેડા | ૧૧ |
| છોટાઉદેપુર | ૦૦ |
| પાવી જેતપુર | ૨૩ |
| કુલ | ૬૨ |

(૨) અને (૩) :

| તાલુકાનું નામ | તા. ૧-૨-૧૪થી તા. ૩૧-૧-૧૫ મંજુર અરજીઓ | તા. ૧-૨-૧૪થી તા. ૩૧-૧-૧૫ ચુકવેલ રકમ | તા. ૧-૨-૧૫થી તા. ૩૧-૧-૧૬ મંજુર અરજીઓ | તા. ૧-૨-૧૫થી તા. ૩૧-૧-૧૬ ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| ક્વાંટ | ૧૩ | રૂ. ૬૫,૦૦૦/- | ૦૩ | રૂ. ૧૫,૦૦૦/- |
| નસવાડી | ૧૧ | રૂ. ૫૬,૦૦૦/- | ૦૦ | ૦૦ |
| સંખેડા | ૦૭ | રૂ. ૩૯,૦૦૦/- | ૦૪ | રૂ. ૨૧,૦૦૦/- |
| છોટાઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પાવી જેતપુર | ૧૨ | રૂ. ૬૧,૦૦૦/- | ૧૧ | રૂ. ૫૬,૦૦૦/- |
| કુલ | ૪૩ | રૂ. ૨,૨૧,૦૦૦/- | ૧૮ | રૂ. ૯૨,૦૦૦/- |

### અરવલ્લી જિલ્લામાં આંગણવાડીઓને કંપાઉન્ડ વોલ બાબતે

* ૨૪૪૪૮ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવેલ આંગણવાડીઓ પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓનાં કમ્પાઉન્ડ વોલ નથી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કુલ ૧૪૩૭ આંગણવાડી કેન્દ્રો આવેલ છે તેમાં નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર સરકારી આંગણવાડી કેન્દ્રોને કમ્પાઉન્ડ વોલ નથી.

| ક્રમ | તાલુકાનું નામ | કમ્પાઉન્ડ વોલ નથી તેવા આં. વા. કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૯૬ |
| ૨ | મેઘરજ | ૧૫૧ |
| ૩ | ભિલોડા | ૧૪૦ |
| ૪ | બાયડ | ૧૧૧ |
| ૫ | ધનસુરા | ૫૬ |
| ૬ | માલપુર | ૪૯ |
| | કુલ | ૬૦૩ |

(૨) ઉક્ત આંગણવાડીઓને કમ્પાઉન્ડ વોલ બનાવવાનું ઉક્ત સ્થિતિએ શું આયોજન છે, અને

(૨) (૧) કુલ ૨૪૭ આંગણવાડી કેન્દ્રોના કમ્પાઉન્ડ વોલની દરખાસ્ત જીલ્લા પંચાયત તરફથી ATVT તથા જિલ્લા આયોજન મંડળને મોકલી આપવામાં આવેલ છે.

(૨) બાકી રહેતા ૩૫૬ આંગણવાડી કેન્દ્રોના કમ્પાઉન્ડ વોલ માટે તબક્કાવાર આયોજન જિલ્લા પંચાયત તરફથી કરવામાં આવશે.

(૩) આંગણવાડી કેન્દ્ર મંજુર થાય તેની સાથે જ કમ્પાઉન્ડ વોલ મંજુર થાય તે માટે શું આયોજન છે ?

(૩) સામાન્યત: આંગણવાડી કેન્દ્રો સ્કુલના કમ્પાઉન્ડમાં જ બનાવવામાં આવે છે, જો આંગણવાડી કેન્દ્ર બહાર હોય તો જે તે જિલ્લા પંચાયતના સ્વભંડોળ, ATVT ની ગ્રાન્ટ, જિલ્લા આયોજન મંડળ, વગેરેની ગ્રાન્ટમાંથી આ કામ માટે જિલ્લા પંચાયત દ્વારા દરખાસ્ત કરવામાં આવે છે.

### રાણીયા-શિહોરા વચ્ચે મંજુર થયેલ પૂલ

* ૨૨૯૪૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. રૂા. ૩૦ કરોડ મંજુર

વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં રાણીયા–શિહોરા વચ્ચે પુલ મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે માટે કેટલી રકમ મંજુર થયેલ છે, અને

થયેલ છે.

(૩) આ પુલ બનાવવાની કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) પ્રગતિ હેઠળ.

## હાંસોટ કંટીયાજાળ રોડ પહોળો કરવા બાબત

* ૨૨૯૩૮ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં હાંસોટ તાલુકામાં હાંસોટ કંટીયાજાળ રોડમાં ૨.૬૦ કી.મી. લંબાઈમાં રસ્તો પહોળો કરવાનો બાકી રહેલ છે તો આ બાકી રસ્તો પહોળો કરવાનું કામ વર્ષ ૨૦૧૫–૧૬માં મંજુર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજુર કરવામાં આવેલ છે, અને

જવાબ

(૧) અને (૨) : હા, જી.

રૂા. ૨૫૦ લાખ, તા. ૩૧–૭–૧૫ના રોજ મંજુર કરવામાં આવેલ છે.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) ટેન્ડર મંજૂરી પ્રક્રિયા હેઠળ.

## વિધવા સહાય યોજના હેઠળ તાલીમ આપવા એન.જી.ઓ.ની નિમણૂક

* ૨૩૩૯૭ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહિલા અને બાળ વિકાસ વિભાગે સને ૨૦૧૫–૧૬માં વિધવા સહાય યોજના હેઠળ મહિલાઓને તાલીમ આપવા માટે નોન ગવર્મેન્ટ ઓર્ગેનાઈઝેશન (એન.જી.ઓ.)ની નિમણુક અન્વયે આણંદ જિલ્લામાં તાલુકાવાર ઉક્ત સ્થિતિએ કઈ એન.જી.ઓ.ની ક્યારે નિમણુકો કરી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ તાલીમ આપવા માટે નોન ગર્વમેન્ટ ઓર્ગેનાઈઝેશન (એન.જી.ઓ.)ની નિમણૂક કરેલ નથી.

(૨) આ એન.જી.ઓ.એ ઉક્ત સ્થિતિએ કેટલી વિધવા મહિલાઓને તાલીમ આપી અને તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૨) ખંડ (૧) મુજબની સ્થિતિ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન શ્રેણીના કામોને મંજુરી

* ૨૩૯૪૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં એકબીજાથી બીજા જિલ્લાને જોડતાં, ‘અને ‘એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા‘, પ્લાન અને નોન પ્લાન શ્રેણીમાં કુલ કેટલા રસ્તાઓ આવેલા છે, | (૧) અમરેલી જિલ્લામાં જિલ્લાથી જિલ્લાને જોડતાં ૫૧ અને તાલુકાથી તાલુકાને જોડતાં ૮૨ રસ્તા પ્લાન અને નોન પ્લાન શ્રેણીમાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત પૈકી કયા રસ્તાઓને ડામર કે પેવર કરેલ નથી, અને તેને ડામર કે પેવર કરવા માટે ઉક્ત સ્થિતિએ અંદાજિત કેટલી રકમની જરૂરીયાત છે, અને | (૨) પરિશિષ્ટ–૧ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત કામોને જરૂરી મંજુરી સાથે હાથ ઉપર લેવા સરકાર દ્વારા શું આયોજન કરેલ છે ? | (૩) રસ્તાની તાંત્રિક જરૂરીયાત, અગ્રતા અને નાણાકિય ઉપલબ્ધતાને આધીન આયોજન વિચારવામાં આવશે. |

પરિશિષ્ટ

| રસ્તાનું નામ | ડામર/પેવર કામ માટેની અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|
| મંજુર રસ્તાઓ | |
| બોરડી–વેકરીયા રોડ | ૩૮.૧૫ |
| કાથરોટા – વેકરીયા રોડ | ૩૪.૮૦ |
| પીપરીયા – સમઢીયાળા રોડ | ૨૮૦.૦૦ |
| મોટા દેવળીયા – રાણપરડા રોડ | ૭૯.૮૦ |
| મોણવેલ – વેકરીયા રોડ | ૭૫.૦૦ |
| ધારગણી – હાથસણી રોડ | ૧૪૫.૦૦ |
| કથીરવદર એપ્રોચ રોડ (સોનારીયા સુધી) | ૯૦.૦૦ |
| ખાલપર – બવાડી રોડ | ૪૦૦.૦૦ |
| બાકી રહેલ રસ્તાઓ | |
| સરંભડા – શીલાણા રોડ | ૧૯૦.૦૦ |
| વરસડા – દુધાળાબાઈ રોડ | ૨૪૫.૦૦ |
| કેરીયા ચાડ – ગરમલી રોડ | ૧૩૦.૦૦ |
| ખડ ખંભાળીયા – ગરમલી રોડ | ૧૩૫.૦૦ |
| ચાંદગઢ – ચરખા રોડ | ૧૪૫.૦૦ |
| ચાંદગઢ – આંબા રોડ | ૮૦.૦૦ |
| હીરાણા – દરેડ રોડ | ૨૭૫.૦૦ |
| સનાળી એપ્રોચ રોડ | ૧૯૦.૦૦ |
| બાંટવા દેવળી ચારણીયા રોડ | ૧૭૬.૦૦ |
| કુંકાવાવ – નાજાપર રોડ | ૩૧૦.૦૦ |
| ખજૂરી – સુલ્તાનપુર રોડ | ૨૦૦.૦૦ |
| મોણપુર – ઘરાઈ રોડ | ૧૫૦.૦૦ |
| ટીંબલા – શિલાણા રોડ | ૭૦.૦૦ |
| આંબાગાળા – –સોઢાપરા રોડ | ૧૯૦.૦૦ |
| જુના ચરખા – –સિમરણ રોડ | ૧૦૦.૦૦ |
| મોણવેલ – લુધીયા રોડ | ૨૦૦.૦૦ |
| રૂગનાથપુર – હાથસણી રોડ | ૪૦.૦૦ |
| વાંકીયા – સાકરપરા રોડ | ૭૫.૦૦ |

| રસ્તાનું નામ | ડામર/પેવર કામ માટેની અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|
| અનીડા – વીરપુર રોડ | ૧૦૦.૦૦ |
| ત્રાકુડા – ફાચરીયા રોડ | ૭૫.૦૦ |
| જીવાપર – કોટડી રોડ | ૧૨૫.૦૦ |
| જુની બાર પટોળી સરોવડા રોડ | ૫૦.૦૦ |
| નવાગામ દાધીયા રોડ | ૬૦.૦૦ |
| કાતર બારમણ રોડ | ૧૫૦.૦૦ |
| પીંછડી બારમણ રોડ | ૧૨૦.૦૦ |
| માણસા જામકા રોડ | ૧૨૦.૦૦ |
| સરોવડા બારમણ રોડ | ૧૫૦.૦૦ |
| રોહીશા રાજપરા રોડ | ૯૦.૦૦ |
| જીરા – આંબા રોડ | ૨૦૦.૦૦ |
| હાથસણી – રૂગનાથપુર રોડ | ૭૦.૦૦ |

જોડીયા રેફરલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

* ૨૨૯૨૨ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લાની જોડિયા રેફરલ હોસ્પિટલમાં સંવર્ગવાર કુલ કેટલી અને કઈ જગ્યાઓ તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી અને કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

જવાબ

(૧) અને (૨)

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાની જોડીયા હોસ્પિટલોમાં સંવર્ગવાર કુલ મંજૂર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

પત્રક

| અ.નં. | હોદ્દો | સા.આ.કેન્દ્ર જોડીયા | | | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | ૧૧–૩–૨૦૦૩ |
| ૨ | તબિબિ અધિકારી વર્ગ–૨ | ૩ | ૩ | ૦ | |
| ૩ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | ૦૬–૦૫–૨૦૧૧ |
| ૪ | એક્સરે ટેકનીશીયન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૫ | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૬ | જુનિયર ફાર્માસિસ્ટ વર્ગ–૩ | ૨ | ૦ | ૨ | ૧૬–૧૦–૨૦૦૮ |
| ૭ | સીસ્ટર ઈન્ચાર્જ વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૮ | સ્ટાફ નર્સ વર્ગ–૩ | ૧૦ | ૯ | ૧ | ૦૫–૧૨–૨૦૧૦ |
| ૯ | હેડ ક્લાર્ક વર્ગ–૩ | ૨ | ૨ | ૦ | |
| ૧૦ | એક્સ આસીસ્ટન્ટ વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૦૫–૦૫–૨૦૧૫ |
| ૧૧ | ફીઝીયોથેરાપીસ્ટ વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૦૪–૦૫–૨૦૧૫ |
| ૧૨ | સીનીયર ક્લાર્ક વર્ગ–૩ | ૨ | ૦ | ૨ | ૧–૧૧–૦૨, ૦૧–૮–૦૬ |
| ૧૩ | સીનીયર ક્લાર્ક વર્ગ–૩ | ૦ | ૦ | ૦ | |
| ૧૪ | ડ્રાઈવર વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૧૫ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | |
| ૧૬ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૪–૨૦૧૦ |
| ૧૭ | વોર્ડ બોય વર્ગ–૪ | ૫ | ૧ | ૪ | ૧૯–૧૦–૨૦૦૫ |
| ૧૮ | આયા વર્ગ–૪ | ૫ | ૨ | ૩ | ૧૩–૧૦–૦૩, ૧૬–૦૮–૧૦ |
| ૧૯ | સ્વીપર વર્ગ–૪ | ૬ | ૦ | ૬ | ૦૧–૧૧–૦૭, ૨૮–૦૨–૧૪, ૦૧–૧૦–૨૦૦૦ |
| ૨૦ | વોચમેન વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | |
| | કુલ | ૪૬ | ૨૩ | ૨૩ | |

(૩) રેફરલ હોસ્પિટલ જોડિયાની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ વોક ઈન ઈન્ટવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ પસંદગી પામેલા ઉમેદવારોને પસંદગી મુજબનું સ્થળ ન મળતાં હાજર ન થતાં હોય ઘણા

કિસ્સાઓમાં જગ્યા ખાલી રહેવા પામે છે. જ્યારે રાજ્ય કક્ષાની વર્ગ–૩ની જગ્યાઓ ભરવા માટે અગાઉ ગૌણ સેવા પસંદગી મડળને માંગણા પત્રક મોકલેથી તેઓની કક્ષાએથી ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હતી. તેમાં ઘણો સમય વ્યતીત થતો હોવાથી છેલ્લા ૨ (બે) વર્ષથી આ જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળના કાર્યક્ષેત્રમાંથી બહાર કાઢી સીધી ભરતીની મેરીટ આધારિત ભરતીની પ્રક્રિયા ધરવા ખાતાના વડાને કામગીરી સોપવામાં આવેલ છે. તેમજ પંચાયત સંવર્ગની જગ્યાઓ પંચાયત પસંદગી સમિતિ અને પંચાયત પસંદગી બોર્ડ મારફતે ભરવાની કાર્યવાહી થાય છે જેથી વહીવટી પ્રક્રિયામાં સમય વધારે જાય છે.

(૪) આ તમામ જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવનારા છે ?

(૪) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઉમેદવારો પસંદ થયેથી નિમણૂંક આપી આ જગ્યાઓ ભરવામાં આવશે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.

## જૂનાગઢ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ

* ૨૨૯૪૫ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૧૯,૨૫૫. |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩,૪૪,૧૫,૦૭૦/–. |

## વરમોર–દેત્રોજ રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૩ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિ સન ૨૦૧૫–૧૬માં અમદાવાદ જિલ્લાના વરમોર–વિઠલાપુર –દેત્રોજ રસ્તાને પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૩૪૦૦.૦૦ લાખ, તા. ૦૪–૦૨–૨૦૧૫ થી. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રગતિમાં. |

## દસક્રોઈ તાલુકાના રસ્તાઓને ડામરકામ કરવા બાબત

* ૨૩૨૫૦ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકામાં વર્ષ ૨૦૧૫–૧૬ના ઘણા સમયથી ડામરકામ ન થયુ હોય તેવા રસ્તાઓ પર ડામર કામ કરવાનું સરકારે આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દશક્રોઈ તાલુકામાં કેટલા કામો માટે કેટલી રકમ મંજૂર કરેલ છે ? | (૨) કુલ ૧૮ કામો રૂ. ૨૫૦૬.૦૦ લાખના મંજૂર કરેલ છે. |

## મહિસાગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તપાસ

* ૨૨૯૪૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને કેટલા બાળકોને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ

(૨) તે પૈકી તા. ૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને મહિસાગર જિલ્લામાં આપવામાં આવેલ રેફરલ અને તજજ્ઞ સારવારની વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | વર્ષ | રેફરલ અને તજજ્ઞ સારવાર આપેલ બાળકો |
|---|---|---|
| ખેડા | ૨૦૧૪ | ૧૧૩૧ |
| | ૨૦૧૫ | ૧૧૦૮ |
| મહિસાગર | ૨૦૧૪ | ૫૪૯ |
| | ૨૦૧૫ | ૬૫૦ |

(૩) તા. ૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને મહિસાગર જિલ્લામાં આપવામાં આવેલ હૃદયરોગની સારવારની વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | વર્ષ | હૃદયરોગની સારવાર આપેલ બાળકો |
|---|---|---|
| ખેડા | ૨૦૧૪ | ૧૬૯ |
| | ૨૦૧૫ | ૫૬ |
| મહિસાગર | ૨૦૧૪ | ૧૩ |
| | ૨૦૧૫ | ૧૯ |

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ | કુલ |
| ૧ | ખેડા | કપડવંજ | ૧૩૯૪૮૫ | ૭૫૨૧૧ | ૨૧૪૬૯૬ |
| ૨ | | ખેડા | ૩૬૩૬૧ | ૩૭૨૫૫ | ૭૩૬૧૬ |
| ૩ | | નડીયાદ | ૫૬૬૮૬ | ૧૩૭૧૧૨ | ૧૯૩૭૯૮ |
| ૪ | | ઠાસરા | ૭૬૪૮૫ | ૯૪૭૦૦ | ૧૭૧૧૮૫ |
| ૫ | | કઠલાલ | ૩૫૨૯૭ | ૫૬૨૧૮ | ૯૧૫૧૫ |
| ૬ | | મહેમદાવાદ | ૩૯૫૮૧ | ૭૭૮૦૩ | ૧૧૭૩૮૪ |
| ૭ | | મહુધા | ૭૭૦૩૮ | ૩૫૯૩૫ | ૧૧૨૯૭૩ |
| ૮ | | માતર | ૯૫૬૬૮ | ૪૨૫૫૮ | ૧૩૮૨૨૬ |
| ૯ | | કુલ | ૫,૫૬,૬૦૧ | ૫,૫૬,૭૯૨ | ૧૧૧૩૩૯૩ |
| ૧૦ | મહિસાગર | બાલાસિનોર | ૪૫૩૩૦ | ૪૨૧૨૧ | ૮૭૪૫૧ |
| ૧૧ | | વિરપુર | ૮૩૧૫૮ | ૨૮૮૩૫ | ૧૧૧૯૯૩ |
| ૧૨ | | લુણાવાડા | ૮૭૯૦૬ | ૭૭૧૪૧ | ૧૬૫૦૪૭ |
| ૧૩ | | ખાનપુર | ૩૦૫૪૨ | ૨૮૪૪૯ | ૫૮૯૯૧ |
| ૧૪ | | કડાણા | ૪૨૩૬૦ | ૪૧૩૭૪ | ૮૩૭૩૪ |
| ૧૫ | | સંતરામપુર | ૮૮૨૪૯ | ૮૧૭૪૬ | ૧૬૯૯૯૫ |
| ૧૬ | | કુલ | ૩,૭૭,૫૪૫ | ૨,૯૯,૬૬૬ | ૬૭૭૨૨૧૧ |
| ૧૭ | ખેડા અને મહીસાગર | કુલ | ૯,૩૪,૧૪૬ | ૮,૫૬,૪૫૮ | ૧૭૯૦૬૦૪ |

તુરી–બારોટ સમાજના કલાકારોની કલા જીવંત રાખવા થયેલ ખર્ચ

* ૨૩૨૪૪ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તુરી–બારોટ સમાજના કલાકારોની કલાને જીવંત રાખવા માટેની યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં તુરી–બારોટ સમાજના કલાકારોની કલાને જીવંત રાખવા માટેની યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>વર્ષ : ૨૦૧૪<br>(૧) તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ દરમ્યાન તુરી બારોટ સમાજના કલાકારો માટે કુલ ૧૩ (તેર) શિબિરો યોજવામાં આવી હતી.<br>વર્ષ : ૨૦૧૫<br>(૨) તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ દરમ્યાન તુરી બારોટ સમાજના કલાકારો માટે કુલ ૧૧ (અગિયાર) શિબિરો યોજવામાં આવી હતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાનો અમલ કરવા પાછળ સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૪ :– રૂ. ૩૨,૪૨,૦૦૦/–<br>વર્ષ ૨૦૧૫ :– રૂ. ૪૪,૦૫,૦૦૦/–. |

વડદલા એરથાણ રોડને રીસરફેસ કરવા બાબત

* ૨૨૯૪૦ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં પલસાણા તાલુકામાં વાંઝ વક્તાના વડદલા એરથાણ રોડને રીસરફેસ કરવા માટે વર્ષ ૨૦૧૫–૧૬ માં મંજુરી આપેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો કેટલી રકમ ક્યારે મંજૂર કરેલ છે, અને | (૧) અને (૨) હા, જી.<br>રૂ. ૧૮૩.૬૦ લાખની રકમ તા. ૩૧–૮–૨૦૧૫ના રોજ મંજુર કરેલ છે. |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

હરસોલી–બારડોલીકાંડી ગામ વચ્ચે મેશ્વો નદી પર પુલ બનાવવા બાબત

* ૨૨૮૯૦ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના હરસોલી અને બારડોલીકાંડી ગામ વચ્ચે પસાર થતી મેશ્વો નદી ઉપર પુલ બનાવવાનું કામ ક્યારે મંજુર કરવામાં આવ્યું, અને<br>(૨) આ કામ કેટલી રકમના ખર્ચે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૧) અને (૨)<br>મંજૂર કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સરીગામ –ડુંગર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૨ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬માં વલસાડ જિલ્લાના સરીગામ–પુનાટ–કરમબેલી–ડુંગર રોડને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૫૦૦.૦૦ લાખ, તા. ૦૯–૦૨–૨૦૧૫. |

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? (૩) કામ પ્રગતિમાં.

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો

* ૨૨૯૫૭ શ્રી નરોત્તમભાઈ પટેલ(ઉધના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ડેન્ટલ કોલેજો કાર્યરત છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૩ ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) ડેન્ટલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આણંદ અને વડોદરા જિલ્લામાં બાળકોને પૂરક પોષણ આપવા બાબત

* ૨૪૩૯૬ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર ૬ માસ થી ૩ વર્ષના કેટલા બાળકોને પૂરક પોષણ આપવામાં આવે છે,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર ૬ માસ થી ૩ વર્ષના બાળકોને નીચેના કોષ્ટકમાં દર્શાવેલ સંખ્યા મુજબ પૂરક પોષણ આપવામાં આવે છે.

વડોદરા જિલ્લો:–

| અ.નં. | તાલુકાનું નામ | ૬ માસથી ૩ વર્ષના પુરક પોષણના લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડભોઈ | ૫૩૪૫ |
| ૨ | કરજણ | ૫૨૫૨ |
| ૩ | પાદરા–૧ | ૪૦૨૯ |
| ૪ | પાદરા–૨ | ૪૮૩૪ |
| ૫ | સાવલી–૧ | ૪૪૨૨ |
| ૬ | સાવલી–૨ | ૪૩૨૭ |
| ૭ | શિનોર | ૨૦૪૭ |
| ૮ | વડોદરા ગ્રામ્ય–૧ | ૬૭૭૬ |
| ૯ | વડોદરા ગ્રામ્ય–૨ | ૬૦૩૪ |
| ૧૦ | વાઘોડીયા | ૪૯૧૯ |

આણંદ જિલ્લો:–

| અ.નં. | તાલુકાનું નામ | જાન્યુ ૧૬માં ૬–૩ વર્ષના પુરક પોષણના લાભ આપવામાં આવેલ બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત–૧ | ૫૬૧૯ |
| ૨ | પેટલાદ–૧ | ૧૦૦૫૦ |
| ૩ | બોરસદ–૧ | ૮૧૦૭ |
| ૪ | પેટલાદ–૨ | ૪૦૩૭ |
| ૫ | બોરસદ–૨ | ૬૭૮૧ |
| ૬ | આંકલાવ | ૫૮૪૫ |
| ૭ | આણંદ–૧ | ૪૯૬૩ |
| ૮ | આણંદ–૨ | ૪૪૧૯ |
| ૯ | ઉમરેઠ | ૭૬૬૭ |
| ૧૦ | ખંભાત–૨ | ૫૦૫૨ |
| ૧૧ | તારાપુર | ૩૯૧૦ |
| ૧૨ | આણંદ–૩ | ૫૬૬૩ |
| ૧૩ | આણંદ–૪ | ૪૮૦૬ |

(૨) ઉક્ત સ્થિતિએ પૂરક પોષણમાં શું પોષક આહાર આપવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ પૂરક પોષણમાં નીચે પ્રમાણેનો પોષક આહાર આપવામાં આવે છે.

(૧) ૬ માસથી ૩ વર્ષના બાળકો પૈકી સામાન્ય તથા મધ્યમ

કુપોષિત બાળકોને બાળક દીઠ દરમાસે બાલભોગના ૫૦૦ ગ્રામના ૭ પેકેટ (પાંચ પેકેટ ઘરે અને નિદર્શન ભોજન માટે બે પેકેટ આંગણવાડીપર) તથા અતિકુપોષિત બાળકોને ૧૦ પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

(૨) ૬ માસથી ૩ વર્ષના બાળકોને દરરોજ નિદર્શન ભોજન આં.વાડી કેન્દ્રમાં આપવામાં આવે છે.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાઓમાં તાલુકાવાર નીચે કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર ખર્ચ કરવામાં આવેલ છે

વડોદરા જિલ્લોઃ-

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ (ખર્ચ રૂા. માં.) | વર્ષ ૨૦૧૫- ૧૬ (તા.૩૧-૦૧-૧૬ ની સ્થિતિ એ ) (ખર્ચ રૂા. માં) |
|---|---|---|---|
| ૧ | ડભોઈ | ૧૦૨૪૩૯૯૨ | ૧૦૩૯૭૦૧૫ |
| ૨ | કરજણ | ૬૪૫૬૩૭૦ | ૬૯૬૯૦૬૮ |
| ૩ | પાદરા-૧ | ૭૦૬૪૧૬૪ | ૭૬૪૪૮૮૧ |
| ૪ | પાદરા-૨ | ૭૩૪૯૧૩૫ | ૮૨૪૧૫૨૬ |
| ૫ | સાવલી-૧ | ૭૫૫૭૯૧૧ | ૭૦૨૪૭૬૬ |
| ૬ | સાવલી-૨ | ૮૧૨૫૩૪ | ૭૭૭૨૪૯૩ |
| ૭ | શિનોર | ૩૭૭૫૩૯૧ | ૩૭૭૦૭૦૬ |
| ૮ | વડોદરા ગ્રામ્ય-૧ | ૨૧૫૮૪૩૧૯ | ૧૧૨૯૩૯૫૮ |
| ૯ | વડોદરા ગ્રામ્ય-૨ | | ૧૦૦૦૧૬૪૧ |
| ૧૦ | વાઘોડીયા | ૯૫૫૪૨૫૨ | ૯૯૯૫૧૨૮ |

આણંદ જિલ્લો:-

| અ.નં. | તાલુકાનું નામ | થયેલ ખર્ચ | |
|---|---|---|---|
| | | જાન્યુ-૧૫ સુધીમાં થયેલ ખર્ચ | જાન્યુ-૧૬ સુધીમાં થયેલ ખર્ચ |
| ૧ | ખંભાત-૧ | ૧૦૧૫૧૯૫૯ | ૧૦૬૯૮૩૩૦ |
| ૨ | પેટલાદ-૧ | ૧૯૦૯૬૫૧૧ | ૧૮૬૨૮૬૨૭ |
| ૩ | બોરસદ-૧ | ૧૪૩૩૦૫૦૬ | ૧૪૯૭૨૦૦૩ |
| ૪ | પેટલાદ-૨ | ૭૬૧૦૮૪૦ | ૭૪૩૧૨૭૧ |
| ૫ | બોરસદ-૨ | ૯૭૯૧૭૩૨ | ૧૨૪૪૦૫૩૯ |
| ૬ | આંકલાવ | ૧૧૧૨૪૧૫૪ | ૧૦૭૭૮૪૧૪ |
| ૭ | આણંદ-૧ | ૯૦૪૧૧૯૦ | ૯૦૮૨૨૯૦ |
| ૮ | આણંદ-૨ | ૬૯૪૫૨૪૭ | ૭૯૯૫૨૦૭ |
| ૯ | ઉમરેઠ | ૧૨૧૨૧૫૩૬ | ૧૪૬૨૪૬૭૬ |
| ૧૦ | ખંભાત-૨ | ૯૮૩૦૨૪૪ | ૯૮૭૪૩૬૮ |
| ૧૧ | તારાપુર | ૭૧૨૨૪૬૮ | ૭૩૨૨૫૮૫ |
| ૧૨ | આણંદ-૩ | ૭૬૧૨૪૭૦ | ૧૦૩૬૩૨૦૦ |
| ૧૩ | આણંદ-૪ | ૮૧૮૧૭૨૮ | ૮૯૬૫૧૨૫ |

## વલસાડ જિલ્લામાં ડેન્ગ્યુ સ્વાઈન ફલુના નોંધાયેલ કેસો

* ૨૪૪૩૪ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ, સર્પદંશ, કોંગો ફીવર, કેન્સર, લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસ નોંધાયા, અને

તાલુકાવાર ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ, સર્પદંશ, કોંગો ફીવર, કેન્સર, લેપ્ટોસ્પાઈરોસીસના નીચે મુજબ કેસો નોંધાયેલ છે.

| તા.૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં નોંધાયેલ કેસ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રોગનું નામ | વલસાડ | પારડી | વાપી | ઉંમરગામ | ધરમપુર | કપરાડા | કુલ |
| ડેન્ગ્યુ | ૨૭ | ૨૬ | ૧૩ | ૪ | ૧ | ૬ | ૭૭ |
| સ્વાઈન ફ્લુ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સર્પદંશ | ૩૯ | ૩૨ | ૬ | ૧૭ | ૧૯૦ | ૧૪૪ | ૪૨૮ |
| કોંગો ફીવર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કેન્સર | ૦ | ૬ | ૪ | ૭ | ૧૮ | ૦ | ૩૫ |
| લેપ્ટોસ્પાઈરોસીસ | ૪ | ૪ | ૪ | ૩ | ૬ | ૧ | ૨૨ |

| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં નોંધાયેલ કેસ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રોગનું નામ | વલસાડ | પારડી | વાપી | ઉંમરગામ | ધરમપુર | કપરાડા | કુલ |
| ડેન્ગ્યુ | ૧૫ | ૧૩ | ૨૬ | ૧૨ | ૦ | ૫ | ૭૧ |
| સ્વાઈન ફ્લુ | ૨૧ | ૪ | ૪ | ૨ | ૩ | ૦ | ૩૪ |
| સર્પદંશ | ૫૮ | ૩૭ | ૯ | ૧૪ | ૧૮૮ | ૧૫૯ | ૪૬૫ |
| કોંગો ફીવર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કેન્સર | ૨ | ૪ | ૪ | ૨ | ૨૦ | ૦ | ૩૨ |
| લેપ્ટોસ્પાઈરોસીસ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૩ | ૯ |

(૨) ઉકત જિલ્લામાં ઉકત રોગોને કાબુમાં લેવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) ઉકત જીલ્લામાં ઉકત રોગોને કાબુમાં લેવા સરકારે લીધેલ પગલા

| | |
|---|---|
| ડેન્ગ્યું | સર્વેલન્સ કામગીરી,<br>સોર્સ રિડકશન, એન્ટીલાર્વલ અને એન્ટિએડલ્ટની કામગીરી, લોકશિક્ષણ અને લોક જાગૃતિની કામગીરી,<br>મફત નિદાન અને સારવારની વ્યવસ્થા, તબીબી અધિકારીશ્રીઓ અને આરોગ્ય કર્મચારીની તાલીમ |
| સ્વાઈન ફ્લુ | સર્વેલન્સ કામગીરી,<br>મફત નિદાન અને સારવારની વ્યવસ્થા, લોકશિક્ષણ અને લોક જાગૃતિની કામગીરી, તબીબી અધિકારીશ્રીઓ અને આરોગ્ય કર્મચારીની તાલીમ, આઈ.એમ.એ. સાથે વર્કશોપ |
| સર્પદંશ | મફત સારવારની વ્યવસ્થા,<br>લોકશિક્ષણ અને લોક જાગૃતિની કામગીરી, તબીબી અધિકારીશ્રીઓ અને આરોગ્ય કર્મચારીની તાલીમ |
| કોન્ગો ફીવર | સર્વેલન્સ કામગીરી,<br>લોકશિક્ષણ અને લોક જાગૃતિની કામગીરી, તબીબી અધિકારીશ્રીઓ અને આરોગ્ય કર્મચારીની તાલીમ |
| કેન્સર | સર્વેલન્સ કામગીરી,<br>મફત નિદાન સારવારની વ્યવસ્થા,<br>લોકશિક્ષણ અને લોક જાગૃતિની કામગીરી, તબીબી અધિકારીશ્રીઓ અને આરોગ્ય કર્મચારીની તાલીમ |
| લેપ્ટોસ્પાયરોસીસ | સર્વેલન્સ કામગીરી,<br>ઉંદર નિયંત્રણ કામગીરી,<br>કીમોપ્રોફાયલેક્સીસની કામગીરી,<br>મફત નિદાન અને સારવારની વ્યવસ્થા,<br>લોકશિક્ષણ અને લોક જાગૃતિની કામગીરી, તબીબી અધિકારીશ્રીઓ અને આરોગ્ય કર્મચારીની તાલીમ |

જસદણ બાયપાસને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૫ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

| | |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬ માં જસદણ બાયપાસને ૧૦ મી. પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હાજી, |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૦૦૦.૦૦ લાખ, તા.૭–૧૦–૨૦૧૫ |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર માંગેલ છે. |

પંચમહાલ જિલ્લામાં મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૨૯૬૦ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ? | પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૦૬ (છ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

લાજપોર સામરોઘ રોડને રીસરફેસ કરવા બાબત

* ૨૨૯૩૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના લાજપોર–કછોલી–સામરોઘ રોડને ડામરથી રીસરફેસ કરવા વર્ષ ૨૦૧૫–૧૬ માં મંજૂરી આપેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂા. ૨૬૪ લાખની રકમ તા. ૩૧–૮–૨૦૧૫ ના રોજ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો કેટલી રકમ ક્યારે મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર બહાર પાડેલ છે. |

### જુનાગઢ જનરલ હોસ્પીટલમાં મહેકમ

* ૨૪૪૮૮ શ્રી જવાહરભાઈ ચાવડા(માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢની જનરલ હોસ્પિટલમાં તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયુ છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢની જનરલ હોસ્પિટલમાં સામેલ *પરિશિષ્ટના કોલમ–૩ માં દર્શાવ્યા મુજબ કુલ ૪૦૧ નું મહેકમ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) મંજુર થયેલ મહેકમ સામે ઉકત સ્થિતિએ કઈ જગ્યાઓ કયારથી ખાલી છે, | (૨) મંજુર થયેલ મહેકમ સામે ઉકત સ્થિતિએ સામેલ *પરિશિષ્ટના કોલમ–૫ મુજબ ૭૧ જગ્યાઓ કોલમ–૬ માં દર્શાવ્યા તારીખથી ખાલી છે. |
| (૩) આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને | (૩) કર્મચારીઓની બઢતી, બદલી, વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, અને રાજીનામું જેવા વહીવટી કારણોસર. |
| (૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવનાર છે ? | (૪) જનરલ હોસ્પિટલ, જુનાગઢ અગાઉ તબીબી સેવાઓ હસ્તક હતી અને તબીબી સેવાઓ દ્વારા હોસ્પિટલ ખાતે મહેકમ મંજૂર કરવામાં આવેલ હતુ. આ હોસ્પીટલને જીએમઈઆરએસના નિયંત્રણ હેઠળ તબદીલ કરી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તરીકે ફેરવવામાં આવેલ હોવાથી અને હવે એમસીઆઈના ધારા ધોરણ પ્રમાણે મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, જુનાગઢ ખાતે ભરવાની હોવાથી તબીબી વિભાગની સીવીલ હોસ્પિટલ, જુનાગઢની ખાલી જગ્યાઓ ભરવાની રહેતી નથી. |

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### ઉંડણી અને ફલાસણ વચ્ચે નાળાનું કામ મંજૂર કરવા બાબત

* ૨૨૯૮૩ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં ઉંડણી અને ફલાસણ ગામ વચ્ચે સાબરમતી નદી ઉપર નાળાનું કામ સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આ નાળા કામ માટે કેટલી રકમનું કામ મંજુર કરવામાં આવ્યુ છે? | (૨) રૂા. ૧૦૯૦ લાખ. |

### પાલનપુર ખાતે મેડિકલ કોલેજ

* ૨૩૧૪૮ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે મેડીકલ કોલેજની મંજૂરી આપવા અંગેની કેટલી માંગણી રાજ્ય સરકારને મળેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે મેડીકલ કોલેજની મંજૂરી આપવા સબબ એસેન્સીયાલીટી પ્રમાણપત્ર મેળવવા નિયત નમુનામાં કોઈ દરખાસ્ત/માંગણી રાજ્ય સરકારને મળેલ નથી. પરંતુ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે મેડીકલ કોલેજ શરૂ કરવા માનનીય ધારાસભ્યશ્રીઓ તરફથી બે (૨) રજૂઆત મળેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે માંગણીઓ અન્વયે | (૨) ઉકત સ્થિતિએ માનનીય ધારાસભ્યશ્રીઓની |

| | |
|---|---|
| સરકારે શી કાર્યવાહી કરેલ છે? | રજૂઆતના અનુસંધાને ભારત સરકારની જિલ્લા સિવિલ હોસ્પીટલોને અપગ્રેડ કરીને નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની યોજનામાં પાલનપુર જિલ્લા હોસ્પિટલનો સમાવેશ કરવા ભારત સરકારને દરખાસ્ત કરેલ છે તેમજ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના રેગ્યુલેશન અંતર્ગત સને ૨૦૧૫-૧૬ના વર્ષના બજેટમાં જિલ્લા હોસ્પિટલ પાલનપુરને પ્રથમ તબક્કે અપગ્રેડ કરી ૩૦૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરવામાં આવી છે. |

પાટણ જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૭ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આરોગ્ય સેવાઓ પુરી પાડવા પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે ? | આરોગ્ય સેવાઓ પુરી પાડવા પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૨ (એકસો બાર) નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે . |

ભીલપુર થી માલુરોડ રસ્તાને ડામર કરવા બાબત

* ૨૨૯૪૨ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં ભીલપુર થી માલુરોડ મેટલ સપાટીનો રસ્તો છે તો આ રસ્તાને ડામર કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષમાં મંજુરી આપેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો કેટલી રકમ કયારે મંજુર કરેલ છે, અને | (૧) અને (૨)<br>હા, જી. રૂા. ૨૨૫ લાખ તા.૮-૭-૨૦૧૫ ના રોજ મંજુર કરેલ છે. |
| (૩) આ કામ તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજ તબક્કે. |

વલસાડ જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૮ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આરોગ્ય સેવાઓ પૂરી પાડવા વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે ? | વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૩ (તેત્રીસ) નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. |

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાઓમાં રાજ્ય હસ્તકના રસ્તાઓની મરામત

* ૨૪૦૫૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં રાજ્ય હસ્તકના રસ્તાઓની મરામત કરવા માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૪ માં રૂ.૩૩૩૭.૪૮ લાખ તથા વર્ષ ૨૦૧૫ માં રૂ.૨૦૪૧.૮૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી ક્યા રસ્તાઓની મરામત કઈ એજન્સી દ્વારા કરવામાં આવી અને તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) *પરિશિષ્ટ-૧ મુજબ. |
| (૩) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) *પરિશિષ્ટ-૨ મુજબ. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

વરમોર-દેત્રોજ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૨૫૨ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં વરમોર-વિઠલાપુર-દેત્રોજ રસ્તાને પહોળો કરવાનું સન ૨૦૧૫-૧૬ માં કોઈ આયોજન છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) રૂ.૩૪૦૦.૦૦ લાખ. તા.૪-૨-૨૦૧૫ થી.

(૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૩) પ્રગતિમાં.

રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર મેડીકલ કોલેજો

* ૨૩૨૫૬ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૫ સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી.

(૩) સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૩૦૦ સીટોનો વધારો થયેલ છે.

અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ

* ૨૩૨૫૮ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીની શાળા આરોગ્ય તપાસ દરમ્યાન અમરેલી જિલ્લાના કેટલા બાળકોને રોગ હતા,

(૨) આ બાળકોને મુખ્યત્વે ક્યા રોગ હતા, અને

(૩) આ રોગની બાબતે સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસ દરમ્યાન અમરેલી જિલ્લામાં ૩૧,૯૪૯ બાળકોને રોગ હતા.

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ પેટની તકલીફ અને ચામડીના રોગ હતા.

(૩) આ રોગ/બિમારીની સારવાર બાબતે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.

(૧) સ્થળ પર સારવાર.

(૨) વધુ બિમારીવાળા બાળકને સામૂહિક આરોગ્ય કેન્દ્ર/ જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા.

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ડોકટરોની હડતાલ

* ૨૨૬૯૫ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ક્યા ક્યા

જવાબ

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં સરકારી

કારણોસર/માંગણીઓ અન્વયે ડોકટરોએ ક્યારે હડતાલ પાડી, અને

(૨) તે પૈકી કેટલા કારણો/માંગણીઓનો સ્વીકાર કરવામાં આવેલ ?

મહેકમ હેઠળના ડોકટરો દ્વારા હડતાલ પાડવામાં આવેલ નથી. પરંતુ ફરજ દરમ્યાન સલામતી વ્યવસ્થા સઘન કરવાની માંગણીસર પી.જી. વિદ્યાર્થીઓ/રેસીડેન્ટ ડોકટરો તા.૧-૭-૨૦૧૫ અને તા.૨-૧૨-૨૦૧૫ થી ત્રણ દિવસ માટે હાજર રહેલ ન હતા. જે અન્વયે સલામતી વ્યવસ્થા સુદ્રઢ કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઈલોલ-દાવડ-દેશોતર રસ્તાનું ડામરકામ

* ૨૪૪૩૧ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકામાં ઈલોલ-દાવડ-દેશોતર રસ્તાનું ડામર કામ ક્યારે શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામ ક્યારે પૂર્ણ થવાનો અંદાજ છે ?

જવાબ

(૧) અને (૨) : ઈલોલ-દાવડ-દેશોતર રસ્તાની હિંમતનગર તાલુકામાં આવતી ૧૫/૫૦ કિ.મી. ની લંબાઈ મંજૂર કરવામાં આવેલ નથી, પરંતુ જરૂરીયાત ધરાવતી ૧૦.૬૫ કિ.મી.ની લંબાઈ કે જે ઈડર તાલુકામાંથી પસાર થાય છે, તેને મજબુતીકરણ માટે રૂ.૬૪૦.૦૦ લાખની મંજૂરી આપેલ છે, જે તા.૨૬-૧૨-૨૦૧૫ થી શરૂ કરેલ છે તે તા.૩૧-૩-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો

* ૨૨૯૫૩ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સરકારી ડેન્ટલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૦૨ સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

એરૂ–આટ–ઓંજલ રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૭ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લાના એરૂ–આટ–ઓંજલ રસ્તાને પહોળો કરવાનું સન ૨૦૧૫–૧૬ માં કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૧૦૦.૦૦ લાખ તા.૬–૮–૨૦૧૫. |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજૂર કરી ઈજારદારને ડીપોઝીટ ભરવા જણાવેલ છે. |

મહેસાણા જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો

* ૨૪૦૫૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા મહેસાણા જિલ્લાના તાલુકાવાર કેટલા સ્વાઈન ફ્લુના કેટલા કેસો નોંધાયા છે,

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના તાલુકાવાર સ્વાઈન ફ્લુના નીચે મુજબના કેસો નોંધાયેલ છે,

| અ.નં. | તાલુકા | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ (૩૧/૧/૨૦૧૬ અંતિત) |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૦ | ૫૮ | ૪ |
| ૨ | વિસનગર | ૦ | ૧૬ | ૦ |
| ૩ | વડનગર | ૦ | ૦૩ | ૦ |
| ૪ | ખેરાલુ | ૦ | ૦૪ | ૦ |
| ૫ | સતલાસણા | ૦ | ૦૧ | ૦ |
| ૬ | વિજાપુર | ૦ | ૧૨ | ૦ |
| ૭ | બેચરાજી | ૦ | ૧૭ | ૦ |
| ૮ | કડી | ૦ | ૪૪ | ૦ |
| ૯ | ઉંઝા | ૦ | ૧૦ | ૦ |
| | કુલ | ૦ | ૧૬૫ | ૪ |

(૨) ઉકત સમયગાળામાં કેટલા વ્યકિતઓના મૃત્યુ થયા, અને

(૨) ઉકત સમયગાળામાં થયેલ મૃત્યુ.

| અ.નં. | તાલુકા | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ (૩૧/૧/૨૦૧૬ અંતિત) |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૦ | ૦૫ | ૦ |
| ૨ | વિસનગર | ૦ | ૦૩ | ૦ |
| ૩ | વડનગર | ૦ | ૦૨ | ૦ |
| ૪ | ખેરાલુ | ૦ | ૦૦ | ૦ |
| ૫ | સતલાસણા | ૦ | ૦૦ | ૦ |
| ૬ | વિજાપુર | ૦ | ૦૩ | ૦ |
| ૭ | બેચરાજી | ૦ | ૦૦ | ૦ |
| ૮ | કડી | ૦ | ૦૫ | ૦ |
| ૯ | ઉંઝા | ૦ | ૦૩ | ૦ |
| | કુલ | ૦ | ૨૧ | ૦ |

(૩) સ્વાઈન ફ્લુને અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી?

(૩) રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુને અટકાવવા માટે નીચે મુજબના પગલાં લીધા.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે અલાયદા આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને દાખલ દર્દીઓ માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં ૬ (છ) સરકારી લેબોરેટરીઓ ખાતે ઉચ્ચસ્તરની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ થતું અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય સરળ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. અને સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષસ્તામાં ગાંધીનગર ખાતે નિયમિત રીતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરવામાં આવી.
- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી., ટ્રીટમેન્ટ ગાઈડ અંગે સવિસ્તાર ચર્ચા કરી.
- આ રોગ વિષે લોકોમાં જન–જાગૃતિ માટે પ્રિન્ટ

મીડિયા, ઈલેક્ટ્રોનિકમીડિયા તેમજ પ્રચાર–પ્રસારના જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરી આઈ.ઈ.સી. પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. હાઉસ–ટુ–હાઉસ સર્વે દ્વારા જાણકારી તેમજ સર્વેલન્સ કરવામાં આવેલ છે.

- રાજ્યના મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોના મેડીસીન એનેસ્થેસિયા વિભાગના ડોકટરોને સ્વાઈન ફલુના દર્દીઓની ક્રીટીકલ કેર અંગેની તાલીમ આપવામાં આવેલ છે. અને સ્વાઈન ફલુ અંગે રાજ્ય કક્ષાના વર્કશોપ યોજવામાં આવેલ છે.

### રાજ્યની પર્વતારોહણ સંસ્થાઓમાં બાળકો/યુવાઓ માટે કોર્ષોનું આયોજન

* ૨૩૨૩૫ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના પર્વતારોહણ સંસ્થાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળકો/યુવાનો (સાહસિકો) માટે કયા કોર્ષોનું આયોજન રાજ્યના પર્વતારોહણ કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) આ પાછળ સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યની માઉન્ટઆબુ પર્વતારોહણ તાલીમ સંસ્થા તેમજ રાજ્ય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે નીચે મુજબના કોર્ષોનું આયોજન હાથ ધરવામાં આવે છે.

૧. ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ
૨. ૧૪ થી ૪૫ વર્ષના બાળકો/યુવાનો માટે બેઝિક રોક ક્લાઈમ્બીંગ કોર્ષ
૩. ૧૫ થી ૪૫ વર્ષના બાળકો/યુવાનો માટે એડવાન્સ કોર્ષ
૪. ૧૭ થી ૪૫ વર્ષના યુવાનો માટે કોચિંગ રોક ક્લાઈમ્બીંગ કોર્ષ

(૨) ૨૦૧૪માં રૂ. ૫,૮૭,૨૬૫/– અને ૨૦૧૫માં રૂ. ૬,૯૮,૨૮૨/–નો ખર્ચ કરવામાં આવેલ છે.

### રાજ્યમાં કાર્યરત સરકારી મેડિકલ કોલેજો

* ૨૨૯૫૪ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સરકારી મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૦૬ સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### કામરેજ ડુંગરા ઘાતવા રોડ પહોળો કરવા બાબત

* ૨૨૯૩૭ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કામરેજ તાલુકાનો કામરેજ ડુંગરા ઘાતવા રોડ પહોળો કરવાનું કામ વર્ષ ૨૦૧૫–૧૬માં મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવા કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. રૂા. ૫૫૦.૦૦ લાખ

(૩) પ્રગતિ હેઠળ.

મોરબી જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૬ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

આરોગ્ય સેવાઓ પૂરી પાડવા મોરબી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે ?

જવાબ

મોરબી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૭૮ (ઈઠ્યોત્તેર) નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે.

અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૨૨૬૯૪ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી સહાય ચુકવવામાં આવી ?

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|
| ૧ | અસારવા | ૪૮૭ |
| ૨ | મણિનગર | ૬૦૩ |
| ૩ | વટવા | ૨૬૨ |
| ૪ | સાબરમતી | ૩૬૨ |
| ૫ | ઘાટલોડિયા | ૧૩૩ |
| ૬ | વેજલપુર | ૧૩૯ |
| ૭ | વિરમગામ | ૭૨ |
| ૮ | માંડલ | ૨૨ |
| ૯ | દેત્રોજ | ૩૪ |
| ૧૦ | ધોળકા | ૧૦૫ |
| ૧૧ | બાવળા | ૯૮ |
| ૧૨ | ધંધુકા | ૩૪ |
| ૧૩ | દસક્રોઈ | ૧૭૨ |
| ૧૪ | ધોલેરા | ૪ |
| ૧૫ | સાણંદ | ૧૨૧ |
| | કુલ | ૨૬૪૮ |

(૨) નીચે મુજબ અરજીઓ મંજુર કરી સહાય ચુકવવામાં આવી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૫ મંજુર અરજીઓ | સહાય ચુકવણી (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અસારવા | ૪૮૨ | ૪૯.૧૬૪ |
| ૨ | મણિનગર | ૬૦૩ | ૬૧.૫૦૬ |
| ૩ | વટવા | ૧૯૪ | ૧૯.૭૮૮ |
| ૪ | સાબરમતી | ૩૪૮ | ૩૫.૪૯૬ |
| ૫ | ઘાટલોડિયા | ૧૨૯ | ૧૩.૧૫૮ |
| ૬ | વેજલપુર | ૧૩૭ | ૧૩.૯૭૪ |
| ૭ | વિરમગામ | ૬૦ | ૦૬.૧૨૦ |
| ૮ | માંડલ | ૧૯ | ૦૧.૯૩૮ |
| ૯ | દેત્રોજ | ૩૪ | ૦૩.૪૬૮ |
| ૧૦ | ધોળકા | ૮૭ | ૦૮.૮૭૪ |
| ૧૧ | બાવળા | ૯૪ | ૦૯.૫૮૮ |
| ૧૨ | ધંધુકા | ૧૭ | ૦૧.૭૩૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | દસક્રોઈ | ૧૬૫ | ૧૬.૮૩૦ |
| ૧૪ | ધોલેરા | ૨ | ૦૦.૨૦૪ |
| ૧૫ | સાણંદ | ૮૫ | ૦૮.૬૭૦ |
| | કુલ :– | ૨૪૫૬ | ૨૫૦.૫૧૨ |

લખતર સદાદ અંકેવાળીયા રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૯૦ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લખતર સદાદ મોઢવાણા અંકેવાળીયા રસ્તો પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું છે તથા આ રસ્તો કેટલા મીટર પહોળો કરવામાં આવશે, અને | (૨) રૂ. ૯૮૮.૦૦ લાખનું<br>૫.૫૦ મીટર |
| (૩) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

તેરા ગામના વિકાસ પાછળ રાજ્ય સરકારે ફાળવેલ ગ્રાંટ

* ૨૩૦૨૭ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હેરીટેઝ વિલેજ તરીકે પસંદ પામેલ કચ્છ જિલ્લાના તેરા ગામનાં વિકાસ અન્વયે રાજ્ય સરકારે તા. ૦૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નાણાં ફાળવ્યા, અને | (૧) કચ્છ જિલ્લાના તેરા ગામનો ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ–૧૯૬૫માં સમાવિષ્ટ યાદીમાં સમાવેશ થયેલ ન હોઈ, આ અંગે નાણા ફાળવવામાં આવેલ નથી. |
| (૨) તા. ૦૧–૦૧–૨૦૧૬ સુધીમાં શી કામગીરી થઈ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આખજ–ઉદલપુર રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૨૯૮૧ શ્રી ઋષીકેશ પટેલ (વિસનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં મહેસાણા તાલુકાના આખજ મુલસણ ધાધુસણ ઉદલપુર રસ્તાને સરકાર પહોળો કરવાનું વિચારે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૭૦૦ લાખ |

રાજ્ય સરકારને ટોલ પેટે આવક

* ૨૨૩૫૩ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારને ટોલ પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ, અને | (૧) વર્ષ–૨૦૧૪માં રૂા. ૪૦,૬૬,૦૨,૯૨૫/–<br>વર્ષ–૨૦૧૫માં રૂા. ૬૧,૬૬,૧૪,૦૮૦/– |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુદત પુરી થઈ હોય છતાં મુદતમાં વધારો કરી અપાયો હોય તેવા કયા ટોલનાકા છે ? | (૨) એક પણ નહીં. |

ગોત્રીથી ભીમપુરા જંકશન રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત

* ૨૩૨૫૩ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫–૧૬માં વડોદરા જિલ્લાનાં | (૧) અને (૨) : હા, જી. |

ગોત્રીથી ભીમપુરા જંક્શનના રસ્તાને ચાર માર્ગીય કરવાનું કોઈ આયોજન છે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

રૂા. ૧૪૦૦.૦૦ લાખ.

(૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) પ્રગતિમાં.

ચીખલી તાલુકામાં અછબડાના રોગને અટકાવવા લીધેલ પગલાં

* ૨૩૬૬૬ શ્રી છનાભાઈ ચૌધરી (વાસંદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં કેટલા ઈસમોને અછબડાની અસરો જણાઈ આવી, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે આ રોગને અટકાવવા કેવા પ્રકારના પગલાં લીધા ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં છેલ્લા એક વર્ષમાં એકપણ કેસ નોંધાયેલ નથી.

(૨) અછબડાના રોગમાં તાવ તથા શરીર પર દાણા કે ચકામાં જેવા ચિન્હો કે લક્ષણો જોવા મળે છે.

- તાવ તથા દાણા કે ચકામાવાળા કેસો જોવા મળે તો તાત્કાલિક તબીબી અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ/આશા દ્વારા હાઉસ ટુ હાઉસ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- અછબડાના દર્દીઓને સારવાર આપવામાં આવે છે મળેલ આવા દર્દીઓથી અન્ય વ્યકિતને ચેપ ન લાગે તે માટે અન્ય વ્યકિતઓથી અલગ રાખવા સમજ આપવામાં આવે છે.

કડછલાથી લાલપુર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૧ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬ માં પંચમહાલ જિલ્લાના કડછલાથી લાલપુર રસ્તાને ૭ મી. પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) અગાઉ પંચમહાલ અને હાલના મહીસાગર જિલ્લામાં આવતા કડાછલા–લાલસર અનુભાગને ૭ મી. પહોળો કરવાનું આયોજન છે.

(૨) રૂ.૯૫૦.૦૦ લાખ, તા.૨૩–૨–૨૦૧૫.

(૩) કામ પ્રગતિમાં.

રાજ્યમાં કાર્યરત ડેન્ટલ કોલેજો

* ૨૨૯૫૯ ડૉ. નિર્મલાબેન વાઘવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ડેન્ટલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૧૩ ડેન્ટલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યની પર્વતારોહણ સંસ્થાઓમાં બાળકો/યુવાનો માટે કોર્ષોનું આયોજન

* ૨૩૨૪૧ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના પવર્તારોહણ સંસ્થાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જવાબ

(૧) રાજ્યની માઉન્ટઆબુ પવર્તારોહણ તાલીમ સંસ્થા તેમજ રાજ્ય પવર્તારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ

બાળકો/યુવાનો (સાહસિકો) માટે ક્યા કોર્ષોનું આયોજન રાજ્યના પવર્તારોહણ કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવેલ છે, અને

ખાતે નીચે મુજબના કોર્ષોનું આયોજન હાથ ધરવામાં આવે છે.

૧. ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ.

૨. ૧૪ થી ૪૫ વર્ષના બાળકો/યુવાનો માટે બેઝિક રોક કલાઈમ્બીંગ કોર્ષ.

૩. ૧૫ થી ૪૫ વર્ષના બાળકો/યુવાનો માટે એડવાન્સ કોર્ષ.

૪. ૧૭ થી ૪૫ વર્ષના યુવાનો માટે કોચિંગ રોક કલાઈમ્બીંગ કોર્ષ.

(૨) આ પાછળ સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) ૨૦૧૪ માં રૂ.૫,૮૭,૨૬૫/- અને ૨૦૧૫ માં રૂ.૬,૯૮,૨૮૨/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

દશક્રોઈ તાલુકાના રસ્તાઓને ડામર કામ

* ૨૨૯૮૦ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં ઘણા સમયથી ડામર કામ ન થયું હોય તેવા રસ્તાઓ પર ડામર કામ કરવાનું સરકારે આયોજન કરેલ છે છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દશક્રોઈ તાલુકામાં કેટલા કામો માટે કેટલી રકમ મંજૂર કરેલ છે? | (૨) કુલ ૧૮ કામો રૂ.૨૫૦૬.૦૦ લાખના મંજૂર કરેલ છે. |

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો

* ૨૨૯૫૨ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૦૨ સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) સરકારી ડેન્ટલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ગઢ થી દૈદરા હનુમાન રસ્તો ચોમાસા દરમ્યાન બંધ રહેવા બાબત

* ૨૪૪૮૫ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર તાલુકાના ગઢ થી દૈદરા હનુમાન રસ્તો ચોમાસા દરમ્યાન પુરને કારણે સતત બંધ રહે છે તેવી કેટલી ફરીયાદ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળેલ છે, અને | (૧) આ પ્રકારની ફરીયાદ મળેલ નથી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સરકારે શું કાર્યવાહી કરેલ છે ? | (૨) જણાવેલ સ્થળનો રસ્તો બનાવવાની રજુઆત મળેલ છે. પરંતુ વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોઈ તથા નોન પ્લાન રસ્તો હોઈ તાંત્રિત જરૂરીયાત અને અગ્રતા અનુસાર વિચારણામાં લેવામાં આવશે. |

રાજ્યમાં કાર્યરત ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૩૨૫૭ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૫૩ ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૬ નવી ફીઝોયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક કક્ષાએ ૧૨૬૦ સીટોનો વધારો થયેલ છે.

જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં મંજૂર મહેકમ

* ૨૩૯૦૧ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં સામેલ *પરિશિષ્ટના કોલમ–૩ માં દર્શાવ્યા મુજબ કુલ ૪૦૧ નું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી સામેલ *પરિશિષ્ટના કોલમ–૪ મુજબ ૩૩૩ જગ્યાઓ ભરાયેલ છે અને કોલમ–૫ મુજબ ૬૮ જગ્યાઓ ખાલી છે.

(૩) ઉકત ખાલી જગ્યાઓ સામેલ *પરિશિષ્ટના કોલમ–૬ માં દર્શાવ્યા તારીખથી ખાલી છે.

(૪) જનરલ હોસ્પીટલ, જૂનાગઢ અગાઉ તબીબી સેવાઓ હસ્તક હતી અને તબીબી સેવાઓ દ્વારા હોસ્પિટલ ખાતે મહેકમ મંજૂર કરવામાં આવેલ હતું. આ હોસ્પિટલને જીએમઈઆરએસ ના નિયંત્રણ હેઠળ તબદીલ કરી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તરીકે ફેરવવામાં આવેલ હોવાથી અને હવે એમસીઆઈના ધારાધોરણો પ્રમાણે મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, જૂનાગઢ ખાતે ભરવાની હોવાથી તબીબી વિભાગની સીવીલ હોસ્પિટલ, જૂનાગઢની ખાલી જગ્યાઓ હવે ભરવાની રહેતી નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો

* ૨૨૯૫૧ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સરકારી ડેન્ટલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૨ સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ પેટા કેન્દ્રો

* ૨૨૯૬૫ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

આરોગ્ય સેવાઓ પૂરી પાડવા કચ્છ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

આરોગ્ય સેવાઓ પૂરી પાડવા કચ્છ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૪ (એકસો ચોર્યાસી) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

આહવા–સાપુતારા રસ્તાનું મજબુતીકરણ

* ૨૨૯૭૬ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫–૧૬ ડાંગ જિલ્લાના આહવા–સાપુતારા રસ્તાના મજબુતીકરણ માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | |

જસદણ બાયપાસને પહોળો કરવા બાબત

* ૨૩૨૫૪ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ–ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જસદણ બાયપાસને ૧૦ મીટર પહોળો કરવા માટે સન ૨૦૧૫–૧૬માં કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૦૦૦.૦૦ લાખ, તા. ૦૭–૧૦–૨૦૧૫ |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર માંગેલ છે. |

ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જ્યંતિ ઉજવણી નિમિત્તે અમલમાં મૂકેલ યોજના

* ૨૩૨૪૭ શ્રીમતિ મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જ્યંતિ ઉજવણી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને પ્રોત્સાહન આપવા માટેની કોઈ યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે અંગેની વિગતો શું છે, અને | (૨) રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને પ્રોત્સાહન આપવા માટે યુવા ઉત્સવનું આયોજન કરવા માટે અમલમાં મૂકવામાં આવેલ યોજના હેઠળ જિલ્લા પ્રદેશ તથા રાજ્યકક્ષાએ યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજના પાછળ સરકાર દ્વારા તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૬,૫૩,૩૧૩/- |

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જ્યંતિ ઉજવણી નિમિત્તે અમલમાં મૂકેલ યોજના

* ૨૩૨૩૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જ્યંતિ ઉજવણી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને પ્રોત્સાહન આપવા માટેની કોઈ યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે અંગેની વિગતો શું છે, અને | (૨) રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને પ્રોત્સાહન આપવા માટે યુવા |

| | |
|---|---|
| | ઉત્સવનું આયોજન કરવા માટે અમલમાં મૂકવામાં આવેલ યોજના હેઠળ જિલ્લા પ્રદેશ તથા રાજ્યકક્ષાએ યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજના પાછળ સરકાર દ્વારા તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૬,૫૩,૩૧૩/- |

### અમદાવાદ–કુહા–ઝાડેશ્વર રોડને પહોળો કરવા બાબત

* ૨૩૨૫૫ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬માં મહીસાગર જિલ્લાનાં મુખ્ય મથક લુણાવાડાને નડીયાદ સાથે જોડતાં અમદાવાદ–કુહા–કઠલાલ–બાલાશિનોર–લુણાવાડા–ઝાડેશ્વર રસ્તાને મહીસાગર જિલ્લાની ૨૪ કિ.મી. પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૭૪૦૦.૦૦ લાખ, તા. ૦૭–૧૦–૨૦૧૫ |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર માંગેલ છે. |

### ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ આરોગ્ય કેન્દ્રો

* ૨૨૯૪૪ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર–દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે ? | ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૨ (બે) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે.<br>(૧) ડીંગુચા તા. કલોલ<br>(૨) કલોલ તા. કલોલ |

### વિરમદળ–સિધ્ધપુર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૮૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાના હાઈવેથી વિરમદળ જુવાનગઢ માધુપુર મોવાણ સિધ્ધપુર રોડને ટ્રાફીક અનુરૂપ પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવ્યું છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનું તથા ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૦૦૦.૦૦ લાખ, તા. ૩૦–૦૫–૨૦૧૫ |
| (૩) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) કામ પ્રગતિમાં છે. |

### બનાસકાંઠા જિલ્લામાં પાકા ડામર રસ્તાઓથી ન જોડાયેલ ગામો

* ૨૩૨૭૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પાકા ડામર રસ્તાથી ન જોડાયેલા ૫૦૦ કરતાં વધારે વસ્તીવાળા ગામોની સંખ્યા કેટલી છે, | (૧) ૫ (પાંચ) ગામો વન વિસ્તારમાં હોઈ વન વિભાગની મંજૂરી આવશ્યક હોઈ ડામર રસ્તાથી જોડાયેલા નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ગામોને પ્રધાનમંત્રી ગ્રામ | (૨) અને (૩) |

સડક યોજનાથી જોડવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ ગામોને ડામરના રસ્તાથી જોડવા માટે કોરનેટ વર્કમાં સમાવેશ કરાવવા સરકારે શાં પગલાં લીધાં ?

૩ (ત્રણ) ગામોના રસ્તાઓને ડામર સપાટી કરવાના ડી.પી.આર. બનાવી કેન્દ્ર સરકારમાં મંજૂરી અર્થે સાદર કરેલ છે, જે મંજુર થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે. જ્યારે ૨ (બે) ગામોને કોરનેટવર્કમાં સમાવેશ કરવા જરૂરી દરખાસ્ત કેન્દ્ર સરકારમાં સાદર કરવામાં આવી રહેલ છે, જે મંજુર થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

કોસંબા–વેલાછા–માંગરોળ રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૭૦ શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬માં કોસંબા-વેલાછા-માગરોળ રસ્તાને ૧૦ મી. પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ४६८०.०० લાખ, તા. ૨૮-૦૧-૨૦૧૫. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) કામ પ્રગતિમાં. |

### દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

* ૨૨૯૪૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૫૪૮૮. |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ. ૯,૨૬,૧૧,૬૪૧/-. |

### રાજ્યમાં કાર્યરત ડેન્ટલ કોલેજો

* ૨૨૯૫૮ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ડેન્ટલ કોલેજો કાર્યરત છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૩ ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) ડેન્ટલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૨૯૪૬ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ બાળકોની વિગત નીચે મુજબની છે.

| જિલ્લો | વર્ષ | ચકાસેલ બાળકો |
|---|---|---|
| કચ્છ | ૨૦૧૩-૧૪ | ૫,૬૦,૩૭૩ |
| | ૨૦૧૪-૧૫ | ૫,૯૪,૭૧૩ |

પ્રશ્ન

(૨) તે પૈકી ગંભીર રોગની બિમારી ધરાવતા કેટલા બાળકો જણાયા અને કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવેલ છે ?

જવાબ

(૨) તે પૈકી ગંભીર રોગની બિમારી ધરાવતા બાળકો તથા ચશ્મા આપેલ બાળકોની વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | વર્ષ | ગંભીર બિમારી ધરાવતા બાળકો | ચશ્મા આપેલ બાળકો |
|---|---|---|---|
| કચ્છ | ૨૦૧૩-૧૪ | ૮૧ | ૧૧૫૧ |
| | ૨૦૧૪-૧૫ | ૧૪૧ | ૨૦૬૬ |

### માંડવી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર આઉટ સોર્સિંગથી નિમણૂક પામેલા કર્મચારીઓને સમયસર પગાર નહીં ચૂકવવા બાબત

* ૨૩૭૮૩ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સિંગથી નિમણૂંક અપાયેલ કર્મચારીઓને સમયસર નિયમિત પગાર ચૂકવાતો નથી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ આઉટ સોર્સિંગનું કામ કઈ એજન્સીને ક્યારે સોંપવામાં આવેલ છે અને આ એજન્સીને સરકારે કેટલી રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર ચુકવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આઉટ સોર્સિંગના કર્મચારીઓને સમયસર પગાર નહીં ચૂકવતી એજન્સી સામે સરકાર શા પગલા ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિભાગીય નાયબ નિયામકશ્રી દ્વારા તા. ૩૧–૦૩–૨૦૧૫થી વિશ્વ એન્ટરપ્રાઈઝ એજન્સી, મહેસાણાને આઉટસોર્સ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

આ એજન્સીને છેલ્લા એક વર્ષના ખર્ચ પેટે રૂ. ૧૧,૮૨,૫૬૩/– ચૂકવવામાં આવેલ છે. વિગતવાર પત્રક આ સાથે સંલગ્ન છે.

પત્રક

એજન્સીને છેલ્લા એક વર્ષના ચૂકવવામાં આવેલ રકમની વિગત

| ક્રમ | માસ/વર્ષ | સા.આ.કેન્દ્ર–માંડવી |
|---|---|---|
| ૧ | એપ્રિલ–૨૦૧૫ | ૭૪૬૮૦–૦૦ |
| ૨ | મે–૨૦૧૫ | ૨૮૨૬૦૦–૦૦ |
| ૩ | જૂન–૨૦૧૫ | |
| ૪ | જુલાઈ–૨૦૧૫ | ૧૪૫૫૦૦–૦૦ |
| ૫ | ઓગસ્ટ–૨૦૧૫ | ૧૩૪૮૪૭–૦૦ |
| ૬ | સપ્ટેમ્બર–૨૦૧૫ | ૧૨૪૫૭૧–૦૦ |
| ૭ | ઓક્ટોબર–૨૦૧૫ | ૧૩૮૬૫૯–૦૦ |
| ૮ | નવેમ્બર–૨૦૧૫ | ૧૩૨૫૦૪–૦૦ |
| ૯ | ડિસેમ્બર–૨૦૧૫ | ૧૪૯૨૦૨–૦૦ |
| ૧૦ | જાન્યુઆરી–૨૦૧૬ | કાર્યવાહી હેઠળ છે. |
| | કુલ રૂા. | ૧૧૮૨૫૬૩–૦૦ |

(૩) ટેન્ડરની શરતો મુજબ આઉટસોર્સિંગ એજન્સી સામે નિયમોનુસારના ઘટતા પગલાં લેવામાં આવશે.

### ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૩૨૩૪ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) તેમાં વર્ષવાર કેટલા યુવકો અને યુવતીઓએ ભાગ લીધો હતો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૪માં રૂ. ૮,૭૨,૨૩૮/–
વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૩,૬૮,૩૨૬/–

(૨) વર્ષ ૨૦૧૪માં રૂ. ૮,૭૨,૨૩૮/–
વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૩,૬૮,૩૨૬/–

(૩) વર્ષ ૨૦૧૪માં ૭૯૦ યુવકો અને ૨૦૪ યુવતીઓ, અને વર્ષ ૨૦૧૫માં ૨૨૪૩ યુવકો અને ૫૧૫ યુવતીઓએ ભાગ લીધેલ હતો.

### અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં 'મા' યોજના હેઠળ કાર્ડ ધારકો પાસે એન્જીયોપ્લાસ્ટ બાયપાસના ઓપરેશનની વસુલાતની રકમ

* ૨૪૨૮૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા એક વર્ષમાં સરકારની મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના હેઠળ થયેલ એન્જીયોપ્લાસ્ટ અને બાયપાસના ઓપરેશન પેટે દર્દીઓ પાસેથી રકમ વસુલવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં થયેલ ઉક્ત ઓપરેશન પેટે મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાના કેટલા કાર્ડધારકો પાસેથી કેટલી રકમ વસુલવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બુજેટાથી દેવડીયા ચોકડી અનુભાગને ચાર માર્ગીય કરવા બાબત

* ૨૨૯૭૪ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫–૧૬ નર્મદા જિલ્લાનાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતાં બુજેટાથી દેવડીયા ચોકડી અનુભાગને ચાર માર્ગીય કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) અને (૨) : હા, જી. રૂા. ૭૬૪૬.૦૦ લાખ |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર માંગેલ છે. |

ધ્રોલ–ઈટાળા રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૮૬ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ધ્રોલ ખારવા બીજલકા ઈટાળા રોડને પહોળો કરવાનું કામ મંજુર કરવામાં આવ્યુ છે કે કેમ, અને | (૧) હા જી, રૂ. ૧૦૫૦.૦૦ લાખનું મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) પ્રગતિ હેઠળ. |

વ્યારા તાલુકામાં ઝાંખરી નદી પર પુલ બનાવવા રજૂઆત

* ૨૧૩૧૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં વ્યારા તાલુકામાં મેઘપુર છીડીયા ઝાંખરી નદી પર પુલ બનાવવા સરકારને કેટલી માંગણી કે રજુઆતો મળી, અને | (૧) અને (૨) : કોઈ માંગણી કે રજુઆત મળેલ નથી. પરંતુ પી.એમ.જી.એસ.વાય. હેઠળ આ પુલની ભારત સરકારમાં તા. ૨૫–૩–૨૦૧૫થી દરખાસ્ત કરેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે પુલ બનાવવા શી કાર્યવાહી કરી ? | |

મોરબી–જેતપુર–અણિયારી રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૬૯ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મોરબી–જેતપુર અણિયારી રોડને ૧૦મી. પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ ક્યારે | (૨) રૂ. ૫૪૯૫.૦૦ લાખ, તા. ૪–૨–૨૦૧૫ |

મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? (૩) કામ પ્રગતિમાં.

સરથાણાથી પસોદરા રસ્તાને દ્વીમાર્ગીય કરવા બાબત

* ૨૨૯૩૪ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછારોડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કામરેજ તાલુકામાં સરથાણાથી પસોદરા રસ્તા પર વાહનવ્યવહાર વધુ રહેતો હોઈ ઉક્ત રસ્તો ટુ લેનમાં પહોળો કરવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬ માં મંજુર થયેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂ. ૧૬૦ લાખ. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) ભૌતિક રીતે પૂર્ણ. |

ખેડા જિલ્લાના ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત

* ૨૩૨૮૮ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના કેટલા ડામર રસ્તાઓને રી કાર્પેટ માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ઠાસરા તાલુકાના ૧૧ અને ગળતેશ્વર તાલુકાની ૧૦ મળી કુલ -૨૧ રસ્તાના કામો મંજુર કરવામાં આવ્યા. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

રાજ્યમાં કાર્યરત સરકારી મેડિકલ કોલેજો

* ૨૨૯૫૫ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૬ સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) સરકારી મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સાબરકાંઠા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૨૯૫૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા(હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૧)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૭૦૩ | ૨૦૮૭૦ |

(૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૨) ૮ (આઠ).

(૩) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થીના દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને

(૩)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૧૨૭૮ | ૧૬૦૨ |

(૪) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે

(૪)

કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે ?

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| રૂ. ૨,૧૯,૧૪,૮૮૨/- | રૂ. ૨,૫૦,૪૦,૫૩૪/- |

બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૪૦૮૭ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

જવાબ

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની માંગણી કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ૩૩૫૭ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. જે તાલુકાવાર નીચે દર્શાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૪૧૬ |
| ૨ | વડગામ | ૩૦૨ |
| ૩ | દાંતા | ૨૮૫ |
| ૪ | અમીરગઢ | ૨૦૩ |
| ૫ | ડીસા | ૫૫૫ |
| ૬ | દાંતીવાડા | ૧૨૮ |
| ૭ | ધાનેરા | ૧૯૫ |
| ૮ | કાંકરેજ | ૨૯૨ |
| ૯ | દિયોદર | ૨૦૮ |
| ૧૦ | ભાભર | ૧૩૫ |
| ૧૧ | થરાદ | ૩૫૧ |
| ૧૨ | વાવ | ૨૮૭ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે,

(૩) આંગણવાડી કેન્દ્રોની ઘટ વસ્તીની જરૂરિયાતનો સર્વે કર્યા બાદ જ કહી શકાય.

(૪) ઉક્ત ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) આ આંગણવાડીઓ બનાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

(૫) બનાસકાંઠા જિલ્લા પાસેથી વસ્તીની જરૂરિયાત અનુસાર નવા આંગણવાડી કેન્દ્રોની દરખાસ્તો આવ્યેથી ભારત સરકારને દરખાસ્ત મોકલવામાં આવશે.

મહેસાણા જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓ

* ૨૨૩૯૬ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર હિમોફીલીયાના કેટલા દર્દીઓ નોંધાયેલા છે,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર હિમોફીલીયાના નીચે પત્રક મુજબના દર્દીઓ નોંધાયેલા છે.

| અનુ. | તાલુકાનું નામ | દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫ |

| | | |
|---|---|---|
| ૨ | કડી | ૩ |
| ૩ | ઉંઝા | ૩ |
| ૪ | વડનગર | ૨ |
| ૫ | વિજાપુર | ૨ |
| ૬ | વિસનગર | ૭ |
| ૭ | ખેરાલુ | ૧ |
| | કુલ | ૩૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં આ દર્દીઓને તાજુ લોહી તથા લોહીના ઘટકો આપવાની શી વ્યવસ્થા છે, અને

(૨) હિમોફીલીયાના દર્દીને જરૂરીયાત મુજબના ફેક્ટર ૭, ૮ અને ૯ પુરા પાડવામાં આવે છે તથા બલ્ડ બેન્કો દ્વારા દર્દીઓને તાજુ લોહી તથા ઘટકો આપવામાં આવે છે.

(૩) આ લોહી અને લોહીના ઘટકો આપવાની જવાબદારી કોની છે ?

(૩) લોહી કે લોહીના ઘટકો આપવાની જવાબદારી સંબંધિત હોસ્પિટલની છે.

અંજાર તાલુકાના રતનાલભાદ્રોઈ રસ્તાનું કામ મંજૂર કરવા બાબત

* ૨૨૯૮૪ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં રતનાલભાદ્રોઈ રસ્તાનું કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને

(૨) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

જવાબ

(૧) રૂા. ૩૨૦.૦૦ લાખ.

(૨) ભૌતિક રીતે પુર્ણ થયેલ છે.

મહિસાગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૨૩૮૪ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડાય છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાળકોમાં કુપોષણ નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૪૦૦ | ૧૫૦ |
| ૨ | સંતરામપુર | ૧૪૩૧ | ૧૩૫ |
| ૩ | ખાનપુર | ૬૪૮ | ૯૧ |
| ૪ | કડાણા | ૪૨૦ | ૩૬ |
| ૫ | બાલાશિનોર | ૧૧૪૮ | ૧૧૭ |
| ૬ | વિરપુર | ૪૩૮ | ૧૨૩ |

(૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

- દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન (THR) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે. મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- મહીસાગર જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા કુલ ૬૧૩૭ બાળકોની આરોગ્ય તપાસ કરાવેલ છે.
- ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર (CMTC) માં ૫૭૫ બાળકોને સારવાર આપવામાં આવેલ છે.
- ઈન્ટેન્સીવ ન્યુટ્રીશન કેર સેન્ટર (INCC) ધ્વારા ૧૩ કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા.

મુખ્ય મંત્રી સ્વાવલંબન યોજના હેઠળ ચૂકવેલ રકમ

* ૨૪૪૬૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સને ૨૦૧૫–૧૬ના વર્ષમાં મુખ્ય મંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યમાં મેડીકલ અને તેને સંલગ્ન કયા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચુકવવામાં આવી ? | તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સને ૨૦૧૫–૧૬ના વર્ષમાં મુખ્ય મંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યમાં મેડીકલ, ડેન્ટલ તથા ફીઝીયોથેરાપી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ૧૦૦૩ વિદ્યાર્થીઓને રૂ. ૧૫,૫૭,૨૪,૦૦૦/– (અંકે રૂપિયા પંદર કરોડ સત્તાવન લાખ ચોવીસ હજાર પુરા)ની રકમ ચુકવવામાં આવી. |

મોરપુરા દંગીવાડા રોડ પર ઢાઢર નદી પર પૂલ બનાવવા બાબત

* ૨૨૯૩૬ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકા ખાતે મોરપુરા–દંગીવાડા રોડ પર ઢાઢર નદી પર પુલની કામગીરી ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વર્ષ દરમિયાન ક્યારે મંજુર થયેલ છે,<br>(૨) તે અન્વયે કેટલી રકમ મંજુર થયેલ છે, અને | (૧) અને (૨) :<br>વર્ષ ૧૫–૧૬માં તા. ૭–૫–૨૦૧૫થી રૂા. ૫૮૩.૮૮ લાખની મંજુરી આપેલ છે. |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિ હેઠળ. |

વ્યાયામ શાળાઓને આર્થિક સહાય

* ૨૩૨૪૮ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે કામ કરતી માન્ય વ્યાયામ શાળાઓને કેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે ? | રૂ.૩૧,૭૦,૭૬૩/- |

રાજ્યમાં કાર્યરત સરકારી મેડીકલ કોલેજો

* ૨૨૯૫૬ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) સરકારી મેડીકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જનશાળી થી હડળા વચ્ચે મોટો પુલ બનાવવાનું આયોજન

* ૨૨૯૮૭ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના જનશાળી થી હડળા રસ્તામાં આવતા બેઠા પુલની જગ્યાએ રાજ્ય સરકાર દ્વારા મોટો પુલ બનાવવાનું આયોજન મંજૂર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પુલનું કામ કઈ યોજનામાં ક્યારે અને કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) પંચાયત હસ્તકના રસ્તાપર હયાત કોઝવે તથા નાળા પરા નવાપુલ/નવા સીડીવર્ક બનાવવાની યોજનામાં તા.૧૪-૮-૧૫ રૂ.૬૦૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ બનાવવાની કાર્યવાહીમાં. |

તાપી જિલ્લામાં મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૨૯૬૧ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે ? | તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫ (પાંચ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. |

બનાસકાંઠા જિલ્લામાં ‘‘મા ’’ અને ‘‘મા વાત્સલય’’ યોજના હેઠળ કાર્ડ

* ૨૨૯૪૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલય’’ યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા, | (૧) ‘‘મા’’ યોજના ૯૩૬૨ ‘‘મા વાત્સલય’’ યોજના ૨૦૨૮૩ |
| (૨) ઉકત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે, | (૨) ૧૪ (ચૌદ) |
| (૩) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા | (૩) ‘‘મા’’ યોજના ૩૩૨૩ ‘‘મા વાત્સલય’’ યોજના ૨૫૭૨ |

વાત્સલ'' યોજના હેઠળ કેટલા લાભાર્થીના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૪) ઉકત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે ?

(૪) ''મા'' યોજના ''મા વાત્સલય'' યોજના
રૂ.૩,૯૬,૯૬,૨૮૭ રૂ.૨,૭૩,૪૩,૪૦૬/-

ભાવનગર જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજનાના લાભાર્થીઓ

* ૨૩૪૩૩ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કેન્દ્ર સરકારની બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓ આવરી લેવાયા,

(૨) ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓ આ યોજના હેઠળના લાભથી વંચિત રહેવા પામેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાલિકા સમૃધ્ધિ યોજનાનો લાભ કેટલા વર્ષ સુધી આપવામાં આવે છે ?

જવાબ

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૯-૪-૨૦૧૨ ના ઠરાવ અન્વયે વર્ષ ૨૦૧૨-૧૩ થી બાલિકા સમૃધ્ધિ યોજના બંધ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ખેડા જિલ્લામાં ખાનગી દવાખાના, હોસ્પિટલોની તપાસ

* ૨૨૪૬૦ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખાનગી દવાખાના, હોસ્પિટલો, સોનોગ્રાફી હાઉસ તથા લેબોરેટરી આવેલા છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખાનગી દવાખાના, હોસ્પિટલો, સોનોગ્રાફી હાઉસ તથા લેબોરેટરી ચાલુ કર્યા બાદ સરકાર દ્વારા કોઈ તપાસ હાથ ધરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો શી તપાસ હાથ ધરેલ છે ?

જવાબ

(૧) ખાનગી દવાખાના, હોસ્પિટલો અને લેબોરેટરીઓની નોંધણી કરવાની કોઈ જોગવાઈ નથી. ધ પીસી એન્ડ પીએનડીટી એકટ-૧૯૯૪ અંતર્ગત માત્ર સોનોગ્રાફી હાઉસ અને જીનેટીકસ લેબોરેટરીની નોંધણી કરવાની જોગવાઈ છે જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | સોનોગ્રાફી હાઉસની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૨૯ |
| ૨ | વસો | ૦૧ |
| ૩ | મહેમદાવાદ | ૦૪ |
| ૪ | ઠાસરા | ૦૪ |
| ૫ | મહુધા | ૦૦ |
| ૬ | કઠલાલ | ૦૪ |
| ૭ | ખેડા | ૦૧ |
| ૮ | માતર | ૦૩ |
| ૯ | કપડવંજ | ૦૮ |
| ૧૦ | ગળતેશ્વર | ૦૨ |
| | કુલ | ૫૬ |

(૨) ધ પીસી એન્ડ પીએનડીટી એકટ-૧૯૯૪ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં નોંધણી થયેલ ખાનગી સોનોગ્રાફી હાઉસ અને જીનેટીકસ લેબોરેટરીની નિયમોનુસાર તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(૩) ધ પીસી એન્ડ પીએનડીટી એકટ-૧૯૯૪ અંતર્ગત જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી સબ ડીસ્ટ્રીકટ એપ્રોપીએટ ઓથોરીટી દ્વારા પીએનડીટી એકટ અંતર્ગત નોંધણી થયેલ સોનોગ્રાફી હાઉસ અને જીનેટીકસ લેબોરેટરીની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. છેલ્લા

બે વર્ષમાં જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રીએ કુલ ૨૫ તથા સબ ડીસ્ટ્રીકટ એપ્રોપીએટ ઓથોરીટીશ્રીએ કુલ ૧૯૫ જેટલી પીએનડીટી એકટ અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ હોસ્પિટલ/કલીનીકની તપાસ કરેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો શરૂ કરવાની દરખાસ્ત

* ૨૪૩૪૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં આંગણવાડી કેન્દ્રો નથી,

(૨) ઉકત જિલ્લામાં નવિન આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમા રાજ્ય સરકારને કેટલી દરખાસ્તો મળેલ છે, અને

(૩) ઉકત મળેલ દરખાસ્તોને રાજ્ય સરકાર ક્યારે મંજૂરી આપશે ?

જવાબ

(૧) તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ૧૫૧ ગામોમાં આંગણવાડી કેન્દ્રો નથી. જે તાલુકાવાર નીચેની વિગતોએ દર્શાવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્ર વંચિત ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦૩ |
| ૨ | કવાંટ | ૦૦ |
| ૩ | નસવાડી | ૨૮ |
| ૪ | જેતપુર પાવી | ૩૧ |
| ૫ | સંખેડા | ૮૯ |

(૨) ૨૧૬.

(૩) છોટાઉદેપુર જિલ્લાની દરખાસ્ત મંજૂરી અર્થે ભારત સરકારશ્રીને મોકલેલ, જે પૈકી ભારત સરકારે રાજ્ય માટે મંજૂર કરેલ ૮૬૬ આંગણવાડી કેન્દ્રોમાંથી છોટાઉદેપુર જિલ્લાને કુલ–૧૦૭ આંગણવાડી કેન્દ્રોની મંજૂરી આપેલ છે.

સુરેન્દ્રનગર જિલ્લાના નેશનલ હાઈવે થી ધાંધલપુર નીનામા રોડને પહોળો કરવા બાબત

* ૨૨૯૮૮ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના નેશનલ હાઈવે થી ધાંધલપુર નીનામા રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરેલ છે કે કેમ,

(૨) કઈ યોજનામાં કેટલી રકમનું કામ મંજૂર કરવામાં આવ્યું છે, અને

(૩) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) મુખ્ય જિલ્લા માર્ગ અને અન્ય જિલ્લા માર્ગને ૭ મીટર સુધી પહોળા કરવાની યોજના હેઠળ રૂ.૧૯૮૩.૦૦ લાખનું મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

દાહોદ–વાંસદા ખાતે આયુર્વેદ સંલગ્ન હોસ્પીટલ

* ૨૨૩૯૨ શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ અને વાંસદા ખાતે સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પીટલ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

જવાબ

(૧) (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ ખાતે સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પીટલ બનાવવાની કાર્યવાહી પૂર્ણ થવામાં છે.

(૨) વાંસદા ખાતે જમીન સંપાદન થયેલ છે, પ્લાન અને નકશાની કામગીરી પૂર્ણ થયેલ છે. બાંધકામની વહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી ગતિમાં

(૨) આ કામ કેટલા સમયમાં કેટલા ખર્ચે પૂર્ણ થશે ?

છે.

(૨) (૧) દાહોદ ખાતે આ કામ માર્ચ–૨૦૧૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામ માટે રૂ.૮૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

(૨) વાંસદા ખાતે બાંધકામની વહીવટી મંજૂરી મળ્યેથી બે વર્ષમાં કામ પૂર્ણ કરવાનો અને રૂ.૧૨૦ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે.

ધામણદેવી–સરા કેવડી રોડ પર અંબીકા નદી પર પુલ બનાવવા બાબત

* ૨૨૯૩૫ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત–પશ્ચિમ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વ્યારા તાલુકા ખાતે ધામણદેવી–સરા કેવડી રોડ પર અંબીકા નદી પર પુલ બનાવવાનું કામ વર્ષ ૨૦૧૫–૧૬માં મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) અને (૨) હા, જી.
રૂા. ૧૨૦૦ લાખ

(૩) ટેન્ડર બહાર પાડેલ છે.

લાકરોડા થી મહુડી રોડને નવેસરથી બનાવવા બાબત

* ૨૩૩૧૮ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના લાકરોડા ચેક–ડેમથી યાત્રાધામ મહુડી તરફનો રસ્તો ભારે વાહનો અને યાત્રીઓના વાહનની આવન જાવન કારણસર રસ્તો મોટા જર્જરીત હાલતમાં છે તે હકિકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ રસ્તાની જાડાઈ (થિકનેસ) વધારવાનું ઉક્ત સ્થિતિએ કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો આ રસ્તો કેટલા સમયમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧) (૨) અને (૩)
સદર રસ્તો વાહન વ્યવહાર લાયક હોઈ પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

રાજકોટ અને મોરબી જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૨૭૧૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે અને ઉક્ત સ્થિતિએ વસ્તીના પ્રમાણમાં ખરેખર કેટલી નવી આંગણવાડીઓની જરૂરીયાત છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૧૩૪૮ અને મોરબી જિલ્લામાં ૭૫૪ આંગણવાડીઓ કાર્યરત છે. બન્ને જિલ્લાઓની તાલુકાવાર વિગત નીચે દર્શાવેલ છે.

રાજકોટ જિલ્લોઃ–

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | લોધીકા | ૫૩ |
| ૨ | જસદણ | ૨૧૪ |
| ૩ | રાજકોટ ગ્રામ્ય | ૧૮૨ |
| ૪ | જામ–કંડોરણા | ૯૨ |
| ૫ | પડધરી | ૮૯ |
| ૬ | ઉપલેટા | ૧૫૭ |
| ૭ | ગોંડલ | ૨૦૮ |
| ૮ | જેતપુર | ૧૪૩ |

| | | |
|---|---|---|
| ૯ | ધોરાજી | ૧૨૩ |
| ૧૦ | કોટડા–સાંગાણી | ૮૯ |

મોરબી જિલ્લોઃ–

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | મોરબી | ૨૨૪ |
| ૨ | વાંકાનેર | ૨૨૮ |
| ૩ | માળિયા મીંયાણા | ૯૩ |
| ૪ | ટંકારા | ૭૫ |
| ૫ | હળવદ | ૧૩૪ |

ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેંદ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની માંગણી કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમ જ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ–અલગ હોય છે. જેથી વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે નવી આંગણવાડીઓ શરૂ કરવા શી કાર્યવાહી કરી?

(૨) ભારત સરકાર દ્વારા રાજ્ય માટે નવા ૮૬૬ આંગણવાડી કેન્દ્રોની મંજુરી મળેલ છે. જે પૈકી રાજકોટ જિલ્લાને ૩૫ (પાંત્રીસ) અને મોરબી જિલ્લાને ૯ (નવ) આંગણવાડી કેંદ્રો ફાળવણી કરીને આપવામાં આવેલ છે.

## રાજ્યમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત

* ૨૪૧૨૨ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં નવી સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કઈ જગ્યાએ મેડિકલ કોલેજ શરૂ કરવા દરખાસ્ત કરી છે, અને

(૩) આ દરખાસ્તો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મેડિકલ કોલેજોની મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી?

જવાબ

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આશા હેલ્થ વર્કરોનો પગાર વધારો

* ૨૪૨૦૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થવર્કરને માસિક કેટલો પગાર આપવામાં આવે છે,

જવાબ

(૧) આશા સ્વૈચ્છિક કાર્યકર્તા છે. આશાને દર માસે પગાર નહીં પરંતુ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.

(૨) ઉક્ત પગારમાં છેલ્લે કયારે કેટલો વધારો કરવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પગારમાં કોઈ વધારો કરવાનું આયોજન છે કે કેમ અને જો હા તો કેટલો વધારો કયારથી કરવાનું આયોજન છે?

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૪૪૧૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્ર અને કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવ્યા,

(૨) મંજુર કરવામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) મંજુર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨ (બે) સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ૧ (એક) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવેલ છે.

(૨) અને (૩)

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક–અ મુજબની છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક–બ મુજબની છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ખેડા જિલ્લામાં નવા રસ્તાઓને જોબ નંબર

* ૨૩૦૩૫ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા રસ્તાઓ બનાવવા જોબ નંબરો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત જોબ નંબરના રસ્તાઓના કામો કયારે હાથ ધરવામાં આવશે?

જવાબ

(૧)

| તાલુકો | તા.૦૧–૦૨–૧૪ થી ૩૧–૦૧–૧૫ | તા. ૦૧–૦૧–૧૫ થી ૩૧–૦૧–૧૬ |
|---|---|---|
| મહુધા | ૦ | ૧ |
| નડિયાદ | ૦ | ૧૫ |
| મહેમદાવાદ | ૧ | ૩ |
| માતર | ૧ | ૨ |
| ખેડા | ૦ | ૧ |
| કપડવંજ | ૨ | ૨ |
| કઠલાલ | ૦ | ૧ |
| ઠાસરા | ૦ | ૬ |
| વસો | ૦ | ૧ |
| ગળતેશ્વર | ૦ | ૦ |
| કુલઃ– | ૪ | ૩૨ |

(૨) ૧૩ કામો પ્રગતિ હેઠળ છે જયારે બાકી ૨૩ કામો બનતી ત્વરાએ હાથ ધરવામાં આવશે.

વલસાડ જિલ્લામાં બાલિકા સમૃદ્ધિ યોજના હેઠળ સહાય

* ૨૪૧૮૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઘટકવાર કેટલી કન્યાઓને બાલિકા સમૃદ્ધિ યોજના હેઠળ આવરી લેવાયેલ છે, અને

જવાબ

(૧) ગુજરાત સરકારના તા. ૧૯–૪–૨૦૧૨ના ઠરાવથી આ યોજના બંધ થયેલ છે.

(૨) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨) યોજના બંધ થયેલ હોવાથી કોઈ સહાય ચુકવાયેલ નથી.

રાજકોટ અને વડોદરા ખાતે એઈમ્સની સ્થાપના માટે દરખાસ્ત

* ૨૨૬૯૯ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ અથવા વડોદરા ખાતે એઈમ્સની શાખા શરૂ કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયારે કયા પ્રકારની રજૂઆત કે દરખાસ્ત કરી, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારને કયારે શો પ્રતિભાવ મળ્યો?

જવાબ

(૧) રાજકોટ અથવા વડોદરા ખાતે એઈમ્સ પ્રકારની ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવા માટે રાજ્ય સરકારે તા. ૦૭–૦૮–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકારની નીતિ અંતર્ગત દરખાસ્ત કરેલ છે.

(૨) તે અન્વયે ભારત સરકારશ્રીની તજજ્ઞ અધિકારીઓની ટીમ દ્વારા તા. ૨૧ થી ૨૩ જાન્યુઆરી–૨૦૧૫ દરમ્યાન સ્થળ મુલાકાત લઈને ચકાસણી કરવામાં આવેલ છે.

ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં વર્ગ–૧ના ડૉકટરોની મંજુર જગ્યાઓ

* ૨૪૨૬૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકા મથકે આવેલ કોટેજ હોસ્પિટલમાં વર્ગ–૧ની કેટલા ડૉકટરોની જગ્યાઓ મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

જવાબ

(૧) ૧૧.

(૨) ૨ જગ્યા – ભરેલી
૯ જગ્યા – ખાલી

(૩)

| સંવર્ગનું નામ | કયારથી ખાલી |
|---|---|
| અધિક્ષક | ૧–૧૧–૧૫ |
| નિવાસી તબીબી અધિકારી | ૧૯–૩–૧૩ |
| ફુલટાઈમ સર્જન | ૯–૮–૦૪ |
| ઓર્થોપેડીક સર્જન | ૨૧–૬–૧૦ |
| ફીઝીશીયન | ૧૧–૬–૧૪ |
| રેડીયોલોજીસ્ટ | ૨૧–૬–૧૦ |
| પેથોલોજીસ્ટ | ૧૬–૭–૧૫ |
| બાળરોગનિષ્ણાંત | ૨૬–૯–૧૧ |
| એનેસ્થેટીસ્ટ | ૨૧–૬–૧૦ |

પાટણ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૩૨૬૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં વિધવા સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ ક્યા કારણોસર પડતર છે ?

જવાબ

(૧) પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ | કુલ |
|---|---|---|---|
| ૧ | ૬૬૯ | ૬૩૬ | ૧૩૦૫ |

(૨) તાલુકાવાર પડતર અરજીઓ અને કારણો નીચે મુજબ છે.

| અનુ. | તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | પાટણ | ૦ |
| ૨ | સિધ્ધપુર | ૯ |
| ૩ | ચાણસ્મા | ૫ |

| | | |
|---|---|---|
| ૪ | હારીજ | ૦ |
| ૫ | સમી | ૦ |
| ૬ | રાધનપુર | ૦ |
| ૭ | સાંતલપુર | ૦ |
| ૮ | સરસ્વતી | ૦ |
| ૯ | શંખેશ્વર | ૦ |
| | કુલ | ૧૪ |

- ૧૪ પડતર અરજીઓમાં અરજદારોએ ખુટતા આધાર પુરાવાની માહિતી આપેલ ન હોવાથી.

જૂનાગઢ સીવીલ હોસ્પિટલના દર્દીઓની સમસ્યા નિવારવા પગલાં

* ૨૨૭૧૪ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિંહ દર્શન અને સોમનાથ દર્શને આવતા વીઆઈપી અને વીવીઆઈપી વ્યક્તિઓના કાફલા સાથે જૂનાગઢ સીવીલ હોસ્પિટલનો સ્ટાફ જોડાય છે તેના કારણે જૂનાગઢ સીવીલ હોસ્પિટલના દર્દીઓને હેરાન થવું પડે છે આ વાત તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો જૂનાગઢ સીવીલ હોસ્પિટલના દર્દીઓને પડતી સમસ્યા નિવારવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે પગલાં લેવા માંગે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ક્યા પ્રકારનું આયોજન કરેલ છે અને શું પગલાં લેવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અરવલ્લી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળ રકમની ફાળવણી

* ૨૪૩૦૯ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળ ફાળવવામાં આવેલ રકમ.<br>વર્ષ ૨૦૧૪–૧૫ – રૂ.૩૦,૫૮,૩૪,૦૮૦/–<br>વર્ષ ૨૦૧૫–૧૬ – રૂ.૧૨,૯૦,૮૮,૫૨૦/–. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે મુખ્યત્વે ક્યા કામ માટે કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો ? | (૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ ખર્ચ થયેલ છે. |

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૧૪–૧૫ નો ખર્ચ રૂ. | વર્ષ ૨૦૧૫–૧૬ નો ખર્ચ રૂ. |
|---|---|---|---|
| ૧ | પોષણ સંબંધિત ખર્ચ | ૧,૩૭,૩૯,૯૮૦/– | ૧,૨૯,૯૩,૮૧૦/– |
| ૨ | પગાર, માનદ્ વેતન વિગેરે | ૧૪,૧૮,૬૨,૪૪૦/– | ૧૦,૦૭,૯૨,૪૩૦/– |
| ૩ | કન્ટીજન્સી તથા અન્ય પરચૂરણ ખર્ચ | ૯૬,૧૨,૬૨૦/– | ૪૬,૬૪,૫૯૦/– |
| ૪ | આંગણવાડી માટે વધારાની સવલતો | ૨,૯૭,૨૦,૭૦૦/– | ૯૫,૩૭,૮૪૦/– |
| ૫ | માતા યશોદા એવોર્ડ | ૨,૪૮,૧૩૦/– | ૩,૪૬,૧૫૦/– |
| ૬ | પ્રિ–સ્કુલ | ૬,૧૦,૫૧,૨૪૦/– | ૬,૦૬,૪૪૦/– |

| | | | |
|---|---|---|---|
| | કન્ટી. | | |
| | કુલ | ૨૫,૬૨,૩૫,૧૧૦/- | ૧૨,૮૯,૪૧,૨૬૦/- |

લાલપરાડા થી લાલુકા રોડને રીકાર્પેટીંગ કરવા બાબત

* ૨૪૪૮૩ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા તાલુકામાં લાલપરડા થી લાલુકા અને લાલપરડા થી રેંટા કાલાવાડનો રસ્તો તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તેને રીકાર્પેટીંગ કરવાની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) (૨) અને (૩)

બંને રસ્તાઓ ગાડા માર્ગ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરાથી ડભોઇ અને ડભોઇથી બોડેલી માર્ગ પહોળો કરવા બાબત

* ૨૪૩૩૬ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં વડોદરાથી ડભોઇ અને ડભોઇથી બોડેલી આ બંને માર્ગ પહોળા કરવાનું કામ છેલ્લે ક્યારે અને કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

જવાબ

(૧) ૧. ડભોઇ-બોડેલી માર્ગ રૂ.૧૧૬૧૩.૦૦ લાખ, તા.૪-૫-૨૦૧૩

૨. વડોદરા-ડભોઇ માર્ગ, રૂ.૮૨૦૦ લાખ, તા.૮-૧૧-૨૦૧૩.

(૨) ડભોઇ બોડેલી માર્ગની કામગીરી તા.૭-૯-૨૦૧૬ સુધીમાં તથા વડોદરા ડભોઇ માર્ગની ૨૧.૬ કિ.મી. લંબાઇની કામગીરી તા.૩૧-૫-૨૦૧૬ સુધીમાં તેમજ ૧.૪ કિ.મી. ની કામગીરી વન વિભાગની મંજુરી મળ્યેથી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ બન્ને કામો પાછળ રૂ.૭૪૪૧.૧૫ લાખનો ખર્ચ થયેલ છે.

દહેગામ થી બાયડ રસ્તાને રીસરફેશ કરવા બાબત

* ૨૪૪૪૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ દહેગામ થી બાયડ રસ્તો છેલ્લે ક્યારે રીકાર્પેટ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દહેગામ-બાયડ રસ્તાનું કેટલા કિ.મી. અને ક્યાંથી ક્યાં સુધીના રસ્તાનું પેવર કામ કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કામ સરકારના આયોજનમાં છે કે કેમ, અને

(૪) કેટલા સમયમાં આ બાકી કામ પુર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ થી વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન.

(૨) કિ.મી. ૭/૫૦૦ થી ૯/૫૦૦ (૨.૦૦ કિ.મી.).

(૩) અને (૪)

રસ્તો વાહનવ્યવહાર લાયક છે, પરંતુ રસ્તાની સપાટી, ટ્રાફીકનું ભારણ, તાંત્રિક જરૂરિયાત તથા નાણાંકિય ઉપલબ્ધતા ધ્યાને લઇ, અગ્રતા અનુસાર કામગીરી હાથ ધરવાનું વિચારવામાં આવશે.

અમરેલી જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તકના કામોને મંજુરી

* ૨૩૯૪૫ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧મી જાન્યુઆરી-૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર પંચાયત અને રાજ્ય રસ્તાના કેટલા કામોને ક્યારે અને કેટલી રકમના ખર્ચ અંગે વહીવટી મંજુરી આપવામાં

જવાબ

(૧) (૨) અને (૩)

પરીશિષ્ટ-૧ મુજબ.

આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કામો પુર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે અને કેટલા કામો પડતર છે, અને

(૩) ઉપરોક્ત મંજુર થયેલા કામો અંગે ઉક્ત સ્થિતિએ નાણાકીય અને ભૌતિક પ્રગતિ અંગેની સ્થિતિ શું છે ?

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### જામનગર જિલ્લાની તાલુકા મથકની હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો

* ૨૨૯૨૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ક્યા તાલુકા મથકની હોસ્પિટલને સીવીલ હોસ્પિટલનો દરજ્જો આપવામાં આવેલ છે,

(૨) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ સીવીલ હોસ્પિટલનો દરજ્જો જામનગર જિલ્લાની કોઇ તાલુકા મથકની હોસ્પિટલને ન અપાયેલ હોય તો તેનાં શાં કારણો છે, અને

(૩) આ દરજ્જો ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) જિલ્લાના વડામથકની સરકારી હોસ્પિટલને સિવિલ હોસ્પિટલ તરીકે ફરજ બજાવવાની હોય છે, તેથી તાલુકા મથકની હોસ્પિટલોને સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવાનો રહેતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ

* ૨૨૮૯૪ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમની વિગતો સામેલ *પત્રક–અ મુજબની અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો સામેલ *પત્રક–બ મુજબની છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી, વર્ગ–૨ ની જગ્યાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા વોક ઇન ઇન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરાવમાં આવે છે તેમજ પેરા મેડીકલ, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.

વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઇ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાઇવર, વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### આણંદ અને વડોદરા જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

* ૨૪૩૯૭ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર ચિરંજીવી યોજનાના કેટલા લાભાર્થી છે,

**જવાબ**

(૧)

| આણંદ | વડોદરા |
| --- | --- |

| તાલુકાનું નામ | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ સુધીના લાભાર્થીની સંખ્યા | ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ સુધીના લાભાર્થીની સંખ્યા | તાલુકાનું નામ | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ સુધીના લાભાર્થીની સંખ્યા | ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ સુધીના લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| આણંદ | ૩૦૧ | ૫૩ | કરજણ | ૧૫ | ૨૩ |
| આંકલાવ | ૦ | ૦ | પાદરા | ૧૭૭ | ૧૭૩ |
| બોરસદ | ૦ | ૦ | સાવલી | ૧૮૩ | ૧૦૮ |
| ખંભાત | ૧૩૭ | ૭૦ | વડોદરા | ૬૨ | ૨૮ |
| તારાપુર | ૦ | ૦ | વાઘોડીયા | ૬૩ | ૨૩ |
| પેટલાદ | ૦ | ૦ | ડભોઇ | ૦ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ | શિનોર | ૦ | ૦ |
| ઉમરેઠ | ૪ | ૦ | | - | - |
| કુલઃ- | ૪૪૨ | ૧૨૩ | કુલઃ- | ૫૦૦ | ૩૫૫ |

(૨) તે અન્વયે સરકારી દવાખાના અને ખાનગી દવાખાનામાં કેટલી પ્રસુતિઓ થયેલ છે, અને

(૨) તમામ સરકારી દવાખાનામાં પ્રસુતિ સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. જ્યારે ચિરંજીવી યોજનામાં ફક્ત ખાનગી દવાખાનામાં થતી પ્રસુતિઓને લાગુ પડે છે. તે અન્વયે ખાનગી દવાખાનામાં થયેલ પ્રસુતિઓની વિગત નીચે મુજબ છે.

| આણંદ | વડોદરા |
|---|---|
| ૫૬૫ | ૮૫૫ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખાનગી ડોક્ટરોને કેટલી રકમ ચુકવવામાં આવી છે ?

(૩) પત્રક-અ મુજબ.

પત્રક-અ

| આણંદ | | | વડોદરા | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષના ખાનગી ડોક્ટરોની સંખ્યા | છેલ્લા બે વર્ષના ખાનગી ડોક્ટરોને ચુકવેલ રકમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષના ખાનગી ડોક્ટરોની સંખ્યા | છેલ્લા બે વર્ષના ખાનગી ડોક્ટરોને ચુકવેલ રકમ |
| આણંદ | ૦૫ | રૂ.૧૯,૬૮,૨૦૦/- | કરજણ | ૦૪ | રૂ.૧,૫૯,૬૦૦/- |
| આંકલાવ | ૦૦ | ૦૦ | પાદરા | ૦૨ | રૂ.૭,૩૩,૪૦૦/- |
| બોરસદ | ૦૦ | ૦૦ | સાવલી | ૦૬ | રૂ.૧૦,૦૩,૨૦૦/- |
| ખંભાત | ૦૪ | રૂ.૯,૩૪,૮૦૦/- | વડોદરા | ૦૭ | રૂ.૨,૩૫,૬૦૦/- |
| તારાપુર | ૦૦ | ૦૦ | વાઘોડીયા | ૦૫ | રૂ.૩,૭૩,૮૦૦/- |
| પેટલાદ | ૦૦ | ૦૦ | ડભોઇ | ૦૦ | ૦૦ |
| સોજીત્રા | ૦૦ | ૦૦ | શિનોર | ૦૦ | ૦૦ |
| ઉમરેઠ | ૦૨ | રૂ.૩,૧૦,૮૦૦/- | | - | - |
| કુલઃ- | ૧૧ | રૂ.૩૨,૧૩,૮૦૦/- | કુલઃ- | ૨૪ | રૂ.૨૫,૦૫,૬૦૦/- |

વલસાડ જિલ્લામાં આંગણવાડીઓના મકાન બનાવવા બાબત

* ૨૪૪૩૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી મોટી આંગણવાડી અને કેટલી મીની આંગણવાડી આવેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મોટી આં.વાડી | મીની આં.વાડી |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૪૦૨ | ૨ |
| ૨ | પારડી | ૪૪૭ | ૯ |
| ૩ | ઉમરગામ | ૩૧૯ | ૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ધરમપુર | ૨૪૪ | ૬૨ |
| ૫ | કપરાડા | ૩૦૯ | ૪૩ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતીકા મકાન ધરાવે છે અને કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે, અને

(૨) ઉકત સ્થિતિએ પોતીકા મકાન અને ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મોટી આં.વાડી | | મીની આં.વાડી | |
|---|---|---|---|---|---|
| | | પોતીકા મકાન | ભાડાના મકાન | પોતીકા મકાન | ભાડાના મકાન |
| ૧ | વલસાડ | ૩૩૮ | ૦ | ૧ | ૦ |
| ૨ | પારડી | ૩૪૭ | ૦ | ૩ | ૦ |
| ૩ | ઉમરગામ | ૨૬૩ | ૦ | ૧૪ | ૦ |
| ૪ | ધરમપુર | ૨૩૬ | ૦ | ૪૧ | ૦ |
| ૫ | કપરાડા | ૨૬૩ | ૦ | ૩૧ | ૦ |

(૩) ઉકત સ્થિતિએ ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ માટે પોતીકા મકાન કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૩) ઉકત સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૨૭૪ મોટી આંગણવાડી અને ૪૯ મીની આંગણવાડી કેન્દ્રો મળી કુલ ૩૨૩ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલતા નથી પણ અન્ય સ્થળે ચાલતી હોઈ આ ૩૨૩ આંગણવાડી કેન્દ્રોના બાંધકામની કામગીરી જિલ્લા પંચાયત દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૩૭૨૩ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા જિલ્લાવાર કેટલી છે, અને

(૧)

| જિલ્લાનું નામ | ઓછા વજનવાળા | અતિ ઓછા વજનવાળા |
|---|---|---|
| સાબરકાંઠા | ૮૨૧૮ | ૬૪૮ |
| બનાસકાંઠા | ૧૦,૫૯૬ | ૧૨૪૩ |

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર બાળકોમાં કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કર્યો છે ?

(૨)

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૪નો કુલ ખર્ચ | કુલ ૨૦૧૫ (ડીસે–૨૦૧૫ અંતિત) કુલ ખર્ચ |
|---|---|---|
| સાબરકાંઠા | રૂ.૨,૮૮,૨૭,૦૦૦/– | રૂ.૧,૬૫,૪૨,૦૦૦/– |
| બનાસકાંઠા | રૂ.૫,૧૨,૮૫,૭૭૬/– | રૂ.૬,૭૦,૫૨,૦૬૪/– |

## ગીર સોમનાથ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત

* ૨૪૦૫૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીરગઢડા તાલુકામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કરવા માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧)

| વર્ષવાર ફાળવેલ રકમ રૂ.લાખમાં | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | ઉના | ૩૯૨.૬૨ | ૧૮૨.૬૩ |
| ૨ | ગીર ગઢડા | ૬૮.૯૦ | ૧૨૦.૪૪ |
| | કુલ | ૪૬૧.૫૨ | ૩૦૩.૦૭ |

(૨) તે પૈકી ક્યા રસ્તાઓની મરામત કઈ એજન્સી દ્વારા કરવામાં આવી અને તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨) અને (૩) : *પરિશિષ્ટ–૧ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૪૪૩૨ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા કેટલા બાળકો છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા નીચે મુજબના બાળકો છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | |
|---|---|---|---|
| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | ખેડબ્રહ્મા | ૨૫૨૪ | ૮૪ |
| ૨ | વિજયનગર | ૬૧૮ | ૨૭ |
| ૩ | હિંમતનગર | ૧૨૨૭ | ૬૯ |
| ૪ | ઈડર | ૯૫૩ | ૮૩ |
| ૫ | પ્રાંતિજ | ૧૨૧૮ | ૧૯૮ |
| ૬ | વડાલી | ૨૯૬ | ૪૫ |
| ૭ | તલોદ | ૪૨૫ | ૪૫ |
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૫–૧૬(૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ) | |
| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | ખેડબ્રહ્મા | ૫૮૪૨ | ૧૧૩ |
| ૨ | વિજયનગર | ૧૩૬૬ | ૨૨ |
| ૩ | હિંમતનગર | ૨૩૦૨ | ૫૪ |
| ૪ | ઈડર | ૨૦૮૮ | ૧૧૮ |
| ૫ | પ્રાંતિજ | ૧૨૮૫ | ૧૧૯ |
| ૬ | વડાલી | ૬૩૧ | ૫૦ |
| ૭ | તલોદ | ૮૭૪ | ૫૪ |

(૨) ઉકત બાળકો કુપોષિત હોવાના મુખ્યત્વે શા કારણો છે ?

(૨) કુપોષણ માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે. આ પૈકી મુખ્યત્વે નીચે મુજબના કારણો જવાબદાર હોય છે.

- જન્મથી ઓછુ વજન હોવું.
- માતા તથા બાળકને પાંડુ રોગની બિમારી હોવી.
- બાળકનું વારંવાર બિમાર પડવું.
- નિરક્ષરતાનું પ્રમાણ ખાસ કરીને માતાઓમાં હોવાને લીધે બાળ ઉછેરની અયોગ્ય પધ્ધતિઓ તથા પોષણની સમજણનો અભાવ.
- બાળકની ઉંમર મુજબ પોષણયુકત આહારનો અભાવ.
- સામાજિક કુરીવાજના કારણે.

મહેસાણા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૪૦૫૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી કેટલા બાળકો પિડીત છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા નીચે મુજબના બાળકો છે.

| ક્રમ | તાલુકાનું | ઓછા | અતિ ઓછા |
|---|---|---|---|

| | નામ | વજનવાળા બાળકોની સંખ્યા | વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કડી | ૨૭૪ | ૩૨ |
| ૨ | ખેરાલુ | ૨૧૯ | ૧૪ |
| ૩ | મહેસાણા | ૨૪૭ | ૪૨ |
| ૪ | વિસનગર | ૨૫૪ | ૨૫ |
| ૫ | જોટાણા | ૧૯૦ | ૨૩ |
| ૬ | વડનગર | ૨૬૦ | ૯ |
| ૭ | વિજાપુર | ૨૧૮ | ૨૯ |
| ૮ | સતલાસણા | ૫૩ | ૬ |
| ૯ | ઉંઝા | ૫૯ | ૧૨ |
| ૧૦ | બેચરાજી | ૧૯૨ | ૧૬ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત જિલ્લામાં બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે ?

(૨) બાળકોમાં કુપોષણથી મુકિત મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન (THR) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિત કેન્દ્ર બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- મહેસાણા જિલ્લામાં લોક સહકાર દ્વારા કુપોષિત બાળકોને ખજૂર, શીંગ, ચણા, ગોળ તથા ચીક્કી આપવામાં આવે છે.
- મહેસાણા જિલ્લામાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીશ્રીઓને આંગણવાડી કેન્દ્રો દત્તક આપી સઘન મોનીટરીંગ કરવામાં આવેલ છે.

ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ

***** ૨૪૦૩૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં કેટલા આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં કાર્યરત છે, અને

જવાબ

(૧) તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં નીચે મુજબના આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં કાર્યરત છે.

| ક્રમ | તાલુકાનું નામ | ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડી |
|---|---|---|
| ૧ | ગારીયાધાર | ૧૧ |
| ૨ | મહુવા | ૯૧ |
| ૩ | જેસર | ૬ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત આંગણવાડીઓ કેન્દ્રો માટે મકાન બનાવવાનું શું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે ?

(૨) (૧) ગારીયાધાર–૧૧ પૈકી.

- ૩ આંગણવાડી મકાનના કામ પૂર્ણ થયેલ છે.
- એક આંગણવાડી મકાન બાંધકામની કામગીરી શરુ છે.
- એક આંગણવાડીના બાંધકામની તાંત્રિક મંજૂરી મળેલ છે.
- ૬ આંગણવાડી કેન્દ્રના જમીન અંગે ગ્રામ પંચાયતના ઠરાવ પર બાકી છે.

(૨) મહુવા–૯૧ પૈકી

- ૫૦ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ કેન્દ્રોના બાંધકામ ચાલુ છે.
- ૪૧ આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) જેસર–૬ પૈકી

- ૬ ના ઠરાવ મળેલ છે અને ૬ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ ચાલુ છે.

## માજી. ધારાસભ્યશ્રીઓને કીડની ઈન્સ્ટીટયુટ ખાતે સારવાર

* ૨૩૩૨૧ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સરકારએ સન ૨૦૦૨ માં કરેલ જી.આર. મુજબ માજી. ધારાસભ્યશ્રીઓને કીડની ઈન્સ્ટીટયુટમાં સારવાર માટેનો ખર્ચ મળવાપાત્ર છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કેટલા બીલો ચૂકવવાના બાકી છે ?

જવાબ

(૧) ના, જી.

મફત સારવાર મળવાપાત્ર છે. સારવાર દરમ્યાન બહારની દવાઓ, લેબોરેટરી ટેસ્ટ કે કન્સલટેશન વગેરેનો ખર્ચ સબંધિત માજી ધારાસભ્યશ્રીએ પોતે ભોગવવાનો રહે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીથી વાસડા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૪૪૮૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીથી ચંડીસર થઈ વાસડા જતા રસ્તાનું વાઈડનીંગ કરીને ૭ મીટરમાંથી ૧૦ મીટર ડામર સપાટી કરવાની કામગીરી કરી અકસ્માતો નિવારવા

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી ફરીયાદો મળી છે,

(૨) આ રસ્તાને પહોળો કરવાની કામગીરી ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

જવાબ

(૧) ૧ રજૂઆત મળેલ છે.

(૨) અને (૩) : રસ્તાની સપાટી, ટ્રાફીકનું ભારણ, તાંત્રિક જરૂરીયાત તથા નાણાકીય ઉપલબ્ધતા ધ્યાને લઈ, અગ્રતા અનુસાર વિચારવામાં આવશે.

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

### ચોકી ગામે ઉબેણ નદી પર પુલ બનાવવાની રજૂઆત

* ૨૩૯૦૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ તાલુકાના ચોકી ગામે ઉબેણ નદી પર આવેલ પુલ જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત પુલને રીપેર કરવા કે નવો પુલ બનાવવાની ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે રજૂઆતો સરકારને મળી ?

જવાબ

(૧) ઉબેણ નદી પર આવેલ આ ચેકડેમ કમ કોઝવેને જરૂરી મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) ૧ રજુઆત.

### શેરુલા–બોરદાથી બુધવાડાનો રસ્તો ડામર સપાટીનો રસ્તો કરવા બાબત

* ૨૩૭૮૪ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના શેરુલા–બોરદા રસ્તાથી બુધવાડા ગામે જતો રસ્તો આશરે ૭ કી.મી. નો છે તે રસ્તો કાચો છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કાચા રસ્તાને ડામર સપાટી કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શુ પગલાં લીધા ?

જવાબ

(૧) નોન પ્લાન કક્ષાનો એક થર મેટલ સપાટીવાળો રસ્તો છે.

(૨) આરક્ષિત વન વિસ્તારમાંથી પસાર થતો નોન પ્લાન રસ્તો હોઈ ડામર સપાટી કરેલ નથી.

### સાબરકાંઠા જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની વિવિધ સેવાઓ માટે વર્ષ ૨૦૧૪–૧૫માં રૂપિયા ૨૩૯૪.૫૧ કરોડના અંદાજિત બજેટની સામે વર્ષના અંતે ૧૭૮૫.૭૫ કરોડ ખર્ચવામાં આવ્યા. આ દર્શાવે છે કે આ વહીવટ વિવિધ સેવાઓમાં ૨૫ ટકા જેટલો ઓછો ખર્ચ થયો. એના અનુસંધાનમાં જે વિવિધ સેવાઓ આપે છે એમાં ઘણી બધી અસરો થઇ હોય એવું લાગે છે. મહેસૂલ વિભાગનું મુખ્ય કાર્ય રાજ્યની જમીનોના વહીવટને લગતું છે. જમીન મહેસૂલ

અધિનિયમ, ગણોત ધારો, જમીન સંપાદન ધારો, કૃષિ જમીન ટોચ મર્યાદા ધારો એવા મુળભૂત કાયદાઓની જોગવાઇઓ, રાજ્યની જમીનનું વ્યવસ્થાપન કરવું આ મહેસૂલ વિભાગ કરે છે. ટેકનોલોજી અને વિનિયોગથી ઝડપી અને પારદર્શિતાની વાતો કરવાવાળી સરકાર અંગે હું જણાવીશ કે ગણોત ધારો છે એનો આજે અમલ થતો હોય એવું લાગતું નથી. કારણ કે છેલ્લા ૨૦૦૧થી ટેકનોલોજીની વાતો કરવાવાળી સરકાર ઇ–ધરામાં જે પાણી પત્રકો થવા જોઇએ, વારસાઇ એન્ટ્રી પડે, વેચાણની એન્ટ્રી પડે, હક્ક–કમીની એન્ટ્રી, બોજા–કમીની એન્ટ્રી પડે પણ આજે આ બધી એન્ટ્રીની સામે કોઇપણ તલાટી આ રાજ્યમાં લગભગ છેલ્લા ૧૦–૧૨ વર્ષથી પાણી પત્રક કરતો હોય એવું લાગતું નથી. એની માઠી અસરો એ પડી છે કે પાણી પત્રકો કયા ખેતરમાં, કયા સરવે નંબરમાં કયો પાક અને એ પાકમાં ભવિષ્યમાં જે સેવા સહકારી મંડળીઓ મારફતે ડિસ્ટ્રીકટ બેન્કમાંથી લોન લે છે એ પાણી પત્રક નહીં થવાના કારણે પાક પ્રમાણેનો વિમો એને મળતો નથી અને ખેડૂતોને હેરાન થવું પડે છે. આ હકીકત છે અને એ ખરેખર રાજ્ય માટે બહુ શરમજનક કહેવાય. મેં અગાઉ પણ કહ્યું હતું કે આજે કોઇને પણ પાણી પત્રક કરવામાં રસ નથી. તલાટીઓ પહેલા એન્ટ્રી પાડતા હતા, ગામોમાં વારસાઇ કરતા હોય, હક્ક–કમીની એન્ટ્રી પાડતા હતા, આજે તલાટીઓને કંઇ મળતું નથી એમ કહું તો ખોટું નથી. આ મહેસૂલ વિભાગમાં વગર મળ્યે કોઇ કામ કરતું નથી. મને અનુભવ થયેલ છે. આ વિભાગમાં કહેવત છે કે, પૈસા હોય તો બેસ, નહીં તો બહાર બેસ. આ રેવન્યુ વિભાગની પરિસ્થિતિ છે. જે જગ્યાએ નાની વેચાણની એન્ટ્રી

પાડવાની હોય તો આટલો ભાવ, વારસાઇ એન્ટ્રી પાડવાની હોય તો આટલો ભાવ, હક્ક–કમી કરવાના હોય તો આટલો ભાવ, વારસાઇ માટે પોતાના કુટુંબની વારસાઇ કરવાની હોય તો કાયદાની જોગવાઇ મુજબ ઘણી વખત ખેડૂતોને મુશ્કેલી પડે છે. ગુજરાતની અંદર મોટા ભાગે આજે અછતની પરિસ્થિતિ છે પણ આનાવારી નહીં થવાના કારણે, કારણ કે મહેસૂલ વિભાગનો નિયમ છે કે ચાર આની હોય તો અંશતઃ અછત, છ આની હોય તો અર્ધ અછત અને આઠ આની હોય તો પૂરી અછત, આ મહેસૂલ વિભાગનો કોડવર્ડ છે. તેમાં આજે મોટા ભાગે આનાવારી નહીં થવાના કારણે અછતના કામો થવા જોઇએ તે થતા નથી, રોજીરોટીના પ્રશ્નો, પાણીના પ્રશ્નો અટકી ગયા છે. ગતિશીલ ગુજરાતની વાતો કરે છે ત્યારે મારે કહેવું પડે છે કે આ વિભાગમાં પુનઃવસન એ એનો ભાગ છે. જે જમીનો ડેમમાં ગઇ હોય અને એને વળતર ચૂકવવાનું હોય એ વિશે હું એક દાખલો આપીશ. હમણાં સવારમાં માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ કહેતા હતા કે આ સંવેદનશીલ સરકાર છે. મારે દાખલો એટલા માટે આપવો છે કે અમારા પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પાનમ, કબૂતરી, હડપ અને અદલવારા ડેમો આવેલ છે. ૧૯૮૦ થી લગભગ ૮૦૦ કુટુંબનો પુનઃવસનનો પ્રશ્ન છે. આ ૮૦૦ કુટુંબો બક્ષીપંચ અને આદિવાસી તેમજ સામાન્ય વર્ગના વ્યક્તિઓ છે. આજે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે મારા અગાઉના ધારાસભ્યથી આ પ્રશ્ન ચાલતો આવે છે અને છેલ્લા ૧૧ વર્ષથી આ પ્રશ્ન પુનઃવસન માટેની જમીનની સનદો માટે રાજ્યપાલશ્રીને મેં મારા વતનમાં, જિલ્લામાં બોલાવ્યા. તમામ ખાતાના અધિકારીઓ, સિંચાઇ વિભાગના, મહેસૂલ વિભાગના અને વન વિભાગના, કારણ કે વન વિભાગની જમીન છે. આ ત્રણેય સચિવશ્રીઓને લખાણ કર્યું અને છેવટે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ તા. ૨૪–૭–૨૦૧૪ના રોજ મિટિંગ કરવામાં આવી. આજે એક વર્ષ સાત મહિના થયા છતાં તેનો નિકાલ આવ્યો નથી. અગિયાર વર્ષથી માગણી કરવા છતાં અને મુખ્યમંત્રીના અધ્યક્ષપણા નીચે આ કામના નિકાલની વાત કરી તો પણ આજે નિકાલ આવ્યો નથી. ત્યારે મને એમ થયું કે કદાચ મુખ્યમંત્રીશ્રીને કામનું ભારણ વધારે હોય એટલે ચાલુ વિધાનસભાની અંદર તારીખ ૨૬–૨–૨૦૧૬ના રોજ મેં આ ત્રણ સચિવોને આપના અધ્યક્ષપણા હેઠળ આ પ્રશ્ન બાબતે શું થયું તે જાણવા માટે પત્ર લખ્યો. લગભગ પરમ દિવસે તારીખ ૯–૩–૨૦૧૬ના રોજ માનનીય મુખ્યમંત્રીની ઓફિસમાં ગયો અને મેં તેમના પી.એ.ને કહ્યું કે મારી આ તારીખ ૨૬–૨–૨૦૧૬ની અરજીના અનુસંધાનમાં માનનીય મુખ્યમંત્રીનો મેં ટાઇમ માગ્યો છે તો તેનું શું થયું? મને જવાબ મળ્યો કે અરજી અત્યારે મળતી નથી. આ ગતિશીલ ગુજરાતની વાતો કરવાવાળી સરકાર છે. ફરીથી એ અરજીની કોપી ૯–૩–૨૦૧૬ના રોજ આપવામાં આવી. હું વિચાર કરું છું કે માનનીય મુખ્યમંત્રીની ઓફિસમાં દસ દિવસમાં કાગળ આઘોપાછો થતો હોય તો અને આ પ્રશ્ન લગભગ ૧૯૮૦ એટલે ૩૫–૩૬ વર્ષ થયા અને ૩૬મું વર્ષ ચાલુ છે, તેમાં હું એમ નથી કહેતો કે આ સરકાર હોય કે પેલી સરકાર. આ સંકલનના અભાવે અને અધિકારીઓની અણઆવડત કહીએ તો પણ ખોટું નથી. કારણ કે ૧૯૮૦નો રિઝર્વ ફોરેસ્ટનો કાયદો આવ્યો તે વખતે ૧૯૭૮થી આ લોકો ૮૦૦ કુટુંબો જે તે વખતે જંગલમાં વસતા હતા. તેમ છતાં પણ અધિકારીઓની અણઆવડતને કારણે ૧૯૮૦માં રિઝર્વ ફોરેસ્ટનો કાયદો આવ્યો અને તેના માટે મારે કહેવું પડશે કે આની પરવાનગી દિલ્હીથી વન અને પર્યાવરણ વિભાગમાંથી લેવી પડે છે. આ બાબતમાં મેં ફોરેસ્ટ વિભાગને કાગળ આપ્યો. તે તારીખ ૨૬–૮–૨૦૧૧નો કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગનો કાગળ છે. તેમાં લખ્યું છે કે ૧૬ મુદ્દાની પૂર્તતા છ મહિનાની અંદર કરીને મોકલી આપો. આજે પાંચ વર્ષ થવા આવ્યા. કેન્દ્રના ફોરેસ્ટ વિભાગના પત્રનો આ સરકાર જવાબ નથી આપતી તો પછી ૮૦૦ કુટુંબોનું શું થાય તે કલ્પના બહારની વસ્તુ છે. બીજો એક દાખલો આપું આ ગતિશીલ ગુજરાતનો. અમદાવાદથી અમારો ઇન્દોરનો નેશનલ હાઇવે નં.૫૮ છે. આ ૫૮ નંબરનો હાઇવે છે તેમાં કેટલાય લોકોની જમીનો, મકાનો અને દુકાનો ગઇ છે. આમાં પ્રાઇવેટ કંપનીવાળાએ ટોલટેક્ષ શરૂ કરી દીધો છે. જેની જમીનો ગઇ

છે, મકાનો ગયા છે તે લોકો ઉપર આભ અને નીચે ધરતી તેવી પરિસ્થિતિમાં છે. લવાદના કેસો માટે અગાઉના કલેકટરશ્રીને મળ્યો તો તેમણે કહ્યું કે હું અભ્યાસ કરું છું. બીજા કલેકટર આવ્યા એમણે પણ એક વર્ષ થયું. આજે એક વર્ષ, ત્રણ–ત્રણ વર્ષ સુધી આ લવાદના કેસો પડતર છે, આમાં લવાદ જયાં સુધી કેસ પૂર્ણ ન કરે ત્યાં સુધી બીજી કોર્ટમાં ના જઇ શકાય. તો આ પ્રમાણે ગતિશીલ ગુજરાત અને સંવેદનશીલ ગુજરાતની વાતો કરવાવાળી સરકારને મારે કહેવું છે કે આવા કેટલાય કેસો પડતર છે. સાહેબ આરટીએસના કેટલાય કેસો મામલતદારથી માંડીને ડેપ્યુટી કલેકટર સુધી પડતર છે. મારા પોતાના એક સંબંધીનો કેસ લગભગ છેલ્લા છ વર્ષની ડેપ્યુટી કલેકટરની ઓફિસમાં પેન્ડીંગ છે. આ સંવેદનશીલ સરકાર, ગતિશીલ સરકારની વાતો કરે છે. ખેડૂતો કેટલા હેરાન છે, લોકો કેટલા હેરાન છે. આજે ગુજરાતની અંદર કોઇ ખેડૂત સુખી નથી. આ ગુજરાતની અંદર આજે દિન પ્રતિદિન બિનખેતીનું પ્રમાણ એટલું બધુ વધી ગયું છે કે રાજયમાં ખેતીની જમીનનું પ્રમાણ ઓછું થતું ગયું છે. આ છેલ્લા ૧૦ વર્ષની અંદર ૩૫૭૫ હેકટર જમીન બિનખેતીની થઇ છે. ફકત અમદાવાદ જિલ્લામાં ૭૪૩ હેકટર જમીન બિનખેતીની થઇ છે. આજે ગુજરાતમાં સાડાત્રણ લાખ ખેડૂતો ઓછા થયા છે. ઉત્પાદનની વાતો કરે છે કે ગુજરાત નંબર વન છે. આ બધું કયાં છે? આજે મારે છેલ્લે બેધડક કહેવું પડશે કે આ ભાજનપની સરકાર ગાયમાતાની રક્ષા કરવાવાળી સરકાર છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ દ્વારા આજે માગણી ક્રમાંક ૭૮, જિલ્લા વહીવટ અને કુદરતી આફતો અંગે રાહત અનુક્રમે મહેસૂલ ૪૧૮ કરોડ અને અનુક્રમે ૧૭૦૦ કરોડની રજૂ થઇ છે તેને અનુમોદન આપી મારા વિચારો વ્યક્ત કરું છું.

કરોડો કરોડો વર્ષથી પૃથ્વીની ઉત્પત્તિ થઇ ત્યારથી દરેક વ્યક્તિની ભૂખ મિટાવવા માટે આ ધરતીનો તાત ખેડૂત તલપાપડ છે. ખેડૂતો અનાજ, શાકભાજી અને અનેક ધાન્ય ચીજ વસ્તુઓ પકવે છે અને આ ખેડૂતોનો સીધો સંબંધ જમીન સાથે છે. આજે જમીન બાબતે ગણોત ધારો હોય, લેન્ડ રેવન્યુ કોડ હોય, જમીન સુધારણા કાયદો હોય, જમીન મહેસૂલ કાયદો હોય અનેક પ્રકારના કાયદા આપણા ગુજરાત સરકારમાં પ્રવર્તમાન છે ત્યારે જમીન અથવા જમીનની ઉપજ ઉપર જે પ્રમાણે ટેકસ, વેરો, કર, સેસ, વિશેષ ધારો, કરવેરો, ઉપજ અને મહેસૂલ લેવાય છે એના પ્રમાણમાં આ ખેડૂતો કે આ જમીન માલિકોને પૂરતું, એની જે માગણી છે એ પ્રમાણેનું સમાધાન કરાવ્યું છે ખરૂં? તો હું મિત્રો ચોકક્સ ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનને લાખ લાખ અભિનંદન આપવા માગુ છું. કારણ બહુ સ્પષ્ટ છે કે, આ વર્ષો જૂના કાયદા અંગ્રેજો મૂકી ગયા હતા ત્યારથી કોઇ પણ પ્રકારનો એમાં ફેરફાર નહીં, કોંગ્રેસના શાસન દરમ્યાન ક્યારેય એમાં કોઇ પણ પ્રકારનો મેજોરિટી ફેરફાર કરવામાં આવેલ ન હોવાના કારણે આ રાજયના અનેક ખેડૂતો દુઃખી અને અનેક પ્રકારની સમસ્યાથી ઘેરાયેલા હતા. હું આ તબક્કે માનનીય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન પાઠવવા માગુ છું કારણ કે, એમણે ખેડૂત પાક વીમા યોજના લાગુ પડાવી છે, ખેડૂતોને ૩ લાખ રૂપિયા સુધીની લોન એક ટકાના વ્યાજે મળે એના માટે એમણે જે કામ કર્યું છે ત્યારે આજે કહેવાનું મન થાય છે કે સમગ્ર દેશનું બજેટ હોય કે ગુજરાતનું બજેટ હોય આ બંને બજેટના કેન્દ્રમાં ખેડૂત રહ્યો છે. આ સરકાર ખેડૂતોની છે, આ સરકાર ગરીબોની છે એમ છાતી ઠોકીને કહી શકીએ એમ છીએ. ભૂતકાળમાં મહેસૂલમાં અમારા શાસન પહેલા ૭/૧૨ની નકલ લેવી હોય તો ગામનો રાજા તલાટી એ મળે નહીં, મહિનામાં એક જ દિવસ આવે, એક કલાક આવે અને એમાં પણ તલાટી પૈસા વગર કામ કરે નહીં. ૭/૧૨ની હાથથી લખેલી નકલ મળે નહીં અને આજે ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં ૭/૧૨ની નકલ નેટ પર મળે, પ્રિન્ટેડ મળે, મફત મળે અને તરત ઉપલબ્ધ થાય છે, આ એક તુલનાત્મક સ્થિતિ તમે જોઇ શકો છો. મહેસૂલ બાબતે નંબર ૬ની એન્ટ્રી એક જમાનામાં ભાજપનું શાસન આવ્યું એ પહેલા બે વરસ–ત્રણ વરસ સુધી એ એન્ટ્રીની નોંધણી ન થાય, એન્ટ્રીના વ્યવહાર પછી જ કામ થાય આજે હું અભિનંદન આપવા માગુ છું મુખ્ય મંત્રીશ્રીને કે એમણે ગતિશીલ ગુજરાતમાં ૧૦૦ દિવસમાં એન્ટ્રી પાડવાનું અને એને કારણે આ નકલ સર્ટીફાઇડ થાય અને ૧૦૦ દિવસમાં આ કામ પૂર્ણ થાય એવું આયોજન કર્યું છે એ માટે અભિનંદન છે. તમારા વખતમાં જમીનની માપણી ક્યારે કરવી એ પ્રશ્ન હતો, સાધનો ટાંચા હતા, કોઇ ઉપલબ્ધ સેવા ન હતી આજે નવી ટેકનોલોજીના માધ્યમથી જમીનની માપણી સત્વરે થાય છે. આ મહેસૂલની વાત કરીએ તો જ્યારે ભાજપનું શાસન ન હતું તેવા સમયે મહેસૂલમાં તલાટી પોતે જ રૂપિયા લઇ જાય અને એની રસીદ પણ ન આપે પછી બે ચાર વરસ પછી ખબર પડે કે આનું તો મહેસૂલ ભરાયું નથી. આજે મહેસૂલ ભરવાની પ્રક્રીયા ઝડપી બની છે, સરળ બની છે, ચેકથી બની છે, બેન્કમાં ભરવામાં આવે છે. આ તુલનાત્મક અભ્યાસ તો કરો મિત્રો? બદલાયેલી પરિસ્થિતિ છે. જ્યારે ભાજપનું શાસન ન હતું ત્યારે તલાટી ગામની અંદર મહિનામાં એક દિવસ આવે, એક કલાક આવે અને કોઇ પણ પ્રકારની ફેરફારની નોંધ ન કરે અને આજે અમારે ત્યાં નાગરિક સુવિધા કેન્દ્ર ખૂલ્યું છે અને એમાં જે ધારે તેને ૭/૧૨, ૬ નંબર, ૮–અ, પાણીપતની નકલ તાત્કાલિક આપવામાં આવે છે આ ભારતીય જનતા પાર્ટીના શાસનની ઉપલબ્ધિ છે. માનનીય અધ્યક્ષશ્રી, તમારા વખતની વાત કરું તો મેં તો હજારો દસ્તાવેજ લખ્યા છે, હજારો દસ્તાવેજ રજીસ્ટ્રર્ડ કરાવ્યા છે પણ તમારા કોંગ્રેસના શાસનમાં જે દસ્તાવેજ નોધણી વખતે બેસવાની જગ્યા નહીં પાણીની જગ્યા નહીં, ટોયલેટની જગ્યા નહીં આજે સબ રજીસ્ટ્રાર કચેરીમાં બેસવાની

જગ્યા, સહી કરવાની જગ્યા, ફોટોગ્રાફીની જગ્યા, પાણી ઉપલબ્ધ, ટોયલેટ ઉપલબ્ધ આ ડીફરન્સ તો જુઓ મિત્રો, કયા મોંઢે તમે મહેસૂલની વાત કરો છો? જયારે દસ્તાવેજ નોંધણીની અંદર તમારા વખતના શાસનમાં અમારો ઓરિઝિનલ દસ્તાવેજ લેવો હોય તો ૨૦ વરસ પછી પણ પાછો ક્યારે મળશે એ પ્રશ્ન હતો. આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં દસ્તાવેજ નોંધણી કરો અને બે મિનિટમાં તમને દસ્તાવેજ પાછો મળી જાય. તુલના કરો તમારુ ક્યાં બળદ ગાડું અને અમારા બૂલેટ ટ્રેન જેવા ઝડપી વિકાસના કામો? સબ રજીસ્ટ્રાર કચેરીમાં તમારા વખતે માત્ર વેચનારની સહી અને અમારા વખતમાં અત્યારે સ્કેનિંગ થાય, વિડિયોગ્રાફી થાય, બધાની ફીંગર પ્રિન્ટ લેવામાં આવે, વેચનાર, લેનાર, સાક્ષી તમામના કોમ્પ્યુટરના ફોટા સાથે અને તેના કારણે તમારા વખતે ભૂમાફિયાઓને ઉત્તેજન મળતુ હતું, બોગસ દસ્તાવેજ થતા હતા, લોકોની જમીન પચાવી પાડવામાં આવતી હતી આજે અમારા ખેડૂતોને અમે આ માધ્યમ પૂરું પાડીને એની જમીન છીનવાઇ જતી હતી તે બચાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયુ. બહેનોની સશકિતકરણની વાત કરી છે તમારા વખતે બહેનોને રજીસ્ટ્રેશન વખતે પણ પૂરો ચાર્જ આપવામાં આવતો હતો જયારે આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં રજિસ્ટ્રેશનનો બહેનોનો ચાર્જ માફ કરવામાં આવ્યો છે. આ તુલનાત્મક સ્થિતિનો અભ્યાસ કરવો જોઇએ. મિત્રો, જયારે કુદરતી આફત આવી જાય છે અને તેમાં પૂર હોય, વાવાઝોડુ હોય, અનેક પ્રકારની આફત હોય, રેલ હોય આવા સંજોગોમાં તમારા વખતમાં અસરગ્રસ્તોને સહાય મળતી ના હતી તો આ સહાય કોણ લઇ જતું હતુ ? અને તેની તપાસ કરવામાં આવે અને તકલીફ ઉભી થાય. આ રાહત કેન્દ્રો કોના માટે ? આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કુદરતી આફત હોય તો બધાને ચેક આપવામાં આવે.

અદ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : જમીન રી-સર્વે ડિજિટલ કોર્ટ આ રેકર્ડ આપણે ઉપલબ્ધ કરાવ્યો છે. આજે ગતિશીલ ગુજરાતનું લક્ષ્ય સો દિવસની અંદર પડતર તમામ એન્ટ્રી પૂર્ણ કરવામાં આવે છે. જમીન સુધારણામાં મુંબઇ જમીન મહેસૂલ એકટ,૧૮૭૯ કલમ-૬૫ હેઠળ ખેતી વિષયક જમીનમાં બિન ખેતી હેડેમાં મલ્ટીપર્પઝ હેડનો હેતુ ગુજરાત સરકાર લાવી રહી છે. આજે ગણોતધારાની કલમ-૩૨ (એમ) કે એક વખત કિંમત નક્કી થઇ જાય અને તેને શરતચૂકથી અટકી ગયા હોય તો ૩૧-૮-૨૦૧૬ સુધીમાં તે પૈસા ભરીને તે ૩૨ (એમ)નું ગણોતધારાનું પ્રમાણપત્ર મેળવી શકે છે. ૭૦ (એ) અનેક પ્રકારના વાદ-વિવાદ થયા. વીસ વીસ વર્ષથી વાત ચાલી પણ આ સરકારે આ જે કલમ-૪૩નો નિયંત્રણનો ધારો હતો અને તેમાં જૂની શરતમાં મુશ્કેલી હતી તે દૂર કરવા માટે આજે આપણે આ ૭૦(એ) નો એક સારો ઉપયોગ કરીને બોનાફાઇડ પર્સન જે છેલ્લો કબજેદાર હોય તેને ૧૦ ટકા પ્રિમિયમ લઇને કામ કરી આપવામાં આવે છે. આ પ્રકારના વેંચાણોને વિનિમય કરવામાં આવ્યા છે. આજે ખેડૂતની અંદર જયારે શુદ્ધ બુદ્ધિપૂર્વક જમીન ખરીદે અને ખેડૂતમાં વચ્ચે કોઇ બિન ખેડૂતે જમીન લઇ લીધી હોય એવા કિસ્સામાં પણ ૩૦-૬-૧૫ પહેલાંના જે કિસ્સા હોય તેમાં પણ આપણે ૧૦ ટકા જંત્રીના પ્રિમિયમ લઇને શરતભંગનો કેસ બંધ કરીને તેને રાહત આપવાનું કામ કર્યુ છે. એટલુ જ નહીં યુ.એલ.સી.નો કાયદો, તેમાં આ સરકારે સંપૂર્ણ ગરીબોની સુવિધાના આવાસ બનાવવા માટે ૧૬ લાખ ૬૦ હજાર ચો.મીટર જમીન ફાળવી અને લગભગ ૨૦૦૧ પછી ૧૨ લાખ ૪૦ હજાર ચો.મીટર જમીન ફાળવી છે. આ ગરીબોની સરકાર છે, આ ખેડૂતોની સરકાર છે, આ ગતિશીલ ગુજરાત છે આવા અનેક ઉદાહરણો પૂરાં પાડયા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો કહેવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી પાસે મહત્વના ગૃહ, શહેરી વિકાસ, ઉદ્યોગ, મહેસૂલ ખૂબ ભારણ છે. •(×××) આ તબક્કે મારે મહેસૂલ વિભાગની સાથે સાથે મારે કહેવુ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વિશ્વ મહિલા દિને શબ્દો ના વાપરવા અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ વિશ્વ મહિલા દિનને ૭૨ કલાક પણ નથી થયા અને આપ મહિલા મુખ્યમંત્રી માટે આવા શબ્દોનો ઉપયોગ કરો તે યોગ્ય નથી. તમારા વિચારો વ્યકત કરો એ યોગ્ય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું ટીકા નથી કરતો સાહેબ પણ આ વજન વધી ગયુ છે અને કામની ગતિ ધીમી પડી ગઇ છે તેની વાત કરુ છું. કલેકટરની ઓફિસો એટલે સેવા સદન. માનનીય અધ્યક્ષશ્રી, આ સેવા સદન એ મેવા સદન બની ગયુ છે આ આપણે બધાએ માનવુ પડશે. ખેડૂત અને સામાન્ય નાગરિક અથડાય છે અને મળતિયાઓ મજા કરે છે એવી પરિસ્થિતિ સમગ્ર ગુજરાત રાજયની અંદર પેદા થઇ છે. *(×××) મારા વિસ્તારમાં અરવિંદ મિલ આવેલી છે. ૪૫ હજાર વાર જગ્યા વડસરથી ખાત્રજ જવાનો રસ્તો અને ખાત્રજથી ભોયણ જવાનો રસ્તો, ચારે બાજુ કોર્ડન કરી અને ૪૫ હજાર વાર જેટલી જગ્યામાં નાળિયાનું દબાણ કરેલું છે, એ દબાણ કર્યું ત્યાં સુધીની વાત તો બરોબર છે પણ એમાં

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

કમ્પાઉન્ડમાં આવેલાં ત્રણ તળાવ, જેમાં પાણી ભરાતું હતું જે પાણી તળાવમાંથી લઇ ખેડૂતો એનો ઉપયોગ કરીને ખેતી કરે એવાં તળાવો ઉપર બાંધકામ કર્યું, અને ફેક્ટરીઓનું કામકાજ ત્યાં બનાવવામાં આવેલું છે. જો આ વાત મારી ખોટી હોય તો આ સરકાર એની તપાસ કરાવે અને એમાં કોનો હાથ છે એની તપાસ કરાવીને ખાતરી કરજો.

મારે સરકારને બીજું પણ ધ્યાન દોરવું છે કે, રાધે બિલ્ડર છે, હાજીપુરની અંદર રડારની બાજુમાં થોળ તળાવની ઉપર આવ્યું છે, સરકારી પડતર નંબર છે, ત્રીસ વીઘા નવી શરતની જમીન છે, એમાં ઘણા બધા બિલ્ડીંગો બની ગયા, પ્લોટો પડી ગયા, કલબ હાઉસો બની ગયા, વારંવાર સરકારને રજૂઆતો કરવા છતાંય પ્લોટો વેચીને કેટલાય લોકોની સાથે •(×××) કામગીરી કરી છે, આ વાત જરાય ખોટી હોય તો મને કહેજો. કોણ છે એ રાધે બિલ્ડર, કોણ છે એના ભાગીદાર? એની તપાસ કરજો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જંત્રીની વાત કરવી છે કે, માનનીય નીતિનભાઇ મારી વાત કદાચ સમજશે. હવે વાતો થઇ રહી છે કે ટૂંક સમયમાં જંત્રી વધવાની છે, જંત્રી વધવાની છે, ત્યારે મારે દુઃખ સાથે ગૃહનું ધ્યાન દોરવું છે કે, જે ગામની અંદર જે ભાવ હોય જે જમીનની કિંમત ચાલતી હોય, એનું ફરીવાર સરવે કરાવી અને સાચી જંત્રી તમે કરશો તો ખરેખર ખેડૂતોને આનંદ થશે. આ વાત એટલા માટે હું કરી રહ્યો છું કે, ગામડાંની અંદર જમીનની ખેડૂતોએ અંદર અંદર લે વેચ કરવી હોય તો એના દસ્તાવેજ ઘણા સમયથી અટવાયેલા પડ્યા છે ત્યારે હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીનું અને ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, ખેડૂતો પરસ્પર દસ્તાવેજ કરી શકે, એક બીજા ખેડૂતો પોતપોતાનો દસ્તાવેજ કરી શકે એટલા માટે સાચી જંત્રીનું મૂલ્યાંકન થાય, અને સાચી જંત્રીનું મૂલ્યાંકન થઇ અને જે ગામોની અંદર જંત્રીની વિસંગતતા છે એ વિસંગતતા દૂર થાય એનો હું એક દાખલો આપું તો, અમારા વિસ્તારની અંદર કોઇક ગામની અંદર ૧૦૦ રૂપિયા જંત્રી હોય, તો બાજુના ગામમાં ૭૦૦ રૂપિયા જંત્રી હોય, અને બીજા બાજુના ગામમાં ૧૦૦૦ રૂપિયા જંત્રી હોય એના કારણે ઘણા બધા ખેડૂતોના દસ્તાવેજો અટવાયા છે માટે આ ગૃહનું ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો પાસેથી જમીન ઓછી ન થાય એટલા માટે સરકારનું ધ્યાન દોરવું છે કે, ગુજરાત રાજયની અંદર સોલર પાવર સીસ્ટમ નાખવામાં આવે છે. ઘણા બધા ઉદ્યોગો ખેડૂતો પાસેથી જમીન ખરીદી અને સોલર પાવર સીસ્ટમ ત્યાં આગળ ફીટ કરવામાં આવે છે ત્યારે મારે સરકારનું ધ્યાન એટલા માટે દોરવું છે કે, સોલર પાવર સીસ્ટમ માટે ફળદ્રુપ ખેતીની જમીન હોતી નથી અને એ જમીન ફળદ્રુપ ન હોય ત્યારે એ જમીનને હંગામી ધોરણે એન.એ. કરી અને એ ખેડૂત જમીન ભાડે આપી અને ત્યાં સોલર સીસ્ટમ ત્યાં નાખી શકે, એક બાજુ આ સોલર સીસ્ટમ નાખવા આવે છે એ કંપની એને એનું કામ થશે, એને જમીન ખરીદવી નહીં પડે, જમીન ખેડૂતો પાસેથી ઓછી નહીં થાય અને ત્યાં જે બિન ઉપયોગી જમીન છે એ જમીનનું ભાડુ જયાં સુધી સોલર પાવર સીસ્ટમ ચાલુ રહે ત્યાં સુધીનું ભાડુ ખેડૂતને મળે અને ત્યાંના ખેડૂતો પણ સધ્ધર થાય તો દિવસે દિવસે ખેડૂતો પાસેથી જમીન જે ઓછી થાય છે એ જમીન ઓછી નહીં થાય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારી પાસે જે મહેસૂલ વિભાગને લગતી વિગતો છે એના વિશે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫ના વર્ષના જૂન માસમાં ભારે વરસાદ આવ્યો એના કારણે ખેડૂતોની જમીનનું ન ભરપાઇ થઇ શકે તે પ્રકારનું જમીનોનું ધોવાણ થયું છે અને પાકોને નુકસાન થયું છે, એ જમીન ધોવાણ માટેની અરજીઓ ગીર સોમનાથ જિલ્લામાં ઉના તાલુકો, ગીર ગઢડા તાલુકો, કોડીનાર તાલુકો અને સૂત્રાપાડા તાલુકાની અંદર ઘણી બધી અરજીઓ આજની તારીખે પેન્ડીંગ છે, હજુ સુધી એ ધોવાણની રકમ મળી નથી. મારા પોતાના ગામનો સમાવેશ ધોવાણમાં થયો છે. પરંતુ મારાથી નીચા વિસ્તારમાં આવેલ માણેકપર ગામનો સમાવેશ કરવામાં આવેલ નથી. આ ગામે તો ત્રણ ત્રણ નદીઓ ભેગી થાય છે અને ખરેખર ખૂબ જ મોટા પ્રમાણમાં ધોવાણ થયું છે છતાં આ ગામનો સમાવેશ નથી કરવામાં આવ્યો. જમીન વિકાસ નિગમ પાસે જે અરજીઓ પેન્ડિંગ છે એની ચકાસણી કરીને ખેડૂતોને વહેલામાં વહેલી તકે વળતર મળે તેવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

ગત વિધાનસભામાં મહેસૂલ વિભાગની ચર્ચા વખતે ગંભીરતાપૂર્વક ભ્રટાચારની વાત ઓન પેપર કરેલ હતી પરંતુ હજી સુધી એની તપાસ કરીને કોઇપણ જાતના પગલાં લેવામાં આવેલ નથી. ગીર સોમનાથના કલેકટર એમ કહે કે આમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ થઇ નથી. ત્યારે મારે ગંભીરતાપૂર્વક સરકારશ્રીનું ધ્યાન દોરવું છે કે ગીર ગઢડાના બાબરીયા રેવન્યુ સર્વે નંબર ૨૨માં સરકારી કર્મચારીઓ, કલાસ-૧ ના બે અધિકારીઓ, પ્રાંત અધિકારી, મામલતદાર, આર.એફ.ઓ. અને નાયબ મામલતદારે ગેરરીતિ કરીને ખોટા દસ્તાવેજો ઉભા કરીને જમીનના કબજા અને પ્લોટો મેળવ્યા છે. એ મેળવ્યા પછી મેં રજૂઆત કરી એ કર્યા પછી એ પ્લોટો સરકારને સોંપી દીધા છે. હવે વહીવટી તંત્ર

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અને મહેસૂલ વિભાગ એમ કહે છે કે કોઇપણ પ્રકારની ગેરરીતિ થઇ નથી. જો ન થઇ હોય તો શા માટે પ્લોટો પાછા સોંપ્યા? મારો સરકારને સીધો સવાલ છે ઓન રેકર્ડ ઉપર એક પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આ સન્માનનીય ગૃહની અંદર હું રેકર્ડ આધારિત હકીકતો રજૂ કરતો હોય અને સરકાર એમ કહે છે કે આમાં કોઇ ગેરરીતિ નથી થઇ તો મારી સરકારને ચેલેન્જ, છે મેં જે રજૂઆત કરી છે એ રજૂઆતની તપાસ કરવામાં આવે અને એમાં હું જો ખોટો હોઉં તો સરકાર જે સજા કરે એ સજા ભોગવવા માટે તૈયાર છું. રેવન્યુ વિભાગમાં કામ કરતાં લોકો પોતે પોતાની જમીન મેળવવા માટે આટલી હદે ખોટું કરી શકતાં હોય, વન મંત્રીશ્રીનો વિભાગ પણ એમાં આવે છે. મંત્રીશ્રીએ ગયા વખતે વિધાનસભામાં પણ કહ્યું હતું ખેરના ઝાડને કાપી નાખવામાં આવ્યા, રેવન્યુ સર્વે નંબર રેવન્યુ રેકર્ડ ઉપર બતાવ્યો, સ્થળ ઉપર જમીન છે એ જંગલની જમીનનો કબજો લઇ લીધો. ઝાડો કાપવામાં આવ્યા અને જે.સી.બી.દ્વારા ઝાડો કાઢવામાં આવ્યા ત્યારે વન વિભાગે માત્ર આર.એફ.ઓ.ની બદલી કરીને સંતોષ માન્યો, ત્યારે આ બેય વિભાગના અધિકારીઓએ ભેગા થઇને મોટું જમીન કૌભાંડ જયારે આચરવામાં આવ્યું છે ત્યારે સરકાર આની ગંભીરતાપૂર્વક તપાસ કરે રેકર્ડ આધારિત હું વાત કરુ છું. ઓન ડોકયુમેન્ટ પુરાવા આપવા માટે તૈયાર છું અને તપાસ કરવામાં આવે એમાં મને સાથે રાખીને કરવામાં આવે તો હું તમામ ડોકયુમેન્ટ આપવા માટે તૈયાર છું. આ વિધાનસભાના ટેબલ ઉપર મૂકવા માટે પણ હું તૈયાર છું ત્યારે રાજય સરકાર આની ગંભીરતા લઇને તપાસ કરીને જે કોઇ જવાબદાર હોય એની સામે તાત્કાલિક અસરથી કડક પગલાં લેવામાં આવે એની વિનંતી કરુ છું. તપાસ તો એકબાજુ રહી મંત્રીશ્રી, પ્રમોશન આપી દીધા છે.

છેલ્લા છએક મહિનાથી ગુજરાતની અંદર મામલતદાર કચેરીએ ઇ–ધરાની અંદર ઓન લાઇન એન્ટ્રી પડવાનું બંધ છે. અને એના કારણે મકાન દસ્તાવેજ અને પ્લોટના દસ્તાવેજની કામગીરી આજની તારીખે સંપૂર્ણપણે ઠપ છે. ત્યારે રાજયની અંદર અમુક જગ્યાએ જિલ્લાઓમાં વિસંગતતાઓ પણ છે કે અમુક રેકર્ડ આજે મામલતદાર કચેરી પાસે છે અને અમુક નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણી ઉપર આજે ચર્ચા થઇ છે. સન્માનનીય સભ્યશ્રીઓ સી.કે. રાઉલજી, સભ્યશ્રી પૂર્ણેશકુમાર મોદી, સભ્યશ્રી બળદેવજીભાઇ ઠાકોર અને સભ્યશ્રી પુંજાભાઇ વંશે એમના વિચારો વ્યકત કર્યા છે અને આક્ષેપો પણ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન હોય ત્યાં પ્રશ્ન હોય. જર, જમીન ને જોરૂ. સી.કે. રાઉલજી કહે છે એ હોય ત્યાં પ્રશ્ન હોય. દુનિયાનું અસ્તિત્વ થયું ત્યારથી જમીન એ અગત્યનો વિષય રહ્યો છે. મહેસૂલ વિભાગની મુખ્ય કામગીરી જે અહીં વર્ણન કરવામાં આવ્યું એ પ્રમાણેની છે. ખેડૂતોને લગતી જમીન હોય, સરકારી જમીન હોય, ગૌચરની જમીન હોય, સરકારી ખરાબો હોય, રસ્તાઓ પૈકીની જાહેર ઉપયોગ માટેની આવી અનેક પ્રકારના જમીનોના હેડ હોય છે. આ બધી જમીનોને લગતી કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. જમીનનો મોટો ઉપયોગ ખેડૂતો દ્વારા કરવામાં આવતો હોય છે. ખેડૂત માટે જમીન તેની મિલકત છે. તેની જીવાદોરી છે. તેના જીવન નિર્વાહનું મોટામાં મોટું સાધન છે. તેવી રીતે પશુપાલકો માટે પણ પશુઓને ચરવા માટેના ગૌચરો, સરકારી જમીન ઉપર ઉગતું ઘાસ, ખરાબામાં ઉગતું ઘાસ, આ બધુ પશુઓના જીવન નિર્વાહ માટે પશુપાલકો માટે ઉપયોગી છે ત્યારે સમાજના મોટા વર્ગને માટે જમીન એ આજીવિકાનું મોટું સાધન છે. એવી રીતે સરકારની કે ખાનગી કોઇ પણ વિકાસની પ્રવૃત્તિ, જાહેર ઉપયોગી પ્રવૃત્તિ કરવી હોય તો જમીનની ફાળવણી જરૂરી છે. રસ્તા બનાવવા હોય, સ્કૂલ, કોલેજો, હોસ્પિટલો, મંદિરો બનાવવા હોય કે મોટી ફેકટરીઓ બનાવવી હોય, પીવાના પાણીના પ્લાન્ટ કરવા હોય, નર્મદા, ઉકાઇ કે ધરોઇ જેવા કે, સૌરાષ્ટ્રમાં છે એવા ડેમો બનાવવા હોય, તેની કેનાલો બનાવવી હોય તો બધી જ જગ્યાએ જમીનની જરૂરિયાત છે. વસતિ વધતી જાય છે. જમીનની જરૂરિયાત વધતી જાય છે. જમીનનો ઉપયોગ પણ વધતો જાય છે. તેની સામે જમીન તો લગભગ જે છે તેની તે જ છે. એટલું સાચું કે અમારી સરકાર આવ્યા પછી જમીનોને નવસાધ્ય કરવાનું કામ મોટા પ્રમાણમાં આપણે ઉપાડ્યું છે. તેના કારણે અગાઉ પડતર હોય, બિન ઉપજાઉ, બિનફળાઉ હોય એવી જમીનો નવસાધ્ય કરીને સાંથણીની જમીન તરીકે ગરીબોને આપવામાં આવે. સાંથણીની જમીન ઉપર ગરીબો ખેતી કરે. પોતાનો જીવન નિર્વાહ કરે. ગરીબો માટેના ઘર બનાવવાના માટે અમારી ભારતીય જનતા પક્ષની માનનીય નરેન્દ્રભાઇની સરકાર હતી ત્યારે અને અત્યારે માનનીય મુખ્યમંત્રી આનંદીબેનની સરકાર છે. ગરીબોને ૦થી ૧૬ના કોઇ પણ ગરીબ હોય, આખા ગુજરાતમાં એક પણ પરિવાર એવો નથી કે જેને અમે મકાન બનાવવા માટે જમીનની ફાળવણી ન કરી હોય. એ ગરીબોને ઘર આપવાનું કામ પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે ૧૦૦ ટકા સફળતા સાથે પૂર્ણ કર્યું છે એ આ જમીન ઉપર કર્યું છે. ગામડાંમાં વસતિ વધી છે. આપણી પાસે સરકારમાં રજૂઆતો આવે કે અમારે ગામતળની જમીન વધારવી છે. એ જમીન પણ સરકાર વધારી આપે. જંગલની જમીન જાળવવી, વન અને પર્યાવરણનો વિકાસ કરવો, હવા શુદ્ધ રહે, પાણી શુદ્ધ રહે એ બધું કરવું તેના માટે જમીન સૌથી વધુ અગત્યનું સાધન છે. ત્યારે જમીનને વધુ સારી રીતે ઉપયોગમાં લેવી, તેનો કરકસરપૂર્વક વધુમાં વધુ ઉપયોગ થાય એ અમારી સરકાર કરી રહી છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સરકાર ગતિશીલ ગુજરાતની સરકાર છે. મને

કહેતા આનંદ થાય છે કે જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર આવી, જેને રેકર્ડ તપાસવો હોય એ તપાસી અને કહી શકે, સામે તેનાથી કંઇ જૂદું નીકળતું હોય તો, કે ભૂતકાળમાં નહોતા થયા તેનાથી અનેકગણા ખેડૂતલક્ષી, ગરીબલક્ષી, પ્રજાલક્ષી ખેતીના, જમીનના સુધારા, અંગ્રેજોના વખતના કાયદામાં અમારી ભારતીય જનતા પક્ષની સરકારે કર્યા છે. જેમ વિકાસને કોઇ સીલીંગ નથી હોતી, વિકાસને કોઇ મર્યાદા નથી હોતી, વિકાસનો કોઇ સંતોષ નથી હોતો એમ સુધારાને પણ કોઇ મર્યાદા હોતી નથી. અનેક પ્રકારના સુધારા કર્યા પછી પણ અમારા મુખ્યમંત્રીશ્રી જે મહેસૂલ વિભાગની જવાબદારી પણ સંભાળે છે તેમણે ખેડૂતો માટેની લાગણીથી, વ્યવહારિક કાર્યકૂશળતાથી અને ખેડૂતોને, નાગરિકોને ખોટી રીતે હેરાન ન થવું પડે, કોઇ જગ્યાએ કનડગત ન થાય, કોઇ જગ્યાએ ખોટી રીતે પૈસા આપવા ન પડે એ માટેની સુધારણા અમારા કાયદામાં સતત કરીએ છીએ. આજે હું થોડાક સુધારા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મંજૂર કર્યા છે, અમારી સરકારે, અમારી કેબિનેટે મંજૂર કર્યા છે એની માહિતી આ ગૃહને આપીશ અને જાહેરાત કરીશ કે આ સુધારા અમે કર્યા છે. ત્યારે મને વિશ્વાસ છે કે આ ગૃહના તમામ સભ્યો, લાખો ખેડૂતો અને જમીન સાથે સંકળાયેલ તમામ લોકો ચોક્કસ તેને આવકારશે. એવા પ્રજાલક્ષી, ખેડૂતલક્ષી, ગરીબલક્ષી વ્યવહારીક જરૂરી સાચા સુધારા અમારી સરકારે કર્યા છે. ભારતીય જનતા પક્ષની સંસદીય મિટિંગ હોય ત્યારે અને ધારાસભ્યો તરફથી સરકારમાં રજૂઆત થઇ હોય, કેબિનેટમાં ચર્ચા થાય, મંત્રીશ્રીઓ તરફથી સૂચનો થાય, અમારી ભારતીય જનતા પક્ષની અગત્યની મિટિંગ હોય ત્યારે અમારા પ્રદેશ પ્રમુખ પહેલા ફળદુ સાહેબ હતા અને હવે રૂપાણી સાહેબ પ્રમુખ બન્યા છે ત્યારે આ મુદ્દાઓની ચર્ચા થાય છે. ખેડૂતલક્ષી પ્રજામાંથી અવાજ આવ્યો હોય, માગણી આવી હોય, રજૂઆત આવી હોય એના આધારે આ સુધારા અમે કર્યા છે. આ માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે અને પ્રચાર, પ્રસાર માટે આપ સૌની સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલની જોગવાઇ હું પહેલા કહીશ અને નવો શું સુધારો કર્યો છે એ પછી આપને કહીશ. સરકારને ખેડૂતોની અનેક તકલીફોની રજૂઆતો આવે છે એનું નિરાકરણ કરીએ છીએ. વારસાઇ હક્કનું પ્રશ્નોત્તરી દરમિયાન કહ્યું છે એ બધુ અમે નોંધતા હોઇએ છીએ, અમારા અધિકારીશ્રીઓ નોંધતા હોય છે અને જ્યારે જ્યારે કોઇ યોગ્ય નિર્ણય કરવાની અને સુધારા કરવાની પ્રક્રિયા હાથ ધરાતી હોય છે ત્યારે ભલે આપે કટાક્ષ સ્વરૂપે કહ્યું હોય, ટીકાના સ્વરૂપે કહ્યું હોય, આક્ષેપ કરીને કહ્યું હોય પણ અમે એને ગંભીરતાથી લઇએ છીએ અને એનો વાજબી સાચા અને જરૂરી હોય એવા નિર્ણયો કરીએ છીએ. એવા નિર્ણયો આપ સૌના ધ્યાન ઉપર મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વારસાઇ હક્કથી મળેલ પોતાના હિસ્સાની જમીન ખેડૂત ખાતેદારના અવસાન બાદ વારસદારો વચ્ચે બિનજરૂરી બિન અવેજ અદલો બદલો કરવામાં આવે ત્યારે હાલની જોગવાઇ પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી લઇને અદલો બદલો કરવામાં આવતો હતો. હવે આજે નવો સુધારો આ સન્માનનીય ગૃહમાં રજૂ કરું છું. જેના હુકમો અમે વહેલામાં વહેલી તકે કરીશું તે સુધારો આ પ્રમાણે છે. રૂ.૧૦૦/–ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું કરીને વારસાઇ હક્કથી મળેલ પોતાના હિસ્સાની જમીન પિતાના અવસાન બાદ પાંચ વર્ષના સમય ગાળામાં તે જ વારસદારો વચ્ચે બિન અવેજ અદલો બદલો કરવામાં આવશે તો સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવશે નહીં સ્ટેમ્પ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. દરેક પરિવારને ફક્ત એકવાર આ કાયદાનો લાભ મળશે. ફરીથી સ્ટેમ્પ કરશે તો સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવશે. તમે પહેલા બધુ સાંભળી લો, તમે જમીનના મોટા વેપારી છો એ બધાને ખબર છે. બધા ધીરજ રાખો પ્લીઝ, મારી વિનંતી છે. બીજો સુધારો આ છે. હાલની જે જોગવાઇ છે ખેડૂત દ્વારા વારસાઇ હક્કે સંયુક્ત નામે હોય તેવી ખેતીની જમીનનો વહેંચણી લેખ કરવામાં આવે છે ત્યારે દસ કરોડ રૂપિયાની જમીનની કિંમત માટે અત્યાર સુધી ૦.૨૫ ટકા પ્રમાણે તથા દસ કરોડ ઉપરની કિંમતવાળી જમીન હોય તો ૦.૫૦ ટકા પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી વસૂલ લેવામાં આવતી હતી. હવે એમાં સુધારો કરીને ખેડૂત દ્વારા વારસાઇ હક્કે સંયુક્ત નામે હોય, પારિવારિક હોય તેવી ખેતીની જમીનના વહેંચણી લેખમાં લેખ કરવામાં આવે તો જમીનની કિંમત જંત્રી પ્રમાણે એક કરોડ રૂપિયાથી વધુ ન હોય તો સ્ટેમ્પ ડ્યૂટી ફક્ત રૂપિયા ૧૦૦/– અને જમીનની કિંમત વધારે હોય તો રૂ.૫૦૦/– અને આ પ્રમાણે વારસાઇ હક્કે જમીનની એક બીજાને અરસપરસ વહેંચણી કરી શકશે. આ પ્રકારે વિધાનસભામાં આવેલી માગણીનો સરકારે પોઝિટીવ હકારાત્મક જવાબ આપીને સ્વીકાર કર્યો છે. હાલની જોગવાઇ મુજબ હક્ક જતો કરનારના વહેવાર માટે વડીલોપાર્જિત વારસાગત ખેતીની જમીનમાં હયાતીમાં હક્ક દાખલ કરવામાં આવેલ હોય તે મિલકતમાંથી બિન અવેજ હક્ક સીધી લીટીના દાખલ થયેલ વારસદારની તરફેણમાં હક્ક જતો કરવા માટે અત્યાર સુધી કોઇ જોગવાઇ ન હતી. સ્ટેમ્પ કરીને જ એ પ્રમાણેનો વહેવાર કરી શકાતો હતો. હવે સરકારે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુધારો કરી વારસાગત ખેતીની જમીનમાં હયાતીમાં હક્ક દાખલ કરવામાં આવેલ હોય તે મિલકતમાંથી બિન અવેજ હક્ક સીધી લીટીના દાખલ થયેલ વારસદારની તરફેણમાં વારસાઇ થયેથી ૫ વર્ષના સમયગાળામાં હક્ક જતો કરવો હોય તો સ્ટેમ્પ કરવાનો રહેશે નહીં. ફક્ત ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ભરવાથી એ હક્ક વારસાઇથી મેળવી પણ શકશે અને જતો પણ કરી શકશે. બીજો સુધારો એવો છે કે ખેડૂત ખાતેદારની સ્વપાર્જિત ખેતીની જમીનમાં હયાતીમાં હક્ક દાખલ કરવામાં આવેલ હોય તે મિલકતમાંથી બિન અવેજ હક્ક સીધી લીટીના દાખલ થયેલ વારસદારની તરફેણમાં હક્ક જતો કરવો હોય તો અત્યાર સુધી સ્ટેમ્પ કરવો પડતો હતો અને કિંમત પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી

ભરવી પડતી હતી. હવે એમાં સરકારે સુધારો કર્યો છે એ પ્રમાણે ખેડૂત ખાતેદારની સ્વપાર્જિત ખેતીની જમીનમાં હયાતીમાં હક્ક દાખલ કરવામાં આવેલ હોય તે મિલકતમાંથી બિન અવેજ હક્ક સીધી લીટીના દાખલ થયેલ વારસદારની તરફેણમાં હક્ક જતો કરવો હોય તો ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ભરીને આ હક્ક જતો કરી શકશે, જે અત્યાર સુધી સ્ટ્રેમ્પ ભરવો પડતો હતો. હયાતીમાં હક્ક દાખલ કરવાની જોગવાઇમાં કરેલા સુધારા જોઇએ તો હાલની જોગવાઇ મુજબ ખેડૂત ખાતેદારને હયાતીમાં ખેતીની જમીનની હયાતીમાં હક્ક દાખલ કર્યા બાદ સીધી લીટીના વારસદાર વચ્ચે બીન અવેજ વેચાણ કરી આપવા માટે અત્યાર સુધી કિંમત પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવતી હતી. હવે એમાં સુધારો કરી ખેડૂત ખાતેદારની હયાતીમાં ખેતીની જમીનની હયાતીમાં હક્ક દાખલ કર્યા બાદ સીધી લીટીના વારસદાર વચ્ચે બિન અવેજ વેચાણ કરી આપવા માટે હવેથી ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ભરવાથી અને સોગંદનામું કરવાથી આ પ્રમાણેનો વહેવાર માન્ય રાખી શકાશે. આ સુધારા કર્યા છે. સરકારે સ્ટેમ્પ ડ્યૂટીની મોટી આવક જતી કરી અને આ પ્રમાણે સુધારા કર્યા છે. હવે કેટલીક સ્પષ્ટતાઓની પણ જરૂર હતી. કેટલાક જિલ્લાઓમાં સરકારના પરિપત્રોનો કલેકટરશ્રીઓ જુદા જુદા અર્થઘટનો કરી અને જુદી જુદી રીતે નિર્ણય કરતા હતા. આ વાત પણ મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવામાં આવી, ધારાસભ્યોએ કરી, અમારા પાર્ટીના લોકોએ કરી, ખેડૂતોએ કરી, બધા માધ્યમોથી ધ્યાન ઉપર આવ્યું એટલે (અંતરાય) કોંગ્રેસવાળાએ પણ કરી. હાલની જોગવાઇ મુજબ પિતાના અથવા માતાના મૃત્યુ બાદ વારસાઇથી દાખલ થતા કાયદેસરના વારસદારો પુત્ર, પુત્રી, પત્ની વચ્ચે થતા પ્રથમ કૌટુંબિક વહેંચણીમાં જિલ્લા કક્ષાએ જુદી જુદી પદ્ધત્તિ, કલેકટરો જુદું જુદું અર્થઘટન કરી નિર્ણય કરતા હતા. કેટલાક કલેકટરો સ્ટેમ્પ કરાવડાવતા હતા, કેટલાક એમને એમ નોંધણી કરી આપતા હતા. હવે સરકાર તરફથી આ ગૃહ મારફત સમગ્ર રાજ્યના ખેડૂતોને સ્પષ્ટતા કરી છે. કલેકટરોને, અધિકારીઓને, રેવન્યુ વિભાગના સચિવશ્રી દ્વારા, સરકાર દ્વારા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. એ સ્પષ્ટતા આ પ્રમાણેની છે કે, રૂપિયા સોના સ્ટેમ્પ ઉપર સોગંદનામું કરેલ હોય એવા લોકોની વારસાઇથી દાખલ થતા કાયદેસરના વારસદારો પુત્ર, પુત્રી અને પત્ની વચ્ચે પ્રથમ કૌટુંબિક વ્હેંચણી કરવાની રહેશે. એટલે પ્રથમ કૌટુંબિક વ્હેંચણી, કેટલાક લોકો સ્ટેમ્પ કરાવતા હતા એના બદલે ફક્ત સો રૂપિયાના સ્ટેમ્પ ઉપર સોગંદનામું કરવાથી એ વાત પૂર્ણ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ થોડો સમય વધારવો પડશે. (અંતરાય) તમારે ના કહેવું હોય તો મને કાંઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : સાડા ચારે માગણીઓનું મતદાન પૂરું કરવું પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (અંતરાય) તમારી માગણીઓનો પડઘો હું પાડું છું, બધા સભ્યશ્રીઓની (અંતરાય, આ તકે શ્રી બલવંતસિંહભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં) મારે કોઇ રાજકીય વાત બલવંતસિંહ નથી કરવાની (અંતરાય) વધારી આપી હશે ને, મને ખબર નથી. મારો સમય વધારવો ના વધારવો

અધ્યક્ષશ્રી : એમને આપણે પાંચ મિનિટ વધારે આપી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ સાહેબ આપનો અધિકાર છે. મારે પ્રજાલક્ષી વાત કરવી છે, જે નવા સુધારા, દસ મિનિટમાં હું પૂરું કરીશ પછી પ્રશ્નો ત્તરી. માનનીય અધ્યક્ષશ્રી, જે હકકની જોગવાઇઓમાં બીજો સુધારો કર્યો, હાલની જોગવાઇ જે છે મિલકતના ધારણકર્તાનું અવસાન થતાં વારસાઇ હક્કે મળેલ મિલકતના ધારણકર્તા દ્વારા અરસ–પરસ બિન– અવેજ પોતાના હક્ક આજ મિલકતના અન્ય વારસદારની તરફેણમાં જતો કરવાનો ફારગતી લેખ, રિલીઝનો લેખ કરવામાં આવે ત્યારે જુદી જુદી જગ્યાએ, જુદા જુદા રકમના સ્ટેમ્પ કરવામાં આવતા હતા, વિસંગતતા હતી. હવે એમાં સ્પષ્ટ સુધારો સરકાર તરફથી સુચના આપીને કરવામાં આવશે કે, રૂપિયા સો ની સ્ટેમ્પ ડયુટી ભરપાઇ થયેથી લેખ મિલકતના ધારણકર્તાનું અવસાન થતાં વારસાઇ હક્કે મળેલ મિલકતના ધારણકર્તાઓ દ્વારા અસરપરસ બિન અવેજ પોતાના હક્ક આજ મિલકતના અન્ય વારસાદરની તરફેણમાં ફારગતી લેખ અથવા રિલીઝ લેખ કરી સો રૂપિયામાં જ આ પ્રકારનો વ્યવહાર કરી શકાશે. આમાં ખેડૂતોને અને જમીન ધારણ કરનારને મોટો ફાયદો થશે.

બીજુ હયાતીમાં હક્ક દાખલ કરવો. હાલની જે જોગવાઇ છે, ખેતીની જમીન ધારણ કરનાર વ્યકિત દ્વારા પોતાની હયાતીમાં તેના તમામ સીધી લીટીના વારસાદરોના નામ સહ હિસ્સેદાર તરીકે બિન અવેજ દાખલ કરવામાં પણ જુદા જુદા જિલ્લાઓમાં કલેકટરો જુદી જુદી કાર્ય પદ્ધતિ અને ટેક્સ અખત્યાર કરતા હતા. હવે આમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે,આ પ્રમાણે કરવું હોય તો સો રૂપિયાની સ્ટેમ્પ ડયુટી ભરપાઇ કરવાથી અને સોગંદનામાથી એકરાર કરવાથી ખેતીની જમીન ધારણ કરનાર વ્યકિત પોતાની હયાતીમાં તેના તમામ સીધી લીટીના વારસાદારોના નામ સહહિસ્સેદાર તરીકે બિન અવેજ દાખલ કરી શકશે. સો રૂપિયાની અવેજીમાં જ આ કામ, નિર્ણય આપણે કર્યો છે. ત્યારે આ જે સુધારા અમે રજૂ કર્યા છે એ હું માનું છું કે, વિધાનસભામાં આ સત્રમાં, ગયા સત્રમાં જુદા જુદા પ્રશ્નો દ્વારા ધારાસભ્યોશ્રીઓએ જે રજૂઆત કરી હતી એનો હકારાત્મક અભિગમ ગુજરાતના ચાલીસ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને લાભ આપવા માટે

અમારી ભારતીય જનતા પક્ષની શ્રીમતી આનંદીબેન પટેલની ગતિશીલ સરકારે આ નિર્ણય કર્યો છે એ આપ સૌને અને ગુજરાતની પ્રજાને હું અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક સુચનો આવ્યા છે એનો ટૂંકમાં જવાબ આપી દઉં. માનનીય શ્રી સી. કે. રાઉલજીએ કહ્યું કે, આનાવારી થતી નથી વગેરે વગેરે. માનનીય અધ્યક્ષશ્રી, આનાવારીની પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે, અછત અંગેની કેબિનેટ સબ કમિટીમાં એનો અહેવાલ મૂકાય એટલે જ્યાં અછત કે અર્ધઅછત જાહેર કરવાપાત્ર હશે એ ટૂંક સમયમાં કરવામાં આવશે.

બીજુ એમણે કહ્યું કે, હક્કપત્રકના કેસો એ નિયમીત રીતે કરવામાં આવે છે. દર મહિનાના છેલ્લા ગુરુવારે મહેસૂલ દિવસ તરીકે ઉજવી સરકારી તમામ મહેસૂલ કચેરીઓમાં પડતર ફાઇલોનો, આવેલ અરજીઓનો નિકાલ કરવાનું કામ પણ અમે હાથ ઉપર લીધું છે. મહેસૂલ ખાતાની સત્તાઓનું વિકેન્દ્રીકરણ સૌથી વધુ ગુજરાતમાં, ગુજરાત છૂટું પડ્યા પછી ૧૯૬૦થી જો કોઇએ કર્યું હોય તો એ અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. પાણી પત્રકની પણ અહીંયા વાત કરવામાં આવી. ૨૦૧૩–૧૪ ના વર્ષના ૧૭૬૦૭ ગામોના પાણી પત્રક ભરાઇ ગયા છે. ૨૦૧૪–૧૫ના ૧૨૮૮૨ ગામોના પાણી પત્રકો થઇ ચૂકયા છે. ૨૦૧૫–૧૬માં કામગીરી ચાલુ છે અને ઇ–ધરા કોમ્પ્યુટરાઇઝેશન પણ કર્યું છે. અમારા પૂર્ણેશભાઇએ, અમારા સાથી સભ્યશ્રીએ વિગતવાર વર્ણન કર્યું છે. માફીયાગીરી, જમીન પડાવી લેવી, ખેડૂતોના હકક બનાવટી દસ્તાવેજો કરવા, ખોટી સહીઓ કરવી, ફોર્જરી કરવી આ બધું હવે જુનું થઇ ગયું. ઇ–ધરા કોમ્પ્યુટરાઇઝેશન, દસ્તાવેજ વખતે ફોટોગ્રાફી, બધાની ઓળખ આ બધું જ અમે એવી સુંદર રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરીને મહેસૂલ વિભાગની કામગીરી સાથે જોડયું છે કે કોઇપણ ખેડૂતની જમીન હવે કોઇ ખોટો માણસ હડપી ન શકે, પચાવી ન પાડે. ખોટો દસ્તાવેજ, ખોટી સહીઓ, ખોટા પાવર ઓફ એટર્ની આ બધું હવે લગભગ ભૂતકાળ બની જાય એ દિશામાં કામગીરી અમારી સરકારે કરી છે અને એમાં પણ અમારી સરકાર તરફથી કલેકટરની અધ્યક્ષતામાં સીટની રચના કરવામાં આવી છે. જેમાં અગાઉ પણ મેં કહ્યું છે કલેકટર, ડી.ડી.ઓ. ડી.એસ.પી. એ સિનિયર જિલ્લાના અધિકારી હોય છે. કોઇપણ વ્યકિતની જમીન સાથે કોઇ છેતરપીંડી થઇ હોય અને એની કોઇ ફરિયાદ હોય તો ખેડૂતો, જમીન માલિકો સીટમાં ફરિયાદ કરે છે, એની ઉંડાણપૂર્વક તપાસ થાય છે અને ગેરરીતિ કરનાર, ખોટું કરનાર, ખેડૂતને છેતરનાર કે નિર્દોષ ગરીબ ખેડૂતની, ગામડાંના ખેડૂતની જમીન પચાવી પાડનાર સામે કડકમાં કડક કાર્યવાહી પણ અમારી સરકાર દ્વારા કરવામાં આવે છે. આ બધું જ જયારે મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવતું હોય ત્યારે લાખો ખેડૂતો માટે આ સુધારા ભૂતકાળમાં અમે કર્યા છે એ અને આજે જે સુધારા કર્યા એના દ્વારા ગુજરાતની ગતિશીલતાને ખેડૂતલક્ષી આપણે વધારે આગળ વધારીએ એ માટે આપ સૌ અમને સહયોગ આપો અને બજેટ મંજૂર કરો એવી વિનંતી સાથે વિરમુ છું. અસ્તુ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાનો પ્રશ્ન લગભગ બે વિધાનસભા સત્રથી હું રજૂ કરું છું. પાનમ–હડપ–કબૂતરીને એંદલવાડા સિંચાઇ ડેમના ૮૦૦ જેટલા અસરગ્રસ્તો છે કે જમીન પર વસવાટ કરે છે રીઝર્વ ફોરેસ્ટ પર પણ આજ દિન સુધી એમને પાકી સનદો અને એમના નામે સાત/બાર નથી થતો આ સનદો કયાં સુધીમાં આપવામાં આવશે અને વહેલામાં વહેલી તકે આપવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હડપ–કબૂતરી અને એંદલવાડા સિંચાઇ યોજનામાં જે જમીન ખેડૂતોની ડૂબાણમાં ગઇ હતી એની સામે એમને જમીન ફાળવવા માટે વનીકરણ માટે સરકારના કાયદા પ્રમાણે આપણે સામે જમીન આપવી પડે છે વન વિભાગને, અને એના માટે ભાવનગર કલેકટર દ્વારા ૩૮૮ હેકટર જમીનની માપણી પૂર્ણ થઇ છે અને વન વિભાગને ટૂંક સમયમાં સુપરત કરવામાં આવશે. રાજકોટ જિલ્લા કલેકટરે ૫૦૦ હેકટર તથા જામનગર જિલ્લા કલેકટરે ૨૮૩ હેકટર જમીન વન વિભાગને સુપરત કરી છે એટલે આ બધી જમીન વન વિભાગને સુપરત થાય એ પછી જ આપણને સામે જમીન પ્રાપ્ત થાય એ જમીન અસરગ્રસ્તોને નિયમો પ્રમાણે જેમને મળવાપાત્ર છે એમને ફાળવણી કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : મતદાન પૂરું ન થાય ત્યાં સુધી સમય લંબાવીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે જંત્રીમાં વિસંગતતા છે એ તપાસી અને જે સો રૂપિયામાંથી હજાર રૂપિયા થઇ ગઇ છે તો સાચી તપાસણી કરી અને એને ઘટાડવા માગો છો કે કેમ? અને રાધે બિલ્ડર દ્વારા સરકારી પડતર જગ્યામાં જે બાંધકામ કરવામાં આવ્યું છે એ દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળદેવજીભાઇએ એમના પ્રવચનમાં આ બંને બાબત કીધી છે, મેં નોંધ કરી છે. એનો અભ્યાસ કરાવી અને જે યોગ્ય પગલાં લેવાના થતા હશે એ લઇશું. બીજું, મારે સન્માનનીય સભાગૃહને ખાસ જણાવવાનું છે કે ૨૦૧૧માં રાજયની જંત્રી નકકી કરવામાં આવેલી. એ પછી પ્રજામાંથી, ખેડૂતોમાંથી, ધારાસભ્ય તરીકે આગેવાનો તરફથી સરકારને રજૂઆત મળી. એ વખતે માનનીય મુખ્યમંત્રી આનંદીબેન

મહેસૂલ મંત્રી હતા. સરકારે યોગ્ય વિચારણા કરી. માનનીય નરેન્દ્રભાઇ મોદી પણ અત્યારના વડાપ્રધાનશ્રી મુખ્યમંત્રી હતા. એમણે કમિટી બનાવેલી અને એનો રિપોર્ટ રજૂ થયો એટલે એ વખતે ૨૦૧૧ માં પહેલી જંત્રી નક્કી થયેલી એમાં મોટી રાહત એ વખતે ૨૦૧૨ ની આજુબાજુમાં આપી દેવામાં આવી છે. કેટલાક લોકો અત્યારે રજૂઆત કરી અને સૂચન પણ કર્યાં. મારે સરકાર તરફથી કહેવું છે કે રાજ્યમાં નવી જંત્રી અમલમાં લાવવાની કોઇ કાર્યવાહી અત્યારે સરકાર કક્ષાએ ચાલતી નથી. એટલે કોઇ અફવા ફેલાવે કે જંત્રી વધી જશે, જંત્રી વધી જશે, તો એવી વાતોમાં કોઇએ આવવું નહિ. એના સમય, સંજોગો, જરૂરિયાત પ્રમાણે જ્યારે જંત્રીની પ્રક્રિયા કરવાની હશે ત્યારે કરવામાં આવશે. તે વખતે જે વિસંગતતાઓ હશે તે અંગે વિચારણા કરવામાં આવશે.

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ થી ૧૯૯૦ ના દાયકામાં જે ઉકાઇ, કરજણ અને કડાણા ડેમ બન્યા હતા અને આદિવાસીઓની જમીન ડૂબમાં ગઇ હતી. જે તે વખતે જમીનના બદલામાં જમીન આપી હોત તો આ પ્રશ્ન ઉપસ્થિત ન થાત. સંપાદનનો ભાવ અને બજારમાં મળતી જમીનનો ભાવ એ બંને વચ્ચે આસમાન જમીનનો ફરક હતો. આદિવાસી ભાઇઓ જોડે જમીન સંપાદનના પૈસા આવ્યા અને બજારમાં લેવા ગયા તો ભાવ ઊંચા હતા. એટલે એમની પાસે બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષ પછી રકમ ભેગી થઇ અને એમણે જમીન ખરીદી અને દસ્તાવેજ કર્યા. નિયમ એવો છે કે ખેડૂતે ૩ વર્ષની અંદર જમીન ખરીદે તો પોતે ખેડૂત રહે. સાહેબ, હજારો ખેડૂતો આપને ત્યાં પણ ઉકાઇ અસરગ્રસ્તના લોકો છે. દસ્તાવેજ થઇ ગયા છે. ખેડૂત નથી બની શકતા. એમના દસ્તાવેજો એમ જ પડ્યા છે. તો મંત્રીશ્રીને મારું સૂચન છે કે એની મુદત વધારીને અથવા તો અસરગ્રસ્તોને સ્પેશિયલ કેસમાં ખેડૂત તરીકે આદિવાસી ભાઇઓનો હક્ક જળવાઇ રહે તેવું સરકાર કઇ વિચારે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી મોતીસિંહભાઇનું આ સૂચન છે. એ મહેસૂલ વિભાગમાં ચર્ચા વિચારણા કરી ખેડૂતોને ફાયદો થાય અને તેમનો સાચો હક્ક સાચી રીતે પ્રસ્થાપિત થાય તે માટે અમે શકય તે યોગ્ય કાર્યવાહી કરીશું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મારા નસવાડી તાલુકામાં ખોડિયા, કોચંબા અને પાલા એ ૩ ગામોમાં શ્રીમંત સરકારના નામે જમીન ચાલે છે. ૩ ગામના ખેડૂતોની ટોટલી જમીન શ્રીમંત નામે સરકારની જમીન છે. ઘણાં વર્ષોથી ૧૯૫૨ થી ખેડે છે. તો આ સરકાર ખેડૂતોના નામે કરી આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમની માગણી છે એ લાગણી પણ પહોંચાડીશું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ થી ૨૭ મત માટે મુકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૭૮ અને ૭૯ મત માટે મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

(વિરામ ૪–૩૪ થી ૫–૦૪ )

ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ.પરમાર અધ્યક્ષ સ્થાને

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર.

દાખલ કરવા માટેના બિન–સરકારી વિધેયકો

ગુજરાત એન્ટરપ્રાઇઝીસ સિંગલ વિન્ડો ઇનેબલિંગ એન્ડ કિલયરન્સ વિધેયક, ૨૦૧૬

ગુજરાત રાજયમાં વિવિધ લાઇસન્સ, પ્રવાનગીઓ અને મંજૂરીઓને ઝડપી અને નિયત સમયમાં માન્યતા આપવા માટેની અને સક્ષમ સત્તાધિકારીઓ સમયસર કામગીરી કરી શકતા ન હોય તેવા કિસ્સામાં શરૂ કરવાનું વૈકલ્પિક એક–બારી પરવાનગી તંત્ર (single window clearance mechanism) ને સક્ષમ બનાવવા માટેની, મૂડી રોકાણકારોને સાનુકૂળ હોય તેવા વાતાવરણનું સમર્થન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબતનું વિધેયક.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના ગુજરાત એન્ટરપ્રાઇઝીસ સિંગલ વિન્ડો ઇનેબલિંગ કિલયરસ્ન્સ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬ના ગુજરાત એન્ટરપ્રાઇઝીસ સિંગલ વિન્ડો ઇનેબલિંગ કિલયરસ્ન્સ વિધેયક ને સભાગૃહની અનુમતિથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક ૨૦૧૬

જાહેર સાહસોમાંની જગાઓ પર નિમણૂક અંગે સ્ટાફની પસંદગી માટે કમિશન રચવાની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબતનું વિધેયક

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન સન ૨૦૧૬ના ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયકને સભાગૃહની અનુમતિથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક ૨૦૧૬

રાજ્ય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના ગુજરાત(અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬ના ગુજરાત(અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયકને સભાગૃહની અનુમતિથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે(રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક ૨૦૧૬

આર્થિક રીતે પછાત વર્ગો (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો) માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી શૈલેષ મ. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયકને સભાગૃહની અનુમતિથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પહેલા, બીજા અને ત્રીજાબિન સરકારી વિધેયકો

સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક.૧૧

ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૩

રાજ્યના કોઇ અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપિત કોર્પોરેશન (નિગમો), રાજ્ય સરકારની માલિકીથી અથવા તેના નિયંત્રણથી ચાલતી સરકારી કંપનીઓ, મંડળીઓ, સ્થાનિક સત્તામંડળોના રાજ્ય સરકારના અમુક કક્ષાના જાહેર સેવકો દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ કરવામાં આવેલાં ગુનાઓની તપાસ કરવા અથવા તપાસ કરાવવા

## ગુજરાત રાજ્ય તકેદારી આયોગની રચના માટે જોગવાઇ કરવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા(વાંકાનેર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૩નું ગુજરાત તકેદારી આયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત તકેદારી આયોગ વિધેયક ૨૦૧૩ લાવવાની એટલા માટે જરુર છે કે જાહેર સેવકોમાં ભ્રષ્ટાચાર એ એક ગંભીર સમસ્યા બનવા પામેલ છે. જેનાથી જાહેર સેવા પ્રાપ્યતા પદ્ધતિને પ્રતિકૂળ અસર થયેલ છે અને તેથી તેનો વધુ અસરકારક રીતે ઉકેલ લાવવાનો પ્રયાસ કરવાની જરૂરત છે. કેન્દ્ર સરકારના જાહેર સેવકોએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ હેઠળ જે ગુનાઓ કર્યા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુનાઓની તપાસ કરવા અથવા તપાસ કરાવવા માટે કેન્દ્રીય તકેદારી આયોગ અધિનિયમ ૨૦૦૩ હેઠળ તકેદારી આયોગની સ્થાપના કરવામાં આવી છે. પરંતુ ગુજરાતમાં અસરકારક આવો કાયદો નથી, જો કે રાજ્ય સરકારે અગાઉ સરકારી ઠરાવ હેઠળ ગુજરાત રાજ્ય તકેદારી આયોગની સ્થાપના કરેલી છે. પરંતુ તે પૂરતું નથી. ચોક્કસ કાયદાની ગેરહાજરીમાં વિદ્યમાન રાજ્ય તકેદારી આયોગને વૈધાનિક માન્યતા આપવાની આવશ્યકતા છે. કેન્દ્રમાં અને બીજા કેટલાક રાજ્યોમાં તેમના તકેદારી આયોગની અસરકારક કામગીરી માટે કાયદાઓ છે.

વિદ્યમાન આયોગને વૈધાનિક દરજ્જો આપવા માટે અને તેના કામકાજનું કાર્યક્ષમ અને પારદર્શી રીતે નિયમન કરવા માટે ગુજરાત રાજ્ય માટેનો કાયદો લાવવો જરૂરી છે. રાજ્ય તકેદારી આયોગ માટે કાયદો લાવવાનો ઉદેશ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ હેઠળના ગુનાઓની શોધ તપાસના સંબંધમાં તકેદારી અને પોલીસ મહેકમની કામગીરી ઉપર વધુ અસરકારક રીતે દેખરેખ રાખવા અને તેની ઉપર નિયંત્રણ રાખવા માટે સ્વતંત્ર વૈધાનિક મંડળ ઉભું કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગમાં અસરકારક કાયદો ન હોવાથી આજે જોહેર સેવકોમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યુ છે. જે પ્રજા સાથે ખૂબ અન્યાય છે. સત્તાને સેવાનું માધ્યમ બનાવવું જરૂરી છે. સત્તા એટલે સેવા એ સમજવાની જરૂર છે. પરંતુ ભ્રષ્ટાચાર, લાલચના મૂળ એટલા ઉંડા ઉતરી ગયા છે કે તે અસરકારક કાયદા વગર નિર્મૂળ કરવું સહેલું નથી. આજે ભ્રષ્ટાચાર કરવામાં બિલકૂલ શરમ રહી નથી. આપણા પૂર્વજો કેવી સાદગી રાખતા હતા અને સત્તાને સેવાનો અવસર સમજતા હતા એ હવે રહ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યમંત્રી સ્વ.ઢેબરભાઇ મુખ્ય મંત્રી હોવા છતાં બે રૂમના મકાનમાં રહેતા અને પ્રજાને સહાય માટે દરવાજા સદાય ખુલ્લા રહેતા, કોઇ દાગ નહીં, કોઇ લોભ નહીં, લાલચ નહીં એકદમ સાદુ જીવન. પરંતુ આજે જાહેર સેવકો કઇ તરફ જઇ રહ્યા છે પ્રજાને સુખી કરવા માટે આવો અસરકારક કાયદો હશે તો જ જાહેર સેવકોને સુધારી શકાશે, તેઓ ઉપર અંકૂશ આવશે.

રાજેન્દ્ર સૂ. ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ક્રમાંકઃ૧૧, સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદાસાહેબ લાવ્યા છે. તેમણે વાત કરી કે કેવી સાદગીથી રહેતા હતા. સાદગીથી રહેવું સારી વાત છે. •(×××) દાખલા આવા ના અપાય મારુ એ જ કહેવું છે.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, જરા વ્યવસ્થિત શબ્દનો ઉપયોગ કરીએ.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : ગુજરાતી તળપદી ભાષા છે. ગુજરાત તકેદારી આયોગની રચના સને ૧૯૬૪માં થઇ ગઇ અને ૧૯૯૦ સુધી એટલે કે ૨૬ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી ત્યારે કયારેય તેની અંદર વિધેયક લાવ્યા નહીં. આટલા વર્ષો પસાર થયા પછી આવા વિધેયકનો કયારેય તેમને વિચાર આવ્યો નહીં. આ બિન સરકારી બિલ જે લાવ્યા છે તેમાં માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે આ ( અંતરાય ) અસરકારક નથી. કોઇ કાયદો અસરકારક નથી. આ સરકાર પોતે અસરકારક છે કાયદાની કયાં વાત કરો છો, કાયદા તો એટલા બધા મોજૂદ છે કે મારે એમ કહેવું છે કે જેટલા કાયદા વધારે એટલું નુકસાન લોકશાહીને વધારે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો ના હોય તો ચોક્કસ લાવવો જોઇએ. (અંતરાય) આઇ.એ.એસ., આઇ.પી.એસ. અને સરકારી કર્મચારીઓ એ કબૂતર જેવા છે. એમને હાથમાં રાખો, પ્રેમ બતાવો તો પણ એ ફફડે અને તેને જો તમે ધમકાવો તો પણ તે ફફડે. માથે તલવાર રાખીને કયારેય કદી કોઇ સારુ કામ થઇ શકે નહીં. આપણું જે ગુજરાત તકેદારી આયોગ છે, કેમ કે આપ તો આંકડામાં પડવા માગતા નથી, એટલે હું આંકડાની જ વાત કરુ આંકડા સાંભળશો તો આપને ખ્યાલ આવશે કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વર્ગ–૧ અને વર્ગ–૨, તેમાં ૧૬૫૮ અધિકારીઓની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી. આ આયોગ જયારે જાગૃત હોય ત્યારે કયાં જરૂર છે નવા કાયદાની ? અને આ નવા કાયદાની વાત કરે છે તો મારે એક વાત કહેવી છે કે, જંગલની અંદર એક નિર્વસ્ત્ર સાધુ તપસ્ચર્યા કરતા હતા ત્યારે ત્યાંથી વટેમાર્ગુ પસાર થયા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

એમને થયુ કે આ નિર્વસ્ત્ર છે, દિગંબર છે એટલે તેમણે એક પોતડી આપી દીધી. તેમણે પોતડી પહેરી પણ લીધી કે લોકોને તકલીફ છે મેં પહેરી લીધી. થોડા સમય પછી ત્યાં ઉંદર આવવા લાગ્યો અને તેને કાતરવા લાગ્યો એટલે મહારાજને બિલાડી લાવવી પડે. બિલાડીને પાળ્યા પછી તેને જોઇએ દૂધ એટલે તેના માટે ગાય પાળવી પડી. ગાય તેઓ કયાં રાખે એટલે તે કોઇકના ખેતરમાં જઇને ચરી આવી એટલે ગ્રામ પંચાયતે તેમની ઉપર કેસ કર્યો. આ કેસ કોર્ટમાં ચાલ્યો એટલે મહારાજે કહ્યું કે આ બધી ઝંઝટમાં હું કયાં પડુ એટલે તેમણે પોતડી કાઢીને મૂકી દીધી. કાયદામાં આવુ ના થાય, કાયદાનો દૂરઉપયોગ ના થાય. ઇન્ડિયન પીનલ કોડની અંદર ૨૧૨ વારથી ૨૧૫ સુધીમાં આનું પ્રાવધાન છે સરકારી અમલદારો સામેનું. લાંચ રૂશ્વતનો કાયદો કે જેમાં સરકાર લાંચ રૂશ્વતના કેસો કરવા પર કટિબદ્ધ છે આવા અનેક કેસો અધિકારીઓ ઉપર થયા છે. ૨૦૧૫ની અંદર ૪૪૫ લોકો ઉપર કેસ થયા અને ૮૬ લાખ ૩૫ હજારથી વધુ રકમ પકડવામાં આવી. એટલે જયારે કાયદો અસરકારક હોય અને સરકાર અસરકારક હોય તો તમે એવુ કહી શકો નહીં માટે આ બિન અસરકારક બિલ લાવવાની કોઇ જરૂરિયાત છે નહીં. આ આયોગ સ્વતંત્ર રીતે કામ કરે છે, આટલા વર્ષોથી કામ કરે છે પાંચ વર્ષના ગાળામાં ૫૦૮૫ લોકો ઉપર આ આયોગે શિક્ષાત્મક પગલા લેવા માટે સૂચવ્યુ તેમાંથી માત્ર સરકારે એક ભલામણ સ્વીકારી નહીં બાકીની ૫ હજાર ઉપરાંતની તમામ ભલામણો સ્વીકારી. આ છે અસરકારક સરકાર અને અસરકારક આયોગ. (અંતરાય) તમે વાર્તાથી સમજો છો એટલે વાર્તાથી સમજાવવું પડે એવું લાગે છે. આ આયોગ સતત કાર્યશીલ છે, દર વર્ષે સમીક્ષા બેઠકો થાય છે અને તમામ સરકારી કર્મચારીઓ અને ખાનગી તમામની ઉપર પગલાં લેવા માટે એને સત્તા છે. એક વર્ષથી જૂના જે કોઇ કેસો હોય એના નિકાલ માટે બેઠકો પણ થાય છે. આ સંજોગોની અંદર નાની – મોટી શિક્ષા તમામને કરવામાં આવતી હોય છે, અને ફરજ મોકૂફીની પણ શિક્ષા કરવામાં આવતી હોય છે.

શ્રી અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા સાહેબ સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક લઇને આવ્યા છે, હું આ વિધેયકને અનુમોદન પણ આપું છું અને તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ ભ્રષ્ટાચાર નિવારણ માટેનું વિધેયક છે તો તમામ સભ્યશ્રીઓ સહકાર આપે અને આપણે આ વિધેયક સર્વાનુમતે પસાર કરીએ.

સાહેબ, હમણાં આ ગૃહના માનનીય સભ્યશ્રી બોલતા હતા એ પોતે વકીલ છે પણ એમણે એમ કહ્યું કે, કાયદાઓની જરૂર નથી, મને નવાઇ લાગી કે, પોતે વકીલ હોવા છતાં કાયદાઓની જરૂર નથી એમ એમણે કહ્યું. હું એટલા માટે કહું છું અને આપને ખબર હશે કે, ચારેક મહિના પહેલાં પેપરમાં દરેકના ભાવ આપ્યા હતા. એ બદલીનો ભાવ હોય કે નોકરીનો ભાવ હોય, દરેકના ભાવ આપ્યા હતા. આ ગુજરાતમાં ભ્રષ્ટાચાર એટલો બધો વધી ગયો છે કે, તાલુકાથી માંડીને ગાંધીનગર સચિવાલય સુધી આ ભ્રષ્ટાચારનું નિવારણ કરવું ખૂબ જરૂરી છે. આપણે તો પારદર્શક વહીવટની વાત કરીએ છીએ અને ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે, હું ખાતો નથી અને ખાવા દેતો નથી, પણ દરેક જગ્યાએ પૈસા વગર કોઇ કામ થતું નથી અને પ્રજાને ખૂબ મોટી મુશ્કેલી પડે છે. આવા સંજોગોમાં કાયદો હોવો ખૂબ જરૂરી છે. કેન્દ્ર સરકારે જે કાયદો કર્યો છે કેન્દ્ર સરકારે જાહેર સેવક માટે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ના અનુસંધાનમાં ગુનાઓ નાબૂદ કરવા માટે, કેન્દ્રીય તકેદારી આયોગ અધિનિયમ ૨૦૦૩ અતંર્ગત જે તકેદારી આયોગની સ્થાપના કરવામાં આવી છે તો આપણે પણ ઠરાવથી આ ગુજરાત તકેદારી આયોગની સ્થાપના કરી છે પણ જયાં સુધી કાયદાનું એને અનુમોદન ના મળે, વૈધાનિક ના હોય ત્યાં સુધી એનો કોઇ મતલબ રહેતો નથી. આજે ભ્રષ્ટાચાર થાય છે, અને એમાં જે અધિકારીઓ પકડાય પણ એ કયારે છૂટી જાય એ કોઇને ખબર નથી હોતી કારણ કે એની સામે કાયદાની કોઇ પકડ નથી. મારે તમામને એટલા માટે વિનંતી કરવી પડે છે કે, પ્રજાને સારો વહીવટ આપવો હોય તો કાયદો જરૂરી છે. આજે દરેક જગ્યાએ જોઇએ તો, પૈસા વગર કોઇ આગળ ડગલું પણ ભરતું નથી. હમણાં મહેસૂલ વિભાગની પણ ચર્ચા ચાલતી હતી અને એમાં પણ બધા સ્વીકારે છે કે, મહેસૂલ વિભાગમાં કોઇ પણ કામ, એ પછી એન્ટ્રીનું હોય કે કોઇપણ કામ હોય એ પૈસા વગર થાય છે ખરું? એકેએક કામમાં પૈસા લેવાય છે તો પછી કયારેકને કયારેક તમે એમ સમજો કે આને પારદર્શક વહીવટ કેવી રીતે કહી શકાય? ત્યારે હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા સાહેબ જે વિધેયક લઇને આવ્યા છે એને સર્વસંમતિથી આપણે સૌ મંજૂર કરીએ, એટલી વાત સાથે મારી વાત હું પૂરી કરું છું.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક– ૧૧– સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક લઇને માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા આવ્યા છે ત્યારે હું માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદાને વિનંતી કરું છું કે, તેઓશ્રી આ વિધેયક પરત ખેંચે કારણ કે કોઇ પણ રાજયની અંદર અને વહીવટી પ્રક્રિયાની અંદર કાયદો અને એની સાથે કાયદાનો અમલ કરવા માટેની માનસિકતા, આજે માનસિકતાનું તત્વ ભારતીય જનતા પાર્ટી શાસનમાં તમે જોયું તો સતત એવી માનસિકતા બની છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પ્રમાણિક શાસન અને જયારે આ પ્રકારના ભ્રષ્ટાચારની વાત આવી હોય અને એને દબાવવાનો પ્રયત્ન કર્યો હોય તો કહો? અત્યારે જે આયોગ છે એની માનનીય રાજયપાલશ્રી નિમણૂક કરે છે, એક સદસ્યનું

આયોગ બનેલું છે. આ આયોગમાં કાર્યકારી સત્તા છે, આ સત્તાનો આયોગ રાજયના અધિકારી, કર્મચારીસામે લાંચ રૂશ્વત ભ્રષ્ટાચાર કે ગેરરીતિ આચરીને વ્યવહાર કર્યાનું લાગે તો એની તપાસ કરવાની અને સજા કરવાની સત્તા આપવામાં આવેલ છે. આ બાબતે સમગ્ર આંકડા જૂઓ તો જયારે જયારે ફરિયાદ થઇ છે ત્યારે ત્યારે આ ફરિયાદની સામે પુનઃ તપાસ થઇને લગભગ ૯૯.૯૯ ટકા લોકોને એની સજાનો અમલ પણ કરવામાં આવ્યો છે. અને આના કારણે રાજયની સરકારનું પ્રજા પ્રત્યેનું કમિટમેન્ટ સ્પષ્ટ માલુમ પડે છે. એક કાયદો હોય બીજો ત્રીજો લવો એના કરતાં કાયદાનો અમલ કરવો, કાયદા પ્રયત્યે માનસિકતા રાખવી ખૂબ જરૂરી છે. ભ્રષ્ટાચાર કાબૂમાં લેવા માટે મને બતાવો કે સામેના પક્ષવાળાએ કેટલાય વરસોથી શું પગલા ભર્યા અને ન કહેવું જોઇએ આપણી આખી દુનિયામાં ૨૦૦૪ થી ૨૦૧૪ માં કેન્દ્રની સરકાર હતી એની ઇમેજ શું હતી એ આપણો આખો દેશ અને દુનિયા જાણે છે.

ઉપાધ્યક્ષશ્રી :માનનીય સભ્યશ્રી બીજી ચર્ચા ન કરો.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : ગુજરાતની અંદર કુલ ૫,૦૮૫ જેટલી શિસ્ત વિષયક કાર્યવાહી થઇ અને ૨૦૦૯ થી ૨૦૧૩ દરમિયાન ૩૮૦૯૩ જેટલી ફરિયાદ મળી. ગુજરાતનું ગુજરાત લાંચ રૂશ્વત ખાતું આ બાબતે સતત તકેદારી રાખે છે. લાંચ રૂશ્વત વિભાગમાં મુખ્ય બે–ત્રણ બાબતો જરૂરી હોય છે. કોઇ એક પક્ષે ડિમાન્ડ કરી હોય અને સાથે સાથે એની માગણી કરી હોય એની જોડે જોડે એને પુરવાર કરવું પડે એના આધારે એન્ટી કરપ્શન ખાતું ગુજરાતનું આજે નંબર વન તરીકે કામ કરે છે. ગૃહ ખાતાની અંદર એવો કોઇપણ પુરાવો આપો કે કોઇપણ એક અધિકારીએ આવી રીતે ગેરરીતિ આચરી હોય, લાંચ માગી હોય તેવા કિસ્સામાં કોઇપણ ભાજપના શાસકોએ અટકાવવાનો પ્રયત્ન કર્યો હોય તેવું કયારેય બન્યું નથી. પરંતુ જયારે જયારે આ પ્રકારની ઘટના બની હોય ત્યારે ભાજપના શાસનમાં એવા વ્યકિતઓને યોગ્ય સજા થાય એ જ કામ આ પાર્ટીના લોકો અને ધારાસભ્યોની ફરજ બને છે અને કર્યું છે અને એના કારણે છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચાર અને ગેરરીતિને ધ્યાનમાં લેવામાં આવે તો એની તકેદારી પંચે ભાર મૂકયો છે. આ આયોગ દ્વારા તાંત્રિક ધારા નિવારાણાત્મક તકેદારી નિરીક્ષણ પણ હાથ ધરાય છે અને એના દ્વારા રં૨૦૦૯ થી ૨૦૧૩ માં ૩૮૭ દ્વારા તાંત્રિક એકમોનું નિરીક્ષણ કરવામાં આવેલ છે એના દ્વારા ગેરરીતિનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. ગુજરાત તકેદારી આયોગ દ્વારા કોઇપણ ઇજારદાર કોઇ કામમાં ખરાબ ગુણવત્તા રાખે તો એવા ઇજારદાર સામે પણ કાર્યવાહી કરે છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : આ ગૃહના સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા ગુજરાત તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૩ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરુ છું અને અનુમોદન પણ આપું છું.

ગુજરાત તકેદારી આયોગની રચના સન ૧૯૬૪થી કરવામાં આવેલ છે. આ રચના વહીવટી હુકમોથી થયેલી છે અને એ હુકમો મુજબ અત્યારે પણ આ આયોગની કામગીરી ચાલુ છે. આ આયોગની મહદઅંશે કામગીરી ભ્રષ્ટાચારના કેસોમાં મોનિટરીંગ કરવાની. કેસોમાં શિક્ષા કયા પ્રકારની કરવી તેના માટે જે તે વિભાગોને સલાહ આપવાની અને તપાસ યોગ્ય સમયમાં થાય છે કે કેમ તેના માટે જે તે વિભાગોને સલાહ આપવાનું કામ અત્યારે કરી રહ્યું છે. આ જે વિધેયક આવ્યું છે તેના પાછળનો આશય એ છે કે અત્યારે આ આયોગ પાસે કોઇ કાયદાકીય સત્તાઓ નથી, જેના કારણે તપાસના કેસોમાં આયોગ કોઇ પણ જાતના કાયદાકીય હુકમો કરી શકતું નથી. સાથે સાથે તપાસની કોઇ સીધી કામગીરી પણ આ આયોગ કરી શકતું નથી. તેના માટે આ કાયદો લઇને આવ્યા છે. આ વિધેયક આ ગૃહમાં પસાર થાય તેના માટે હું માનનીય સભાગૃહને વિનંતી પણ કરું છું. કેન્દ્ર સરકારમાં જયારે તકેદારી આયોગ અધિનિયમ અમલમાં છે ત્યારે આ રાજય સરકારમાં પણ આવો જ અધિનિયમ અમલમાં આવે એ જરૂરી છે. અત્યારે જે તપાસ થાય છે એ મહદ્અંશે ભ્રષ્ટાચાર અધિનિયમને લગતા કેસોમાં અને ડીસીપ્લીન અને કન્ડકટ રુલ્સને લગતા કેસોમાં થાય છે. પ્રાથમિક તપાસ જે તે ખાતાના વડા કે તેના શિસ્ત અધિકારી કહેવાય એ કરતા હોય છે પણ આયોગમાં જે ગંભીર પ્રકારની ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારનો આરોપ હોય છે તેમાં સલાહ લેવાનું ફરજીયાત અને જરૂરી છે. આવા કેસોમાં જે તે ખાતા સમયસર તપાસ કરતા નથી. પરિણામે કયારેક કેટલાક અધિકારીઓ–કર્મચારીઓ છૂટી જાય અથવા તો નિવૃત્તિના સમયે એ તપાસમાં વિલંબ થવાને કારણે એ અધિકારીઓ હેરાન પણ થાય છે. આ બધી બાબતોમાંથી નિરાકરણ કરવું હોય તો આ આયોગને સ્વાયત્ત સંસ્થા તરીકે કાયદાકીય જોગવાઇઓ સાથે સત્તા પણ આપવી જોઇએ. આ ગૃહમાં આ કાયદો પસાર થશે તો આજનો આ દિવસ ગુજરાત માટે ઐતિહાસિક દિવસ બની રહેશે. માટે આ સભાગૃહને ફરીથી વિનંતી કરું કે આ કાયદો પસાર કરે. આ કાયદામાં અમારા સભ્યશ્રીએ બે મહત્વની જોગવાઇઓ મૂકી છે. આ આયોગમાં એક તો મુખ્ય કમિશ્નર હોય અને બીજા બે અધિક કમિશ્નર અથવા તો કમિશ્નર પણ હોય. જેથી કરીને તપાસના કે સલાહ આપવાના કેસોનો સમયસર નિકાલ થાય. સમયસર ખાતાઓને સલાહ આપી શકાય અને કર્મચારીઓ જેને પણ શિક્ષા કરવાની થતી હોય તેમને સમયસર શિક્ષા થાય જેથી કરીને તેમને સુધરવાની તક મળે અને સાથે સાથે વહીવટ પણ સારો થઇ શકે. અત્યારે ખાતાકીય તપાસાના કેસો કેટલા સમયમાં પૂરા કરવા, પ્રાથમિક તપાસ કેટલા સમયમાં પૂરી કરવી, આયોગ પાસે સલાહ કેટલા સમયમાં લેવી, તેના માટે કાયદામાં કોઇ જોગવાઇ નથી. નિયમોમાં પણ કોઇ જોગવાઇ નથી. તેના પરિણામે

તપાસના કેસોમાં અસહ્ય વિલંબ થાય છે અને છેલ્લે છેલ્લે અધિકારીઓની એવી હાલત બને છે કે નિવૃત્તિના દિવસે તેમનો વિદાય સમારંભ ચાલતો હોય ત્યારે ચાર્જશીટ બનાવવાના ઢગલાબંધ કેસો આજે પણ બને છે. આ સરકારના વિભાગોમાં કેટલાય વિભાગો એવા છે કે આખર તારીખે ત્રણ–ચાર ગાડીઓ રીઝર્વ રાખે. શા માટે? માત્રને માત્ર ચાર્જશીટ બજાવવા ગમે ત્યારે જવું પડશે, એટલે ચાર–પાંચ ગાડીઓ રીઝર્વ રાખીને છેલ્લા દિવસે અધિકારીઓ–કર્મચારીઓને મુશ્કેલીમાં મૂકવાનું કામ આપણી આ સરકાર કરી રહી છે. મારે આના માટે પણ કહેવું છે કે જે અધિકારીઓ સમયસર તપાસ નથી કરતા તેમની સામે પણ તપાસ થવી જોઇએ. તપાસના કેસો જે મૂકી રાખે છે તેમની સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઇએ. અધિકારી કે કર્મચારી ભ્રષ્ટાચાર કે  ગેરરીતિના આરોપોમાં દોષિત હોય તો તેને સજા થવી જોઇએ. તેમાં કોઇને કોઇ વાંધો હોઇ શકે નહીં. પણ એ સજા સમયસર થવી જોઇએ. જેથી કરીને એ અધિકારીનો નિવૃત્તિનો સમય ન બગડે.

માનનીય અધ્યક્ષશ્રી, તપાસના કેસોમાં મારું એક સૂચન છે કે કદાચ આ કાયદો પસાર થાય કે ન થાય અલગ વાત છે. પણ તપાસના દરેક તબક્કામાં સમય નક્કી થવો જોઇએ અને સમય મર્યાદામાં તપાસ થવી જોઇએ. તપાસનો રિપોર્ટ જે તે શિસ્ત અધિકારીને આપવો જોઇએ. શિસ્ત અધિકારીએ પણ સમય મર્યાદામાં નિર્ણય કરવો જોઇએ. આ મારું સૂચન છે. આ વિધેયક પસાર થાય તેના માટે હું વિનંતી કરું છું.

શ્રીમતી વિભાવરીબેન  વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા જે વિધેયક લઇને આવ્યા છે એને હું નકારું છું, અસ્વીકાર કરું છું. મને એવો વિચાર આવ્યો કે તેમને આ વિધેયક લાવવાનો વિચાર કેમ આવ્યો હશે? આપણે બધા જાણીએ છીએ કે જે પાર્ટીના લોકો ટુજી, થ્રીજી, જીજાજી, સાળાજી, જમાઇજી આ બધા લોકો ભ્રષ્ટાચારના મેળાવડાઓ કરતા હોય એમને ભ્રષ્ટાચારની શંકા આવે અને એવું લાગે કે આ લોકો પણ ભ્રષ્ટાચાર કરતા હશે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં સભ્યશ્રી પાસેથી સાંભળ્યું કે અત્યારે જે કાયદો છે એ પૂરતો નથી. આ કાયદો ૧૯૬૪માં એમણે બનાવેલો. એમના કહેવા મુજબ એ વખતે આ કાયદો નખ, નહોર વગરનો બનાવેલો. પોતાને ભ્રષ્ટાચાર કરવો હતો એટલે નખ નહોરા વગરનો કાયદો રાખ્યો. જેથી તેઓ ભ્રષ્ટાચાર કરી શકે અને હવે એમને એવું લાગે છે કે આ લોકો ભ્રષ્ટાચાર કરશે એટલે તેઓ એમાં ફેરફાર કરવાની વાત કરે છે. આ સરકાર પારદર્શક વહીવટ કરે છે, પ્રામાણિક વહીવટ કરે છે. એમના સમયમાં જ્યારે કોઇ નોકરી લેવાની હોય ત્યારે કોથળો ભરીને રૂપિયા આપવા પડતા હતા. અત્યારે જે લોકો નિવૃત્ત થઇ રહ્યા છે એ શિક્ષકોને પૂછી લેજો કે તમે કેવી રીતે નોકરી મેળવી હતી? એ સમયે એમણે બે લાખ, પાંચ લાખ કે દસ લાખ રૂપિયા વીસ વર્ષ પહેલા આપીને નોકરી મેળવી હતી. કોથળો ભરીને રૂપિયા લઇ જાય ત્યારે નોકરી મળતી હતી. આજે સંપૂર્ણ પારદર્શકતાથી, સંપૂર્ણ મેરિટ ઉપર, ઓન લાઇન પદ્ધતિથી, કોઇપણ મંત્રીનો દિકરો હોય તો પણ એ નોકરી મેળવી ન શકે, કોઇપણ પ્રકારની લાગવગ વગર માત્રને માત્ર મેરિટના આધારે નોકરી મેળવી શકાય છે. એ લોકોના સમયમાં તો બદલીમાં પણ ભ્રષ્ટાચાર થતો હતો. એનાથી એ લોકોના ઘરના ઘર ચાલતા હતા. અમારા સમયની અંદર પ્રમાણિકતાથી બદલી થાય છે. શિક્ષકોની બદલીમાં પણ તેમને મળવાપાત્ર હોય એ પ્રમાણે જ બદલી થાય છે. પતિ–પત્નીનું હોય તો પણ નિયમ પ્રમાણે જ બદલી થાય છે, એમાં ક્યાંય ભ્રષ્ટાચાર થતો નથી. અગાઉના પૂર્વ સભ્યશ્રીએ વાત કરી. ૭/૧૨, ૮/અ, પાણી પત્રકમાં નામ ચડાવવું હોય તો તલાટી મંત્રી પાસે જેટલી જમીન હોય, જેટલા વિઘા જમીન હોય એટલી થેલી ભરીને રૂપિયા લઇને જાય, ત્યારે એમના નામ ચડે છે. અમારા સમયની અંદર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં પહેલા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા અને અત્યારે શ્રીમતી આનંદીબેન પટેલ છે તેઓએ ગરીબ કલ્યાણ મેળા કર્યા છે. એ કરવાનું કારણ એ છે કે એમના સમયમાં વચેટિયાઓ હતા. ગરીબોને સાધન સહાય પહોંચાડવા દેતા નહોતા અને પોતે સીધું લઇ લેતા હતા. એમના વડાપ્રધાને એવું કહ્યું હતું કે હું એક રૂપિયો મોકલું છું અને લાભાર્થી પાસે ૧૫ પૈસા જ પહોંચે છે. આજે અમે એક રૂપિયો મોકલીએ છીએ અને સવા રૂપિયો પહોંચે છે. •(×××) લોકો બદલી કરાવીને ઘર ચલાવતા હતા. તમામ ક્ષેત્રોમાં એજન્ટ પ્રથા હતી. તમામ ક્ષેત્રે એજન્ટ પ્રથા નાબૂદ કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : એવા શબ્દો નહીં બોલો કે જે મારે દૂર કરવા પડે. આપની પાસે એક જ મિનિટ છે.

શ્રીમતી વિભાવરીબેન  વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે કોંગ્રેસનું શાસન શું કામ ગયું? આ ભ્રષ્ટાચારના કારણે ગયું. શહીદોની વિધવાઓના ફ્લેટ ખાઇ ગયા, આદર્શ કૌભાંડ થયું. આપના સમયમાં ત્રણેય લોકમાં ભ્રષ્ટાચાર કર્યો. આકાશ, પાતાળ અને જમીન ઉપર ભ્રષ્ટાચાર થતો હતો. એકેય ક્ષેત્ર આપે બાકી રાખ્યું ન હતું. એટલે એમને આ બધુ યાદ આવે છે. એટલે આ ભ્રષ્ટાચાર રોકવા માટેનું બિલ લઇને આવ્યા છે. એ સમયે તો કાયદાઓ જ એવા બનાવ્યા કે એમાંથી છટકબારીઓ નીકળે અને ભ્રષ્ટાચાર કરી શકાય. આજે તો કાયદાઓ જ એવા બનાવીએ છીએ કે છટકબારીઓ ન હોય. અમે પારદર્શકતાથી વહીવટ કરીએ છીએ અને પ્રામાણિકતાથી આગળ વધીએ છીએ. '' બક્ષ

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દેતા હૈ ખુદા જીસકો, જીસકી કિસ્મત ખરાબ હો, લેકીન વો હરગીઝ નહીં બક્ષતા જીસકી નિયત ખરાબ હો.'' એમની નિયત ખરાબ હતી એટલે ગુજરાતની પ્રજાએ એમને બક્ષ્યા નથી.

શ્રી રજનીકાંત સો. પટેલ ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા દ્વારા રજૂ કરાયેલ આ બિન સરકારી વિધેયકનો મુખ્ય આશય આ બિલ અન્વયે અમલમાં આવનાર એક્ટ હેઠળ ગુજરાત રાજ્ય તકેદારી આયોગની રચના થાય અને એની સત્તા અને કાર્યો તથા આયોગની કાર્યવાહીની પ્રક્રિયા વગેરે એક્ટ હેઠળ નિયત થાય એ પ્રકારનું આ બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યો અને વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓએ પણ એના ઉપર પોત પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. હાલ રાજ્યમાં તકેદારી આયોગની રચના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭-૪-૧૯૬૪ના ઠરાવથી કરવામાં આવી છે અને આ આયોગ લાંચ રૂશ્વત, અપ્રમાણિકતાને સંબંધિત આક્ષેપો અંગે રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશનના અધિકારી/કર્મચારીઓ આ બધાને આમાં આવરી લીધા છે. તકેદારી આયોગ પોતાની કામગીરીમાં સ્વતંત્ર છે અને ભ્રષ્ટાચારને અંકુશમાં લેવા માટે તટસ્થપણે પગલાં લેવાય એ દિશામાં એ સતત કાર્યશીલ છે. માનનીય સભ્યશ્રીએ એની સાથે સાથે સેવા અને સાદગીની વાત કરી. મારે એમને પૂછવું છે કે આ દેશના વડાપ્રધાનના માતૃશ્રી સિવિલ હોસ્પિટલમાં પોતાની સારવાર માટે જાય એને સાદગી ન કહેવાય? અમને તો અમારી પાર્ટીએ, અમારા પાર્ટીના વડવાઓએ આ પ્રકારના સંસ્કાર આપ્યા છે કે સમાજના અંતિમ વ્યક્તિ સુધી કઇ રીતે પહોંચાય? સત્તાને ક્યારેય અમે અંતિમ પડાવ માન્યો નથી. સત્તા અમારા માટે સાધન છે અને એ સાધન થકી સમાજના અંતિમ પંક્તિના વ્યક્તિની સેવા કઇ રીતે કરવી એ અમને શિખવાડવામાં આવ્યું છે અને એ આજે અમે કરી રહ્યા છીએ. અમને એ શિખવાડવામાં આવ્યું છે કે 'વ્યક્તિ સે બડા દલ હૈ ઔર દલ સે બડા દેશ હોતા હૈ'. આ દેશ સમગ્ર વિશ્વમાં સ્વાભિમાન રાષ્ટ્ર તરીકે ઉભરે એ પ્રકારની વ્યવસ્થાઓ રાજ્ય અને દેશમાં ગોઠવાય એના માટેના પ્રયત્નો ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. હું કહીશ કે, આ તકેદારી આયોગ દ્વારા ૨૦૦૯થી શરૂ કરીને ૨૦૧૩ સુધીમાં જે વિવિધ વિભાગો, ખાતાના વડાઓ, બોર્ડ અને નિગમો આ બધા દ્વારા કાર્યવાહી કરવા માટે જેટલા કેસોની ભલામણ કરી છે એમાંથી ફક્ત એક જ કેસનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. એનો અર્થ એ થાય કે તમામે તમામ ભ્રષ્ટાચાર વિરોધી બાબત હોય તો એનો સ્વીકાર એ વખતના આપણા આયોગ દ્વારા કરવામાં આવ્યો છે અને એટલે એમાં એનો સ્વીકાર થાય અને ભલામણોના સંદર્ભમાં ૫ વર્ષમાં ૧૬૫૮ જેટલા રાજ્યપત્રિત અધિકારીઓ સામે જુદા જુદા પ્રકારની શિક્ષાના હુકમો કરવામાં આવ્યા છે. એનો અર્થ એ થાય કે ક્યાંય કોઇ લોકો પકડાયા હોય તો એમની સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી છે. સાથે સાથે તા. ૧૭-૪-૧૯૬૪ના ઠરાવ મુજબ નિયમ-૪ અને ૫ નીચે તકેદારી આયોગને સીધી તપાસ કરવાની સત્તા છે. એટલે તકેદારી આયોગ એ એન્ટી કરપ્શન બ્યુરોને એની તપાસ સોંપે, વિભાગને તપાસ સોંપે, તપાસ અધિકારીને સીધા નીમી શકે એ તમામ પ્રકારની વ્યવસ્થા આમાં કરવામાં આવી છે. આ બધા વિષયોનો ઉપયોગ કરીને આપણને ક્યાંય પણ શંકા હોય તો એના દ્વારા શંકા દૂર થાય અને તટસ્થતાથી કાર્યવાહી થાય એ પ્રકારની વ્યવસ્થાઓ આમાં ગોઠવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે એમાં હું કહીશ કે, બિન-સરકારી વિધેયકને જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી ભારત સરકાર દ્વારા કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જેમ સેન્ટ્રલ વિજીલન્સ કમિશનની રચના કરવામાં આવેલ છે, એ ધોરણે વિવિધ રાજ્યોમાં પણ એક સમાન રીતે રાજ્ય તકેદારી આયોગની રચના થાય એ દિશામાં આગળ વધવાનું દેશની સરકારે વિચાર્યું અને એટલા માટે અન્ય રાજ્યોની જેમ ગુજરાત સરકારે પણ તા.૬-૨-૨૦૦૬ના પત્રથી સ્ટેટ વિજીલન્સ કમિશન બિલ- ૨૦૦૫નો ડ્રાફ્ટ મોકલી આપ્યો છે અને દેશની સરકાર વિવિધ રાજ્યોમાંથી આ પ્રકારના જે કાંઇ પત્રો આવ્યા હશે એને સંકલીત કરીને તમામ રાજ્યોમાં સમાન એક્ટ કઇ રીતે લાવી શકાય એ પ્રકારની દિશામાં આગળ વધી રહી છે. એટલે આમ ભારત સરકાર જ્યારે તમામ રાજ્યોમાં સમાન ધોરણે વિજીલન્સ કમિશનની રચના થાય એ માટે કાયદો લાવવા વિચારી રહી હોય ત્યારે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને આ અંગે મોકલાવેલ કોમેન્ટ્સ , ભલામણો આ બધાના આધારે સરકાર ડ્રાફ્ટ બિલ અન્વયે યોગ્ય વિચારણા કરી અને આ અંગે જરૂરી કાયદો ઘડવા આગળ વિચારણા હાથ ધરતી હોય ત્યારે માનનીય ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરાયેલ આ બિન-સરકારી વિધેયક પ્રમાણે કોઇ કાયદો ઘડવાની કાર્યવાહી હાથ ધરવી આ સંજોગોમાં યોગ્ય જણાતી નથી અને એટલા માટે આ બિન-સરકારી વિધેયક માનનીય ધારાસભ્યશ્રી પરત ખેંચે એના માટે હું એમને વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષ : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

સન ૨૦૧૪નુ ગુજરાત વિધેયક ક્રમાંક – ૧૩.

ગુજરાત(રાજ્ય સેવક દ્વારા) લોક-તિરસ્કાર નિવારણ બાબત વિધેયક, ૨૦૧૪

રાજ્ય સેવા દ્વારા લોકોને થતા અપમાન અને માનહાનિમાંથી તેમને રક્ષણ આપવા માટે અને વ્યક્તિના ગૌરવની સુદ્રઢતા માટે જોગવાઇ કરવા બાબત માટેનું વિધેયક.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૪ના ગુજરાત ( રાજ્ય સેવક દ્વારા ) લોક–તિરસ્કાર નિવારણ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ વિધેયક લાવવા પાછળનો મારો હેતુ એ છે કે, કર્મચારીઓ અને અધિકારીઓ સરકારના હાથ–પગ ગણાતા હોય છે અને સરકારી પગાર, મકાન, ભાડાભથ્થા સહિત અનેક લાભો, સરકાર નાગરિકો પાસેથી ઉઘરાવીને જે કર મેળવે છે એમાંથી આ અધિકારીશ્રીઓને પ્રાપ્ત થતા હોય છે અને સંજોગો કેટલાય સમયથી એવા બદલાઇ ગયા છે કે, ન જાને કેમ થોડા મુઠ્ઠીભર લોકો માત્ર કોઇ સરકારના માત્ર હાથા બનીને લોકોનો તિરસ્કાર કરતા થઇ ગયા છે. એમ સમજીને બેઠા છે કે, આ સરકાર એ કાયમી રહેવાની છે, અમે આ સરકારમાં કાયમી છીએ, એ લોકોનો જબરજસ્ત તિરસ્કાર કરતા થઇ ગયા છે. આજે જ્યાં જુઓ ત્યાં સારી જગ્યા ઉપર બેસવા માટેની પડાપડી થઇ રહી છે. અને એવા કેટલાય લોકો છે કે જે આ સારા હોય છતાં આજે ગુજરાતમાં ક્યાંય સારી જગ્યાએ એમને બેસવા મળતું નથી. કેટલાય લોકો એવા છે કે જ્યાં સરકારનું કામ કરો, સરકારના હાથ પડે તો સરકારની બહાર જઇને કોઇ પાર્ટીનું કામ કરતા હોય એ સ્થિતિનું કર્મચારીઓ જ્યારે કામ કરતા થઇ ગયા હોય. આ ફલાણા પાર્ટીનો, કોંગ્રેસ પાર્ટીનો ભાઇ આવ્યો છે માટે આનું કામ ના કરો અને એનાથી આગળ વધીને એની સામે તિરસ્કારથી જોવામાં આવે એવી સ્થિતિ પેદા થઇ છે. એવી સ્થિતિ પેદા થઇ છે માટે મને દાખલા આપવાનું મન થાય છે. રાજ્ય સરકારે પણ ૨૦૧૧ થી માંડીને ૨૦૧૪–૧૫ સુધીમાં વર્ગ–૧ના ૧૧૨ અધિકારી વિરુદ્ધ ફોજદારી ફરિયાદ, બેદરકારી, નાણાકીય ઉચાપત, એના અંદરની ફરિયાદ દાખલ કરી છે. ત્રણ અધિકારીની તો ફરજમોકૂફી કરી છે અને ૪૩ કિસ્સા આજે પણ ચાલુ છે એનાથી આગળ વધીને કહું કે રાજયમાં છેલ્લા પાંચ વર્ષથી પોલીસ સ્ટેશનની ટીમો જ્યાં દરોડા પાડે, જુગાર પકડાય એવા પોલીસ સ્ટેશનોના આજે જવાબદાર અધિકારીઓ સામે ૨૫ કેસો દાખલ થયેલા છે. ૬૧ કેસોની તપાસ ચાલુ છે. ૧૪૮૯૫૦ ની રકમનો દંડ, ૧૯૧ કેસ અને ઠપકા આ સરકારમાં આવો વહીવટ ચાલી રહ્યો છે. એવી સ્થિતિ જયારે હોય ત્યારે મારે ખાસ કરીને એ કહેવું છે કે સમય બદલાયો છે. આજે પદાધિકારીઓ બેઠા છે, આજે પ્રાંત સાહેબનું ચાલે, મામલતદાર સાહેબનું ચાલે, બીજી બધી કમિટીઓમાં, સરકારમાં એ અધિકારીઓ રાજ કરતા હોય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સભ્ય તરીકે ત્યાં બેઠા હોય એમની પણ અવગણના કરવામાં આવતી હોય એવી સ્થિતિ આજે થઇ ગઇ છે. જયારે પદાધિકારીઓ ચૂંટાતા હોય અને એની જો આવી દશા થતી હોય તો સામાન્ય જનતાનું શું થતું હશે એની ચિંતા કરવાનો સમય આજે પાકી ગયો છે. હમણા જ ચર્ચા કરવામાં આવતી હતી અને બહેન મોટા મોટા સવાલ કરતા હતા. આજે ગુજરાતનો કોઇ ખૂણો એવો નથી કે ત્યાં આગળ ભ્રષ્ટાચાર ન થતો હોય. ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર થઇ ગયો છે એવી સ્થિતિ ગુજરાતની છે. આજે સિસ્ટમ એવી છે કે ગણ્યાગાંઠયા લોકોએ કરોડો રૂપિયા ગુજરાતમાંથી કમાઇને એમના રાજયોની અંદર અનેક મોટા કૌભાંડો થાય એટલા પૈસા આજે ભેગા કર્યા છે. હું આ બિલ લઇને એટલા માટે આવ્યો છું કે નાનો ગામડાંનો ગરીબ માણસ, એની ચિંતા થાય અને એમ કહેવામાં આવે કે આ અધિકારીઓ નાના લોકોનું કામ કરતા થયા. કલેકટરથી માંડીને ચીફ સેક્રેટરી સુધીનું સરકારમાં એક વજન હોવું જોઇએ. એવો કાયદો બનવો જોઇએ કે એમને એમ થાય કે ભૂલથી પણ હું સામાન્ય માણસ માટેનું કંઇક ખોટું કરીશ તો મને સજા થશે. સજાની જોગવાઇ માટેની હું કલમ લઇને આવ્યો છું. હું એમ કહું છું કે માણસને ભય હોય, માણસને એમ થવું જોઇએ કે જે સ્થિતિ છે આ સરકારની એની સાથે હું નહીં ચાલું તો મારા માટે કાયદો એ મારો ફાંસો થશે એવું જો નહીં થાય તો આવનારા સમયમાં લોકોનો જે તિરસ્કાર છે એક સમય એવો આવશે કે આ તો બધા એવા હોય છે કે સમય બદલાય એટલે લોકો પણ બદલાતા હોય છે. અને સમય સાથે બદલાય ત્યારે એવી સ્થિતિ થવાની કે આ લોકો કોઇના નહીં થવાના. માટે હું સરકારને વિનંતી કરું છું. સરકારને એમ કહું છું કે ઘણા બધા કાયદા આપના હશે પણ કાયદો એવો હોવો જોઇએ કે પોતાના દિલ ઉપર હાથ મૂકીને તમે પૂછજો કે આજે ખરેખર વાસ્તવિકતા શું છે? પોલીટીકલી કોંગ્રેસ અને ભા.જ.પ. બિલ અમે લાવ્યા, સામે બોલવું. આપ બિલ લાવ્યા, અમે સામે બોલીએ એનાથી બહેતર એ છે સાચી વસ્તુ કે આ દિલને ઢંઢોળવાનો સમય આવી ગયો છે. (અંતરાય) આ નીતિનભાઇ હસાવી દે છે. લીંક તોડી નાખી. મારે કહેવું છે કે સમય સાથે ચાલીને સરકાર એવો કાયદો બનાવે આપણા બધાના હિતમાં, સાડા છ કરોડ જનતાના હિતમાં. લોકોને એમ થાય કે આપણા આટલા બધા કર્મચારીઓ છે. એમાં થોડાઘણા કર્મચારી છે જેને એમ લાગે છે કે કાયદાથી પર રહીને કામ કરતા હોય એવા લોકો માટે આ કાયદો આવે એ માટે હું બધા જ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આમાં પક્ષાપક્ષી ભૂલીને આપના દિલને ઢંઢોળીને

* વિધેયક તા. ૧૭મી જુલાઇ, ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિચારજો કે ખરેખર નીચે શું ચાલી રહયું છે? અને આવનાર સમયમાં આપણે કેવી રીતે મજબૂત કરી શકીએ એના માટેની મારી આ સરકારને વિનંતી છે તો ચોકકસપણે આપ સૌ એમાં મને મદદ કરીને આ બિલ પસાર કરો એવી આપ સૌને મારી વિનંતી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત સને ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૩ ગુજરાત (રાજ્ય સેવક દ્વારા) લોક–તિરસ્કાર નિવારણ વિધેયક–૨૦૧૪ લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

એમણે બધા જે આક્ષેપો કર્યા છે, એનાથી ૫ લાખ જેટલા અધિકારી, કર્મચારીઓને ખૂબ જ દુઃખ લાગ્યું હશે. એમણે એવું કહ્યું કે આ લોકો હાથા બની ગયા છે. અધિકારીઓ કોઇ દિવસ હાથા હોતા નથી. ભારતના બંધારણની અંદર ૩ અંગો છેઃ એક legislature, executive and judiciary. આ ત્રણેયના સ્થાન બહુ સન્માનપૂર્વક separation of power ની થીયેરીથી નિર્ધારિત કરવામાં આવેલા છે. એટલે અધિકારી અને કર્મચારીઓ માટે આવી વાત કરવી શરમજનક લાગે છે. કારણ કે કોઇ સંજોગોની અંદર અધિકારી પોતે વેતન લઇને કામ કરતો હોય છે. પોતે sincerity થી કામ કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ જ્યારે કર્મયોગી બની રહ્યા છે, ત્યારે આવી વાત કરવી યોગ્ય લાગતી નથી. એમણે એમના બિલના હેતુમાં કહ્યું કે વ્યક્તિનું ગૌરવ. તો શું કર્મચારી વ્યક્તિ નથી? વ્યક્તિના ગૌરવની વાત કરતા હોય ત્યારે મારે તેમને કહેવું છે કે pre-amble વાંચી લો. Pre-amble ની અંદર લખ્યું છે કે fraternity assuring the dignity of individuals પછી ૧૯૯૬ ની અંદર એક સુધારો કરવામાં આવ્યો છે અને એમાં લખ્યું છે કે fraternity assuring the dignity of individuals and unity and integrity of India. આ ઇન્ડિયાની જે unity અને integrity ના જે દુશ્મનો છે, એને ટેકો આપવાનું બંધ કરો. કારણ કે જે લોકો આપણી પાર્લામેન્ટ ઉપર(અંતરાય) આમાં preamble ની વાત આવી છે. Preamble ની અંદર unity and integrity of India એ શબ્દ છે અને એટલા માટે હું આ વાત કરી રહ્યો છું. જે લોકો અફઝલ ગુરુને ટેકો કરતા હોય, જે લોકો દેશ વિરોધી સૂત્રો પોકારતા હોય એ લોકોને આ દેશમાં રહેવાનો કોઇ અધિકાર નથી અને એટલા માટે જ ખૂબ જરૂરી છે કે આપણે preamble બરોબર વાંચીએ અને બરોબર એને સમજીએ. આ સરકાર એ ગતિશીલ સરકાર છે. તમે સ્વીકારો કે ન સ્વીકારો, પરંતુ તત્કાલિન મુખ્યમંત્રીએ સ્વાગત ઓન લાઇન પ્રોગ્રામ શરૂ કર્યો અને એના કારણે ૩,૯૩,૯૧૨ અરજીઓ મળી એમાં ૩,૬૭,૦૬૯ નો નિકાલ થયો. ટકાવારીમાં ૯૩.૧૯ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. આજે દરેક જિલ્લા અને તાલુકાની અંદર એ.ટી.વી.ટી. કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે અને એની અંદર કરોડોની સંખ્યામાં અરજીઓ આવી છે. બલવંતભાઇ, તમે આંકડાઓ વાંચો. ૨ કરોડ ૩૫ લાખ ૯૭ હજાર ૬૧૦ અરજીઓ મળી. એમાંથી ૨ કરોડ ૩૪ લાખ ૮૩ હજાર ૭૯૬ નો નિકાલ કરવામાં આવ્યો છે. એટલે કે ૯૯.૫ ટકા અરજીઓનો નિકાલ કર્યો છે. આ ગતિશીલ સરકારે લોકસંવાદ સેતુ દ્વારા દરેક મંત્રીશ્રીઓ દરેક તાલુકાની અંદર દર મહિને જાય છે. અને પ્રજા સાથે લોકસંવાદ કરતા હોય છે. તમે સત્તા ઉપર હતા, ત્યારે તમને પ્રજા યાદ આવતી નહોતી અને હવે તમે પ્રજાના તિરસ્કાર માટેની ચિંતા કરો છો. ગતિશીલ ગુજરાતના પહેલાં તબક્કાની અંદર ૧૩૮ ટકા સિદ્ધિ, બીજા તબક્કામાં ૧૨૬ ટકા સિદ્ધિ અને ત્રીજા તબક્કાની અંદર ૧૦૦ ટકા સિદ્ધિ કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી રમણભાઇએ થોડા દિવસ પહેલાં જાહેરાત કરી કે આ વિધાનસભાએ ગુજરાત જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ પસાર કર્યો હતો અને તેના નિયમો બની ગયા છે. તે ૧–૪–૨૦૧૬થી ૧૮ વિભાગોમાં ૨૭૫ સેવાઓ નાગરિકોને તેના અધિકાર તરીકે મળશે. આ રાઇટસ ઓફ સીટીઝનની વાત તે કેશુભાઇના સમયથી ભારતીય જનતા પાર્ટીએ સ્વીકારી છે અને કાયદાનું સ્વરૂપ આપ્યું છે. આ બિલમાં આઇ.પી.સી. અંગે, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ નીચે બધી જોગવાઇઓ કરવામાં આવી છે. માહિત અધિકાર અધિનિયમ નીચેની જોગવાઇઓ ધ્યાને લઇએ ત્યારે મને લાગે છે કે આવા કાયદાઓ અમલમાં જ છે, અસરકારક રીતે અમલમાં છે એટલા માટે આ બિલની કોઇ જરૂર નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇ જાહેર સેવકો દ્વારા લોક તિરસ્કાર નિવારણ વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. લોકશાહી એટલે લોકો માટે, લોકો વડે અને લોકો થકી ચાલતું શાસન. તેના ત્રણ પાયા અધિકારી, પદાધિકારી અને જયુડીશ્યરી છે. અત્યારે પરિસ્થિતિ એવી થઇ છે કે આ રાજયમાં નોકરીયાતો તેને નોકરીની પૂરી સલામતી છે, યુનિયનોના પીઠબળ છે, કયાંક રાજકીય પક્ષેના પણ પીઠબળ મળતા હોય છે અને નોકરી પૂરી થાય પછી તેની નિશ્ચિતતા છે. તેના કારણે આ જે વર્ગ છે તે પૈકીના અમૂક લોકો બેફામ બની ગયા છે. તેને કોઇ ચિંતા કે ભય નથી. તેના ઉપર કોઇ જવાબદારી પણ નિશ્ચિત નથી. વહીવટી તંત્રમાં આપણે બધા જાણીએ છીએ અને રોજબરોજ આપણે બધા અનુભવીએ છીએ. કોઇ સ્વીકારે કે ન સ્વીકારે તે તેની મરજીની વાત છે. આ રાજયમાં કે આ દેશમાં અત્યારે જે રીતે કર્મચારીઓ કામ કરી રહ્યા છે તેના ઉપર કોઇ ચોક્કસ અંકુશ મૂકવો જરૂરી છે, છે ને છે. તે કાયદાથી જ મૂકવો પડશે. તેમાં જયારે માનનીય સભ્યશ્રી આ જે વિધેયક લઇ આવ્યા છે તેમાં ફરજ દરમ્યાન કામ કરવાનું ટાળવું, ફરજ દરમ્યાન પોતાની જગ્યા ઉપર

વર્તમાનપત્રો વાંચવા, રેડિયો સાંભળવો, અરજદાર સાથે અસભ્ય વર્તન કરવું, કામ માટે સભ્યતાથી જવાબ ન આપવો આ બધા જે પ્રશ્નો છે તેનો ભોગ આપણા નાના નાના નાગરિકો બહુ બને છે. તેમાંય ખાસ કરીને અમૂક તંત્ર રેવન્યુ અને પોલીસ એવા છે તેની તમે વાત કરો તો આપણા રાજયના નાગરિકોને ખૂબ હેરાનગતિ છે. તેના આવા વર્તન અને વ્યવહાર સામે કાયદાથી ચોકકસ જો બંધન નહીં મૂકીએ તો દિવસે દિવસે આ પ્રવૃત્તિ વકરતી જવાની અને વધતી જવાની છે. અશિસ્ત પણ વધતી જાય છે, લોકોની ઉપેક્ષા પણ વધતી જાય છે. તેવા સંજોગોમાં આવો કાયદો લઇ આવવો તે ખૂબ જરૂરી છે. હું ૧૯૯૮માં અમેરિકા ગયો હતો. મારે નાઇગ્રા ધોધ જોવા કેનેડા જવું હતું. અમે ત્યાં તેની એમ્બેસીમાં ગયા અને ફોર્મ રજૂ કર્યુ તો ત્યાં ના કર્મચારીઓ અને અધિકારીઓએ અમને તરત સસ્મિત એમ કહ્યું કે આવતી કાલે બે વાગે આવજો. નિશ્ચિત સમયે અમે ગયા તો અમારા કાગળ આપી એમ પૂછયું કે સર આર યુ હેપી. ઇઝરાઇલ ગયો છું, કેનેડા, ઇંગ્લેન્ડ, દુબઇ ગયો છું. કર્મચારીઓ જે રીતે સેવા કરે છે, જવાબદારી સાથે જે રીતે કામ કરે છે એનો એક ટકો અહીંયા કામ નથી થતું. કોઇ સ્વીકારે કે ન સ્વીકારે મને કોઇ વાંધો પણ નથી. આ પક્ષ કે આ પક્ષ, આજે એ લોકો સત્તા ઉપર છે કાલે આ લોકો ૨૦૧૭ પછી સત્તા ઉપર આવવાના છે. સવાલ એ નથી, સવાલ એ છે કે આ રાજયની પ્રજા આવા જોહુકમી ધરાવતા કર્મચારીઓનો ભોગ બની રહી છે અને એને અટકાવવું એ આપણી ફરજ છે, આપણી ડ્યૂટી છે એટલા માટે કે, લોકશાહીમાં લોકો સર્વોપરી છે. આપણી પદાધિકારી તરીકેની જવાબદારી નિશ્ચિત એમ અધિકારી/કર્મચારી તરીકેની ફરજો પણ નિશ્ચિત છે અને એની ફરજમાં લોકોનું માન સન્માન સાચવવું, લોકોના સાચા અને વાજબી કામો કરી દેવા એની સાથે સારુ વર્તન અને વ્યવહાર કરવો આ એની જવાબદારી છે અને જયારે એની જવાબદારીમાંથી કોઇ ચલિત થાય એ ગમે એવડો મોટો કર્મચારી કે અધિકારી હોય તો પણ એની સામે કાયદાથી શિક્ષાત્મક પગલાં લેવા માટેની જોગવાઇ હોવી જોઇએ અને જો આવી જોગવાઇ હશે તો જ આ લોકો વ્યવસ્થિત કામ કરશે. કારણ કે, ભય બીન પ્રિત નહીં એમ કહેવાય છે. એટલે કાયદાનો ભય ચોક્કસપણે લાવવો જરૂરી છે અને એના માટે માનનીય સભ્યશ્રી બલવંતસિંહજી આ જે વિધેયક લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ આપણા બધા માટે જરૂરી છે, આ રાજયના હિત માટે પણ જરૂરી છે અને આ બિલ જો પાસ કરીશું તો જનતાને ખૂબ મોટો ફાયદો થશે અને કર્મચારીઓ, જાહેર સેવકોમાં શિસ્ત આવશે, કામ કરવાની ભાવના પણ વધશે અને જવાબદારી સાથે કામ કરશે, જેના પરિણામે રાજયને ફાયદો થશે એટલે બધાય આને ટેકો આપે એવી મારી વિનંતી.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી અને કોંગ્રેસ પક્ષના દંડક શ્રી બલવંતસિંહજી ગુજરાત રાજય સેવક દ્વારા લોક તિરસ્કાર નિવારણ વિધેયક લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક તો આપણે જોયું છે અને એની અંદર લોક તિરસ્કાર કોને કહેવાય એમણે એની આખી વ્યાખ્યા આપી છે. હું એ વ્યાખ્યામાં સરકારના અત્યારે કચેરી કાર્યપદ્ધતિમાં ફકરા ક્રમાંક–૧૧૧(૧–અ–ખ)(૨)ની જોગવાઇ કરેલી છે. રાજય સેવા વર્તણૂક નિયમો ૧૯૭૧ના નિયમ–૩(ક)(ખ)ની જોગવાઇ અને બાકીની પણ પૂરતી જોગવાઇ કરેલી હોવાના કારણે આ વિધેયકમાં એમણે જે મૂક્યું છે એમાં જે લખેલું છે એ બધી પૂર્તતા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં એના ઉદેશો જે લખેલા છે એમાં હું જાવ તો ઉદેશો અને કારણો, "ભારતનું સંવિધાન વ્યક્તિ ગૌરવને માન્ય રાખે છે પણ ૬૫ વર્ષ દરમ્યાન લોકોને અનુભવે એમ લાગે છે કે, લોકશાસનના બદલે રાજ સેવકો ઘણીવાર રાજયના સામાન્ય લોકોની જાહેરમાં માનહાનિ કરે છે." માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આ જે કલમો છે એમાં સરકારના નિયમોમાં પૂર્તતા થાય જ છે પણ જ્યારે ચૂંટાયેલી સરકાર હોય અને એના નેતા અને સરકારને ઉથલાવવા કે બદનામ કરવા માટેના કોઇ કાવતરા થતાં હોય એમાં ડાયરેકટ કે ઇનડાયરેકટ સાથ કોઇ આપતા હોય એને પણ લોક તિરસ્કાર કહેવાય અને આવી કલમ પણ એમાં ઉમેરવી જોઇએ તો અમારી પાર્ટી તરફથી કદાચ અમે એમાં સંમતિ આપીએ એવું મને લાગે છે. બીજું, આ જયારે વિધેયક મૂકયુ એટલે એવુ લાગતું હતું કે કદાચ તેમના વકતવ્ય પછી આપણને અંદાજ આવે કે વિધેયકમાં અલગ હતુ અને એમણે અધિકારીઓ દ્વારા ભારતીય જનતા પાર્ટીને ટાર્ગેટ કરી એટલે એમાં જે કહેવાયું અને આપણી કહેવત છે કે, • (×××) મને આવુ હોય એવુ લાગે છે. હું કોંગ્રેસનો આજે ખૂબ આભારી છું કે, જે સરદાર પટેલને વર્ષો સુધી હાંસિયામાં ધકેલી દીધા અને સરદાર સરોવર યોજનાને આટલા વર્ષ લેઇટ કરી એ માટે જય સરદાર કહ્યું તેના માટે હું કોંગ્રેસનો ખૂબ આભારી છું.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાંઇ વાંધો નહીં પણ જય સરદાર કહેવા માટે હું એમનો ખૂબ આભાર માનુ છું. એમાં જે દૂરઉપયોગની ચરમસીમા કહેવાય એ સી.બી.આઇ.દ્વારા આપણા જ અહીંના નેતાઓ કે જે લોકોએ પોતાનું સમગ્ર જીવન ભારતમાતાને સમર્પિત કર્યુ છે એવા આદરણીય નરેન્દ્રભાઇ જેવા નરેન્દ્રભાઇને

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સી.બી.આઇ.એ બક્ષી નહીં અને તેનો જે દૂરઉપયોગ કરવાની ચરમસીમા વટાવી તે કોંગ્રેસ જયારે આ લઇને આવે છે ત્યારે તેમની દાનતમાં ખોટ લાગે છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ગુજરાત રાજય સેવક દ્વારા લોક–તિરસ્કાર નિવારણ વિધેયક લઇને આ ગૃહમાં આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધેયકમાં ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૩માં લોક–તિરસ્કાર જે કર્મચારીઓ દ્વારા ફરજ સમય દરમિયાન લોકોનું કામ ટાળવુ અનેક બધી અધિનિયમમાં લોક–તિરસ્કારની વ્યાખ્યા આપેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ઘણી ચર્ચાઓ થઇ છે ત્યારે આના વિશે વિવિધ કાયદા, કાનૂન, પરિપત્રો, સરકારી ઠરાવો આ બધી જ બાબતોમાં જે જે પ્રકારની લોક–તિરસ્કારની ભાવના લોકો પ્રત્યે ઉપસ્થિત કરે તેની સામે અનેક પ્રકારના આનુષાંગિક કાયદાઓની જોગવાઇ છે. અહીંયા ઘણું ચર્ચાયું. સાડા ચાર લાખ કર્મચારીઓ/અધિકારીઓ ખંત અને મહેનતથી લોકોની સેવાની કામગીરી કરી રહ્યા છે. આપણા જાહેર સેવકો લોકોના પ્રતિનિધિઓ માટે, લોકોની સેવા માટે આખું વહીવટી તંત્ર કેવી રીતે કામગીરી કરે તેના માટે મને એ દિવસ યાદ છે કે આ ગૃહના ગુજરાત રાજયના મુખ્યમંત્રી તત્સમયના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે સત્તા ઉપર આવ્યા ત્યારે કેવડિયા કોલોની મુકામે ત્રણ દિવસની ચિંતન શિબિર કરી અને ચિંતન શિબિરમાં લોકાભિમુખ વહીવટ થાય, લોકોને સરકારની સેવાનો લાભ વધારે કેવી રીતે મળે તેના માટે અનેક સૂચનો અને ચિંતનો થયા. એનું કારણ કે, કાગળનો કલર પીળો થાય એ પહેલાં કાગળનો નિકાલ થવો જોઇએ, ફાઇલનો નિકાલ થવો જોઇએ. તે દિશામાં જયારે આપણા ગુજરાત રાજયના કર્મચારીઓ/અધિકારીઓ કર્મયોગી બનીને કામ કરી રહ્યા છે, વિવિધ ચિંતનો થાય, યોગ સાધનાઓ પણ કરી છે, ત્રણ ત્રણ– ચાર ચાર દિવસની ચિંતન શિબિરમાં આજે કૃષિ મહોત્સવને, કન્યા કેળવણી રથયાત્રાને, ગમે તે ભલે તાયફાઓ સમજતા હોય, આજે વર્ષોથી આ પ્રકારનો લોકાભિમુખ કાર્યક્રમો થાય છે અને જયાં ભણતર ઓછું છે, જયાં શિક્ષણ ઓછું છે, તેવા મારા નર્મદા જિલ્લામાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હજારો કર્મચારીઓ સાથે ધમધોખતા તાપની અંદર જિલ્લામાં ફરી લોકોને દાખલ કરવા માટે ફર્યાં છે, ગાંધીનગરના આઇ.એ.એસ. અધિકારીઓ ગામડાંમાં જાય અને ગામડાંની સાચી પરિસ્થિતિ શું છે, એ જોઇને એમના જીવનમાં કર્મયોગી બનીને જયારે સેવા આપી રહ્યા છે ત્યારે આવા લાખો કર્મચારીઓને લાખ લાખ અભિનંદન આપું છું, છતાં પણ માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે જે પ્રકારે અહીંયાં એમના પ્રત્યેની વાત કરી છે, અને આપણે તો લોકોના પ્રતિનિધિઓ છીએ, લોકોને અન્યાય ન થાય એના માટેની ચિંતા કરીએ, એ વાજબી છે પણ આવા પ્રકારના લોકોને અન્યાય કરનારા કર્મચારી હોય એમની સામે ગુજરાત રાજય સેવા વર્તણૂક નિયમો-૧૯૭૧, કચેરીમાં કર્મચારી વ્યવસ્થિત ના બેસતો હોય, ગમે ત્યારે ઉઠીને જતા રહેતા હોય, ટપાલની કાર્યવાહીનો પણ વ્યવસ્થિત રીતે જવાબ ન કરી શકતા હોય...

રમણલાલ વોરા :( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સભ્ય આદરણીય બલવંતસિંહ જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે એના હાર્દ સાથે આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ સહમત થાય એ સ્વાભાવિક પ્રક્રિયા છે. આ વિધેયક લાવવા પાછળનો એમનો આશય સ્પષ્ટ છે, કોઇપણ કર્મચારી હોય એ કર્મચારીની રૂએ કામ કરે એવું આપણને બધાને લાગે છે અને એવું થવું પણ જોઇએ. કર્મચારી, અધિકારી હોય, પદાધિકારી હોય કે અન્ય કોઇ હોય અથવા સામાન્ય માણસ હોય એની સાથે શિસ્તભર્યું, સારો વ્યવહાર હોવો જોઇએ, વાણીવર્તન હોવું જોઇએ અને એને કામ કરવાની લગન હોવી જોઇએ પરંતુ એમાં કયાંકને કયાંક કમી જોવા મળતી હોય છે. બધા જ કર્મચારીઓ આ દિશામાં છે એવું કહેવું એ પણ મને લાગે છે કે એ વધારે પડતું છે. કયાંક થોડાક લોકો હશે પરંતુ એ થોડાક લોકોને કારણે આપણે બધા જ લોકોને દંડીએ કે આ બધું જ ખરાબ છે તો મને લાગે છે કે અતિશયોકિત છે. અધિકારીઓ પણ સારા લોકો હોય છે એ પણ દોડીને કામ કરતા હોય છે. એ પણ માણસોને મદદ કરવાનું કામ કરતા હોય છે અને જે જે કર્મચારીઓ આ પ્રકારનું કામ કરતા હોય એના માટે અનેકવિધ કલમો દ્વારા આ રાજય સરકાર એના ઉપર નિયંત્રણ મૂકવાનો પ્રયાસ કરી રહી છે. એમની હાજરી અને એમની વર્તણૂક, એના માટે પણ રાજય સરકારની અંદર કાયદાઓ છે, એનું પણ ઓચિંતુ નિરીક્ષણ કરવામાં આવે છે, એમની વિલંબકારી નીતિ હોય તો એની સામે ગેરવર્તણૂક ગણવાની જોગવાઇ પણ કાયદામાં છે. માહિતી અધિકારનો કાયદો પણ છે. ધારાસભ્ય, સંસદસભ્યને સમયસર પ્રત્યુત્તર મળે એ પ્રકારની પણ સૂચનાઓ છે પરંતુ આદરણીય બલવંતસિંહે જે વાત કરી છે એમાં બે ત્રણ બાબતો જે છે, મને લાગે છે કે એ આ ગૃહ માટે, એમના અને આપણા સૌના માટે ઠીક નથી એનો હું જરા ઉલ્લેખ કરવા માગું છું, અને કલમ –૯ ની જે વાત કરી છે એ કલમ–૯ એ ભારતના બંધારણ સાથે સુસંગત નથી. જે બાબત ભારતના બંધારણ સાથે સુસંગત ન હોય એની અહીંયા ચર્ચા પણ કરીએ તો મને લાગે છે કે ઠીક નથી. એટલે તમામ કર્મચારીઓ, કર્મચારીની રૂએ કામ કરે, કર્મયોગી બનીને કામ કરે અને એની સામે જે કંઇ કાર્યવાહી કરવાની હોય એ આપણે સરકાર તરીકે કરીએ જ છીએ.

એમણે એક વાત કરી કે ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર થઇ ગયો છે એવું પણ કહ્યું. એમને દિલને ઢંઢોળવાની પણ વાત કરી.

''હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હે બદનામ. વો કત્લ ભી કરતે હે તો ઉનકી ચર્ચા ભી નહિ હોતી''.

મિત્રો આટલા વર્ષો પછી તમને એમ લાગે કે ઓહો ઓહો આવું બધું ચાલે છે, અત્યાર સુધી શું ચાલતું હતું? અત્યાર સુધી શું ચાલતું હતું એ મને અને તમને બધાને લાગુ પડે છે. આપણે અધિકારીઓની વાત કરીએ છીએ ત્યારે પદાધિકારી તરીકે આપણે આપણા અંદરના માઇલાને પૂછીએ તો ખરા? અહીં બેઠેલા મારાથી શરૂ કરુ છું, રાઘવજીભાઇ, તમારાથી શરુ કરુ છું. અધિકારીઓ સામે કરવું જોઇએ એની ના નહિ પણ મેં પહેલા કહ્યું એમ નાનું હોય છે નેગેટીવ હોય છે વધારે પ્રભાવી હોય છે. ૯૯ ટકા સારા લોકો હોય છે એટલે એક ટકો ખરાબ હોય એક ટકો નેગેટીવ હોય એ પ્રભાવી હોય છે. એટલે આ ચર્ચા કરતાં હોઇએ ત્યારે આપણાથી શરૂઆત કરીએ માત્ર પાંચ લાખ કર્મચારીઓને એક દંડે હાંકીને એમના માટેની વાત કરવી એ મને લાગે છે કે ઠીક નથી. માનનીય રાઘવજીભાઇના ઘણા બધા અનુભવ છે અને ઘણા બધા દેશોમાં ફરી આવ્યા છે, સારી બાબત છે. બધા સારા નહિ પણ બધા ખરાબ છે એવું નહિ, આપણામાં પણ સારા છે. એક બે દાખલા આપ્યા હોત તો સારુ થાત. ત્યાં બધું સારુ નથી ત્યાં પણ આજ માલ છે. આમાં જ રમવાનું છે. આ કંઇ ભારતીય જનતા પાર્ટી અમે આવ્યાને બધાની ભરતી કરી દીધી એવું તો છે નહિ, જે કોઇ નિવૃત્ત થતા હોય એ કોઇને કોઇ સરકાર વખતે હશે. જે કર્મચારીઓ છે એને કર્મયોગી બનાવીને આપણા ઢાળામાં ઢાળીને ગામડાંના માણસને ગરીબ માણસને જે જોઇએ છે એ આપવાનો પ્રયાસ કરીશું તો મને લાગે છે કે આ બિલની સાર્થકતા પૂરવાર થશે. અનેકવિધ બાબતો છે. માનનીય બલવંતસિંહ વિષયના જાણકાર છે એટલે લાંબુ વિશેષ કહેતો નથી પરંતુ જે કાયદાઓ છે એ કાયદાનું અમલીકરણ પણ થાય, યોગ્ય દિશામાં થાય, સમયસર થાય તો મને લાગે છે કે એમની જે લાગણી છે એ લાગણીનો પ્રતિભાવ જરૂર મળશે. રાજય સરકાર વતીથી હું એમને ખાતરી આપું કે આપના બિલ સાથે બિલનું હાર્દ છે એ બિલના હાર્દને સ્વીકારીને જયારે પણ જરૂર પડશે ત્યારે રાજય સરકાર કડક હાથે કામગીરી કરીને આ ગુજરાતના વિકાસમાં જે આડકતરી રીતે રોડા નાખવાનું કામ કરશે એવા લોકોને નશ્યત કરીને જે તે પગલાં ભરવાના હશે એ રાજય સરકાર ભરશે એવી ખાતરી સાથે માનનીય બલવંતસિંહ એમનું બિલ પાછું ખેંચી તેવી વિનંતી કરુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય મંત્રીશ્રીએ બહુ સરસ જવાબ આપ્યો એમના જવાબથી મને સંતોષ છે અને મારો આગ્રહ છે કે સભાગૃહને વિનંતી કરુ કે આ મારુ બિલ મંજૂર કરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક –૧૭

ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૫.

ગુજરાત રાજ્યમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળમાં બિન–નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૫ના ગુજરાત બિન– નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ઘરગથ્થુ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓના કારણે શહેર અને નગરોમાંથી તેમજ આપણાં રોજબરોજના ઉપયોગમાંથી જે કચરો ઉત્પન્ન થાય છે તેને આપણે બે ભાગમાં વહેંચીએ છીએ. એક નાશવંત કચરો અને બીજો બિન–નાશવંત કચરો. મને કહેવાનું મન એટલા માટે થાય કે આજે અમદાવાદ શહેરની વાત કરીએ તો અંદાજે લગભગ પાંચ હજાર મેટ્રિકટન જેટલો કચરો એકત્રિત થાય છે અને ઉપરોકત કચરાના નિકાલ માટે જે તે નગરપાલિકા, મહાનગરપાલિકા, સંસ્થાઓ તેને વાહન દ્વારા એકત્રિત કરીને તેમાંથી બાયોગેસ થાય તેવા કચરાને અલગ તારવીને કમ્પોસ્ટ પ્લાન્ટ બનાવીને ખાતર બનાવવામાં આવે છે. આ તમામ કામગીરી નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા કક્ષાએ કરવામાં આવી રહી છે. મને આજે આ સભાગૃહના સૌ સભ્યોને કહેવાનું મન એટલા માટે થાય કે રોજબરોજના જીવનમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. એટલા પ્રમાણમાં વધી ગયો છે કે અમારા

* વિધેયક તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અમદાવાદના એક કવિ અભરામ ભગતે લખ્યું હતું, એ સમયની વાત છે. ' જીતે લકડી, મરતે લકડી દેખ તમાશા લકડી કા.' બાળકનો જન્મ થાય ત્યારથી લઇને માણસનું મૃત્યુ થાય ત્યાં સુધી લાકડાનો જ ઉપયોગ થાય, પણ આજે તેમાં પરિવર્તન આવ્યું છે. ' જીતે પ્લાસ્ટીક, મરતે પ્લાસ્ટીક દેખ તમાશા પ્લાસ્ટીક કા.' બાળકનો જન્મ થાય ત્યારથી મૃત્યુ સુધી દરેક તબક્કે પ્લાસ્ટીકનો ઉપયોગ, પછી એ દૂધની બોટલ હોય, દૂધની થેલી હોય, રમકડાં હોય, પાણીની બોટલ હોય, પાણીના પાઉચ હોય, આઇસક્રીમ હોય, આઇસક્રીમની પવાલી હોય, ચુંગી હોય, ગુટખા, પાન મસાલાના પાઉચ હોય. મારે એટલા માટે કહેવાનું છે કે ફૂદકે ને ભૂસકે જયારે પ્લાસ્ટીકનો આ કચરો વધી રહ્યો છે ત્યારે તેના નિકાલ માટેની વ્યવસ્થા માટે આપણે ચોક્કસપણે વિચારવું જોઇએ. આખું વિશ્વ જયારે આજે કલાઇમેટ ચેઇન્જની સામે લડી રહ્યું છે, તેની વિપરીત અસરો આપણે જોઇ રહ્યા છીએ. એ કલાઇમેટ ચેઇન્જની અસર ચોમાસામાં વરસાદ ન આવે, શિયાળામાં વરસાદ આવે, વાતાવરણ બદલાઇ જાય. ઉનાળો બદલાઇ જાય, કરા પડે. આવા વાતાવરણની પાછળ જોવા જઇએ તો એક કારણ આ કલાઇમેટ ચેઇન્જની અસરમાં આ પણ આવે છે. આ નાશવંત કચરો એટલે જીવંત પ્રાણીઓ દ્વારા નાશ પામવાની ક્ષમતા ધરાવતો કચરો અથવા તો નકામો પદાર્થ અને બિનનાશવંત કચરો એટલે નકામો કચરો અથવા પદાર્થ જે બિન નાશવંત હોય તેમાં પ્લાસ્ટીક, પોલિથીન, નાયલોન, પી.વી.સી., પોલીપોપલીન, પ્લાસ્ટીક કે અન્ય માલ જે જીવંત પ્રાણીઓના કાર્યથી નાશ પામી શકે તેમ નથી. આ પ્લાસ્ટીકનો કચરો ગાય કે અન્ય પશુઓના પેટમાં જાય, એ ચારો ખાવા ન મળે ત્યારે તેની શું દશા થાય છે તેની અસરો એ પશુપાલક જે હોય તેને અખબર પડે. અને એની અસરો આજે આપણને જોવા મળે છે. એટલે મારે કહેવું પડે કે પ્લાસ્ટીકનો કચરો જે રીતે ઘરગથ્થુ રીતે છૂટો પાડવામાં ન આવે તો એ ગટરોમાં જાય છે. એ ગટરોમાં જાય તો પાઇપની કેપેસીટી ક્યાંક ચાર ઇંચની, ક્યાંક છ ઇંચની ક્યાંક આઠ ઇંચની ક્યાંક બાર ઇંચની હોય છે. એનાથી વધારે એની ક્ષમતા હોતી નથી. એ અંદર જવાને કારણે એ પાઇપ લાઇનો ભરાય છે અને એના કારણે ડ્રેનેજ સમસ્યા ઉભી થાય છે અને રોડ ઉપર પાણી બેક આવે છે અને એ પીવાના પાણી સાથે મળે છે અને પીવાના પાણી સાથે મળે ત્યારે માણસનું આરોગ્ય જોખમાય છે. આવી અનેકવિધ સમસ્યાઓ આ પ્લાસ્ટીકથી થાય છે. ત્યારે હાલના મારા દ્વારા લાવવામાં આવેલા વિધેયકમાં પ્લાસ્ટીકના કચરાની ચિંતા કરી છે એમાં કચરાના કલેક્શન અને તેના નિકાલની વ્યવસ્થા કરવી જોઇએ. મારા આ વિધેયકને સૌ સભ્યો સમર્થન આપે.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂષણભાઇ જે બિલ લઇને આવ્યા છે કચરાનું દૂષણ વિશે એમણે બહુ સારો એવો પ્રકાશ પાડ્યો અને એ જરૂરી છે અને એમાં આખા ગુજરાતના તમામ પ્રજા એની સાથે સંમત થશે એવું મારું અંગત માનવું છે. લાલ કિલ્લા ઉપરથી આપણા વડાપ્રધાને સફાઇ માટેનો પ્રચાર કર્યો હતો એટલે આપણા બધાની ફરજ છે એટલે એમાં સામેલ થવું જોઇએ. રેડીયા ઉપર મન કી બાબતમાં પણ તેમણે આ વાત કરી હતી. ૧૮૨ ધારાસભ્યો આપણે કાયદા બનાવવા બેઠા છીએ અને ૧૯૬૦ની સાલથી આઝાદી થયા પછી ગુજરાતને સાફ કરી શક્યા નથી એનું મને આપણે બધાને દુઃખ થવું જોઇએ. આ બિલ લઇને આવ્યા છે એમાં સરકાર સુધારો વધારો કરીને જે ઉમેરવા જેવું હોય, જે કડક કરવા જેવું હોય એ કરીને આ કાયદો પસાર કરે એવી મારી મનની વાત હું આપને કહેવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બહુ જ સારી વાત કરી છે. આવનાર દિવસોમાં જે પ્લાસ્ટીકના ટીવી આઉટ ઓફ ડેટ થવાના છે, કમ્પ્યુટર થવાના છે, કી બોર્ડ થવાના છે, ઇલેક્ટ્રોનિક્સ આઇટમોનું આખું લિસ્ટ છે અને બીજું ગુજરાતમાં આવવાનું છે એ બધો નિકાલ કઇ રીતે કરીશું એ મોટો યક્ષપ્રશ્ન થવાનો છે અને પ્લાસ્ટીકના આપણે જે ઉદ્યોગો કરી રહ્યા છીએ એ આ બધું બગાડે છે. પ્લાસ્ટીક નાખવા માટે કે કચરો નાખવા માટે તાલુકા પંચાયત પાસે કે પંચાયતો પાસે કોઇ જગ્યા મુકરર નથી. નગરપાલિકા પાસે કોઇ જગ્યા મુકરર કરાવી શક્યા નથી એટલે કચરો ક્યાં નાંખવો એ બહુ ઇમ્પોર્ટેડ વસ્તુ છે. સ્વથી શરૂ કરવું પડશે. આખુ અભિયાન સ્વથી શરૂ કરવું પડશે. હું સુધરીશ, હું મારું ઘર સાફ કરીશ, હુ મારું આંગણું સાફ કરીશ, હું મારું ગામ સાફ કરીશ તો જ ગુજરાત સાફ થવાનું છે. વાતો કરવાથી કશું થવાનું નથી. કરોડો રૂપિયા અબજો રૂપિયા આપ્યા છે અને આપણે બધાએ ખર્ચ્યા છે. પણ સવારે મ્યુનિસિપાલીટી સાફ કરી જાય છે અને સાંજે કચરો હોય છે, સાંજે સાફ કરે છે અને સવારે કચરો હોય છે. વર્ષોથી આ પ્રક્રિયા આપણે ચાલુ કરી છે. શું આપણે એના માટે કોઇ જુદી અલાયદી કોર્ટ કરી શક્યા છીએ ખરા? એનું શિક્ષણ વિદ્યાર્થીઓને અને પ્રજાને આપી શક્યા છીએ ખરા? શું આપણે એના માટે કડક સજા કરી શક્યા છીએ ખરા? આપણે આવા બિલો લાવીએ છીએ, ચર્ચા કરીએ છીએ દબાણમાં એ પાછા ખેંચીએ છીએ અથવા એને બહુમતીથી ઉડાડી દઇએ છીએ. સરકારની મનસા શું છે? પબ્લિકની ઇચ્છા શું છે એ જાણવા માટે આ લોકશાહીની પ્રક્રિયાની અંદર આવા બિલો આવે છે અને એ બિલોની અંદર સરકારને પણ આની અંદર કંઇક કરવું પડે એવા અભિગમ સાથે શ્રી ભૂષણભાઇ તમે જે બિલ લાવ્યા છો એ બહુ સારુ બિલ છે એને ગુજરાતની પ્રજા આવકારશે, બધા આવકારશે. બીજું તમને એક વાત કરું છું. ચીનમાંથી જે પ્લાસ્ટીક આવવાનું છે અને જે સાબિત થયું છે કે એ પ્લાસ્ટીક બહુ સારું આવતું નથી એ પ્લાસ્ટીકનું આપણે શું કરીશું? એક પંચાયત સફાઇ કરે છે, બીજી પંચાયત એની હદમાં સફાઇ કરે છે પણ બે પંચાયતો વચ્ચેની કોણ સફાઇ કરશે? નગરપાલિકા પોતાની સફાઇ કરે

છે, બીજી નગરપાલિકા સફાઇ કરે છે પણ બન્ને વચ્ચેની જગ્યામાં નખાતી બોટલો, પાઉચ, પાન–પરાગની પડીકીઓની સફાઇ કોણ કરે છે? એ રસ્તા ઉપરથી ઉકરડામાં જશે અને ત્યાંથી ખેતરમાં જાય છે અને ખેતરમાં પાકમાં ભળીને આપણી પાસે આવે છે અને આરોગ્ય જોખમાય ત્યારે શંકરભાઇ સાહેબે આરોગ્ય સુધારવા માટેનું બજેટ વાપરવું પડે છે. આમ, ઠેરના ઠેર રહીએ છીએ. માનવ જાતિના કલ્યાણની વાત કરવી હોય તો માનવ જીવનને મહત્તમ ફાયદો થાય એવા કડક કાયદા બનાવીએ. વોટની લાલચ રાખ્યા વગર મનનો કચરો જ્યાં સુધી સાફ નહીં કરીએ ત્યાં સુધી આ બધો કચરો સાફ થવાનો નથી. ૬૦ વર્ષ પહેલાના વર્ષોના વહીવટનો અમે કરેલા કાર્યોનો કચરો તમે નથી કાઢી શક્યા. ભૂતકાળની ચર્ચા કરવામાં સમય બગાડીએ છીએ. ૧૮૧ને એક બેઠકના ૨૦૦ રૂપિયા મળે છે, એક કલાકના કેટલા થયા? પબ્લિક ઉપર કેટલો ભાર થયો? વિચારીને કડક કાયદા બનાવો, એનું કડક અમલીકરણ કરો, કોર્ટો બનાવો, સફાઇ માટેની સ્પેશિયલ કોર્ટો બનાવો. હું નગરપાલિકાનો પ્રમુખ હતો અને હું ફેરી ફરવા ગયો, કચરો નાખ્યો, મેં કહ્યું કે કેસ કરીશ, તો મને કહે કે ૨૦ વર્ષે કેસ નીકળશે અને ૧૦ રૂપિયા દંડ થવાનો છે એટલે લો બીજો કચરો નાખું, કરો કેસ. આ પરિસ્થિતિ છે આપણી. હવે આ પરિસ્થિતિમાંથી આપણે બધાએ સફાઇ કરવી હોય તો પહેલા શું કરવું પડે? એ પોતે પોતાના મનને ઢંઢોળો અને એ ઢંઢોળીશું તો જ એનું રિઝલ્ટ નીકળશે. નહિતર અબજો રૂપિયા પાણીમાં જશે. હું માનું છું કે આ પ્લાસ્ટિકનો કચરો આરોગ્યની સાથે સાથે માનવ જીવનના સેક્સ પર પણ અસર કરે છે. પેપરમાં લખાઇને આવ્યું છે. માનવ જાતિને નુકસાન થવાનું છે, આવનાર સંતતિને નુકસાન કરનાર છે. એના માટે ભેગા થઇને એક આંદોલનના રૂપમાં જો આપણે રજૂઆત કરીને સાથે બધા નહીં મંડી પડીએ તો હું માનું છું કે આપણી પબ્લિક કચરો નાખીને કચરો કરવા માટે ટેવાયેલ છે એને કટિબદ્ધ કરીને સુધારવા માટે કડક કાયદો અને દંડ હોવો જોઇએ અને તાત્કાલિક રિઝલ્ટ મળે એવી કોર્ટોની સ્થાપના નહીં કરીએ ત્યાં સુધી રિઝલ્ટ મળવાનું નથી. બહુ કહેવાનું છે પણ સમય ઓછો છે. ફરી વખત કહીશ. સ્વ સુધરશે, હું સુધરીશ તો બધા સુધરશે, બધા સુધરશે તો ગુજરાત સુધરશે, ગુજરાત સુધરશે તો દેશ સુધરશે અને દેશ સુધરશે તો આપણા વડાપ્રધાનશ્રી લાલ કિલ્લા ઉપરથી બોલ્યા છે એ પ્રમાણે થશે. નહીં તો બધા આવ્યા, ગયા અને લહેર કરી એટલું જ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમારા બધા તરફથી નિરંજનભાઇને અભિનંદન.

ઉપાધ્યક્ષશ્રી : અભિનંદન.

શ્રી રોહિતભાઇ જ. પટેલ(આણંદ) : Hon’ble Speaker Sir and Hon’ble Members of this House. Sir, I have come forward to support the Bill introduced by Hon’ble Member Bhushanbhai Bhatt under the guidance of Hon’ble Minister Mangubhai Patel.

Sir, I congratulate Hon’ble Chief Minister Smt. Anandiben Patel by brining this Bill into the House. This is going to be a very good step towards making clean Gujarat, healthy Gujarat in the era of Gatisheel Gujarat. As Bhushanbhai acclaimed, as Niranjanbhai acclaimed, there are many hazards from the plastic garbage. Sir, this Bill intends to prevent throwing or disposing of non-biodegradable garbage in public drains, waste into open public view in the State of Gujarat and for matter concerned therewith or incidental thereto. So, this Bill is to prevent throwing of garbage.

Sir, I would like to invite attention of Members of this House towards property of the plastic. Plastic is such a material, even if you dump it below the ground at 100 meters depth and to keep it there for 100 years, it will never degrade. This is the property of plastic and therefore, it is unavoidable to recycle the plastic and there is no scope of disposing plastic even by dumping also. Sir, I would like to invite attention again to the scientific management of plastic garbage being done in advanced countries like UK and USA. Our people are used to throw garbage anywhere, any place and even in their houses. In USA and UK, the Government is providing lot many garbage collector or dust bins to throw the garbage in dust bins placed at public places. No person is required to go far away for throwing garbage. This is one of the scientific method for collection of garbage. As I told, it is unavoidable to recycle; dumping is not disposal of the plastic garbage. Therefore, in foreign countries, there are two types of garbage collectors – one for biodegradable and another for non-biodegradable garbage. Bio-degradable garbage is thrown in the dustbin for biodegradable garbage and non-biodegradable garbage is thrown in the dust bin placed for non-biodegradable garbage. A kid from the smallest age

starts doing this and when he grows elder, he keeps on doing this thing lifetime. As Niranjanbhai said, we have to do it ourselves. But, this is how the discipline is enticed in a person, how his conscious is awaken to throw this garbage in the non-biodegradable containers.

Sir, one of the very important example is of Japan. In Japan, you will hardly find a dustbin in public places. There are no dustbins in public places even than Japan is one of five most cleanest countries of the world. We do not have any dust bins in the public place. But, we are dirty country. Because, the self-conscious is not awaken. In Japan, a person does not throw garbage in dustbin but keep it in his pocket and throw the garbage in the dust bin at his home. This is a discipline we need to develop and this can be instilled if we start teaching this thing from the age of a small kid.

I once again appeal all the Members to support this Bill which is introduced by Hon'ble Member Bhushanbhai Bhatt and I wish all the best to my Gujarat to become Clean Gujarat, Healthy Gujarat.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભૂષણભાઇ, જે ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક –૨૦૧૫નું, ક્રમાંક–૧૭ બિલ લઇને આવ્યા છે, એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કુલ ૨ કરોડ, ૩૫ લાખ પશુ ધન આવેલ છે. જેમાંથી ૮૦ લાખ ગાયો છે, ૯૦ લાખ ભેંસો છે, ૨૦ લાખ ઘેંટા છે, ૪૬ લાખ બકરા છે, ૨૨ લાખ ડુક્કર છે, ૧૪ હજાર ઘોડા છે,૫૦ હજાર ગધેડા છે અને ૩૮ હજાર ઊંટો છે. હવે આ બધામાં સાહેબ, આપણે વાત કરીએ તો આ ઘન કચરો છે એ બધાને નુકસાન નથી કરતો કે બધા ખાતા નથી, પણ જે આ ભા.જ.પ.ની સરકાર એમ કહે કે, ગાયોના અમે રક્ષક છીએ અને એના રક્ષણ માટે અમે બધું કરીએ. પણ આપણે એંઠવાડના રૂપે જે કચરો નાખીએ અને એના હિસાબે આ જે ઘન કચરો છે એ ઘન કચરો વધારેમાં વધારે જો કોઇ ખાતું હોય તો એ ગાયો ખાય છે અને એનું દૂધ પીવાથી આપણા આરોગ્યમાં વધારેમાં વધારે નુકસાન જો થતું હોય તો એ આના હિસાબે થાય છે. એટલે મારી તો એક વિનંતી છે કે, આ ભા.જ.પ. સરકાર જે વાત કરે છે કે, અમે ગાયોના રક્ષક છીએ. ગમે ત્યારે ગાયો પકડાવે કે, આ ગાય લઇને ખરેખર બાંધેલી ગાય હોય અને એને લઇને જતા હોય ત્યારે પણ પકડે. પકડે એનો વાંધો નથી કે જે ઘાતકી લોકો હોય અને ઉપાડી જતા હોય એને પકડે તો વાંધો નથી પણ આ ગાયોને માટે ગૌશાળા કરવી એ ખરેખર આ ભા.જ.પ.ની સરકારની મેઇન જવાબદારી છે એ પૂરી કરવી જોઇએ. આપણે વાત કરતા હોઇએ કે અમે ગૌરક્ષક છીએ અને તમે ગૌરક્ષક નથી એવા જે આક્ષેપ કરે અને જે વાત કરતા હોય તો એના માટે અમે વાત કરીએ કે આ ગૌશાળાઓ ગામડે ગામડે બનાવો અને એમાં પૂરેપૂરું વળતર આપવું જોઇએ નહીંતર ગામડે ગામડે ગૌશાળા તો છે એને પૂરું વળતર નથી આપતા એટલે અડધો અડધ ગાયો તો ગૌશાળામાં જ મરી જાય એટલે એના માટે કાંઇક વિચારવું જોઇએ. ભા.જ.પ. સરકારની જ વાત કરું તમે આ ગાણા લઇને બેઠા છોને ગૌરક્ષકના તો એના માટે હું ખરેખર કહું છું કે તમે આ એક કામ કરી દોને તો પણ બધું થઇ જાય તેમ છે. પ્લાસ્ટિક ખાય છે એટલે જ ગાયો મરે છે. તમે એ સ્વીકારો. ગાયને માતા, માતા કરો પણ બોલવાથી માતા નહીં, સેવા કરો તો માતા બરાબર છે. જ્યાં ઘન કચરો છે એ ઘન કચરો બે ભાગમાં વહેંચાય છે. એક ધૂળ આકારનો હોય અને એક પ્લાસ્ટિક આકારનો હોય છે. આ ઘન કચરાને બે ભાગ કરી અને જે પ્લાસ્ટિક આકારનો કચરો છે એ વિદેશોમાં જોઇએ અમુક અમુક દેશોમાં કે આ ઘન કચરાને હિસાબે જે સૌર ઉર્જા છે એ વીજળી ઉત્પન્ન કરે છે તો એવી રીતે આપણે પણ કાંઇક કરવું જોઇએ અને એ ઘન કચરો છે એનો નિકાલ થઇ જાય. ખરેખર આપણે જોઇએ તો ઘન કચરો છે એ મ્યુનિસિપાલીટીઓ અને ગ્રામ પંચાયતોને ટ્રેકટર આપી દીધા, એને સાફ કરવા માટે બે રૂપિયા આપ્યા હોય એ વાત બરાબર છે પણ એ ઘન કચરો જે શહેરમાંથી આવતો હોય અને એ શહેરનો ઘન કચરો એક આખા ગામને પ્રદૂષિત કરે અને એ ગામવાળા છે એ તો ફરિયાદ કરતા હોય. એ તો આ ધારાસભ્યોને પણ વાત કરતા હશે, અમને પણ વાત કરે છે કે અમારા ગામમાં મ્યુનિસિપાલીટીવાળા કચરો નાખી જાય છે એ માટે તો કાંઇક કરો તો આને માટે પણ આપણે કંઇક કરવું જોઇએ. ગામની વાત કરીએ તો ગામડાંમાં ટ્રેકટર આપેલું છે, ગામની સફાઇ પણ થાય પણ આ ગામની જે વાત કરીએ તો જે નદી, નાળા હોય એમાં આ પંચાયતો નાખે અને એ કચરો કૂવા પાસે જાય, ગટર પાસે જાય અને એનાથી જે ભૂતળ છે એ પણ પ્રદૂષિત થાય છે તો આને માટે પણ વિચાર કરવો જોઇએ કે આ કચરાનો કઇ રીતે નિકાલ કરવો જોઇએ. આ કચરાને ખાતરમાં પરિવર્તિત કરી દેવો જોઇએ જેથી કરીને આ કચરાનો નિકાલ થઇ શકે. આજે આપણે વાત કરીએ કે આ જે ઘન કચરો છે એ ઘન કચરાને જો આપણે ખરેખર આપણા દેશનું હિત ઇચ્છતા હોઇએ, પ્રજાનું હિત ઇચ્છતા હોઇએ તો આ ઘન કચરા માટે ખરેખર અંતઃકરણપૂર્વક કામ કરવું જોઇએ. વિરોધ પક્ષવાળા તો કહે, એ તો કહ્યા કરે એવું નહીં પણ તમારા આત્માને ઢંઢોળજો

અને પછી વાત કરજો કે આપણે આ કરવું જોઇએ કે નહીં? માનનીય અધ્યક્ષશ્રી, મારી એક છેલ્લી વાત છે કે આ •(×××)

અધ્યક્ષશ્રી : બિલમાં આ કયાં આવ્યું? આ શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું. આપનું પ્રવચન પૂરું થાય છે. આપણે મર્યાદામાં બોલીએ બિલ ઉપર. તમારી પાસે બોલવા માટે બહાર બહુ મોટું મેદાન છે.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ભૂષણભાઇ ભટ્ટે ગુજરાત બિન નાશવંત કચરો નિયંત્રણ વિધેયક, ૨૦૧૫ રજૂ કર્યું છે એ અંગે મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. પર્યાવરણની જાળવણી અને સ્વચ્છતાના ભાગરૂપે ઘન કચરાના એકત્રીકરણ અને નિકાલની કામગીરી એન્વાયર્મેન્ટ પ્રોડકશન એકટ, ૧૯૮૬ અન્વયે પ્રકાશિત થયેલી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હેન્ડલીંગ રૂલ્સ–૨૦૦૦ મુજબ કરવામાં આવે છે. કચરો છે એ બધો કચરો કયાં, કેવી રીતે નિકાલ કરવો એ આ રૂલ્સમાં છે. વધુમાં કેન્દ્ર સરકારે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પ્લાસ્ટિકના ઉપયોગ સંદર્ભે ધ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૧ અંતર્ગત પ્લાસ્ટિક વેસ્ટના સલામત એકત્રીકરણ અને નિકાલ માટે અલગ વ્યવસ્થા કરવાની રહે છે. આમાં બે કાયદા છેઃ એક કેન્દ્ર સરકારની ગાઇડલાઇન છે અને મૂળ પેલા કાયદાની ગાઇડલાઇન છે. જો એ પ્રમાણે વિકાસ થઇ રહ્યો છે. બદલાતા સમયની અંદર નાગરિકના જીવનશૈલીમાં બદલાવ આવે છે. પહેલાં કોટનના પહેરતા હતા. હવે પોલિસ્ટરના પહેરતા થઇ ગયા છે. સુરતમાં પહેલાં ખમણ ખાતા હતા, તો પેપરની અંદર ખાતા હતા. એમાં કેરોસીનની વાસ આવતી હતી. હવે સુરતમાં ખમણ પેપર ઉપર પ્લાસ્ટિક પાથરીને પછી ખમણ આપે છે. એટલે આ પ્લાસ્ટીક વધારાનું એડ થયું છે. એટલે બિન નાશવંત કચરાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. ધાર્મિક પ્રસંગો જોઇએ, ધાર્મિક તહેવારો જોઇએ, મેળાવડા જોઇએ તો એમાં ખૂબ મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો વપરાશ થતો રહે છે. તમામ પ્રકારના ઔદ્યોગિક, ડોમેસ્ટિક વપરાશની વસ્તુઓ, માર્કેટિંગમાં દરેક પેકિંગમાં પ્લાસ્ટિક ઇઝ મેક્સિમમ યુઝ. બિન નાશવંત કચરાનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે. આજે કચરાના યોગ્ય નિકાલની તકલીફ છે. ડમ્પિંગ ગ્રાઉન્ડ છે. બિન નાશવંત કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા એ સમયની માંગ છે. આનો નિકાલ કોઇપણ સંજોગોમાં થવો જોઇએ. કચરાને યોગ્ય રીતે જુદો પાડવામાં ન આવવાના કારણે સૂકા અને લીલા કચરાનું પ્રમાણ પણ ખૂબ વધી ગયું છે. સુરતની અંદર સૂકો કચરો અને લીલો કચરો જુદો લે છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સૂકો અને લીલો કચરાને જુદા પાડવા માટે બે ડોલ આપે છે. દરેક નાગરિકોને ભીનો કચરો જે એઠવાડ જેવી વસ્તુ જુદી રાખવામાં આવતી હોય છે. ઘરમાં વપરાયા પછીનો સૂકો કચરો બોટલ પ્લાસ્ટિક જે કઇ હોય તે અલગ રાખવામાં આવે છે. ઇવન દવાની પ્લાસ્ટિકની બોટલો પણ એમાં નાખતા. એટલે થોડું સેપ્રેશન થઇ જતું. વરસાદની અને ગટરની સમસ્યાની વાત થઇ. ગંદા પાણીના નિકાલની સમસ્યાની વાત થઇ. ભૂગર્ભ જળ રિચાર્જ થતું નથી. ૧૦૦ વર્ષ સુધી જો પ્લાસ્ટિક રાખી મૂકો તો પણ તે પ્લાસ્ટિક ડિસ્ટ્રોઇ થતું નથી. એ ૧૦૦ વર્ષ પછી બહાર આવવાનું છે. ખૂબ મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક અંદર જશે તો રિચાર્જિંગની તકલીફ ઊભી થશે. આ કચરાને બાળવા જઇએ છીએ તો ઝેરી વાયુઓ પર્યાવરણની અંદર ઉપસ્થિત થાય છે અને તેના કારણે માણસ જાતને પણ નુકસાન થતું હોય છે. પ્લાસ્ટિક કચરો વ્યવસ્થાપન જાળવણી નિયમ–૨૦૧૧ માં પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન બાબતે મ્યુનિસિપલ ઓથોરિટીએ જરૂરી વ્યવસ્થા કરવાની રહે છે. તો આજે જે બિલ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

